# ષોડશ ગ્રંથો



પ્રકાશક
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ

**પ્રકાશક**
**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,**
૨૧૪-અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા,
રાજકોટ. મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯

**ટાઈપ સેટિંગ**
પીયૂષ ગોંધિયા, રાજકોટ

**ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૧૦૦/-**
(પોસ્ટેજ રૂા. ૨૦/- અલગથી)

**પ્રતિ :** ૧૦૦૦

**પ્રકાશન વર્ષ :** વિ.સં. ૨૦૭૪ (ઈ.સ.૨૦૧૮)

**મુદ્રક**
પૂર્વી પ્રેસ પ્રા. લી., રાજકોટ.

## પુષ્ટિમાર્ગીય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુષ્ટિવાક્સુધા (ત્રીજી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૨. | જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો (બીજી આવૃત્તિ) | ૧૨૫-૦૦ |
| ૩. | સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૪. | સિધ્ધાંત સૂક્તિ (ગો.શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ) | અપ્રાપ્ય |
| ૫. | વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) | નિઃશુલ્ક |
| ૬. | સિદ્ધાન્ત રહસ્ય (સંક્ષિપ્ત) (ત્રીજી આવૃત્તિ) | નિઃશુલ્ક |
| ૭. | શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૮. | ચિરકુટ ચર્ચા સમીક્ષા | નિઃશૂલ્ક |
| ૯. | ધર્માધર્માગ્રદર્શનમ્ (ત્રીજી આવૃત્તિ) | અપ્રાપ્ય |
| ૧૦. | શ્રીભાગવત સુધા - રસબિંદુ (ત્રીજી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૧૧. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ (ત્રીજી આવૃત્તિ) | ૨૦-૦૦ |
| ૧૨. | શ્રીયમુનાષ્ટકમ્ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૩. | બાલબોધ અને પંચપદ્યાનિ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૪. | સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૫. | સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૬. | નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૭. | વિવેકધૈર્યાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૧૮. | શ્રીકૃષ્ણાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૧૯. | વિવેકધૈર્યાશ્રય અને શ્રીકૃષ્ણાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૦. | ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૧. | સંન્યાસનિર્ણય અને સેવાફલ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૨. | ભક્તિયોગ (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી) | નિઃશૂલ્ક |
| ૨૩. | કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી) (બીજી આવૃત્તિ) | નિઃશૂલ્ક |
| ૨૪. | પુરુષોત્તમયોગ (ગો.શ્રીશ્યામમનોહરજી)(બીજી આવૃત્તિ) | નિઃશૂલ્ક |
| ૨૫. | ૪૧ શિક્ષાપત્ર સાર સંચય | ૧૫-૦૦ |
| ૨૬. | શિક્ષાઃશ્લોકી (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |

| | | |
|---|---|---|
| ૨૭. | ષોડશગ્રન્થ પરિચય (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | અપ્રાપ્ય |
| ૨૮. | સેવા અને વ્રજલીલા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૨૯. | ષોડશગ્રંથ (શ્રીનૃસિંહલાલજીની ટીકા સહિત) (ગુજરાતી) | અપ્રાપ્ય |
| ૩૦. | પુષ્ટિમાર્ગીય પીઠાધીશ (સ્વરૂપ અને કર્તવ્ય) (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૧. | અહંકાર મીંમાસા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૨. | ભગવત્સેવાનો સિદ્ધાંત શુદ્ધ પ્રકાર (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૩. | વાર્તા વિવેચના (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૪. | ષોડશ ગ્રન્થો (વિસ્તૃત વિવરણ સહિત) (ગુજરાતી) | ૧૦૦-૦૦ |
| ૩૫. | વલ્લભાખ્યાન અને શ્રીમદ્ ભાગવતનું પ્રારૂપ (ગુજરાતી) (ગોસ્વામી શ્યામમનોહરજી) | પ્રેસમાં |
| ૩૬. | પુરુષાર્થ વ્યવસ્થા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |

**:: પ્રાપ્તિસ્થાન ::**

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર**

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.

પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯

# QR CODE

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા આ વર્ષે ડિજીટલાઈજેશન ના યુગમાં એક નવી પહેલ કરવામાં આવી છે. નવી ટેકનોલોજી અંતર્ગત પૂજ્ય ગોસ્વામી બાલકોના પ્રવચનો, જે આજ સુધી આપ સીડી, ડીવીડી, પેન ડ્રાઈવ માં સાંભળતા હતા તેને બદલે આપ નીચેના ક્યૂ આર કોડ આપના મોબાઈલમાં સ્કેનર દ્વારા સ્કેન કરી બધા પ્રવચનો સાંભળી, જોઈ શકો છો.**

**– પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા, પ્રવિણ ડઢાણીયા, રાજકોટ**

**પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી –– ઓડિયો**

अन्य ग्रन्थ (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

बाल शिबीर (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

वार्ताजी (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

श्रीवल्लभाख्यान (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

सेवा ग्रंथ (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

सेमिनार (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

साधन दीपिका (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

प्रश्नोतरी (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

प्रकीर्ण ग्रंथ (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

प्रकरण ग्रंथ (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

लीला ग्रंथ(ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

गीताजी (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

चिंतन शिबीर (ऑडियो) गो.श्रीश्याममनोहरजी(किशनगढ-पार्ला)

भागवत चिंतन (ऑडियो)
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

## પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી -- વિડીયો (ભાગવત ચિંતન)

भागवत चिंतन स्कंध १&२
गो.श्रीश्याममनोहरजी (किशनगढ़-पार्ला)

भागवत चिंतन स्कन्ध-३ (गोंडल)
गो.श्रीश्याममनोहरजी (किशनगढ़-पार्ला)

भागवत चिंतन स्कन्ध-३ (किशनगढ)
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

भागवत चिंतन स्कन्ध-४ (वडोदरा)
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

भागवत चिंतन स्कंध ५
(गो.श्रीश्याममनोहरजी(किशनगढ-परला)

भागवत चिंतन स्कंध-६
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-परला)

भागवत चिंतन स्कंध-७
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-परला)

भागवत चिंतन स्कंध-८
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-परला)

भागवत चिंतन स्कंध-९
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

भागवत चिंतन स्कंध-१० (भूमिका)
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

भागवत चिंतन स्कंध १० चिंतन (वीडियो)
गो.श्रीश्याममनोहरजी

## પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી -- વિડીયો (સર્વોત્તમ સ્તોત્ર)

श्रीसर्वोत्तमस्तोत्र -१९९५
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -१९९७
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -१९९८
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -१९९९
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००२
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००३
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००४
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००५
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००६
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००७
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००८
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२००९
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०१०
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०११
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०१२
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०१३
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०१४
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोत्तमस्तोत्र -२०१५
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोतमस्तोत्र -२०१६
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

श्रीसर्वोतमस्तोत्र -२०१७
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

सर्वोतमस्तोत्र -२०१८,गो.श्रीश्याममनोहरजी

## પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી –– વિડીયો (સાધન પ્રકરણ)

साधनप्रकरण -२००५ ,गो.श्रीश्याममनोहरजी

साधनप्रकरण -२००६,गो.श्रीश्याममनोहरजी

साधनप्रकरण-२००८,गो.श्रीश्याममनोहरजी

साधनप्रकरण-२००९,गो.श्रीश्याममनोहरजी

साधनप्रकरण -२०१४,गो.श्रीश्याममनोहरजी

साधनप्रकरण -२०१७,गो.श्रीश्याममनोहरजी

## પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી -- વિડીયો (અન્ય)

प्रश्नोतरी मुंबई गो.श्रीश्याममनोहरजी (किशनगढ़-पार्ला)

प्रश्नोतरी गोंडल गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

नारायणदास ब्रह्मचारी वार्ता
गो.श्रीश्याममनोहरजी

चर्चासभा मुंबई १९९२,गो.श्रीश्याममनोहरजी

पुष्टि फल मीमांशा -१,गो.श्रीश्याममनोहरजी

गीताजी अध्याय २ यंगस्टर डिबेट -३
गो.श्रीश्याममनोहरजी

प्रस्नोतरी अमदावाद ,गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

पुष्टिमार्गमा नंदोत्सव ऐतिहासिक नहीं सास्वत उजवाय छे
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

जो आ होय मारू अंतिम प्रवचन.....
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

श्रीमद भगवतगीता १२मो अध्याय यंगस्टर डिबेट
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

श्रीमद भगवतगीता २जो अध्याय यंगस्टर डिबेट-२
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

श्रीमद भगवतगीता २जो अध्याय यंगस्टर डिबेट-१
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

पुष्टिफलमीमांसा (संगोष्ठी)(किशनगढ) -२
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

ब्रह्मवाद (चिल्ड्रन) मुंबई
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

ब्रह्म सेमिनार -२ हालोल २०१६
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

ब्रह्म सेमिनार -१ मुंबई २०१५
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

भक्तिवार्धिनी केशोद १९९२
गो.श्रीश्याममनोहरजी(किशनगढ़-पार्ला)

भागवत सार डिबेट यंगस्टर
गो.श्रीश्याममनोहरजी (किशनगढ़-पार्ला)

श्रीपुरुषोतमनामसहस्र
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

प्रश्नोतरी गोंडल-२
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

प्रश्नोतरी राजकोट
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

प्रश्नोतरी राजकोट-२
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

वेद्स्तुती -गो.श्रीश्याममनोहरजी

वल्लभाख्यान,गो.श्रीश्याममनोहरजी

सिध्धांतवचनावली(केशोद)
गो.श्रीश्याममनोहरजी

सिध्धांतमुक्तावली(किशनगढ)
गो.श्रीश्याममनोहरजी

स्फुरतकृष्णप्रेमामृत,गो.श्रीश्याममनोहरजी

राणा व्यास की वार्ता,गो.श्रीश्याममनोहरजी

जगन्नाथ जोशी की वार्ता,गो.श्रीश्याममनोहरजी

गोपालदास बांसवाडावाला की वार्ता
गो.श्रीश्याममनोहरजी

शिक्षापत्र यंगस्टर डिबेट मुंबई
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

विराट चिंतन शिबीर राजकोट
गो.श्रीश्याममनोहरजी (किशनगढ-पार्ला)

## પૂજ્ય ગોસ્વામી શ્રીપુરુષોત્તમલાલજી -- ઓડીયો

षोडशग्रंथ गो.श्रीपुरुषोतमलालजी(जूनागढ़-किशनगढ़)

अन्यग्रंथ गो.श्रीपुरुषोतमलालजी(जूनागढ़-किशनगढ़ )

## પૂજ્ય ગોસ્વામી શ્રીપુરુષોત્તમલાલજી -- વિડીયો

श्रीयमुनाष्टकम,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

विवेकधैर्याश्रय(राजकोट),गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

स्वरुपतारतम्यनिरूपण,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

सिध्धांत रहस्य,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

शरणसमर्पणसेवा,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

सेवाफल,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

श्रीसर्वोतमस्तोत्र,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

सन्यासनिर्णय,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

समर्पण,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

साधनदीपिका,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

पुष्टिप्रवाहमर्यादा,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

पुष्टि साधना,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

पुष्टि सिध्धांत (जिंजरी),गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

पंचपध्यानी,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

निष्कामलीला-१,गो.श्रीपरुशोतमलालजी(किशंगढ-जनागढ)

निष्कामलीला-४,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

निष्कामलीला-३,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जुनागढ़)

निरोधलक्षण-४,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

निरोधलक्षण-३,गो.श्रीपुरुशोतमलालजी(किशंगढ-जूनागढ़)

नवरत्न, गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जुनागढ़)

कृष्णाश्रय,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

कामाख्यदोषनिरूपण,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

जलभेद,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

दुःसंगविज्ञानंप्रकार गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

भक्तिवर्धिनी गो.श्रीपरुशोतमलालजी(किशनगढ-जनागढ)

भक्तिवर्धिनी(राजकोट) गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

भक्तिवर्धिनी (मालिया-हाटीना) गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

भक्तिहेतुनिर्णय, गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

बालबोध.गो.श्रीपरुषोतमलालजी (किशनगढ-जनागढ )

अंत:करणप्रबोध,गो.श्रीपुरुशोतमलालजी(किशनगढ-जूनागढ़)

विवेकधैर्याश्रय(गोंडल),गो.श्रीपुरुशोतमलालजी

## પૂજ્ય ગોસ્વામી શ્રીશરદકુમારજી -- ઓડીયો

वाद ग्रंथ (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

षोडशग्रंथ (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

षोडशग्रंथ (ऑडियो) गो.श्रीपुरुषोतमलालजी(किशनगढ-जूनागढ़)

सेमिनार (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

प्रकरण ग्रंथ (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबीर (ऑडियो)गो.श्रीशरदकुमारजी (मांडवी-हालोल)

साधन दीपिका (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

प्रकीर्ण ग्रंथ (ऑडियो) गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

## પૂજ્ય ગોસ્વામી શ્રીશરદકુમારજી -- વિડીયો

विवेकधैर्याश्रय(मोरबी),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सिध्धांतमुक्तावली(हिन्दी)(विध्यापीठ),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सिध्धांतरहस्य(भरूच),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सिध्धांतरहस्य(हालोल),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सिध्धांतरहस्य(हिंदी),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सिध्धांतमुकतावली(राजकोट),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

षोडशग्रंथ परिचय(हिन्दी)(विध्यापीठ),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

शास्त्रार्थप्रकरण(हिन्दी)(उबोदघात-प्रकरण),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

शास्त्रार्थप्रकरण(हिन्दी)(सत-प्रकरण),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सेवाफल(विध्यापीठ),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सेवाफल(अमदावाद),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सर्वात्मभाव फल विवेक,गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

सन्यासनिर्णय(भरूच),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

संन्यासनिर्णय(विध्यापीठ),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

साधनदीपिका(सेवाश्लोका),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

साधनदिपिका(१ थी १२),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

साधनदीपिका(९१ थी १२७),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

पुष्टिमार्गीय सेवा-२, गो.श्रीशरदकुमारजी

प्रमेयरत्नसंग्रह(विद्यापीठ),गो.श्रीशरदकुमारजी

पुष्टिप्रवाहमर्यादा(अमदावाद),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

पुष्टिप्रवाहमर्यादा(हिन्दी),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

पुष्टिमार्गीय सेवा(सिध्धांतवचनावली)(वडोदरा),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

निरोधलक्षण(वड़ोदरा),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

नवरत्न,(वडोदरा),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

कृष्णाश्रय(राजकोट),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

जलभेद (विध्यापीठ),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

चतु:श्लोकी(अमदावाद),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

भक्तिवर्धिनी(राजकोट),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

भक्तिवर्धिनी(अमदावाद),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालबोध&चतुःश्लोकी(राजकोट),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालबोध(हिंदी)गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर अवैदिकधर्म(नाशिक),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर संम्प्रदाय,गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर,गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर(बेटशंखोद्वार)उच्चारसुध्धी,गो,श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर(बेटशंखोदवार)श्रीकष्णचरित्र.गो.श्रीशरदकमारजी(मांडवी-हालोल)

बालशिबिर(बेटशंखोद्वार)(जिव),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर(बेटशंखोद्वार)(धर्म),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

बालशिबिर(बेटशंखोद्वार)(चतुःश्लोकी),गो.श्रीशरदकुमारजी(मांडवी-हालोल)

अंतःकरणप्रबोध(भरूच)गो.श्रीशरदकुमारजी(हालोल-मांडवी)

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

# ભૂમિકા

પરબ્રહ્મ પરમાત્મા જે જીવોનું પોતાની સેવા અર્થાત્ સ્વરૂપાનન્દ કે ભજનાનંદના દાન માટે વરણ કરે છે તે જીવો પુષ્ટિબીજ સમ્પન્ન હોય છે. આવા જીવો ભૂતલ પર આવે છે ત્યારે પરમાત્મા તરફ આકર્ષિત રહેતા હોય છે. સત્સંગ અથવા ભગવત્કૃપાના બળે તેમની અંદર પરમાત્મા શ્રીકૃષ્ણ પ્રત્યે રૂચિ જાગૃત થાય છે. આવી રૂચિના કારણે પરમાત્માને મેળવી આપનારા આચાર્યનું શરણ સ્વીકારે છે અને આચાર્ય પ્રવર્તિત સંપ્રદાયમાં પ્રવેશ મેળવી પોતાની સાધના કરવાનો બુદ્ધિથી નિશ્ચય કરે છે. ત્યારથી જ ભૂતલ ઉપર ભગવાન્‌ની તરફ શરણાગતિ અથવા ભક્તિમાર્ગ ઉપર ચાલવાની તેમની સફર શરૂ થાય છે. ભક્ત ઉપર ભગવાનની પુષ્ટિ વરસે છે ભક્તના હૃદયમાં ભક્તિભાવના રૂપમાં પ્રકટ થઈ ભક્તથી ભક્તિના રૂપે ભગવાન તરફ ગતિ કરે છે અને અંતે ભૂતલ ઉપર સર્વાત્મભાવના રૂપમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. પુષ્ટિજીવની આ બીજભાવથી લઈ સર્વાત્મભાવ સુધીની સફરમાં આચાર્યના ઉપદેશ સિદ્ધાન્તો જગ્યા-જગ્યાએ માર્ગદર્શક દિશા સૂચક તરીકે અતિ મૂલ્યવાન હોય છે. જેના વિના પુષ્ટિજીવ રસ્તામાં ભૂલો પડી શકે, અન્યત્ર ગતિ કરી શકે અને પોતાની મંજીલ પરમાત્મામાં સર્વથા નિરુદ્ધ થવા રૂપ-અલૌકિક સામર્થ્ય અને સર્વાત્મભાવથી વંચિત રહી જાય અને પુનઃ સહસ્ર પરિવત્સરના ચક્કરમાં પડી ભગવાનથી નજીક આવીને પણ દૂરનો દૂર જ રહે તેવી સ્થિતિ નિર્માણ થઈ શકે. આથી સંપ્રદાયના પ્રવર્તક આચાર્ય ગુરુમાં શ્રદ્ધા-વિશ્વાસ અને નિષ્ઠા પુષ્ટિસંપ્રદાયમાં અત્યંત આવશ્યક છે.

શ્રીમહાપ્રભુમાં નિષ્ઠાવાન વૈષ્ણવ પુષ્ટિસંપ્રદાયમાં સાધના કરવાની શરૂઆત, શ્રીકૃષ્ણ-સેવામાં પરાયણ, દંભ આદિ દુર્ગુણોથી રહિત અને શ્રીભાગવતતત્વજ્ઞ ગુરુ દ્વારા દીક્ષિત થઈ કરે છે. પુષ્ટિસંપ્રદાયના પાયાના ચાર સ્તંભરૂપ સિદ્ધાન્તો (૧) શરણાગતિ (૨) સમર્પણ (૩) સેવા (૪) ભક્તિની

સમજ પુષ્ટિપથ પર ચાલનાર અનુયાયી માટે અત્યંત આવશ્યક હોય છે. સાથોસાથ શ્રીઆચાર્યચરણનાં સિદ્ધાન્ત વિરુદ્ધ આચરણનો ત્યાગ પણ એટલો જ આવશ્યક છે.

પુષ્ટિમાર્ગમાં પ્રવેશેલ વ્યક્તિનું મન ધર્મ, અર્થ, કામ, મોક્ષની સિદ્ધિમાં જ લાગેલું રહે તો પુષ્ટિ ભક્તિ કે પ્રપત્તિની સાધના વ્યવસ્થિત ન થઈ શકે. ધર્મ, અર્થ, કામની સિદ્ધિ માટે પુષ્ટિ સિદ્ધાન્ત નથી. તેમજ પુષ્ટિમાર્ગીય ભક્તિ પણ મોક્ષ પુરુષાર્થ અંતર્ગત આવતી બાબત નથી. આમ, પુરુષાર્થ વિષયક પ્રશ્નોનું નિરાકરણ આચાર્યચરણના બાલબોધથી કરી, વિવેક ધૈર્ય સહિત સુદઢ આશ્રય તરફ યાત્રા આગળ વધારે છે. બધું જ ભગવાનની ઈચ્છાનુસાર થાય છે તેવો વિવેક, પ્રાર્થના ત્યાગ, અભિમાન ત્યાગ, હઠત્યાગ અને અનાગ્રહ આ ચાર ઉપાયોનું આચરણ કરવાથી સિદ્ધ થાય છે. જીવનમાં આવતા દુઃખોથી વિચલિત થઈ જવામાં આવે તો સેવામાં પ્રતિબંધ ઉત્પન્ન થાય અને દુઃખોને સહન કરવાનો ગુણ ન હોય તો ભગવદ્ આશ્રય પણ દઢ ન થાય. તદર્થે જીવનમાં આવતા આધિભૌતિક, આધ્યાત્મિક દુઃખોને સહન કરવા તે ધૈર્ય અને તેની સિદ્ધિ પણ પ્રતિકાર જો સહજ પ્રાપ્ત હોય તો દુઃખી થવાનો આગ્રહ ત્યાગ, લૌકિક સગા-સંબંધીઓના તરફથી થતા દુઃખોને સહન કરવા, ઈન્દ્રિયોના વિષયોને મન અને વાણીના વિષય ન બનાવવા રૂપ ત્યાગ અને અસામર્થ્યની ભાવનાના ક્રમિક ઉપાય અજમાવી ધૈર્ય ધારણ કરવાથી ભગવદ્ આશ્રય દઢ થાય છે. ભગવદ આશ્રયનું સ્વરૂપ જ આ લોક તથા પરલોક સંબંધી સર્વ બાબતો તેમજ સર્વ પરિસ્થિતિઓમાં એક હરિનું જ શરણ ગ્રહણ કરવું તે જ છે.

દરેક અવસ્થામાં ભગવદ્ આશ્રય રહેવો પણ અત્યારે દુર્લભ જેવું જ લાગે છે ત્યારે સર્વ અશકયતાઓમાં પણ એક હરિનું શરણ ગ્રહણ કરવાથી બધું જ સિદ્ધ થાય છે. ભગવદ્ આશ્રય દઢ કરવા માટે સર્વ પ્રથમ અષ્ટાક્ષર ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' ને વાચાથી બોલવું અને મનથી હું ભગવાનની શરણમાં છું તેની ભાવના કરવી. શ્રીકૃષ્ણ સિવાય અન્ય વિભૂતિઓનું ભજન, પ્રાર્થના, પ્રસાદ ગ્રહણ અને સામે ચાલી દર્શનાર્થ જવા રૂપ અન્યાશ્રયનો ત્યાગ, પ્રભુમાં

દઢ વિશ્વાસ અને પ્રાપ્ત થયેલ સુખ-દુઃખોનો મમતારહિત ભોગના રૂપમાં શરણાગતિનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

વિવેક ધૈર્ય અને આશ્રય નો પરસ્પર સંબંધ સમજાવતા પૂજ્ય શ્રીશ્યામ મનોહરજી દાદાભાઈએ માર્મિક રીતે સમજાવ્યું છે કે, ''વિવેક ધૈર્ય ભકત્યાદિ રહિતનો પણ શ્રીકૃષ્ણ આશ્રય બને છે તેનો મતલબ એમ ન સમજવો કે શ્રીકૃષ્ણ આશ્રિત વ્યક્તિએ વિવેક-ધૈર્ય-ભક્તિ આદિથી રહિત રહેવું.''

કલિકાલમાં ધર્મના સાધનો જ નિષ્ફળ હોવાથી જીવનો ઉદ્ધાર ધર્મથી થઈ શકતો નથી ત્યાં ધર્મીનો આશ્રય જ ફલસાધક હોય છે અને જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ તથા પ્રપત્તિમાર્ગની દષ્ટિથી શ્રીકૃષ્ણ જ આશ્રયણીય હોય છે. તે દરેક પુષ્ટિ પથિકે પોતાના હૃદયમાં કોતરી રાખવી આવશ્યક છે.

આ રીતે વિવેક-ધૈર્ય સહિત અથવા કેવળ આશ્રિત થયા પછી શ્રીઆચાર્યચરણના ગ્રંથો તેમજ શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા આદિ શાસ્ત્રોના શ્રવણ કીર્તન-સ્મરણ કરવાથી શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન થાય છે. આ માહાત્મ્ય જ્ઞાનના કારણે શ્રીકૃષ્ણ સેવાર્થ જ પુષ્ટિજીવો પ્રકટ થયા છે અને શ્રીકૃષ્ણ સેવા જ પરમ કર્તવ્ય તેમજ શ્રીકૃષ્ણ સેવામાં જ પુષ્ટિજીવનની સાર્થકતા છે, તેવું સમજાતા પુષ્ટિપથનો સાધક બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી શ્રીકૃષ્ણ સેવાર્થ સમર્પિત થઈ શ્રીકૃષ્ણની સેવા પોતાના ઘરમાં પોતાના તન અને ધનથી કરે છે. સમર્પણનું બાહ્ય સ્વરૂપ-સિદ્ધાન્ત રહસ્યથી સમજાય છે.

ભગવત્સેવા કરતા ઉદ્વેગ-આદિ દોષો ઉત્પન્ન થાય તો સેવાનું ક્રિયાવત સ્વરૂપ નભે પણ આંતર સ્વરૂપ-ચિત્તથી કૃષ્ણ પ્રવણતામાં વિક્ષેપ ઉભો થાય છે તેથી નવરત્ન - અંતઃકરણપ્રબોધ ગ્રન્થોના ઉપદેશોથી ચિત્તની વૃત્તિ નિર્વિઘ્ન ભગવત્પ્રવણ બનવા તરફ આગળ વધે છે.

પુષ્ટિમાર્ગીય સાધક શરણાગતિ સમર્પણ અને સેવાના પથ પર યાત્રા કરે છે પણ જ્યાં સુધી બધાનું પરિણામ ભક્તિ ભાવના ઉત્તરોત્તર વિકાસમાં ન આવે તો ગંતવ્ય ''માનસી સા પરામતા'' યા અલૌકિક સામર્થ્ય કે સર્વાત્મભાવના રૂપમાં પ્રાપ્ત થતું નથી.

ભક્તિમાર્ગ પણ ત્રણ પ્રકારના કહેવાયેલ છે.

(૧) ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન

(૨) ભગવત્સ્વરૂપનું આંતરભજન અને

(૩) નામ ભજન.

તનુવિત્તજા સેવાથી ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન તો થાય છે, પણ અનોસરમાં જો ભગવત્લીલા કે ગુણોનું ગાન ન કરવામાં આવે તો આંતર ભજન થઈ શકતું નથી. ભગવત્કથા કોની પાસેથી શ્રવણ કરવી તેના વિવેક માટે જલભેદ અને આપણી કથામાં કોને શ્રોતા તરીકે સામેલ કરવા તેના માટે પંચપદ્યાનિ ગ્રન્થના ઉપદેશ અનુસાર કોને શ્રોતા તરીકે સામેલ કરવા તેના માટે પંચપદ્યાનિ ગ્રન્થના ઉપદેશ અનુસાર વર્તન કરવાથી કથામાં રસાભાસ–દુઃસંગ વગેરે દોષોથી બચી શકાય.

જેમને ભગવત્સેવાનો અવકાશ પ્રાપ્ત નથી પણ જો કથાભક્તિ કરી શકાય તો પણ ભક્તિભાવ પ્રેમ–આસક્તિ–વ્યસનના ક્રમિક સોપાનો પર ચઢી અંતે સર્વાત્મભાવના રૂપમાં ફલિત થઈ શકે, જેનું વર્ણન–ભક્તિવર્ધિનીથી જાણી શકાય છે. કથા–ભક્તિની સાધનામાં જોડાયેલ ભક્ત વ્યસનાવસ્થા પ્રાપ્ત કરે પછી વિરહાનુભાવર્થ ગૃહત્યાગ કરી શકે છે તે સિવાય કોઈપણ અવસ્થામાં કે કોઈપણ કારણસર સંન્યાસ ગ્રહણ કરવો ન જોઈએ. જો સેવાની અનુકૂળતા હોય અને ઘરમાં તનુવિત્તજા સેવા નભતી હોય તો કયારેય સંન્યાસનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ ઉપદેશ સંન્યાસ નિર્ણયના અભ્યાસથી જાણી શકાય અને કલિકાલમાં ભક્તિબીજની દૃઢતા વગર કરવામાં આવતો સંન્યાસ કેવળ પાખંડીપણુ જ પ્રાપ્ત કરાવી પતિત બનાવે છે.

અંતમાં સેવા અને કથા કે કેવળ ગુણગાનની સાધનામાં ઉત્તરોતર આગળ વધતા પુષ્ટિભક્ત ભગવદ્ આસક્તિને કારણે પ્રપંચને વિસ્મૃત કરી દયે એ આ લોકની ભક્તિની સર્વોચ્ચ અવસ્થા કે જેનાથી નથી મોટો કોઈ મંત્ર, નથી કોઈ મોટું સ્તોત્ર, નથી મોટી કોઈ વિદ્યા કે નથી તેનાથી મોટું કોઈ તીર્થ. ભક્તિ જો નિરોધાવસ્થાપન્ન બને આનાથી મોટી કોઈ ઉપલબ્ધિ ભૂતલ ઉપર ભક્ત માટે

હોઈ શકતી નથી. આ બધા જ ષોડશગ્રન્થોનું તાત્પર્ય જીવનું ભગવત્સેવામાં જોડવાનું છે. ભગવત્સેવા જ પુષ્ટિજીવના ભૂતલ ઉપરના અસ્તિત્વનું પ્રયોજન છે. અતઃ સેવાથી ફલની અપેક્ષા નથી પણ બધી જ ફલાનુભૂતિ ભગવત્સેવામાં જ થાય છે. મન-વચન કર્મથી ભગવત્સમર્પિત બની જવું અને ભક્તના બધા વિષયોમાં પણ સચ્ચિદાનન્દાત્મકતા પ્રકટી જવી એ જ અલૌકિક સામર્થ્ય આ સેવામાં મળતું ફલ છે અને દેહાન્તરે સાયુજ્ય કે સેવોપયોગી દેહ વૈકુંઠાદિ લોકમાં અધિકાર રૂપ જ છે.

આ પ્રકારની ફલાનુભૂતિ તો ઉદ્વેગ-ભોગ-પ્રતિબંધથી રહિત ભગવત્સેવાથી જ થાય છે. તદર્થ આ બાધકોનું પણ જ્ઞાન આવશ્યક હોય છે. આ રીતે, ષોડશગ્રન્થો એ શ્રીઆચાર્યચરણનું વાઙ્ગમય સ્વરૂપ જ છે. આથી જ શ્રીદ્વારકેશજી પણ આજ્ઞા કરે છે -''અવતારદશાયાન્તુ ઉદ્ધૃતી રૂપદર્શનાદ્ ઈહ નામાત્મકૈર્ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ તસ્માત્ સર્વપ્રયત્નેન દેવૈઃ કર્તવ્યમેવ હિ, સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્'' અર્થાત્ અવતાર દશામાં પોતાના સ્વરૂપથી પુષ્ટિજીવોનો ઉદ્ધાર થાય છે. આ નામાત્મક ગ્રન્થોથી શ્રીઆચાર્યજી પોતાના નિજદાસોના ઉદ્ધાર કરે છે. તેથી દૈવીજીવોએ સર્વપ્રયત્નપૂર્વક શ્રીવ્રજાધિપનું સેવન અને આ ગ્રન્થોનો પાઠ જ કર્તવ્ય છે.

શ્રીઆચાર્યચરણની વાણી દુર્બોધ છે, તે આપશ્રીની કૃપાથી જ સુબોધ થાય છે. શ્રીવલ્લભવંશજ બધા જ આચાર્યોનું કર્તવ્ય દૈવીજીવોને શ્રીઆચાર્યચરણના ગ્રન્થોનો બોધ આપવો એ જ છે. પરંતુ આજની સંપ્રદાયની પરિસ્થિતિમાં શ્રીઆચાર્યચરણની વાણીથી બધે જ વિપરીત આચરણ છવાઈ ગયું છે.

સહસ્ર પરિવત્સરની સફર અને શ્રીપુષ્ટિ પુરુષોત્તમથી અત્યંત નિકટ આવીને પણ જો શ્રીઆચાર્યચરણની વાણીનો ખરો મર્મ ન સમજાય તો પાછા દૂરને દૂર જ રહેવાય છે. દૈવીજીવોનું ભૂતલ પર અસ્તિત્વ વ્યર્થ ન જાય તે માટે શ્રીઆચાર્યચરણના ગ્રન્થોનું ભલીભાંતિ અધ્યયન આવશ્યક જ નહીં, અનિવાર્ય જ છે.

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ દ્વારા ષોડશગ્રન્થનું આ નૂતન

પુસ્તક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને અધ્યયન માટે અતિ ઉપયોગી થશે. તેમજ ષોડશગ્રન્થની ચાંદનીમાં પુષ્ટિભક્તિભાવનું પોષણ થશે, ખીલશે તેમજ દૃઢ થશે એવી શુભેચ્છા પાઠવું છું.

સત્સંગના વેશમાં દુઃસંગનું જ પ્રધાન્ય સર્વત્ર જોવા મળે છે ત્યારે આ પુસ્તક વૈષ્ણવોને ઘરેબેઠા સત્સંગનો લાભ અપાવશે તેમજ દુઃસંગથી બચાવશે. શ્રીઆચાર્યચરણની વાણીથી મોટો સત્સંગ આ સમયમાં બીજો કયો હોઈ શકે !

શ્રીમહાપ્રભુ-શ્રીગોપીનાથ પ્રભુચરણ તેમજ પ્રભુચરણ શ્રીગુસાંઈજીની કૃપા અને પૂજ્ય શ્રીશ્યામુદાદાનું સાનિધ્ય નિરંતર આપણા પર રહે એ જ અભિલાષા સહ વિરમું છું.

**ભવદીય**
**ગોસ્વામી પુરુષોત્તમ**

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।
।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

# પ્રાસ્તાવિક

શ્રીમહાપ્રભુજીના **''ષોડશગ્રંથો''** સાહિત્યના ઉપયોગ પ્રમાણે તેના ત્રણ પ્રકાર થાય છે, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. આધિભૌતિક સાહિત્ય ભૌતિક પદાર્થોને સાંસારિક બાબતોને સ્પર્શે છે, તેમના વિષેનું જ્ઞાન આપણને આપે છે. આધ્યાત્મિક સાહિત્ય આત્માની ઉન્નતિ કેવી રીતે થઈ શકે તે જણાવે છે. અને આધિદૈવિક સાહિત્ય જગતનિયંતા ભગવાન સાથે સંબંધ કરાવે છે. શ્રીવલ્લભાચાર્યજીનું સાહિત્ય એ આધિદૈવિક સાહિત્ય છે. તેમણે દૈવી જીવોના ઉધ્ધાર માટે પુષ્ટિભક્તિમાર્ગનું સ્થાપન કર્યું અને તેના જ્ઞાન માટે અણુભાષ્ય, તત્ત્વદીપ નિબંધ, ષોડશગ્રંથો, શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથો રચ્યા. પણ જેમ પુષ્ટિ જીવોના પ્રવાહપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, શુધ્ધપુષ્ટિ, એવા ભેદો પડે છે. તેમ શ્રીમહાપ્રભુજીના અલૌકિક સાહિત્યના પણ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ભેદ પાડી શકાય (૧) આધિભૌતિક સાહિત્યમાં અણુભાષ્ય, તત્ત્વાર્થદીપ નિબંધ, પત્રાવલંબન ગ્રંથો ગણાવી શકાય. તેમાં વેદમાં પ્રતિપાદિત તત્વોનો વિચાર કરવામાં આવ્યો છે. વેદમાં બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન કરેલુંછે અને તે બ્રહ્મનું સ્વરૂપ, જીવ તથા જગતરૂપાત્મક સૃષ્ટિનો તેની સાથેનો સંબંધ તથા તેના સાધનોનો વિચાર કરવામાં આવ્યો છે. (૨) 'ષોડશગ્રંથો' એ આધ્યાત્મિક સાહિત્યની કોટિમાં મૂકાય. કારણ કે તેમાં બ્રહ્મથી છૂટા પડેલા જીવની બ્રહ્મ (ભગવાન્) સાથેની પ્રાપ્તિ કેવી રીતે થાય-ભગવત્પ્રાપ્તિ માટે જીવે (પુષ્ટિમાર્ગીય જીવે) કયા સાધનો કરવા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. (૩) શ્રીસુબોધિનીજી એ આધિદૈવિક સાહિત્ય છે. તેમાં ભગવાનની લીલાઓનું નિરૂપણ કરવામાં આવેલું છે. બાકી આચાર્યચરણનું સાહિત્ય અલૌકિક જ છે.

આચાર્યશ્રીએ 'ષોડશગ્રંથો' શા માટે લખ્યા? વૈષ્ણવ સૃષ્ટિમાં આ 'ષોડશગ્રંથો'નું માહાત્મ્ય ગીતાજી કરતા પણ વધારે છે. 'અણુભાષ્ય' એ ઉપનિષદોના સારરૂપ છે, તત્વદીપ નિબંધ સર્વ શાસ્ત્રોના સારરૂપ છે, જ્યારે 'ષોડશગ્રંથો' એ શ્રીમદ્ભાગવતના સારરૂપે છે. ક્ષીરસાગરનું મંથન કરીને જેમ

રત્નો બહાર કાઢવામાં આવ્યા હતા, તેમ શ્રીમહાપ્રભુજીએ ભાગવતરૂપી સમુદ્રનું મંથન કરીને આ સોળ ગ્રંથોરૂપી મહામૂલ્યવાન રત્નોનું દાન કર્યું છે. ભાગવતધર્મ શું છે, તે જેમણે સમજવું હોય તેમણે 'ષોડશગ્રંથો' સમજવા જોઈએ. શ્રીમદ્‌ભાગવતનો નિચોડ જ હોવાથી તેને આપણે 'ભાગવત-સુધા' પણ કહીશું. ગીતાજી આપણને ભગવત પ્રપતિનો માર્ગ દર્શાવે છે, ત્યારે એ પ્રપતિ કેવી રીતે સુલભ બને અને તે પ્રપતિ કેવળ નિષ્ક્રિય છે કે તે કોઈ કર્તવ્યની અપેક્ષા રાખે છે, અને જો અપેક્ષા રાખતી હોય તો શેની? તે તથા તે પ્રપત્તિનું છેવટનું ફળ આ ગ્રંથોમાં દર્શાવવામાં આવ્યું છે. ભગવાન્ સચ્ચિદાનંદ છે. ભગવત્પ્રાપ્તિ માટે ભગવાન્‌ના 'સત્' ધર્મનું જ્ઞાન થાય તે માટે અણુભાષ્ય, તત્ત્વદીપ નિબંધ ગ્રંથો શ્રીમહાપ્રભુજીએ રચ્યા અને 'ચિત્' એટલે જીવો એ ભગવાન્‌ના અંશો છે તે ભગવાન્‌થી છૂટા પડેલા છે તેમનામાં ભગવાન્‌ના આનંદ ધર્મનું તિરોધાન થયેલું છે, એ ચિદ્‌રૂપ જીવોનું ભગવાન સાથે મિલન કયા પ્રકારે થાય તે જણાવવાને ષોડશગ્રંથોની રચના છે, 'શ્રીસુબોધિની' માં ભગવાનના આનંદ ધર્મનું અને તેમના આનંદ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

આ 'ષોડશગ્રંથો' પુષ્ટિમાર્ગીય જીવોની દૃષ્ટિએ રચવામાં આવેલ છે. જુદા જુદા સમયે તેમની રચના થયેલી છે. જો કે આ ગ્રંથો છૂટા છૂટા છે, અને બાહ્ય દૃષ્ટિથી આપણને એક બીજાની સાથે સંબંધ વગરના નોખા નોખા જણાય છે. પરંતુ થોડીક ઊંડી નજરથી જો આપણે તેમને અવલોકીશું તો જણાશે કે પ્રત્યેક ગ્રંથની એકબીજાની સાથે સુસંગતિ છે. અને તે સપ્રયોજન છે. પ્રત્યેક ગ્રંથ એક રત્નરૂપ છે. આ સોળ રત્નો છૂટાં છૂટાં હોવા છતાં એક સૂત્રમાં રત્નોને ગુંથી લેવામાં આવે તેમ તે ગ્રંથોની એકવાકયતા શ્રીમહાપ્રભુજીએ સુંદર રીતે સાચવી છે. 'ચોર્યાશી વૈષ્ણવો'ની વાર્તામાંથી આ સોળ ગ્રંથો શ્રીમહાપ્રભુજીએ કયા સમયે અને કોને માટે રચ્યા તે જાણવામાં આવ્યું છે. દાખલા તરીકે 'બાલબોધ' ગ્રંથ અંબાલામાં રહેતા નારાયણદાસ કાયસ્થ માટે, 'નવરત્ન ગ્રંથ' ગોવિંદ દુબે માટે, 'ચતુઃશ્લોકી' રાણાવ્યાસ અને ભગવાનદાસ સાંચોરા માટે, 'નિરોધલક્ષણ' ગ્રંથ રાજા દુબે તથા માધવ દુબે માટે, 'સંન્યાસનિર્ણય' ગ્રંથ નરહરિ સંન્યાસી માટે, 'સેવાફલ' ગ્રંથ વિષ્ણુદાસ છીપા માટે આમ જુદા જુદા સમયે આ ગ્રંથોની રચના થઈ છે. છતા, ગીતાજીના અઢાર અધ્યાયો જેમ એક બીજાની સાથે અમુક મધ્યવર્તી વિચાર સાથે સુસંકલિત છે, તેમ આ ગ્રંથો પણ એક બીજા સાથે સુસંકલિત છે.

બીજી દષ્ટિએ આ 'ષોડશગ્રંથો' પુષ્ટિમાર્ગીય જીવન વિકાસના તબક્કાઓ દર્શાવે છે જેમ એક પગથીયું વટાવી, બીજે પગથીયે પગ મૂકી, ક્રમે ક્રમે નીસરણીના છેલ્લા પગથીયે પહોંચીને લક્ષ્ય સ્થળે મનુષ્ય જાય છે. પુષ્ટિમાર્ગીય જીવનનું અંતિમ ધ્યેય સિધ્ધ કરવાને માટે સોળ તબક્કે થઈને આગળ વધવું જોઈએ. સમગ્ર 'ષોડશગ્રંથ' એ આધિદૈવિક જીવનની નિસરણીરૂપે છે. અને પ્રત્યેક ગ્રંથ એ એનું પગથીયું છે. એક એક ગ્રંથમાં રજુ કરેલી ભાવનાને જીવનમાં આચરતાં પુષ્ટિમાર્ગીય જીવે આગળ વધવાનું છે તો જ તે અંતિમ ફળ મેળવી શકે. એ રીતે પ્રત્યેક ગ્રંથ એક બીજાની સાથે સંકળાયેલો છે. જેમ નિસરણીનું એક પગથિયુ છુટું પાડવામાં આવે તો તેની ઉપર ચઢવામાં મુશ્કેલી પડે છે, તેમ આ પ્રત્યેક ગ્રંથમાં જે ભાવના રજૂ કરવામાં આવી છે તે જીવનમાં જો આચરવામાં ન આવે તો પુષ્ટિમાર્ગીય જીવન વિકાસમાં અંતરાય પડે અને વિકાસ અટકી જાય, જીવન વિકાસ માટે કેવી કેવી ભાવનાઓ આચરવી તે શ્રીમહાપ્રભુજી આ 'ષોડશગ્રંથો'માં જણાવે છે.

ષોડશગ્રંથોમાં સૌથી પહેલો ગ્રંથ **'યમુનાષ્ટક'** નો છે. તેમાં શ્રીયમુનાજીની સ્તુતિ કરવામાં આવી છે. શ્રીયમુનાજી એક નદી માત્ર નથી, પરંતુ આધિદૈવિક જીવન માટે આવશ્યક નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિનો પ્રવાહ છે. તે પ્રવાહ જ્યાં સુધી જીવનમાં વહેતો ન હોય ત્યાં સુધી ''રસ'' સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે નહિ. આ પ્રવાહ વહેતાંની સાથે જીવોના સ્વભાવનું પરિવર્તન થાય છે. આ સ્તોત્રના પાઠથી શ્રીઆચાર્યચરણ જણાવે છે તે પ્રમાણે જીવના સમસ્ત દુરિતો-પાપોનો ક્ષય થાય છે અને મોક્ષ આપનાર ''મુકુન્દ'' ભગવાનમાં રતિ (પ્રેમ) હૃદયમાં ઉત્પન્ન થાય છે. તે ભાવ પ્રાપ્ત થતાં તમામ સિધ્ધિઓ મળે છે અને મુર (અવિદ્યા) ના રિપુ ભગવાન સંતુષ્ટ થાય છે. અર્થાત્ સાંસારિક પદાર્થોમાંથી આસક્તિ છૂટી જઈને, પ્રભુ તરફનો પ્રેમ વધતો જાય છે. આમ છતાં જીવનો સ્વભાવ પોતાના મૂળ સ્વરૂપનો ભાવ એટલે ભગવાનના અંશરૂપ પણાનો ભાવ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જીવને એવું ભાન થાય છે કે પોતે દૈવી જીવ છે અને પ્રભુનો અંશ છે, તેથી તેણે પ્રભુની ભક્તિ (સેવા) કરવી જોઈએ. જીવનનું ધ્યેય પ્રભુની ભક્તિ (સેવા) જ છે. આવુ ભાન અહર્નિશ તેને યમુનાષ્ટકના પાઠથી સર્વદા જાગૃત રહે છે. આ ''ષોડશગ્રંથો'' પુષ્ટિમાર્ગીયોને માટે હોવાથી તેવા જીવોની જ્યાં સુધી સાંસારિક પદાર્થો તરફની આસક્તિ દૂર થઈને પ્રભુ તરફ ન વળે ત્યાં સુધી તે પોતાના જીવનના ધ્યેયને

પ્રાપ્ત કરી શકે નહિ માટે સૌથી પ્રથમ તે ધ્યેયનો નિશ્ચય થાય માટે રસાત્મક ભાવનું જ હૃદયમાં ચિંતન કરવું જોઈએ.

આવા પુષ્ટિમાર્ગીય જીવને પોતાનો માર્ગ નક્કી કરવામાં સહાયક જ્ઞાનની જરૂર છે. તેથી શ્રીમહાપ્રભુજીએ **"બાલબોધ"** ગ્રંથ રચ્યો છે. આપણે બધા સાંસારિક મનુષ્યો નાના કે મોટા સૌ એક રીતે બાળકો જ છીયે. તે તમામને પોતાના જીવન માટે કયો માર્ગ અનુકુળ છે તેનુ જ્ઞાન થાય તે માટે આ બાલબોધ ગ્રંથ છે.

**"સિદ્ધાંતમુક્તાવલી"** ગ્રંથમાં જણાવે છે કે વિષ્ણુ પણ મર્યાદિત દેવ છે. પરમતત્ત્વ તો વેદમાં નિરૂપેલું બ્રહ્મ જ છે. વિષ્ણુ પણ બ્રહ્મની સર્જનશક્તિનું એક સ્વરૂપ છે, એ પૂર્ણ રૂપે નથી. પુર્ણ શક્તિવાળા તો બ્રહ્મ એટલે શ્રીકૃષ્ણ છે. અક્ષરબ્રહ્મ તે ગણિતાનંદ હોવાથી તે પૂર્ણ નહિ. આથી પુષ્ટિમાર્ગીય જીવે તો પૂર્ણાનંદ એવા શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઈએ. અને તે સેવામાં પણ માનસી સેવા મુખ્ય છે. આ જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે, અક્ષરબ્રહ્મ તેનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને શ્રીકૃષ્ણ એ આધિદૈવિક સ્વરૂપ છે. આ સિદ્ધાંત આપશ્રી આ ગ્રંથમાં ગંગા નદીના દષ્ટાંતથી સમજાવે છે.

સિદ્ધાંત જણાવીને પુષ્ટિમાર્ગીય જીવનું લક્ષણ કયું? તે **"પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ"** ગ્રંથમાં આપશ્રીએ જણાવેલ છે. શ્રીમહાપ્રભુજી જીવોના ત્રણ પ્રકાર ગણે છે. ઉત્તમ કોટિ, મધ્યમ કોટિ અને નિમ્ન કોટિના છેલ્લી કોટીના જીવો સંસારમાં જ રચ્યા પચ્યા રહે છે, તેને 'પ્રવાહી' જીવો કહે છે, મધ્યમ કોટિના જીવોનો વ્યવહાર સંયમ અને મર્યાદામાં શાસ્ત્રમાં કહેલી રીતે હોય છે તેને "મર્યાદા" જીવો કહે છે. ઉત્તમ કોટિના જીવો તેમનું સર્વસ્વ ભગવાન છે તેમને ભગવાન સિવાય બીજુ કંઈપણ જોઈએ નહિ. ભગવાન્‌ના સ્વરૂપની સેવા માટેજ પોતાની કાયામાંથી ભગવાને આવા જીવોનું સર્જન કર્યું છે. તેને 'પુષ્ટિ' જીવો કહે છે. આ પુષ્ટિ જીવોના પણ પુષ્ટિપ્રવાહ, પુષ્ટિમર્યાદા, પુષ્ટિપુષ્ટિ અને શુદ્ધપુષ્ટિ એવા અવાન્તર ભેદો છે.

પુષ્ટિજીવનું ધ્યેય ભગવત્પ્રાપ્તિ છે તે નક્કી કર્યા પછી તે ધ્યેય સિદ્ધિ માટે શું સાધન હોવું જોઈએ, તે જણાવવાને **"સિદ્ધાન્ત રહસ્ય"** ગ્રંથ રચવામાં આવ્યો છે. જીવ ભગવાનનો અંશ છે, તેથી ભગવાન્ સાથેનો પુનઃ

સંબંધ મેળવવો જોઈએ. આથી બ્રહ્મસંબંધ લેવું જોઈએ. તે એનો માનસિક સંકલ્પ છે. તે સંકલ્પથી તેના મનમાં એવી દઢ પ્રતીતિ તે મેળવે છે કે તેના જીવનનું સુખ સાંસારિક વિષયોની પ્રાપ્તિમાં નથી. પરંતુ ભગવાન્ સાથેના પુનઃ સાયુજ્યમાં છે. આ માટે તે પોતે ગુરૂદ્વારા પ્રતિજ્ઞા કરે છે કે આત્મા અને આત્મા સાથે દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ વગેરે તેમજ ઐહિક સંપત્તિ સાંસારિક સંબંધો તે બનાવે છે અગર જે કંઈ પ્રવૃતિ તે કરે છે, તે બધુ પ્રભુનું જ છે અને પ્રભુ માટે જ છે તેથી તે પોતાના સર્વ વ્યવહારમાં પ્રભુને પોતાનું સર્વ નિવેદન કરીને જ વ્યવહાર કરશે. અને તે માટે પ્રભુને સમર્પણ કર્યા સિવાય કોઈપણ વસ્તુનો ભોગ પણ તે નહિ કરે, તેમ અન્ય કોઈ દેવનું ભજન પણ તે નહિ કરે આ જાતની પ્રતિજ્ઞા અગર માનસિક સંકલ્પ એ બ્રહ્મસંબંધ છે તે પ્રથમ સાધન છે.

**''નવરત્ન''** ગ્રંથમાં જીવે જ્યારે બ્રહ્મસંબંધના સંકલ્પ દ્વારા પ્રભુને પોતાના સર્વસ્વ માન્યા તો પછી કોઈપણ પ્રકારની ચિંતા તેનામાં હોવી જોઈએ નહિ. કારણ કે અલ્પ ચિંતા પણ તેના પ્રભુ પ્રત્યેના ભાવને ડહોળી નાખે છે, તેને વિષમય બનાવી દે છે. પોતાનું સર્વસ્વ જ્યારે પ્રભુને સમર્પિત કર્યુ અને પ્રભુ પ્રત્યે અવ્યભિચારિણી ભક્તિની પ્રતિજ્ઞા લીધી તો પછી ચિન્તાનો તો તેણે સર્વથા ત્યાગ કરવો જોઈએ. આથી ''નૈશ્ચિંત્ય''ને બીજુ સાધન અહીં જણાવ્યુ છે. આ માટે આ ગ્રંથના અંતે શ્રીમહાપ્રભુજી જણાવે છે કે આ ''નિશ્ચિંત્ય'' માટે સર્વદા શ્રીકૃષ્ણઃ શરણં મમ એવુ ઉચ્ચારણ કરવું જોઈએ. શા માટે શ્રીકૃષ્ણનું શરણ લેવું તેનું કારણ **''અંતઃકરણ પ્રબોધ''** ગ્રંથમાં જણાવે છે. કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતઃ દોષ વર્જિતમ્. કૃષ્ણ પોતે અગણિતાનંદ છે એટલું જ નહિ પણ તેમનામાં કોઈપણ દોષ નથી. ચાંડાલી જેવા અધમ જીવ પર પણ અનુગ્રહ કરીને પોતાના તરીકે તેને સ્વીકારે છે.

આ પછી પુષ્ટિમાર્ગીય જીવે વિવેક, ધૈર્ય અને આશ્રય એ ગુણો કેળવવા પડશે. આશ્રય એટલે ભગવાનનું કોઈપણ પરિસ્થિતિમાં શરણ. એ માટે ભગવાન સિવાય બીજા કોઈ દેવનું પણ ભજન કરવું જોઈએ નહિ, પ્રાર્થના પણ કરવી જોઈએ નહિ, તેમ પ્રભુમાં અવિશ્વાસ ન કરવો. આ રીતે **''વિવેકધૈર્યાશ્રય''** ગ્રંથમાં આશ્રયને સાધન જણાવ્યું.

શ્રીકૃષ્ણનો જ આશ્રય શા માટે કરવો તેના કારણો **''શ્રીકૃષ્ણાશ્રય''**

ગ્રંથમાં જણાવે છે. દેશ, કાલ, દ્રવ્યાદિ બધા અશુદ્ધ છે. દેવોનુ દેવત્વ નષ્ટ થયેલ છે. શાસ્ત્રો કે મંત્રોનો પ્રભાવ પણ ઝાંખો થયો છે. યોગ, વ્રત વગેરે સાધનો ફળ શૂન્ય બન્યા છે. આ તથા આવા અનેક કારણોનો વિચાર કરીને દેશ-કાળને અનુસરીને કૃષ્ણ એવ ગતિર્મમ એવો સિદ્ધાંત આપશ્રી જણાવે છે. શ્રીકૃષ્ણનો આશ્રય એ જ મોટામાં મોટું સાધન છે.

**''ચતુઃશ્લોકી''**માં આપ જણાવે છે કે પુષ્ટિમાર્ગીયોનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થ જે કહો તે ભગવાન જ છે. બીજુ કાંઈ પણ નહિ. માટે પ્રભુજ જીવના સર્વ પુરૂષાર્થમય છે એવો નિશ્ચય એ પણ મુખ્ય સાધન છે.

**''ભક્તિવર્ધિની''**માં ઉપરના સાધનોની સિદ્ધિ થતા ભક્તિ વૃદ્ધિ પામે છે. બ્રહ્મસંબંધરૂપી બીજની દઢતા માટે શ્રવણ કીર્તન અને ત્યાગની જરૂર છે. ભક્તિ એટલે પ્રેમ. તે પ્રેમની સ્નેહ આસક્તિ અને વ્યસન એ ત્રણ અવસ્થાઓ છે. સ્નેહથી લૌકિક રાગોનો વિનાશ થાય છે, આસક્તિથી ગૃહ તરફ અરૂચિ થાય છે અને વ્યસન સ્થિતિ પ્રાપ્ત થતા પ્રભુમાં જ અનન્ય પ્રેમ થાય છે. આ વ્યસનસ્થિતિ પ્રાપ્ત થતાં ગૃહમાં સ્થિતિ એ પણ બાધક બને છે. તેથી તેવો જીવ ગૃહનો ત્યાગ કરી, અવ્યાવૃત રીતે પ્રભુમય જ જીવન ગાળે છે.

આ માટે 'શ્રવણ' આવશ્યક હોવાથી ભગવદ્ ગુણગાન કરનાર વકતાઓ તથા કથા શ્રવણ કરનાર શ્રોતાઓ બધા એકસરખા પ્રકારના નથી, તેમનામાં ભાવના ભેદ હોવાથી તે વકતાઓના ભેદો જણાવવાને **''જલભેદ''** ગ્રંથ આપશ્રીએ રચ્યો અને શ્રોતાઓના ભેદ સમજાવવાને **''પંચપદ્યાનિ''** ગ્રંથ આપશ્રીએ રચ્યો.

અને ત્યાગનું સ્વરૂપ સમજાવવાને **''સન્યાસનિર્ણય''** ગ્રંથ રચ્યો છે. ભક્તિમાર્ગીય સન્યાસ એટલે ભગવા વસ્ત્રો પહેરી સંસાર છોડીને ચાલ્યા જવુ તે નથી. ભક્તિમાર્ગીય સન્યાસ પ્રભુના વિરહનો અનુભવ કરવા માટે છે. આ ત્યાગ જ ભક્તિભાવની વિશેષ વૃદ્ધિ કરે છે.

આ માટે મનના નિરોધની જરૂર છે. યોગશાસ્ત્રમાં જણાવવામાં આવ્યો છે તેવો નિરોધ નહિ. ત્યાં તો ચિત્તવૃત્તિઓનું દમન કરવામાં આવે છે. અહિંયા તો દમન નહિ કરતાં તે વૃત્તિઓને ભગવદ્ અભિમૂખ કરવાની છે. અને વૃતિઓને ભગવદ્ અભિમુખ કરવા માટે ભગવત્સેવા એ જ ઉત્તમ સાધન છે.

તેમાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તથા આત્મા એ બધાં પ્રભુની સન્મુખતા મેળવે છે. જેને અગાઉ માનસી સેવા કહેવામાં આવેલ છે. એ બધુ **''નિરોધલક્ષણ''** ગ્રંથમાં બતાવી તે સિદ્ધ થયે તેનું ફળ પ્રાપ્ત થાય છે. તે શું તે જણાવવા છેલ્લે **''સેવાફલ''** ગ્રંથ આપશ્રીએ રચ્યો.

અર્થાત્ આ ષોડશગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીઓને નીચેનો મુખ્ય સિદ્ધાંત બતાવ્યો છે.

શ્રીકૃષ્ણ એ એમના જીવનનું પરમ ધ્યેય, તે ધ્યેયની સિદ્ધિ તે ફળ. તે ફળ પ્રાપ્ત કરવા માટે સેવા. તે સેવા માટે ભક્તિ અનન્ય પ્રેમ. તે પ્રેમભાવની પ્રારંભિક દશા એ બ્રહ્મસંબંધ જેમાં અસમર્પિત વસ્તુનો ત્યાગ અનન્યાશ્રય તેમજ નૈશ્ચિંત્ય વિવેક ધૈર્ય તથા આશ્રય વગેરેની પ્રાપ્તિ છે. દૈવી જીવનો વિકાસ કેવા ક્રમે થઈ શકે તે આ ષોડશગ્રંથોમાં જણાવેલ છે. આ બધુ જીવના સાધનથી સાધ્ય નથી. પંરતુ પ્રભુના અનુગ્રહથી સાધ્ય છે. પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ એ એક નિયામક છે.

આ ષોડશગ્રંથ ઘણા વર્ષોથી નાની નાની પુસ્તિકાના રૂપે અલગ-અલગ પ્રકાશિત કરતા રહ્યા છીએ. વૈષ્ણવોની માંગને ધ્યાને લઈ અત્યારે આ બધી પુસ્તિકાઓને એક પુસ્તકના રૂપમાં પ્રકાશિત કરી રહ્યા છીએ. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વધુ ને વધુ લાભ લે એજ શુભ સંકલ્પ સાથે.

આ ગ્રંથનું સંકલન અને કોમ્પ્યુટર સંબંધિત સહયોગ પીયૂષ ગોંધીયા એ તેઓની નાદુરસ્ત તબિયત હોવા છતાં કરી આપેલ છે જે અવિસ્મરણીય છે.

જયશ્રીકૃષ્ણ.

**– પ્રવિણ ડઢાણીયા, રાજકોટ**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧ |
| ૨. | બાલબોધ | ૬૮ |
| ૩. | સિદ્ધાંતમુક્તાવલી | ૯૦ |
| ૪. | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૧૧૨ |
| ૫. | સિદ્ધાંત રહસ્યમ્ | ૧૩૦ |
| ૬. | નવરત્નમ્ | ૧૮૧ |
| ૭. | અંતઃકરણપ્રબોધ | ૨૧૩ |
| ૮. | વિવેકધૈર્યાશ્રય | ૨૩૫ |
| ૯. | શ્રીકૃષ્ણાશ્રય | ૨૭૧ |
| ૧૦. | ચતુઃશ્લોકી | ૩૦૨ |
| ૧૧. | ભક્તિવર્ધિની | ૩૨૦ |
| ૧૨. | જલભેદ | ૩૪૩ |
| ૧૩. | પંચપદ્યાનિ | ૩૭૧ |
| ૧૪. | સંન્યાસનિર્ણય | ૩૮૬ |
| ૧૫. | નિરોધલક્ષણમ્ | ૪૨૮ |
| ૧૬. | સેવાફલમ્ | ૪૫૬ |


***

श्रीकृष्णाय नमः
श्रीवल्लभाय नमः
श्रीगोपीजनवल्लभाय नमः

# ૧. શ્રી યમુનાષ્ટકમ્

નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ-હેતું મુદા
મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ ॥
તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના
સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥
કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જવલા
વિલાસ-ગમનોલ્લસત્પ્રકટ-ગંડ-શૈલોન્નતા ॥
સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા
મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥૨॥
ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામ્ અનેક-સ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ॥
તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-
નિતમ્બતટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ॥૩॥
અનન્ત-ગુણ-ભૂષિતે શિવ-વિરંચિ-દેવ-સ્તુતે
ઘનાઘન-નિભે સદા ધ્રુવ-પરાશરાભીષ્ટ-દે ॥
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે
કૃપાજલધિ-સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥૪॥
યયા ચરણ-પદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગમનતો-ઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદૃશતામ્ ઈયાત્ કમલજા-સપત્નીવ યદ્-
હરિપ્રિય-કલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥
નમો-ઽસ્તુ યમુને! સદા તવ ચરિત્રમ્ અત્યદ્ભુતં
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃ-પાનતઃ ॥
યમોઽપિ ભગિની-સુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્ યથા ગોપિકાઃ ॥૬॥

મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમ્ એતાવતા
ન દુર્લભતમા રતિઃ મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।
અતો-ઽસ્તુ તવ લાલના સુર-ધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિ-સ્થિતૈઃ ।।૭।।
સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ! પ્રિયે!
હરેર્ યદ્ અનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ।।
ઈયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સંગમ-
સ્મર-શ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સંગમઃ।।૮।।
તવાષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે! સદા
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।।
તયા સકલ-સિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ
સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।।૯।।

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીયમુનાષ્ટકસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।

***

સ્વમાર્ગીય માન્યતા પ્રમાણે સ્વામીનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને કૃષ્ણના તુર્ય પ્રિયા શ્રીયમુનાજીનું અલૌકિક મિલન વિ.સં.૧૫૪૯ માં શ્રીમદ્ ગોકુલ પાસે ઠકુરાણી ઘાટ ઉપર થયું હતું. તે આ રીતે -

પોતાની પ્રથમ પરિક્રમા દરમ્યાન ચતુર્દશવર્ષીય બાલ સરસ્વતી, વાક્પતિ શ્રીવલ્લભ, નિજ સેવકો સહિત, મહાવનમાં, યમુનાતટ ઉપર પધાર્યા. તે સમયે ત્યાં સઘન વન હતું. મહાવનમાં સ્થિત નંદબાવાનું ગોકુળીયું ગામ વનરાજીથી છવાઈ ગયું હતું. શ્રીવલ્લભ ગોકુલ ગામની શોધ કરતા હતા. આજે જ્યાં પાકા બાંધેલા ગોવિંદ ઘાટ અને ઠકુરાણી ઘાટ છે ત્યાં તે સમયે દૂર દૂર સુધી ગીચ વનપ્રદેશ વિસ્તરેલો હતો. યમુનાજીના કિનારા ઉપર ઉભા રહીને, ચોતરફ દષ્ટિ નાખતા શ્રીવલ્લભ પોતાના સેવકો સાથે શ્રીગોકુલની સ્થિતિ વિષે વાતચીત કરી રહ્યા હતા. વાતચીત દરમ્યાન આપશ્રીએ પોતાના અંતરંગ એકનિષ્ઠ સેવક દામોદરદાસજીને પૂછ્યું.

‘‘દમલા ! યામેં ગોવિંદ ઘાટ અરૂ ઠકુરાની ઘાટ કૌનસો ?’’

આપશ્રીના પ્રશ્નનો ધ્વનિ, યમુનાજીના આધિભૌતિક જળ પ્રવાહમાં વસતાં, પ્રભુનાં ચતુર્થ પ્રિયાએ સાંભળ્યો. શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી બન્ને પ્રભુના પ્રિયા છે. તેથી શ્રીયમુના શ્રીવલ્લભના સ્વરૂપને ઓળખતાં હોય એ સ્વાભાવિક છે. આથી જે પ્રશ્નનો ઉત્તર દમલાથી ન આપી શકાયો તે પ્રશ્નનો ઉત્તર આપવા પોતે પોતાના આધિદૈવિક સ્વરૂપે ત્યાં પ્રકટ થયાં.

શ્રીયમુનાજી તો કૃષ્ણનાં પટરાણી છે. વિવિધ શૃંગાર કર્યા છે. અલૌકિક આભૂષણો પહેર્યા છે. તેઓ પોતાના દિવ્ય સ્ત્રીદેહે શ્રીવલ્લભરાયથી પ્રકટ થયાં. અને કહ્યું : ‘‘વલ્લભ, આપ જિસ છોંકરકેં નીચે ઠાડે હો, વહ બ્રહ્મસ્વરૂપ હૈ; ઉસકા બાંઈ ઔર ગોવિંદ ઘાટ ઔર દાહિની ઔર ઠકુરાની ઘાટ હૈ’’.

શ્રીમહારાણીજીએ આ રીતે પ્રકટ થઈને શ્રીવલ્લભના મનનું સમાધાન કર્યું અને શ્રીમદ્ ગોકુલના સ્થાનનો સ્પષ્ટ નિર્દેશ કર્યો.

શ્રીયમુનાજીના આવા અલૌકિક અદ્ભુત સ્વરૂપને જોઈને શ્રીવલ્લભ બોલી ઊઠ્યા, **‘‘યમુને! તવ સ્વરૂપમ્ અદ્ભુતમ્’’** પછી કહ્યું, **‘‘નમામિ યમુનામહમ્’’**

શ્રીવલ્લભ શ્રીયમુનાજીને નમન કરે છે – કારણ કે આપ શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપને ઓળખે છે. અને આપશ્રીએ એવી આજ્ઞા કરી છે કે –

**જીવૈસ્તુ ભગવતી નમનમેવ કાર્યં નાન્યઃ**

પછી તો વાક્પતિના મુખમાંથી વાક્ધારા પ્રવાહિત થવા લાગી અને રચાઈ ગયું યમુનાષ્ટકમ્. શ્રીવલ્લભે મહારાણીની સ્તુતિ કરી તેથી એ સ્તુતિ ગ્રંથ છે. અને ષોડશ ગ્રંથોમાં મંગલાચરણ રૂપે તેનું પ્રથમ સ્થાન છે.

શ્રીયમુનાજી અન્ય નદીઓની માફક કેવળ જલનો પ્રવાહ નથી; તે તો પુષ્ટિભક્તિ રસનો પ્રવાહ છે. દેશકાળના પ્રવાહમાં વહી જતા જીવો ઉપર કૃપા કરીને તેઓ તેમને તેમાંથી ખેંચીને નિજ ભક્તિરસના પ્રવાહમાં વહેતા કરે છે, અને તે દ્વારા તેઓ તેમને શ્રીકૃષ્ણચંદ્રની દિવ્ય મધુર નિત્ય લીલાઓનો

અનુભવ કરાવે છે ; અને તે જીવોને ભગવદ્ સંબંધ કરાવી આપે છે. આ રીતે જોતા શ્રીવલ્લભ અને શ્રીયમુના સમાન ધર્મી છે.

ષોડશ ગ્રંથોમાં યમુનાષ્ટકનું સ્થાન પહેલું છે. તેનું કારણ એ છે કે આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું મહત્ત્વ ઘણું વધારે છે. લીલા સ્વામી કૃષ્ણની લીલાઓ યમુનાજીના કિનારા ઉપર આવેલ કુંજ નિકુંજમાં થઈ છે, થાય છે અને નિત્ય થયા કરશે. આથી શ્રીયમુનાજીની કૃપા વગર પુષ્ટિ ભક્તિમાં પ્રવેશ મળતો નથી. શ્રીયમુનાજી તો ભક્તિરસની ધારા છે. એ રસમાં સ્નાન કરનાર અથવા એ રસનું પાન કરનારને તેઓ ભક્તિભાવનું દાન કરે છે.

યમુનાષ્ટકમ્‌ના પહેલા આઠ શ્લોકોમાં શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યો, શ્રીયમુનાજીનો ઉદ્‌ભવ, સ્વરૂપ  અને માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. અને નવમા શ્લોકમાં શ્રીયમુનાષ્ટકનો નિત્ય પાઠ કરનારને કેવાં અને કેટલાં અલૌકિક ફળ મળે છે તે કહેવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી રવિતનયા કહેવાય છે. તે રવિ-મંડળમાં બિરાજતા વિવસ્વાન આદિત્યની પુત્રી છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ વેદત્રયીને આદિત્ય કહેવામાં આવે છે. આદિત્ય એટલે સૂર્ય. એ સૂર્ય એટલે આપણને આકાશમાં દેખાય છે તે સૂર્ય નહીં, પરંતુ એ તો, રવિમંડલનું આધ્યાત્મિક સ્વરૂપ જે વેદત્રયી છે તે સ્વરૂપે સૂર્ય છે. હિંદુ સમાજ સૂર્યને સૂર્યનારાયણ નામથી ઓળખે છે. કારણ કે વેદત્રયીમાં આનંદમય પરમાત્મા નારાયણ બિરાજે છે. તેથી તે સ્વયં પરમાત્માનું જ સ્વરૂપ છે. પદ્મ પુરાણમાં આ વળી બહુ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ અણુભાષ્યમાં અને પૂજ્ય ગો. શ્રીશ્યામમનોહરજીએ પણ પોતાના લેખોમાં આ વાત સારી રીતે સમજાવી છે. એ રવિમંડલમાં, શ્રીયમુનાજી રસાત્મક સ્વરૂપે રહેલાં છે.

વિવસ્વાન આદિત્ય શ્રીયમુનાજીના પિતા છે અને સંજ્ઞા તે યમુનાજીના માતા છે. વેદત્રયીમાં ગણાવેલ બધા કર્મો (યજ્ઞો)નું જે જ્ઞાન છે તેને સંજ્ઞા કહેવાય. એ વેદત્રયીના જ્ઞાન અને પ્રમાણને સ્વીકારીને આપણે આપણાં કર્તવ્યનો નિર્ણય કરીએ તેનું નામ સંજ્ઞા, એ સંજ્ઞા તે પોતે આદિત્યની પત્ની અને શ્રીયમુનાજીની માતા છે.

વેદત્રયીમાં જે કર્મો સૂચવેલાં છે, તે કરવા એ મનુષ્યનો ધર્મ છે. અર્થાત વેદમાં સૂચવેલાં કર્મોમાંથી જે ધર્મ ઉત્પન્ન થાય તેનું નામ ધર્મરાજ. અને એ કર્મો કરવાથી જે બ્રહ્મરસ પ્રકટયો તે શ્રીયમુનાજી. આ રીતે જોતાં, શ્રીયમુનાજીના પિતા સૂર્ય (આદિત્ય); માતા સંજ્ઞા અને ભાઈ શ્રીધર્મરાજ છે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને, શ્રુતિમાં, **રસો વૈ સઃ** એટલે કે તે રસ સ્વરૂપ છે. એવું કહીને ઓળખાવ્યા છે. શ્રીકૃષ્ણ રસરૂપ છે. એ રસનું નામ છે ભક્તિરસ (પ્રેમરસ). એ રસ મળી શકે શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય ત્યારે. યાદ રાખો – એ ભક્તિરસનું દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ એટલે યમુનાજી અને એ ભક્તિરસનું ઘનીભુત રસાત્મક સ્વરૂપ એટલે શ્રીગિરિરાજ.

આ રીતે સૂર્ય મંડળમાંથી રસ સ્વરૂપ શ્રીયમુનાજીનું પ્રાકટય થયું છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના પ્રાદુર્ભાવને સમજાવતાં કહે છે –

**દ્રવિભૂત રસાત્મૈષા સર્વાંગીણ શ્રમાંમ્બુભિઃ**<br>
**નારાયણસ્ય હૃદયાચ્છુદ્ધ સત્વ સ્વરૂપતઃ**<br>
**પ્રાદુરાસીન્મૂલરૂપ પુષ્ટિ લીલા પ્રસિદ્ધયે.**

તાત્પર્ય એ કે સૂર્ય મંડલમાં સ્થિત શ્રીયમુનાજી પુષ્ટિલીલાની પ્રસિદ્ધિ માટે ભૂતલ ઉપર પ્રકટયા છે. ભકત પ્રવર શ્રીહરિદાસજી કહે છે, ''વ્યાપિ વૈકુંઠ તેં આઈ વ્રજમેં'' એટલે કે આધિદૈવિક સૂર્ય મંડલ અર્થાત વ્યાપિ વૈકુંઠમાંથી શ્રીયમુનાજી ભૂતલ ઉપર ઊતર્યા–કયાં ઊતર્યા ? તો કહે છે કે હિમાલયમાં સ્થિત કલિંદગિરિ ઉપર પધાર્યા. આજે જે સ્થળને યમ્નોત્રી કહીએ છીએ તે સ્થળ પુરાણકાળમાં કલિંદગિરિ તરીકે ઓળખાતું હશે. કલિંદ એટલે કલિયુગના દોષોનો નાશ કરનાર. એટલા માટે પરમાનંદદાસજી કહે છે, **''કાલિંદી કલિ કલ્મષ હરની''** શ્રીમહાપ્રભુજી પણ એમ જ કહે છે, **''કલિંદગિરિ મસ્તકે પતદ્''**

સારસ્વત કલ્પમાં પ્રભુની ભૂમંડલ ઉપરની લીલા માટે પ્રભુને ભૂમંડલ ઉપર પધારવાનું હતું. તેથી આપશ્રીના પ્રાકટયની પૂર્વ ભૂમિકા રૂપે સમસ્ત ગોલોકને પૃથ્વી ઉપર અવતરીત થવાનું હતું. તે સમયે, તે કારણે, શ્રીયમુનાજી

ગોલોકમાંથી ભૂતલ ઉપર પધાર્યા. આ રીતે પહેલાં પ્રકટયાં મહારાણીજી અને પછી પધાર્યા પુષ્ટિ પ્રભુ શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ પુષ્ટિ પ્રભુ છે. પુષ્ટિ એટલે અનુગ્રહ (કૃપા). શ્રીયમુનાજી શ્રીકૃષ્ણની પુષ્ટિનું (અનુગ્રહનું) સ્વરૂપ છે. તેમના પ્રાકટયનું કારણ બતાવતાં નંદદાસજી કહે છે -

**ભક્ત પર કરિ કૃપા, શ્રીયમુનેજુ, ઐસી**
**છાંડિ નિજ ધામ, વિશ્રામ ભૂતલ કિયો**
**પ્રકટ લીલા દિખાઈ જુ તૈસી.**

યાદ રાખો - શ્રીગિરિરાજમાંથી શ્રીનાથજી પ્રકટ થયા તે પહેલાં વ્યાપિ વૈકુંઠમાંથી શ્રીવલ્લભ ભૂતલ ઉપર પ્રકટયા હતા. શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી બન્ને સ્વામિનીજી છે. તેથી બન્ને સ્વરૂપો (શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી) કૃષ્ણની પુષ્ટિનાં સ્વરૂપો છે. પરિણામે તે સમાન ધર્મી છે. શ્રીવલ્લભ પ્રકટયા દૈવી જીવો ઉપર કૃપા કરીને તેમનો ઉદ્ધાર કરવા માટે. અને બ્રહ્મસંબંધ દ્વારા તેમણે દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો. શ્રીયમુનાજી પણ જીવોનો ઉદ્ધાર કરવા માટે જ પ્રકટ થયાં છે.

શ્રીયમુનાજીનું ભૂતલ ઉપર પ્રાકટય થયું સારસ્વત કલ્પમાં અને શ્રીવલ્લભનું ભૂતલ ઉપર પ્રાકટય થયું કલિકાલમાં. બન્ને સ્વામિની સ્વરૂપ છે. છતાં ભિન્ન સ્વરૂપે અનુભવાય છે. શ્રીવલ્લભ પુષ્ટિમાર્ગીય જીવોના આચાર્ય (નિજાચાર્ય) તરીકે પ્રકટયા છે. શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય જીવોને ભક્તિરસનું દાન કરવા માટે, જળ પ્રવાહ રૂપે પ્રકટયાં છે.

શ્રીયમુનાજીની સ્તુતિ કરતાં અનેક સ્રોતો સંસ્કૃત તેમજ ઈત્તર ભાષાઓમાં રચાયાં છે. તે બધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું યમુનાષ્ટકમ્ અનોખા પ્રકારનું છે. આપશ્રીએ યમુનાજીનો સાક્ષાત્કાર કર્યો અને તેમની સન્મુખ ઊભા રહીને, તેમના સ્વરૂપ, ગુણ, લીલા તથા માહાત્મ્ય આદિનું વર્ણન કર્યું છે. તેમાં તેમણે કૃષ્ણપ્રિયા યમુનાજીમાં કૃષ્ણના ષડગુણો અને અષ્ટ ઐશ્વર્યો હોવાનું કહ્યું છે.

યમુનાષ્ટકમાં આચાર્ય શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનાં ત્રણે સ્વરૂપો યથા આધિભૌતિક (જલપ્રવાહ સ્વરૂપ), આધ્યાત્મિક (માહાત્મ્ય સ્વરૂપ) અને આધિદૈવિક (હાથમાં કમલ પુષ્પની માળા લઈ પ્રિયતમને મળવા થનગનતું દૈવી સ્વરૂપ)નું વર્ણન કર્યું છે.

શ્રીયમુનાજીના આધિભૌતિક સ્વરૂપના દર્શન તો આપણે નિજ ચક્ષુઓ દ્વારા કરીએ છીએ. અને તેમાં સ્નાન, પાન કરી પવિત્ર બનાવનો અનુભવ કરીએ છીએ. પરંતુ યમુના પાન કે સ્નાનથી પવિત્ર બનવાનો અનુભવ જીવને ત્યારે જ થાય જ્યારે તેના હૃદયમાં શ્રીયમુનાજીના એ સ્વરૂપનાં પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિનો ભાવ હોય ત્યારે. કેવળ યમુના જળમાં દેહ બોળવાથી પવિત્ર ન થવાય. યમુના જળ કેવળ જળ નથી. તે ભક્તિરસનો પ્રવાહ છે, એવું સમજીને, પૂર્ણ શ્રદ્ધાથી તેમાં સ્નાન કરનારને અથવા તેનું પાન કરનારને તેઓ પવિત્ર બનાવી લે છે. અને તેનો સંબંધ નિજ સ્વામી સાથે કરાવી આપે છે. સુરદાસજી આ વાત બહુ ભારપૂર્વક કહે છે –

**પ્રેમકે સિંધુકો મરમ જાણ્યો નહીં**
**સૂર કહે કહા ભયો દેહ બોરે.**

શ્રીયમુનાજીના આધ્યાત્મિક સ્વરૂપનાં દર્શન જીવને ત્યારે થાય જ્યારે તે શ્રીયમુનાજીનું અતિ અદ્‌ભુત ચરિત્ર જાણે અને તેમાં અલૌકિક માહાત્મ્યને સમજે ત્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું માહાત્મ્ય સવિશેષ છે.

શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન જીવને ત્યારે થાય જ્યારે તે મહારાણીજીનાં આઠે ઐશ્વર્યોનો અનુભવ કરી શકે; શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટકના આઠ શ્લોકોમાં શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યોનું ક્રમશઃ વર્ણન કર્યું છે. તે આ પ્રમાણે –

**૧.** શ્રીયમુનાજી નિજ ભકતોને અલૌકિક અષ્ટ સિદ્ધિઓનું દાન કરે છે. જેવી કે સાક્ષાત ભગવદ્ સેવોપયોગી દેહની પ્રાપ્તિ કરાવી આપવી. અથવા, ભગવાનની વિવિધ પુષ્ટિલીલાઓનું દર્શન કરી શકવાનું સામર્થ્ય આપવું. આદિ.

**૨.** શ્રી યમુનાજી પુષ્ટિ જીવોના ભગવદ્ ભાવને પુષ્ટ કરે છે અને તેમને

કૃષ્ણસ્નેહ રૂપી ભગવદ્ ભાવથી સંપન્ન કરે છે.

**૩.** પોતાના આરાધ્ય (સેવ્ય) ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સાથે સંબંધ જોડવામાં પુષ્ટિભક્તોની સામે જે જે પ્રતિબંધો અથવા વિઘ્નો આવે તે બધાને શ્રીયમુનાજી દૂર કરે છે. તેઓ નિજ ભકતોનાં એવાં વિઘ્નો દૂર કરીને તેમના ચિત્તને ભગવદ્ અનુભવ કરવા યોગ્ય નિર્મળ બનાવે છે.

**૪.** ઐશ્વર્ય એટલે ઈશ્વરપણું. ઈશ્વરે (પરમેશ્વરે) પુષ્ટિલીલામાં જે રૂપ અને ગુણધર્મો પ્રકટ કર્યા છે તે બધા શ્રીયમુનાજીમાં પ્રકટપણે દેખાય છે. યથા- તેઓ કૃષ્ણ સમાન શ્યામવર્ણ વાળાં છે; તેઓ કૃષ્ણની માફક જીવોનો ઉદ્ધાર કરવામાં સક્ષમ છે. પરિણામે જે જીવનો સંબંધ યમુનાજી સાથે સ્થાપિત થાય છે. તે જીવનો સંબંધ શ્રીયમુનાજીના સ્વામી શ્યામ (કૃષ્ણ) સાથે આપોઆપ થઈ જાય છે.

**૫.** કલિકાળના પ્રભાવથી ભગવદ્ ભકતોમાં જે દોષો (દેશકાલના દોષો) આવે તે બધાં દોષો યમુના સ્મરણ-પાનથી દૂર થાય છે. અર્થાત જીવના એવા દોષોની નિવૃત્તિ કરવાનો ઈશ્વરીય ગુણ યમુનાજીમાં છે.

**૬.** યમુનાજીનો આશ્રય કરનાર જીવને તે પોતાના સ્વામીનો પ્રેમપાત્ર બનાવી દે છે; એવા જીવોને તેઓ ભગવાનની નિકટ લાવી દે છે. તે એટલે સુધી કે કાળના પ્રવાહમાં વહેતા જીવોને કેવળ યમુના જળનું પાન (પયઃપાન) કરવાથી તેઓ યમપાશથી છોડાવે છે. ભગવાને નિજ ઐશ્વર્યથી અજામિલ જેવા મહાપાપીને, કેવળ નારાયણ નામ લેવાથી, યમપાશથી છોડાવ્યો હતો. શ્રીયમુનાજી પણ જે જીવો યમુના જળનું પાન કરે તેવા જીવોને યમપાશથી છોડાવે છે. એ તેમનું ઐશ્વર્ય.

**૭.** સહસ્ત્ર પરિવત્સરથી પોતાના પ્રભુ (અંશી) થી અલગ પડી ગયેલા જીવોને યમુનાજી એક એવી વિલક્ષણ શક્તિ પ્રદાન કરે છે જેના વડે તેવા જીવોને ભગવાનની રસાત્મિકા અનુભૂતિ પ્રાપ્ત થવા ઉપરાંત તેઓને નિત્યલીલામાં નૂતન દેહ - ભગવદ્ સેવા કરવા યોગ્ય દેહ - ની પ્રાપ્તિ થાય છે.

**૮.** શ્રીયમુનાજીના તટ ઉપર અને શ્રીયમુનાજીના જલમાં પણ રસેશ્વર

ભગવાને અનેક રસમયી લીલાઓ-જેવી કે રાસલીલા, વસ્ત્રહરણ લીલા, જલક્રીડા આદિ ક્રીડાઓ કરી છે. તેમ કરતાં ભગવાન અને ગોપીજનોને થયેલ શ્રમથી તેમના શરીર ઉપર ઉદ્ભવેલ જલકણો (પ્રસ્વેદ આદિ) યમુનાજીમાં સ્નાન કરે ત્યારે તે જીવનાં અંગો સાથે તે શ્રમજલ કણોનો સંબંધ થાય છે. તેમ થતા જીવને એવી અનુભૂતિ થાય છે જાણે તે પોતે ભગવાન શ્રીકૃષ્ણ સાથે અંગસંગનું સુખ ન માણતા હોય !

આવા વિવિધ ઐશ્વર્યોને ધારણ કરનાર, પ્રભુનાં પ્રિયા, શ્રીયમુના મહારાણીજીની સ્તુતિ, આપણા આચાર્યશ્રી મહાપ્રભુજી પ્રસન્ન ચિત્તે કરે છે. યમુનાષ્ટકમ્ એ એક અષ્ટક છે. તેના આઠ શ્લોકમાં શ્રીયમુનાજીનાં ઐશ્વર્યો ગણાવીને, છેલ્લા (નવમા) શ્લોકમાં યમુનાષ્ટકનો પાઠ કરવાથી કેવાં સહજ ફળ (વિના માગે મળે તેવાં) મળે તે કહેવામાં આવ્યું છે. યમુનાષ્ટકનો પાઠ કરવાથી સહજ રીતે મળતાં ફળ તો ઘણાં છે. પરંતુ તે બધામાંથી બે ફળ ખાસ ધ્યાન ખેંચે તેવાં છે.

યમુનાષ્ટકનો પાઠ કરવાથી, પરંતુ મુદા (આનંદપૂર્વક, ભાવ સમજીને) પાઠ કરવાથી અને નહીં કે ગમે તેમ ગબડાવી જવાથી. અર્થાત્ પ્રસન્ન ચિત્તે પાઠ કરવાથી - જીવનાં બધાં દુરિતો (પાપો)નો ક્ષય થાય છે અને જીવના સ્વભાવનો (જીવ સ્વભાવથી દુષ્ટ છે; સ્વરૂપથી નહીં) વિજય થાય છે. અહીં મુદા શબ્દ મહત્વનો છેઃ એટલા માટે યમુનાષ્ટકના પહેલા અને છેલ્લા શ્લોકમાં તે શબ્દ વાપરવામાં આવ્યો છે. તો ચાલો આપણે આપણા દુષ્ટ સ્વભાવ (સંસારાશકિત એટલે સ્વભાવની દુષ્ટતા) ઉપર વિજય મેળવીએ. ભગવદાશકિતનો ઉદય થાય એટલે સ્વભાવનો વિજય થયો ગણાય. તે માટે આપણે પ્રસન્ન ચિત્તે ભાવ સહિત યમુનાષ્ટકનો પાઠ કરીએ. બોલો -

**નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ-હેતું મુદા**
**મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણુત્કટામ્ ।।**
**તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના**
**સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ।।૧ ।।**

**ભાવાર્થ :** (૧) અલૌકિક સર્વ સિદ્ધિઓને આપનારાં; (૨) મુર

નામના દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના ચરણકમળની રેણુ (રજ) કે જે સેવોપયોગી દેહાદિને મેળવી આપવા માટે સક્ષમ છે તે રેણુ જેનામાં પ્રચુર માત્રામાં ભળી ગયેલ છે એવાં, (૩) પોતાના તટની નિકટ આવેલ નૂતન વનરાજિનાં પ્રફુલ્લિત પુષ્પોની સુગંધથી સભર એવાં પવિત્ર જળ વડે સુર અને અસુરો દ્વારા સારી રીતે સેવા કરાયેલાં, (૪) સ્મર (કામદેવ-પ્રદ્યુમ્ન) ના પિતા શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનારાં શ્રીયમુનાજીને, (૫) હું હર્ષ પૂર્વક (મુદા) નમન કરું છું.

**વિવેચન :** હું નમન કરું છું. હું એટલે કોણ ? હું એટલે શ્રીમહાપ્રભુજી અને હું એટલે શ્રીમહાપ્રભુજીના સેવકો એવા આપણે બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો, પુષ્ટિસ્વરૂપા યમુનાજીને નમન કરીએ છીએ. કેવી રીતે નમન કરીએ છીએ ? મુદા એટલે કે હર્ષપૂર્વક, પ્રફુલ્લિત ચિત્તે નમન કરીએ છીએ. પરંતુ નમન શા માટે? શ્રીયમુનાજીનાં ગુણગાન શા માટે કરતા નથી? શ્રીયમુનાજીનાં યથોચિત ગુણગાન કરવાને બદલે તેમને કેવળ નમન કરવાનાં ઘણાં કારણોમાંથી ચાર કારણો હું તમને કહીશ.

(૧) શ્રીયમુનાજી સકલ સિદ્ધિનાં દાતા છે. જો તમારે શ્રીયમુનાજી પાસેથી કોઈ અલૌકિક સિદ્ધિનું દાન જોઈતું હોય તો નત મસ્તકે, બે હાથ જોડીને યમુનાજી પાસે જઈને સિદ્ધિનું દાન માગો. એ માટે નમન કરવું આવશ્યક છે.

(૨) શ્રીયમુનાજી પરમ ઐશ્વર્યશાળી છે. તેઓ શ્રીકૃષ્ણનાં સમાન ધર્મી છે. જીવ ઈશ્વરના ગુણોનું યથોચિત ગાન કયારેય કરી શકતો નથી. કહ્યું છે ને કે ઈશ્વરમાં યથોચિત ગુણગાન તો સ્વયં શારદા (સરસ્વતી) કે સહસ્ત્ર જીભવાળા શેષ પણ કરી શકતા નથી તો પછી એક સાધારણ જીવ તો તે કેમ જ કરી શકે ? એ હકીકતને ધ્યાનમાં લઈને, આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે -

**જીવૈસ્તુ ભગવતી નમનમેવ કાર્યં નાન્યઃ ।**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવોની શક્તિની મર્યાદા છેઃ પ્રભુના ગુણો (યમુનાજીના પણ-અનંત ગુણ ભૂષિતે) અનંત છે. જીવ એ બધા ગુણોનું અંશ માત્ર ગાન પણ ન કરી શકે. તો પછી તેણે શું કરવું ? તો કહ્યું છે કે

બે હાથ જોડી, મસ્તક નમાવી, શ્રીચરણોમાં નમન કરવું. ન અન્ય. એટલે કે બીજુ કશું ન કરવું. નવવિધા ભક્તિમાં પણ વંદનભક્તિને સ્થાન આપવામાં આવ્યું છે, તે એટલા માટે જ.

(૩) શાસ્ત્રો કહે છે, ''પ્રભુ નિર્ગુણ છે; ગુણાતીત છે. એવા નિર્ગુણ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને નમન જ કરી શકાય; બીજું કશું નહીં. શ્રી ગોકુલનાથજી આજ્ઞા કરે છે, ''પ્રભુ દિવ્ય છે; ઈન્દ્રિયોથી અગમ્ય - અપ્રાપ્ય છે.'' જો પ્રભુ ઈન્દ્રિયોથી અપ્રાપ્ય હોય અને જાણી શકાય તેવા ન હોય તો પ્રભુના એ સ્વરૂપમાં કોઈપણ જીવની ગતિ ન થઈ શકે, તો પછી તેને માત્ર નમન જ કરવું યોગ્ય છે.

શ્રીમદાચાર્યચરણે શ્રીસુબોધિનિજીમાં, **''નમો નમસ્તે વૃષભાય સાત્વતામ્''** - આ શ્લોકનું વ્યાખ્યાન કરતાં કહ્યું છે કે 'જીવને ભગવાનની પ્રાપ્તિમાં અનધિકાર હોવાના કારણે તેણે ભગવાનને કેવળ નમન જ કરવાનું છે.' જીવ પોતાની સાધન-સંપત્તિ વડે પ્રભુને પ્રાપ્ત ન કરી શકે. પ્રભુ જે જીવનું વરણ કરે તેને તે પ્રાપ્ત થાય છે. તો પછી જીવ પ્રભુને નમન કરે એ ઉચિત છે.

(૪) જીવ અલ્પજ્ઞ છે; તે સ્વભાવથી દુષ્ટ છે. અર્થાત તે દોષોથી ભરેલો છે. એટલા માટે દૈન્ય ભાવથી ભગવાનને નમન કર્યા સિવાય તેનામાં બીજું કશું કરવાની શકિત નથી. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી સમાનધર્મી હોવાથી, જે રીતે જીવો પ્રભુને નમન કરીને પછી જ બીજાં બધાં કાર્યો કરે છે તે પ્રમાણે તેમણે યમુનાજીને પણ નમન કરીને પછી જેવી આવડે તેવી કાલીઘેલી ભાષામાં યમુનાજીની સ્તુતિ કરવાની છે.

નમન કર્યા પછી આપણે સ્તુતિ કરવાની છે એવું કહેવામાં આવ્યું. તો ભલે; આપણે આપણા ગુરુદેવની આજ્ઞાનું પાલન અવશ્ય કરીશું. પરંતુ આપણે એ નમન અને એ સ્તુતિ કેવી રીતે કરવાનાં છે ? તો કે મુદા - પ્રસન્ન ચિત્તે કરવાનાં છે. ઉતાવળે, ચંચળ મનથી કરવાના નથી. પ્રસન્ન મુખ મુદ્રા અને સ્વસ્થ ચિત્તે, શાંતિથી શ્રીમહારાણીજીને નમન કર્યા પછી તેમની સ્તુતિ અર્થાત યમુનાષ્ટકનો પાઠ કરવાનો છે, એ યાદ રાખવું.

યમુનાષ્ટકમાં આપણે કો'ની સ્તુતિ કરવાની છે ? શ્રીયમુનાજીની. પરંતુ એ યમુનાજી કેવા છે ? પ્રથમ શ્લોકમાં શ્રીમદાચાર્યચરણે શ્રીયમુનાજી મહારાણીજીની ચાર વિશેષતાઓ બતાવી છે. એ ચાર વિશેષતાઓ ધારણ કરનાર શ્રીયમુનાજીની સ્તુતિ આપણે કરવાની છે. કંઇ છે એ ચાર વિશેષતાઓ?

યમુનાજી (૧) સકલ સિદ્ધિઓને આપનારાં છે. (૨) પોતાના જળમાં શ્રીકૃષ્ણની ચરણરજ પ્રચુર માત્રામાં હોવાથી, યમુના જળમાં સ્નાન કરનાર જીવોના દેહને સેવોપયોગી બનાવી આપવાની ક્ષમતા ધરાવતાં છે, (૩) કિનારા ઉપરનાં વૃક્ષો ઉપર લાગેલાં પુષ્પોની સુગંધ વડે સુગંધિત બનેલ જળવડે સુર-અસુરોથી સેવાયેલાં છે. અને (૪) સ્મર પિતુ કહેતાં કૃષ્ણની શોભા ધારણ કરનારાં છે. આપણે એ ચારે વિશેષતાઓને યથાર્થ રીતે સમજવી પડશે.

**(૧) સકલ સિદ્ધિઓને આપનારાં :** શ્રીયમુનાજી સર્વ સિદ્ધિઓને આપનારાં છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં, જેનામાં ભગવદાવેશ છે એવા સનકાદિકોમાં, અણિમા, ગરીમા આદી આઠ સિદ્ધિઓ હોવાનું કહ્યું છે. પરંતુ એ બધી સિદ્ધિઓ લૌકિક છે; અલૌકિક નથી. જ્યારે શ્રીયમુનાજી પોતે અલૌકિક છે અને ઐશ્વર્યશાલી છે. તેથી તેઓ જે સિદ્ધિ આપે તે બધી અલૌકિક જ હોય. આમ શ્રીયમુનાજી જીવને આઠ અલૌકિક સિદ્ધિઓ આપે છે. એ આઠ સિદ્ધિઓ આ પ્રમાણે છે :-

**(ક) પ્રભુની લીલાઓનું અવલોકન કરવું :** એ એક સિદ્ધિ કહેવાય. યોગશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે યોગની ક્રિયાઓ કરનાર યોગીઓને ઈન્દ્રિયો દ્વારા ન સમજાય કે ન દેખાય તેવો પદાર્થ (પરમ તત્ત્વ) દેખાય છે. અર્થાત તેને પરમ તત્ત્વને જોવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેવું જ અહીં સમજવું. શ્રીયમુનાજીના સેવનથી નિર્ગુણ પૂર્ણ પુરુષોત્તમની લીલાઓને, કે જે ઈન્દ્રિયો દ્વારા અગમ્ય, અગોચર છે તે લીલાઓને નિરખવાની શકિત એટલ કે સિદ્ધિ મળે છે. તાત્પર્ય એ કે શ્રીયમુનાજી નિજ ભક્તોને ભગવાનની લીલાઓ. જોવા માટે દિવ્ય ચક્ષુ આપે છે.

**(ખ) ભગવદ્ રસનો અનુભવ કરવાની સિદ્ધિ :** પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે. ભાવ જોવાની વસ્તુ નથી; અનુભવવાની વસ્તુ છે. શ્રીયમુનાજીના ભકતો તે ભાવાત્મક સ્વરૂપને પામીને તે દ્વારા મળતાં રસનો અનુભવ કરી શકે છે.

**(ગ) સર્વાત્મ્ ભાવની સિદ્ધિ :** એટલે કે સર્વમાં ભગવદ્ ભાવ થવો તે. યમુનાજીના ભકતો સર્વમાં-પ્રાણી માત્રમાં, જડ-ચેતનમાં - એક જ પરમાત્મા છે એવું સમજી શકે છે. ''નામ રૂપ વિભેદેન જગત ક્રિડતી યો યતઃ'' અર્થાત્ જુદાં જુદાં નામે જુદાં જુદાં રૂપોમાં તેને ભગવાન જ દેખાય છે.

**(ઘ) યમુનાજીના સેવનથી એટલે કે સ્નાન પાનથી દેહ શુદ્ધ બને છે** અને તેના સકલ દોષો દૂર થઈ જાય છે. પછી જીવનો એવો એ શુદ્ધ દેહ ભગવાનની સેવા કરવાનો અધિકારી બને છે. અર્થાત્ તે જીવને સવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે.

**(ચ) અંતરમાં આવિર્ભાવ પામેલા ભગવાનની લીલાઓનો અનુભવ કરવાની સિદ્ધિ :** યમુનાજીનો ભકત ભગવલ્લીલાઓનું અવલોકન જ તો કરી શકે છે. પરંતુ તેથી આગળ વધીને જ્યારે ઈચ્છે ત્યારે ભગવલ્લીલાઓનો અનુભવ કરી શકે એવી 'તલ્લીલાવલોકન'ની સિદ્ધિ તેને પ્રાપ્ત થાય છે.

**(છ) વિરહાવસ્થામાં પણ સર્વત્ર ભગવાનને જોવાની શકિત :** ઉદ્ધવજી વ્રજમાં ગયા. ગોપીજનોને મળ્યા. કૃષ્ણનો સંદેશ આપવા લાગ્યા. ગોપીજનોએ કહ્યું: ''અમારો કૃષ્ણ અમને છોડીને ગયો છે જ કયાં ? અને કૃષ્ણની ગોચારણ આદિ બધી લીલાઓ તેઓ પ્રત્યક્ષ થતી હોય તેમ કરી બતાવે છે. વસ્તુતઃ તેમને વિરહમાં પણ સંયોગનો અનુભવ થાય છે. એ તેમણે પ્રાપ્ત કરેલી અનોખી સિદ્ધિ છે.

**(જ) ભાવાત્મક ભગવાનના સ્વરૂપમાં તન્મય** બનીને ભગવદ્રસના અનુભવને મેળવવાની સિદ્ધિ અને

(ઝ) બહાર પ્રભુનું પ્રાકટ્ય થાય એવી અપેક્ષા રાખ્યા વગર અંતરમાં અને અંતરમાં જ પ્રભુની ભાવના થાય તેવી સિદ્ધિ.

શ્રીયમુનાજી નિજ ભક્તોને આવી આઠ અલૌકિક સિદ્ધિઓનું દાન કરે છે.

(૨) નિજ જળમાં શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજ પ્રચુર માત્રામાં હોવાથી યમુનાજીમાં સ્નાન કરનાર જીવોના દેહને સેવોપયોગી બનાવી આપવાની ક્ષમતા ધરાવતાં યમુનાજી–

શ્રીકૃષ્ણ ચરણારવિંદની રજ થકી શોભી રહેલાં શ્રીયમુનાજીમાં શ્રીકૃષ્ણના ચરણરજના પ્રતાપે અલૌકિક ઐશ્વર્ય આવી ગયું છે. કૃષ્ણ ચરણરજ પતિત પાવન છે જ. જીવો યમુના જળમાં સ્નાન કરે ત્યારે તેમનો દેહનો સંબંધ તે ચરણરજ સાથે થતાં તેમનો દેહ નિષ્પાપ બને છે. દેહ અત્યંત પવિત્ર બનતાં, તે કૃષ્ણસેવા માટે ઉપયોગી બની જાય છે.

જ્યાં સુધી દેહમાં દોષ રહે, જ્યાં સુધી દેહ વિષયાક્રાન્તા રહે ત્યાં સુધી તેમાં પ્રભુનો આવેશ ન થાય. દેહમાંથી વિષયાસકિતને દૂર કરનાર શ્રીયમુનાજી છે. વિષયાસક્તિ દૂર થતાં દેહ પ્રભુના આવેશ માટે યોગ્ય બને છે.

અત્રે ''શ્રીકૃષ્ણ ચરણારવિંદની રજ'' એવું ન કહેતાં 'મુરારિ પદ પંકજની રજ' એવા શબ્દો સહેતુક વાપર્યા છે. મુરારિ એટલે મુર નામના દૈત્યનો અરિ એટલે કે કૃષ્ણ. પરંતુ અહીં મુરારિ શબ્દ દ્વારા એક વિશેષ ભાવ વ્યકત કરવામાં આવ્યો છે. અને તે એ કે ''મુર નામે જલદોષને દૂર કરનાર કૃષ્ણ.''

નરકાસુરે ૧૬,૦૦૦ રાજકન્યાઓને કેદમાં રાખી હતી. તેઓ કૃષ્ણ મિલનની કામના કરતી હતી. પરંતુ કૃષ્ણ સાથેના તેમના મિલનમાં અંતરાય રૂપ હતો નરકાસુરનો પાંચ મસ્તકવાળો મુર નામનો સેનાપતિ. નરકાસુરના નગર ફરતી ઊંડા જળની ખાઈમાં તે દાનવ રહેતો હતો. તેથી ખાઈનું અથાગ જળ દુષિત બની ગયું હતું. અને તે રાજકન્યાઓ અને કૃષ્ણ વચ્ચેના મિલનમાં અંતરાય રૂપ બની ગયું હતું. ભગવાન કૃષ્ણે ખાઈના જળમાં દોષરૂપ બની બેઠેલા મુર દાનવનો વધ કર્યો. પરિણામે જળદોષનું નિવારણ થયું. જળ પવિત્ર બન્યું અને ૧૬,૦૦૦ રાજકન્યાઓનું કૃષ્ણ સાથેનું મિલન શકય બન્યું. આમ

જળદોષનું નિવારણ થતાં ભકત અને ભગવાન વચ્ચેનું મિલન શકય બની જાય છે. એવો ભાવ છે.

આ ભાવને વ્યકત કરવા માટે અહીં મુરારિ શબ્દ વપરાયો છે. યમુનાજીના એક કિનારે મથુરા અને સામે કિનારે ગોકુળ છે. મથુરામાં પ્રકટ થયેલ કૃષ્ણ અને ગોકુળમાં વસતાં ગોપીજનો વચ્ચેના મિલનમાં યમુનાનું જળ અંતરાય રૂપ બની શકે. પરંતુ યમુના જળમાં કોઈ દોષ નથી. તે સર્વથા નિર્દોષ છે. તેથી મસ્તક ઉપર બાલકૃષ્ણને પધરાવીને શ્રીગોકુલ જતા વસુદેવજીને યમુના જળે માર્ગ કરી આપ્યો. એ રીતે કૃષ્ણ અને વ્રજવાસીઓના મિલનનો માર્ગ પ્રશસ્ત બન્યો. આમ આ શ્લોકમાં મુરારિ શબ્દ દ્વારા જલદોષ નિવારણનો ભાવ વ્યકત થયો છે.

(૩) યમુનાજીના કિનારા ઉપર ઊગેલાં સુગંધીદાર ફુલોની સુગંધથી સુગંધિત બનેલાં જળરૂપ યમુનાજી, ભગવાન કૃષ્ણની માફક, સુર અને અસુરોથી સેવાયેલાં છે –

શ્રીયમુનાજીના તટ ઉપર નવાં નવાં કાનન (વન) છે. તેમાં અનેક સુગંધીદાર પુષ્પોવાળા વૃક્ષો છે. તે વૃક્ષો ઉપર ઊગેલા પુષ્પોની સુગંધ યમુનાજળ ઉપર પ્રસરી જતાં. યમુનાજીનું જળ જે પવિત્ર તો હતું જ તે સુગંધીદાર પણ બને છે. અર્થાત શ્રીયુમનાજીનું આધિભૌતિક જળ રૂપ પવિત્ર અને સુગંધીદાર છે. એવું કહેવાનો આશય છે.

એવાં એ યમુનાજીની સેવા સુર–અસુરોએ કરી છે. સુર અને અસુર શબ્દોથી સ્વાભાવિક રીતે જ દેવ અને દાનવનો બોધ થાય છે. પરંતુ અહીં એવો અર્થ લેવાનો નથી, સુર કહેતા ઈન્દ્રાદિક દેવો અને અસુર કહેતા પ્રહલાદજી જેવા અસુરો દ્વારા તેઓ સેવાયેલા છે એવો અર્થ અહીં લેવાનો નથી. અલબત્ત ભગવાન કૃષ્ણ અને ભગવતી શ્રીયમુના મહારાણીજીની સેવા (આરાધના) દેવો અને દાનવો પણ કરે જ છે. પરંતુ અહીં સુર–અસુરનો બીજો વિશેષ અર્થ લેવાનો છે.

ભગવાન કૃષ્ણની સ્વામિનીજીઓ બે પ્રકારનાં છે. તેમાં કેટલાંક

સર્વાત્મભાવનાવાળા સાત્ત્વિક હોવાથી સુર કહેવાય છે. અને બીજાં કેટલાંક કામ-ભાવવાળાં તામસ હોવાથી અસુર કહેવાય છે. આ રીતે સુર અને અસુર બન્ને પ્રકારનાં વ્રજસિમન્તિનીઓએ યમુનાજીની આરાધના (પુજા) કરી છે. અને પછી પુષ્પોના આભરણથી પ્રભુ શ્રીકૃષ્ણને શૃંગાર પણ કર્યા છે. એ બન્ને પ્રકારનાં ગોપીજનોનાં, પ્રભુ પૂજન કરવામાં, ભિન્ન ભિન્ન ભાવ રહેલો છે. સુરમાં દૈન્યભાવ અને અસુરમાં માનવભાવ હતો. દૈન્યભાવવાળાં સ્વામિનીજીઓએ પ્રભુના પ્રાકટ્ય માટે અને માનભાવવાળા સ્વામિનીજીઓ અને અનુનય માટે એટલે કે રીસામણાં-મનામણાં કરવાના ભાવ વડે પ્રભુનું પૂજન કર્યું છે.

અહીં પૂજન એટલે ભગવદ્ પરાયણ બનીને ભગવાનને અનુસરવું એવો અર્થ છે.

આ શ્લોકમાં ''સુરાસુર સુપૂજિત સ્મરપિતુઃ'' શબ્દો છે. એટલે કે આ બન્ને પ્રકારનાં (સુર-અસુર) સ્વામિનીજીઓ દ્વારા સારી રીતે પૂજાયેલા સ્મરના પિતા (કૃષ્ણ) આવો અર્થ થાય છે.

(૪) સ્મરના પિતા (કૃષ્ણ)ની શોભાને ધારણ કરનારાં : સ્મર એટલે કામદેવ. મહાદેવના ત્રીજા નેત્રમાંથી નીકળેલ અગ્નિ જ્વાળામાં કામદેવ બળી ભસ્મ થતાં તે અશરીરી (અનંગ) બન્યો. રતિની પ્રાર્થનાથી, કામદેવ, ભગવાન કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન રૂપે પ્રકટ થતાં, તે પુનઃ શરીરી બન્યો. તેથી પ્રદ્યુમ્ન (સ્મર)ના પિતા એટલે કૃષ્ણ એવો અર્થ થાય.

પરંતુ અહીં સ્મર પિતુઃ નો બીજો અર્થ પણ લેવાનો છે. અર્થાત સ્મરણં. સ્મર એટલે કે સ્મરણ એ જ સ્મર છે. અને એ સ્મરણના જનક (પિતા) એટલે સ્મર પિતુઃ એવો અર્થ લેવાનો છે, જે સ્મરણ કરાવે તે સ્મરણનો જનક (પિતા) કહેવાય. ભગવાન શાનું સ્મરણ કરાવે છે ? ભગવાને એક સ્થળે કહ્યું છે કે ''પહેલાં જે નિષ્કામ હોય તેને પણ મારું સ્મરણ થતાં તે સકામ બને છે.'' બીજી રીતે જોતાં, મોર મુકુટ કટી કાછિની ધારણ કરનાર ભગવાન કૃષ્ણની શોભાને જોતાં જ, જોનાર ભગવદીયને યમુનાજીના એવા જ શ્યામમનોહર સ્વરૂપનું સ્મરણ થાય છે, એવો ભાવ સમજવો.

આથી, **સ્મર પિતુઃ શ્રિયં બિભ્રતીમ** એટલે (૧) પ્રદ્યુમ્નના પિતા કૃષ્ણ અને (૨) સ્મરણના જનક કૃષ્ણ - એવા કૃષ્ણની શોભાને ધારણ કરનાર શ્રીયમુના મહારાણીજી છે.

શ્રીયમુનાજી કૃષ્ણની શોભા ધારણ કરે છે એવું કહ્યું. એ અર્થમાં યમુનાજીની શોભાનું વર્ણન કરતાં શ્રીહરિદાસજી આ પ્રમાણે કહે છે -

**કૃષ્ણાં, કૃષ્ણસમાં, કૃષ્ણરૂપાં, કૃષ્ણરસાત્મિકામ્ ।**
**કૃષ્ણલીલામૃત જલાં, કૃષ્ણસંબંધ કારિણીમ્ ।।**
**કૃષ્ણ પ્રિયાં, કૃષ્ણમુખ્ય રસ સંગમ દાયિનીમ્ ।**
**કૃષ્ણ ક્રીડાશ્રયાં, કૃષ્ણપદવીપ્રાપિકામપિ ।।**

યમુનાજી કેવાં છે ? તેમનો કૃષ્ણના જેવો શ્યામ વર્ણ છે; કૃષ્ણના જેવો દેખાવ અને ઐશ્વર્ય છે; કૃષ્ણનાં જેવું સ્વરૂપ છે; કૃષ્ણરસથી ભરેલાં છે; કૃષ્ણલીલાનાં સાક્ષીભૂત છે; કૃષ્ણના પ્રિયા છે; કૃષ્ણની સમસ્ત ક્રીડાઓના આશ્રયરૂપ છે. આથી વિશેષ શું જોઈએ છે ? શ્રીયમુનાજીને જોઈને સ્વયં કૃષ્ણ વિચારતા હશે કે ‘‘હું કૃષ્ણ છું કે યમુનાજી કૃષ્ણ છે ?’’

આવું સમજીને શ્રીવલ્લભે યમુનાજી માટે કહ્યું કે તેઓ સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ છે. પરંતુ, યમુનાજી તો કૃષ્ણનાં પ્રિયા છે; સ્ત્રી સ્વરૂપ છે; તેમ છતાં આપણે તેમનું જે ચિત્ર સ્વરૂપ જોઈએ છીએ તેમાં તો મોટે ભાગે તેઓ, સાડી, ચણીયો, ચોળી ધારણ કરવાને બદલે મોરમુકૂટ કટી કાછિની ધારણ કરેલાં દેખાય છે. કૃષ્ણ પરબ્રહ્મ છે. પરંતુ યમુનાજીનું એ સ્વરૂપ જોઈને તેઓ બ્રહ્મ હોવા છતાં ભ્રમમાં પડી જાય છે.

યમુનાજીએ શ્રીવલ્લભને સાડી, ચણીયો, ચોળી આદિ વસ્ત્રો અને સ્ત્રીયોચિત આભૂષણોથી વિભૂષિત સ્વરૂપે દર્શન આપ્યાં હતાં; પરંતુ આજે તેઓ મોરમુકુટ કટી કાછિની આદિ વસ્ત્રાલંકારોથી વિભૂષિત સ્વરૂપે દેખાય છે. અને એ રીતે તેઓ કૃષ્ણની શોભાને ધારણ કરે છે. એવું શા માટે ?

તે જાણવા માટે આપણે કૃષ્ણની અપ્રકટ લીલાઓમાંથી એક અપ્રકટ લીલા જાણવી પડશે. જો તે અપ્રકટ છે તો તેને પ્રકટ કોણે કરી ? એ લીલાને

પ્રકટ કરનાર છે શ્રીકૃષ્ણના દ્વિતીય સ્વામિનીજી (ચંદ્રાવલીજી) સ્વરૂપ શ્રી ગુસાંઈજી. આપશ્રીએ સાનુભવથી જાણેલ આ અપ્રકટ લીલા તેમણે નિજ સેવકોને બતાવી છે. સંક્ષેપમાં હું તમને તે કહીશ :

માનલીલામાં હંમેશાં શ્રીરાધાસ્વામિનીજી માન કરે અને કૃષ્ણ તેમનું માન છોડાવે. એક દિવસ સ્વામિનીજીએ નૌતમ (અનોખી) લીલા કરી. શ્રીકૃષ્ણ માન કરે અને પોતે તેમનું માન છોડાવશે એવું તેમણે કહ્યું. શૃંગારરસની મર્યાદા અનુસાર સ્ત્રી જ માન કરે; પુરુષ નહીં. આથી જો કૃષ્ણે માન કરવાનું હોય તો તેમણે સ્ત્રી બનવું પડે. - તેથી તેમણે સ્ત્રીનો (સ્વામિનીજીનો)પોષાક ધારણ કર્યો. અને સ્વામિનીજીએ પુરુષનો (કૃષ્ણનો) પોષાક ધારણ કર્યો. પછી નૂતન માનલીલા શરૂ થઈ.

સ્વામિનીજીએ ઘણા હાવભાવ કર્યા; પરંતુ કૃષ્ણ ન મનાયા. થાકીને તેઓ શ્રીયમુનાજી પાસે ગયાં. અને તેમને વિનંતી કરી. ''યમુને, વિરહાગ્નિમાં બળતી મને બચાવવા માટેનો એકજ ઉપાય છે. અને તે એ કે તું કૃષ્ણને માન છોડાવે.'' આથી -

**કમલ લિયે કર કમલમેં, માલા લીની સંગ.**
**ચલિ ગિરિવરધરનકોં મોહિત કોટિ અનંગ.**

યમુનાજી પોતાના અતિ અદ્‌ભુત સ્વરૂપે, કરોડો અનંગને પણ મોહિત કરે તેવા સ્વરૂપે, શ્રીહસ્તમાં કમળમાળા લઈને, કૃષ્ણનું માન મુકાવવા માટે જવા તૈયાર થયાં. ત્યારે શ્રીસ્વામિનીજીએ પોતે ધારણ કરેલ પુરુષનો (કૃષ્ણનો) પોશાક શ્રીયમુનાજીને પરિધાન કરાવ્યો. રંગે તો યમુનાજી શ્યામ હતાં જ (કૃષ્ણવર્ણનાં); હવે શોભામાં પણ કૃષ્ણની શોભા ધારણ કરતાં થયાં. મોર મુકુટ, કટિકાછિની ધારણ કરેલ સ્વરૂપે તેઓ સાક્ષાત કૃષ્ણ સમાં દિશતાં હતાં. એ સ્વરૂપે હવે તેઓ સ્મર પિતુઃ શ્રિયં બિભ્રતીમ્ - કૃષ્ણની શોભાને ધારણ કરતાં થઈ ગયાં. તેઓ માન કરતા કૃષ્ણની પાસે ગયાં. હુબહુ પોતાના જ સ્વરૂપે તેમને જોઈને કૃષ્ણ નિજ સ્વરૂપા યમુનાજીની ઉપર મોહિત થઈ ગયા અને માન ભૂલી, ભાન ભૂલી, નિજ તુર્ય પ્રિયાને ભેટી પડયા.

માનલીલા પુરી થઈ. યમુનાજીએ પોતાનો પોષાક બદલવા તૈયારી કરી. શ્રીસ્વામિ-સ્વામિનીજી બન્નેએ તેમને તેમ કરતાં અટકાવ્યા. તેમણે કહ્યું, ''તમે હંમેશાં આ સ્વરૂપે રહો.'' કદાચ એટલા માટે જ હવે આપણી સમક્ષ યમુનાજીનું જે સ્વરૂપ છે તે કૃષ્ણની શોભા ધારણ કરતું - કટિકાછિનીમય સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ ઘનશ્યામ મનોહર મોહિની સ્વરૂપ છે. કાલિંદીજીનો પણ એવોજ, ઘનશ્યામ મોહિની જેવો વર્ણ છે. રૂપે અને ગુણે બન્ને એક સમાન છે; અને માહાત્મ્ય પણ બન્નેનું એક સરખું છે.

યમુનાષ્ટકના પહેલા શ્લોકમાં શ્રીયમુનાજીના સકલ સિદ્ધિ દાતૃત્વ રૂપી પ્રથમ ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

બીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના ઉદ્‌ગમ અને તેમની ગતિ વિશેનું વર્ણન કરવામાં આવ્યું છે - યથા.

**કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જવલા**
**વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગણ્ડ-શૈલોન્નતા ॥**
**સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા**
**મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥ ૨ ॥**

**ભાવાર્થ :** કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી પડતાં હોવાને કારણે ઉત્પન્ન થતાં ફીણના ગોટાઓને કારણે ઉજ્જ્વલ દેખાતાં (હકીકતમાં કાળાં છેઃ પરંતુ દેખાય છે સફેદ) અને વિલાસપૂર્વક ગમન કરવાને કારણે શોભાયમાન બનેલાં, તેમજ ખુલ્લી રીતે દેખાતા ગંડ શૈલો (પત્થરો) ઉપરથી વહેવાને કારણે ઊંચાનીચા તરંગોવાળાં, અને જાણે ઉત્તમ ઝૂલામાં (પાલખીમાં) સારી રીતે ન બિરાજ્યાં હોય તેવાં તેઓ લાગે છે. તેઓ મુક્તિને આપનાર (મુકુંદ) ભગવાનમાં (જીવની) પ્રીતિને વધારનારાં છે. એવાં એ કમળના બંધુ (સૂર્ય)નાં પુત્રી (યમુનાજી) જય પામે છે.

**વિવેચન :** ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનો ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ એક સરખી રીતે (અલૌકિક રીતે) થયો છે. શ્રીવસુદેવ-દેવકીને આપેલ વરદાન સાર્થક કરવા માટે, કૃષ્ણ પહેલાં તો તેમની સમક્ષ ચતુર્ભુજ રૂપે

પ્રકટ થયા. પછી તેમણે (વસુદેવ-દેવકીએ) પૂર્વજન્મમાં કરેલ તપશ્ચર્યાનો ફલરૂપ બનાવવા માટે અને તેમના વિરહને દૂર કરવા એટલે કે વિયોગથી સંતપ્ત બનેલાં તેમનાં હૃદયોને શાંત કરવા માટે તેઓ વસુદેવ-દેવકીના વિરહ-તાપાત્મક હૃદયમાંથી પ્રકટ થયા. ત્યાંથી તેઓ (કૃષ્ણ) પોતાની લીલાસ્થલી એવા ગોકુલમાં નંદબાવાને ઘેર પધારી નંદપુત્ર બન્યા. અને ગોકુલમાં વ્રજસુંદરી વૃંદ સાથે પોતે પોતાની રસાત્મક લીલાઓ પ્રકટ કરી. એવું જ યમુનાજીના પ્રાકટ્ય માટે સમજવું.

યમુનાજી પહેલાં સૂર્યમંડલમાં વસતા નારાયણના આનંદાત્મક હૃદયમાંથી પ્રકટ થયાં. પછી એ તાપાત્મક રવિમંડલમાંથી દ્રવીભૂત રસરૂપે તે કલિંદગિરિ ઉપર અવતરિત થયાં. અને કલિંદ નંદિની કહેવાયાં. ત્યાંથી ભૂતલ ઉપર પધારીને કૃષ્ણલીલા સ્થલી એવા ગોકુલમાં આવીને તેમણે ત્યાં વિવિધ રસાત્મક લીલાઓ કરી.

આ રીતે જોતાં શ્રીયમુનાજી મૂલ રૂપ તો દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી બન્નેએ પોતાનાં એ રસાત્મક સ્વરૂપો વડે કૃષ્ણલીલા સ્થલી એવા ગોકુલમાં પધારીને રસમયી લીલાઓ કરી છે.

આમ તો શ્રીયમુનાજી પોતાના આધિભૌતિક સ્વરૂપે જલરૂપ છે. પરંતુ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનો ઉલ્લેખ એક વિશિષ્ઠ, સર્વોપરી આધિદૈવિક સ્વરૂપે જ કર્યો છે. કારણ કે યમુનાજીનું સૂર્યમાં કિરણો દ્વારા વરસતા જલરૂપે નથી થયું. કલિંદગિરિ ઉપર તેમનું અવતરણ થયું હોવાને કારણે તે કલિંદજા કહેવાયાં છે; પરંતુ વાસ્તવમાં તેઓ તો સાક્ષાત વેદત્રયી રૂપી આદિત્ય(સૂર્ય)નાં પુત્રી છે.

શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના આવિર્ભાવને શ્રીમહાપ્રભુજીએ આ રીતે વર્ણવ્યો છે - **કલિન્દગિરિ મસ્તકે પતદમન્દપૂરોજ્જ્વલા** અર્થાત્ તેઓ કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી (અમંદ ગતિથી) પડતાં હોવાને કારણે ઉત્પન્ન થતી ફીણ-રાશીને કારણે ઉજ્જ્વલ દેખાય છે. તેઓ પોતાના પિતા આદિત્યને છોડીને એટલે કે પોતાનું પિયર સૂર્યમંડલ છે તે છોડીને - પોતાના

પ્રાણપ્રિય પ્રભુને મળવાની ઉત્કટ અભિલાષાથી કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી ઊતરી આવ્યા છે પર્વતનાં શિખર ઉપર વેગપૂર્વક પછડાવાને કારણે ત્યાં સફેદ ફીણનો જાણે કે સાગર લહેરાઈ ગયો. પરિણામે હકીકતમાં તેઓ સ્વરૂપે શ્યામ હોવા છતાં, ઉજ્જ્વલ રૂપે (સફેદ) દેખાયાં છે. યમુનાજી, સ્વરૂપે તો (રંગરૂપે) શ્યામ છે પરંતુ અવતરણ સમયે તેઓ ઉજ્જ્વલ દેખાયાં છે. શ્યામ રંગ તેમનો નૈસર્ગિક ધર્મ છે; ઉજ્જ્વલતા તેમનો આગંતુક (ક્ષણિક) ધર્મ છે.

પછી તેમણે ત્યાંથી ગોકુલ તરફ ગમન કરવા માંડ્યું. ગોકુલમાં તેમના પ્રિયસ્વામી કૃષ્ણ પધારવાના છે. પ્રિયતમને પામવા માટે તેમણે કરેલું એ ગમન વિલાસપૂર્વક કરેલું ગમન છે. ગમન કરતાં માર્ગમાં ઊંચા-નીચા શિલાખંડો આવ્યા; જો તેમના માર્ગમાં સમતલ ભૂમિ હોત તો તેમના જલપ્રવાહની ગતિ સમ રહેત. પરંતુ ઊંચા-નીચા શિલાખંડો ઉપરથી ગતિ કરવાની હોવાથી તેમની ગતિ અસમાન બની ગઈ, અર્થાત્ ઉન્નત-અવનત ગતિ થઈ. એવી ગતિ કો'ની હોય ? પ્રિયતમને મળવા ધસી જતી પ્રેમ-પગલી પ્રેયસીની ગતિ એવી હોય. એવી ગતિ શૃંગાર ચેષ્ટાની દ્યોતક છે. એવી પ્રેમ-પગલીની ગતિ કયારેક મંદ હોય તો કયારેક તીવ્ર હોય; સમાન કદી ન હોય. યમુનાજી પોતાના પ્રિયના સમાગમને પામવા માટે આવી ઉન્નત-અવનત ગતિથી દોડી રહ્યાં છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીની ગતિને બીજી રીતે પણ વર્ણવી છે- **સઘોષ ગતિ દંતુરા** એટલે કે શ્રીયમુનાજી ઘોષયુકત (મધુર સ્વરવાળી) ગતિને કારણે વિવિધ વિકારવાળાં બની ગયાં છે. વિકાર એટલે રસને અનુકુળ ભાવો; શૃંગાર વાત્સલ્ય, કરુણ, રૌદ્ર આદિ રસનો આવિર્ભાવ થતાં જુદા જુદા વિકારો (ભાવો) આવી જાય છે. તેને સંચારી ભાવો કહે છે. પ્રિય મિલન માટે દોડી જવું એટલે શૃંગાર ભાવનો આવિર્ભાવ થવો. તેમ થતાં તેમનામાં રોમાંચ થાય છે. અર્થાત તેમની ગતિ રોમાંચક બની જાય છે.

યમુનાજીએ પગમાં નુપૂર પહેર્યાં છે. જે રીતે નુપૂરનો અવાજ આવે તે રીતે યમુનાજલનો કલરવ થતો હોય છે તે કલરવ (શબ્દ)થી યમુનાજીની ગતિ સઘોષ (સંગીતમય અવાજ વાળી) બની જાય છે. અને તેમના પ્રેમી હૃદયમાં, પ્રિયતમ પ્રભુ સાથેના મિલનની રસમયી સંવેદનાઓ ઊઠે છે.

ઘોષનો બીજો પણ અર્થ છેઃ ઘોષ એટલે ગોપોનું ગામ અથવા વ્રજ. વ્રજજનો, ગોપો, ગાયો વગેરે બધાં ઘોષમાં સ્થાયી રહેતાં હોવાથી તેઓ સઘોષ કહેવાય છે. યમુનાજીનો પણ નિત્ય સંબંધ વ્રજ સાથે હોવાથી તેઓ પણ સઘોષ કહેવાય. અત્યારે તેઓ ઘોષ તરફ ગતિ કરી રહ્યાં હોવાથી તેમના વિકારોમાં વારંવાર પરિવર્તન થતું રહે છે. તેથી તેઓ સઘોષ ગતિ દંતુરા કહેવાયાં.

ગો. શ્રીપુરુષોત્તમજી મહારાજના મત પ્રમાણે ઘોષના બન્ને અર્થ– (૧) શબ્દ અને (૨) વ્રજ – લઈ શકાય. પરંતુ ઘોષનો અર્થ વ્રજ લેવાને બદલે 'શબ્દ' (અવાજ) લેવો વધુ ઉચિત છે.

શ્રીયમુનાજીની ગતિને ત્રીજી રીતે પણ વર્ણવવામાં આવી છે. **(૧) સમધિ રૂઢ દોલોત્તમા** એટલે કે જાણે પોતે પાલખીમાં આરૂઢ થયાં હોય તેવાં અને **(૨) અસમધિરૂઢ દોલોત્તમા** એટલે કે તેઓ પાલખીમાં આરૂઢ થયેલાં ન હોવા છતાં ઊંચી–નીચી ગતિને કારણે જાણે કે પાલખીમાં આરૂઢ થયાં હોય તેવા લાગે છે.

આ બન્નેમાંથી કોઈ પણ અર્થ લેતાં એવું ફલિત થાય છે કે ભગવાન સાથે મિલન સાધવા તેઓ પોતે દોડી રહ્યાં છે એવું અને એટલું જ ભાન તેમને છે. અર્થાત તેમને માત્ર પોતાની ગમન–ચેષ્ટાની જ સ્ફૂર્તિ છે. ગમન કેવું છે– ઊંચુ–નીચું કે અસમાન – તે બાબતની સ્ફૂર્તિ તેમને થતી નથી. પર્વતના ઊંચા–નીચા શીલાખંડો ઉપરથી ગતિ કરતાં હોવાથી તેમના જલપ્રવાહની ગતિ એવી બને છે જાણે કે તેઓ પાલખીમાં આરૂઢ ન થયાં હોય અથવા ઝુલામાં ઝુલતાં ન હોય. અર્થાત આધિદૈવિક યમુનાજી પોતાના આધિભૌતિક જલપ્રવાહ રૂપી પાલખીમાં બેસીને પ્રિયના સમાગમ માટે જઈ રહ્યાં છે. વસ્તુતઃ તેઓ પાલખીમાં બેસીને પ્રસ્થાન કરી રહ્યાં નથી. પરંતુ જલપ્રવાહની આરોહ–અવરોહમય ગતિને કારણે એવો ભાસ થાય છે.

શ્રીયમુનાષ્ટકના બીજા શ્લોકમાં, શ્રીવલ્લભ, યમુનાજીમાં ભગવદ્ રતિ સંવર્ધન નામે ઐશ્વર્ય હોવાનું સ્પષ્ટપણે કહે છે. આપશ્રી યમુનાજીને મુકુંદ–

રતિ-વર્ધિની નામથી ઓળખાવે છે. શ્રીમહાપ્રભુજીએ યમુનાજીને આપેલ એ નામમાં એક વિલક્ષણિતા છે અને તે એ કે તેમાં વિરોધ દ્વારા ઉત્તમતા સિદ્ધ કરવામાં આવી છે. અને તે આ રીતે -

મુકુંદ એટલે મોક્ષ આપનાર અથવા મુક્તિ દાતા. મુકુંદ જીવને મોક્ષ આપે; ભક્તિ જવલ્લેજ આપે. મોક્ષ મળતાં જીવનું ભગવાન સાથે સાયુજ્ય સધાય. બન્ને એક રૂપ બની રહેતાં ભક્ત અને ભગવાન અલગ ન રહે પછી કોણ કો'ની સાથે પ્રેમ કરે ? અર્થાત મોક્ષ મળતાં રતિ-વર્ધન માટે અવકાશ રહેતો નથી. આમ મોક્ષ અને રતિ પરસ્પર વિરુદ્ધ ભાવનાઓ છે.

પરંતુ યમુનાજીની મહત્તાને ઓળખો. મુકુંદ જીવને મોક્ષ આપે છે; મોક્ષ આપનાર ભક્તિ ન આપે. અને સામાન્ય રીતે ભગવાને ઘણા જીવોને-પાપી જીવોને પણ (અજામિલ-શિશુપાલ તથા કેટલાક અસુરોને પણ) મુક્તિ આપી છે. પરંતુ ભક્તિ તો કોક પ્રહલાદ, બલિ, વૃત્રાસુર જેવા અસુરોને જ આપી છે. તેમનો સ્વભાવ મુક્તિ આપવાનો છે. પરંતુ જુઓ તો ખરા; યમુનાજીના ભક્તોને તેઓ ભકિત આપે છે. મુક્તિ નહીં. સાચી વાત છે ભાઈ. જમણો હાથમોં તરફ જ વળે. પોતાની પ્રિયાના ભકતોને તે ઉત્તમ વસ્તુ જ આપે. યમુનાના ભકતોને તેઓ ભકિત આપે છે. કારણ કે યમુનાજી જીવની ભગવાન પ્રત્યેની અને ભગવાનની જીવ પ્રત્યેની રતિ વધારે છે. આમ તેઓ ભકત અને ભગવાન બન્ને માટે ઉપકારક સિદ્ધ થયાં છે.

યમુનાજીનો સેવક પ્રભુને પ્રેમ કરે છે. પ્રેમ એ જ ભક્તિનું બીજું સ્વરૂપ છે. જીવનો જ્યારે ભગવાનમાં સર્વતોધિક અત્યંત દઢ પ્રેમ થાય ત્યારે તે ભગવદ્ ભક્તિ પામે છે.

આ રીતે મોક્ષ આપવાના સ્વભાવવાળા મુકુંદમાં રતિભાવની અતિવૃદ્ધિ કરાવનાર યમુનાજી અલૌકિક ગણાય. યમુનાજી નિજ ભક્તોમાં મુકુંદ પ્રત્યેની રતિ તો વધારે છે જઃ પરંતુ તે ઉપરાંત અન્ય સ્વામિનીજીઓની પણ મુકુંદમાં રતિ વધારે છે.

મુકુંદ રતિ વર્ધિનીનો બીજો અર્થ પણ કરી શકાય. મુકુંદ-રતિ-વર્ધિની

એટલે મુકુંદની જીવ પ્રત્યેની રતિ વધારનાર. એ અર્થને પણ આપણે ઉપર કરેલા વિવેચનથી સમજી શકીએ છીએ.

મહાપ્રભુજીએ શ્રીયમુનાજીને **પદ્મ-બંધોઃસુતા** નામથી ઓળખાવ્યાં છે. પદ્મ એટલે કમળ અને તેમનો બંધુ (સુહૃદ) સૂર્ય છે. તેથી કમળના ભાઈ (બંધુ)ની સુતા એટલે યમુનાજી.

આ આખા શ્લોકનો એકજ ધ્વનિ છે. કલિંદગિરિ મસ્તકે અવતરણ કરનાર (૧) અમંદ પુરોજ્જ્વલા, (૨) ગંડ શૈલોન્નતા (૩) સઘોષ ગતિ દંતુરા, (૪) સમધિરૂઢ દોલોત્તમા તથા (૫) પદ્મ બંધોઃ સુતા એવા શ્રીયમુનાજી નિઃસંદેહ મુકુંદ રતિ વર્ધિની છે. એવાં એ યમુનાજી જય પામે છે : જય હો શ્રીયમુનાજીનો.

બીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભગવદ્ રતિ સંવર્ધકત્વ નામે દ્વિતીય ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ત્રીજો શ્લોક. બીજા શ્લોકમાં કહ્યું છે કે શ્રીયમુનાજી ભગવાનની ભક્ત ઉપરની રતિની વૃદ્ધિ કરવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે. આ રતિ વૃદ્ધિના અલૌકિક કાર્યમાં તેમને મદદ કરનાર કયા ધર્મો છે અને કેવાં ઉપકરણો છે તે આપશ્રી ત્રીજા શ્લોકમાં કહે છે.

**ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામનેક-સ્વનૈઃ**
**પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ।।**
**તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-**
**નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ।। ૩ ।।**

**ભાવાર્થ :** સર્વ લોકને (ભુવન-ત્રિભુવન) પાવન કરનારાં, અને એ કારણે જ ભૂતલ ઉપર અવતરિત થયેલાં; વિવિધ સ્વરો વડે આલાપ કરનારા શુક, મયૂર અને હંસ આદિ સખીજનો દ્વારા સેવાયેલાં; પોતાની લહેરો રૂપી ભુજામાં ધારણ કરેલ કંકણોમાં સ્પષ્ટ રીતે દેખાતાં મુક્તાફળ રૂપી વેણુ (રેતીના ચમકતા કણો) વડે યુકત એવા પોતાના બન્ને કિનારા રૂપી નિતંબ (કમરની પાછળનો ભાગ) ને કારણે સુંદર લાગતાં; એવાં, શ્રીકૃષ્ણનાં ચતુર્થ પ્રિયા

શ્રીયમુનાજીને સૌ નમન કરો.

**વિવેચન : ભુવં ભુવનપાવનીમધિગતામ્** – શ્રીયમુનાજી સર્વ લોકને પાવન કરવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે. યમુનાજીએ પોતાના બંધુ યમરાજને આ પ્રમાણે કહ્યું છે, ''સાત દ્વીપો અને સાત સાગરોને ભેદીને પૂર્વ તરફ વહન કરતી અને સર્વ જીવોને પવિત્ર કરતી હું અસ્તાચલથી (પશ્ચિમ દિશાથી) ઉદયાચલ (પૂર્વ દિશા) તરફ, મારો આશ્રય કરનાર મદ્ ભક્તોનાં પાપને દૂર કરવા માટે જાણે રમત કરતી હોઉં તે પ્રમાણે હું વિહાર કરવા જઈશ.'' આ રીતે બધાંને પાવન કરવાની શ્રી યમુનાજીની મુખ્ય પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાની પૂર્તિ અર્થે તેઓ ભૂતલ ઉપર પધાર્યા છે.

આ રીતે તેઓ રવિમંડલમાંથી, ભૂતલને પાવન કરવા પધાર્યા છે. આમ સૌને પાવન કરવાના ધર્મ વડે તમને ભગવાન સાથે રમણ કરવાના કાર્યમાં સહાયક બની શકે. ભગવાનથી અલગ પડી ગયેલા દૈવી જીવોમાં શરીરોને તેઓ નિષ્પાપ બનાવીને તેમને ભગવદ્ સેવોપયોગી બનાવવા અને ભગવદ્ ભાવથી સમ્પન્ન બનાવવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે.

હવે જો યમુનાજી દૈવી જીવોને પવિત્ર બનાવી તેમનામાં ભગવાન પ્રત્યે રસ (પ્રેમરસ) ની વૃદ્ધિ કરાવી આપવા માટે જ પધાર્યા હોય તો તે રતિરસનો અનુકૂળ આલંબન, ઉદ્દીપન, આદિ બધી સામગ્રી તેમનામાં હોવી જોઈએ. બીજા શ્લોકમાં કહ્યું છે કે શ્રીયમુનાજીનું ભગવદ્ રતિ સંવર્ધક રૂપ છે. તો એ રતિભાવને રસરૂપમાં પરિવર્તિત કરવા માટે જે ભાવો અથવા ધર્મો અનુકૂળ હોય તે તેમનામાં હોવા જોઈએ અને તે છે જ એવું ત્રીજા શ્લોકમાં કહ્યું છે.

રતિભાવના આવિર્ભાવ અને તેના પોષણ માટે આવશ્યક ધર્મો જેવા કે

(૧) ભૂતલના જીવોને પવિત્ર બનાવવાની શકિત તો તેમનામાં છે. પવિત્ર બનેલ જીવમાં જ પ્રભુ પ્રત્યે રતિ ઉપજે. પાપી જીવોની રતિ ઈન્દ્રિયોના વિષયોમાં જ રહે. યમુનાજીમાં પતિત પાવનત્વની શકિત છે એ આગળ કહેવાઈ ગયું છે. ભુવં ભુવન પાવની મધિગતાય – અર્થાત એટલા માટે તો તેઓ પૃથ્વી ઉપર પધાર્યા છે.

(૨) સેવાકાદિ સમજ - શુક, મયૂર, હંસાદિથી સેવાયેલા રહેવું તે અને

(૩) સ્વરૂપ સૌંદર્ય - ભુજ ઉપરનાં કંકણો એટલે જલમાં ઊઠતા તરંગો; ચમકતી રેતી એટલે મુકતાફલ, ઉન્નત તટ એટલે નિતંબ (કમરની પાછળનો ભાગ) અને એ નિતંબ ઉપર હાથરાખવાથી મળતું સૌંદર્ય - આદિ બધા ધર્મો પણ યમુનાજીમાં છે તે હવે કહેવાશે.

પહેલાં શ્રીયમુનાજીના સેવકો (સખીઓ) આદિ વિષે જાણવું જરૂરી છે. **પ્રિયાભિરીવ સેવિતાં શુક મયુર હંસાદિભિઃ** શબ્દોમાં શો ભાવ છે તે સમજવો પડશે.

સર્વ લોકને પાવન કરવા શ્રીયમુનાજી ભૂતલ ઉપર પધાર્યા. તેમની સાથે તેમનો પ્રિય સખી સમાજ પણ આવ્યો. સખીઓ જે સ્થળે જે ઉચિત હોય તે સ્થળે તે કહે છે. અને તે દ્વારા યમુનાજીને તેમના રતિ વર્ધનના કાર્યમાં સહાયરૂપ બને છે. અને તેથી તેઓ પ્રિય લાગે છે. શુક, મયુર, હંસ આદિ પક્ષીઓ કિનારા પરનાં વૃક્ષો પર બેસીને મધુર સ્વરોમાં ગાન કરે છે. તે બધી શ્રીયમુનાજીની સખીઓ છે. તેઓ શ્રીયમુનાજીની એ રીતે પરિચર્યા કરે છે. શુક બોલી શકે છે. તેથી તે યમુનાજીની વાચિકી સેવા કરે છે. મયૂર કાયિકી સેવા કરે છે અને હંસો માનસી સેવામાં તન્મય બની રહે છે. એટલા માટે તેમનું આ પ્રિય સખી મંડળ, ભગવાનની ભકત પ્રત્યેની રતિની વૃદ્ધિ કરવાના તેમના કાર્યને માટે અનુકૂળ સામગ્રી બની રહે છે.

**તરંગ-ભુજ-કંકણ પ્રકટ મુક્તિકા વાલુકા નિતંબ તટ સુંદરી** - આ શબ્દો દ્વારા શ્રીયમુનાજીના સ્વરૂપ સૌંદર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી ભગવદ્ રતિ વર્ધિની છે. તેથી પોતાના ભાવાવેશ પ્રમાણે તેમની વિવિધ ભાવ ભંગીમાં વ્યકત કરતી તેમની કોમલ ભુજાઓ, તેમના જળમાં ઉદ્ભવતા તરંગો રૂપે શોભાયમાન બની રહે છે. તેમના જળમાં ઊઠતા તરંગો એ વસ્તુતઃ શ્રીયમુનાજીના હસ્ત છે.

તેમના એ શ્રીહસ્તમાં રેતીના ચમકતા કણોના જેવાં મુકતાફલો જડેલ

કંકણો શોભી રહ્યા છે. તેમનાં કંકણોમાં જડેલાં ચમકતાં મુકતાફલો, લોકદષ્ટિએ રેતીનાં કણો જેવાં દેખાય છે. પરંતુ વાસ્તવિક રીતે તે મુકતાફળો (મોતી) જ છે. પરંતુ આપણી પાસે લૌકિક સ્તંભ છે તેથી મુકતાફળો લૌકિક રેતીના કણો રૂપે દેખાય છે. તેમના બન્ને ઊંચા તટ પ્રદેશો તેમના ઉન્નત નિતંબ સમાન છે. (કમરની પાછળનો ઊંચો ભાગ એ નિતંબ કહેવાય) શ્રીયમુનાજીના કંકણયુકત શ્રીહસ્તો તેમના નિતંબ ઉપર ટેકવ્યા હોવાથી તેમની શોભા અનેક ગણી વધી જાય છે. અને તેઓ જાણે કે સાક્ષાત શૃંગારરસની અધિષ્ઠાતા દેવી ન હોય તેવાં દેખાય છે. આ રીતે યમુનાજીનાં આભૂષણો તથા અંગો, પ્રાકૃત દેખાતાં હોવા છતાં (તરંગો, રેતીના કણો, તટ પ્રદેશ વગેરે) હકીકતમાં તે બધાં અપ્રાકૃત છે.

એવાં શૃંગાર રસની સાક્ષાત પ્રતિમા જેવાં શ્રીયમુનાજીની શોભા અવર્ણનિય છે. તેથી **'નમત કૃષ્ણ તુર્ય પ્રિયાય'** - શ્રીમહાપ્રભુજી કહે છે કે કૃષ્ણનાં એ ચતુર્થ પ્રિયાને તમે સૌ નમન કરો. આચાર્યશ્રી આપણને - આપણે કે જે બધા આચાર્યશ્રીના સેવકો છીએ, ખાસ કરીને તેમને - કહે છે કે તમે નમન કરો. કોને નમન કરવાનું છે તે જાણો છો ? આપણે નમન કરવાનું છે કૃષ્ણનાં ચતુર્થ પ્રિયાને.

અહીં પ્રશ્ન ઊભો થાય છે કે કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કોણ ? અને બીજો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે શું પ્રિયા અને ભાર્યા બન્ને શબ્દો એકજ અર્થનો બોધ કરાવે છે?

શ્રીકૃષ્ણની દ્વારકાં લીલામાં કૃષ્ણની આઠ પટરાણીઓમાં પહેલાં ચાર અનુક્રમે - (૧) રૂકમણીજી, (૨) સત્યભામા, (૩) જાંબુવતી અને (૪) કાલિંદીજી છે. તે બધી કૃષ્ણની વિવાહિત પત્નીઓ એટલે કે ભાર્યાઓ છે. તે બધીજ કૃષ્ણને પ્રિય હતી તેથી તેઓને કૃષ્ણની પ્રિયાઓ કહેવામાં કોઈ દોષ નથી. આ અષ્ટ પટરાણીઓના યુથમાં કાલિંદીનું સ્થાન ચોથું છે. તો શું કાલિંદીજી કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

શ્રીકૃષ્ણની વ્રજલીલામાં શ્રીકૃષ્ણની સ્વામિનીજી સ્વરૂપે, ચાર સ્વામિનીજી યૂથો છે. શ્રીહરિરાયચરણ એ ચાર યૂથોને આ રીતે ઓળખાવે છે-

(૧) મુખ્ય સ્વામિનીજી એટલે કે વૃષભાન દુલારી શ્રીરાધા સ્વામિનીજી. તેઓ શ્રીકૃષ્ણનાં આહ્‌લાદિની શક્તિ ગણાય છે. તેઓ નથી અન્યપૂર્વા કે નથી અનન્યપૂર્વા. તેઓ તો એકમેવમ્ અધિતિયમ એવાં ભગવદ્ ભોગ્ય સ્વામિનીજી છે. તેથી તેઓ વ્રજની અધિષ્ઠાતા ગણાય છે.

(૨) શ્રુતિરૂપા અન્યપૂર્વા સ્વામિનીજીઓ – તેઓ ગોપોનાં ગ્રહોમાં ગોપભાર્યાઓ રૂપે રહેતાં હોય છે. તેઓ સર્વાત્મભાવવાળાં છે. તેમનું રૂપ દ્વિતીય સ્વામિનીજી ગણાય છે.

(૩) અનન્યપૂર્વા – ઋષિરૂપા કુમારિકા સ્વામિનીજીઓ– તેમનો કૃષ્ણ સાથે કે અન્ય કોઈની સાથે વિવાહ થયો નથી. તેઓ કુમારિકાઓ છે. પરંતુ ભગવાન કૃષ્ણે તેમનાં વસ્ત્રો ગ્રહણ કરીને તેમનો અંગીકાર કર્યો છે. તેમનું યુથ તૃતીય સ્વામિનીજી ગણાય છે.

(૪) યમુનાજી – ભગવાને જળક્રિડાને બહાને, સર્વ અંગો સહિત, સ્વતંત્ર રીતે, તેમને અન્યથી પૃથક સમજીને, તેમની સાથે રમણ કર્યું છે. તેઓ ભગવાનનાં પુષ્ટિ શક્તિ ગણાય છે. ભગવદ્ ભોગ્ય હોવાને કારણે અને પુષ્ટિ રૂપ હોવાને લીધે તેઓ ભગવાનને અત્યંત પ્રિય છે. તેઓ ભગવાનનાં ભાર્યા નથી. તેઓ ભગવાનનાં પટરાણી નથી. પરંતુ ભગવાનને બહુ પ્રિય હોવાથી તેઓ ભગવાનનાં પ્રિયા તો છે જ.

આ ચાર યુથોમાં યમુનાજીનું સ્થાન ચોથું હોઈ, શું તેઓ કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

દસ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજી પણ સ્વામિનીજીનાં ચાર યુથોને આ રીતે ઓળખાવે છે.

(૧) શ્રી રાધિકા યુથ– તેઓ તામસ સ્વામિની યૂથ કહેવાય છે.

(૨) અન્યપૂર્વા યુથ– એટલે ગોપગૃહોમાં વસતાં ગોપીજનો. તેઓ રાજસ સ્વામિની યુથ કહેવાય છે.

(૩) અનન્ય પૂર્વા કુમારિકા યૂથ– તેઓ સાત્વિક સ્વામિની યૂથ કહેવાય છે અને

(૪) શ્રીયમુનાજી યૂથ- તેઓ નિર્ગુણ (ગુણાતીત) સ્વામિની યૂથ કહેવાય છે.

આ ચાર યૂથોમાં પણ યમુનાજીનું સ્થાન ચોથું હોઈ, શું તેઓ કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

વ્રજલીલામાં સ્વામિનીજીઓનાં બે પ્રકારનાં ચાર યૂથો છે. તે બન્નેમાં યમુનાજીનું સ્થાન ચોથું આવે છે. એ બધી કૃષ્ણની ભાર્યાઓ (પત્નીઓ) ભલે ન હોય તેમની પ્રિયાઓ તો છે જ. ભાર્યા હોય તેને જ પ્રિયા કહેવાય એવો કોઈ સ્થાપિત નિયમ નથી. શ્રીયમુનાજી કૃષ્ણની ભાર્યા ન હોવા છતાં કૃષ્ણને અતિશય પ્રિય હોવાથી તેમની પ્રિયા તો છે જ. અને એ બન્ને પ્રકારનાં ચાર ચાર યૂથોમાં તેમનું યૂથ ચોથું હોઈ અહીં તેમને કૃષ્ણતુર્ય પ્રિયા તરીકે ઓળખાવ્યાં છે.

અહીં બીજા એક પ્રશ્નનું સમાધાન કરી લેવું જરૂરી છે. દ્વારકાલીલામાં અષ્ટ પટરાણીઓમાં કાલિંદીજીનો ક્રમ ચોથો છે. અને વ્રજલીલામાં સ્વામિનીજીઓના ચાર યૂથોમાં યમુનાજીનો ક્રમ ચોથો છે. કાલિંદીજી અને યમુનાજી બન્નેનો સંબંધ કલિંદીગિરી સાથે છે. તેથી યમુનાજીને પણ કલિંદની કહેવામાં આવ્યાં છે. તો શું કલિંદગિરિ પર અવતરીત ભગવદ્ પ્રિયા યમુનાજી (કાલિંદીજી) અને ભગવાનની પટરાણી શ્રીકાલિંદીજી બન્ને એક જ છે ?

આજ પ્રશ્ન બીજી રીતે પણ પુછી શકાય. પટરાણી કાલિંદીજી પણ સૂર્યના પુત્રી છે અને પ્રિયા યમુનાજી પણ સૂર્યના પુત્રી છે - તો શું તે બન્ને એક જ છે ?

આનો જવાબ તન્માર્ગીય મહાનુભાવોએ સ્પષ્ટપણે એનો આપ્યો છે કે તે બન્ને અલગ છે. તેનાં કારણો -

(૧) શ્રીભાગવતમાં કૃષ્ણનાં ચોથા પટરાણી કાલિંદીજીના મુખે કહેવામાં આવ્યું છે, ''કાલિંદીતિ સમાખ્યાતા વસામિ યમુના જલે''એટલે કે કાલિન્દી નામથી ઓળખાતી હું, યમુના જળમાં નિવાસ કરું છું. એનો અર્થ એ છે કે કાલિંદી અને યમુનાજી અલગ છે.

(૨) યમુનાજીના જળમાં વસતાં એ કાલિંદીજી સાથે વિવાહ કરીને ભગવાન કૃષ્ણે તેમને ચતુર્થ પટરાણી તરીકે દ્વારકામાં મહિષી પદે સ્થાપિત કર્યા છે. જ્યારે યમુનાજી તો ક્યારેય પણ દ્વારકામાં પધાર્યા હોવાનો કોઈ ઉલ્લેખ ક્યાંયે નથી.

(૩) બન્ને સૂર્ય પુત્રી છે. અને બન્ને કાલિંદી નામે ઓળખાય છે. છતાં બન્નેના પિતા જે સૂર્ય છે તે જુદા જુદા છે. કાલિંદીના પિતા સૂર્ય એ આપણે માટે દશ્યમાન સૂર્ય છે. અર્થાત્ કાલિંદીજીની ઉત્પત્તિ આધિદૈવિક નથી. તેઓ તો ભૌતિક સૂર્યના પુત્રી છે. જ્યારે યમુનાજીના પિતા વેદત્રયી સ્વરૂપ આદિત્ય (સૂર્ય) છે. યમુનાજીના પિતા આદિત્ય છે; માતા સંજ્ઞા છે અને ભ્રાતા ધર્મરાજ છે.

(૪) યમુનાજીમાં જે અસાધારણ ધર્મો છે તેવા ધર્મો પટરાણી કાલિંદીજીમાં હોવાનું જાણવામાં આવ્યું નથી. શું પટરાણી કાલિંદીજી તનુ નવત્વ આપી શકે છે ? શું તેમણે ક્યારેય પોતાના સ્વામી કૃષ્ણની જીવ પ્રત્યેની રતિ વધારવાનું કાર્ય કર્યું છે ? યમુનાજીમાં જે આઠ ઐશ્વર્યો ગણાવ્યાં છે શું તે આઠ ઐશ્વર્યો કાલિંદીમાં છે ? ના; નથી જ.

આ રીતે વિચારતાં બન્નેનાં સ્વરૂપો જુદાં છે; એવું માનવું ઉચિત છે. તેમ છતાં એ બન્નેનો સંબંધ કૃષ્ણ અને કલિંદ સાથે હોવાને કારણે લોકવ્યવહારમાં તેમને એક જ ગણવામાં આવ્યાં છે. કેટલાંક તો એટલે સુધી કહે છે કે શ્રીયમુનાજીના જળ રૂપ એટલે કે આધિભૌતિક સ્વરૂપમાં કાલિંદીજી પોતાના આધિદૈવિક સ્વરૂપે નિવાસ કરે છે. પરંતુ એમ કહેવું એ તો માત્ર અજ્ઞાનતા છે. કારણ કે શ્રીયમુનાજીનાં પોતાના ત્રણે સ્વરૂપો વિદ્યમાન છે જ – યથા જળ રૂપે આધિભૌતિક સ્વરૂપ; માહાત્મ્ય રૂપે આધ્યાત્મિક સ્વરૂપ અને દેવી સ્વરૂપે આધિદૈવિક સ્વરૂપ. એ ત્રણે રૂપોમાં કોઈપણ રૂપમાં કાલિંદીજીનો સમાવેશ ન કરી શકાય. ટૂંકમાં કેવળ નામના સામ્યને કારણે બન્નેને અભિન્ન ન માની લેવાય. શ્રીમહાપ્રભુજી પણ એવું જ કહે છે.

શ્રીયમુનાજી તો યમુનાજી જ છે; તેમ છતાં તેઓ કાલિંદી નામથી શા માટે ઓળખાય છે? એ પ્રશ્નના સમાધાન માટે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે–

**મમોદંર પ્રવિશ્ય ત્વં ગચ્છ આદિત્યનંદની । કાલિન્દીતિ તથા ખ્યાતિરસ્તુ લોકત્રયે સદા ।** એટલે કે કલિંદ પર્વતે શ્રીયમુનાજીને કહ્યું કે હે આદિત્ય પુત્રી, આપ મારા ઉદરમાં પ્રવેશીને પછી પૃથ્વી ઉપર પધારો. તેથી ત્રણે લોકમાં (લોકત્રયમાં) આપનું નામ કાલિન્દી પ્રસિદ્ધ થશે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજાય છે કે પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીયમુનાજીને કાલિંદી, નામે ઓળખવાનો વ્યવહાર છે તેથી વ્રજલીલામાં જ્યાં કાલિન્દી નામ આવે ત્યાં તેઓ યમુનાજી જ છે એમ સમજવું.

યમુનાષ્ટકના આ ત્રીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભુવન પાવનીત્વ રૂપી ત્રીજા ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી કૃષ્ણના તૂર્ય પ્રિયા છે અને ભૂતલને પાવન કરવા માટે જ તેઓ ભૂતલ ઉપર પધાર્યા છે. એ વાત સારી રીતે સમજાય એટલા માટે ચોથા શ્લોકમાં શ્રીયમુનાજી પોતે ભગવત્સમાન ધર્મવાળાં છે. એવું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે**
**ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥**
**વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે**
**કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥**

**ભાવાર્થ :** (૧) અનંત ગુણોથી શોભાયમાન, (૨) શિવવિરંચી (બ્રહ્મા) તથા દેવગણો દ્વારા સ્તુતિ કરાયેલ, (૩) ઘનઘોર વાદળો સરખી કાન્તિવાળાં, (૪) ધ્રુવ અને પરાશરને ઈચ્છિત ફળ આપનારાં, (૫) વિશેષે કરીને જે શુદ્ધ છે એવી મથુરાનગરી જેના કિનારા ઉપર આવેલી છે તેવાં, (૬) સકલ ગોપ અને ગોપીજનોથી વિંટળાયેલાં અને (૭) દયાના સાગર રૂપ શ્રીહરિનો સારી રીતે આશ્રય કરીને રહેલાં - હે યમુનાજી ! આપ મારા મનને સુખ (આનંદનો અનુભવ) થાય એવું વિચારો.

**વિવેચન :** આ શ્લોકમાં સાત વિશેષણ છે. જો એ સાતે વિશેષણોને સંબોધન રૂપે લઈએ તો બધાં યમુનાજીને લાગુ પડે છે. જેમકે - (૧) અનંત

ગુણોથી શોભાયમાન એવા હે યમુનાજી, (૨) શિવ વિરંચી તથા દેવોથી સેવાયેલા એવાં હે યમુનાજી - આ રીતે સાતે સાત વિશેષણ સંબોધન દૃષ્ટિથી યમુનાજીને લાગુ પડે છે.

પરંતુ જો એ બધાં વિશેષણોને સાતમાં વિભક્તિમાં પ્રયોજવામાં (લેવામાં) આવે તો તે બધાં શ્રીકૃષ્ણને લાગુ પડે છે. અને તે આ રીતે બોલાયઃ અનંત ગુણોથી શોભાયમાન; શિવ, બ્રહ્મા તથા અન્ય દેવોથી સ્તુતિ કરાયેલ આદિ તથા અપાર કરૂણાના સાગરના આશ્રયરૂપ શ્રીકૃષ્ણ.

આ જોતાં એક વસ્તુ સ્પષ્ટ બની જાય છે કે આ બધાં વિશેષણો કૃષ્ણ અને યમુનાજીને એક સરખી રીતે લાગુ પડે છે. તેથી તે બન્ને સમાન ધર્મી છે. બન્નેની એ રીતે સ્તુતિ કરીને શ્રીમદાચાર્યચરણે શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણનું બધી રીતે સામર્થ્ય દર્શાવ્યું છે.

શ્રીનંદકુંવર (કૃષ્ણ) ભગવાન છે તો શ્રીયમુનાજી ભગવતી દેવી છે. ભગવાન એટલે ભગ વાળા (જેમ ધનવાન એટલે ધનવાળા); અને ભગવતી એટલે ભગ વાળી (જેમ પુત્રવતી એટલે પુત્રવાળી) ભગવાન અને ભગવતી બન્નેમાં ભગ શબ્દ છે. એ ભગ એટલે શું ?

**ષડ ધર્મા ભગ શબ્દેન, ઐશ્વર્ય, વિર્યં, યશસ્તથા ।**
**શ્રી જ્ઞાન, વિરાગશ્ચ નિત્યા, ભગવતોડભલ ।।**

અર્થાત ભગ શબ્દ એ છ અલૌકિક દિવ્ય ગુણોના સમૂહનો બોધ કરે છે. એ છ ગુણો છે ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. એ છ ગુણ જે પુરુષ ભાવમાં (પુંભાવ) હોય તે ભગ વાળો એટલે ભગવાનઃ અને છ ગુણ જે સ્ત્રીભાવમાં હોય (સ્ત્રીભાવ) ભગવાળી એટલે ભગવતી કહેવાય.

આ શ્લોકમાં કુલ સાત વિશેષણો છે. તેમાંથી છ ને વિશેષણ તરીકે લેવાનાં છે અને સાતમું વિશેષ્ય (જેને એ છ વિશેષણ લાગુ પડે તે વિશેષ્ય) તરીકે લેવાનું છે. અર્થાત છ ધર્મો અને સાતમું એ છ ધર્મોને ધારણ કરનાર ધર્મી સ્વરૂપ છે. એ રીતે જોતાં આમાંના છ ધર્મો ધારણ કરનાર શ્રીકૃષ્ણ ધર્મી છે અને એ જ છ ધર્મો ધારણ કરનાર યમુનાજી પણ ધર્મી છે. અને એ બધા ધર્મો

અને ધર્મી સ્વરૂપની દૃષ્ટિએ (બન્ને) સમાન છે. એટલા માટે શ્રીયમુનાજી કૃષ્ણા, કૃષ્ણસમાં, કૃષ્ણરૂપા આદિ નામોથી પ્રસિદ્ધ છે. જો કૃષ્ણ કૃષ્ણ (શ્યામ) છે તો યમુનાજી કૃષ્ણા (શ્યામા) છે. ટૂંકમાં સ્વરૂપગત બન્ને અભિન્ન છે.

શ્રીમદાચાર્યચરણે ભગવાનના ઐશ્વર્યાદિ આ છ ધર્મોનું નિરૂપણ પુષ્ટિમાર્ગીય પરિભાષા પ્રમાણે કર્યું છે. એ ધર્મોની વ્યાખ્યા વેણુગીતના ૧૧મા શ્લોકની કારિકાઓ વાંચવાથી સમજાઈ જશે.

વેણુગીતના ૧૧ થી ૧૬ શ્લોકમાં આ છ ધર્મો દ્વારા આચરવામાં આવતી શ્રીકૃષ્ણ (ધર્મી) ની લીલાઓનું ક્રમશઃ વર્ણન છે. ગ્રંથવિસ્તારના ભયે તેમાંથી માત્ર એકનું વર્ણન હું કરીશ.

હરિણીયો જેવી મૂઢ યોનિની સ્ત્રીઓ ઉપર વેણુરવની જે વિલક્ષણ પ્રતિક્રિયા પડે છે તે ભગવાનનો ઐશ્વર્ય ધર્મ પ્રકટ કરે છે. યથા – **ઈશ્વરઃ પૂજ્યતે લોકે મૂઢરપિ, યદા તદા, નિરૂપાધિક ઐશ્વર્ય વર્ણયન્તિ વિચક્ષણ** અર્થાત્ મૂઢ જીવો પણ જ્યારે ઈશ્વરને પૂજે ત્યારે ઈશ્વરનો ઐશ્વર્ય ધર્મ સમજાય છે. હરિણીઓ દ્વારા સેવાતા કૃષ્ણમાં ઐશ્વર્ય ધર્મ સ્પષ્ટ દેખાય છે.

ભગ શબ્દમાં સમાવેશ કરવામાં આવેલ આ છ ધર્મોની વ્યંજનાં કરતા શબ્દસમૂહો આ શ્લોક આ પ્રમાણે છે –

(૧) અનંત ગુણ ભૂષિતે – ઐશ્વર્ય ધર્મ, (૨) શિવ વિરંચી દેવસ્તુતે– વીર્ય ધર્મ, (૩) ઘનાઘનનિભે –યશ ધર્મ, (૪) ધ્રુવ પરાશરાભિષ્ટદે– શ્રી ધર્મ, (૫) વિશુદ્ધ મથુરા તટે – જ્ઞાન ધર્મ અને (૬) સકલ ગોપી–ગોપીવૃતે–વૈરાગ્ય ધર્મ. અને કૃપાજલધિસંશ્રિતેમાં ધર્મીસ્વરૂપ (સ્વરૂપગત ભગવાન અથવા ભગવતી પોતે) માનવામાં આવ્યું છે.

એ છ દિવ્ય ધર્મો અને સાતમો ધર્મી– એ સાતેને પ્રકટ કરતાં એ બધાં શબ્દસમુહોનો ભાવ સમજવા પ્રયત્ન કરીશું.

(૧) અનંત ગુણ ભૂષિતે – અનંત એટલે અંત રહિત અથવા અસંખ્ય. અને અનંત એટલે નિત્ય એવો પણ અર્થ થાય છે. અહીં બીજો અર્થ ભાવને અનુકૂળ છે. શ્રીયમુનાજીના ગુણોની ગણના થઈ શકે નહીં, તેથી તે

અસંખ્ય છે. અને તેમના બધા ગુણો નિરંતર વિરાજમાન એટલે કે સદા વર્તમાન રહેતા હોવાથી તો નિત્ય પણ છે જ. ભગવાન કૃષ્ણના સંદર્ભમાં પણ એવું જ છે. કૃષ્ણ પણ નિત્ય વિરાજિત અગણિત ગુણો વડે શોભે છે. ભકતનું કાર્ય સંપાદન કરવું. રાસોત્સવાદિમાં અનેક રૂપો ધારણ કરીને ભકતોના મનોરથો પૂર્ણ કરવા એવા ગુણોથી તેઓ અલંકૃત છે. શ્રીયમુનાજી પણ ભક્તોનાં કાર્યોને સાધવા માટે, જીવોને ભગવાનની સેવા અર્થે તનુ નવત્વ અર્પણ કરીને ભગવદ્ સમાગમ માટે યોગ્ય બનાવવા જેવા ગુણોથી સુશોભિત છે.

ગુણોનું સર્વત્ર સન્માન થાય છે. ગુણો વડે ભગવાન પૂજાય છે અને યમુનાજી પણ પૂજાય છે. શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે - **પૂજ્યો હિ ભગવાન તદ્ગુણાશ્ચ.** આમ, અનંત ગુણોથી શોભતું એ ભગવાનનું ઐશ્વર્ય વ્યક્ત કરે છે.

વળી વેણુગીતના અગીઆરમાં શ્લોકમાં મૂઢમતિવાળી હરિણીઓ પણ વેણુનો સ્વર સાંભળીને અને વિચિત્ર વેશયુકત નંદનંદનનું પ્રણય (પ્રેમ) ભાવથી અવલોકન કરીને તેમની પૂજા કરે છે. શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. **ઈશ્વરઃ પૂજ્યતે લોકો મૂઢરપિં યદા તદા** - એટલે કે મૂઢ પ્રાણીઓ પણ આ લોકમાં ઈશ્વરની પૂજા કરે છે. આથી મૂઢ પ્રાણીઓનો માટે પણ જે પૂજ્ય હોય તેનામાં ઈશ્વરનું ઐશ્વર્ય હોય એ સ્વયં સ્પષ્ટ છે. તેથી અહીં અનંતગુણ ભૂષિતે પદમાં ઐશ્વર્ય ધર્મનું પ્રતિપાદન થઈ જાય છે. આ પહેલાં કહ્યું તેમ આ વિશેષણ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી ઉભયને માટે યોજેલું છે. તેથી તે બન્ને નિરુપાધિક ઐશ્વર્ય યુકત છે.

**શિવ વિરંચી દેવ સ્તુતેઃ** - તેઓ શિવ બ્રહ્માદિક દેવતાઓ વડે સ્તુતિ કરાયેલાં છે. અસાધારણ શકિતને વીર્ય કહે છે. બલ અને પ્રભાવ દર્શાવવા માટે પણ વીર્ય શબ્દોનો ઉપયોગ થાય છે. શિવ બ્રહ્માદિ દેવોમાં અતિશય શક્તિ છે તેથી તેમનામાં પણ વીર્ય છે. 'વીર્ય દેવેષુ' નો એવોજ અર્થ થાય છે. પરંતુ એવા એ વીર્યવાન દેવો પણ જેના વીર્ય સામે ઝુકી જઈ જેમની સ્તુતિ કરે તેના વીર્ય ધર્મ વિષે શું કહેવું ? શિવ અને બ્રહ્માજીએ પણ યમુનાજીની સ્તુતિ કરી હોવાનું પદ્મ-પુરાણમાં કહેવામાં આવ્યું છે.

વેણુગીતના બારમાં શ્લોકમાં શ્રીકૃષ્ણનું રૂપ અને શીલ જોઈએ અને તેમની વેણુનું ગીત સાંભળીને, વિમાનમાં સ્થિત દેવીઓની વેણીમાંથી પુષ્પો ખરી પડયાં અને તેમને મૂર્છા આવી. તથા દેવો પણ મોહ પામી ગયા. તેથી તેઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. એ જોતા શિવ વિરંચી દેવ સ્તુતે – એ પદ કૃષ્ણ અને યમુનાજી ઉભયમાં વીર્ય ધર્મ હોવાનું પ્રતિપાદન કરે છે.

**ઘનાઘનનિભે:** ગાઢ મેઘ સમાન કાંતિ હોવા પણુ બન્નેમાં છે જ. અને યમુનાજીનાં સ્વરૂપ અને સૌંદર્ય જોઈને સૌ કોઈ વિસ્મય પામે છે. યમુના કિનારે પ્રકટ થયેલા શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ જોઈ, તેમની રૂપ, ગુણ, લીલા અને મુરલી માધુરી નિરખીને, શ્રીવલ્લભે વિસ્મય પામીને તેનું વર્ણન કરતું મધુરાષ્ટકમ્ રચ્યું. અને શ્રીગોકુલનું સ્થાન શોધતા બાલ સરસ્વતી શ્રીવલ્લભની સામે અદ્ભુત સૌંદર્યશાલી યમુનાજીને ઊભેલા જોઈને આશ્ચર્ય પામી શ્રીવલ્લભે કહ્યું, **''તવ સ્વરૂપમ્ અતિ અદ્ભુતમ્''** અને આપશ્રીએ યમુનાષ્ટકમ્ ની રચના કરી. આ રીતે બન્નેનું સ્વરૂપ અદ્ભુત છે. શ્રીકૃષ્ણનું તો નામજ ઘનાઘનપણાનો નિર્દેશ કરે છે. કૃષ્ણ એટલે ઘનશ્યામ. યમુનાજી માટેનાં ભગવત વાકયોમાં યમુનાજી માટે **''કૃષ્ણાયાહસા તરલે''** જેવા શબ્દો દ્વારા યમુનાજીને કૃષ્ણા-ઘન-શ્યામ વર્ણવાળાં કહેવામાં આવ્યા છે. આમ કૃષ્ણ અને કૃષ્ણનામ દ્વારા બન્નેનું ઘનાઘનપણુ સૂચવાય છે.

આ રીતે તેમનાં નામ અને રૂપ ભગવદ્ સાદશ્યનું પ્રતિપાદન કરે છે. તેમના વિસ્મયકારક સ્વરૂપને જોઈને, તેમની સ્તુતિ કરે છે. અને એ રીતે તેમના યશનું ગાન કરે છે. **સ યશો યદિ વિમૂઢાનાં પ્રત્યાક્ષાસકિત વારણાત્** – આ શ્લોકમાં દર્શાવવામાં આવેલ યશ ધર્મનું નિરૂપણ આ પદ દ્વારા થાય છે. મૂઢ પ્રાણીઓની 'પ્રત્યક્ષ વસ્તુ' માંથી આસક્તિ દૂર કરીને તેમને પોતાના ધર્મમાં કે સ્વરૂપ-સૌંદર્યમાં યોજવામાં આવે ત્યારે યથાર્થમાં યશઃ થયા; એવું શ્રીમહાપ્રભુજી કહે છે. વેણુગીતના તેરમા શ્લોકમાં તેનું વર્ણન છે. વેણુગીત સાંભળીને, ઊંચા કરેલા કાન વડે શ્રીકૃષ્ણના મુખચંદ્રમાંથી નીકળતા વેણુગીત રૂપી અમૃતનું પાન કરતી ગાયો અને પોતાના મુખમાંથી સ્તનના દૂધનો ગ્રાસ (કોગળો) પાડી નાખતાં વાછરડાંઓ હર્ષાશ્રુયુકત બનીને, પોતાના નયનો વડે

ગોવિંદનું અંતર દર્શન કરે છે.

જેના સૌંદર્યના દર્શન માત્રથી, અન્ય પદાર્થો કે પ્રાણીઓ પ્રત્યેની આસક્તિનું વિસ્મરણ થાય એ સૌંદર્યને વાણીનો વિષય ન બનાવી શકાય. વાછરડાં જેવાં મૂઢ પ્રાણીઓએ પ્રત્યક્ષ વસ્તુ-દૂધનો કોગળો અથવા તૃણ-પ્રત્યેની આસક્તિ છોડી દીધી અને કૃષ્ણાનું સૌંદર્ય જોઈ હર્ષાશ્રુયુક્ત બની ગયાં તે સૌંદર્ય (ભગવાનનું એ વિસ્મયકારક સૌંદર્ય) તેમના યશ ધર્મને અભિવ્યક્ત કરે છે. શ્યામ-શ્યામા બન્નેમાં એ ધર્મ સમાન રૂપે છે જ. કારણ કે યમુનાજીનું સ્વરૂપ સૌંદર્ય વાસ્તવમાં કૃષ્ણનું સ્વરૂપ-સૌંદર્ય જ છે.

**નોંધ :** ઘનાઘનની સંધી છોડતા ઘન અને અઘન એવા બે શબ્દો મળે છે. ઘન એટલે ઘનીભૂત રસાત્મક શ્રીકૃષ્ણ અને અઘન એટલે ઘન નહીં એવા દ્રવીભૂત રસાત્મિકા શ્રીકૃષ્ણા. એ બન્ને યુગલ સ્વરૂપોનું અદ્‌ભૂત સંયોજન એટલે ઘનાઘનનિભે. એ અર્થમાં ઘનાઘનનિભે એ પદને દશ-દિંગત-વિજયી શ્રીપુરુષોત્તમજીએ વિશેષણ નહીં, વિશેષ્ય માન્યું છે. તેથી તેમણે એ પદને ધર્મ સ્વરૂપ નહીં પણ ધર્મીસ્વરૂપ ગણ્યું છે. એ અર્થમાં આપશ્રીની એ માન્યતા યથાર્થ છે.

**ધ્રુવ પરાશરાભિષ્ટદે :** આ પદ દ્વારા બન્નેના 'શ્રી' ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પદનો અર્થ છે ધ્રુવ અને પરાશરને તેમની ઈષ્ટ ઈચ્છિત વસ્તુ (અભિષ્ટ) આપનાર શ્યામ શ્યામા (યમુનાજી). ધ્રુવ પરાશરે શ્રીયમુનાજીના તટ પાસે તપસ્યા કરી હતી. ત્યારે શ્રીયમુનાજીએ પોતાના સાન્નિધ્યથી અને શ્રીકૃષ્ણે પ્રકટ થઈને બહુજ પ્રસન્નતા-પૂર્વક તેમને અભીષ્ટ એવાં જ્ઞાન અને ઐશ્વર્યનું ફલદાન કર્યું હતું. પરાશરને જ્ઞાન અભિષ્ટનું અને બાળક ધ્રુવને ઐશ્વર્ય (રાજ્યગાદી) અભીષ્ટ હતું. યુગલ સ્વરૂપે તે તેમને આપ્યું. જે પોતાના સેવકો (ભક્તો)ને ઐશ્વર્ય અને જ્ઞાન પ્રદાન કરીને તેમનો ઉપભોગ તેમની પાસે કરાવી શકે તેવા સ્વામીની 'શ્રી' અર્થાત વૈભવ કેવો હોય?

**શ્રિયો હિ પરમાકાષ્ઠા સેવકાસ્તાદશા યદિ ।** અર્થાત્ 'શ્રિ' ની પરાકાષ્ઠા એ જ કે સેવકો પણ શ્રી યુકત થાય. ધ્રુવ અને પરાશરને શ્રીયુકત કરવા

દ્વારા, કૃષ્ણ અને યમુનાજીમાં શ્રી ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

વેણુગીતના ચૌદમાં શ્લોકમાં સુંદર શાખાવાળી વૃક્ષ ડાળો ઉપર બેઠેલાં પક્ષીઓ અને ત્યાં ઉપસ્થિત મુનિયો શ્રીકૃષ્ણચંદ્રની વેણુનું વિસ્ફારિત અને સ્થિર નજરે મધુર ગીત સાંભળતાં હતાં. એ સંદર્ભમાં શ્રીમહાપ્રભુજી ઉપર ઉલ્લિખિત-શ્રિયો હિ પરમાકાષ્ઠા.... એવું કથન કરે છે. તેમાં આપશ્રી આજ્ઞા કરે છે કે 'શ્રિ' ની પરમોચ્ચ સ્થિતિ એ છે કે શ્રીયુકત ભગવાન અને યમુનાજીના સેવકો પણ 'શ્રિ' યુકત બને છે. ધ્રુવ પરાશર તેમના આશ્રમે રહીને શ્રીયુકત બન્યા છે. તેથી યમુનાજીમાં અને કૃષ્ણમાં પણ 'શ્રી' ધર્મ છે એવું સિદ્ધ થાય છે.

**નોંધ :** શ્રીપુરુષોત્તમજીએ તો ઘનાઘનનિભેને સ્વરૂપગત ધર્મીપદ આપ્યું છે. તેથી આપશ્રીના મત પ્રમાણે ધ્રુવ પરાશરા ભિષદ પદમાં યશ ધર્મનું નિરૂપણ છે. મનુષ્યની (દાન) આપવાની શક્તિ દ્વારા જ તેનો યશ ફેલાય છે. અહીં શ્રીયમુનાજી તથા શ્રીકૃષ્ણે ધ્રુવ પરાશરને તેમનું અભીષ્ટ આપ્યું તેથી તેમનો યશ ફેલાયો. આ રીતે આ પદમાં ઉભયના 'યશ' ધર્મનું નિરૂપણ છે એવું શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે.

**વિશુદ્ધ મથુરા તટે :** મથુરા નગરી વિશુદ્ધ છે એટલે કે દોષ માત્રથી રહિત છે. પૃથ્વી ઉપરના અન્ય ભૂમિ ભાગોમાં અનેક પ્રકારના દોષો હોવાનો સંભવ છે. પરંતુ આ ભૂમિ પ્રદેશ (મથુરા)માં કોઈ પણ પ્રકારના દોષો સંભવી શકતા નથી. તેના બે પ્રમુખ કારણો છે.

(૧) ભગવાને પ્રકૃતિનાં બધા તત્ત્વોને ઉત્પન્ન કર્યાં. પછી **તત્સૃષ્ટ્વા તદૈવાનુપ્રાવિશત્** એટલે કે તેમને ઉત્પન્ન કરીને પછી પોતે તેમાં પ્રવેશ કર્યો. તેથી ભગવાનની સ્થિતિ બધાં તત્ત્વોમાં હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ બધાં તત્ત્વોમાં જે એક ભૂમિતત્ત્વ છે એ ભૂમિતત્ત્વના એક ભાગ રૂપ જે મથુરાપુરી છે તેમાં તો ભગવાનની નિત્ય સ્થિતિ છે. **''મથુરા ભગવાન્ યત્ર નિત્ય સન્નિહિતો હરિઃ''** એવું સ્પષ્ટ કથન છે. એટલે કે ભગવાન મથુરામાં નિરંતર વિરાજમાન છે તો એવી મથુરાપુરી વિશુદ્ધ મથુરામાં નિરંતર વિરાજમાન છે, તો

એવી મથુરાપુરી વિશુદ્ધ હોય તેમાં શું આશ્ચર્ય !

(૨) મથુરાપુરી શ્રીયમુનાજીના તટ ઉપર છે. પરિણામે તે પ્રભુની લીલાસ્થલી છે. નિત્ય લીલા વિનોદી ભગવાન પ્રકટ રીતે ત્યાં બિરાજીને લીલા કરે છે. તેથી મથુરાને બધી રીતે શુદ્ધતા મળી રહે છે. મથુરાને નિત્ય ભગવદ્ સાન્નિધ્ય મળતું હોઈ, ત્યાં વસનારને ભક્તિ પણ સિદ્ધ થાય છે. અને ભક્તિ એ જ્ઞાનનું કાર્ય છે. (સ્વરૂપ જ્ઞાન થતાં પ્રેમ ઉદ્ભવે તેનું નામ ભક્તિ) તેથી આ વિશુદ્ધ મથુરા તટે પદમાં જ્ઞાન ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

મથુરાને લીલામય ભગવાનનું નિત્ય સાન્નિધ્ય મળી શક્યું છે. આમ તો મથુરા મુક્તિ દાયિની છે. પરંતુ ભગવાનના નિત્ય સાન્નિધ્યને કારણે તેના સ્વભાવનો વિજય થતાં તે ભક્તિ દાયિની બની ગઈ છે; તે જીવોને ભક્તિ ભાવનું દાન કરે છે. સ્વભાવનો વિજય ક્યારે થાય ? જ્યારે જીવને ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે. જ્ઞાન દ્વારા સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય ત્યારે તેનો જ્ઞાનોત્કર્ષ કહેવામાં આવે છે - જ્ઞાનોત્કર્ષસ્તદેવસ્યાત્ સ્વભાવ વિજયો યદિ-

વિશુદ્ધત્વ એ જ્ઞાનનું કાર્ય છે. કારણ કે જ્ઞાનમાં નિર્મળ બનાવવાની શક્તિ છે. ભગવદ્ સાનિધ્ય અને યમુના સામિપ્યને કારણે મથુરા વિશુદ્ધ બની છે. તેનો જ્ઞાનોત્કર્ષ થયો છે. પરિણામે તેના સ્વભાવનો વિજય થતાં તે મુક્તિ દાતાને બદલે ભક્તિ દાતા બની રહી છે.

જ્ઞાન દ્વારા સ્વભાવ પર થતા વિજયનું વર્ણન કરવા માટે વેણુ ગીતમાં એક શ્લોક છે. તેનો ભાવ આ પ્રમાણે છે.

ભગવાનના વેણુગીતને સાંભળીને આવર્તનો વડે લક્ષિત કામવેગથી નદીઓની ગતિ રોકાઈ ગઈ. તેથી તેઓ પોતાના તંરોગો રૂપી ભુજાઓ વડે, કમલનું સમર્પણ કરીને, મુરારીના (તેને આલિંગન કરવા માટે સ્થિર થયેલા) ચરણ યુગલનો સ્પર્શ કરવા લાગી. પરિણામે તેની ગતિ રોકાઈ ગઈ.

ગતિ (વેગ) નદીઓનો સ્વભાવ છે. એટલા માટે તેને સરિતા (સરી જતી-પ્રવાહિત) કહેવામાં આવે છે. અહીં નદીઓએ પોતાના સ્વાભાવિક

ગતિવેગમાં પરિવર્તન કર્યું છે. અને પોતે સ્થંભિત થઈ ગઈ છે. (સ્થિર) આ રીતે સ્વભાવ વિજય થતાં જ્ઞાનનો ઉત્કર્ષ થયો છે.

અહીં વિશુદ્ધ મથુરા તટે વિશેષણ દ્વારા જ્ઞાન ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રીપુરુષોત્તમજી પણ એવુંજ માને છે. આપશ્રીના મત પ્રમાણે આ પદ દ્વારા (વિશુદ્ધ મથુરા તટે) જ્ઞાન ધર્મનું નિરુપણ કરવામાં આવ્યું છે.

**સકલ ગોપ-ગોપી વૃતે :** એટલે કે બધા ગોપો અને ગોપીઓ વડે ઘેરાયેલાં. આ વિશેષણ દ્વારા બન્ને ભગવદ્ સ્વરૂપોનો વૈરાગ્ય ગુણ સૂચવાય છે. ભગવાનની આસક્તિ કેવળ નિજ ભક્તોમાં છે. આમ તો બધાં જ પ્રાણી અને બધા પદાર્થો ભગવાનને પ્રિય છેઃ પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતાના બારમા અધ્યાયમાં ભગવાને પોતાના ભક્તો પોતાને પ્રિય છે. (સ મે પ્રિયા) એવું શ્રીમુખે કહ્યું છે. અને એવા ભક્તોનાં લક્ષણો ગણાવ્યાં છે. તાત્પર્ય એ છે કે નિજ ભક્તોમાં ભગવાનની આસક્તિ છે; અને તેમના સિવાય બીજા બધામાં તેમની વિરક્તિ છે; વિરકિત એટલે અપ્રિયતા નહી, પરંતુ તટસ્થતા. નિજ ભક્તોમાં આસક્તિ હોવાથી તેઓ પોતાના ભક્તોથી સદૈવ ઘેરાયેલા રહે છે. કેવળ ભક્તોમાં જ આસક્તિ એ તેમનો 'વૈરાગ્ય' ગુણ કહેવાય.

શ્રીયમુનાજીનો પણ નિત્ય સંબંધ ગોપ-ગોપી સમાજની સાથે છે. કારણ કે તેમની સન્નિધિમાં જ કૃષ્ણની લીલા સદૈવ થતી રહે છે. ભક્તોના અભાવે ભગવાન સંતપ્ત બની રહે છે. શ્રીયમુનાજી ભક્તોનું ભગવાન સાથે મિલન કરાવી આપે છે અને એ રીતે તેઓ ભક્તોના અભાવને દૂર કરાવે છે. એટલે કે તેઓ ભગવાનના ભક્તોના વિરહજન્ય સંતાપનું શમન કરે છે. યમુના હરિનો સંતાપ હરે છે, અને ભક્તોને હરિની પ્રીતિનું સંપાદન કરાવી આપીને તે પોતે પરમ સુખ પામે છે. આનું નામ શ્રી યમુનાજીના વૈરાગ્ય ગુણનો ચરમ ઉત્કર્ષ. વૈરાગ્યનો અર્થ જ એ છે. ભગવાનનાં ચરણ યુગલમાં પોતાના સર્વસ્વના સમર્પણ દ્વારા પ્રીતિ રાખવી એનું નામ વૈરાગ્ય.

વેણુગીતમાં વૈરાગ્યનું નિરૂપણ આ રીતે કર્યું છે ''બલરામ અને

ગોપીની સાથે વ્રજ પશુઓને ચરાવતા અને બંસી નાદ કરતા પોતાના જેવા ઘનશ્યામ કૃષ્ણને, આકરા તાપથી કલાંત જોઈને, સ્નેહાતિરેકથી સજલ નયનોવાળા સજલ વાદળોએ (મેઘે) જલબિંદુઓની ઝરમર રૂપી પુષ્પોની વૃષ્ટિ તેમના ઉપર કરીને, પોતાના શરીરને (મેઘોએ પોતે) કૃષ્ણના છત્રરૂપ બનાવી દીધું.

આ રીતે શ્યામ ઘને (વાદળોએ) અલ્પ નિવેદનપૂર્વક કૃષ્ણના તાપનું શમન કર્યું છે. તેમ કરવામાં પોતાના શુભ પ્રતિનો તેનો વૈરાગ્ય સ્પષ્ટપણે જોઈ શકાય છે. વૈરાગ્યની વ્યાખ્યા આવી છે – **હરેશ્ચરણયોઃ પ્રીતિઃ સ્વસર્વસ્ય નિવેદનાત્ ઈતિ વૈરાગ્ય,** નિજ શુભો પ્રત્યે વિરાગ અને ભગવાન પ્રત્યે અનુરાગ એટલે જ વૈરાગ્ય.

ગો. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે 'સકલ ગોપ-ગોપી વૃતે' વિશેષણ દ્વારા ઉભય પક્ષના 'શ્રી' ધર્મનું નિરૂપણ થાય છે. શ્રી (શોભા) ને જ્યારે આવરણમાં (ઘુંઘટમાં) રાખવામાં આવે ત્યારે તે વધુ નિખરે છે. ઘુંઘટમાં છુપાયેલ સૌંદર્ય વધુ પ્રાશિત થતું હોય છે. ગોપ-ગોપીઓ દ્વારા ઘેરાયેલા હોવાથી ભગવાનની શોભા વધુ પ્રકાશિત બને છે. ગોપીઓના ગૌર વર્ણની વચમાં સ્થિત કૃષ્ણનો શ્યામ વર્ણ વધુ સલુણો-લાવણ્યમય બને છે. ''જા તન કી ઝાંઈ પડે શ્યામ હરિત દુતિ હોય.'' આથી આપશ્રીના મત પ્રમાણે આ વિશેષણથી ઉભય પક્ષના શ્રીગુણનું નિરૂપણ કરવામાં આવે છે.

**કૃપા જલધિ સંશ્રિતે** – કૃપા રૂપી સાગરના આશ્રયરૂપી તો કેવળ શ્રીકૃષ્ણા જ છે. એટલે કે કૃષ્ણ જ કૃપા સાગર છે. કૃપા એ કૃષ્ણનો નિત્ય આવિર્ભૂત ધર્મ છે. તેથી તે પ્રભુનું સ્વરૂપ છે. પ્રભુના બધા ધર્મો નિત્ય છે. પરંતુ તે બધા નિત્ય પ્રકટ નથી. જે લીલાના સમયે જે ધર્મનો ઉપયોગ હોય તે લીલાના સમયે તે ધર્મનો આવિર્ભાવ થાય છે. અન્ય સમયે તે ધર્મ તિરોહિત રહે છે. જ્યારે કૃપા (અનુગ્રહ) તો નિત્ય આવિર્ભૂત રહે છે. પ્રભુની કૃપા (કૃષ્ણાનુગ્રહ) કયારેય પણ તિરોહિત થતી નથી. **અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ,** અનુગ્રહ તો ગુણનો તિરોહિત થાય તો સૌનું નિયમન કોણ કરે ? આથી પ્રભુ સદા સર્વદા કૃપાયુકત બની રહે છે. તેથી કૃપા ગુણ. પ્રભુના

સ્વરૂપનું પ્રતિ પાદન કરે છે.

શ્રીયમુનાજી પણ કૃપાના સાગર એવા શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહે છે. બીજી બધી નદીઓ ભૌતિક-લૌકિક સમુદ્રને મળે છે, પરંતુ શ્રીયમુનાજી તો કૃપા જલધિ રૂપ શ્રીકૃષ્ણને જ મળે છે. તેમની સાથે જ તેમનો સંગમ થાય છે. પરિણામે તેમની સંગતિથી જીવની ભગવાન સાથે સંગતિ સધાય છે. એટલા માટે આ પદ શ્રીયમુનાજીના સ્વરૂપનું પણ પ્રતિપાદન કરે છે.

**કૃપાજલધિસંશ્રિતે** - એ પદનો અર્થ આ રીતે કરવાનો છે - કૃપાના સમુદ્ર જેનો આશ્રય હંમેશા માટે લીધો છે એવા શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી. ભગવાન નિરવધિ (કોઈ અવધિ સુધી જ નહીં, પરંતુ નિત્ય, હંમેશા) કૃપામય છે. શ્રીયમુનાજી આ કૃપાજલધિમાં, જેમ સમુદ્રમાં સરિતા મળે તેમ મળી ગયાં છે. એટલે કે એકરૂપ બની ગયાં છે. તેથી તે બન્નેનું સ્વરૂપ એક થઈ ગયું છે.

ગો. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે કૃપા જલધિ સંશ્રિતે એ વિશેષ્ય (ધર્મીરૂપ) નથી પરંતુ તે તો ધર્મીનો ધર્મ (વિશેષણ) છે અને તેમાં ઉભય ભગવદ્ સ્વરૂપોના વૈરાગ્ય ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જે વિરાગી હોય તે જ સર્વ પ્રત્યે કૃપાળુ હોઈ શકે. રાગીમાં વહાલાં દવલાંનો ભાવ રહેતો હોય છે. રાગમાં સ્વાર્થવૃત્તિ રહે છે. ભગવાને કહ્યું છે - **નાહમાત્માનમાશાસે મદ ભક્તૈઃ સાધુભિર્વિના** એટલે કે મારા સાધુ ભક્તો સિવાય ભગવાનને પોતાનામાં પણ વૈરાગ્ય રહે છે. એવા કૃપાસાગર ભગવાનની આશ્રિતા હોવાથી યમુનાજીનો પણ એ જ ગુણ છે - કૃપા કરીને જીવોને પ્રભુ સાથે મેળવી આપવાનો એ અલૌકિક ગુણ છે.

**મમ મનઃ સુખં ભાવય** - આવા અલૌકિક ષડગુણો વાળા હે યુમનાજી, આપ મારું શુભ વિચારો. એવું કહેવામાં આવ્યું છે કે શ્રીમાન પ્રભુચરણ શ્રીગુસાંઈજીના સેવક કિશોરીબાઈ આ શ્લોકના ઉત્તરાર્ધ -

**વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપગોપીવૃતે**
**કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।**

નું રટણ નિત્ય કરતાં હતાં. પરિણામે કૃપા સાગર શ્રીહરિનાં આશ્રિતા

એવા શ્રીયમુનાજીએ તેમનું શુભ વિચાર્યું હતું.

મનનું શુભ વિચારવું એટલે શું ? એ સમજતા પહેલાં શુભ એટલે શું તે જાણવું પડશે. સુખ મળવાથી મનને આનંદ થાય. ઈન્દ્રિયોનું શુભ મળતાં વિષયાનંદની પ્રાપ્તિ થાય. જ્ઞાની પુરુષોને પ્રભુના ગુણોનું જ્ઞાન થવાથી બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય. અને ભક્તોને પ્રભુના સ્વરૂપનો અનુભવ થવાથી સ્વરૂપાનંદ (ભજનાનંદ) થાય. આમાં સ્વરૂપાનંદ એ જ સાચું સુખ છે. તેથી અહીં કહેવામાં આવ્યું છે કે હે યમુનાજી તમે મારા મનનું સુખ વિચારો અર્થાત મને પ્રભુ શ્રીકૃષ્ણ અને આપ શ્રીયમુનાજી એ બન્નેના સ્વરૂપાનંદનો અનુભવ કરાવો. તેમાં જ મારું સાચું સુખ છે. બીજા કશામાં નહીં.

સ્વરૂપાનંદની પ્રાપ્તિ જીવને ત્યારે જ થાય જ્યારે જીવ ઉપર કૃપા કરીને ભગવાન પોતે તે જીવને નિજ સ્વરૂપનો અનુભવ કરાવે. બીજા કોઈ પણ સાધનથી સ્વરૂપાનંદની પ્રાપ્તિ થતી નથી. ભગવદ્ કૃપા એ જ માત્ર સ્વરૂપાનંદને પ્રાપ્ત કરાવી આપી શકે છે. તેથી આ શ્લોકના અંતે શ્રીમહાપ્રભુજીએ કહ્યું. ''હે ષડગુણ સંપન્ન, શ્રીયમુને ! ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય એવું સુખ (આનંદ) મને કરાવી આપવાનું આપ વિચારો. આપ એ પ્રમાણે કરાવી આપવા સમર્થ છો. કારણ કે આપ ભગવાન સાથે સમાન ધર્મી છો.

આ શ્લોકમાં શ્રીયમુનાજી પોતે ભગવત્-સમાન-ધર્મી હોવાને કારણે આપશ્રીના ભગવત્ સંબંધ સંપાદકત્વ નામે ચતુર્થ ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે શ્રીમદાચાર્યચરણે પહેલાં ચાર શ્લોકમાં શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કરીને તેમની સ્તુતિ કહી. પરંતુ તેમના ઉત્કર્ષનું યથોચિત વર્ણન કોઈ કરી ન શકે. તે સમજાવવા માટે આપશ્રી આજ્ઞા કહે છે કે ગંગાજી જેવા ભગવદીયોમાં પણ જે ઉત્કર્ષનું સ્થાપન કરી શકે છે એવાં શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીના થતા ઉત્કર્ષનું વર્ણન કરીને તે દ્વારા યમુનાજીની સ્તુતિ કરે છે.

**યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા**
**સમાગમનતોऽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ।।**

**તયા સદૃશતામિયાત્ કમલજાસમપત્નીવ યદ્-**
**હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ।। ૫ ।।**

**ભાવાર્થ :** જેમની સાથે સમાગમ થતા (સંગમ થતાં) ભગવદ્ ચરણારવિંદમાંથી પ્રકટ થયેલાં ગંગાજી પણ પ્રભુનાં પ્રિયં ભાવુકા એટલે કે પ્રીતિપાત્ર બન્યાં છે અને તેમ થતાં નિજ સેવકોને સકલ સિદ્ધિનું દાન આપનાર બન્યા છે, એવાં શ્રીયમુનાજીની સાથે સમાનતા કરવાને માટે કોઈપણ શક્તિમાન ન હોઈ શકે. તેમ છતાં, જો કોઈ તેમની સમાનતા કરી શકે તો કદાચ તેમની સપત્ની (શોક્ય-લક્ષ્મીજી) કરી શકે; બીજું કોઈ નહીં. શ્રીહરિના ભક્તોના કલેશનો નાશ કરનાર હે યમુનાજી આપ મારા મનમાં નિરંતર સ્થિર રહો.

**વિવેચન :** ભગવાનનાં શ્રીચરણોમાંથી ગંગાજીનું પ્રાકટય થયું છે. એ જોતાં પ્રભુનાં ચરણકમળ એ કારણ છે. અને ગંગાજી તેનું કાર્ય ગણાયું. કૃષ્ણના ગુણો કાર્યમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે. પ્રભુનાં ચરણકમળ પૂર્ણ ગુણવાળાં અને સર્વદોષોથી રહિત છે. ત્રિવિક્રમ પ્રભુ (વામનજી) એ પોતાના ચરણ વડે ત્રણે લોક માપી લીધા. તે સમયે ત્રણે લોકને માપવા માટે તેમણે ઊંચો કરેલો ચરણ બ્રહ્મલોકમાં પહોંચ્યો તેમને જોઈને બ્રહ્માજીએ પોતાના કમંડલમાં રહેલા જળ વડે તેને ધોયો. તેમ કરતાં ભગવદ્ ચરણારવિંદની રજ એ જળમાં સમ્મિલિત થઈ. અને ભગવદ્ ચરણની રજ મિશ્રિત એ જળ બન્યું સ્વર્ગ ગંગા.

પછી એ સ્વર્ગ ગંગા સગર પુત્રોને મુક્તિ આપવા માટે પૃથ્વી ઉપર પધાર્યા. એવાં એ શ્રીગંગાજીમાં શ્રીહરિચરણના-ભગવદ્ ભક્તોને સર્વ સિદ્ધિ આપવા સહિતના બધા ગુણો છે. તેથી ગંગાજી પણ નિજ ભકતોને સકલ સિદ્ધિ સમર્પિત કરે છે. આ રીતે ગંગાજીનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણુ પ્રભુના ચરણથી ઉત્પન્ન થવાને કારણે સ્વયં સિદ્ધિ છે જ. તેમના એવા અલૌકિક ગુણોનો ઉત્કર્ષ મહાભારત, વામન પુરાણ તથા ભાગવત આદિ ગ્રંથોમાં વર્ણવવામાં આવ્યો છે. આ રીતે મર્યાદા માર્ગમાં તો તેમનું માહાત્મ્ય અત્યધિક વર્ણવેલું છે.

પરંતુ તેમનામાં અન્ય પ્રકારનું એટલે કે પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય કયારે આવ્યું તે બતાવતાં શ્રીવલ્લભ કહે છે કે ભગવચ્ચરણારવિંદમાંથી પ્રકટ થયેલાં ગંગાજી 'સમાગમનતો' એટલે કે શ્રીયમુનાજી સાથે તેમનો સંગાથ થવાથી 'પ્રિયં ભાવુકા' એટલે કે પ્રભુને પ્રિય અને 'સકલ સિદ્ધિદા' એટલે કે સકલ સિદ્ધિ આપનારાં થયાં છે. યમુનાજી સાથે સંગમ થતાં. યમુનાજીનું એક મહત્વનું ઐશ્વર્ય-તનુ નવત્વ કરાવવાનું ઐશ્વર્ય - ગંગાજીને પ્રાપ્ત થયું છે. પરિણામે તેઓ નિજ સેવકોને ભગવદ્ સેવામાં ઉપયોગી (સેવાપયોગી) દેહ આપવા રૂપી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યાં છે. અર્થાત યમુનાજી સાથે સંગમ થયા પછી તેઓ નિજ ભકતોને (જ્ઞાની છે જે એવા ભકતોને) પ્રભુના સેવકો બનાવી શકયાં છે અને તેમની પાસે પ્રભુને નિવેદન કરાવીને ભગવત્સેવા કરાવવાં લાગ્યાં છે. તેથી તેઓ પ્રભુને પ્રિય બન્યાં.

આ રીતે ગંગાજીમાં પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય આવી ગયું. પરિણામે જે રીતે શ્રીયમુનાજી જીવને તનુનવત્વની સિદ્ધિ કરાવી આપીને, પ્રભુના આનંદ માટે (રમણ માટે) નૂતન સૃષ્ટિ પ્રકટ કરે છે, તેમ ગંગાજી પણ તેવું જ કાર્ય કરી શકે છે. ટૂંકમાં ભગવદ્ આવેશ પામીને ગંગાજી પણ ભગવદ્ કાર્યોનું સંપાદન કરાવી શકે છે.

શ્રુતિમાં કહ્યું છે કે જ્યાં સિતા એટલે શ્વેત ગંગાજી અને અસિતા એટલે શ્યામ યમુનાજી નામે બે સરિતાઓનો સંગાથ થાય છે ત્યાં સ્નાન કરનાર જીવને દિવ્ય અલૌકિકત્વ પ્રાપ્ત થાય છે. દિવ્ય અલૌકિકત્વ એટલે ઉપર કહ્યું તેમ પ્રભુ સેવા માટે ઉપયોગી દિવ્ય દેહની પ્રાપ્તિ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે રાસલીલા પછી શ્રીકૃષ્ણ તથા ગોપીજનોને થાક લાગવાથી તેમના શરીર ઉપર સ્મરશ્રમ જલાણુઓ ઉદ્ભવ્યાં. ત્યાર પછી ભગવાને યમુનાજીમાં જળ -ક્રીડા કરતાં તે જળકણો યમુનાજીના જળ સાથે ભળી ગયાં. ગંગાજીનો યમુનાજી સાથે સંગમ થતા યમુના જળમાં ભળેલાં તે જળકણો (સ્મર શ્રમ જળાણુઓ) નો ગંગાજીમાં પણ આવેશ થયો. તેમ થતાં સંગમ સ્થળે સ્નાન કરનાર જીવોને, ગંગાજી પણ સાક્ષાત સેવોપયોગી દેહ સંપાદન કરાવી આપીને, તેમની પાસે ભગવદ્ સેવા કરાવે છે. તેથી તેઓ

પણ ભગવાનને પ્રિય બન્યાં છે. યમુનાજીના આવેશથી યમુનાજી સદશ્ય કાર્ય શ્રીગંગાજી પણ કરે તો તેમાં શું આશ્ચર્ય !

ગંગાજીનો સંગમ યમુનાજી સાથે થતાં તેઓ મુરારિને પ્રિય થયાં એવું કહેવામાં આવ્યું છે. તો શું આપણે એમ માનવું કે સંગમ થતાં પહેલાં તેઓ ભગવાનને અપ્રિય હતાં ? બધા ટીકાકારો એ પ્રશ્નનો જવાબ હા માં આપે છે. તેઓ કહે છે હા ગંગાજી અપ્રિય હતાં કારણ કે ગંગાજળ તો ભગવાનનું ચરણ પ્રક્ષાલનનું જળ છે. અને ચરણ ધોયેલું જળ ત્યજવા યોગ્ય ગણાય.

પરંતુ મારી મંદ બુદ્ધિ અનુસાર હું એવું વિચારું છુ કે ભગવાનનાં ચરણો ધોયેલું જળ ચરણોદક કહેવાય અને ચરણોદક તો અત્યંત પવિત્ર ગણાય. બ્રહ્માજીએ પ્રભુના પગ ધોયા. તે જળ અત્યંત પવિત્ર બન્યું. સ્વર્ગ ગંગા બન્યું. પગ ધોયેલું જળ પવિત્ર ન હોય તો ભગવાનના ચરણ ધોઈને તે એકઠું કરી રાખવા જેવું અઘટિત કાર્ય બ્રહ્માજી શા માટે કરે ? તેથી ઊલટું એ જળ એટલું બધું પવિત્ર બન્યું કે દેવો અને માનવો બધાજ ભકતો તેને આંખે લગાડે છે, માથે મૂકે છે. તેનું આચમન કરે છે. તેમાં સ્નાન કરે છે. અરે ! દેવાધિ દેવ એવા મહાદેવ તો તે જળને પોતાના મસ્તક ઉપર ધારણ કરી રાખે છે. જો એ જળ પ્રભુને પ્રિય ન હોય તો સૌ આ પ્રમાણે કરે ખરા ? અને કરે તો પ્રભુને ગમે ખરું?

આથી ગંગાજળ ચરણ પ્રક્ષાલનનું જળ હોવાથી, ગંગાજી પ્રભુને અપ્રિય હતાં એવું કહેવાનું મને ઠીક લાગતું નથી. વળી આ પહેલાં કહ્યું છે કે ગંગાજી એ તો ભગવાનના શ્રીચરણકમળરૂપી કારણનું કાર્ય છે; કારણ કે તેઓ શ્રીચરણોમાંથી ઉત્પન્ન થયાં છે. તેથી શ્રીજીનાં ચરણકમળ રૂપી કારણમાં જે નિર્દોષતા, પૂર્ણ ગુણતા અને ભક્તિરૂપતા હોય તે બધી ગંગાજી રૂપી કાર્યમાં હોય જ અને છે જ. તો પછી તે પ્રભુને અપ્રિય કેવી રીતે હોય !

આથી મારી તુચ્છ બુદ્ધિ અનુસાર, યમુનાજી સાથે સંગમ થયો તે પહેલાં ગંગાજી પ્રભુને અપ્રિય હતાં એવું કહેવાને બદલે હું આ પ્રમાણે કહીશ – ‘‘યમુનાજી સાથે સંગમ થતા પહેલાં ગંગાજી, પ્રભુને જેટલાં પ્રિય હતાં તેથી વધુ પ્રિય તેઓ શ્રીયમુનાજી સાથેના સંગમ પછી થયાં. કારણ કે સંગમ પહેલાં

તેમનામાં મર્યાદામાર્ગીય માહાત્મ્ય વિપુલ પ્રમાણમાં હતું : પરંતુ સંગમ પછી તેનામાં પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય પ્રચુર માત્રામાં આવી ગયું. તેથી પુષ્ટિ પ્રભુને તેઓ વધુ પ્રિય બન્યાં.

શ્રીયમુનાજી સાથે સંગમ થતાં, ગંગાજીને પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય સિદ્ધ થયું છે એ હકીકત છે; અને એ પ્રભાવ શ્રીયમુનાજીનો છે. આવાં અતુલિત પ્રભાવશાળી યમુનાજીનાં યથોચિત ગુણ માહાત્મ્ય આદિનું વર્ણન કોણ કરી શકે? કોઈ પણ નહીં અને જ્યારે તેમના માહાત્મ્યનું વર્ણન જ ન કરી શકાય ત્યાં તેમની બરોબરી કરનાર કોણ હોઈ શકે ? ત્યાં શ્રીમહાપ્રભુજીને લક્ષ્મીજીનો વિચાર આવતાં, આપશ્રીએ કહ્યું, ‘‘કદાચ તેમની બરોબરી (સમાનતા) જો કોઈ કરી શકે તો કેવળ લક્ષ્મીજી જ કરી શકે. કારણ કે લક્ષ્મીજી ભગવાનની પત્ની અને યમુનાજીની સપત્ની છે. અને તેઓ એકલાં જ યમુનાજી જેવાં સૌભાગ્યશાળી છે. તેઓ નિરંતર પ્રભુના હૃદયમાં બિરાજે છે. અને શ્રીહરિની પાદસેવા નિત્ય કરે છે. કદાચ તેમણે શ્રીહરિની પાદસેવા કરવાનો એકાધિકાર જમાવી દીધો છે.

તેમ છતાં, એવાં એ લક્ષ્મીજીને પુષ્ટિમાર્ગીય લીલા સાથે કોઈ સંબંધ નથી. પુષ્ટિ પ્રભુ શ્રીકૃષ્ણની લીલાઓ સાથે તેમનો સંબંધ બહુ સ્વલ્પ છે. કેવળ દ્વારકાલીલામાં તેમનો સંબંધ જોઈ શકાય છે.

વળી લક્ષ્મીજી નિજ ભક્તોનો આધ્યાત્મિક ઉત્કર્ષ સાધી શકતો નથી. તેઓ પોતાના ભક્તોને ઉત્તમ ફલદાન કરી શકતાં નથી. નિજ ભક્તોના કલિ સુલભ દોષોને દૂર કરવાની વાત તો દૂર રહી તેઓ તો તેમને (નિજ ભક્તોને) કલિના પાશમાં ગૂંચવીને - માયા જાળમાં ફસાવીને - તેમનો ભ્રાંત કરે છે. લક્ષ્મીજીના ભક્તોને લક્ષ્મીજી પ્રાપ્ત થતાં તેઓ ભગવાનને ભૂલી જાય છે. લક્ષ્મીજી ભગવાનનાં સ્વપત્ની તો છે જ પરંતુ ઉપર્યુક્ત કારણવશ કોઈપણ ભક્ત કેવળ લક્ષ્મીજીનો ભક્ત બનતો નથી. તે લક્ષ્મીનારાયણનો ભક્ત બને તો તેની ભ્રાંતિ મટે અને તે આધ્યાત્મિક ઉન્નતિ તરફ પગલાં પાડી શકે.

આ રીતે યમુનાજી અને લક્ષ્મીજી બન્નેનું સૌભાગ્ય સમાન હોવા છતાં પ્રભુને લક્ષ્મીજી કરતાં યમુનાજી વધુ પ્રિય છે. કારણ કે તેઓ ભગવદ્ કાર્ય કરે

છે અને ભગવાનના ભક્તોને ભક્તિભાવ પ્રદાન કરીને તેમની પાસે ભગવદ્ ગુણગાન કરાવી શકે છે.

અહીં શ્રીમહાપ્રભુજીએ યમુનાજીને કલિંદયા કહ્યા છે. કલિંદયા એટલે કલિરૂપી દોષોનો નાશ કરનાર અને એ રીતે ભક્તોને ભક્તના માર્ગે ચલાવનાર.

આવાં અતુલિત ઐશ્વર્ય વાળા હે યમુનાજી ! આપ મારા મનમાં સદા સ્થિર રહો. (સ્થિતિ કરીને રહો) આ શ્લોકમાં કાલિન્દયા શબ્દ દ્વારા યમુનાજી ''કલિ સુલભ દોષ નિવારક'' નામે પાંચમાં ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે પાંચમા શ્લોકમાં યમુનાજીનું સાદૃશ્ય (સમાનતા) કોઈ પણ ધરાવી ન શકે એવું કહીને, તેમના ગુણો આદિનું વર્ણન કરવાની જીવની આસકિત પ્રકટ કરવામાં આવી છે. તો પછી જીવે શું કરવું ? જો એમ છે તો હવે શ્રીયમુનાજીને નમન કરવાની ભાવના જીવમાં જાગે તે માટે પણ ભગવદ્ અનુગ્રહની જરૂર રહે છે. પ્રભુની કૃપા ન થાય ત્યાં સુધી જીવમાં શ્રીયમુનાજીને નમન કરવાની ઈચ્છા જ ઉદ્ભવતી નથી. આથી શ્રીમહાપ્રભુજી છઠ્ઠા શ્લોકની શરૂઆત શ્રીયમુનાજીને નમસ્કાર કરીને કરે છે.

**નમોઽસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતં**
**ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃપાનતઃ ।।**
**યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ**
**પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ।। ૬ ।।**

**ભાવાર્થ :** હે યમુને ! આપને સદૈવ નમસ્કાર હો. આપનું ચરિત્ર અતિ અદ્ભુત છે. આપનું પયપાન (જલનું પાન) કરવાથી યમ-યાતના કદી થતી નથી. કારણો-પોતાના ભાણેજો ગમે તેટલા દુષ્ટ હોય તો પણ યમરાજ તેમને કદી ન મારે (યમપાશમાં ન બાંધે); આપની સેવા કરવાથી, જે રીતે કાત્યાયની વ્રત કરનાર કુમારિકા ગોપીજનો પ્રભુને પ્રિય બન્યાં હતાં તે રીતે જીવ પ્રભુને પ્રિય બની જાય છે.

**વિવેચન :** આ રીતે શ્રીયમુનાજીનું સાદૃશ્ય (સરખામણી) કોઈથી પણ ન થઈ શકે એવું કહીને તેમનું અધિક વર્ણન કરવાની જીવની અશકિત પ્રકટ

કરવામાં આવી છે. જો યથાયોગ્ય વર્ણન ન કરી શકાય તો શું કરવું ? તો હવે શ્રીયમુનાજીને નમસ્કાર કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને નમન પણ ભગવદ્ અનુગ્રહ હોય તો જ થાય એટલા માટે છઠ્ઠા શ્લોકની શરૂઆત નમોસ્તુ શબ્દથી કરવામાં આવી છે.

યમુનાજી ભક્તોનો ઉત્કર્ષ સાધી આપે છે. અને તેમને ભક્તિદાન આપીને તેમને ઉદ્ધાર કરે છે. આવાં શ્રીયમુનાજી જીવ માત્રને માટે ઉપકારક છે. આપણાં ઉપર જે ઉપકાર કરે તેના ઉપર ઉપકાર કરીને આપણે તેના ઋણમાંથી મુકત થઈ શકીએ છીએ. પરંતુ શ્રીયમુનાજીના અનેક-વિધ ઉપકારોનો યત્કિંચિત બદલો વાળી શકાતો નથી. તો પછી કરવું શું ? તો કે બે હાથ જોડી મથું નમાવી નમસ્કાર કરવા.

પરંતુ જીવ કદાચ યમુનાજીને નમસ્કાર કરવા ઈચ્છે તો પણ તેના મનમાં યમુનાજીને નમન કરવાની ભાવના થવી અતિ દુર્લભ છે. જીવનું એ સૌભાગ્ય કયાંથી કે તે યમુનાજીને નમન કરી શકે ! જીવ કોઈને પણ ત્યારે જ નમન કરી શકે જ્યારે નમન પાત્ર વ્યક્તિના માહાત્મ્યનું જ્ઞાન હોય. જેમકે જીવ ભગવાનને નમન જરૂર કરી શકે છે. **જીવસ્તુ ભગવતિ નમનમેય કાર્યં, ન અન્ય.** કારણ કે ભગવાનનું માહાત્મ્ય શાસ્ત્રોમાં વર્ણવેલું છે. તેમના માહાત્મ્યનું જ્ઞાન થતાં તેમને નમન કરવાનું જીવ માટે સુલભ બને છે.

પરંતુ યમુનાજીનું માહાત્મ્ય ત્યારે જ જાણી શકાય જ્યારે જીવનો પુષ્ટિ લીલાસૃષ્ટિમાં પ્રવેશ થાય. અને પુષ્ટિલીલાને અનુકૂળ ભાવથી તે સંપન્ન બને. માત્ર એવું થાય ત્યારે જ તે યમુનાજીનું માહાત્મ્ય સમજીને તેમને નમન કરી શકે. આમ, શ્રીયમુનાજીને નમન કરવું તે પણ દુર્લભ કાર્ય છે. તેથી આ શ્લોકના પ્રથમ ચરણમાં યમુનાજીને નમન કરવા રૂપી દુર્લભ સૌભાગ્યની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીની પ્રાર્થના કરવામાં આવી છે. અહીં નમોસ્તુ શબ્દ પ્રાર્થના વાચક બની ગયો છે. અને તેનો અર્થ આ પ્રમાણે સમજવાનો છે - **ત્વયિ નમનમપિ દુર્લભં; અતઃ પ્રાર્થ્યતે ।**

એટલા માટે તો શ્રીમહાપ્રભુજીએ ‘હે યમુનાજી ! હું આપને નમન કરું

છું એવું નથી કહ્યું; પરંતુ શ્રીયમુનાજીને નમસ્કાર હો એવું કહ્યું છે. એવું કહીને આપશ્રીએ સ્પષ્ટપણે કહ્યું છે કે 'ભગવત્પ્રિયા યમુનાજીને નમન કરવાનું અતિ દુર્લભ છે.'

તવ ચરિત્ર મત્યદ્ભુતમ્ - શ્રીકૃષ્ણનું ચરિત્ર અદ્ભુત છે, આચાર્યશ્રી નિબંધમાં આજ્ઞા કરે છે - **નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્ભુત કર્મણે.** આપશ્રી અદ્ભુત કર્મવાળા કૃષ્ણને નમસ્કાર કરવાની આજ્ઞા કરે છે. તેમાં સ્પષ્ટપણે કહ્યું છે કે કૃષ્ણનું ચરિત્ર અદ્ભુત છેઃ પરંતુ યમુનાષ્ટકમાં આપશ્રી કહે છે કે તવ ચરિત્ર મત્યદ્ભુતમ અર્થાત યમુનાજી, તમારું ચરિત્ર અતિ અદ્ભુત છે. અતિ અદ્ભુત હોવાથી તેમને નમન કરવાનું કાર્ય દુર્લભ છે. એવું વિચારીને જ આપશ્રી કહે છે, જો શ્રીયમુનાજીને જીવ દ્વારા નમન થઈ શકે તો ભલે તેમને નમન હો.

અદ્ભુત ચરિત્ર કો'ને કહેવાય ? જેનામાં અસાધનને સાધન બનાવી દેવાની શક્તિ હોય તેનું ચરિત્ર અદ્ભુત કહેવાય. કામભાવ એ ભગવદ્ પ્રાપ્તિ માટેનું સાધન નથી (અસાધન છે) પરંતુ ગોપીજનોએ કામભાવથી ભગવદ્ પ્રાપ્તિ કરી. (ગોપ્યઃ કામવત્) અર્થાત્ ગોપીજનોનો કામભાવ કે જે ભગવદ્ પ્રાપ્તિ માટેના અસાધન રૂપ છે. તેને પ્રભુપ્રાપ્તિ માટેનું સાધન બનાવી દીધું એટલે કે અસાધન એવા કામ દ્વારા વ્રજસુંદરીઓએ ભગવાનને પ્રાપ્ત કરી લીધા. એનું કારણ એ છે કે તેમણે ભગવાનને પોતાની કામભાવનાનો વિષય બનાવ્યા આથી પ્રભુએ કામ રૂપે તેમનામાં પ્રવેશ કર્યો. પરિણામે ગોપીજનોને ભગવદ્ પ્રાપ્તિ થઈ. આવું કાર્ય (ચરિત્ર) અદ્ભુત કહેવાય કે નહીં ?

પરંતુ યમુનાજીનું ચરિત્ર તો અતિ અદ્ભુત છે. એટલે કે કૃષ્ણના ચરિત્રથી પણ વધુ અદ્ભુત છે. જુઓ તો ખરાં - કેવળ યમુનાપાનથી જ તેઓ ફલસિદ્ધિ કરાવી આપે છે. અહીં માહાત્મ્ય જ્ઞાનની કે ભકિતભાવ રાખવાની કોઈ આવશ્યકતા નથી. અજાણ્યો અધર્મી નહાઈ જાય કે અજાણતાં (ભાવ વગર) પણ કોઈ તેનું પયઃપાન (જલપાન) કરી જાય તો પણ તેને 'યમયાતનામાંથી મુક્તિ' રૂપી ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ છે અતિ અદ્ભુત ચરિત્ર.

જીવને તરસ લાગે ત્યારે તે યમુના જળનું પાન કરે. તેમ કરવાથી તેની તરસ છિપાય. જ્યારે તેને તરસ લાગે ત્યારે તે યમુનાજીના માહાત્મ્યને સમજીને અથવા પયપાન કરવાથી હું યમ યાતનામાંથી છુટી જઈશ એવા કોઈ ભાવથી તે યમુના પાન કરતો નથી. તેને તરસ લાગી છે તે છિપાવવા માટે જ તે યમુનાજળનું પાન કરે છે. છતાં અતિ અદ્‌ભુત ચરિત્રવાળાં યમુનાજી તેને યમ યાતનામાંથી મુક્ત કરે છે.

યમુનાજીના પયઃપાનથી જીવ યમયાતનામાંથી મુકત થાય છે એ બાબતનું કોઈ પ્રમાણ છે ખરું ? તો કે હા; છેઃ ઉત્તમ પ્રમાણ છે. એને તે એ કે શ્રીયમુનાજી સૂર્યની પુત્રી છે. અને તે સૂર્યપુત્ર યમરાજાની નાની બહેન છે. શાસ્ત્રમાં બહેનના બાળકોને (ભાણેજોને) પૂજ્ય માનવામાં આવ્યાં છે. યમુનાજીનું પયઃપાન કરનાર યમુનાજીનાં બાળકો ગણાય. તે બધાં યમરાજાનું ભાણેજો ગણાય. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ભાણેજ અવધ્ય છે. પવિત્ર છે. પૂજ્ય છે. આથી યમરાજા પોતાના ભાણેજોને (યમુનાજીનું પયઃપાન કરવાથી તેમના પુત્ર બનેલા જીવોને) યાતના ન જ આપે. તેઓ તેમને યમપાશથી ન બાંધે એ સ્વાભાવિક છે. (અલબત્ત મામા કંસ આમા અપવાદ રૂપ છે)

આ તો તર્ક પ્રમાણ આપ્યું-લૌકિક ગણાય તેવું છે આ પ્રમાણ. તો એ શાસ્ત્રોક્ત પ્રમાણ આપવું પડશે. શાસ્ત્રમાં (યમુના માહાત્મ્યમાં) કહ્યું છે - **વિનિગ્રાહ્યાસ્ત્વા ભ્રાતર્યે નરાઃ પાપકારિણાઃ । તાનહં તારયિષ્યામિ પ્રાપ્સ્યામિ ચ સુરાલયમ્** અર્થાત્ હે ભાઈ ! જે પાપીજનોને તારે શિક્ષા કરવાની છે. તેમને હું તારીશ. અને તેમને સુરાલયની પ્રાપ્તિ કરાવીશ. આ છે તેમનું અતિ અદ્‌ભુત કાર્ય. પાપીને તો શિક્ષાજ હોય - પરંતુ તેમને તારીને સુરાલયમાં મોકલવાનું કાર્ય કરનારનું ચરિત્ર અતિ અદ્‌ભુત ગણાય.

હકીકત એ છે કે શ્રીયમુનાજીમાં જીવને ભગવદ્ પ્રીતિનું પાત્ર બનાવી દેવાની શક્તિ છે. એ શક્તિ અદ્‌ભુત ગણાય. જે જીવ જ્ઞાન અને ભાવથી હીન હોય, જે માત્ર વાસના અને રસનાનો દાસ હોય, જે જન્મ-મરણનાં પ્રવાહમાં તણાતો હોય, અને જે અવિદ્યાથી ગ્રસ્ત હોય દોષોથી ભરેલો હોય તેવા જીવને પણ યમુનાજી ભગવદ્ પ્રાપ્તિ સંપાદન કરાવી આપે છે. જો કોઈ સર્વ દોષોથી

ભરેલો જીવ શ્રીયમુનાજીનો દાસ બની રહે તો યમુનાજીના સ્વામી શ્રીકૃષ્ણનો પ્રિયપાત્ર તે બની જાય એમાં કોઈ સંદેહ નથી. કારણ કે યમુનાજીનો પ્રભુ સાથે નિત્ય અતૂટ સંબંધ હોવાથી, તેના દાસનો અંગીકાર પ્રભુ અવશ્ય કરે.

યમુનાજી તો ભક્તિ સ્વરૂપા છે. ભક્તિરસનું પાન (યમુના જલપાન) કરનાર, ભગવદ્ ભકત બને છે. અને ભગવાન પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે ન મે ભક્તાઃ પ્રણશ્યતિ – એટલે કે મારા ભક્તોનો વિનાશ (યમપાશથી બંધન) કદી ન થાય.

કહ્યું છે કે 'પ્રિયો ભવતિ સેવનાત્ – એટલે કે યમુનાજીની સેવા કરવાથી જીવ પ્રભુને પ્રિય થાય છે. કોઈ તો બતાવો જે આ રીતે પ્રભુને પ્રિય થયો હોય ! તો સાંભળો – પેલાં કાત્યાયની કા વ્રત કરનાર કુમારિકા અનન્યપૂર્વા ગોપીજનોએ યમુનાજીનું સેવન કર્યું. તેમણે યમુના સ્નાન, પાન અને ધ્યાન કર્યું તો તેઓ પ્રભુને પ્રિય બની ગયાં. પ્રભુ પોતે તેમની પાસે પધાર્યા અને પોતાના મિલન આડેના આવરણ રૂપી તેમના વસ્ત્રોનું હરણ કર્યું. પ્રભુએ તેમને શરદ ઋતુમાં મિલનનું વરદાન આપ્યું. અને રાસલીલાની વેણુનું અનંગ વર્ધન ગીત સાંભળવાનો અધિકાર આપ્યો. તેનું એક માત્ર કારણ, એ છે કે તેમણે નિષ્ઠાપૂર્વક શ્રીયમુનાજીનું સેવન કર્યું હતું.

આ શ્લોકમાં ભગવદીયના ઉત્કર્ષમાં અભિવૃદ્ધિ કરવાના સામર્થ્ય રૂપી શ્રીયમુનાજીના છઠ્ઠા ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીહરિરાયજીનો પણ આવોજ મત છે. પરંતુ શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે તેમાં શ્રીયમુનાજી નિજ સેવકો માટે ગોપીકાવત્ ભગવદ્ પ્રિયત્વ સંપાદન રૂપી છઠ્ઠું ઐશ્વર્ય છે.

છઠ્ઠા શ્લોકમાં શ્રીયમુનાજીના સ્વરૂપ સામર્થ્યનું અપ્રમાણ પ્રતિપાદન કર્યું. હવે સાતમાં શ્લોકમાં ભગવાનના પ્રિયભાવન બનવા માટે જે આવશ્યક અને વાંછનીય ગુણો છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**મમાસ્તુ તવ સન્નિધૌ તનુ–નવત્વમેતાવતા**
**ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।**
**અતોઽસ્તુ તવ લાલના સુર–ધુની પરં સંગમાત્**
**તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।। ૭ ।।**

**ભાવાર્થ :** મુકુંદ ભગવાન (મુક્તિ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ)નાં હે પ્રિયે ! આપના સાન્નિધ્યમાં મારા દેહને નવત્વની પ્રાપ્તિ થાવ. એટલે કે તે લીલોપયોગી બને તેવું થાવ. કારણકે તેનું નવત્વ થતાં, ભગવાન મુરારિમાં પ્રીતિ થવી એ દુર્લભ વસ્તુ નથી. પરંતુ જ્યાં સુધી તનુ નવત્વની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી, હે યમુને, આપની સ્તુતિ કરવામાં અસમર્થ એવો હું, પ્રેમાતિરેકથી તારા ગુણોનું સંકિર્તન કરું તો મારાં એ લાલના (સ્નેહોદ્‌ગાર, લાડથી ઉચ્ચારાયેલા શબ્દો) ને આપ સ્તુતિ રૂપ માની લો.

આ લોકમાં ગંગાજીનાં ગુણ સંકિર્તન આપની સાથે તેમનો સંગમ થયા પછી જ થવા લાગ્યાં છે. આપના સંબંધ વગરનાં એકલાં ગંગાજીની સ્તુતિ પુષ્ટિભક્તો કદી કરતા નથી.

**વિવેચન :** મમાસ્તુ તવ સન્નિધૌ તનુ નવત્વ - શ્રીયમુનાજીના તટ નજીક નિવાસ કરનાર, શ્રીયમુનાજીમાં સ્નાન, પાન આદિ કરીને યમુનાજીનું સેવન કરે છે. તેમ કરતાં તે મુક્તિથી પણ અધિક ઉત્તમ એવી ભક્તિ (ભગવદ્ પ્રતિરૂપ ભક્તિ) પ્રાપ્ત કરી શકે છે. વસ્તુતઃ યમુનાજી સાથે કોઈપણ પ્રકારે સંબંધ રાખવાથી જીવ કૃતાર્થ બને છે. શ્રીયમુનાજીના આધિભૌતિક જળ સ્વરૂપની નિકટ સ્થિતિ કરવાથી જ જો આવા અલભ્ય સૌભાગ્યની પ્રાપ્તિ થતી હોય તો તેમના આધિદૈવિક સ્વરૂપની નિકટ જીવની સ્થિતિ થાય તો તેને લીલોપયોગી નૂતન દેહની પ્રાપ્તિ અવશ્ય થાય. એવું સમજીને અહીં એવા નૂતન દેહની પ્રાપ્તિની યાચના કરવામાં આવી છે.

શ્રીહરિરાયજીના મત પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ અહીં તનુ નવત્વ પદનો પ્રયોગ કર્યો છે, નવ તનુત્વનો પ્રયોગ કર્યો નથી. તનુ નવત્વ પદ દ્વારા આપશ્રીએ આ જ શરીર નવું બને એવી પ્રાર્થના કરી છે. જો આ શરીરને બદલે નવું શરીર મળે એવી પ્રાર્થના કરવી હોત તો આપશ્રીએ નવ તનુત્વ પદનો ઉપયોગ કર્યો હોત.

શ્રીગોકુલનાથજીના મત પ્રમાણે તનુ નવત્વ એટલે પૂર્વના દેહની નિવૃત્તિ થવી તે; એનો અર્થ કે પૂર્વ દેહનો નાશ ન થાય; દેહ તો એનો એ જ

રહે પરંતુ તે દેહમાં પહેલાં જે લૌકિક ધર્મો રહેતા હતા તેનો લોપ (નિવૃત્તિ) થઈ જાય અને તેમાં અલૌકિક ધર્મોનો આવિર્ભાવ થાય. બ્રહ્મસંબંધ થતાં જીવને નવો જન્મ મળે છે. – દેહ તો એ તો એ જ રહે છે. છતાં નવો (આધિભૌતિક જન્મ છૂટીને તેને બદલે આધ્યાત્મિક) જન્મ મળે છે. એટલે કે સર્વ દોષોની નિવૃત્તિ થઈ જીવ નિર્દોષ બની જાય છે. અને એ નિર્દોષ થયેલ જીવનો બ્રહ્મની સાથે સંબંધ કરાવવામાં આવે છે. બસ, એના જેવું જ અહીં સમજવાનું છે. યમુનાજીના સેવનથી પૂર્વના દેહના બધા લૌકિક ધર્મોની નિવૃત્તિ થાય છે. અને અલૌકિક ધર્મોનો આવિર્ભાવ થાય છે. દેહ બદલાતો નથી. અર્થાત તનુ નવત્વમાં શરીરની સત્તા તો પૂર્વવત રહે છે. પરંતુ તેનામાં રહેલ લૌકિકત્વની નિવૃત્તિ થાય છે. અને તેનામાં અલૌકિકત્વનો ઉદય થાય છે.

એક લૌકિક ઉદાહરણ દ્વારા આ વાત સારી રીતે સમજાઈ જશે. માટીમાંથી બનાવેલ કાચા ઘડામાં જલને ધારણ કરવાનો ધર્મ (શકિત) હોતો નથી. પરંતુ જ્યારે તેને અગ્નિમાં તપાવીને પાકો બનાવવામાં આવે છે ત્યારે તેમાં તેવો ધર્મ (શક્તિ) આવી જાય છે. કાચા અને પાકા ઘડામાં માટી અને આકાર પ્રકાર (રૂપ) તો એ જ રહે છે. છતાં એક સ્વરૂપની નિવૃત્તિ થઈને બીજું નવું સ્વરૂપ તેને મળે છે. એવું જ તનુ નવત્વનું સમજવું.

તનુ નવત્વ પદ દ્વારા એવી પ્રાર્થના કરવામાં આવી છે કે હે યમુનાજી, આપ અમારા પૂર્વ દેહને નૂતનત્વ (નવીનતા) આપો. પૂર્વ દેહનો નાશ થઈને જ જો બીજો નવો દેહ મળવાનો હોય તો આ દેહને નવીનતા (તનુ નવત્વ) આપે એવું કહેવાનો કોઈ અર્થ નથી. અર્થાત યમુનાજીની સન્નિધિથી જે દેહ પહેલાં લીલોપયોગી ન હતો તે દેહને લીલોપયોગી બનાવી દેવાની પ્રાર્થના કરવામાં આવી છે. 'યસ્તુ' શબ્દ પ્રાર્થના વાચક છે. યસ્તુ એટલે થાવ.

અને જે દેહ લીલોપયોગી થાય તો, એટલું થવા માત્રથી જ પ્રભુમાં રતિ થવી દુર્લભ નથી રહેતી; તે સુલભ બની જાય છે. પ્રભુને લીલોપયોગી દેહ પ્રિય થશે જ અને એવો લીલોપયોગી દેહ શ્રીયમુનાજીની સન્નિધિથી જ થઈ શકે. જે રીતે શ્રીગુસાંઈજીની સેવકની કિશોરીબાઈને એવું તનુ નવત્વ મળ્યું હતું તે રીતે.

શ્રીગુસાંઈજીની સેવક એવાં કિશોરીબાઈ ગુજરાતના એક બ્રાહ્મણ કુટુંબમાં જનમ્યાં હતાં. તેમનો પિતા ગુસાંઈજીનો સેવક હતો. તેને બે દીકરી હતી. નાની દીકરીનું નામ કિશોરીબાઈ. પિતાએ પોતાની બન્ને દીકરીઓને ગુસાંઈજીની સેવક બનાવી હતી. તેને કિશોરીબાઈ પ્રિય હતી. તેથી તેની પાસે તે રોજ યમુનાષ્ટકનો પાઠ કરાવતો. પરંતુ કિશોરીબાઈને માત્ર બે જ પંક્તિ યાદ રહી ગઈ હતી.

**વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપ ગોપી વૃતે ।**
**કૃપા જલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।**

પિતાએ કિશોરીબાઈનો વિવાહ કર્યો. પરંતુ તેનો પતિ મરી ગયો. પછી પિતા પણ મર્યો. કિશોરીની મોટી બહેન તેની દેખરેખ રાખતી હતી. પરંતુ વીસ વર્ષની વયે કિશોરીને શિતળા નિકળ્યા... તેને કારણે તે લુલી-લંગડી બની ગઈ. કાનથી ઓછું સંભળાય. મુખથી સરખું બોલાય નહીં. તે શ્રદ્ધાપૂર્વક આખો દિવસ ઉપર્યુકત અર્ધા શ્લોકનો પાઠ કર્યા કરે.

અને શ્રીયમુનાજીએ તેના મનનું શુભ વિચાર્યું. તેને તનુ નવત્વ આપ્યું. તેનો એ નો એ જ દેહ લીલોપયોગી બનાવી દીધો. સ્વયં યમુનાજી જેની ટહેલ કરતાં તેવા કિશોરીબાઈને તનુ નવત્વ ન મળે તો બીજા કો'ને મળે? લીલોપયોગી દેહ મળતાં તે સેવા કરી શક્યાં. પ્રભુની પ્રીતિ સંપાદન કરી શક્યાં. બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આ વાત જાણે છે.

તનુ નવત્વનો આવો અર્થ છે. અને શ્રીયમુનાજીની સન્નિધિથી તનુ નવત્વ પ્રાપ્ત થતાં, જીવ પ્રભુનો પ્રીતિ પાત્ર બને છે.

આમ તો પરમાત્મામાં પ્રીતિ થવી એ બહુ દુર્લભ છે. પરંતુ જ્યારે શ્રીયમુનાજી જીવનો દેહને સેવોપયોગી બનાવી દે ત્યારે પોતાના એવા લીલોપયોગી દેહને પ્રભુ સેવામાં રાત્રીનો જીવન, અત્યંત સુલભતાથી, (દુર્લભતાથી નહીં) પ્રભુની પ્રીતિ પ્રાપ્ત કરે છે.

શ્રીયમુનાજીનો નિત્ય સંબંધ (સન્નિધિ) થતાં, ભગવાનમાં રતિ (ભક્તિ) ઉત્પન્ન થવામાં જો કોઈ પ્રતિબંધ આવે તો ભગવાન તે પ્રતિબંધોને દૂર

કરે છે. એવો ભાવ લાવવા માટે અહીં મુરરિપુ પદનો પ્રયોગ કર્યો છે. જેમ પ્રભુએ જલના દોષ રૂપ મુર દાનવનું નિવારણ કર્યું હતું તેમ યમુનાજીના સંબંધને કારણે જીવના બધા દોષોનું નિવારણ કરવા આડેના અથવા ભગવદ્ ભક્તિની સિદ્ધિના માર્ગમાં આડે આવતા બધા પ્રતિબંધોનું નિવારણ, અવશ્ય થશે એવું સૂચન મુરરિપુ પદ દ્વારા થાય છે. મુરનો ઉચ્છેદ કરવો એટલે ભક્તિના (પ્રીતિના) માર્ગ આડે આવતા પ્રતિબંધોને દૂર કરવા. મુર ૧૬,૦૦૦ રાજકન્યાઓની કૃષ્ણ પરત્વેની ભક્તિના માર્ગમાં પ્રતિબંધ રૂપ હતો. તેને મારીને ભગવાને એ પ્રતિબંધ દૂર કર્યો હતો.

અહીં મુકુંદ પ્રિયે પદ યોજવામાં આવ્યું છે. મુકુંદ એટલે મોક્ષ દેનાર. મોક્ષનો અર્થ મુક્તિ લઈએ તો પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મુક્તિની કામના કદી ન કરે. એને જે ભગવાન કેવળ મુક્તિ આપે તેવા ભગવાનની સેવા ન કરે. તે તો ભક્તિ આપનાર ભગવાનને ભજે તો પછી અહીં મુક્તિદાતા (મુકુંદ)ની પ્રિયે એવું શા માટે કહ્યું છે ? હું જાણું છું ત્યાં સુધી ગો. શ્રીગોકુલનાથજીએ આ વાત સમજાવી છે. મુક્તિ એટલે સ્વર્ગવાસ કે કેવળ મોક્ષ નહીં; પરંતુ મુક્તિ એટલે પોતાના અન્યથા રૂપને છોડીને પોતાના (સ્વ) રૂપને પામવું તેનું નામ મુક્તિ. અર્થાત અહંતા મમતાથી પ્રેરાયેલ સ્વરૂપને છોડીને ભગવાનના અંશ રૂપ, દાસરૂપ સ્વરૂપને પાળવું તેનું નામ મુક્તિ. આ અર્થમાં મુકુંદનું નામ લેવાનું છે. શ્રીમહાપ્રભુજીએ એજ અર્થ કર્યો છે – શિક્ષાશ્લોકમાં અંતે શ્રીભગવદ્ વાકય તરીકે કહ્યું છે –

**મુક્તિર્હિત્વાન્યથા રૂપમ્ સ્વરૂપેણ વ્યવસ્થિત ।**

આવી મુક્તિ મળે એટલે ભક્તિની પ્રાપ્તિ થઈ ગણાય. દાસત્વ ભક્તિના પાયામાં રહેલી મૂળભૂત ભાવના છે. તેથી અહીં મુક્તિ અને ભક્તિ સમાનાર્થી શબ્દો બની ગયા છે.

મુક્તિ (મોક્ષ) આપે છે ભગવાન સહજમાં; પરંતુ તે ભક્તિ આપે છે જવલેજ કોઈને. અર્થાત્ મુક્તિ આપવી એ પ્રભુની સહજ પ્રવૃત્તિ છે. પરંતુ શ્રીયમુનાજી એ મુકુંદની પ્રિયા છે. તેમની પ્રિયાના અનુરોધથી, તેના સેવકોને

ભગવાન ભક્તિનું દાન કરવા માટે બાધ્ય બની જાય છે. નિજ પ્રિયતમાનો અનુરોધ થાય પછી તેનો પ્રિયતમ તેને માટે શું ન કરે ? તેથી એમ સમજવું કે શ્રીયમુનાજીના કૃપાપાત્ર સેવકોને ભગવદરતિ (ભક્તિ) રૂપી સૌભાગ્યની પ્રાપ્તિમાં ન તો કોઈ પ્રતિબંધ છે કે ન કોઈ વિલંબ છે. **પુષ્ટૌ નૈવ વિલંબયેત ।**

**અતોસ્તુ તવ લાલના** - તનુ નવત્વ રૂપી સંપત્તિ મેળવી આપનાર અને ભગવદીયત્વનું સંપાદન કરાવી આપનાર એટલે કે સ્વતંત્ર રૂપે ભક્તિ દાન કરવામાં સમર્થ એવી હે યમુના ! અત્યારે તો હું અલૌકિક ધર્મોથી સર્વથા રહિત છું. તેમ છતાં જ્યાં સુધી મારા આ લૌકિક ભાવ યુકત દેહમાંથી લૌકિક ભાવોની નિવૃત્તિ ન થાય (અને અલૌકિક ભાવોથી યુકત નવો દેહ ન મળે) ત્યાં સુધી મેં આપનું પ્રેમાતિશયપૂર્વક કરેલ ગુણ સંકીર્તન (એટલે કે લાલના) ને જ આપ સ્તુતિ રૂપે સ્વીકારો.

માહાત્મ્ય જ્ઞાનપૂર્વક કરેલ ગુણ સંકિર્તનને સ્તુતિ કહેવામાં આવે છે; પરંતુ કેવલ પ્રેમાવેશમાં નીકળી ગયેલ ઉદ્‌ગારો, શબ્દોને સ્તુતિ ન કહેવાય. તેને તો માત્ર લાલના કહેવાય. પરંતુ આપનો મહિમા અનંત હોવાથી આપની સ્તુતિ કરવાનું જીવ માટે અશકય છે. અને લાલના રૂપી ગુણોનું કીર્તન પણ જે હું કરી રહ્યો છું તે પણ આપની કૃપાથી જ થાય છે.

**સુરધુની પરં સંગમાત્ તવૈવ ભુવિ કીર્તિતા** - ઉપર કહ્યું કે શ્રીયમુનાજીનો મહિમા અનંત હોવાને કારણે તેમની સ્તુતિ કરવાનું શકય નથી. અને યમુનાજી સાથેના સંગમને કારણે ગંગાજીમાં પણ તનુ નવત્વ રૂપી ફલ પ્રદાન કરવાની શક્તિ છે. તો પછી, શ્રીગંગાજીની સ્તુતિ કરીને એ જ ફળ શા માટે પ્રાપ્ત ન કરવું ?

તેનો ઉત્તર એ છે કે યમુનાજી સાથેના સંગમથી, ગંગાજીમાં તનુ નવત્વ પ્રદાન કરવાની અલૌકિક શક્તિ આવી છે. તેથી એકલાં ગંગાજીની સ્તુતિ કરવાથી ફલપ્રદાન થતું નથી. પુષ્ટિમાર્ગમાં યમુનાજીથી અલગ ગંગાજીની ન તો સ્તુતિ થાય છે, ન તેમનો મહિમા ગવાય છે. એટલા માટે કહ્યું છે કે **'ન તુ કદાપિ પુષ્ટિ સ્થિતૈઃ'**

પુરાણોમાં ગંગા-માહાત્મ્યનું સંકીર્તન કરવામાં આવ્યું છે. પરંતુ તે કેવળ ગંગાજીનું જ - શ્રીયમુના સાથે ભળેલ ગંગાજીનું નહીં. ગંગાજી જે સિદ્ધિઓ (મોક્ષ દાન જેવી) આપે છે તે બધી મર્યાદા માર્ગીય સિદ્ધિઓ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે એ બધી સિદ્ધિઓનું કશું મહત્વ નથી. પુષ્ટિમાર્ગીયોને મોક્ષ ન ખપે. પુષ્ટિમાર્ગ તો નિઃસાધન જીવોને, સહજમાંજ પ્રભુનો અનુગ્રહ કરાવનાર પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરાવે છે. ભજનાનંદ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો જીવ જો યમુનાજીની સ્તુતિ કરે તો તેને ભજનાનંદની પ્રાપ્તિ અવશ્ય થાય. એટલા માટે પુષ્ટિમાર્ગીય જીવો યમુનાજીની સ્તુતિ કરે છે. અને મર્યાદામાર્ગીય જીવો કેવળ ગંગાજીની સ્તુતિ કરે છે. કારણ કે મર્યાદામાર્ગીય જીવોને યમુનાજીના સ્વરૂપનું જ્ઞાન નથી. ભગવાનનાં સર્વ અંગો સાથે જેમનો સંબંધ થયો છે (જળક્રિડા દ્વારા) એવી સ્મર-શ્રમ-જલ રૂપા શ્રીયમુનાજીનું સ્વરૂપ તો પુષ્ટિ લીલાસ્થ જીવ હોય તે જ જાણી શકે.

શ્રીહરિરાયજીના મત અનુસાર આ શ્લોકમાં ભગવદ્ પ્રિયત્વ સંપાદન રૂપી ઐશ્વર્યનું વર્ણન છે. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે આમાં તનુ-નવત્વ-સંપાદનરૂપી ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે શ્રીયમુનાજીના સંબંધથી સર્વને માટે વંદનીય એવા શ્રીગંગાજીની સ્તુતિ થાય છે. આ હકીકત શ્રીયમુનાજીનો પ્રભાવ અને પ્રતાપ બતાવે છે. એવા પ્રતાપી શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોણ સમર્થ બની શકે ? આ પ્રમાણે શ્રીયમુનાજીની સ્તુતિની અશકયતા અને સ્વયં લક્ષ્મીજીથી પણ શ્રીયમુનાજીની ઉત્કૃષ્ટતા બતાવતાં શ્રીમદાચાર્યાચરણ આજ્ઞા કરે છે -

**સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ ! પ્રિયે !**
**હરેર્ યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ।।**
**ઈયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સંગમ-**
**સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સંગમઃ ।। ૮ ।।**

**ભાવાર્થ :** કમલજા કહેતાં લક્ષ્મીજીનાં સપત્ની એવાં શ્રીયમુને ! આપની સ્તુતિ કોણ કરી શકે ? (કોઈ નહીં). કારણ કે પહેલાં શ્રીહરિનું સેવન

(સેવા) કરીને પછી શ્રીલક્ષ્મીજીનું સેવન કરવાથી જીવને મોક્ષ પર્યંતનું સુખ પ્રાપ્ત થાય છે. પરંતુ આપની આ કથા (માહાત્મ્ય સંકીર્તનની કથા) બધા કરતાં વધુ ઉત્તમ છે. રાસલીલા બાદ સકલ વ્રજભકતો સાથે પ્રભુએ જ્યારે જલક્રિડા કરી ત્યારે પ્રભુને અને વ્રજભકતોને થયેલ શ્રમને કારણે તેમનાં શરીર ઉપર ઉભરાઈ આવેલ જલકણોનો જેમાં સંયોગ થયો છે એવાં આપનાં (યમુનાજીનાં) જલમાં સ્નાન કરતા ભક્તોનાં બધાં અંગોનો સમાગમ તે સ્મર શ્રમ જલાણુઓ સાથે થાય છે. પરિણામે તેમને લીલા પ્રાપ્તિ થયાનો અનુભવ થાય છે.

**વિવેચન :** શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી. શ્રુતિ કહે છે, **''યતો વાચો નિવર્તન્તેડપ્રાપ્ય મનસા સહ''** એટલે કે વાણી જ્યાંથી મન સાથે પહોંચ્યા વિના જ પાછી ફરે છે. એનો ભાવ એ છે કે વાણી એને મન ત્યાં પહોંચી શકતા ન હોવાને કારણે રસ સ્વરૂપ (રસો વૈ સઃ) પુરુષોત્તમની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી. કારણ કે શ્રીયમુનાજીના માહાત્મ્યને સમજવા માટે ત્યાં ગયેલ વાણી અને મન પણ ત્યાં પહોચ્યાં વિના પાછા ફરે છે.

યમુનાજીની સ્તુતિ કોઈ કરી શકે તેમ નથી. એનું બીજું કારણ એ છે કે યમુનાજી કમલજા-સપત્ની એટલે કે લક્ષ્મીજીની શોકય છે. શોકયોનો સ્વભાવ પરસ્પરથી વિરૂદ્ધ હોય એવું માનવામાં આવ્યું છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધિ બ્રહ્માનંદ સ્વરૂપ છે. અને યમુનાજી પ્રમેયાનંદ રૂપ છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધ બ્રહ્માનંદ સ્વરૂપ હોવાથી વેદવાકયોના પ્રમાણથી તેમના માહાત્મ્યનું વર્ણન કરી શકાય છે. પરંતુ યમુનાજી પ્રમેયાનંદ સ્વરૂપ એટલે કે પુષ્ટિ લીલા સ્થિત હોવાથી વેદાદિ પ્રમાણો પર છે પરિણામે કોઈપણ પ્રમાણથી તેમની સ્તુતિ થઈ શકતી નથી.

જેનો જેટલો ભગવત્સંબંધ તેટલી તેની સ્તુતિ માટેની યોગ્યતા. ભગવાન સાથે જેનો સહેજ પણ સંબંધ ન હોય તેની સ્તુતિ કોઈ કયારેય કરતું નથી. વળી જેનો જેટલો ભગવાન સાથે ન્યૂનાધિક સંબંધ હોય તેના પ્રમાણમાં તેની ન્યૂનાધિક સ્તુતિ થાય છે. જેનો ભગવત્સંબંધ અધિક હોય તે અધિક સ્તુતિપાત્ર અને જેનો ભગવત્સંબંધ ન્યૂન (ઓછો) હોય તે ન્યૂન સ્તુતિપાત્ર

બને છે. લક્ષ્મીજીનો નિવાસ સદા સર્વદા ભગવાનના હૃદયમાં જ છે. તેમનો ભગવદ્ સંબંધ સતત અને અતિશય વધુ છે. આથી લક્ષ્મીજી અતિશય સ્તુતિપાત્ર બન્યાં છે.

શ્રીયમુનાજીનો સંબંધ પણ ભગવાન સાથે સતત (લીલાસ્થલી હોવાથી) રહે છે અને તે લક્ષ્મીજીના જેવા સૌભાગ્ય વાળાં છે. પરંતુ તેમનું પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય મન અને વાણીથી સમજી શકાય તેવું ન હોવાથી તેમની સ્તુતિ કરી શકાતી નથી.

**કમલજા સપત્ની પ્રિયે** – લક્ષ્મીજી અને યમુનાજી બન્નેનું સમાન સૌભાગ્ય છે. એ બાબતમાં બન્નેમાં સમાનતા છે. તે મળતાં શ્રીયમુનાજી લક્ષ્મીજી કરતાં અધિક શા માટે ગણાય છે ? તેનું કારણ એ છે કે લક્ષ્મીજી ભગવાન સાથેના નિકટ સંબંધની બાબતમાં અને સૌભાગ્ય સંપન્ન હોવાની બાબતમાં જ યમુનાજી સાથે સમાનતા ધરાવે છે; અન્ય બાબતોમાં નહીં.

પ્રભુ પ્રિયત્વની બાબતજ લો. યમુનાજી માટે પ્રિયા શબ્દ વાપર્યો છે. લક્ષ્મીજી માટે એ શબ્દ ભાગ્યે જ વપરાયેલ હોય છે. હકીકતમાં ભગવદ્ પ્રિયત્વની બાબતમાં લક્ષ્મીજી તેનાથી વંચિત છે. ભગવાને (ભાગવતમાં) દુર્વાસા મુનિને કહ્યું છે –

**નાહમાત્માનમાશાસે મદ્ભક્તૈઃ સાધુભિર્વિના ।**
**શ્રિયં ચાત્યન્તિકીં બ્રહ્મન્ ! યેષાં ગતિરહં પરા ।। (૯।૪।૬૪)**

એટલે કે મારા સાધુ ભક્તો સિવાય મને સ્વયં મારામા અને મારી અત્યંત નિકટ રહેલી લક્ષ્મીમાં પણ રૂચિ નથી.'' આ રીતે વિચારતાં લક્ષ્મીજી મર્યાદા ભકતો કરતાં પણ ન્યૂન છે એવું સાબિત થાય છે. જો તેમ છે તો પુષ્ટિમાર્ગમાં સ્થિત ભગવદ્ પ્રિયા શ્રીયમુનાજી પ્રતિ ભગવદ્ પ્રિયતાની બાબતમાં લક્ષ્મીજીનું શું સ્થાન હોઈ શકે ?

આ રીતે શ્રીયમુનાજી લક્ષ્મીજીથી અધિક છે. એ પ્રમાણ સહિત સાબિત થાય છે. એટલું જ નહીં ફલ પ્રદાનની દૃષ્ટિથી પણ યમુનાજી લક્ષ્મીજીથી શ્રેષ્ઠ છે. એ વાત સમજવા માટે એ જાણવું જરૂરી છે કે તે બન્ને કેવા

પ્રકારનાં ફલનું દાન કરી શકે છે.

**હરેર્યદનું સેવયા ભવતિ સૌખ્યમા મોક્ષતઃ** અર્થાત પહેલાં શ્રીહરિની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાથી મોક્ષ પર્યંતનું સુખ પ્રાપ્ત થાય છે. એમાં નારાયણની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાની છે. તેથી નારાયણની સેવા મુખ્ય છે અને લક્ષ્મીજીની સેવા ગૌણ છે.

એ રીતે કરેલ લક્ષ્મીજીની સેવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. પરંતુ તેનાથી શ્રીપુરુષોત્તમ સાથે સાયુજ્ય પ્રાપ્તિનું ફલ પ્રાપ્ત થતું નથી. તેનાથી તો માત્ર સાલોક્ય, સાર્ષ્ટિ અને સામિપ્ય એ ત્રણ પ્રકારના મોક્ષ જ પ્રાપ્ત થાય છે. ભક્તિમાર્ગીય રીતે ભગવાનની સેવા કરવાથી જ ચોથા પ્રકારનો એટલે કે સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે; બીજી કોઈ રીતે નહીં. શ્રીમદાચાર્યે સ્પષ્ટપણે આ વાત કહી છે - **આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્ય કામ્યયા** અર્થાત સાયુજ્યની કામના કરવાવાળાએ આદિમૂર્તિ કૃષ્ણની જ સેવા કરવી. તે સિવાય બીજી કોઈ રીતે સાયુજ્ય ફલ પ્રાપ્તિ થતી નથી.

ઉપર કહ્યું તેમ ભગવાનની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાથી સાલોક્ય આદિ ફળ મળે. પરંતુ જો ભગવાન વિના કેવળ લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો તે ફળ (મોક્ષ) પણ પ્રાપ્ત ન થાય. પુરુષોત્તમ વિના લક્ષ્મીજીની સેવા એ તો કેવળ વિભૂતિની સેવા છે. વિભૂતિરૂપ લક્ષ્મીજીની સેવા કરવાથી તેઓ પોતાના ભકતને ધન સંપત્તિનું દાન કરે. પરંતુ મોક્ષ પ્રાપ્ત કરાવી ન શકે. અને ધન પ્રાપ્ત કરાવીને તેઓ જીવને વિષયાસકત બનાવી દે છે; સંસારમાં તેની આસક્તિ વધારી દે છે. પરિણામે મોક્ષ પ્રાપ્તિમાં અવરોધક બને છે. સંસાર પ્રત્યેની આસક્તિ મોક્ષ પ્રાપ્તિમાં વિઘ્નકર્તા છે.

તેથી ઊલટું યમુનાજી કેવું ફલ પ્રદાન કરે છે તેની કથા જાણવી જરૂરી છે. **ઈયં તવ કથાધિકા** - દ્વારા એ સમજવાનું છે કે યમુનાજી દ્વારા ફલદાનની એ કથા અધિક ઉત્તમ છે. ઉત્તમ એટલા માટે છે કે યમુનાજી સાયુજ્ય પ્રકારના મોક્ષ કરતા પણ અધિક ઉત્તમ એવા ભજનાનંદને પ્રાપ્ત કરાવી આપ છે. હરિના ભક્તો મોક્ષને પણ ઈચ્છતા નથી. તેઓ તો ભજનાનંદ પામવા ઈચ્છે છે. અને

યમુનાજી તેમને ભજનાનંદ (સ્વરૂપાનંદ) પ્રાપ્ત કરાવી આપે છે તે કેવી રીતે તેની કથા સાંભળો –

રાસેશ્વર રસરૂપ ભગવાન શ્રીકૃષ્ણે રાસેશ્વરી રાધા તથા રસરૂપા સકલ ગોપીજનો સાથે રાસલીલા, રતિક્રિડા તેમજ જલક્રીડા આદિ ક્રીડાઓ કરી છે. સર્વ ગોપીકાઓ સાથે સંગમ થતાં અર્થાત તેમને સ્મરનો શ્રમ પહોંચવાથી સ્વેદ જલના અણુઓ (કણો) ઉત્પન્ન થયા. એ બધા સ્મર શ્રમ જલાણુઓ ગોપીજનો અને ગોપીજન વલ્લભ (કૃષ્ણના) ગાત્રો ઉપર ઉત્પન્ન થયાં છે. ત્યાર પછી તે બધાંએ જલક્રીડા કરી ત્યારે તે બધાં સ્મર શ્રમ જલાણુઓનો સંગમ યમુનાજીના જલ સાથે થયો. વાસ્તવમાં શ્રીયમુનાજી આ સ્વેદજલના સંગમ રૂપે છે. તે ભગવાનનું કેલિસલિલજ છે. યમુના માહાત્મ્યમં તેનો ઉલ્લેખ કેલિસલિલેતિ નામથી જ થયો છે. આ પ્રમાણે સર્વથી ઉત્તમ વિલક્ષણતા શ્રીયમુનાજીમાં છે. તેથી તે સદા ભગવદ્ રસથી પૂર્ણ રહે છે. તેઓ ભગવદ્ રસ પૂર્ણ હોવાથી નિજ ભક્તોને પણ તેઓ ભગવદ્ રસનું દાન કરી શકે છે.

તેથી યમુનાજીના જે ભક્તો યમુના જળમાં સ્નાન કરે તેમનાં બધાં ગાત્રો સાથે યમુનાજીમાં એક રૂપ બનેલાં સ્મર શ્રમ જલાણુઓ (સ્વેદ જલકણો)નો સંગમ થાય છે. પરિણામે તેઓ ભગવદ્ રસ સાથે સંબંધ પામે છે.

લક્ષ્મીજી સાયુજ્ય મુક્તિ સિવાય બાકીની ત્રણે પ્રકારની મુક્તિનું દાન કરી શકે છે. પરંતુ ત્યારે જ જ્યારે તેમની સેવા ઠાકુરજીની સેવા કર્યા પછી અથવા ઠાકુરજી સહ સેવા કરવામાં આવે તો જ. પરંતુ યમુનાજી તો સ્વતંત્ર રીતે ભગવદ્ રસનું (ભક્તિ રસનું) દાન કરી શકે છે.

આ રીતે **ઈયં તવ કથાધિકા** શબ્દો દ્વારા યમુનાજીના સર્વોતોધિક ઉત્કર્ષની કથા કહેવામાં આવી છે. વૈકુંઠમાં સ્થિત શ્રીહરિના વક્ષ:સ્થળ રૂપ એક જ અવયવ સાથેનો સંબંધ રાખનાર લક્ષ્મીજીની અપેક્ષાએ શ્રીહરિના રોમે રોમ સાથે સંબધ રાખનારા શ્રીયમુનાજીની આ કથા બહુ વિચક્ષણ છે. શ્રીયમુનાજી દ્વારા જે રસ પ્રાપ્ત થાય છે તે રસની સામે સકલ બ્રહ્માંડની બધી રસનીધિ કેવળ રસાભાસ સમ ભાસે છે.

આ શ્લોકમાં પ્રભુ-શ્રમ-જલ-સંબંધી યુકત એવાં શ્રીયમુનાજીના અંતરંગ ગૂઢ સ્વરૂપની અભિવ્યકિત ત્રણ વિશેષણોથી થાય છે. (૧) સકલ ગોપિકા સંગમ, (૨) સ્મર શ્રમ જલાણુભિઃ અને (૩) સકલ ગાત્રજૈઃ સંગમ. ટૂંકમાં શ્રીયમુનાજી પરમ કાષ્ઠાપન્ન પુષ્ટિમાર્ગની અંતરંગ ભગવદીયા છે. તે હંમેશા સ્મર શ્રમ જલ બિંદુ રૂપી રસથી પરિપૂર્ણ રહે છે. તેથી નિજ સેવકોને તે, એ રસની અનુભૂતિ કરાવી શકે છે.

શ્રીહરિરાયજીના મત પ્રમાણે આ શ્લોકમાં શ્રીયમુનાજીના તનુનવત્વ સંપાદન રૂપ ઐશ્વર્યનું નિરાકરણ કરવામાં આવ્યું છે. અને શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે શ્રીહરિના લીલાકાલિન શ્રમ-જલ-બિંદુઓ સાથેના સંબંધનું સંપાદન કરાવવા રૂપી ઐશ્વર્યનો ઉલ્લેખ છે.

આ રીતે કલિદોષ હારિણી - પરોપકારીણી, અષ્ટવિધ ઐશ્વર્યધારિણી, સકલ સિદ્ધિ પ્રદાયિની શ્રીયમુનાજીની સ્તુતિ રૂપ આ યમુનાષ્ટકમ્‌નો પાઠ કરવાથી મળતા ફળનું નિરૂપણ અંતિમ શ્લોકમાં કરવામાં આવ્યું છે -

**તવાષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે ! સદા**
**સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।।**
**તયા સકલ-સિદ્ધિયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ**
**સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।। ૯ ।।**

**ભાવાર્થ :** હે સૂર્યના પુત્રી (યમુનાજી), તમારા આ સ્ત્રોત-અષ્ટકનો પ્રસન્ન ચિત્તે પાઠ કરનારનાં બધાં પાપોનો ક્ષય થાય છે. અને ભગવાન મુકુંદમાં તેની નિશ્ચયપણે રતિ થાય છે. અને મુકુંદમાં રતિ પ્રાપ્ત થવાથી તેને સર્વાત્મભાવ આદિ બધી સિદ્ધિઓ આપમેળે પ્રાપ્ત થઈ જાય છે. તે ઉપરાંત મુરરિપુ ભગવાન સહિત તેમનો સ્વામિની વર્ગ પણ સંતુષ્ટ થાય છે. એટલું જ નહીં સ્વભાવનો વિજય થાય છે. એવું શ્રીહરિને પ્રિય શ્રીવલ્લભ કહે છે.

**વિવેચન :** યમુનાષ્ટકમ્‌ના આ અંતિમ શ્લોકમાં 'તવાષ્ટકમ્ ઈદં' પદ છે. તેનો અર્થ છે. ''તમારું આ અષ્ટક'' તેનો ભાવ એ કે હે યમુનાજી, તમારી સ્તુતિ કરતાં ઘણાં અષ્ટકો રચાયાં છે અને રચાશે; પરંતુ તમારા અષ્ટક (જે

શ્રીમહાપ્રભુજીએ રચ્યું છે અષ્ટક) નો પાઠ કરવાથી તેમાં બતાવેલ ફલ પ્રાપ્તિ અવશ્ય થશે. ખાસ કરીને આઠમાં શ્લોકમાં તવ કથાધિકા સ્મર શ્રમ જલાણું સાથે સંગમ થતાં ભગવલ્લીલાનો અનુભવ થવો તે - ફલની પ્રાપ્તિ અન્ય કોઈ અષ્ટક દ્વારા થતી નથી. જગદ્ ગુરુ આદ્ય શંકરાચાર્યજીએ પણ શ્રીયમુનાજીનું સ્તોત્ર રચ્યું છે. પરંતુ જે સ્તોત્રમાં શ્રીયમુનાજીના યથાર્થ સ્વરૂપનો પરિચય કરવામાં આવ્યો હોય તે સ્તોત્ર દ્વારા જ બધાં ફલ પ્રાપ્ત થઈ શકે.

શ્રીવલ્લભ વિરચિત યમુનાષ્ટકમ્‌નો પાઠ, પ્રસન્ન ચિત્તે નિત્ય નિયમપૂર્વક કરવાથી એના નવમા શ્લોકમાં ગણાવેલ પાંચ ફળ તો નિશ્ચિત રૂપે પ્રાપ્ત થશે. (૧) સમસ્ત દુરિતોનો ક્ષય થશે, (૨) મુકુંદમાં રતિ થશે, (૩) સકલ સિદ્ધિઓની પ્રાપ્તિ થશે, (૪) મુરરિપો સંતોષ પામીને જીવના ભક્તિભાવ આડે આવતા બધા અંતરાયોને દૂર કરશે અને (૫) સ્વભાવનો વિજય થશે.

**સમસ્ત દુરિત ક્ષયો** - બધાં દુરિત એટલે કે પાપોનો ક્ષય થાય. શ્રુતિ કહે છે - **''નરાણાં ક્ષીણ પાપાનાં કૃષ્ણે ભક્તિ પ્રજાયતે''** એટલે કે જેનાં પાપો ક્ષીણ થયાં છે એવા જીવોને કૃષ્ણભક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

બ્રહ્મસંબંધ કરવાથી બધા દોષો (પાપો)ની નિવૃત્તિ આપોઆપ થાય છે. એવું જ અહીં સમજવું. જે જીવ આ અષ્ટકનો પાઠ કરે તેનાં બધાં પાપો ક્ષીણ થઈ જાય છે અને જેનાં પાપોની નિવૃત્તિ થઈ છે એવો જીવ સહેજમાં ભગવદ્ ભક્તિ પ્રાપ્ત કરી લે છે. જ્યાં સુધી જીવમં પાપ રહે ત્યાં સુધી તેમાં એ પાપ ભગવદ્ ભક્તિની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ બની રહે છે. પરંતુ જેવાં તે નષ્ટ થયાં કે તરત જ, નિષ્પાપ એવો જીવ ભગવદ્ ભક્તિ પામે છે.

શ્રુતિ એવું પણ કહે છે કે **''જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ ભસ્મસાત્કુરૂતે યથા** - એટલે કે જ્ઞાન રૂપી અગ્નિ વડે (મનુષ્યનાં) બધાં કર્મો (પાપકર્મો) ભસ્મસાત થઈ જાય છે. તાત્પર્ય એ કે જ્ઞાનાગ્નિ વડે જીવનાં બધાં પાપકર્મોની નિવૃત્તિ અવશ્ય થાય છે. પરંતુ જ્ઞાનપ્રાપ્તિ બહુ કષ્ટ સિદ્ધ છે. અને તે પ્રાપ્ત કરવામાં સમય પણ ઘણો લાગે છે. પરંતુ આ અષ્ટકનો પાઠ કરવાથી જીવનાં બધાં પાપો સઘળા નાશ પામે છે. અને તેમાં ઘણો ઓછો સમય લાગે છે. તેથી

જ્ઞાન પ્રાપ્તિ દ્વારા પાપોનો નાશ કરવા કરતાં આ અષ્ટકનો પાઠ કરીને પાપોનો નાશ કરવો એ જીવ માટે સરળ અને સહજ હોવાથી તે વધુ ઉત્કૃષ્ટ છે.

**મુકુંદે રતિ :** મુકુંદમાં રતિ થાય છે. જેનાં પાપ નષ્ટ થયાં હોય તેની પ્રીતિ મુકુંદમાં થાય એ સ્વાભાવિક છે. મુકુંદ એટલે મોક્ષદાતા, પ્રભુ. સાધારણ રીતે મુકુંદ ભગવાન સર્વને મોક્ષનું દાન કરે છે. પરંતુ અષ્ટકનો પાઠ કરનાર ઉપર પ્રસન્ન થઈને તે તેને ભક્તિ (રતિ)નું દાન કરે છે. આ અષ્ટકનો પાઠ કરનાર ઉપર તે શા માટે પ્રસન્ન થાય છે ? એટલા માટે કે શ્રીયમુનાજી તેની પ્રિયા છે. યમુનાજી પ્રભુને નિત્ય પ્રિય છે અને અતિશય પ્રિય છે. તેથી પોતાની પ્રિયતમાના (શ્રીયમુનાજીના) ઉત્કર્ષનું દાન કરનાર (યમુનાષ્ટકમ્‌નો પાઠ કરનાર) ઉપર, ભક્તોના પ્રતિબંધોને દૂર કરનાર મુરરિપુ, અવશ્ય પ્રસન્ન થાય અને પ્રસન્ન થઈને તે, એ પાઠ કરનારને મુક્તિને બદલે ભક્તિ આપે તેમાં શું આશ્ચર્ય !

**તયા સકલ સિધ્ધયો :** આ સ્તોત્રનો પાઠ કરવાથી તેનો પાઠ કરનાર ઉપર ભગવાન પ્રસન્ન થઈને તેને શું ફળ આપે ? ભગવાન પ્રસન્ન થાય તો તેને મનવાંછિત ફળ આપે. જીવ માગે કે ન માગે પરંતુ ભગવાન તેને સકલ સિદ્ધિઓનું દાન કરે. લૌકિક સિદ્ધિઓનું નહીં; પરંતુ અલૌકિક સિદ્ધિઓનું દાન કરે. યમુનાજીને પણ સકલસિદ્ધિ હેતુ નામથી ઓળખાવવામાં આવ્યા છે. એવી આઠ અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને જીવ ભગવલ્લીલાઓનો અનુભવ કરી શકે અને તેની ભગવદ્ રતિ દૃઢ થાય.

**મુરરિપુશ્ચ સંતુષ્યતિ :** અર્થાત મુર દાનવનો દુશ્મન એવો મુરારિ સંતુષ્ઠ થઈને, આ અષ્ટકનો પાઠ કરનાર ઉપર પ્રસન્ન થાય છે. અને તેને ભગવદ્ પ્રાપ્તિ કરાવે છે, તેવા જીવના ભગવદ્ પ્રાપ્તિના માર્ગમાં અંતરાય દૂર બનતા બધા પ્રતિબંધોને તે દૂર કરે છે.

ભગવાનમાં જેનું મન નિરૂદ્ધ થયું હતું એવી ૧૬,૦૦૦ રાજકન્યાઓને કૃષ્ણની પ્રાપ્તિમાં અતરાય રૂપ એવા મુર દાનવને ભગવાને હણ્યો. અને પોતાની પ્રાપ્તિમાં રહેતા અંતરાયો દૂર કર્યા. પરિણામે તે કન્યાઓને

કૃષ્ણની પ્રાપ્તિ થઈ. તાત્પર્ય એ કે આ અષ્ટકનો પાઠ કરવાથી સંતુષ્ટ થયેલ ભગવાન મુરારિ એ પાઠ કરનારના ભગવદ્ પ્રાપ્તિ આડેના બધાં પ્રતિબંધો દૂર કરે છે.

આ પદમાં 'ચ' અક્ષર છે. ચ એટલે પણ. તેનો ભાવ એ છે કે કેવળ મુરારિ એકલા નહીં પણ ભગવાનની બીજી બધી સ્વામિનીજીઓ પણ અષ્ટકનો પાઠ કરનાર જીવ ઉપર પ્રસન્ન થાય છે. ભગવાન તેના ઉપર એટલા માટે પ્રસન્ન થાય છે કે જીવ ભગવાનની પ્રિયતમાની સ્તુતિ કરે છે અને આ અષ્ટકનો પાઠ કરે છે. સ્વામિનીજીઓ તેના ઉપર એટલા માટે પ્રસન્ન થાય છે કે તેમને (કાત્યાયની વ્રત કરનાર કુમારિકાઓને) પણ યમુનાજી અત્યંત પ્રિય છે. યમુનાજીનું સેવન કરવામાંથી તેમને (કુમારિકાઓને) ભગવદ્ પ્રાપ્તિ થઈ અને પછીથી રાસોત્સવમાં ભગવદ્ અનુભૂતિ પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જેના સેવન અને સાન્નિધ્યથી તેમને આવું મહદ્ સૌભાગ્ય પ્રાપ્ત થયું તેવા યમુનાજી તેમને શા માટે પ્રિય ન હોય? અને પોતાને જે અત્યંત પ્રિય હોય તેના ગૌરવનું ગાન કરનાર ઉપર અને તેના ઉત્કર્ષનું ગીત ગાનાર ઉપર તે શા માટે પ્રસન્ન (સંતુષ્ટ) ન થાય ? ટૂંકમાં મુરરિપુશ્ચ સંતુષ્યતિનો અર્થ છે – મુરારિ અને સ્વામિની વર્ગ બન્ને સંતોષ પામી પ્રસન્ન થાય છે. અને જેની ઉપર તેઓ પ્રસન્ન થાય તેને માટે ભક્તિભાવ અત્યંત સુલભ બનાવી દે તેમાં શી નવાઈ ? એવો જીવ, ભગવદ્ પ્રાપ્તિ અત્યંત સરળતાથી કરી શકે છે.

**સ્વભાવ વિજયો ભવેદ્** – અર્થાત સ્વભાવનો વિજય થાય છે. કો'ના સ્વભાવનો વિજય થાય છે ? (૧) યમુનાજીના સ્વામી મુરારિનો કે યમુનાષ્ટકમ્‌નો નિત્ય પાઠ કરનાર યમુનાજીના ભક્તોના સ્વભાવનો વિજય થાય છે ? તો કે બન્નેના સ્વભાવનો વિજય થાય છે. કેવી રીતે ?

પહેલાં મુકુંદ ભગવાનના સ્વભાવનો વિજય થાય છે. મુકુંદ ભગવાન જ્યારે જીવ ઉપર પ્રસન્ન થાય ત્યારે તેઓ તેને મોટે ભાગે તો મુક્તિનું દાન કરે છે. મુકુંદ શબ્દનો અર્થ આ પ્રમાણે કરવામાં આવે છે – મોક્ષ (મુકં) દદાતિ ઈતિ મુકુંદ એટલે કે મોક્ષ દેનારને મુકુંદ કહે છે. મોક્ષ આપવો એ મુકુંદનો સ્વભાવ છે. ભગવાન પ્રસન્ન થાય ત્યારે જીવને મોક્ષ (મુક્તિ) આપે, ભક્તિ નહીં. ભક્તિને

તો અપ્રાપ્ય ગણવામાં આવી છે. ભગવાન સાથે સંબંધ કરાવનાર ભાવને ભક્તિ કહેવામાં આવે છે. એવો ભાવ સહજ સાધ્ય નથી; તે તો વિરલ છે. વિરલ છે તેથી સદેય છે.

જેના ઉપર પ્રભુ તુષ્ટ (પ્રસન્ન) થાય તેને તે મુક્તિ આપે છે. પરંતુ જેના ઉપર અતિશય તુષ્ટ થાય (સંતુષ્ટ થાય) તેને તેઓ ભક્તિ આપે છે. સ્વભાવથી જ મોક્ષનું દાન કરનાર મુકુંદ પોતાને અતિશય પ્રિય એવાં શ્રીયમુનાજીના ગુણોનું સંકિર્તન થતું સાંભળીને અત્યંત સંતોષ પામે છે. અને પોતાના સ્વભાવથી વિપરીત તેઓ તે જીવને વિરલ અને તેથી અદેય એવી ભક્તિનું દાન કરી તેને કૃતાર્થ કરે છે. આ રીતે ભગવાનના સ્વભાવમાં પરિવર્તન થાય છે.

હવે જીવના સ્વભાવનું પરિવર્તન કેવી રીતે થાય તે જોઈએ. જીવમાં પ્રભુના સત્ ચિત્ (સત્ચિદાંશ) અંશનો આવિર્ભાવ છે. એને આનંદાંશ તિરોહિત રહેલો છે. એટલા માટે તેને જીવ કહેવામાં આવે છે, આત્મા નહીં. જીવભાવને આ રીતે સમજાવ્યો છે - **આનંદાશસ્તુ પૂર્વમેવ તિરોહિત યેન જીવભાવ** એટલે કે આનંદાંશ જેનામાં તિરોહિત છે (એવો આત્મા) તેને જીવભાવ કહેવામાં આવે છે. અવિદ્યાને કારણે આત્મામાં જીવભાવ આવે છે. અર્થાત અવિદ્યા એ જ જીવનો સ્વભાવ છે. એટલા માટે તો જીવને સ્વભાવથી દુષ્ટ કહેવામાં આવ્યો છે. **જીવાઃ સ્વભાવતઃ દુષ્ટાઃ** - જીવ સ્વભાવથી (અવિદ્યાને કારણે) દુષ્ટ છે. યાદ રાખો સ્વરૂપથી (મમૈવાંશો - પ્રભુનો અંશ હોવાથી) તે દુષ્ટ હરગીજ નથી. સ્વરૂપથી તો તે ભગવાનનો અંશ છે.

એવો સ્વભાવથી દુષ્ટ જીવ જો શ્રીયમુનાષ્ટકમ્ નો નિત્ય પ્રતિ પાઠ પ્રેમપૂર્વક પ્રસન્ન ચિત્તે (મુદા) કરે તો, શ્રીયમુનાજી પ્રત્યે અત્યંત પ્રીતિ ધરાવનાર અને શ્રીયમુનાજીના પ્રેમથી વિવશ બનેલ ભગવાન, તેના ઉત્કર્ષનું ગીત (યમુનાષ્ટકમ્નો પાઠ) સાંભળીને તે જીવના હૃદયમાં આવિર્ભુત થાય છે. અને ભગવાન તો આનંદ માત્ર કર પાદ મુખોદરાદિ છે; ભગવાન તો પૂર્ણાનંદ છે. જીવના હૃદયમાં પૂર્ણાનંદનો આવિર્ભાવ થતાં તેનામાં રહેલી પેલી પંચ પર્વાત્મક અવિદ્યા ભાગી જાય છે. તેમ થતાં જીવના જીવપણાની નિવૃત્તિ થાય

છે. જીવ કૃતાર્થ થઈ જાય છે. તેના દુષ્ટ સ્વભાવમાં પરિવર્તન થતા તે ભગવદ્ ભાવાવેશ વાળો બને છે. તેના સ્વભાવનો વિજય થાય છે.

હવે એકજ વાત સમજવાની બાકી રહે છે. 'સ્વભાવમાં પરિવર્તન કરાવી આપવું એ દુ:સાધ્ય કાર્ય છે. એવું દુ:સાધ્ય કાર્ય કેવળ એક સ્તોત્ર (યમુનાષ્ટકમ્) નો પાઠ કરવાથી સિદ્ધિ થાય એવું માની શકાય ખરું ? અર્થાત્ સ્વભાવ વિજયોભવેત્ એ ભાવ માટેનું કોઈ પ્રમાણ છે ખરું ? તો કે હા; શાસ્ત્રમાં આવા વાકયોને પ્રમાણ માનવામાં આવ્યું છે. **''આપ્તવાકયમેવ પ્રમાણમ્''** જે આર્ષદ્દષ્ટાએ જે સત્યની પ્રતિતી પોતે જાતે કરી હોય તે સત્યને જો તે પોતે વ્યકત કરે તો તેના એ શબ્દો આપ્ત વાકય કહેવાય. ભગવાન સાથે નિત્ય સંબંધ રાખનાર જ ભગવાનના સ્વરૂપને જાણી શકે અને તે જાણ્યા પછી પોતાના અનુભૂતિને તે વાણી દ્વારા વ્યકત કરી શકે.

શ્રીમદ્ વલ્લભને સાક્ષાત પ્રભુનો નિત્ય સંબંધ છે. આપ શ્રીકૃષ્ણાસ્યમ્ ગણાય છે. આપ શ્રીહરિના વલ્લભ (પ્રિય) છે. અને આપશ્રી પોતે જ કહે છે **''વદતિ વલ્લભ શ્રીહરે:''** એટલે કે શ્રીહરિને પ્રિય વલ્લભ આ કહે છે. અને શ્રી વલ્લભ જે કહે છે તે પ્રમાણ છે. તેમના કથનમાં સત્યત્વની પ્રતીતિ થવી એ શ્રદ્ધાનો વિષય છે; એ બુદ્ધિનો વિષય નથી. આપ્ત વાકયનું પ્રમાણત્વ શ્રદ્ધા જનિત છે. અને જીવમાં શ્રદ્ધાનો ઉદય થવો એ ભગવદ્ અનુગ્રહ વિના સંભવિત નથી. ભગવદ્ અનુગ્રહ ઉપર દેશ, કાલ કે કર્મ આદિ કશાનું નિયંત્રણ ન હોઈ શકે, અને નથી જ. આટલું સમજશો તો 'વદતિ વલ્લભ શ્રીહરે' ને પ્રમાણ (આપ્ત વાક્ય) માની શકશો.

અહીં શ્રીયમુનાષ્ટકમ્નું વિવરણ પુરું થાય છે. ગુરુદેવની (શ્રીવલ્લભની) કૃપાથી એ થઈ શકયું છે. તો બોલો.

**શ્યામસુંદર શ્રીયમુને મહારાણી કી જય....**

**જયશ્રીકૃષ્ણ....**

# ૨. બાલબોધ

નત્વા હરિં સદાનન્દં સર્વ-સિદ્ધાન્ત-સંગ્રહમ્ ।।
બાલ-પ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ।।૧।।
'ધર્માર્થ-કામ-મોક્ષા'ખ્યાઃ ચત્વારો-ઽર્થા મનીષિણામ્।।
જીવેશ્વર-વિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ।।૨।।
અલૌકિકાસ્તુ વેદોક્તાઃ સાધ્ય-સાધન-સંયુતાઃ ।।
લૌકિકા ઋષિભિઃ પ્રોક્તાઃ તથૈવેશ્વર-શિક્ષયા ।।૩।।
લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાદ્ આદ્યા યતઃ સ્થિતાઃ ।।
ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।।૪।।
ત્રિવર્ગ-સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।।
મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ ।।૫।।
દ્વિધા દ્વે-દ્વે સ્વતસ્ તત્ર સાંખ્ય-યોગૌ પ્રકીર્તિતૌ ।।
ત્યાગાત્યાગ-વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ।।૬।।
અહન્તા-મમતા-નાશે સર્વથા નિરહંકૃતૌ ।।
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે।।૭।।
તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપિતા ।।
ઋષિભિર્ બહુધા પ્રોક્તા ફલમ્ એકમ્ અબાહ્યતઃ।।૮।।
અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ।।
યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા।।૯।।
પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે।।
બ્રહ્મા બ્રાહ્મણતાં યાતઃ તદ્રૂપેણ સુસેવ્યતે।।૧૦।।
તે સર્વાર્થા ન ચાદ્યેન શાસ્ત્રં કિંચિદ્ ઉદીરિતમ્।।
અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ।।૧૧।।
વસ્તુનઃ સ્થિતિ-સંહારૌ કાર્યૌ શાસ્ત્ર-પ્રવર્તકૌ।।
બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ।।૧૨।।
નિર્દોષ-પૂર્ણ-ગુણતા તત્-તચ્છાસ્ત્રે તયોઃ કૃતા।।
ભોગ-મોક્ષ-ફલે દાતું શક્તૌ દ્વાવપિ યદ્યપિ।।૧૩।।

**ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ।।**
**લોકેઽપિ યત્ પ્રભુર્ ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ।।૧૪।।**
**અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ।।**
**નિયતાર્થ-પ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ।।૧૫।।**
**પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ ।।**
**જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ।।૧૬।।**
**શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિધ્યતિ ।।**
**મોક્ષસ્તુ સુલભો વિષ્ણોઃ ભોગશ્ચ શિવતસ્તથા ।।૧૭।।**
**સમર્પણેન આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।।**
**અતદીયતયા ચાપિ કેવલશ્ ચેત્ સમાશ્રિતઃ ।।૧૮।।**
**તદાશ્રય-તદીયત્વ બુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ।।**
**સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા ।।**
**ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ।।૧૯।।**

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતો બાલબોધઃ સંપૂર્ણઃ ।।

***

**નત્વા હરિં** એટલે કે શ્રીહરિને નમસ્કાર કરીને પછી, મારા ગુરુદેવ શ્રીવલ્લભે, મારા જેવા બાળકોના શ્રેય માટે 'બાલબોધ' નામે જે ગ્રંથ લખ્યો છે તેનો ભાવ સમજવા માટે હું યથાશકય પ્રયત્ન કરીશ.

ષોડશગ્રંથો અર્થાત્ 'વલ્લભ ગીતા' માં પ્રથમ ગ્રંથ છે 'શ્રીયમુનાષ્ટકમ્' એ સ્તુતિ ગ્રંથ છે. તેમાં શ્રીમહારાણીજીની સ્તુતિ કરવામાં આવી છે. શ્રીયમુનાજી તો કૃષ્ણભક્તિનું સાક્ષાત્ સ્વરૂપ. જે કોઈ જીવ શ્રીકૃષ્ણની ભક્તિ પામવા માટે એટલે કે ''કૃષ્ણધરામૃતાસ્વાદ'' ની પ્રાપ્તિ કરવા માટે ઈચ્છુક હોય તે જીવે પ્રસન્ન ચિત્તે (મુદા) શ્રીયમુનાષ્ટકમ્નો પાઠ કરવો. તેમ કરતાં, નિઃશંકપણે તેને 'મુકુંદે રતિ' થશે; એ હકીકત છે. અને શ્રીકૃષ્ણમાં રતિ પ્રાપ્ત થતાં એટલે કે જીવ શ્રીકૃષ્ણ-રસ-વિક્ષિપ્ત-માનસ વાળો બની જતાં, તે જીવને પુષ્ટિભક્તિ પૂર્ણ અંશે પ્રાપ્ત થશે.

શ્રીયમુનાજીની કૃપાથી જીવને પુષ્ટિભક્તિમાં પ્રવેશ મળે છે.

પુષ્ટિભક્તિમાં જીવનો પ્રવેશ કરાવી શકે, કાં તો સ્વામિનીજી સ્વરૂપ શ્રીવલ્લભ અથવા ચતુર્થ કૃષ્ણપ્રિયા શ્રીયમુનાજી. એ રીતે સમજતાં, શ્રીયમુનાજી અને શ્રીવલ્લભ સમાન ધર્મી છે.

પુષ્ટિભક્તિમાં પ્રવેશ મળ્યા પછી, જીવે એમ વિચારવાનું છે કે મને પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ તો મળ્યો હવે એ માર્ગ ઉપર ચાલીને મારે કયાં પહોંચવાનું છે. અર્થાત્ માનવજીવનનું અંતિમ ધ્યેય શું છે ? પ્રભુએ કૃપા કરીને આપણને માનવ દેહ આપ્યો છે. તે દેહ વડે આપણે કેવા અને કયા પુરુષાર્થ કરવાના છે ? આપણે શું કરીએ તો આપણો ઈશ્વરદત્ત આ માનવદેહ સાર્થક થાય ?

આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તર એક જ છે. અને તે એ કે માનવનો (જીવનો) અંતિમ પુરુષાર્થ છે 'મોક્ષ પ્રાપ્તિ કરવાનો' જીવે ધર્મના માર્ગે ચાલીને, અર્થ પ્રાપ્તિ અને કામ પ્રાપ્તિ કરીને અંતે મોક્ષ પ્રાપ્તિ કરી લેવાની છે. જીવને જ્યારે મોક્ષ પ્રાપ્તિ થાય ત્યારે તેનું જીવન સાર્થક થયું ગણાય. એટલે કે જીવને જયારે પોતાના અન્યથા સ્વરૂપ (હું)નું વિસ્મરણ થાય અને પોતાનાં અસલ સ્વરૂપ (તું કૃષ્ણ) નું ભાન થાય ત્યારે (જ્યારે તે પોતાની જાતને ભગવદ્ અંશ રૂપે ઓળખી લે ત્યારે) તેને મળેલ દેહ સાર્થક થાય. પુરુષાર્થ થાય માનવ દેહથી. અને એટલા માટે માનવ દેહને અમૂલ્ય માન્યો છે.

સાચું જ કહ્યું છે કે –

**એષા બુદ્ધિમતાં બુદ્ધિર્મનીષા ચ મનીષિણામ્ ।**
**યત્સત્યમનૃતેનેહ મર્ત્યેનાપ્નોતિ મામૃતમ્ ॥**
(૧૧।૨૯।૨૨)

શ્રીમદ્ ભાગવતના અગિયારમાં સ્કંધના ૨૯મા અધ્યાયના ૨૨માં શ્લોકમાં કહ્યું છે કે ''વિવેકી પુરુષોનો (જીવોનો) વિવેક અને ચતુર પુરુષોની ચતુરાઈની પરાકાષ્ઠા એમાંથી દેખાઈ આવે છે કે તેવા પુરુષો, પોતાના વિનાશી અને અસત્ય એવા શરીર વડે, મારા જેવા (પરમાત્મા) અવિનાશી અને પરમ સત્ય તત્ત્વને પ્રાપ્ત કરી લે છે. સાચે જ જીવને મળેલ માનવ દેહને ત્યારે જ

સાર્થક બનાવી શકાય જ્યારે તેના વડે માનવ મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિ કરી લે.

મોક્ષ એટલે સ્વર્ગ પ્રાપ્તિ નહીં. મોક્ષની તુલનામાં સ્વર્ગ પ્રાપ્તિ તો એક ક્ષુલ્લક વસ્તુ છે. જીવનો મોક્ષ એટલે આપણા ગુરુદેવ શ્રીવલ્લભ દ્વારા આપણને અપાયેલ ગદ્યમંત્ર (નિવેદન મંત્ર) માં બતાવ્યા પ્રમાણે (૧) આ પ્રપંચના બધા અહંતા-મમતામય પદાર્થો અને આત્મા સહિત પોતાના સર્વસ્વનું સમર્પણ ભગવાન કૃષ્ણનાં ચરણમાં કરીને અને (૨) શ્રીકૃષ્ણનું દાસત્વ સ્વીકારીને, તથા (૩) કૃષ્ણની જ સ્નેહપૂર્વક સેવા કરીને, તેનાપણુ (તદીયત્વ) પામવું તે. 'હું' નું સ્થાન 'તું' લે તેનુ નામ તદીયત્વ. અને તદીયત્વ એટલે જ મોક્ષ. એવો મોક્ષ કેવળ સમર્પણથી જ મળે એવું મારા ગુરુદેવે મને બાલબોધ ગ્રંથમાં કહ્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે -

**સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવ ।**

શ્રીમદાચાર્યચરણે આ 'બાલબોધ' ગ્રંથને 'સર્વ સિદ્ધાંતોના સાર-સંગ્રહરૂપે ગણાવ્યો છે. આપશ્રીએ ભક્તિમાર્ગ ઉપર પા પા પગલી પાડતાં, મારાં જેવા કદાચ તમારા જેવા પણ, અબુધ બાળકોને ભક્તિમાર્ગના સિદ્ધાંતોનો એકડો ઘુંટાડવા માટે આ ગ્રંથની રચના કરી છે. એટલા માટે તો આપશ્રીએ તેમાં, ચતુઃશ્લોકીની માફક, જીવના અલૌકિક પુરુષાર્થોનું નિરૂપણ નથી કર્યું. બાલબોધ ગ્રંથમાં લૌકિક પુરુષાર્થોનું અને તેમાં પણ ખાસ કરીને અંતિમ પુરુષાર્થ, મોક્ષનું નિરૂપણ બાળકો સમજી શકે એ રીતે કર્યું છે.

એનો અર્થ એવો નથી થતો કે આ ગ્રંથમાત્ર વયમાં બાળકો એ જ વાંચવાનો છે તે પુખ્ત વયના જીવો માટે નથી. બાળક એટલે વયમાં બાળક એવો એનો અર્થ સમજવાનો નથી. બાળક એટલે 'જ્ઞાનમાં બાળક' અથવા 'સમજમાં બાળક' એવું સમજવાનું છે. એ રીતે વિચારતાં, આપણામાંથી કેટલા વૈષ્ણવો પુષ્ટિમાર્ગના ગૂઢ સિદ્ધાંતોને સમજવા જેટલી પુખ્ત ઉંમરના છે? ઘણા થોડા - બાળક ગણાય. એવા નિજ બાળકો ઉપર કૃપા કરીને આચાર્યશ્રીએ, ભક્તિમાર્ગના સર્વ સિદ્ધાંતોના સાર રૂપે, આ ગ્રંથ તેમને આપ્યો છે.

બાલબોધ ગ્રંથની રચના કરવા પાછળ શ્રીમહાપ્રભુજીનું શું પ્રયોજન હતું તે જાણી લેવાથી આપણને સૌને એ હકીકતની યથાર્થતાનો ખ્યાલ આવી જશે.

અંબાલા ગામમાં નારાયણદાસ કાયસ્થ નામે (પુખ્ત વયના) એક ગૃહસ્થ રહેતા હતા. તેઓ શ્રીઆચાર્યશ્રીને શરણે આવ્યા. બ્રહ્મસંબંધ પામ્યા પછી, તેમણે આચાર્યશ્રીની સેવા ભાવપૂર્વક કરી. તેમની સેવાથી આપશ્રી પ્રસન્ન થયા અને પછી તેમને પોતાને ઘેર જવાની આજ્ઞા કરી. તે સમયે નારાયણદાસે નમ્રતાથી કહ્યું, ''ગુરુદેવ, આટલા દિવસ સુધી હું આપની પાસે રહ્યો. પરંતુ મારા અબુધ અંતઃકરણને કાંઈ બોધ ન થયો'' તે સાંભળીને શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથની રચના કરી (નારાયણદાસ જેવા એક બાળકના નિમિત્તે આપણા જેવા અનેક બાળકોને બોધ આપવા માટે) અને તેમને આ ''બાલબોધ'' ગ્રંથ ભણાવ્યો.

બાલબોધ ગ્રંથમાં આપશ્રી શું કહે છે તે સાંભળો અને આપશ્રી જે આજ્ઞા કરે છે તે સાંભળી બોધ ગ્રહણ કરો. આપશ્રી આજ્ઞા કરે છે –

જગતમાં જન્મીને જીવે શું પ્રાપ્ત કરવાનું છે ? શાસ્ત્રો કહે છે કે મનુષ્યે ચાર પ્રકારના પુરુષાર્થો સિદ્ધ કરવાના છે. અને તે છે. ધર્મ, અર્થ કામ અને મોક્ષ નામે ચાર પુરુષાર્થો.

જગતમાં ભિન્ન ભિન્ન રૂચિવાળા લોકો રહે છે. રૂચિ અનુસાર તેમની મતિ ઘડાય છે. ચાર્વાક જેવા નાસ્તિક લોકો બે જ પુરુષાર્થને માને છે યથા ભોગ ભોગવવા અને ભોગ ભોગવતા વધે તે બીજાને આપવું. એટલે કે ખાવું, પીવું, ખવડાવવું અને સ્નેહી મિત્રો સાથે મોજ-મજા કરવી. તેઓ દેહાત્મવાદી છે. તેથી તેઓ દેહને જ આત્મા માને છે.

બીજા કેટલાક લોકો દ્રવ્ય સંચય કરવું – તેને જ પરમ પુરુષાર્થ માને છે. તેથી સામ, દામ, ભેદ કે દંડ વડે – યેન કેન પ્રકારેણ – ધન સંચય કરવામાં જ પોતાના જીવનની સાર્થકતા સમજે છે.

કેટલાક કીર્તિની કામના કરે છે. કેટલાંક કામ પ્રાપ્તિને જ પોતાનો એક

માત્ર પુરુષાર્થ સમજે છે. કેટલાક આચાર-વિચારના પાલનને જીવનનું ધ્યેય સમજે છે. તેઓ એવું માને છે કે ધર્મ આચારથી ઉત્પન્ન થાય છે. તેથી સદાચાર એ ધર્મ છે. અને અનાચાર એ અધર્મ છે.

વળી કેટલાક તપને, તો કેટલાક જપ, ત્યાગ, સત્ય, શમ, દમ આદીને પોતાના જીવનનું ધ્યેય (પરમ પુરુષાર્થ) સમજે છે.

જ્યારે મારા ગુરુદેવ **શ્રીવલ્લભ કૃષ્ણસેવાને જ જીવનો એક માત્ર ધર્મ, એક માત્ર પુરુષાર્થ સમજે છે.**

ઉપર કહ્યું તેમ 'બાલબોધ' ગ્રંથ બાળકો માટે છે. બાળક તે છે જે પોતાનું હિત અથવા અહિત, પોતાની મેળે જાણી શકાતું નથી તેવાં બાળકોના હિતાહિતનો (શ્રેય અને પ્રેયનો) વિચાર ગુરુજીએ કરવાનો છે અને આપણા ગુરુદેવ તો વિક્ષ્ય (નિજ સેવકના શ્રેયને જાણીને, તે શ્રેયને સાધી અપાવનાર) છે. તેથી તેઓ પોતાના સેવકોને પોતાના બાળક સમાન સમજીને તેમનું શ્રેય, ઈષ્ટ, હિત આદિનો વિચાર કરે છે. એવો વિચાર કરીને આપશ્રીએ **બાલપ્રબોધનાર્થાય** આ બાલબોધ ગ્રંથની રચના કરી છે. એ ગ્રંથમાં એ હેતુથી આપશ્રીએ ભારપૂર્વક કહ્યું છે કે, ''શ્રીકૃષ્ણસેવા કરવા સિવાય જીવને પ્રાપ્ત કરવા યોગ્ય બીજું કોઈ ઉત્તમ ફળ નથી'' કારણ કે સેવા એ માત્ર ક્રિયા નથી; તેઓ સેવાફળ છે. અને એ ફળની પ્રાપ્તિ માટે પ્રેમ લક્ષણા ભક્તિ સિવાય એટલે કે તદીયત્વે પહોંચ્યા સિવાય બીજું કોઈ સાધન નથી.

આટલું કરવા પછી, ભક્તિમાર્ગના એવા સિદ્ધાંતોનું જ્ઞાન કરાવવા માટે આપશ્રીએ, વેદ શાસ્ત્રાદિ પ્રમાણો વડે પ્રમાણભૂત કરીને, નિશ્ચયપૂર્વક જે તે સિદ્ધાંતો બાલબોધ ગ્રંથમાં સમજાવ્યાં છે. **(સુવિનિશ્ચતમ્)**

આપશ્રી બાલબોધ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે પુરુષાર્થો ચાર છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. દાન, ભોગ, કીર્તિ, કાંચન, સદાચાર, તપ, દાન, કર્મ, જ્ઞાન અને ભક્તિ એ બધાંને પ્રાપ્ત કરવા રૂપી પુરુષાર્થોનો સમાવેશ આ ચાર પુરુષાર્થોમાં થઈ જાય છે. આ ગ્રંથમાં એ ચાર પુરુષાર્થોનું નિરૂપણ - અબુધ એવા પુખ્ત વયનાં બાળકો માટે કરવામાં આવ્યું છે. એટલા માટે એ પુરુષાર્થોને

લૌકિક કહેવાય, જેમકે ધર્મ એટલે ફરજ, અને દાન, સત્ય, અહિંસા, આદિને દેહધારીની ફરજ રૂપે ગણીને તે બધાને જીવના દેહના ધર્મો રૂપે ગણાવ્યા છે. આમ ધર્મ (દેહધર્મ) ને લૌકિક સમજવો.

અર્થ અને કામ (દ્રવ્ય, કીર્તિ, વાસના પૂર્તિ) એ બે તો સ્પષ્ટ રૂપે ઈન્દ્રિય જનિત હોઈને લૌકિક જ છે. અને મોક્ષ એટલે સત્કર્મો કરીને સ્વર્ગાદિ સુખોને ભોગવવાં એવો એનો અર્થ થતો હોય તો તે પણ લૌકિક પુરુષાર્થ ગણાય. આ રીતે આ ગ્રંથમાં નિરૂપિત ચારે પુરુષાર્થો સ્વરૂપે લૌકિક છે. અલૌકિક પુરુષાર્થોનું નિરૂપણ ચતુઃશ્લોકીમાં અથવા વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં કરવામાં આવ્યું છે.

આ ચારેય પુરુષાર્થોનો વિચાર એ રીતે કરવામાં આવ્યો છે. (૧) વેદ દ્વારા અને (૨) જીવ દ્વારા એટલે કે જીવવિચારિતા.

૧. **વેદ દ્વારા વિચાર :** વેદ એ ઈશ્વર પ્રેરિત વાણી નથી. એ તો સ્વયં ઈશ્વરની વાણી છે. વેદમાં આ ચારે પુરુષાર્થોનો વિચાર કરવામાં આવ્યો છે. એટલા માટે એ પુરુષાર્થોને ઈશ્વર વિચારિત અથવા અલૌકિક પુરુષાર્થો કહેવામાં આવ્યા છે. તેથી જે કોઈ ભગવદ્પ્રાપ્તિનો ઈચ્છુક જીવ, આ અલૌકિક પુરુષાર્થો પામવા માટે, પોતે વેદનું અધ્યયન કરવું.

૨. **જીવ દ્વારા વિચાર :** આ ચાર પુરુષાર્થોનો વિચાર સંત પુરુષો, સંત-મહંતો, ઋષિ-મુનિઓ આદિએ પણ કરેલો છે. અને એ વિચારને તેમણે ગ્રંથસ્થ(શાસ્ત્રો, પુરાણો રૂપે) પણ કર્યો છે. તેમણે કરેલ આ વિચાર, ઈશ્વર પ્રેરિત જરૂર છે. પરંતુ તે સ્વયં ઈશ્વરની વાણી નથી. તેથી તે બધા પુરુષાર્થો લૌકિક કે જીવ વિચારીત કહેવાય. અહીં ઈશ્વર શબ્દથી વેદનું અને જીવ શબ્દથી વેદનો અર્થ (ભાવ) બતાવનાર ઋષિઓનું સૂચન થાય છે.

હવે ઈશ્વર વિચારીત પુરુષાર્થોનું સ્વરૂપ સમજાવતાં આપશ્રી આજ્ઞા કરે છે, **અલૌકિકાસ્તુ વેદોકતાઃ સાધ્ય સાધન સંયુતાઃ** એટલે કે ઈશ્વરે વિચારેલ એ પુરુષાર્થોમાં વેદમાં કહેલા છે. તેમાં સાધ્ય એટલે યજ્ઞાદિક (યજ્ઞનારાયણની પ્રાપ્તિ કરાવી આપે તેવા) અને તે યજ્ઞાદિકને સિદ્ધ કરવાનાં સ્રુકસ્રુવાદિક

સાધનોનો તેમાં વિસ્તારપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. અજ્ઞાદિક રૂપી ધર્મ કરતાં કરતાં તેના વડે અંતે અપૂર્વ ધર્મ (મોક્ષ) એટલે કે નિત્ય સત્ય એવું ભગવદ્ રૂપ પ્રકટ થાય છે. એટલા માટે ગો. શ્રી દેવકીનંદનજી મહારાજ આજ્ઞા કરે છે કે ''વેદમાં કહેલા ધર્માદિ પુરુષાર્થોને અલૌકિક સમજવા''.

આ રીતે અલૌકિક અને લૌકિક એવા એ ચાર પુરુષાર્થોનું સ્વરૂપ અને લક્ષણ સમજ્યા પછી હવે આપણે લૌકિક એટલે કે જીવ વિચારીત પુરુષાર્થોનો વિચાર કરીશું.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, ''અલૌકિક પુરુષાર્થો તો વેદમાં સ્થિત અને નિઃસંદિગ્ધ છે. તેથી તેમાં કોઈ સંદેહ નથી. પરંતુ લૌકિક પુરુષાર્થો ઘણા પ્રકારના હોવાથી તેમાં સંદેહ થાય'' (કીર્તિ કે કાંચનની પ્રાપ્તિને કેવા પ્રકારનો પુરુષાર્થ ગણાવો એવો કંઈક સંદેહ). એટલા માટે લૌકિક પુરુષાર્થોનું સ્વરૂપ બતાવવાની આપશ્રી પ્રતિજ્ઞા કરે છે – યથા

**લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ, વેદાદાદ્યા યતઃ સ્થિતિઃ ।**

આ રીતે આપશ્રીએ 'બાલબોધ' માં લૌકિક પુરુષાર્થો ઉપર જ વિચાર કરવાનો નિર્ણય કર્યો. પરંતુ એ ચાર પુરુષાર્થોમાં પહેલા ત્રણ પુરુષાર્થો એટલે કે (ત્રિવર્ગાઃ) ધર્મ, અર્થ અને કામ, સ્વભાવે અને સ્વરૂપે પણ તદન લૌકિક હોવાથી, તેમના ઉપર આચાર્યશ્રીએ વિચાર ન કરતાં, એ ત્રણે પુરુષાર્થોનું નિરૂપણ કરતાં જે શાસ્ત્રો (સ્મૃતિ ગ્રંથો કે પુરાણો) છે તેનો ઉલ્લેખ કરીને, જે તે પુરુષાર્થોને સમજવા માટે તેના ઉપર રચાયેલ શાસ્ત્ર વાંચી જવા આજ્ઞા કરી છે. અને આપશ્રીએ પોતે તો કેવળ અંતિમ પુરુષાર્થ મોક્ષ કે જે માનવજીવનનું એક માત્ર ધ્યેય અને સાધ્ય છે તેના ઉપર આ ગ્રંથમાં વિચાર કર્યો છે.

આપશ્રી આજ્ઞા કરે છે કે – **ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત।** અર્થાત્ ધર્મશાસ્ત્ર એટલે કે ધર્મનું પ્રતિપાદન કરનાર મનુ આદિની સ્મૃતિઓ અને ગુહ્યસૂત્ર આદિનું ગ્રહણ કરવું. અહીં ધર્મ એટલે ફરજ. આવો ધર્મ દેહધર્મ ગણાય. આત્માનો ધર્મ તો આલૌકિક એવી પ્રભુ સેવા કરવાનો છે. નીતિશાસ્ત્ર એટલે બૃહસ્પતિ આદિ આચાર્યો દ્વારા સ્થાપિત રાજનીતિ અને

કામશાસ્ત્રમાં વાત્સાયન સૂત્રને ગ્રાહ્ય રાખ્યું છે. બીજા કૌલ આદિના કામસૂત્રને (કામશાસ્ત્રને) અગ્રાહ્ય બતાવ્યાં છે; કારણ કે તે લોકો કામશાસ્ત્રના બહુ દુષ્ટ ભાવવાળા સિદ્ધાંતો આપે છે.

ત્યાર પછી આપશ્રી પોતાનો નિર્ણય પ્રકટ કરતાં કહે છે કે - **ત્રિવર્ગ સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।** અર્થાત્ (ઉપર બતાવેલ ત્રણ પુરુષાર્થો અંગેનો શાસ્ત્રો, (ગ્રાહ્ય શાસ્ત્રો)) ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામને સિદ્ધ કરનારાં છે. તેથી અમે તે ત્રણ પુરુષાર્થોનો નિર્ણય (નિરૂપણ) કરતા નથી. એ ત્રણેનું (ત્રિવર્ગનું) ભક્તિમાર્ગમાં ગ્રહણ ન હોવાથી આપશ્રી તેમનું નિરૂપણ કરવાની ના કહે છે.

આ રીતે ત્રિવર્ગની વ્યવસ્થા થઈ. એટલે કે ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થને સમજવા માટે તેના ઉપર રચાયેલ ગ્રાહ્ય શાસ્ત્રો વાંચી લ્યો એવું આપશ્રીએ જાહેર કર્યું છે. અને હવે એ બધાના ફલરૂપ જે મોક્ષ પુરુષાર્થ છે તેના વિષે આપશ્રી વિસ્તારથી કહે છે. સર્વ પ્રથમ તો આપશ્રી મોક્ષ પુરુષાર્થના કેટલા પ્રકાર છે તે કહી બતાવે છે.

આપશ્રી આજ્ઞા કરે છે, **''મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ।''** એટલે કે મોક્ષના બે પ્રકાર છે **(૧) પરતઃ મોક્ષ** - બીજાથી થતો મોક્ષ અને **(૨) સ્વતઃ** - પોતાનાથી થતો મોક્ષ. એ બન્ને પ્રકારમાંથી દરેક પ્રકારના મોક્ષમાંથી બે બે મળી કુલ ચાર શાસ્ત્રો છે.

મોક્ષ એટલે સંસારમાંથી છૂટવાનો પુરુષાર્થ. તેના ઉપર કહ્યું તેમ બે પ્રકાર છે. જીવ અન્ય કોઈની સહાયતાથી આ સંસારમાંથી છૂટે અથવા પોતાની મેળે, કોઈ સાધનની સહાયતાથી મોક્ષ મેળવી લે - એવા બે પ્રકાર છે.

સ્વતઃ મોક્ષનાં **(૧) ત્યાગ દ્વારા** એટલે સાંખ્ય દ્વારા અને **(૨) અત્યાગ દ્વારા** એટલે યોગ દ્વારા, મોક્ષ મેળવવાનું બતાવતાં બે શાસ્ત્રો છે. તેમાં સાંખ્ય શાસ્ત્રમાં અનાત્મ વસ્તુ એટલે કે જે આત્મા નથી એવી બધી વસ્તુઓ (દેહ, ઈન્દ્રિય, ધન, ઘર આદિ) નો ત્યાગ કરવાનું કહ્યું છે. એનો અર્થ એ કે સાંખ્ય શાસ્ત્રમાં બધીજ અનિત્ય (અનાત્મ, આત્માથી અલગ એવી)

વસ્તુઓનો ત્યાગ દ્વારા મોક્ષ મેળવવાનો માર્ગ બતાવ્યો છે અને એ છે જ્ઞાનનો માર્ગ. અને યોગ શાસ્ત્રમાં, કોઈપણ વસ્તુ - આત્મ કે અનાત્મ - નો પ્રત્યક્ષ ત્યાગ કરવાનું કહ્યું નથી. તેમાં તો આંતરિક ત્યાગ (મનથી ત્યાગ) એટલે કે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનું કહ્યું છે.

યોગશાસ્ત્રમાં દુન્વયી વસ્તુઓનો ત્યાગ કરવાનું કહ્યું નથી. ત્યાગ તો આમાં પણ કરવાનો છે. પરંતુ એ ત્યાગ સ્ત્રી-પુત્ર, ધન-સંપત્તિ આદિનો નહીં પરંતુ પોતાની ચિત્તવૃત્તિઓ એટલે કે વાસનાઓનો ત્યાગ કરવાનો છે.

અહીં (યોગમાં) ત્યાગનો અર્થ સમજી લેવો પડે. ત્યાગનો સામાન્ય સમજ પ્રમાણેનો અર્થ છે છોડી દેવું કે ત્યજી દેવું. એટલે કે જે વસ્તુ કે વ્યક્તિનો ત્યાગ કરવાનો હોય તેનાથી સર્વથા અળગા થઈ જવું. પરંતુ અહીં એવો અર્થ લેવાનો નથી. યોગશાસ્ત્રમાં મનની વૃત્તિઓ કે વાસનાઓને ત્યાગવાની છે. એટલે કે તેનો નિરોધ કરવાનો છે; તેમને કાબૂમાં રાખવાની છે. મનની બધી વૃત્તિઓ કે વાસનાઓ જ્યારે કેવળ ઈશ્વર પ્રાપ્તિ માટે જ કામ કરે ત્યારે તેમનો નિરોધ થયો (ત્યાગ થયો-સંસારથી અલગ થઈ અને પ્રભુ સાથે સંલગ્ન થઈ) એવું કહેવાય. અને તે માટે યોગમાર્ગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિ એ આઠ અંગો (સાધનો) દ્વારા ચિત્તવૃત્તિઓને વશમાં કરી લેવામાં આવે છે. અને તેમને ઈશ્વરાભિમુખ બને ત્યારે જીવનો મોક્ષ થયો એવું કહેવાય. સાંસારિક ભાવો અને વૃત્તિઓમાંથી મુક્ત થવું (તેમનાંથી અલિપ્ત થઈ જવું) એનું નામ મુક્તિ. બીજા શબ્દોમાં કહીએ તો આત્માનું પોતાના (સ્વ) સ્વરૂપમાં જ રહેવું અને સાંસારિક વિષયોમાં અનુરકત ન રહેવું તેનું નામ મોક્ષ.

શ્રીમહાપ્રભુજીએ મોક્ષનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે.

**અહંતા મમતા નાશે સર્વથા નિરહંકૃતૌ ।**
**સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થ સ નિગદ્યતે ।।**

એટલે કે અહંતા અને મમતાનો નાશ થઈને 'હું કાંઈ કરતો નથી' એવો ભાવ સ્થિર થાય અને બધી રીતે અહંકારની નિવૃત્ત થતાં દેહાભિમાની જીવાત્મા

જ્યારે પોતાના સ્વરૂપમાં એટલે કે પોતાના આત્માને યથાર્થ રીતે ઓળખવામાં – નિષ્ઠાવાળો થાય છે ત્યારે તે જીવાત્મા કૃતાર્થ એટલે મુકત કહેવાય છે.

આ રીતે સ્વતઃ મોક્ષના બે પ્રકાર બતાવ્યા. (૧) સાંખ્ય અને (૨) યોગ. સાંખ્ય શાસ્ત્રના પ્રવર્તક શ્રીકપીલ મુની છે અને યોગશાસ્ત્રના પ્રવર્તક શ્રીપતંજલિ છે. સાંખ્ય અને ત્યાગ વચ્ચે, આ રીતે, ત્યાગ અને અત્યાગ (નિરોધ)નો ભેદ રહેલો છે.

આ વાત આપણે શ્રીમહાપ્રભુજીના શબ્દો દ્વારા સમજી લઈએ. આપશ્રી કહે છે કે અત્યાગનું સ્વરૂપ સમજી લેવું આવશ્યક છે. ત્યાગ નહીં કરવામાં નિશ્ચય કરીને યોગમાર્ગ રહેલો છે. પરંતુ ત્યાગ વગર મોક્ષ કેમ મળે? તેથી યોગમાર્ગમાં પણ ત્યાગ તો કરવો અને તે એવી રીતે કે 'હું કંઈ કરતો નથી' (કર્તૃત્વનો ત્યાગ) : આ છે અહંતાનો ત્યાગ. આમાં 'હું કાંઈ કરતો નથી એવું દ્દઢતાથી સમજીને મન વડે ત્યાગ કરવાનો છે. આવો ત્યાગ સિધ્ધ કરવા માટે યમ નિયમ આદિ આઠ સાધનો અવશ્ય કરવાં. તેમ કરવાથી મનની બધી વૃત્તિઓનો નિરોધ રૂપી યોગ સિધ્ધ થશે. અને અહંતા-મમતાનો નાશ થશે. જીવ પોતાના સ્વરૂપમાં (પ્રભુ અંશરૂપે) સ્થિર થતાં તે કૃતાર્થ થશે અને તેને જ મોક્ષ કહેવાય.

**પરતઃ મોક્ષ** એટલે પોતાના સિવાય બીજા દ્વારા (અન્યની કૃપા, મદદ દ્વારા) પ્રાપ્ત થતો મોક્ષ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પરાશ્રયેણ મોક્ષ (પરતઃ મોક્ષ) પણ બે પ્રકારનો છે. (૧) વિષ્ણુ દ્વારા પ્રાપ્ત થતો અને (૨) શિવજી દ્વારા પ્રાપ્ત થતો મોક્ષ.

**પરાશ્રયેણ મોક્ષ** એટલે પર (બીજા)ના આશ્રયથી મળતો મોક્ષ. પરંતુ પર કો'ને કહેવાય ? અહીં પરનો અર્થ બીજા (પરાયા) એવો લેવાનો નથી. પર એટલે સર્વશ્રેષ્ઠ જેમકે પરાત્પર, પર બ્રહ્મ, પરમાત્મા – આ બધામાં પર એટલે સર્વશ્રેષ્ઠ. (જેના કરતાં વધુ શ્રેષ્ઠ બીજું કશું નથી તે) તેથી પરતઃ મોક્ષ એટલે સકલ વિશ્વમાં જે સર્વશ્રેષ્ઠ છે એવા વિષ્ણુ અને શિવના આશ્રયથી (મદદથી, કૃપાથી) મળતો મોક્ષ. અને જો એ વિષ્ણુ અથવા શિવને તમે તમારાથી જુદા

માનતા હોય તો અને ત્યારે જ પર નો અર્થ બીજા એવો થાય.

જગતની ગતિનાં ત્રણ પાસાં છે. (૧) ઉત્પત્તિ, (૨) સ્થિતિ અને (૩) લય. સ્થિતિ એટલે રક્ષા અને લય એટલે નાશ. એ ત્રણે ગતિના અધિષ્ઠાતા ત્રણ મહાદેવો છે. યથા બ્રહ્મા (ઉત્પત્તિ), વિષ્ણુ (સ્થિતિ) અને શિવજી (લય) બ્રહ્મ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે; વિષ્ણુ દ્વારા તેની રક્ષા થાય છે અને શિવ દ્વારા તેના સંહારનું કાર્ય થતું રહે છે. પુરાણોમાં એ ત્રણે દેવાધિદેવોને સમાન મહત્વ આપવામાં આવ્યું છે. જો એમ હોય તો એ ત્રણેનાં આશ્રયથી, મોક્ષ પણ, ત્રણ પ્રકારનો હોવો જોઈએ. પરંતુ આચાર્યશ્રીએ પરતઃ મોક્ષના માત્ર બે જ પ્રકાર - શિવ અને વિષ્ણુના આશ્રયથી મળતો મોક્ષ - ગણાવ્યા છે. એવું શા માટે ? શું બ્રહ્માજીના આશ્રયથી મોક્ષ ન મળે ?

એ પ્રશ્નનો પ્રત્યુત્તર સ્પષ્ટ ના માં છે. તેનાં બે કારણો ગણાવી શકાય.

(૧) બ્રહ્મા મોક્ષ આપતાં નથી. કારણ કે તેમને સરસ્વતીનો શાપ છે. શાપ હોવાને કારણે તેમનામાં બ્રહ્મત્વ તો રહ્યું છે. પરંતુ પૂજ્યપણું રહેતું નથી. તેથી બ્રહ્માની પૂજા (સેવા) થતી નથી.

(૨) બ્રહ્મા મોક્ષ ન આપી શકે. કારણ કે મોક્ષનું સ્વરૂપ જ એવું છે. **મોક્ષમાં બંધની નિવૃત્તિ અને આનંદનો અનુભવ એ બે લક્ષણો છે.** જીવના બંધની નિવૃત્તિ થઈને જ્યારે તે જન્મ-મરણથી છૂટે ત્યારે તે જીવ બ્રહ્માની સૃષ્ટિમાંથી કમી થઈ જાય. એ રીતે તો ધીરેધીરે સૃષ્ટિનો વિધાન (વિઘટન) થાય. એટલા માટે 'સૃષ્ટિના ઉત્પાદક એવા બ્રહ્મા' પોતે સૃષ્ટિનો વિધાત કેવી રીતે કરે ? જો તેમ કરે તો સ્વકાર્ય (ઉત્પાદન)નો જ પ્રતિબંધ થાય. એટલા માટે બ્રહ્મા મોક્ષ આપતા નથી.

આથી આપણા ગુરુદેવ શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે **"બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્ તદ્રૂપેણ સુસેવ્યતે"** એટલે કે બ્રહ્માની બ્રાહ્મણ રૂપથી (બ્રહ્મ રૂપથી નહીં) સેવા કરાય છે. તેમની કાંઈ મોક્ષદાતૃપણાથી સેવા કરાતી નથી. બ્રહ્મ એટલે વેદ, કે જે સાક્ષાત પરબ્રહ્મનું સ્વરૂપ છે અને એ બ્રહ્મ (છંદ) ને જાણે તે બ્રાહ્મણ, બ્રહ્મા વેદને જાણે છે તેથી તેઓ બ્રાહ્મપણાને પામેલા છે.

તેથી (૧) બ્રહ્મ જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે, (૨) વેદાધ્યયન કરવા માટે અથવા (૩) બ્રહ્મતેજની પ્રાપ્તિ અર્થે બ્રહ્માની સેવા કરાય છે; મોક્ષ પ્રાપ્તિ માટે કયારેય કરાતી નથી.

બ્રહ્મા બ્રાહ્મણપણું પામ્યા હોવાથી તેમણે વૈખાનસતંત્ર રૂપી મોક્ષનું શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષ કેવી રીતે મળી શકે તે તેમણે કહ્યું છે. તેમાં મોક્ષને એવી રીતે સિદ્ધ કર્યો છે કે ભગવાન (પરબ્રહ્મ) છે તે મુખ્ય દેવ છે. અને તે જ મોક્ષ આપવા વાળા છે. અને બ્રહ્માજી તો કેવળ ઉપદેશ આપનાર ગુરુ છે. ગુરુ રૂપે તેઓ મોક્ષ આપી કે અપાવી શકે છે. પરંતુ દેવપણાથી તેઓ સ્વયં મોક્ષ આપતા નથી.

હવે રહ્યા બે મહાદેવો – એક શિવ અને બીજા વિષ્ણુ. બન્ને પરબ્રહ્મનાં સ્વરૂપો છે. તેઓ પોતાની મેળે મોક્ષ આપી શકે છે. એટલા માટે આચાર્યશ્રી આજ્ઞા કરે છે – **અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ** અર્થાત્ શિવજી અને વિષ્ણુ બન્ને પોતાનું ભજન કરનારને ચારે પુરુષાર્થો રૂપી ફળ આપે છે. એ રીતે તેઓ બન્ને જગતનું હિત કરનારા છે.

બ્રહ્માજીને બ્રાહ્મપણું સિદ્ધ છે. જ્યારે પંચરાત્ર અને પાશુપત શાસ્ત્રને ચલાવનારા અને વસ્તુ માત્રની રક્ષા અને સંહાર કરવાનું જેમનું મુખ્ય કાર્ય છે તેવા વિષ્ણુ અને શિવ જે હેતુ માટે શિવ અને વિષ્ણુ રૂપે થયેલા છે તે હેતું માટે તેઓને, તેમને લાગતાં શાસ્ત્રોમાં, સર્વાત્મકપણાને કરીને કહેલા છે. એટલે કે તેઓ ચારે પુરુષાર્થોના દાતા છે.

તાત્પર્ય એ કે 'બ્રહ્મૈવ તાદશં' એ શ્રુતિ અનુસાર બ્રહ્મ શિવરૂપ અને વિષ્ણુરૂપ છે. કેટલાંક ઉપનિષદોમાં જેવાં કે શ્વેતાશ્વતરીય, મંત્રોપનિષદ, કેવલ્યોપનિષદ વગેરેમાં શિવરૂપી બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે. જ્યારે બીજા કેટલાંક ઉપનિષદો જેવાં કે મહાનારાયણોપનિષદ, સુબલોપનિષદ આદિમાં વિષ્ણુરૂપથી બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે ઉપનિષદોમાં શિવ અને વિષ્ણુને બ્રહ્મ તરીકે ગણ્યા છે. પાશુપત શાસ્ત્રમાં શિવને નિર્દોષ અને પૂર્ણગુણ (નિર્દોષ પૂર્ણગુણતા) અને પંચરાત્ર શાસ્ત્રમાં વિષ્ણુને નિર્દોષ અને પૂર્ણગુણ

કહેવામાં આવ્યા છે. આ રીતે શાસ્ત્રો અને ઉપનિષદોમાં શિવ અને વિષ્ણુનું બ્રહ્મપણું સિધ્ધ કરવામાં આવ્યું છે.

એટલા માટે તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે – **ભોગમોક્ષ ફલે દાતું શકતૌ દ્વાવપિ યદ્યપિ** – એટલે કે શિવ અને વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષ રૂપી ફલ આપવા સમર્થ છે. છતાં પણ –

મોટે ભાગે તો – **ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચય**– એટલે કે શિવ વડે ભોગ સિધ્ધ થાય છે. અને મોક્ષ તો વિષ્ણુ વડે સિધ્ધ થાય છે, એવો વિશેષ કરીને નિશ્ચય છે. તેનું કારણ એ છે કે આ લોકમાં તમે જુઓ છો કે સ્વામી જે વસ્તુ પોતે ભોગવે છે તે (પોતાની ભોગવવાની વસ્તુ) સાધારણ રીતે કોઈ બીજાને આપતા નથી.

આચાર્યશ્રીની આ આજ્ઞા આપણે સુચારૂ રૂપે સમજી લઈએ. સાધારણ રીતે જે મનુષ્ય (રાવણ, બાણ આદિ) શિવનું આરાધન કરે છે તેને સંપત્તિ મળે છે અને તેથી તેને ભોગની પ્રાપ્તિ થાય છે. અને જે મનુષ્ય વિષ્ણુનું ભજન કરે છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. આ રીતે શિવજીને ભોગના વિષ્ણુને મોક્ષના દાતા ગણવામાં આવ્યા છે. એને અનુલક્ષીને આપશ્રીએ એવી આજ્ઞા કરી છે કે – **મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્, ભોગશ્ચ શિવતસ્ તથા** આવું શા માટે ? તે સમજાવવા માટે આપશ્રી એક લૌકિક દૃષ્ટાંત આપે છે.

આપશ્રી કહે છે કે આ લોકમાં સ્વામી પોતે જે વસ્તુ ભોગવે છે તે વસ્તુ, સામાન્ય રીતે, તેઓ બીજા કોઈને આપતા નથી. વિષ્ણુ લક્ષ્મીના પતિ એટલે કે ભોગના ભોકતા છે. અને શિવજી ત્યાગના ભોકતા છે. તેઓ શરીરે ભસ્મ ચોળી સ્મશાનમાં રહે છે; કોઈપણ પ્રકારના ભોગ ભોગવતા નથી અને વૈરાગ્ય (ત્યાગ) ભોગવી પ્રસન્ન રહે છે. તેથી પોતાને જે નથી ભોગવવું એવો ભોગ તેઓ નિજ ભકતોને આપે છે. અને પોતે જે ભોગવે છે તે ત્યાગ કે વૈરાગ્ય તેઓ નિજ ભકતોને આપતા નથી. આ સર્વ સાધારણ નિયમ છે.

પરંતુ નિયમમાં અપવાદ હોવામાં જ નિયમની કૃતાર્થતા છે. તેથી અપવાદ રૂપે કયારેક વિષ્ણુ સુદામા જેવા નિજ ભકતોને ભોગ આપે છે. અને

શિવજી નરસિંહ મહેતા જેવા પોતાના ભકતોને મોક્ષ આપે છે. (વિષ્ણુનું સાન્નિધ્ય કરાવી આપવું તેનું નામ મોક્ષ) આથી એવું સિદ્ધ થાય છે કે ભોગ જોઈતો હોય તો શિવજીનું પૂજન કરો અને મોક્ષ જોઈતો હોય તો વિષ્ણુનું ભજન કરો. અપવાદ રીતે તેથી ઊલટું થઈ શકે; પરંતુ અપવાદ માટે આપણે આગ્રહ ન રાખવો જોઈએ.

શા માટે આગ્રહ ન રાખવો ? યાદ રાખો ભોગ આપવો એ શિવજીના ગુણ-સ્વભાવનું લક્ષણ છે અને મોક્ષ આપવો એ વિષ્ણુના ગુણ-સ્વભાવનું લક્ષણ છે. શિવજી તામ ગુણ (પ્રકૃતિ) ધરાવે છે. તેથી નિજ પ્રકૃતિ અનુસાર તેઓ પોતાના રાજસ-તામસ ગુણવાળા ભક્તોને સાત્વિક સ્વભાવવાળા બનાવે ત્યારે જ તેઓ તેમને મોક્ષ આપી શકે. અને એ પ્રમાણે કરવું તે તેમના પ્રકૃતિ-ગુણ-સ્વભાવથી વિરુદ્ધનું કાર્ય છે.

એ જ રીતે વિષ્ણુ સાત્વિક ગુણ પ્રકૃત્તિ ધરાવે છે. આથી નિજ પ્રકૃતિ અનુસાર તેઓ પોતાના સાત્વિક સ્વભાવવાળા વૈષ્ણવ ભકતોને, રાજસ કે તામસ સ્વભાવવાળા બનાવે ત્યારે તેઓ તેમને ભોગ આપી શકે. તેમ કરવું તે તેમને માટે નિજ સ્વભાવથી વિરુદ્ધનું કામ છે. તેથી લોકવ્યવહારમાં જોશો તો બહુ ઓછા સાત્વિક વિષ્ણુ ભકતો ધનવાન હશે. અને જે ધનવાન હશે તે સામાન્ય રીતે લક્ષ્મી ભકત હશે. કેવળ વિષ્ણુપ્રિયા લક્ષ્મીજીના સંદર્ભે તેઓ વિષ્ણુ ભકત કહેવાતા હશે.

હવે જો એવું માનવામાં આવે કે શિવ માત્ર ભોગ આપવા જ સમર્થ છે. મોક્ષ આપવા નહીં અને વિષ્ણુ માત્ર મોક્ષ આપવા જ સમર્થ છે, ભોગ આપવા નહીં - તો એવી માન્યતા સર્વથા નિરાધાર છે. એ પ્રમાણે માનવું એનો અર્થ એવો થાય કે તેઓ ઈશ્વર હોવા છતાં તેમના ઈશ્વરપણામાં થોડીક ન્યૂનતા છે. એવું હરગીઝ નથી. તેઓ પૂર્ણ પરબ્રહ્મનાં સ્વરૂપો છે. તેઓ ઈશ્વર જ છે. તેથી તેઓ પૂર્ણ છે. તેમનામાં કશી ન્યૂનતા સંભવી જ ન શકે. તો પછી એનો અર્થ એવો કરવાનો કે શિવ મોક્ષ આપી શકે છે પરંતુ સાધારણ રીતે તેઓ મોક્ષ આપતા નથી. ભોગ જ આપે છે. અને વિષ્ણુ ભોગ આપી શકે છે. પરંતુ તેઓ સાધારણ રીતે ભોગ આપતા નથી, મોક્ષ જ આપે છે. અર્થાત બન્ને બ્રહ્મ

સ્વરૂપો-શિવ અને વિષ્ણુ-ભોગ અને મોક્ષ બન્ને આપવાનું પૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

અહીં એક શંકા ઊભી થાય છે. અને તે એ કે શિવ પોતે ભોગ ભોગવતા નથી અને નિજ ભકતોને ભોગ આપે છે. તો શું ભોગ અધમ વસ્તુ છે. શું તે ઉત્તમ નથી ? જો ભોગ ઉત્તમ હોય તો શિવ પોતે શા માટે તે ભોગવતા નથી ? અને જો ભોગ અધમ હોય તો તેઓ નિજ ભકતોને એવી અધમ વસ્તુ (ભોગ) શા માટે આપે છે ?

આ શંકાનું સમાધાન શોધવું મુશ્કેલ તો છે પરંતુ ન જ શોધી શકાય તેવું નથી; શિવજી પ્રલય કરવાની શક્તિથી યુકત છે. જો તેઓ પોતાની એ પ્રલય કરવાની શક્તિને ક્ષણભર માટે પણ દૂર કરે તો જગતનો નાશ થઈ જાય. એ શક્તિના પ્રતિક રૂપે તેઓ કંઠમાં કાલકૂટ, ગળામાં સર્પ, શરીર ઉપર ભસ્મ આદિ ધારણ કરે છે. અને અન્ય બધા ભોગોનો ત્યાગ કરે છે. પરંતુ નિજ ભકતોને તો તેઓ સરળતાથી તે બધા ભોગો આપી દે છે. ભોગ, સ્વરૂપે અધમ નથી. જે રીતે, જે ભાવથી ભોગ ભોગવવામાં આવે તે રીત કે તે ભાવ અનુસાર, ભોગ, ઉત્તમ કે અધમ બને છે. લૌકિક ભોગ અનુસાર, ભોગ અધમ હોઈ શકે છે; અલૌકિક ભોગ તો ફલનામ્ મધ્યે પ્રવિશતિ - ફલ મધ્ય પ્રવેશેલ છે. તેથી ભોગ મળે પછી તેનો ઉત્તમ ઉપયોગ કરો તો તે ઉત્તમ ભોગ; નહીંતર અધમ.

અને વિષ્ણુ નિજ ભકતોને ભોગ આપતા નથી તેનું કારણ સ્પષ્ટ છે. ભોગ ભોગવવાની રીતમાં દોષ કે ગુણ રહેલો છે. ભોગનો સંબંધ લક્ષ્મીજી સાથે છે. લક્ષ્મીજીના સંબંધથી મદ ઉત્પન્ન થાય છે. અને મદ થતાં વિનિપાત થાય છે. ભગવાને ભા. ૧૦-૧૧ માં કહ્યું છે કે ''ભગવાન પોતાના અપકવ સમજવાળા ભકતોને સંપત્તિ, સત્તા, રાજ્ય કે ઐશ્વર્ય આપતા નથી; કારણ કે તેઓ ધનિકને ધનના મદથી થતો વિનિપાત પોતે જુએ છે.

ભાગવતમાં એમ પણ કહ્યું છે કે ''સુદામા બ્રાહ્મણ દીનતાથી પ્રભુ પાસે માગે છે કે, ''પ્રભુ ! જન્મોજન્મમાં મને ભગવદ્ ભક્તિ મળે.'' પરંતુ તે (સુદામા) પરિપૂર્ણ સમજવાળો ભકત (અજાચકવ્રત ધરાવતો) હતો. તેમની પત્ની પણ એવી જ ભકત હતી. આથી પ્રભુએ તેને સંપત્તિ આપી અને વિચાર્યું

કે આ જન્મમાં મેં એને સંપત્તિ આપી, તેવી સંપત્તિ જો તેને બીજા જન્મમાં મળશે તો કદાચ તેનાથી તેની ભક્તિના માર્ગમાં અડચણ ઊભી થશે. તેથી હવેના જન્મમાં તેને સંપત્તિ આપવી નથી. જો તેની પાસે સંપત્તિ હશે તો તે ભગવદ્ ભકતોનો સંગ નહીં કરે. અને સત્સંગ કર્યા વિના જીવનો નિસ્તાર નથી.

આ રીતે, એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે શિવ અને વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષ આપી શકે છે. તેમ કરવામાં ભક્તિમાર્ગીય કોઈ ક્ષતિ નથી. તેમ છતાં જે સાચા ભક્તો છે તે તો ભોગ અને મોક્ષ બન્નેનો સ્વીકાર કરતા નથી.

બાલબોધ ગ્રંથનાં ચાર પ્રકારના જીવ વિચારીત મોક્ષનું નિરૂપણ કર્યું છે – એ બધા મોક્ષ લૌકિક પ્રકારના છે. એટલા માટે તો ભક્તિમાર્ગમાં એ ચારે પ્રકારના મોક્ષ લૌકિક પ્રકારના છે. એટલા માટે તો ભક્તિ માર્ગમાં એ ચારે પ્રકારના મોક્ષનો સ્વીકાર વૈષ્ણવો દ્વારા થતો નથી.

તો પછી શંકા એવી થાય છે કે જો ભક્તિમાર્ગમાં મોક્ષનો સ્વીકાર ન હોય તો શ્રીમદાચાર્યચરણે બાલબોધમાં તેનું પ્રતિપાદન શા માટે કર્યું ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે ''જો કે ભક્તિમાર્ગમાં ભોગ કે મોક્ષ બેમાંથી કોઈનું પણ ગ્રહણ નથી, તેમ છતાં કવચિત જે ભક્તિમાર્ગીય જીવને એવા મોક્ષની પ્રાપ્તિની ઈચ્છા થાય તેને તે કેવી રીતે પ્રાપ્ત કરવો એ બતાવવા માટે જ અહીં તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમ છતાં સ્પષ્ટ સંકેત તો કર્યો જ છે કે મોક્ષ ગ્રહણ કરવા યોગ્ય નથી. પુષ્ટિ ભક્તોને તો 'નિત્ય ઓચ્છવ, નિત્ય કીર્તન, નિરખવો નંદ કુમાર રે' એ જ ઇચ્છનિય (શ્રેય અને પ્રેય બન્ને) છે. બાલબોધ ગ્રંથના ભાવને સમજી લેનાર પુષ્ટિ જીવ ભૂલથી પણ એવા લૌકિક મોક્ષ (ચતુર્થ પુરુષાર્થ)ની કામના ન કરે.

સાધારણ નિયમ પ્રમાણે શિવજી ભોગ અને વિષ્ણુ મોક્ષ આપે છે. તેમ છતાં, ઉપર કહ્યા પ્રમાણે, આ નિયમને અપવાદ છે. એ અપવાદની રજૂઆત શ્રીગુરુદેવે સહેતુક કરી છે. આપશ્રી આજ્ઞા કરે છે કે–

અપવાદ રૂપે શિવજી અને વિષ્ણુ પોતપોતાના (અતિપ્રિયાય) – પ્રીતિપાત્ર ભક્તોને, કોઈક વખતેજ (કવચિત) મોક્ષ અને ભોગ આપે છે. એ

રીતે શિવજી દ્વારા મોક્ષ અને વિષ્ણુ દ્વારા ભોગ આપવામાં આવે ત્યારે તેના વડે જીવનું જે તે બ્રહ્મ સ્વરૂપની સાથે તદીયત્વ (તેનાપણુ) અને તદાશ્રય (તેનો આશ્રય) સિદ્ધ થાય છે.

એનો અર્થ તો એ થયો કે તદીયત્વ અને તદાશ્રય દ્વારા ભક્તના અતિપ્રિયત્વનું માપ નીકળી શકે છે. અને એવા નિજ ભક્તને કે જે તેમને અતિપ્રિય હોય તેને તેઓ નિજ ભોગ્ય-પદાર્થ (પોતાને ભોગવવાની વસ્તુ) પણ આપે છે. જેમ કે મહાદેવજીએ બાણ અને મયદાનવને મોક્ષ આપ્યો છે અને વિષ્ણુએ ઉપરિચર વસુને ભોગ આપ્યો છે. તેથી સાબિત થાય છે કે કોઈક વખતે જ (અપવાદ રૂપે જ) તેઓ પોતાને અતિપ્રિય હોય તેવા ભક્તને સ્વભોગ્ય વસ્તુ આપે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી, શિવ અને વિષ્ણુમાં ભોગ અને મોક્ષ બન્ને આપવાની શક્તિ છે એવું સાબિત થાય છે.

પરંતુ સાધારણ નિયમમાં અપવાદ કરીને શિવજી મોક્ષ આપે અને વિષ્ણુ ભોગ આપે તો તેમ કરવા તેઓ સમર્થ તો છે જ. પરંતુ તેમ કરવાથી તેમને શ્રમ પહોંચે છે. શ્રીવલ્લભ આજ્ઞા કરે છે - **દ્વિતિયાર્થે મહાચ્છ્રમ: -** એટલે કે બીજું કરવાથી તેમને મહાન શ્રમ પહોંચે છે. એ પ્રમાણે શ્રમ પહોંચવાનું કારણ એ બતાવ્યું છે તે -

જીવ માત્ર સ્વભાવથી દુષ્ટ (દોષવાળો) છે. તે સ્વભાવથી દુષ્ટ છે. સ્વરૂપથી દુષ્ટ નથી. તેથી એવું અન્યથા ફલ (શિવ દ્વારા મોક્ષ અને વિષ્ણુ દ્વારા ભોગ) આપવા માટે પ્રભુએ જીવનો સ્વભાવ બદલવો પડે છે. તે બદલવામાં તેમને શ્રમ પડે છે. પરંતુ તે બદલી તો શકે જ છે. ભગવાન પોતે નિજ ભક્તના સ્વભાવને બદલીને તેને અન્યથા ફળ આપવા શક્તિમાન છે એવું તેનાથી સાબિત થાય છે.

**નોંધ :** ઉપર કહ્યું કે **જીવાઃ સ્વભાવતો દુષ્ટાઃ ।**

એ બાબતમાં કહેવામાં આવ્યું છે કે જીવ સ્વભાવથી દુષ્ટ છે; પરંતુ તે સ્વરૂપથી દુષ્ટ નથી. સ્વરૂપથી તો તે ભગવદ્ અંશ છે. ગીતાજીમાં પણ કહ્યું છે - **મમૈવાંશો જીવ લોકે.**

જીવને સ્વભાવથી દુષ્ટ શા માટે કહેવામાં આવે છે ? તે વિષે સમજાવતાં એક એવું કહેવામાં આવે છે કે **જીવનો એક માત્ર ધર્મ છે ભગવદ્ દાસ પણાથી સદા ભગવદ્ સેવા કરવી તે.** પરંતુ દોષથી ભરેલો હોઈ, તે જીવ ભગવદ્ સેવા કરતો નથી. તેથી તે દુષ્ટ છે. તેની એ દુષ્ટતા દૂર કરવા માટે તેણે શ્રવણ કીર્તનાદિ ભક્તિ કરવી. તેમ કરતાં તેનો સ્વભાવગત દોષ દૂર થશે. ભજન, કીર્તન, સત્સંગ, ભક્તિ આદિ પ્રભુને અતિપ્રિય થવા માટેનાં ઉત્તમ સાધનો છે.

પછી આપશ્રી એવી આજ્ઞા કરે છે કે – **પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિધ્યતિ**– એટલે કે

શ્રીભાગવત આદિનું શ્રવણ અને ભજન-કીર્તન આદિ સાધનો, પ્રયોજતાં, જીવના બધાં દોષ મટી જશે અને સ્વાભાવિક રીતે જ તેના હૃદયમાં ભગવદ્ પ્રેમ ઉત્પન્ન થશે. પ્રભુ પ્રત્યેના પ્રેમથી જીવનાં આ લોક અને પરલોકનાં કરવા જેવાં બધાં યોગ્ય કાર્યો સિદ્ધ થશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવ સદા સર્વદા શ્રવણ કીર્તન આદિ કરે તો તેનામાં પ્રભુ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય. અને તે પ્રેમ વડે તેને તદીયત્વ અને તદાશ્રય સિદ્ધ થાય.

પ્રભુને જ અને એક માત્ર પ્રભુને જ પ્રેમ કરનાર જીવ પોતાના આત્મા સહિત (આત્મન સહ) પોતાના અહમ્ અને મમ્‌ના બધા પદાર્થો (દેહ, ઈન્દ્રિયાદિ અહમ્‌ના પદાર્થો અને પત્ની, પુત્રી, ગૃહ, ધન આદિ મમતાના પદાર્થો) નું સમર્પણ પ્રભુને કરશે. તેથી તેનું હું (અહમ્) અને મારું (મમ્) દૂર થશે અને માત્ર 'તું' અને 'તારું' જ બાકી રહેશે. અને એ રીતે તે પ્રભુનો બની રહેશે. આથી નિશ્ચયપૂર્વક કહી શકાય કે સમર્પણ વડે જીવને નિશ્ચયપણે તદીયત્વ પ્રાપ્ત થાય છે. અને કદાચ સમર્પણમાં કંઈક કસર રહી જાય તો પણ તેને ઓછામાં ઓછું તદાશ્રય (તેનો આશ્રય) તો મળે જ છે.

આપણે કહીએ છીએ ફલાણાભાઈ તદીય છે પ્રશ્ન એ છે કે તદીય કો'ને કહેવાય ? અને જો તેને તદીય કહેનાર તો એવા તદીય બનવા માટે

આપણે શું કરવું ?

તદીયપણાને સમજાવતાં એવું કહેવામાં આવ્યું છે કે જીવે આત્મ સહિત જે બધુ પોતાનું મનાતું હોય તે બધુ પ્રભુને નિવેદન કરી દેવું અને મનમાં એવો વિચાર કરવો કે હવે હું નથી કે મારું કશું નથી. જે કાંઇ છે તે તું છે અને તારું (પ્રભુનું) છે. હું પણ તારો છું; તારો દાસ છું. મારા ગુરુદેવ શ્રીવલ્લભે મારી પાસે કરાવેલ સમર્પણનો અંગીકાર મારા ઈષ્ટદેવ કૃષ્ણે કર્યો છે. તેથી હવે હું તેનો (કૃષ્ણનો) બન્યો છું. આનું નામ તદીયત્વની પ્રાપ્તિ.

આ તો નરી હકીકત છે. મારા ગુરુદેવ શ્રીવલ્લભે અવિદ્યા જનિન મારું અજ્ઞાન દૂર કરીને મને સમજાવ્યું છે કે જે બધી વસ્તુઓને હું મારી સમજતો હતો તે બધી વાસ્તવમાં તો પ્રભુની જ છે. એ વાસ્તવિકતા સમજીને મેં મારી કહેવાતી એ બધી વસ્તુઓ, તે બધી પ્રભુની હોવાથી, ''**ત્વદીય વસ્તુ ગોવિંદ તુભ્યમેવ સમર્પયે** એવા ભાવથી મેં પ્રભુને સમર્પી દીધી છે. હવે 'હું' એ 'હું' નથી રહ્યો. અને 'હું' જ ન રહેવાથી કોઈ વસ્તુ હુંની (મારી) નથી રહીઃ હે પ્રભુ, હવે માત્ર તુજ રહ્યો છે. તેથી સઘળું તારું છે. એમાંથી કશું મારું નથી જ નથી. આવો ભાવ મનમાં સ્થિરતાથી સ્થાપીને પ્રભુને કહેવું (નિવેદન કરવું) કે **દાસોऽહમ્, કૃષ્ણ તવાસ્મિ ।** આ રીતે વાણી વર્તન, સ્વભાવ અને પ્રકૃતિથી પ્રભુના બની રહેવું તેનું નામ તદીયત્વ. ભાઈ મારા ! તદીયત્વ પ્રાપ્ત કરવું એ ઘણું મુશ્કેલ કામ છે. ભગવાન મારું વરણ કરશે ત્યારે એવું તદીયત્વ મને પ્રાપ્ત થશે.

એક બીજી શંકા છે ! અને તે એકે પુષ્ટિમાર્ગમાં ભગવદ્ અનુગ્રહ દ્વારા જ બધાનું નિયંત્રણ થાય છે. તો પછી જીવને થયેલ તદીયત્વની પ્રાપ્તિ, જીવ દ્વારા કરાયેલ સમર્પણથી (જીવનો પ્રયત્ન) થાય છે કે ભગવદ્ અનુગ્રહથી થાય છે ? આ શંકાનું સમાધાન બહુ સહેલાઈથી થઈ શકે છે. પ્રભુનું ભજન-કીર્તન-શ્રવણ આદિ કરવાં એ જીવનો આવશ્યક ધર્મ છે. એ ધર્મ બજાવવો એ કાંઈ જીવે વિશેષ કરીને કરેલ પુરુષાર્થ ન કહેવાય. જીવ પોતાનો એ ધર્મ (શ્રવણ, કીર્તન કરવાનો) બજાવશે તો ભગવદ્ અનુગ્રહથી, તેનામાં આત્મનિવેદન કરવાની ભાવના જાગશે. અને આત્મનિવેદન કરીને તે તદીયત્વ પામશે. આ

રીતે પણ, તદીયત્વની પ્રાપ્તિ, ભગવદ્ અનુગ્રહ દ્વારા થઈ કહેવાય. શ્રીમહાપ્રભુજીએ કહ્યું જ છે કે **અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ**

માની લો કે કોઈ જીવે નિવેદન (સમર્પણ) ન કર્યું. અને માત્ર ભગવદાશ્રય જ કર્યો (તદાશ્રય) તો તેવા જીવની શી ગતિ થશે ?

ઉત્તર સ્પષ્ટ છે. કેવળ ભગવદાશ્રય કરનાર મર્યાદા જીવો છે. અને ભગવદાશ્રય કરીને પછી નિવેદન કરનાર પુષ્ટિ જીવો છે. બન્ને પ્રકારના જીવો પ્રભુને શરણે ગયેલ ભકતો છે. તેથી જ ભકત માત્ર તદાશ્રય જ કરે (શરણ સ્વીકારે) તેની પણ ઉત્તમ ગતિ જ થાય. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે, **''હે અર્જુન ! મારો આશ્રય કરીને કદાચિત કોઈ પાપી પ્રાણી પણ મારા શરણે આવે તો તે અને તેવા બીજા સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર આદિ પણ ઉત્તમ ગતિ અવશ્ય પામે છે. અને તેને સાધનરૂપ ભક્તિની પ્રાપ્તિ થાય છે; અને એ જ એની ઉત્તમ ગતિ.''**

પરંતુ કેવલ તદાશ્રયથી ફલરૂપ ભક્તિ (જેમાં સાધન અને સાધ્ય (ફલ) એક જ હોય તેવી ભક્તિ) પ્રાપ્ત થતી નથી. ફલરૂપ હકિકત તો તદીયત્વ (સમર્પણ) દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

અંતે શ્રીવલ્લભ કહે છે કે તદાશ્રય અને તદીયત્વને સમજીને તેને પ્રાપ્ત કરવા માટે જીવે માત્ર બે જ સાધનો કરવાના છે - (૧) પોતાના વર્ણાશ્રય ધર્મનું આચરણ કરવું અને (૨) શ્રીઆચાર્યજીની શરણાગતિ સાધવી.

શ્રીદેવકીનંદનજી લખે છે કે **તદાશ્રય** અને **તદીયત્વ**ને સમજવા માટે જીવે પોતાના ગુરુદેવ (આચાર્ય શ્રીવલ્લભ) ને શરણે જવું. અને તેની સાથોસાથ સ્વધર્મ (નિજ વર્ણાશ્રમ ધર્મ)નું આચરણ પણ કરવું. તેમ કરતાં તેવા જીવ ઉપર ગુરુદેવની કૃપા થશે અને તે જીવને તદાશ્રય અને તદીયત્વનું સ્વરૂપ સમજાઈ જશે. તે સમજાઈ જતાં, તેના હૃદયમાં સમર્પણ કરવાની વૃત્તિ જાગશે. અને ગુરુદેવ કૃપા કરીને તેને નિવેદન કરાવશે. નિવેદન થતાં, ભગવદ્ કૃપાથી જીવને તદીયત્વ અને તદાશ્રય પ્રાપ્ત થશે.

ઉપર કરેલ વિવેચનનું તાત્પર્ય એ છે કે ચારે પુરુષાર્થોની પ્રાપ્તિ દ્વારા

મળતાં ફળમાં મુખ્ય ફળ તો મોક્ષ છે. અને એ મોક્ષ એટલે જ ભગવદ્ પ્રાપ્તિ. તે પ્રાપ્ત કરવાનાં પ્રાથમિક સાધનો, શ્રવણ કીર્તન આદિ છે. પરંતુ અંતિમ સાધન તો ભગવદ્ અનુગ્રહ જ છે. જીવ ભજન, કીર્તન, દીનતા-પૂર્વક ભક્તિ આદિ બધુ કરે પરંતુ જ્યાં સુધી કૃપા કરીને પ્રભુ જીવનું વરણ ન કરે ત્યાં સુધી તેને ભગવદ્ પ્રાપ્તિ ન થાય. શ્રુતિમાં કહ્યું છે, **''યમેવૈષ વૃણુતે તેન લભ્ય''** એટલે કે ભગવાન જે જીવનું વરણ (પસંદગી) કરે તે જીવને તે પોતે (ભગવાન) લભ્ય છે. તેથી વરણ સિવાય ભગવદ્ પ્રાપ્તિનું કોઈ સાધન નથી એવું કહીએ તો ખોટું નથી. બીજાં બધાં સાધનોને ભગવદ્ પ્રાપ્તિ કરવા માટેનાં સહાયક સાધનો કહેવાય. ઈન્દ્રના કોપથી વ્રજને બચાવવા માટે ગોવર્ધનને ઊંચકયો હતો કૃષ્ણે. પરંતુ તેમ કરવામાં તેમને સહાય કરી હતી તેમના ગોપ મિત્રોએ. તેઓએ પોતાની લાકડી વડે ટેકો આપ્યો હતો. અને એ રીતે ટેકો આપીને તેમણે તો સાચે જ સંતોષ અનુભવ્યો હતો. આપણે જીવો પણ ભજન-કીર્તન કરીને એવો સંતોષ અનુભવીએ કે તદીયત્વની પ્રાપ્તિ રૂપી ગોવર્ધન ધારણ કરવાના કાર્યમાં અમે ભજન-કીર્તન રૂપી ટેકો આપ્યો છે. પ્રભુ એ ટેકાની કિંમત બહુ ભારે આંકશે એ નક્કી છે. વસ્તુતઃ ભગવદ્ અનુગ્રહ વડે જ તદીયત્વ (એટલે કે મોક્ષ) પ્રાપ્ત થાય છે. **છતાં જીવે ભજન-કીર્તન કદી ન છોડવા - અને વિચારવું કે મેં કરેલ ભજન-કીર્તન વડે જ મને તદીયત્વ પ્રાપ્ત થયું છે** - સાચે જ ભાઈ -

દિલકો ખુશ રખને કે લિયે યહ ખયાલ અચ્છા હૈ । તેમ છતાં, સદા માટે યાદ રાખો કે ભગવદ્ પ્રાપ્તિ સાધનથી થતી નથી. તે તો વરણથી જ શકય બને છે. નિઃસાધન જીવનું ભગવાન વરણ કરે છે. અને પોતે પોતાની પ્રાપ્તિ કરાવી આપે છે.

આ છે પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત.

- જયશ્રીકૃષ્ણ

# ૩. સિદ્ધાન્તમુક્તાવલી

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્ત-વિનિશ્ચયમ્ ॥
કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ॥૧॥
ચેતસ્ તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ॥
તતઃ સંસાર-દુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મ-બોધનમ્ ॥૨॥
પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્ ॥
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદ્ એકં તસ્માદ્ વિલક્ષણમ ॥૩॥
અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ ॥
માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા ॥૪॥
તદેવૈતત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્ મતમ્ ॥
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્ જ્ઞેયં સા જલરૂપિણી ॥૫॥
માહાત્મ્ય-સંયુતા નૃણાં સેવતાં ભુક્તિ-મુક્તિ-દા ॥
મર્યાદામાર્ગ-વિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ॥૬॥
તત્રૈવ દેવતા-મૂર્તિઃ ભક્ત્યા યા દશ્યતે ક્વચિત્ ॥
ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદ-બુદ્ધયે ॥૭॥
પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્ તયા જલે ॥
વિહિતાત્ ચ ફલાત્ તદ્ધિ પ્રતીત્યાપિ વિશિષ્યતે ॥૮॥
યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ॥
યથા દેવી તથા કૃષ્ણઃ તત્રાપ્યેતદ્ ઈહોચ્યતે ॥૯॥
જગત્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મ-વિષ્ણુ-શિવાસ્ તતઃ ॥
દેવતારૂપવત્-પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્ મતઃ ॥૧૦॥
કામચારસ્તુ લોકેઽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ॥
પરમાનન્દરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ॥૧૧॥
અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્ વિધીયતામ્ ॥
આત્મનિ બ્રહ્મરૂપે તુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ॥૧૨॥
ઉપાધિ-નાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ॥
ગંગા-તીર-સ્થિતો યદ્વત્ દેવતાં તત્ર પશ્યતિ ॥૧૩॥

**તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ॥**
**સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ॥૧૪॥**
**અપેક્ષિત-જલાદીનામ્ અભાવાત્ તત્ર દુઃખભાક્ ॥**
**તસ્માત્ શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ॥૧૫॥**
**આત્માનન્દ-સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્ ॥**
**લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ॥૧૬॥**
**ક્લિષ્ટોऽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ॥**
**જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ ॥૧૭॥**
**મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવત-તત્પરઃ ॥**
**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ ॥૧૮॥**
**ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ॥**
**જ્ઞાનાધિકો ભક્તિમાર્ગઃ એવં તસ્માત્ નિરૂપિતઃ ॥૧૯॥**
**ભક્ત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ॥**
**અન્યથાભાવમ્ આપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ॥૨૦॥**
**એવં સ્વ-શાસ્ત્ર-સર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્॥**
**એતદ્ બુદ્ધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વ-સંશયાત્॥૨૧॥**

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતા સિદ્ધાન્તમુક્તાવલી સમાપ્તા ॥

***

**નત્વા હરિં** એટલે કે શ્રીહરિને નમસ્કાર કર્યા પછી, મારા પૂજ્ય ગુરુદેવ શ્રીવલ્લભે ''સિદ્ધાંત મુક્તાવલી'' નામે ગ્રંથમાં, સ્વસિદ્ધાંત (સ્વમત)નું જે નિરૂપણ કર્યું છે, આપશ્રીના તે સિદ્ધાંતોને સમજવાનો પ્રયાસ હું આપશ્રીના કૃપા બળે કહીને કરીશ.

યોગી શ્રીગોપેશ્વરજી મહારાજ આજ્ઞા કરે છે કે બ્રહ્મસૂત્ર (અણુભાષ્ય) માં આચાર્યશ્રીએ આધિભૌતિક મતનું, નિબંધમાં આધ્યાત્મિક મતનું, શ્રીસુબોધિનીજીમાં આધિદૈવિક મતનું અને ષોડશ ગ્રંથમાં આપશ્રીએ સ્વમતનું નિરૂપણ કર્યું છે. ષોડશ ગ્રંથમાંના 'સિદ્ધાંત મુકતાવલી' નામે ગ્રંથમાં આપશ્રીએ સ્વસિદ્ધાંતને વિસ્તારપૂર્વક સમજાવ્યો છે. 'સિદ્ધાંત મુકતાવલી' ગ્રંથનો વિષય

છે ‘સ્વસિદ્ધાંત નિરૂપણ’ આપશ્રી નિશ્ચયપૂર્વક આજ્ઞા કરે છે કે સ્વસિદ્ધાંત વેદાર્થના નિશ્ચયરૂપ છે. એટલે કે તે વેદ પ્રતિપાદિત છે. હકીકતમાં આપશ્રીએ સિદ્ધાંત મુકતાવલીમાં વેદનું શુદ્ધ તાત્પર્ય જ દર્શાવ્યું છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકમ્ માં ભક્તિરૂપીણી શ્રીયમુના મહારાણીજીની સ્તુતિ ભાવપૂર્વક અને મુદા કરી છે. પછી બાલબોધમાં, આપશ્રીએ માનવજીવનના ચાર પુરુષાર્થોમાંથી ચતુર્થ પુરુષાર્થ મોક્ષનો વિચાર કર્યો છે. અને હવે **સિદ્ધાંત મુકતાવલી ગ્રંથમાં આપશ્રી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના પાયાના સિદ્ધાંતોને સમજાવે છે.**

શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીવલ્લભના બે નામો આ પ્રમાણે છે - (૧) સાકાર બ્રહ્મવાદ સ્થાપક અને (૨) માયાવાદ નિરાકર્તા. આપણે સાંભળીએ છીએ કે આપશ્રીએ સાકાર બ્રહ્મવાદની સ્થાપના કરી, આપશ્રીએ માયાવાદનું ખંડન કર્યું, બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું આદિ. સાંભળીએ તો છીએ પરંતુ તેનો અર્થ ઘણા ઓછા વૈષ્ણવો સમજે છે. શ્રીઆચાર્યચરણે બ્રહ્મવાદના એ બધા સિદ્ધાંતો અને તેના દ્વારા માયાવાદનું ખંડન કેવી રીતે થયું તે બધું આ ગ્રંથદ્વારા સમજાવ્યું છે.

શ્રીમહાપ્રભુજી દૈવી જીવોના ઉદ્ધાર માટે ભૂતલ ઉપર પ્રકટયા. દૈવી જીવોના ઉદ્ધાર માટે આપશ્રીએ ‘બ્રહ્મસંબંધ’ અને ‘કૃષ્ણસેવા’ એ બે બાબતોને અનિવાર્યપણે આવશ્યક ગણાવી છે. હવે પ્રશ્ન એ છે કે જે બ્રહ્મ સાથે શ્રીવલ્લભ જીવનો સંબંધ બાંધી આપે છે અને જે બ્રહ્મની સેવા કરવાની આપશ્રી આજ્ઞા આપે છે અને જે બ્રહ્મની સેવા કરવાની આપશ્રી આજ્ઞા કરે છે તે બ્રહ્મ છે કોણ ? તેનું સ્વરૂપ કેવું છે ? પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ એ બ્રહ્મની સેવા કરવાની છે - તો સેવા એટલે શું ? સેવા કેટલા પ્રકારની છે અને તે કેવી રીતે કરી શકાય ? વળી સેવા કરનાર જીવનો બ્રહ્મ સાથે શો સંબંધ છે ? અને આ જગતમાં રહીને જો જીવે બ્રહ્મની સેવા કરવાની હોય તો આ જગતનું વાસ્તવિક રૂપ કેવું છે ?

આ બધા પ્રશ્નોના જવાબ શ્રીમદાચાર્યચરણે, નિજ ભકતો ઉપર કૃપા કરીને, આ લઘુ ગ્રંથમાં આપ્યા છે. બ્રહ્મવાદના આ બધા સિદ્ધાંતો સ્વયં

પ્રકાશિત અમૂલ્ય મુકતાફળ જેવા છે. એ બધા સિદ્ધાંતોરૂપી મુકતાફળોને એક સૂત્રમાં પરોવીને આપશ્રીએ, નિજ સેવકોના આત્યંતિક કલ્યાણ અર્થે, એક મહામૂલ્યવાન 'મુકતામાળા' બનાવી છે. તેનું નામ સિદ્ધાંત મુકતાવલી.

સિદ્ધાંત મુકતાવલીમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતો સમજાવ્યા છે. તે સમજાવતા પહેલાં, ગ્રંથની શરૂઆતમાં જ, આપશ્રીએ મુકતામાળાના પેન્ડલ રૂપે એક ઉત્તમ આજ્ઞા નિજ સેવકોને કરી છે. અને તે છે –**''કૃષ્ણ સેવા સદા કાર્યા''** એટલે કે હંમેશાં કૃષ્ણસેવા કરો. આમાં સમજવા જેવા બે શબ્દો છે. (૧) કૃષ્ણ અને (૨) સેવા. આ બે શબ્દોનો ભાવ સમજી જવાય તો બ્રહ્મવાદના બધા સિદ્ધાંતો આપોઆપ સમજાઈ જાય.

સૌથી પહેલાં આપણે સેવા એટલે શું ? સેવાના કેટલા પ્રકારો છે ? અને સેવા શા માટે કરવી જરૂરી છે અર્થાત સેવાનું ફળ શું છે ? – એ સમજવા પ્રયત્ન કરીશું.

શ્રીવલ્લભે સેવાની વ્યાખ્યા એક શ્લોકના અર્ધચરણમાં કહી બતાવી છે – **ચેતસ્તત્પ્રવણં સેવા.** એટલે કે ચિત્ત તેનામાં (કૃષ્ણમાં) પરોવાવું તેનું નામ સેવા. આ રીતે જોતાં સેવા એટલે ચિત્તને કૃષ્ણમાં પરોવવાની ક્રિયા. અને એ રીતે સમજતાં સેવા ક્રિયાત્મક હોવા કરતાં વધુ તો તે ભાવાત્મક છે. ચિત્તનો સીધો સંબંધ ભાવ સાથે છે. અલબત્ત સેવા માટે ભાવ સાથે ક્રિયા થવી પણ જરૂરી છે. સેવાની શરૂઆતમાં તો ક્રિયાની પ્રધાનતા રહે છે. પછી ધીરે ધીરે ભાવ વધતો જાય છે – ક્રિયાત્મક અંશ ઓછો થાય છે. અંતે ભાવવિભોર બનેલું ચિત્ત કૃષ્ણના સ્વરૂપમાં પરોવાઈ જાય છે. પછી તો મન વડે જ સેવા થાય છે. તેને માનસી સેવા કહે છે. અને મારા ગુરુદેવની સ્પષ્ટ આજ્ઞા છે કે ''માનસી સા પરા મતા'' એટલે કે માનસી સેવા પર (સર્વોત્તમ) એટલે કે ફલરૂપ છે.

ઉપર કહ્યું તેમ સેવાની શરૂઆત ક્રિયાથી થાય છે. સેવાનાં બે ક્રિયાત્મક સ્વરૂપો છે. કહોને કે તે બન્ને માનસી સેવા સિદ્ધ કરવાનાં સાધનો છે. એ બે ક્રિયાત્મક સેવા સ્વરૂપો આ પ્રમાણે છે (૧) તનુજા અને (૨) વિત્તજા.

માનસી સેવાની સિદ્ધિ માટે, વૈષ્ણવે પહેલાં તો તનુવિત્તની સેવાથી શરૂઆત કરવાની છે. તનુજા સેવા એટલે વૈષ્ણવના પોતાના તન (શરીર) વડે કરવામાં આવતી સેવા. ભકતરાજ અંબરીષ અને મહાન પુષ્ટિ ભકત શેઠ પુરુષોત્તમદાસ, પોતે જાતે નંદાલયમાં બુહારી કરતા હતા; પ્રભુના ભોગ માટે સામગ્રી સિદ્ધ કરતા હતા; જળ ભરી લાવતા હતા. આ બધી સેવા તેઓ પોતે જાતે પોતાના શરીર વડે કરતા હતા. બીજા પાસે કે કોઈને ધન આપીને કરાવતા ન હતા. પોતાના તનથી કરેલ સેવાને તનુજા સેવા કહેવાય.

અને જાણો છો તો ખરાને ! કે તન એ જીવનો અહંતામય વિષય છે. તન એટલે ''હું''. એ ''હું'' નો વિનિયોગ પ્રભુસેવામાં કરવાથી જીવની અહંતા છૂટે અને તે તદીયત્વ પામે. એટલા માટે તનુજા સેવા જરૂરી છે. શરીરનાં બધાં અંગોનો ઉપયોગ કૃષ્ણસેવા માટે કરવામાં આવે ત્યારે તનુજા સેવા કરી કહેવાય. તનુજા સેવા જો તેના સાચા સ્વરૂપે અને તેનો ભાવ સમજીને કરવામાં આવે તો, એની સેવા કરનારની બધી ઈન્દ્રિયોના (પાંચે કર્મેન્દ્રિયોના) બધા વ્યવહારો પ્રભુમય બની જાય. તેની આંખ પ્રભુના સ્વરૂપને જ નિહાળે, તેના કાન પ્રભુનાં ગુણગાન જ સાંભળે, તેની જીભ પ્રભુના ગુણોનું જ ગાન કરે અને એ રીતે તેના મનમાં સદૈવ પ્રભુ સ્મરણ રહ્યા કરે. તેમ થાય ત્યારે તેનાં બધાં અંગો તેનાં ન રહે; તે બધાં ભગવાનનાં બની જાય. તેનું અહમ્ દૂર થાય. તેની બધી ઈન્દ્રિયોનો નિરોધ થાય. તેને સંસાર પ્રત્યે વિરક્તિ થાય. પરિણામે તેને

**તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિ બ્રહ્મ બોધનમ્ ।** એટલે કે સંસારનાં દુઃખોમાંથી નિવૃત્તિ મળે અને તેને બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન થાય.

અને વિત્ત એ જીવનો મમતામય વિષય છે. વિત્ત એટલે ધન. કો'નું ધન? તો કે મારું ધન. વૈષ્ણવ પોતાના વિત્ત વડે જ પ્રભુની સેવા કરે (પદ્મનાભદાસની માફક) તેનું નામ વિત્તજા સેવા. તે કોઈને વિત્ત આપીને તેની પાસે સેવા કરાવે તો તે વિત્તજા સેવા ન જ કહેવાય. બીજાને ધન આપીને, તેના દ્વારા, પ્રભુ સેવા કરાવવાથી, એવી વિત્ત સેવા કરાવવાથી, એવી વિત્ત સેવા કરાવનારનો અહંભાવ વધે છે; તેનો રાજસ ગુણ ઉછાળા મારે છે. મને સમજાતું નથી કે તમારે બદલે કોઈ બીજો સેવા કરે તો તમારું ચિત્ત પ્રભુમાં કેવી

રીતે ચોટે? અને જો તમારું ચિત્ત પ્રભુમાં ન ચોટે તો તમે સેવા કરી કહેવાય ખરી ? તેથી ઊલટું પોતાના ધનથી પોતે પ્રભુસેવા કરતાં બે ધ્યેય સધાય (૧) તેનું ચિત્ત પ્રભુમાં ચોટે છે અને (૨) વિત્ત પ્રત્યેની તેની મમતા દૂર થાય છે.

આ પહેલાં (બ્રહ્મ સંબંધ થતાં) નિવેદન કરીને તેણે પોતાનું બધુ વિત્ત પ્રભુને સમર્પીદીધું છે. હવે એ બધું ધન પ્રભુનું જ છે. એવો દઢ ભાવ મનમાં સ્થાપીને, તે ધનનો વિનિયોગ પ્રભુ સેવામાં કરવામાં આવે ત્યારે વિત્તજા સેવા થઈ કહેવાય. આ રીતે વિત્ત પ્રત્યેની મમતા નાશ પામતાં - તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિ બ્રહ્મ બોધનમ્ - એટલે કે (તે જીવને) (૧) સંસારના દુઃખોમાંથી નિવૃત્તિ મળે અને (૨) તેને બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થાય.

તાત્પર્ય એ કે પોતાનું તન (હું) અને પોતાનું વિત્ત (મારું) એ બન્નેનો સંપૂર્ણ વિનિયોગ પ્રભુસેવામાં કરવો તેનુ નામ તનુ-વિત્તજા સેવા. અને આ રીતની તનુ વિત્તજા સેવા જો તેના સાચા અર્થમાં કરવામાં આવે તો તેમાં બે ફળ મળે (૧) સંસારનાં દુઃખોમાંથી નિવૃત્તિ-સંસાર દુઃખસ્ય નિવૃત્તિ અને (૨) બ્રહ્મના સ્વરૂપનો બોધ-બ્રહ્મ બોધનમ્ ।

અને એ બે ફળ મળતાં નવધા ભક્તિ પૈકીનાં પ્રથમ સાત સોપાન-શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન અને દાસ્ય - સુધી પહોંચી જવાય. પછી બે સોપાન - સખ્ય અને આત્મનિવેદન - બાકી રહે. ત્યાં પહોંચવા માટે માનસી સેવા જરૂરી છે. જો એમ છે તો તેનો અર્થ એવો થયો કે તનુવિત્તજા સેવા સિદ્ધ થતાં, જીવ, માનસીસેવાના પ્રવેશ દ્વારે પહોંચી જાય છે. તેનું મન (ચિત્ત) એકાગ્રતા પામે છે. મારું - તારું તો હવે રહ્યું નથી. અહંતા-મમતા નાશ પામી ચુકી છે. બાકી રહ્યો છે તું અને માત્ર તું જ. એટલે કે સ્વામી શ્રીકૃષ્ણ. પછી તો જીવને 'હું' કયાંય ન દેખાય. તેને સર્વત્ર તું (કૃષ્ણ) જ દેખાય. અને તેનું ચિત્ત તેનામાં પરોવાઈ જાય. તેનું નામ માનસી સેવા.

એવી એ માનસી સેવાનું ફલ શું ? કશું જ નહીં; તેનું કોઈ પણ ફલ નથી; ન જ હોય. કારણ કે તે પોતે જ ફલરૂપ છે. માનસી સેવા સિદ્ધ થાય એટલે તે પોતે જ ફલરૂપ બની જાય છે. તે મળ્યા પછી બીજું કશું ફલ મેળવવાનું રહેતું નથી. ગોપીજનોનું મન, ચિત્ત, અંતઃકરણ બધુ કૃષ્ણમાં લાગી

ગયું હતું. તેથી તેમને સર્વત્ર કૃષ્ણસ્વરૂપનાં દર્શન થતાં હતાં. તેમને કૃષ્ણના સ્વરૂપાનંદની પ્રાપ્તિ આપોઆપ થઈ હતી. માનસીસેવા ફલરૂપ હોઈ, તેને પર એટલે કે સર્વોત્કૃષ્ટ કહી છે.

**કૃષ્ણસેવા સદા કરવી** – એવી આજ્ઞા કરીને આપણા ગુરુદેવ આપણને સાવધાન કરે છે. આપશ્રી કહે છે, ''જીવ માત્રનું મુખ્ય કર્તવ્ય ભગવદ્ સેવા છે; તેથી તે સદા કરવી.'' એનો અર્થ એ કે પ્રભુ સેવામાં કાલનો પરિચ્છેદ (મર્યાદા) નથી. જો કોઈ લૌકિક વૈદિક કાર્ય કરવાનું હોય તો તે અમુક સમયે જ – શુભ સમયે – કરવાનું હોય. એવા લૌકિક-વૈદિક કાર્યને કાલનો પરિચ્છેદ (બાધ) છે. ત્યાં કાલનું બંધન છે. જ્યારે ભગવદ્ સેવામાં કાલનું કોઈ બંધન નથી. તેથી તે સદા, સર્વ કાલે, કરવી. ભક્તિમાર્ગમાં આવીને, જીવ, જો પ્રભુ સેવા ન કરે તો તેને સ્વધર્મ (સેવા) ન કરવાનો પ્રત્યવાય (પાતક, દોષ) લાગે. તાત્પર્ય એ કે, હું ભગવાનનો દાસ છું એવું અનુસંધાન કરીને અને પ્રભુસેવા એ જ દાસનો એક માત્ર પુરુષાર્થ છે. અને દાસ તરીકે એ પોતાનો આવશ્યક ધર્મ છે એવું વિચારીને, સદા, સર્વકાલમાં સેવા કરવી.

આચાર્યશ્રીએ અહીં ભક્તિ શબ્દને બદલે સેવા શબ્દનો પ્રયોગ સહેતુક કર્યો હોય એવું મને લાગે છે. ભકત ભક્તિ કરે; ભક્તિ કરે તે ભકત. ભક્તિ કરનારને ભકત કહેવાય. અને ભકત તો સદાય વંદનીય. ભકત કહેવડાવવામાં અહંકારનો રણકાર મને તો સંભળાય છે. હું ભકત છું એવું કહી જુઓ અને તમને મારો આ ભાવ સમજાઈ જશે. તેને બદલે કહો કે હું પ્રભુનો દાસ છું, પ્રભુનો સેવક છું. તેમાં ભાવની વિનમ્રતાનો મંદ પરંતુ સ્પષ્ટ રણકાર સંભળાશે. ભાઈ, હું ભક્તિ નથી કરતો; ભક્તિ કરવાનું મારું સામર્થ્ય નથી; હું તો માત્ર મારા સ્વામીની સેવા કરું છું અને તે પણ જો મારામાં સેવા કરવાની શક્તિ હોય તો. અને હું તો સેવા પણ જેવી તેવી કરું છું. સમજો આ ભાવને અને પછી પ્રભુની ભક્તિ કરવી કે સેવા કરવી તેનો નિર્ણય કરજો. મારા ગુરુદેવે તો નિર્ણય કરી લીધો છે અને મને 'સેવા' કરવાની આજ્ઞા કરી છે – કૃષ્ણસેવા સદા કાર્યા. સેવા શબ્દ સ્વામી-સેવકના સંબંધના ભાવને ચરિતાર્થ કરતો હોઈ, મને એ શબ્દ વધુ યોગ્ય લાગે છે.

આચાર્યશ્રી તનુવિત્તજા દ્વારા માનસી સિદ્ધ થાય છે એવી આજ્ઞા કરે છે. તનુવિત્તજા એક શબ્દ છે. તેનો અર્થ–પોતાના જ તન અને ધન વડે કરાતી સેવા–એવો થાય છે. જીવે તનુ વિત્તજા દ્વારા પોતાના તન (અહમ્) અને પોતાના ધન (મમ) ને ઓગાળી દેવાના છે. બીજાને પૈસા આપીને સેવા કરાવીએ તો આપણા તનનો વિનિયોગ પ્રભુસેવામાં કર્યો એવું શી રીતે કહેવાય? અને પોતાના શરીરથી સેવા ન કરીએ તો તે તન વડે બીજું શું કરવાનું છે? શું તે તન વડે ઈન્દ્રિયજનિત ભોગો જ ભોગવવાના છે ? જો તન વડે સેવા ન કરીએ તો આપણે આપણા તન (અહમ્) ને તો સુરક્ષિત જ રાખીએ છીએ. અને અહમ્‌ને સુરક્ષિત રાખશો તો મન અહમ્‌માં જ રમ્યા કરશે. તે પ્રભુમાં નહીં પરોવાય. સ્વ તનથી અને સ્વ ધનથી સેવા કરતાં કરતાં માનસી સેવા અવશ્ય સિદ્ધ થશે અવો મારા ગુરુદેવનો મત છે (સ્વમત). અને માનસી સિદ્ધ થયા પછી કરાતી તનુવિત્તજા પણ સાક્ષાત ફલરૂપ જ બની રહેશે. વ્રજ ભકતોની તનુ વિત્તજા સાક્ષાત ફલરૂપ હતી તેની કોણ ના કહેશે?

હવે એક વાત તો નક્કી થઈ ગઈ કે જીવે હંમેશા કૃષ્ણસેવા કરવી. તનુવિત્તજા દ્વારા માનસી સેવા સિદ્ધ થશે. કૃષ્ણ સેવા સદા કરવી એટલે કે કૃષ્ણ સેવા કયારેય ન છોડવી. અહીં શું કહ્યું છે ? કહ્યું છે કે કૃષ્ણસેવા સદા કરવી. તો જેની સેવા કરવાનું કહ્યું છે તે કૃષ્ણ છે કોણ ? ફરીથી એજ પ્રશ્ન પૂછું ? શ્રીમહાપ્રભુજી જેની સેવા કરવાની આજ્ઞા કરે છે તે કૃષ્ણ કોણ છે ? તેનું સ્વરૂપ કેવું છે ? તેનું એકજ સ્વરૂપ છે કે જુદાં જુદાં સ્વરૂપો છે ? આ બધા પ્રશ્નોનો જવાબ પણ આપશ્રીએ આ ગ્રંથમાં જ આપ્યો છે. અને બહુ સરસ રીતે સમજાવીને આપ્યો છે.

શ્રીવલ્લભ કૃષ્ણને આ રીતે ઓળખાવે છે – **''પરં બ્રહ્મ તુ કૃષ્ણ હિ** – એટલે કે કૃષ્ણ જ પરબ્રહ્મ પુરુષોત્તમ છે. વેદમાં જેને પરમાત્મા કહેવામાં આવ્યા છે, અને પરબ્રહ્મ નામથી ઓળખાવવામાં આવ્યા છે તેજ કૃષ્ણ છે. અને આપણે સેવા તે કૃષ્ણની કરવાની છે.

પરબ્રહ્મ તરીકે કૃષ્ણને જ્યારે ઓળખવામાં આવે ત્યારે થોડુંક ચિંતન કરવાની જરૂર છે. બ્રહ્મ સ્વરૂપને ઓળખવા માટે બહુ ઊંડો વિચાર કરવો પડે.

બ્રહ્મ સ્વરૂપની ચર્ચા કરતાં કેટલાક એવા શબ્દો પ્રયોજવા પડે છે કે જેનો અર્થ સ્પષ્ટપણે અસંદિગ્ધ રીતે સમજવામાં ન આવે તો ભારે ગુંચવાડો ઊભો થાય. કારણ કે, બ્રહ્મ શબ્દ લાગેલ સંયુકત શબ્દો ઘણા છે. જેવા કે પરબ્રહ્મ, પરાત્વર બ્રહ્મ, અક્ષર બ્રહ્મ, વ્યાપક બ્રહ્મ, બૃહદ બ્રહ્મ, ક્ષરબ્રહ્મ આદિ. આ બધાં બ્રહ્મ સ્વરૂપોને ઓળખવા માટે બ્રહ્મનાં ત્રણ સ્વરૂપોને ઓળખી લેવા પડે.

**બ્રહ્મના બે સ્વરૂપો છે – (૧) પરબ્રહ્મ અને (૨) અપરબ્રહ્મ. તેમાંથી અપરબ્રહ્મના બે સ્વરૂપો છે – (૧) અક્ષરબ્રહ્મ (વ્યાપક બ્રહ્મ) અને (૨) ક્ષરબ્રહ્મ (જગત)**

પરબ્રહ્મને આપણે પરાત્પર બ્રહ્મ, અગણિતાનંદ બ્રહ્મ અથવા તો કૃષ્ણ નામથી ઓળખીએ છીએ. પરં બ્રહ્મ તું કૃષ્ણ હિ નો અર્થ જ એ છે કે કૃષ્ણ છે તે પરબ્રહ્મ છે. બ્રહ્મનું તે આધિદૈવિક સ્વરૂપ છે. એ સ્વરૂપ નિર્ગુણ સાકાર છે. પછી આવે અપરબ્રહ્મ. તેના બે સ્વરૂપો છે : (૧) અક્ષર અને (૨) ક્ષર

અક્ષર બ્રહ્મને આપણે વ્યાપક બ્રહ્મ અથવા બૃહદ બ્રહ્મ નામથી પણ ઓળખી શકીએ. એ છે :- પરબ્રહ્મ કૃષ્ણ પોતાને બિરાજવા માટે, પોતાના ધામ રૂપે (ભગવદ્ ધામ રૂપે) અખીલ બ્રહ્માંડને ભરી દેતું પોતાનું જ એક વિરાટ સ્વરૂપ પ્રકટ કરે છે. આ સ્વરૂપને અક્ષર બ્રહ્મ કહે છે. તે પરબ્રહ્મનું ધામ છે (પ્રભુ તેને 'તદ્ ધામ પરમં મમ' કહે છે.) અક્ષર બ્રહ્મમાં પૂર્ણ પુરુષોત્તમ, પરબ્રહ્મ, પૂર્ણ કામ, પૂર્ણાનંદ, પરમાત્મા શ્રીકૃષ્ણ બીરાજે છે. તેથી તે સ્વરૂપ (અક્ષર) ઘણું વ્યાપક છે. તેનું સ્વરૂપ નિર્ગુણ નિરાકાર છે. જે સર્વત્ર વ્યાપક છે. તેનો આકાર ન હોય.

અક્ષર બ્રહ્મ પણ પરબ્રહ્મનું સચ્ચિદાનંદ રૂપ છે. પરંતુ યાદ રાખો, શ્રીમહાપ્રભુજીએ તેને માટે સચ્ચિદાનંદકં શબ્દ વાપર્યો છે. પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ બન્ને સચ્ચિદાનંદ કહેવાય છે. કૃષ્ણ (પરબ્રહ્મ) અને અક્ષર બન્નેનું સ્વરૂપ એટલે કે લક્ષણ (સચ્ચિદાનંદ) સમાન હોવા છતાં બન્ને એકજ છે એવું કદાપિ ન માનવું. કારણ કે –

સત્, ચિત્ અને આનંદ એ ભગવાનના ધર્મો છે. પરબ્રહ્મ અને અક્ષર બન્નેમાં તે ધર્મો વિદ્યમાન છે. પરંતુ પરબ્રહ્મમાં તે અગણિતાનંદ છે. અને અક્ષર બ્રહ્મમાં તે ગણિતાનંદ છે. આ રીતે આનંદ ધર્મનું ઓછાવત્તાપણું હોવાથી બન્નેમાં ફર્ક છે. એ ફર્ક બતાવવા માટે તો આચાર્યશ્રી એ અક્ષર બ્રહ્મને સચ્ચિદાનંદકં કહ્યા છે. ક અક્ષર ઉમેરવામાં તેમનો સંકેત તેમનામાં રહેલ અને ધર્મની ન્યૂનતા બતાવવાનો છે. કારણ કે 'ક' અક્ષર ન્યૂનતા સૂચક છે. થોડું અને થોડુંક એ બે શબ્દોમાં જે અર્થ ભેદ છે તે રીતે.

શ્રીમહાપ્રભુજી એવું કહેવા માંગે છે કે સત્, ચિત્ અને આનંદ એ ત્રણે ધર્મો બ્રહ્મના છે. કૃષ્ણ પરબ્રહ્મ છે કારણ કે બ્રહ્મના એ ત્રણ ગુણો તેમનામાં પૂરી માત્રામાં (સંપૂર્ણપણે) વિદ્યમાન છે. અક્ષર બ્રહ્મમાં પણ છે ત્રણે ધર્મો વિદ્યમાન તો છે. પરંતુ તેના આનંદ ધર્મમાં ન્યૂનતા છે. અર્થાત્ તે ગણિતાનંદ છે. અક્ષર બ્રહ્મનો એક વિશેષ ગણત્રીની પદ્ધતિથી ગણી શકાય છે. જ્યારે પરબ્રહ્મનો આનંદ ગણી ન શકાય તેવો (અગણિતાનંદ) છે.

અને જગત તો અક્ષર બ્રહ્મનું જ સ્વરૂપ છે. પરંતુ તે બ્રહ્મનું સૌથી અધિક ન્યૂનતાવાળું સ્વરૂપ છે. કારણ કે તેમાં બ્રહ્મના ત્રણ ધર્મોમાંથી કેવળ એક જ સદંશ પ્રકટ છે. બાકીના બન્ને ધર્મો - ચિત્ત અને આનંદ - અપ્રકટ છે. તાત્પર્ય એ કે જગતમાં પણ, તે બ્રહ્મનું સ્વરૂપ હોવાને કારણે - સચ્ચિદાનંદપણું તો છે જ. પરંતુ તેના ચિદ અને આનંદ બન્ને અંશો તિરોહિત થયેલ છે.

જીવ બ્રહ્મનો અંશ હોવાથી તેનામાં પણ સચ્ચિદાનંદાત્મકતા છે. તેનામાં સદંશ અને ચિદંશ (સચ્ચિદાંશ) વિદ્યમાન છે. પરંતુ આનંદ અંશનો તિરોભાવ છે. એટલા માટે તો ગદ્યમંત્ર (નિવેદન મંત્ર) માં સ્પષ્ટપણે ''આનંદ તિરોભાવ'' એ શબ્દો, જીવના સંદર્ભે બોલાવવામાં આવ્યા છે.

મને લાગે છે કે આટલા વિવેચન પછી (૧) પરબ્રહ્મ (૨) અક્ષર બ્રહ્મ અને (૩) ક્ષર બ્રહ્મ (જગત) એ ત્રણેનો ભેદ સ્પષ્ટપણે સમજાઈ ગયો હશે. એ ભેદને સમજવા માટે જે તે બ્રહ્મ સ્વરૂપમાં સચ્ચિદાનંદકતા કેટલા પ્રમાણમાં છે તે જોવાની જરૂર છે.

ક્ષર બ્રહ્મ (જગત)માં – માત્ર સદંશ. પરંતુ ચિદંશ અને આનંદાંશનો તિરોભાવ.

જીવ (બ્રહ્મના અંશ રૂપે)માં – માત્ર સદંશ અને ચિદંશ. પરંતુ આનંદાંશનો તિરોભાવ.

અક્ષર બ્રહ્મ (બૃહદ બ્રહ્મ)માં – સદંશ, ચિદંશ અને ગણી શકાય એટલો આનંદાંશ (ગણિતાનંદ)

પરબ્રહ્મ (કૃષ્ણ)માં – સદંશ, ચિદંશ અને પૂર્ણ આનંદાંશ (અગણિતાનંદ).

આ રીતે પરબ્રહ્મ અને અક્ષર બન્ને સચ્ચિદાનંદ હોવા છતાં અને સ્વરૂપના વિચારથી બન્ને એક હોવા છતાં, અક્ષર ગણિતાનંદ અને પરબ્રહ્મ પૂર્ણાનંદ (અગણિતાનંદ) હોવાથી, તે બન્ને વચ્ચેનો ભેદ સ્પષ્ટ દેખાય છે.

આટલું સમજ્યા પછી એ શ્રીમહાપ્રભુજીએ અક્ષર બ્રહ્મનાં બે રૂપો (દ્વિરૂપ) વિષે જે કહ્યું છે તે સમજી લઈએ. આપશ્રી આજ્ઞા કરે છે કે – **દ્વિરૂપં તદ્ધિ સર્વં** – એટલે કે અક્ષર બ્રહ્મ દ્વિરૂપ છે; અર્થાત્ તેનાં બે રૂપ છે. એક રૂપે તે જગતરૂપ છે અને તેનું બીજું એક વિલક્ષણ રૂપ એવું છે જે જ્ઞાનીઓ દ્વારા ઉપાસ્ય છે. એટલે કે જ્ઞાનીઓ તે રૂપની ઉપાસના–પૂજા કરેછે.

યાદ રાખો જ્ઞાનીઓ અક્ષર બ્રહ્મની ઉપાસના કરે છે. પરિણામે તેઓ અંતે અક્ષર બ્રહ્મને જ પોતાની ઉપાસનાના ફલ રૂપે પામે છે. જ્યારે ભક્તો પરબ્રહ્મ કૃષ્ણની સેવા કરે છે. તેથી અંતે તેઓ સ્વરૂપાનંદને (પરબ્રહ્મને) જ ફલરૂપે પામે છે.

આ રીતે અક્ષર (બ્રહ્મ) જ્ઞાનીઓનું ઉપાસ્ય હોઈ જ્યારે જ્ઞાનીઓને મોક્ષ મળે ત્યારે તેમનો લય અક્ષરમાં જ થાય છે. અક્ષર બ્રહ્મનો નાશ કયારેય થતો નથી. તેથી તો તેને અક્ષર એટલે નાશ ન પામે તેવું કહેવામાં આવે છે. જગત પણ તેનું જ સ્વરૂપ છે. પરંતુ તે ક્ષર છે. ક્ષર છે એટલે કે તેનો લય થાય છે. પ્રલય થાય ત્યારે ક્ષર બ્રહ્મ એવું જગત બ્રહ્મમાં લય પામી જાય છે. લય એટલે નાશ નહીં; લય એટલે એકરૂપ થઈ જવું. પરબ્રહ્મમાં (પ્રલય કાળે) તેનો

લય થાય છે અને સર્જન કાળે પરબ્રહ્મમાંથી તે પ્રકટે છે.

વલ્લભી વૈષ્ણવો જગતને પરબ્રહ્મની લીલાભૂમિ માને છે. અક્ષર કૃષ્ણનું ધામ છે. ક્ષર કૃષ્ણની લીલાભૂમિ છે. અને કૃષ્ણ નિજ ભકતોના સેવ્ય હોવાથી તેમના ભકતોની મુક્તિ (મોક્ષ) તેમના સ્વરૂપાનંદની પ્રાપ્તિ વડે જ થાય છે. યાદ રાખો, પુષ્ટિ ભકતોનો કૃષ્ણના સ્વરૂપમાં લય થતો નથી. તેઓ તો કૃષ્ણ સ્વરૂપને નિરખીને (નિત્ય ઓચ્છવ, નિત્ય કીર્તન નિરખવો નંદકુમાર રે) ભગવદ્ ભકત રૂપે સ્વરૂપાનંદ મેળવે છે. કૃષ્ણ સ્વરૂપ નિરખતા ભકતનેજ આનંદ મળે તેને સ્વરૂપાનંદ કહેવાય. એ સ્વરૂપાનંદની ઝાંખી થઈ હતી સૂરદાસને – સાંભળો શું કહે છે તેઓ –

**એકો પલ યહ સુખ, કહા ભયો શત કલ્પ જીયે.**

એક પલનું સુખ : સ્વરૂપાનંદ એક પલ માટે પણ મળે એટલે કે પ્રભુના સ્વરૂપની એક ઝલક જ મળી રહે તો તેનાથી મળતા સુખની તુલનામાં ‘શત કલ્પ’ સુધી જીવવાથી મળતું સુખ નહિવત્ છે.

ક્ષર બ્રહ્મ અર્થાત્ જગતના સ્વરૂપ વિષે બોલતાં આચાર્યશ્રી આજ્ઞા કરે છે :–

**અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ**
**માયિકં, સગુણં, કાર્યં, સ્વતંત્રં, ચેતિ નૈકધા ।।**

અર્થાત્, જગત એ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. શ્રુતિ કહે છે કે “તે (અક્ષર બ્રહ્મ) આ જગત રૂપે થયા છે. ” શ્રુતિ એવું પણ કહે છે કે “સર્વં ખલુ ઈદં બ્રહ્મ” એટલે કે આ સર્વ ખરેખર બ્રહ્મ છે. અર્થાત્, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય બ્રહ્મમાં જ છે. એનો અર્થ એવો થાય કે અક્ષરબ્રહ્મ જ પ્રપંચ (જગત) રૂપે આવિર્ભૂત થાય છે.

પરંતુ પ્રપંચ રૂપે (જગત રૂપે) આવિર્ભૂત પામેલ અક્ષર બ્રહ્મ વિષે, એટલે કે જગતના સ્વરૂપ અને તેની ઉત્પત્તિ વિષે ઘણા મતો પ્રચલિત છે. જેવા કે :–

(૧) માયાવાદીઓ જગતને માયિક કહે છે. તે લોકો કહે છે કે જગતનું ઉપાદાન કારણ માયા છે. એટલે કે જગતની ઉત્પત્તિ માયાને આધિન છે.

(૨) સાંખ્ય અને યોગીઓ જગતને ગુણનું કાર્ય માને છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણની સમાન અવસ્થા એ સાંખ્યની પ્રકૃતિ છે. એ પ્રકૃતિના ત્રણ ગુણોના સામ્યમાં, પુરુષની દૃષ્ટિ પડતાં તેમાં ખળભળાટ (ક્ષોભ) મચી જાય છે. ત્યારે જગતની ઉત્પત્તિ થાય છે. ટૂંકમાં જગત એ ઉપર્યુકત ત્રણ ગુણોનું કાર્ય છે એવું સાંખ્ય અને પાતંજલ દર્શનના અનુયાયિઓ માને છે.

(૩) નૈયાયિકો અને વૈશેષિકો માને છે કે આ જગત પરમાણુમાંથી ઉત્પન્ન થયું છે. તેઓ કહે છે કે પહેલાં જગત જેવો પદાર્થ ન હતો. માત્ર પરમાણું હતાં. પરંતુ કોઈ અદૃષ્ટ શક્તિ કે ઈશ્વરેચ્છાથી પરમાણુમાં ક્રિયા ઉત્પન્ન થઈ. પછી તો એક પરમાણુ બીજા પરમાણુ સાથે જોડાઈને તે દ્વયણુક, ત્રયણુક થતાં થતાં ક્રમે ક્રમે આ આખું જગત ઉત્પન્ન થયું છે.

(૪) મીમાંસક લોકો આ જગતને સ્વતંત્ર જ માને છે. જેમ ઈશ્વર પહેલાંથી જ સ્વતંત્રરૂપે હતા તે રીતે જ જગત પણ પહેલાંથી જ છે. એટલે કે જગતને ઉત્પન્ન કરનાર કોઈ છે જ નહીં. તે તો સ્વયંભૂ છે. એવું તેઓ માને છે.

(૫) બૌદ્ધ, વૈભાષિકો, સૌત્રાંતિક, આર્હંત, ચાર્વાક (લોકાયતિક), વામ અને શાકત આદિ વેદથી બહિર્મતવાળા લોકો તો પોતાની મરજી પ્રમાણે પ્રપંચ રૂપી બ્રહ્મના વિષયમાં પોતાનો મત જાહેર કરે છે. પરંતુ તેમનો મત વેદ મતથી બહિર્મુખ હોઈને, તે લખવાની અત્રે જરૂર નથી.

જગતની ઉત્પત્તિ વિષેના આ ભિન્ન ભિન્ન મતોનું ખંડન આપશ્રી શ્રુતિ (વેદ) ના મત વડે જ કરે છે. આપશ્રી કહે છે કે – **તદેવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્** – એટલે કે તેજ અક્ષર બ્રહ્મ આ પ્રકારે જગતરૂપ થાય છે એવો શ્રુતિનો મત છે. અને પછી તરત જ આપશ્રી જાહેર કરે છે કે – જે શ્રુતિનો મત છે તે મારો મત છે.

ઉપર કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મ આ જગતરૂપ થાય છે એવો શ્રુતિનો

અને તેથી શ્રીવલ્લભનો મત છે. તેથી અક્ષરબ્રહ્મનાં બે રૂપો થયા - (૧) પ્રપંચ (જગત) રૂપ અને (૨) અક્ષરબ્રહ્મ રૂપ કે જે જ્ઞાનીઓનું ઉપાસ્ય રૂપ છે. આ સત્યને સમજવા માટે આચાર્યશ્રી ગંગાજીનું દષ્ટાંત આપે છે.

આપશ્રી આજ્ઞા કરે છે કે ગંગાજીના બે રૂપ છે - (૧) નદી રૂપા એટલે કે જળપ્રવાહ રૂપ. તે ઉનાળા-ચોમાસામાં ઘટે-વધે છે. અને લોકોના સ્નાન, પાન, આચમન આદિ બધા વ્યવહારોના ઉપયોગમાં આવે છે. વળી તે દષ્ય છે. તેથી તે ગંગાજીનું આધિભૌતિક રૂપ છે અને (૨) ગંગા-માહાત્મ્ય રૂપઃ વૈદિક રીત પ્રમાણે સ્નાન, પૂજા, દાન આદિ વડે સેવા કરવાથી, સેવા કરનાર લોકોને ભોગ કે મોક્ષ આદિ ફળ આપવાનું માહાત્મ્ય ધરાવનાર ગંગાજી. આ રૂપ દષ્ટ નથી : તે અનુભવ ગમ્ય છે. તે ગંગાજીનું આધ્યાત્મિક રૂપ છે.

બિલકુલ એ જ રીતે **અક્ષરબ્રહ્મનું જગત રૂપ તેનું આધિભૌતિક રૂપ છે. તે દષ્ય છે. જ્યારે અક્ષરબ્રહ્મનું ઉપાસ્ય રૂપ** (જ્ઞાનીઓ જેની ઉપાસના કરે છે તે રૂપ) **અક્ષરબ્રહ્મનું આધ્યાત્મિક રૂપ છે.**

અહીં એ વાત સ્પષ્ટપણે સમજી લેવાની કે ગંગાજીનું આધ્યાત્મિક (માહાત્મ્ય) રૂપ, તેના આધિભૌતિક જળપ્રવાહ રૂપ કરતાં વિશેષ છે. એજ રીતે બ્રહ્મનું આધ્યાત્મિક રૂપ તેના પોતાના આધિભૌતિક જગત રૂપ કરતાં વિશેષ છે. તે એવી રીતે કે ગંગાજીમાંથી એક પાત્રમાં ભરી લીધેલું જળ અને ગંગાજીના પ્રવાહમાં વહેતું જળ આમ તો સરખું છે. છતાં ફળપ્રાપ્તિની દષ્ટિએ તે જુદું છે. પાત્રમાં ભરીને ઘેર લઈ જવામાં આવેલ ગંગાજળ વડે સ્નાન, પાન કે આચમન કરવાથી, જીવનાં પાપોની નિવૃત્તિ થાય છે. કારણ કે તે છે તો ગંગાજળ જ. પરંતુ ગંગાજીના પ્રવાહમાં વહેતા જળમાં સ્નાન આદિ કરવાથી તીર્થસ્નાન કર્યાનું (મોક્ષ આદિ) ફળ મળે છે. અર્થાત્ દૂર દેશમાં પાત્રમાં ભરી લઈ જવાયેલ જળથી સ્નાન કરવાથી કે પાન કરવાથી પાપોની નિવૃત્તિ થાય. પરંતુ મોક્ષ ન મળે. એટલે કે તીર્થસ્નાન કર્યાનું જે ફળ (મોક્ષ) છે તે ન મળે. જો તે મળતું હોત તો લોકો ધન ખર્ચીને, પાત્રો ભરીને ગંગાજળ મંગાવી, તેના વડે સ્નાન કરીને પોતાને તીર્થસ્નાનનું ફળ મળ્યું એવું માનીને તેઓ પોતાની જાતને કૃતાર્થ થયેલ માની લેત.

એજ પ્રમાણે આધિભૌતિક જગત (ક્ષર બ્રહ્મ) કરતાં આધ્યાત્મિક અક્ષરબ્રહ્મ વિશેષ છે જ. જે કામ અક્ષરથી બને તે કામ જગત રૂપ ક્ષરબ્રહ્મથી ન બને એમ સમજવું.

**આ રીતે જોતાં બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો થયાં. (૧) પરબ્રહ્મ કૃષ્ણ, (૨) અક્ષરબ્રહ્મ કે બૃહદ બ્રહ્મ અને (૩) ક્ષર બ્રહ્મ કે જગતબ્રહ્મનાં** આ ત્રણ સ્વરૂપોને સમજવા માટે આચાર્યશ્રી પુનઃ ગંગાજીના ત્રણ સ્વરૂપોનું દૃષ્ટાંત આપે છે.

**(૧) ગંગાજીનું જળપ્રવાહ રૂપ :-** સૌ કોઈ તેને જોઈ શકે છે. તે ઈન્દ્રિયગમ્ય છે. તે ગંગાજીનું આધિભૌતિક (ભૂતલ ઉપરનું) સ્વરૂપ છે. એજ રીતે જગત પણ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. સૌ કોઈ તેને જોઈ શકે છે અને તે પણ ઈન્દ્રિયગમ્ય છે.

**(૨) ગંગાજીનું તીર્થ (માહાત્મ્ય) સ્વરૂપ :** ગંગા કેવળ નદી નથી. તે તો એક મહાન પવિત્ર તીર્થ છે. તેના માહાત્મ્યનું વર્ણન પ્રચુર માત્રામાં કરવામાં આવ્યું છે. તે પોતાના જળમાં સ્નાન કરનારને મોક્ષ આપે છે અને એજ તેનું માહાત્મ્ય. ગંગાજીનું આધ્યાત્મિક (માહાત્મ્ય) સ્વરૂપ જોઈ શકાતું નથી. પરંતુ તેનું માહાત્મ્ય અનુભવી શકાય છે. તેથી તે ગંગાજીનું આધ્યાત્મિક સ્વરૂપ છે. એ જ રીતે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત એવું બૃહદ બ્રહ્મ (અક્ષરબ્રહ્મ) પણ જોઈ શકાતું નથી. છતાં તેનું માહાત્મ્ય અનુભવી શકાય છે. જ્ઞાની પુરુષો તેની ઉપાસના કરીને મોક્ષ મેળવી શકે છે. આમ તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે.

**(૩) ગંગાજીનું દેવી સ્વરૂપ :** જે જ્ઞાની ભકત ગંગાજીના જળસ્વરૂપ અને તીર્થ સ્વરૂપ એ બન્ને વચ્ચે અભેદ ભાવ ધરાવે છે. તેને ગંગાજી દેવી રૂપે (સાકાર બનીને) દર્શન આપે છે. રાજા ભગીરથે અનુભવ્યું કે તેના પૂર્વજોની મુક્તિ માટે ગંગાજળમાં સ્નાન કરવું જરૂરી છે, ત્યારે તેમણે પ્રાર્થનાપૂર્વક, ભક્તિભાવથી તપ કરીને ગંગાજીને પ્રસન્ન કર્યા. તેથી ગંગાજી તેમની સામે દેવી રૂપે પ્રકટ થયાં. ભિષ્મદાદાની માતાએ પણ પ્રકટ રૂપે શાંતનુ રાજાને દર્શન આપ્યાં હતાં અને સઉદ્દેશ્ય તેઓએ શાંતનુ રાજા સાથે લગ્ન કર્યાં હતાં. ગંગાજીનું

એવું દેવી સ્વરૂપ તે તેમનું આધિદૈવિક સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે જીવની ગંગાજીમાં અતિશય ભક્તિ થાય છે. એટલે કે જ્યારે તે પ્રવાહમાં વહેતા જળ અને ગંગાજીના માહાત્મ્ય સ્વરૂપમાં અભિન્નતા અનુભવે છે. (ભગીરથરાજાની માફક) ત્યારે તેવા ભકત સામે ગંગાજી દેવી રૂપે પ્રકટ થાય છે. દેવીરૂપ ગંગાજીના દર્શન સૌ કોઈને થતાં નથી. ગંગાજીની ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચેલા હોય તેવા કોઈ વિરલ ભકતોને જ ગંગાજી દેવી રૂપે દર્શન આપે છે. એવી જ રીતે ભગવદ્ ભકત જગતનું સાચું સ્વરૂપ સમજીને, એટલે કે તેને પરબ્રહ્મ પરમેશ્વર કૃષ્ણની લીલાભૂમિ સમજીને તેનામા (જગતમાં) અને આધ્યાત્મિક (માહાત્મ્ય) સ્વરૂપ જેનું છે એવા અક્ષરબ્રહ્મમાં અભેદ અનુભવે છે તેવા ભકતને ભગવાન આધિદૈવિક સ્વરૂપે એટલે કે કૃષ્ણ સ્વરૂપે દર્શન આપે છે. શ્રીકૃષ્ણ એ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે. આ હકીકત સમજાવવા માટે દષ્ટાંત આપતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -

**યથા જલં તથા સર્વં યથા શકતા તથા બૃહત્**
**યથા દેવી તથા કૃષ્ણઃ તત્રાપ્યેતદિ હોચ્યતે ।। ૯ ।।**

અને જો જલ જેવું જગત, માહાત્મ્ય શક્તિ જેવું અક્ષર અને દેવી જેવા કૃષ્ણ હોય તો - **અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ।** એટલે કે બ્રહ્મવાદ દ્વારા જ કૃષ્ણમાં બુદ્ધિ સ્થાપવી. અર્થાત્ સર્વં ખલ્વિદં બ્રહ્મનો અનુભવ કરવો. જગત, અક્ષર અને પરબ્રહ્મ બધાંને બ્રહ્મ માનીને તે બધાંને કૃષ્ણનાં જ સ્વરૂપો સમજવાં. જગતને કૃષ્ણનું આધિભૌતિક સ્વરૂપ, એટલે કે નિજધામ સ્વરૂપ સમજવું. કૃષ્ણ જગતમાં નિત્ય લીલા કરે છે અને અક્ષરમાં નિત્ય નિવાસ કરે છે એવું સમજવું તેનું નામ બ્રહ્મવાદ.

આચાર્યશ્રીએ બ્રહ્મવાદને સમજાવવા માટે બે સૂત્રો આપ્યાં છે - **(૧) રૂપ નામ વિભેદેન જગત ક્રિડતી યો યતઃ** અને **(૨) સર્વં ખલુ ઈદં બ્રહ્મ** - આ બે સૂત્રોનો ભાવ સમજવાથી બ્રહ્મવાદ સમજાઈ જશે.

જીવે પરબ્રહ્મ પરમાત્મા કૃષ્ણની સેવા કરવાની છે. શ્રીવલ્લભે જીવને એવી આજ્ઞા શા માટે કરી ? આપશ્રીએ જીવ અને બ્રહ્મ વચ્ચે એવો કયો સંબંધ

જોયો કે જેનાથી આપશ્રીએ જીવને બ્રહ્મની સેવા કરવાની આજ્ઞા કરી ?

તેનો જવાબ એક જ છે અને બહુ સ્પષ્ટ છે. જીવ બ્રહ્મનો અંશ છે. **અંશે અંશીની સેવા કરવી એ તેનો ધર્મ છે. જીવ સેવક છે, કૃષ્ણ સ્વામી છે. સેવકે સ્વામીની સેવા કરવી એ તેનો ધર્મ છે.**

અહીં જીવને બ્રહ્મનો અંશ અને તેથી બ્રહ્મનો સેવક કહેવામાં આવ્યો. તો પછી જીવનું સાચું સ્વરૂપ શું છે તે અને એ સ્વરૂપે, જીવની મુક્તિ શું કરવાથી થાય તે જાણી લેવાની જરૂર છે. એ સમજવા માટે આપશ્રીએ આજ્ઞા કરી છે –

**આત્મનિ બ્રહ્મરૂપે તુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ।**
**ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવ બોધને ।**

અર્થાત્, આકાશમાં જાણે છિદ્રો હોય એ રીતે અક્ષર બ્રહ્મ વિષે જીવો છે. અને તે અવિદ્યારૂપી અંતરાયને કારણે દેખાય છે. અંતરાય રૂપ બનેલ અવિદ્યારૂપી ઉપાધિનો નાશ થાય ત્યારે જીવ પોતાને બ્રહ્મના અંશ રૂપે જોઈ શકે છે. જ્ઞાની હોય તે પોતાના આત્માને અક્ષરબ્રહ્મ રૂપે જુએ છે; ભકત હોય તે પોતાના આત્મા વડે પરબ્રહ્મ કૃષ્ણ સ્વરૂપના દર્શન કરે છે.

જીવ બ્રહ્મનો અંશ છે તેથી તે પોતે બ્રહ્મસ્વરૂપ છે. પરંતુ અવિદ્યાને કારણે જીવને પોતાનું સાચું સ્વરૂપ દેખાતું નથી. અવિદ્યા એક અંતરાય છે જેને કારણે જીવને પોતાનું સાચું બ્રહ્મ સ્વરૂપ દેખાતું નથી. અવિદ્યા એક અંતરાય છે જેને કારણે તેનામાં પાંચ પ્રકારના અધ્યાસો (**અધ્યાસ એટલે આભાસ, ભ્રમ, ખોટી કલ્પના**) ઉત્પન્ન થાય છે. યથા – **દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિષેનો ભ્રમ.** એવો અધ્યાસ થતાં જીવ એવું માની લે છે કે તેનો દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ એજ એનું સાચું સ્વરૂપ છે. પરંતુ એ તો એને થયેલ અધ્યાસ માત્ર છે. તેનું સાચું સ્વરૂપ તો બ્રહ્મસ્વરૂપ છે. તે તો બ્રહ્મનો અંશ (નાનો ટુકડો) છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીભગવાને અર્જુનને જીવનું અંશપણું આ રીતે કહ્યું છે – **મમૈવાંશો જીવલોકે, જીવભૂતઃ સનાતન** – એટલે કે જીવલોકમાં સનાતન એવો મારો જ

અંશ, જીવ રૂપે થયેલો છે.

જીવને અંશ એટલે કે અણુ જેવડો બતાવ્યો છે. જીવ જો અણુ જેવડો હોય તો તે હાથી કે વ્હેલ જેવા મહાકાય પ્રાણીઓના શરીરમાં કેવી રીતે વ્યાપી રહે છે ? એ શંકાના નિવારણ અર્થે શ્રીવ્યાસજી કહે છે : **''અવિરોધશ્ચંદનવત્''** – તે આખા દેહમાં વ્યાપી રહેલો છે. એટલે કે અત્યંત તપાવેલા તેલથી સંપૂર્ણ ભરેલા એવા મોટા કડાયામાં નાખેલા ચંદનના એક નાના ટુકડા વડે જેમ બધુ તેલ ઠંડુ થઈ જાય છે તેમ અણુ જેવો જીવ મહાકાય શરીરમાં પ્રવેશતા તે પોતાના સામર્થ્યથી જડ એવા તે આખા શરીરને ચેતનાવાળું બનાવી દે છે. આ વાત બ્રહ્માંડ પુરાણમાં કહી છે – **અણુમાત્રોડપ્યયં જીવઃ સ્વદેહં વ્યાપ્ય તિષ્ઠતિ યથા વ્યાપ્ય શરીરાણિ હરિચંદનવિપૃષ ।** – એટલે કે ''શરીરના એક ભાગ (દેશ) માં રહેલા હરિચંદનનાં બિંદુઓ જેમ બધા શરીરમાં વ્યાપીને શીતળતા ઉત્પન્ન કરે છે તેમ જીવાત્મા અણુ જેવડો છે તો પણ, પોતાના ચૈતન્યરૂપી ગુણથી આખા શરીરમાં, વ્યાપ્ત થઈને તે દેહને સચેતન કરે છે.''

જીવનું સ્વરૂપ સમજાવ્યા પછી આચાર્યશ્રી જીવના મુક્તિ પ્રકાર (જીવની મુક્તિ શી રીતે થાય તે)નો ઉપદેશ આપે છે.

ઉપર કહ્યા પ્રમાણે અવિદ્યાને કારણે પાંચ અધ્યાસોમાં બંધાયેલો જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યથા સ્વરૂપમાં આસકત રહે છે. જીવનું સાચું રૂપ 'બ્રહ્મનો અંશ' છે. અને જીવનું અન્યથા રૂપ તેનો સંસાર છે. પંચ અધ્યાસોથી ઘેરાયેલો જીવ સંસારમાં આસકત રહે છે. સંસારની આસક્તિને દૂર કરવા જીવે શું કરવું ? તો કે પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન મેળવવું.

પરંતુ તે કેવી રીતે મળે ? તો કે પ્રભુની સેવા દ્વારા અવિદ્યાનો નાશ થાય અને અવિદ્યાથી ઉદ્‌ભવેલાં સંસાર પ્રત્યેની આસક્તિ દૂર થાય અને તેને સ્વરૂપનું (બ્રહ્મના અંશ હોવાનું) જ્ઞાન થાય. ત્યારે જીવને સમજાય કે જગત (ક્ષર બ્રહ્મ), અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એ બધાં બ્રહ્મનાં જ સ્વરૂપો છે. તેનામાં કોઈ તાત્ત્વિક ભેદ નથી – જે ભેદ છે તે સત્ ચિત્ અને આનંદ ધર્મોની

ન્યૂનાધિકતાનો જ છે. તેમની વચ્ચે સ્વરૂપાત્મક ભેદ નથી. એ ત્રણ ધર્મો - સત્, ચિત્ અને આનંદની ન્યૂનાધિકતા અથવા તેમના આવિર્ભાવ તિરોભાવને કારણે તેમનામાં ભેદ દેખાય છે. અને જીવ પોતે પણ બ્રહ્મનો જ અંશ હોઈ તે પોતે પણ બ્રહ્મ સ્વરૂપ છે. જીવને આ પ્રકારનું જ્ઞાન થાય કે તરત જ તે પોતે કૃષ્ણસ્વરૂપ હોવાનો અનુભવ કરે છે. આનું નામ જીવની મુક્તિ - **મુક્તિર્હિત્વાન્યથા રૂપમ્ સ્વરૂપેણ વ્યવસ્થિતિ : (શિક્ષાશ્લોકી)**

જીવની મુક્તિનો પ્રકાર શ્રીમહાપ્રભુજીએ આ રીતે વર્ણવ્યો છે :-

**તસ્માચ્છ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુકતઃ સર્વલોકતઃ ।**
**આત્માનંદ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિંતયેત્ ।।**

અર્થાત્ જે જીવ પોતાના સ્વરૂપને ઓળખીને, અન્યથા સ્વરૂપમાંથી મુકત થવા માગતો હોય તે જીવે, પોતાનો એ હેતુ સિદ્ધ કરવા માટે શું કરવું ? પોતાની એ હેતુ સિદ્ધિ માટે તેણે - બધા લોકથી એટલે કે અહંતા મમતાત્મક સંસારથી વિશેષે કરીને છૂટો થઈને પોતાના આનંદરૂપી સમુદ્રમાં બિરાજમાન શ્રીકૃષ્ણનું - એટલે કે શુદ્ધ પુષ્ટિમાર્ગીય શ્રીગોપીજનોના સમૂહમાં વિહાર કરનાર સદાનંદ, પૂર્ણ પુરુષોત્તમ, શ્રીગોપીજનવલ્લભ કૃષ્ણનું ચિંતન કરવું. તેમ કરતાં સંસારમાં બદ્ધ એવો એ જીવ સંસારમાંથી મુકત થશે. તેનું નામ જીવની મુક્તિ.

પરંતુ એવું ચિંતન કયા આશયથી, કેવા ભાવથી કરવું તે સમજી લેવું રહ્યું. લોકાર્થી(લૌકિક કામનાવાળો) જીવ જો કૃષ્ણને ભજે તો તે સર્વથા ક્લિષ્ટ (દુઃખી) થાય છે. તેથી ઊલટું ક્લિષ્ટ (દુઃખી) હોવા છતાં પણ ભાવથી જો તે કૃષ્ણને ભજવાનું ચાલુ રાખે (ન છોડે) તો તેના લોકનો (લૌકિક કામનાઓનો) નાશ થાય છે.

તાત્પર્ય એ કે જે જીવની સાંસારિક આસક્તિ ન છુટી હોય તે જીવ, સંસારમાં જ આસકત રહીને, શ્રીકૃષ્ણની સેવા કરે તો ભગવાન તેને સાંસારિક સુખો આપતા નથી. એવા જીવે સાંસારિક દુઃખો ભોગવવા પડે છે. પરંતુ સાંસારિક દુઃખો ભોગવતો રહેતો હોવા છતાં જો તે કૃષ્ણસેવા કરવાનું છોડી ન

દે એટલે કૃષ્ણસેવા કર્યે જ રાખે તો પ્રભુ તેની સાંસારિક વાસનાઓ (આસક્તિ) છોડાવી દે છે. અને તે જીવ ઉપર અનુગ્રહ કરીને તેને પોતાનાં ચરણોમાં સ્થાન આપે છે. આ વાત સમજાવવા માટે જ આપશ્રીએ આજ્ઞા કરી છે કે –

**લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ।**
**ક્લિષ્ટોઽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં, લોકો નશ્યતિ સર્વથા ।।**

પ્રભુ જીવની વાસનાઓ અને આસક્તિને પોતાના અનુગ્રહ વડે જ છોડાવે છે; જીવના સાધન બળે કરીને તે છૂટતી નથી. દુઃખી હોવા છતાં કૃષ્ણ સેવા ચાલુ રાખવી એ તેનું સાધન ખરું. પરંતુ એ સાધનાના બળે કરીને જ પ્રભુ તેની આસક્તિ છોડાવતા નથી. પ્રભુ તો પોતાના અનુગ્રહના બળે કરીને તેની આસક્તિ છોડાવે છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –

**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ**

અર્થાત્ પુષ્ટિમાર્ગમાં જીવનું સાધન નહીં પરંતુ પ્રભુનો અનુગ્રહ સર્વ પરિસ્થિતિનું નિયંત્રણ કરનાર છે.

કહે છે કે જ્ઞાન દ્વારા પ્રભુપ્રાપ્તિ થાય છે. પરંતુ જેની પાસે જ્ઞાન ન હોય તેવા જીવોનું શું ? જ્ઞાનપ્રાપ્તિ વગર તેને પ્રભુપ્રાપ્તિરૂપી ફળ કેવી રીતે મળે ? તેના જવાબમાં એવું કહેવામાં આવ્યું છે કે જ્ઞાની ન હોય તેવા પુષ્ટિમાં રહેલા ભકતે (જીવે) શ્રીભાગવતના પાઠ (શ્રવણ કીર્તન)માં તત્પર થઈને, જે સ્થળે શ્રવણ–કીર્તન નિરંતર થતા હોય તેવા સ્થળે જઈને રહેવું. પરંતુ જ્ઞાની ન હોય તેવા મર્યાદામાં રહેલા ભકતે, શ્રીભાગવત શ્રવણમાં તત્પર થઈને શ્રીગંગાજી આદિ તીર્થસ્થાનોમાં જઈને રહેવું. એટલા માટે તો રાજા પરીક્ષિત પ્રાયોપવેશ લઈને ગંગાજીના કિનારા ઉપર જઈ બેઠા હતા. વિદુરજી પણ એજ રીતે ગંગા–યમુના કિનારે (તીર્થ સ્થાનોમાં) જઈને રહ્યા હતા.

આનો અર્થ એ થયો કે મર્યાદામાર્ગીય ભકતે જ્ઞાનના અભાવમાં તીર્થસ્થાનોનું સામિપ્ય સેવવું, એવો સામાન્ય નિયમ છે. પરંતુ પુષ્ટિમાર્ગીય

ભકતને માટે, જ્ઞાનના અભાવે, નિજ સ્થિતિ કરવા માટે (રહેવા માટે) કોઈ ચોક્કસ દેશ (સ્થાન)નો નિયમ નથી - તેને માટે અમુક ચોક્કસ તીર્થ સ્થળે રહીને જ શ્રવણ-કીર્તન, પૂજોત્સવ આદિમાં તત્પર રહેવું એવો કોઈ નિયમ નથી. તેણે તો પ્રભુ અનુગ્રહ કરીને તેને જ્યાં સ્થિતિ કરાવે ત્યાં જ રહેવું. પુષ્ટિમાર્ગમાં વેદવિધિનું નિયમન નથી. પ્રભુનો અનુગ્રહ જ તેમાં નિયામક છે.

મર્યાદામાર્ગીય જીવો જ્ઞાની તથા ભકત પણ હોઈ શકે. જો તેમના ઉપર પ્રભુ વિશેષ કૃપા (અનુગ્રહ) કરે તો. તેઓ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવીને પુષ્ટિમાર્ગીય ભક્તિ પ્રાપ્ત કરે છે. એટલે કે સ્વરૂપાનંદ પામે છે. પરંતુ જો તેમનો અંગીકાર મર્યાદામાં જ કરવામાં આવ્યો હોય તો પછી મર્યાદામાર્ગીય જ્ઞાની અને મર્યાદામાર્ગીય ભકત એ બન્નેને ફલરૂપે મુક્તિ જ મળે છે; તેમને સ્વરૂપાનંદ મળતો નથી. તેથી સ્પષ્ટપણે સમજાય છે કે જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ અર્થાત્ જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ અધિક છે.

પુષ્ટિ ભક્તિ તો અદેય (સહેલાઈથી દેવામાં ન આવે તેવી) છે. તેનું સૂચન કરતી એક ઉક્તિ છે - ''કદાચિત મુક્તિનું દાન કરે છે; પરંતુ ભક્તિયોગ તો નહીં જ.'' પ્રભુ એવી પરમ ભક્તિ (પુષ્ટિ ભક્તિ) નું દાન તો પોતાના કોઈ વિશેષ અનુગ્રહ ભાજનને જ કરે છે. આ રીતે શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગનો જ્ઞાનમાર્ગ કરતાં ઉત્કર્ષ સૂચવ્યો છે.

ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં અધિક છે એ બીજી રીતે પણ સમજાવી શકાય. જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મ અને જીવાત્માને એકરૂપે (અદ્વૈત) જાણવામાં આવે છે. જીવાત્મા માને છે કે હું બ્રહ્મ છું. આ બધું પણ બ્રહ્મ છે. આ રીતના જ્ઞાનથી તે અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે. તેથી તેની ઉપાસનાના ફળરૂપે તેને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

અને ભક્તિમાર્ગમાં, ગીતા વાકય પ્રમાણે - **યસ્માત્ક્ષરમતી-તોઽહમ્, અક્ષરાદપિ ચોત્તમ** - એટલે કે હું ક્ષરથી અતિત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું એવું સમજીને ક્ષર અને અક્ષરથી પણ જે પર છે અને લોકવેદમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છે. એવા શ્રીપુરુષોત્તમની સેવા થાય છે. ગીતાજીમાં

એવું પણ કહ્યું છે કે **મારા ભક્તો મને જ પામે છે.** તે પ્રમાણે પુરુષોત્તમના ભક્તોને પુરુષોત્તમની જ પ્રાપ્તિ થાય છે. **આ રીતે શ્રુતિ વાકયોથી પ્રમાણસિદ્ધ એવો ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતા અધિક છે.**

આ રીતે શ્રીમહાપ્રભુજીએ સ્વસિદ્ધાંત (સ્વમત)નું નિરૂપણ કર્યું છે. પરંતુ સાથોસાથ એવું પણ કહ્યું છે કે સ્વશાસ્ત્રના સિદ્ધાંત રૂપ પોતાનું સર્વસ્વ જે ગુપ્ત છે એટલે કે ગંભીર તાત્પર્યવાળું છે તે બહિર્મુખોને જાણવા યોગ્ય નથી. તો પછી એવું ગુપ્ત નિરૂપણ કર્યું શા માટે ? તેના જવાબમાં આપશ્રી કહે છે કે ''સ્વશાસ્ત્રના જ્ઞાનથી, સ્વમાર્ગ (પુષ્ટિમાર્ગ) સંબંધી જે કાંઈ સંશયો હોય તે બધા નિવૃત્ત થાય છે અને જો તેનું જ્ઞાન ન હોય તો ''સંશયાત્મા વિનશ્યતિ'' એ ન્યાયે જીવની બુદ્ધિ અન્યથા થઈ જાય. એટલા માટે નિજ સેવકોએ આ ગ્રંથનું તાત્પર્ય અવશ્ય જાણવું.

– જય શ્રીકૃષ્ણ

# ૪. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા વિશેષેણ પૃથક્-પૃથક્ ।।
જીવ-દેહ-ક્રિયા-ભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ ।।૧।।
વક્ષ્યામિ સર્વ-સન્દેહા ન ભવિષ્યન્તિ યત્ શ્રુતેઃ ।।
ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ।।૨।।
'દ્વૌ ભૂતસર્ગાવિ'ત્યુક્તેઃ પ્રવાહોऽપિ વ્યવસ્થિતઃ ।।
વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા ।।૩।।
કશ્ચિદેવ હિ ભક્તો હિ 'યો મદ્ભક્ત' ઈતીરણાત્ ।।
સર્વત્રોત્કર્ષ-કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચયઃ ।।૪।।
ન સર્વોऽતઃ પ્રવાહાદ્ હિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ।।
'યદા યસ્યે'તિ વચનાત્ 'નાહં વેદૈર્' ઈતીરણાત્ ।।૫।।
માર્ગૈકત્વેऽપિ ચેદ્ અન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ ।।
ન તદ્ યુક્તં સૂત્રતો હિ ભિન્નો યુક્ત્યા હિ વૈદિકઃ ।।૬।।
જીવ-દેહ-કૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા-શ્રુતેઃ ।।
યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ।।૭।।
પ્રમાણ-ભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ ।।
સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગ-ક્રિયા-યુતમ્ ।।૮।।
ઈચ્છા-માત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ।।
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ।।૯।।
મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોક્તં વૈદિકેપિ ચ ।।
કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોऽપિ નૈકધા ।।૧૦।।
'તાન્ અહં દ્વિષતો' વાક્યાદ્ ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ।।
અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષ-પ્રવેશતઃ ।।૧૧।।
તસ્માદ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશયઃ ।।
ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્ ।।૧૨।।
સ્વરૂપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ ।।
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ।।૧૩।।

તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ ।।
તેહિ દ્વિધા શુદ્ધ-મિશ્ર-ભેદાન્ મિશ્રાસ્ ત્રિધા પુનઃ ।।૧૪।।
પ્રવાહાદિ-વિભેદેન ભગવત્કાર્ય-સિદ્ધયે ।।
પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ।।૧૫।।
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણા-ઽતિ-દુર્લભાઃ ।।
એવં સર્ગસ્તુ તેષાં હિ ફલં ત્વત્ર નિરૂપ્યતે ।।૧૬।।
ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ।।
ગુણ-સ્વરૂપ-ભેદેન તથા તેષાં ફલં ભવેત્ ।।૧૭।।
આસક્તૌ ભગવાન્ એવ શાપં દાપયતિ ક્વચિત્ ।।
અહંકારે-ઽથવા લોકે તન્માર્ગ-સ્થાપનાય હિ ।।૧૮।।
ન તે પાષંડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવઃ ।।
મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વ-હેતવે ।।૧૯।।
ભગવત્-તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ।।
લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા ।।૨૦।।
વૈષ્ણવત્વં હિ સહજં તતો-ઽન્યત્ર વિપર્યયઃ ।।
સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્ તથા પરે ।।૨૧।।
'ચર્ષણી'શબ્દ-વાચ્યાસ્ તે તે સર્વે સર્વ-વર્ત્મસુ ।।
ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ રુચિસ્ તેષાં ન કુત્રચિત્ ।।૨૨।
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્ ।।
પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગ ક્રિયા યુતાન્ ।।૨૩।।
જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે 'પ્રવૃત્તિંચે'તિ વર્ણિતાઃ ।।
તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞ-દુર્જ્ઞ-વિભેદતઃ ।।૨૪।।
દુર્જ્ઞાસ્ તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્ તાન્ અનુ યે પુનઃ ।।
પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્ તૈર્ ન યુજ્યતે ।।૨૫।।
સોઽપિ તૈસ્ તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ।।
... ... ... ... ... ... ... ... ... ... ।।

।। ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતઃ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ સમાપ્તઃ ।।

ષોડશ ગ્રંથોમાં સમાવિષ્ટ બધા ગ્રંથો પ્રકરણ ગ્રંથો છે. તદનુસાર 'પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ' પણ પ્રકરણ ગ્રંથ છે. પ્રકરણ ગ્રંથ હોઈ કદમાં તે નાનો છે, પછી ભલેને વર્ણ્ય વિષયની દૃષ્ટિએ તેમાં ગાગરમાં સાગર ભરવામાં આવ્યો હોય. ષોડશ ગ્રંથોમાંના બધા ગ્રંથો અર્થ ગંભીર છે. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-ભેદ ગ્રંથપણ બહુ જ અર્થ ગંભીર ગ્રંથ છે. પરંતુ આપણા દુર્ભાગ્યે તે સંપૂર્ણપણે પ્રાપ્ત થઈ શકતો નથી. શ્રીગોકુલનાથજીએ જ્યારે તેની ટીકા કરવાનું કાર્ય ઉપાડયું ત્યારે આપશ્રીએ જોયું કે ગ્રંથનો અંતનો ભાગ ગુમ થયો છે. શ્રીરઘુનાથજી પણ આ વાતનો ઉલ્લેખ કરતાં કહે છે - ઈત ઊર્ધ્વં ગ્રંથત્રુટિઃ - એટલે કે અહીંથી આગળ ગ્રંથ અપૂર્ણ છે.

એટલા માટે તે બન્ને મહાનુભાવોએ આ ગ્રંથનો જેટલો ભાગ તેમને મળી શકયો તેટલા ભાગ ઉપર ટીકા કરી છે અને પછી ગ્રંથ અધુરો હોવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. ગ્રંથ જો અધૂરો હોય અને તે છે જ તો તેમાંથી કયા મુદાનું નિરૂપણ ગુમ થયું છે તેની ખબર કો'ને છે ? શ્રીપિતાંબરજી અને શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે આ ગ્રંથમાંથી પ્રવાહમાર્ગનું પ્રયોજન, સાધન, અંગ, ક્રિયા અને ફલ તથા મર્યાદામાર્ગનું પ્રયોજન, સ્વરૂપ, અંગ, ક્રિયા, સાધન અને ફલ બધુ જ શ્રીવલ્લભે કરેલું નિરૂપણ ગુમ થઈ ગયું છે. એક વાત નકકી છે કે જે ભાગ ગુમ થયો છે તે ભાગ શ્રીગોકુલનાથજીના સમયથી ગુમ થયો છે. તે કેવી રીતે ગુમ થયો છે તે બાબત નિશ્ચિંતપણે કહી શકાય તેમ નથી. તેમ છતાં તે માટેનાં ત્રણ શકય કારણો આપવામાં આવ્યાં છે. યથા -

(૧) એવું કહેવાય છે કે શ્રીગોપીનાથજીના લીલાપ્રવેશ પછી પુષ્ટિમાર્ગના આચાર્યપદ ઉપર કોણ પ્રતિષ્ઠિત થાય - શ્રીગોપીનાથજીના સગીર પુત્ર શ્રીપુરુષોત્તમજી કે શ્રીગોપીનાથજીના અનુજ શ્રીવિઠ્ઠલનાથજી - એ બાબતમાં મતભેદ ઊભો થયો. તેનાથી નારાજ થઈને શ્રીગોપીનાથજીના વહુજી શ્રીવલ્લભના ગ્રંથોમાંથી હાથ પડયું સાથે લઈને દક્ષિણમાં ચાલ્યા ગયાં. અને તે બધું કયાંક વિસરાઈ ગયું. પરિણામે પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદનો અંતિમ ભાગ અને અણુભાષ્યના છેલ્લા દોઢ અધ્યાયનું નિરૂપણ કરતાં પૃષ્ઠો ગુમ થયાં એવું મનાય છે.

(૨) કદાચ એવું પણ બને કે આચાર્યશ્રીએ પોતે એ ગ્રંથો અધુરા રાખ્યા હોય. પરંતુ એવું કદી ન બને. કારણ કે પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ તો લઘુ ગ્રંથછે. તેમાં થોડાક જ શ્લોકો ન રચવા માટેનું આપશ્રીનું કોઈ પ્રયોજન ન હોઈ શકે.

(૩) આ ગ્રંથનો જેટલો ભાગ મળે છે તેટલા ભાગમાં પુષ્ટિમાર્ગ વિષે સંપૂર્ણ ચર્ચા છે. જ્યારે પ્રવાહ અને મર્યાદા માર્ગ વિષેનું નિરૂપણ કરતો બાકીનો ભાગ, જે પ્રાપ્ય નથી, તે શ્રીવિઠ્ઠલેશજીના મતે કદાચ બહુ અગત્યનો ન હોવાથી તે તરફ બહુ ધ્યાન રાખ્યું ન હોય તો શ્રીગોકુલનાથજીના સમય સુધીમાં તે ગુમ થયો હોય એ સ્વાભાવિક છે. અને તે ન મળતાં આપશ્રીએ તેના ઉપર ટીકા કરી નથી એ સ્પષ્ટ છે.

**નોંધ :** પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદનો ગુમ થયેલો ભાગ શ્રીગુસાંઈજીને અગત્યનો ન લાગ્યો હોય એ સ્વાભાવિક છે. કારણ કે અણુભાષ્યનો જે ભાગ ન મળ્યો તે બધો ભાગ આપશ્રીએ પોતે લખીને તે ગ્રંથને પૂર્ણ બનાવ્યો છે. જ્યારે પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદમાં તેમ કરવામાં આવ્યું નથી.

કારણ ગમે તે હોય, આપણી પાસે અત્યારે એ ગ્રંથનો જેટલો ભાગ વિદ્યમાન છે તેના ઉપર જ શ્રીપિતાંબરજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીરઘુનાથજી અને શ્રીગોકુલનાથજીએ સંસ્કૃતમાં ટીકા કરી છે. તેના આધારે આ ટીકા લખવાનો નમ્ર પ્રયાસ મેં કર્યો છે. વાક્પતિ શ્રીવલ્લભના પ્રમેય બળે કરીને, તે લખાઈ જશે એવી મને શ્રદ્ધા છે.

શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ 'સર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીવલ્લભનાં ૧૦૮ નિત્ય સિદ્ધ નામો ગણાવ્યાં છે. તેમાં એક નામ છે, **"દૈવોદ્ધાર પ્રયત્નાત્મા"** એટલે કે દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રયત્ન કરનાર. જો આપશ્રીનો પ્રાદુર્ભાવ દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે થયો હોય, અને તે થયો જ છે, તો તેનો અર્થ એ થયો કે ભૂતલ ઉપર દૈવીજીવો સિવાયના બીજા પ્રકારના જીવો અસ્તિત્વ ધરાવે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીઠાકુરજીએ સ્પષ્ટ આજ્ઞા કરી છે - **દ્વૌ**

**ભૂતસર્ગો લોકેડસ્મિન દૈવ આસુર એવ ચ ।** – એટલે કે આ ભૂતલ ઉપર બે પ્રકારની ભૂત સૃષ્ટિ (જીવ સૃષ્ટિ) છે. (૧) દૈવી જીવોની સૃષ્ટિ અને (૨) આસુરી જીવોની સૃષ્ટિ. તેનો અર્થ એ થયો કે જીવો બે પ્રકારના છે. દૈવી જીવો અર્થાત્ દૈવી ગુણ સંપત્તિ ધરાવતા જીવો અને આસુરી જીવો એટલે આસુરી ગુણ સંપત્તિ ધરાવતા જીવો. અને આપણે જાણીએ છીએ કે શ્રીવલ્લભનું ભૂતલ ઉપરનું પ્રાકટ્ય થયું હતું દૈવી ગુણ સંપત્તિ ધરાવતા જીવોનાં ઉદ્ધાર માટે.

પુષ્ટિ–પ્રવાહ–મર્યાદાભેદ ગ્રંથના પ્રારંભે, આપશ્રીએ એ વાત સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે કે જીવસૃષ્ટિ એ પ્રભુપ્રાપ્તિ કરવા માટેના સાધનરૂપ ત્રણ માર્ગો અસ્તિત્વ ધરાવે છે. (૧) પુષ્ટિ માર્ગ, (૨) પ્રવાહમાર્ગ અને (૩) મર્યાદામાર્ગ (જ્ઞાનમાર્ગ). બધા જીવોનું અંતિમ ધ્યેય એક જ છે. અને તે છે 'જીવ દ્વારા થતી પ્રભુપ્રાપ્તિ' શું એક જ માર્ગે ચાલીને એ ધ્યેય પ્રાપ્ત ન કરી શકાય ? તે માટે ત્રણ માર્ગોની શી જરૂર છે ? તો કે જીવ, દેહ, જીવની કૃતિ તથા જીવસૃષ્ટિનો પ્રવાહ અને ફળને ધ્યાનમાં રાખીને એ ત્રણ માર્ગ બતાવવામાં આવ્યા છે.

માર્ગો ભલે ત્રણ હોય પરંતુ તે ભક્તિમાર્ગ (પુષ્ટિમાર્ગ), પ્રવાહમાર્ગ (કર્મમાર્ગ) અને મર્યાદામાર્ગ (વેદમાર્ગ) એ નામથી જ શા માટે ઓળખાવવામાં આવ્યા છે ? આ વાતની સ્પષ્ટતા કરવા માટે આપશ્રી આજ્ઞા કરે છે –

(૧) શ્રીભાગવત તથા ગીતાજી જેવાં શાસ્ત્રોમાં ભક્તિમાર્ગ કહેલો છે. તેથી પુષ્ટિમાર્ગ હોવાનો નિશ્ચય થાય છે. (૨) આ લોકમાં દૈવી અને આસુરી જીવોની સૃષ્ટિ છે એવું તો ગીતાજીમાં પણ કહેલું છે, વેદ પણ એમ જ કહે છે. તેથી ગીતા અને વેદાદિ શાસ્ત્રોમાં બતાવેલ વેદમાર્ગ (વેદાદિની મર્યાદા પ્રમાણે ચાલનાર જીવોને ફળ આપનાર માર્ગ) પણ છે જ એવું નિશ્ચિત થાય છે. (૩) અને આસુરી જીવોના ઉલ્લેખ દ્વારા તેમના ઉત્કર્ષ માટેનો પ્રવાહ (કર્મ) માર્ગ પણ વ્યવસ્થાપૂર્વક કરેલો છે એવું સિદ્ધ થાય છે.

હવે જો દૈવી જીવો માટે બે માર્ગ હોય – પુષ્ટિ અને મર્યાદા – તો એવો ભેદ શા માટે પાડવામાં આવ્યો છે ?

ગીતાજીમાં ભગવાને **'યો મદ્ ભકતઃ સ મે પ્રિયઃ** - એવું કહ્યું છે - એટલે કે ભગવાન કહે છે, ''એવો મારો ભકત મને પ્રિય છે. તેનો અર્થ એવો થયો કે દૈવી જીવોમાં પણ કેટલાક મદ્ ભકતો છે અને કેટલાક વેદશાસ્ત્રની મર્યાદા પાળનાર જીવો છે. વેદશાસ્ત્રની મર્યાદા પાળવા માટે વેદ અને શાસ્ત્રોનું જ્ઞાન આવશ્યક છે. તેથી વેદશાસ્ત્રોની મર્યાદા પાળનાર જીવો જ્ઞાની જીવો છે અને બાકીના કેટલાક તો અમુક ચોક્કસ ગુણો ધરાવતા હોઈ, પ્રભુના પ્રિય ભકતો બની બેઠા છે. ભગવદ્ ગીતાના બારમા અધ્યાયમાં પ્રભુને પ્રિય તેના ભક્તોના ગુણોનું વર્ણન છે.

અને ગીતા-ભાગવત આદિમાં બધે, અન્ય માર્ગો ઉપર, ભક્તિમાર્ગની અધિકતા (મોટાઈ) વર્ણવવામાં આવી છે. તે બતાવે છે કે ભક્તિમાર્ગ છે અને તે ભક્તિમાર્ગ પ્રવાહ અને વેદમાર્ગ કરતાં અલગ છે; અલગ હોવા ઉપરાંત તે (ભક્તિમાર્ગ) અધિક પણ છે. તે એ રીતે કે જ્યારે જે જીવ ઉપર ભગવાન અનુગ્રહ કરે છે ત્યારે તે જીવ લોક (પ્રવાહમાર્ગ) અને વેદ (મર્યાદામાર્ગ)માં નિષ્ઠાવાળી પોતાની બુદ્ધિને ત્યજી દે છે અને પોતે પ્રભુપરાયણ બની રહે છે.

પુષ્ટિમાર્ગની અન્ય માર્ગો કરતાં અધિકતા (ઉત્તમતા) દર્શાવતાં આપશ્રીએ આજ્ઞા કરી છે - જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ અને શ્રીહરિરાયજીએ પણ એવું જ કહ્યું છે - પુષ્ટિ સકલ મૂર્ધગાઃ - એટલે કે પુષ્ટિ ભક્તિ સર્વમાં શિરોમણી રૂપ છે. અને ગીતાજીમાં કહ્યું છે -

**નાહં વૈદેર્ન તપસા, ન દાનેન ન ચેજ્યયા ।**
**શક્ય એવં વિધો દ્રષ્ટું, દષ્ટવાનસિ માં યથા ।। (૧૧।૫૩)**

એટલે કે ''હું વેદના અધ્યયન વડે તપ, દાન અને અગ્નિહોત્રાદિક કર્મ વડે પણ જોવાવાને શકય નથી. અર્થાત્ ભક્તિમાર્ગ વેદોકત મર્યાદામાર્ગથી અને લોકમાર્ગ (કર્મમાર્ગ)થી જુદો અને અધિક છે.

કેટલાક લોકો કહે છે કે ગીતાજીમાં ભલે ત્રણ માર્ગ બતાવ્યા હોય પરંતુ વાસ્તવમાં પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણે માર્ગો એક છે અને મર્યાદા અને પ્રવાહ એ બન્ને માર્ગ ભક્તિના હેતુરૂપ અને પુષ્ટિના અંગભૂત છે. આચાર્યશ્રી

આજ્ઞા કરે છે કે એ પ્રમાણે માનવું એ કોઈપણ રીતે યોગ્ય નથી. કારણ કે ફળની દૃષ્ટિએ ત્રણે માર્ગમાં ભેદ છે. ભક્તિમાર્ગમાં ભક્તિશેષ (ભક્તિ= સ્વરૂપાનંદ અને શેષ = ફળ) પ્રાપ્ત થાય છે. દેવસર્ગ (દૈવી મર્યાદા જીવોની સૃષ્ટિ)ને મોક્ષ શેષ (ફળ) અને આસુર સર્ગ (આસુરી જીવસૃષ્ટિ)ને બંધ શેષ (બંધનરૂપી ફળ) મળે છે. જો આ ત્રણે માર્ગ એકસરખા હોત તો બધા જીવોને (એ ત્રણે માર્ગ પર ચાલનાર બધા જીવોને)એક સરખું ફળ મળતું હોત. એટલે કે ભકત, મર્યાદા અને પ્રવાહી બધા જીવો એક સરખા ફળની પ્રાપ્તિ કરતા હોત. પરંતુ તેમ નથી. તેમને મળતું ફળ અલગ છે. આ પ્રમાણરહિત આપેલ યુક્તિથી સમજાઈ જશે કે વૈદિક સર્ગ અને લોકસર્ગ, ભકતસર્ગ (પુષ્ટિ સર્ગ)થી જુદા છે (સર્ગ એટલે સૃષ્ટિ).

જીવની કૃતિની દૃષ્ટિએ પણ એ ત્રણે સર્ગો અને માર્ગો ભિન્ન છે. શ્રુતિમાં એ ત્રણે પ્રકારના સર્ગોની ક્રિયાઓ જુદી હોવાનો ઉલ્લેખ છે. વળી જીવ, દેહ અને ક્રિયાનું નિત્યપણું પણ શ્રુતિ દ્વારા જ સિદ્ધ થાય છે. તેમાં કહ્યું છે કે પ્રવાહ અને મર્યાદામાં સુખથી ભગવદ્ પ્રાપ્તિ થતી નથી અને ભક્તિમાર્ગમાં ભગવદ્ પ્રાપ્તિ થતાં જીવને સુખ અને આનંદનો અનુભવ થાય છે. તે કારણે પણ અન્ય માર્ગો પુષ્ટિમાર્ગથી જુદા છે એવું સિદ્ધ થાય છે.

શ્રીવલ્લભ કહે છે કે આ રીતે પ્રમાણભેદથી અર્થાત્ મર્યાદા અને પ્રવાહનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રોના ભેદથી મેં એવું નિરૂપણ કર્યું છે કે પુષ્ટિમાર્ગ મર્યાદા અને પ્રવાહ બન્ને માર્ગથી ભિન્ન છે.

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-ભેદ ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણે જીવના મુખ્ય ત્રણ પ્રકાર બતાવ્યા છે. યથા (૧) પુષ્ટિ જીવ (૨) મર્યાદા જીવ અને (૩) પ્રવાહી જીવ. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વર્ણવેલ દૈવીજીવ સૃષ્ટિમાં, પુષ્ટિ જીવો અને મર્યાદા જીવોનો સમાવેશ થાય છે અને આસુરી જીવસૃષ્ટિમાં પ્રવાહી જીવોનો સમાવેશ થાય છે.

દૈવી અને આસુરી સૃષ્ટિ સતત ચાલ્યા કરે છે. તેથી તે બન્ને સૃષ્ટિના જીવોની ઉત્ક્રાંતિ થઈ શકે છે. પરંતુ એ ત્રણે પ્રકારના જીવો, સ્વરૂપ દેહ, ક્રિયા, પ્રવાહ (પરંપરા) અને કુળભેદને કારણે પરસ્પરથી અલગ છે, એ વાત ઉપર

કહેવામાં આવી છે. તેમની આ અલગતાને કારણે તેમની ઉત્ક્રાંતિ પણ અલગ રીતે થાય છે. જીવો ત્રણ પ્રકારના હોઈ, તેમની ઉત્ક્રાંતિ માટે ત્રણ પ્રકારના માર્ગો છે. **પુષ્ટિજીવો માટે પુષ્ટિમાર્ગ (ભક્તિમાર્ગ), મર્યાદા જીવો માટે મર્યાદા માર્ગ અથવા વેદોકત જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ. અને પ્રવાહી જીવો માટે પ્રવાહ માર્ગ એટલે કે લૌકિક કર્મમાર્ગ છે.** આ ત્રણે માર્ગો પણ પરસ્પરથી જૂદા છે એ પણ આપણે ઉપર જોઈ ગયા.

આ માર્ગો દ્વારા એટલે કે આ ત્રણ માર્ગો પર ચાલવાના સાધન દ્વારા એ ત્રણ પ્રકારના જીવ ત્રણ પ્રકારનાં ફળ મેળવી શકે છે. યથા (૧) પુષ્ટિ જીવોને પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે. (૨) મર્યાદા જીવોને અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને (૩) પ્રવાહી જીવો જો સારાં કર્મો (સકામભાવે) કરે તો તેમને સ્વર્ગપ્રાપ્તિ થાય છે.

આ ત્રણ પ્રકારની જીવસૃષ્ટિ, યદ્યપિ અલગ અલગ છે, છતાં તે ત્રણેની ઉત્પત્તિ શ્રીહરિ દ્વારા જ, શ્રીહરિમાંથી જ થઈ છે. કેવી રીતે તે સમજી લો –

શ્રીહરિને ઈચ્છા થઈ – **એકોહમ્ બહુસ્યામ્** – એટલે કે હું એકલો છું, બહુ રૂપે થાઉં. એટલે કે પરબ્રહ્મ પરમાત્માને રમણ કરવાની ઈચ્છા થઈ. એક વ્યક્તિ રમણ ન કરી શકે. રમવા માટે એકથી વધુ (બહુ)ની જરૂર છે. પ્રભુને ઈચ્છા થઈ અને

**ઈચ્છા માત્રેણ મનસા પ્રવાહંસૃષ્ટવાન્ હરિઃ ।**
**વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ।।**

પ્રભુને ઈચ્છા થઈ અને તરત જ તેમના મનમાંથી, વાણીમાંથી અને કાયામાંથી જુદી જુદી ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ. આ છે શ્રીવલ્લભ દ્વારા વર્ણીત કૃષ્ણની સર્ગ લીલા –

આપશ્રી કહે છે કે સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે પ્રભુને કોઈ પદાર્થની જરૂર પડતી નથી. આપશ્રીએ પોતે (નિમિત્ત કારણ) પોતાનામાંથી જ (ઉપાદાન કારણ) ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી (જેમ કરોળિયો પોતે જ પોતાનામાંથી

જાળું ઉત્પન્ન કરે છે તેમ). એ રીતે પ્રભુ પોતે એ ત્રણે પ્રકારની સૃષ્ટિનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે.

પ્રભુને સર્ગ લીલા (સૃષ્ટિની ઉત્પત્તિની લીલા) કરવી હતી તેથી તેમને ઈચ્છા થઈ. અને ઈચ્છા માત્રથી જ ક્ષણાર્ધમાં, તેમના મનમાંથી પ્રવાહીસૃષ્ટિ, તેમની વાણીમાંથી (વચસ્માંથી) મર્યાદાસૃષ્ટિ અને તેમના શ્રીઅંગમાંથી પુષ્ટિસૃષ્ટિ ઉત્પન્ન થઈ. એટલે કે શ્રીહરિના મન વડે ચંચળ એવા પ્રવાહી જીવો, વેદ રૂપી વાણી વાક્ વડે મર્યાદા જીવો અને પોતાના આનંદાત્મક સ્વરૂપ વડે એટલે કે આનંદમાત્ર કર પાદ મુખોદરાદિ એવા શ્રીઅંગ વડે પુષ્ટિ જીવો ઉત્પન્ન થયા છે. ત્રણે પ્રકારના જીવો પ્રભુમાંથી ઉત્પન્ન થાય છે તેમ છતાં તેમનું ઉત્પત્તિ સ્થાન જુદું હોવાથી (મન, વાણી અને અંગ) એ જીવો એકબીજાથી અલગ થયા છે.

આમ, જીવસૃષ્ટિ પ્રભુના સ્વરૂપમાંથી ઉત્પન્ન થઈ. તે પ્રભુના અંશરૂપે ઉત્પન્ન થઈ હોવાથી, પ્રભુએ પોતે કહ્યું, **''મમૈવાંશો જીવ લોકે જીવભૂતઃ સનાતન ।''** - જીવો મારા અંશ રૂપે છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે જેમ ભડભડાટ બળતા અગ્નિમાંથી તણખાનું વ્યુચ્ચરણ થાય છે તેમ શ્રીહરિના સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી જીવોનું વ્યુચ્ચરણ થયું છે. તેમાં ઉત્પત્તિની રીતનો ભેદ નથી. ઉત્પત્તિના સ્થાનનો ભેદ છે અને તેથી જીવસૃષ્ટિનો ભેદ થયો છે. પરિણામે ત્રણ પ્રકાર - પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાના જીવો વ્યુચ્ચરિત થયા છે.

ઉપર કહ્યું તેમ તેમની ઉત્પત્તિનાં સ્થાન જુદાં છે. તેમની ઉત્ક્રાંતિના માર્ગો પણ જુદા છે અને પોતપોતાના માર્ગે ચાલવાથી તેમને મળનારા ફળ પણ અલગ છે. આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

પ્રવાહી જીવો પ્રવાહના માર્ગે ચાલે છે. સૃષ્ટિના પ્રવાહને અનુલક્ષીને તેઓ લૌકિક, સાંસારિક કે વ્યવહારિક કાર્યો કરે છે. લૌકિક કાર્યો કરવામાં પણ સારાસારનો ભેદ ન સમજવાને કારણે તે સારાં અને ખોટા કર્મો કરે છે. લૌકિક કાર્યો કરવામાં વિવેકનો અભાવ હોવાથી તેમનાં એ કાર્યો તેમને લૌકિક ફળ આપે એવાં હોય છે. તેથી તેમણે કરેલાં એવાં લૌકિક કર્મોને કારણે તેમને ભૌતિક

સુખ, સત્તા, સ્વાસ્થ્ય કે સંપત્તિ તથા સંતતિ જેવાં ફળ મળે છે. એ ફળ ક્યારેક સુખદાયક તો ક્યારેક દુઃખદાયક હોય છે. વાસ્તવમાં તો તે બધાં લૌકિક ફળો હોઈ, તે ક્ષણિક અને દુઃખમય હોય છે.

મર્યાદા જીવો વેદોક્ત કર્મો કરે છે. તેમનાં એ કર્મો પાછળ વેદ મર્યાદા અને વેદવાણીનું જ્ઞાન રહેલું હોય છે. પરિણામે વેદજ્ઞાનની મર્યાદામાં રહીને તેઓ પોતાના બધાં કર્મો કરતાં હોય છે. વેદમાં કર્મોનાં બે પ્રકારનાં ફળ બતાવ્યાં છે. (૧) સ્વર્ગપ્રાપ્તિ અને (૨) મોક્ષપ્રાપ્તિ (મુક્તિ). જો એ મર્યાદા જીવ સકામ ભાવે વેદોક્ત કર્મ કરે તો તેને સ્વર્ગપ્રાપ્તિ થાય અને જો નિષ્કામભાવે વેદોક્ત કર્મ કરે તો તેને (યજ્ઞયાગાદિક કર્મો વેદોક્ત કર્મો છે) મોક્ષની પ્રાપ્તિ થાય.

પુષ્ટિ જીવો તો બધાં લૌકિક વૈદિક કાર્યો પ્રત્યે ઉદાસીન હોય છે. તેવાં જીવોનાં કર્મો એટલે રસેશ્વર ભગવાન કૃષ્ણની સેવા એટલે કે રાધારમણ ભગવાન શ્રીનંદનંદનની લીલાઓનું ચિંતન, મનન અને સ્મરણ. એવા પુષ્ટિ જીવોને કૃષ્ણલીલાના અનુભવરૂપી ફળ પ્રાપ્ત થાય છે. એ અનુભવને સ્વરૂપાનંદ કહે છે. પુષ્ટિ જીવોને પ્રાપ્ય ફળ છે નિત્ય લીલામાં પ્રવેશ થતાં સ્વરૂપાનંદની થતી પ્રાપ્તિ.

શ્રીમહાપ્રભુજી આ રીતે ત્રણે માર્ગો અને તે ઉપર ચાલનાર જીવસૃષ્ટિ દ્વારા કરવામાં આવતાં કર્મો અને તેમને મળતાં ફળો વિષે સમજાવે છે અને આપશ્રી આજ્ઞા કરે છે કે આ ત્રણે પ્રકારની જીવસૃષ્ટિ અલગ હોય છે. અને તેમાં પણ –

**તસ્માજ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ ।**
**ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ।।**

પાયાની વાત કરી શ્રીમહાપ્રભુજીએ. પુષ્ટિમાર્ગના જીવો પ્રવાહ અને મર્યાદા માર્ગના જીવો કરતાં જુદા છે તેમાં કોઈ સંશય નથી. અને પુષ્ટિમાર્ગના જીવોની સૃષ્ટિ ભગવદ્ સ્વરૂપની સેવા કરવા માટે જ સર્જાઈ છે. પુષ્ટિ સૃષ્ટિના સર્જન પાછળ બીજું કોઈપણ કારણ સંભવતું નથી.

પરિણામે જે પુષ્ટિમાર્ગીય જીવો ભગવલ્લીલા નીરખવામાં સદા રત રહે છે. તેવા ભગવદીય ભકતો અને તેમના ભગવાન એ બન્ને એક સરખા છે. વળી તેઓ શ્રીપ્રભુના શ્રીઅંગમાંથી ઉત્પન્ન થયા હોઈ દેહ, સ્વરૂપ અને ક્રિયાથી તો સરખા જ છે. જે ભેદ દેખાય છે તે સ્વરૂપાત્મક નથી. પરંતુ ગુણાત્મક છે. એટલે કે સત્ ચિત્ આદિ ગુણોની ન્યૂનાધિકતાને કારણે છે - (૧) બન્નેનું સ્વરૂપ તો આનંદાત્મક જ છે. અર્થાત્ સ્વરૂપે એકસરખા; ગુણોની ન્યૂનાધિકતાને કારણે ભિન્ન-સ્વરૂપ એકત્વ, (૨) સત્ત્વાદિક ગુણરૂપી અધિષ્ઠાન વડે અને ધ્વજ, અંકુશ આદિ ચિહ્નો વડે એક જ છે - દેહ એકત્વ. અને (૩) લીલા અનુભવથી એક છે - ક્રિયા એકત્વ. તેને અનુલક્ષીને શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, ''એવા પરમ ભગવદીય ભકતો અને ભગવાન વચ્ચે - **તારતમ્યં ન સ્વરૂપે, દેહે વા તત્ ક્રિયાસુ વા ।''**

મોક્ષપ્રાપ્તિ (મુક્તિ) અને બંધનની દૃષ્ટિએ પણ એ ત્રણે જીવસૃષ્ટિ વચ્ચે તારતમ્ય (જુદાઈ) છે.

બધા પ્રવાહી જીવો સદા સર્વદા ભવાટવીમાં અટવાયા કરે છે. તેમના જન્મ-મરણના ફેરા સદા ચાલ્યા કરે છે. જ્યારે મર્યાદા જીવો પ્રભુ પ્રાપ્તિ દ્વારા અને પુષ્ટિ જીવો નિત્યલીલામાં પ્રવેશ દ્વારા ભવના બંધનમાંથી મુકત થાય છે.

મર્યાદા જીવો પણ દૈવી જીવો છે અને પુષ્ટિ જીવો પણ દૈવી જીવો છે પરંતુ મર્યાદા જીવોનો માર્ગ અને તેમને પ્રાપ્ત થતું ફળ, પુષ્ટિજીવોના માર્ગ અને તેમને પ્રાપ્ત થતા ફળ કરતાં જુદાં છે. મર્યાદા જીવો સકામ ભાવે કર્મ કરીને સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. પરંતુ બધાં પુણ્ય કર્મોનો કાળે કરીને ક્ષય થાય છે. તેમનાં પુણ્યોનો ક્ષય થતાં તેમને પુનઃ જન્મ લેવો પડે છે. અને જ્યારે કોઈ એક જન્મમાં તે નિષ્કામભાવે કર્મ કરે ત્યારે તે મુક્તિ પામે છે અને જન્મ-મરણના ફેરામાંથી છુટે છે. પછી સાલોકય, સારૂપ્ય, સાયુજ્ય અને સામીપ્ય મુક્તિમાંથી કોઈ એક પ્રકારની મુક્તિ પામીને તે પ્રભુમય બની જાય છે. પ્રભુ સાથે એકરૂપ બની જાય છે.

પરંતુ પ્રભુ સાથે એકરૂપ બની જવું (મુક્તિ પ્રાપ્ત કરવી) એ પુષ્ટિ

જીવોનું ધ્યેય કે પ્રેય નથી. ભકતરાજ નરસિંહ મહેતાએ ગાયું છે -

**હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે,**
**નિત્ય સેવા, નિત્ય કિર્તન, નિરખવા નંદ કુમાર રે.**

સાચે જ, નરસિંહ મહેતાએ પ્રભુના પરમ ભકતની ભાવનાને શબ્દો વડે સાકાર કરી છે. પુષ્ટિભકત તો પોતાના પ્રભુથી અલગ અસ્તિત્વ ધરાવીને (દેખીતું થોડુંક દ્વૈત અનુભવીને) પ્રભુના સ્વરૂપને નીરખીને, તેનાથી મળતા આનંદને પામવા ચાહે છે. તેમ કરવાથી તેને જે સુખ અને આનંદ મળે છે તે આનંદ કેવો હોય તે જાણો છો ? મારા ગુરુદેવ શ્રી વલ્લભે નિરોધ લક્ષણ ગ્રંથમાં એવા સુખ અને આનંદ (સુખાનંદ) ની પ્રાપ્તિ માટેની જીવની ઝંખના આ રીતે વ્યકત કરી છે -

**ગોકુલે ગોપિકાનાં તુ, સર્વેષાં વ્રજવાસિનામ્ ।**
**યત્ સુખં સમભૂત્ તન્મે ભગવાન કિં વિધાસ્યતિ ।।**

પુષ્ટિ જીવોની આવી ઝંખના હોય છે - વ્રજનાં ગોપગોપીઓ અને વ્રજનાં બધાં નિવાસીઓને કૃષ્ણલીલા નીરખીને જે સુખ અને આનંદ પ્રાપ્ત થતાં હતાં તેવું સુખ અને આનંદ પામવાની તેને ઝંખના છે. મુક્તિ કે મોક્ષ તો તેને માટે અત્યંત ક્ષુલ્લક વસ્તુ છે. તેને તે આપવામાં આવે તો પણ તે તેને લેશે નહીં. પુષ્ટિજીવોને મોક્ષ કે મુક્તિની નહીં પરંતુ આવા સુખ કે આનંદની પ્રાપ્તિની કામના છે. અને તે મેળવીને, તે કૃતાર્થ થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે પુષ્ટિ જીવો પ્રભુના શ્રીઅંગમાંથી ઉત્પન્ન થયેલા હોઈ, ભગવાનનું જેવું આનંદદાયક સ્વરૂપ છે તેવું જ આનંદદાયક સ્વરૂપ પુષ્ટિ જીવોનું છે. તેમ છતાં તે બન્ને ભકત અને ભગવાન વચ્ચે તારતમ્ય (ભેદ) દેખાય છે તે શા માટે ?

ભગવાને જીવસૃષ્ટિ (સર્ગલીલા) ની ઉત્પત્તિ રમણ માટે કરી છે - લીલા કરવા માટે જ કરી છે. તેથી લીલારૂપી નિજ હેતુ સિદ્ધ કરવા માટે જીવમાં આનંદાત્મક ગુણનું ન્યૂનાધિકપણું રાખવું પડે છે. બ્રહ્મનો આનંદ તો સદા માટે પૂર્ણ છે. પરંતુ જીવમાં શરૂઆતમાં તો આનંદ અંશ તિરોહિત થયેલો હોય છે.

પ્રભુ સેવા કરીને, પ્રભુના સ્વરૂપને નીરખીને, કીર્તનાદિ કરીને, ઉત્સવો મનાવીને અથવા પ્રભુના ગુણગાન સાંભળીને, તે પુષ્ટિજીવ પોતાનામાંથી તિરોહીત થયેલ તે આનંદને પુનઃ પોતાનામાં આવિર્ભુત કરી શકે છે. પુષ્ટિ જીવ જેટલા પ્રમાણમાં, પોતાનામાં આનંદ ગુણનો આવિર્ભાવ કરાવી શકે તેટલા પ્રમાણમાં તે પ્રભુ સાથે સમરૂપ બનતો જાય છે. જો પ્રભુ પુષ્ટિ જીવોમાં આનંદ ગુણનું ન્યૂનાધિકપણું (ઓછા-વધતાપણું) ન રાખે તો, ભક્ત અને ભગવાનનો આનંદ સરખો જ રહે અને તેમ છતાં સ્વરૂપાનંદની પ્રાપ્તિનો કશો અર્થ ન રહે. જીવ અને બ્રહ્મ બન્નેનું આનંદાત્મક સ્વરૂપ કરવાની ન રહે.

સાચી વાત એ છે કે જો જીવોમાં વિચિત્રતા એટલે કે ગુણોની ન્યૂનાધિકતા ન હોય તો અને જો બધા જીવો ગુણની દષ્ટિએ પણ સરખા જ હોય (સ્વરૂપની દષ્ટિએ તો સરખા છે જ) તો રમણ-ભગવલ્લીલાનું કાર્ય સંભવી ન શકે. એટલા માટે ભગવાને જીવોમાં પણ ભેદ ઉત્પન્ન કરવા માટે પુષ્ટિ-પ્રવાહ અને મર્યાદા તત્ત્વોની પણ પરસ્પરમાં ભેળસેળ કરી છે. પરિણામે એ કે કેટલાક જીવો શુદ્ધ પુષ્ટિ જીવો હોય છે. પરંતુ મોટા ભાગના જીવો મિશ્ર પુષ્ટિ જીવો હોય છે. મિશ્ર પુષ્ટિમાં એટલે કે પુષ્ટિ સાથે પુષ્ટિ, પુષ્ટિ સાથે પ્રવાહ અને પુષ્ટિ સાથે મર્યાદા તત્ત્વનું મિશ્રણ કરવાથી પુષ્ટિના ત્રણ મિશ્ર પ્રકારો બને છે.

શ્રીવલ્લભના મત પ્રમાણે, જીવોમાં પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા તત્ત્વોની ન્યૂનાધિકતા કે પૂર્ણતા હોવાના કારણે પુષ્ટિ જીવો બે પ્રકારના છે :(૧) શુદ્ધ પુષ્ટિ જીવ અને (૨) મિશ્ર પુષ્ટિ જીવ. મિશ્ર પુષ્ટિ જીવોમાં પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદામાં લક્ષણોનું મિશ્રણ થતાં તેના ત્રણ પેટા પ્રકારો પડે છે - યથા (૧) પુષ્ટિ પુષ્ટિ જીવ (૨) પુષ્ટિ પ્રવાહ જીવ અને (૩) પુષ્ટિ મર્યાદા જીવ. એવું જ મર્યાદા અને પ્રવાહી જીવોનું સમજવું.

ગો. શ્રીકલ્યાણરાયજી મહારાજ અને ગો. શ્રીરઘુનાથજી મહારાજે પણ આવું જ કહ્યું છે. શ્રીકલ્યાણરાયજી મહારાજ કહે છે, **"મિશ્રા અપિ પરસ્પરં ત્રયાણાં મિશ્રણેન, પ્રત્યેકં ત્રિપ્રકારા !"** ત્રણે એકબીજામાં મિશ્ર છે; છતાં પણ સંમિલનમાં ત્રણેયના ત્રણ પ્રકારો છે. (આમ કુલ ૯ પ્રકારો છે.) અને શ્રી

રઘુનાથજી મહારાજ કહે છે, **"મિશ્રણમપિ પ્રત્યેકં ત્રિભિસ્ત્રયાણામ-પીત્યેકૈકસ્ત્રીપ્રકારાઃ ।"** ત્રણેયનું ત્રણ પ્રકારે મિશ્રણ થાય છે તેમ થતાં પ્રત્યેકના ત્રણ પ્રકારો થાય છે. તાત્પર્ય એ કે ત્રણે તત્ત્વોના પરસ્પર સાથેના મિશ્રણથી, ત્રણે પ્રકારના જીવોનાં ત્રણ ત્રણ પ્રકાર બને છે.

આ રીતે શુદ્ધ મિશ્ર જીવો વિષે સમજાવીને પછી આપશ્રી આજ્ઞા કરે છે કે –

(૧) પ્રભુમાં કેવળ પ્રેમ હોય તેવા (પ્રેમ લક્ષણા ભક્તિ કરનાર શુદ્ધ પુષ્ટિ) જીવો અત્યંત દુર્લભ હોય છે. એ જીવો, બ્રહ્માદિકને પણ જેની ચરણરજની પ્રાપ્તિ અતિ દુર્લભ હોય તેવા શ્રેષ્ઠ હોય છે. ગોકુલની ગોપિયો તથા આપણા ગુરુદેવ એ પ્રકારના શુદ્ધ પુષ્ટિ જીવ છે. એવા શુદ્ધ પુષ્ટિ જીવોને પુષ્ટિમાર્ગના ગુરુ તરીકે ગણવામાં આવે છે. ગોપિકાઃ પ્રોકતાઃ ગુરવઃ એવું જાહેર કરવા પાછળ શ્રીમહાપ્રભુજીનો આ ભાવ હોય તેવું સ્પષ્ટ સમજાય છે. અને આચાર્યશ્રી તો પુષ્ટિમાર્ગના જીવોના સર્વમાન્ય ગુરુદેવ છે જ.

(૨) પુષ્ટિમાં પુષ્ટિ મિશ્રિત જીવો સર્વજ્ઞ હોય છે. ભગવાનનું જેવું સ્વરૂપ હોય તેવું તેઓ ઓળખનારા અને ભગવાનનો જેવો અભિપ્રાય હોય તેવા તેને જાણનારા હોય છે.

(૩) પુષ્ટિમાં પ્રવાહ મિશ્રિત જે જીવો હોય છે તે ક્રિયા કરનારા એટલે કે શ્રીભગવાનને લગતાં, પંચરાત્ર આદિ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવાં જે કર્મો કરવાનું કહ્યું છે તે કર્મોના કરનારા હોય છે. તેઓ પ્રભુ સેવા તો કરે છે. પરંતુ તેઓ ન તો પ્રભુના સ્વરૂપને ઓળખે છે, ન તેઓ પ્રભુના ગુણોને જાણે છે. તેઓ ક્રિયાત્મક સેવા (કર્મો) કરે છે. પરંતુ પ્રભુકૃપાથી કયારેક તેમની એવી ક્રિયાત્મક સેવા ફલરૂપ બની જાય છે. કારણ કે તેમનામાં પુષ્ટિ તત્ત્વ તો છે જ – ઓછું કે વધતું.

(૪) પુષ્ટિમાં મર્યાદા મિશ્રિત જે જીવો હોય છે તેવા જીવો ભગવદ્ ગુણોને જાણનારા હોય છે. તેઓ પ્રભુના સ્વરૂપને માણતા નથી. તેઓ તો પ્રભુના ઐશ્વર્યાદિ ગુણોને અવશ્ય જાણે છે. તેથી તે ગુણો તરફ આકર્ષાઈને

તેઓ પ્રભુને પ્રેમ કરે છે. (પ્રભુભક્તિ કરે છે.)

આ રીતે શ્રીમહાપ્રભુજીએ જીવસર્ગ એટલે કે જીવસૃષ્ટિનું નિરૂપણ કર્યું છે. ત્યાર પછી ફલ નિરૂપણ કરતાં આપશ્રી આજ્ઞા કરે છે, **''ભગવાનેવ હિ ફલમ્''** એટલે કે પુષ્ટિજીવોને, નિશ્ચયે કરીને, ભગવાન જ ફલરૂપે મળે છે. તે કેવી રીતે અથવા કેવા સ્વરૂપે ? તો કે – ભગવાન

(૧) નિજ ભકતના હૃદયમાં સ્થાન લે છે.

(૨) નિજ ભકતના ગૃહમાં રમણ કરે છે.

(૩) શ્રીવૃંદાવન આદિ લીલા સ્થળમાં ઐશ્વર્યાદિ ગુણો સહિત પ્રકટ થાય છે.

(૪) નૃસિંહ, વામન , રામ કે કૃષ્ણરૂપે – સ્વરૂપભેદથી પ્રકટ થાય છે.

પુષ્ટિ જીવો અન્ય જીવો કરતાં ઉત્તમ હોવા છતાં, ભગવાન પુષ્ટિ જીવોને ભૂતલ ઉપર શા માટે અને કેવી રીતે મોકલે છે, તે સમજાવતા આપશ્રી આજ્ઞા કરે છે –

(૧) નલકુબેર અને મણિગ્રીવની માફક, પુષ્ટિજીવને જો અન્યમાં આસક્તિ હોય તો તે છોડાવવા માટે

(૨) ચિત્રકેતુ અને પરીક્ષિતની માફક, પુષ્ટિ જીવને જો અહંકાર થાય તો તેમાંથી મુકત કરવા માટે,

(૩) પુષ્ટિજીવને જો આસક્તિ ન હોય અને અહંકાર પણ ન હોય, પરંતુ રાજા ઈન્દ્રદ્યુમ્ને મર્યાદાનું ઉલ્લંઘન કર્યું તેથી તેમને ભૂતલ ઉપર મોકલીને તે દ્વારા લોકમર્યાદાનું સ્થાપન કરવા માટે.

(૪) લોક સંગ્રહને માટે – શિષ્ટ લોક જે કરે તેનું અનુસરણ અન્ય લોક કરે છે એ ન્યાયે લોકોનું કલ્યાણ કરવા માટે,

(૫) તન્માર્ગ સ્થાપનાય હિ – જે તે માર્ગ સ્થાપવા માટે.

આમાંથી કોઈપણ હેતુ માટે, ભગવાન જે તે પુષ્ટિજીવને કાંતો કોઈ દ્વારા શાપ અપાવીને અથવા પોતે તેને આજ્ઞા કરીને ભૂતલ ઉપર પ્રકટાવે છે.

શ્રીમહાપ્રભુજી જેવા શુદ્ધ પુષ્ટિજીવને જન્મ મરણ ન જ હોય. તેમનો આવિર્ભાવ થાય અને તેઓ તિરોહિત થાય. એવા શુદ્ધ પુષ્ટિ જીવને પણ લોક

કલ્યાણ અર્થે (દૈવી જીવોના ઉદ્ધાર અર્થે અને ભગવાનના ગૂઢ અર્થના પ્રકાશન અર્થે) પ્રભુની આજ્ઞાથી નિત્ય લીલામાંથી ભૂતલ ઉપર પધારવું પડયું હતું. ભૂતલ ઉપર પધારી આપશ્રીએ પુષ્ટિમાર્ગનું પ્રવર્તન કર્યું અને તન્માર્ગ સ્થાપનાય હિ એ હેતુને ચરિતાર્થ કર્યો. અલબત્ત દૈવી જીવોના ઉદ્ધારનું કામ તો કર્યું જ છે.

ભગવાન જ્યારે નિજ ભક્તોને આ રીતે શાપ આપીને અથવા આજ્ઞા કરીને (શ્રીવલ્લભને આજ્ઞા કરીને મોકલ્યા હતા) અથવા અન્ય કોઈ કારણે ભૂતલ ઉપર મોકલે છે ત્યારે તે પ્રભુનો પ્રિય ભક્ત જ બને છે. તેથી જે હેતુથી તે ભૂતલ ઉપર પ્રકટ થયો તે પૂર્ણ થતાં તે પુનઃ નિત્ય લીલામાં પ્રવેશ પામે છે. ભૂતલ ઉપર આવીને તેવા પુષ્ટિ જીવોને સાંસારિક આસક્તિ થતી નથી. અથવા એમ કહો કે તેઓ ભગવાનની માયામાં બિલકુલ ફસાતા નથી. વળી તેઓ વેદબ્રાહ્મ કર્મો કરનાર પાખંડી નથી બનતા કે રોગો અથવા ઉપદ્રવનો ભોગ પણ નથી બનતા. એવા પુષ્ટિ ભક્તો બહુ મોટા મહિમાવાળા બને છે. કારણ કે સામાન્ય રીતે તો ભગવાન તેમને અન્યાસક્તિ મટાડવા માટે શાપ અપાવીને ભૂતલ ઉપર મોકલ્યા હોય છે. તેથી તેઓ આસક્તિ રહિત બનીને અંતે પુનઃ ભગવદ્ પ્રાપ્તિ કરી લે છે. તેમનો અન્યાસક્તિનો દોષ મટી જતાં તેમને ભગવદાસક્તિ દઢપણે થાય છે. તેથી તેઓ પવિત્ર આત્મા બનીને પ્રભુલીલામાં તત્પર બની રહે છે.

એવા ભગવદ્ ભક્તોમાં વેદોકત કર્મ કરવાપણું કે લૌકિક વ્યવહાર કરવાપણું જો દેખાય તો, તે કેવળ લોકસંગ્રહને કારણે જ હોય છે. તેમને લૌકિક વૈદિકમાં આસક્તિ હોતી નથી. છતાં તેઓ લૌકિક-વૈદિક કાર્યો કરે છે; તે માત્ર દેખાડવા માટે જ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -

**વૈદિકત્વં લૌકિકત્ત્વં કાપટયાત્તેષુ નાન્યથા ।**

એટલે કે તેઓ દ્વારા કરાયેલ લૌકિક-વૈદિક કાર્યો, કપટથી (કાપટયાત) એટલે કે લોકોને દેખાડવા માટે જ અથવા લોકસંગ્રહને માટે જ કરવામાં આવે છે. શ્રીકલ્યાણરાયજી આજ્ઞા કરે છે કે ઉત્તમ ભગવદ્ ભક્તો વૈદિક કર્મો અને લૌકિક વ્યવહાર કરે છે. પરંતુ તે એવી રીતે કે જેમ અજ્ઞાની લોકો કર્મમાં આસક્તિ રાખીને કર્મ કરે છે તેવી રીતે તેઓ કર્મ કરતા નથી, પરંતુ જેમ જ્ઞાની લોકો અનાસકત ભાવે કર્મ કરે છે તે રીતે, કેવળ લોકકલ્યાણ માટે કર્મ કરે છે.

તેઓ લૌકિક-વૈદિક કર્મો કરે છે તે જોઈને બીજાઓને એમ લાગે કે એવાં કાર્યો કરવામાં તેમની આસક્તિ છે. પરંતુ વાસ્તવમાં તેમ નથી. તેઓ તો લોકોમાં નિંદા ન થાય અને નિંદા થાય તો ચિત્ત અસ્વસ્થ બનતા કદાચ પ્રભુસેવા કરતા ચિત્તને ક્ષોભ થાય તેવા ભયે, કપટપૂર્ણ વ્યવહાર કરે છે. તેમનાં બધાં લૌકિક વૈદિક કાર્યો અને વ્યવહારો એવી રીતે કેવળ કપટપૂર્ણ અથવા લોકસંગ્રહ માટે થતા હોય છે.

યાદ રાખો અને ભુલશો નહીં કે એવા પુષ્ટિ ભક્તોમાં વૈષ્ણવત્વ તો નિશ્ચયે કરીને હોય છે.

**વૈષ્ણવત્વં હિ સહજં, તતોઽન્યત્ર વિપર્યયઃ ।**

ગ્રંથના અંતે શ્રીમહાપ્રભુજીએ ચર્ષણી એટલે કે ભટકતા જીવોનો ઉલ્લેખ કર્યો છે. આપશ્રી કહે છે કે આ ત્રણે માર્ગ (પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા) સાથેના થોડા ઘણા સંબંધવાળા જે જીવો હોય છે અને અધિકતર પ્રવાહ માર્ગમાં રહેલા બીજા કેટલાક જીવો ચર્ષણી નામથી ઓળખાય છે.

એવા જીવો (ચર્ષણી) બધા માર્ગોમાં રહેલા જીવોના સંગને થોડાક સમય માટે પામે છે. પરંતુ તેમને કોઈના પણ સંગમાં રુચિ, પ્રીતિ કે સ્નેહ થતો નથી. તેથી તેઓ બધા માર્ગોમાં ભટકયા કરે છે. ભટકવું એ તેમનું શીલ છે તેથી તેઓ ચર્ષણી કહેવાય છે. એવા લોકોને, તેઓ જે જે માર્ગમાં જેટલો સમય રહ્યા હોય અને જે જે માર્ગાનુસાર જે જે કર્મો કર્યા હોય, તદનુસાર ખંડિત કર્મફલ પ્રાપ્ત થાય છે.

ગ્રંથના અંતે આપશ્રી પ્રવાહ માર્ગના જીવોના સ્વરૂપ, અંગ અને ક્રિયા અંગે નિરૂપણ કરવાની પોતાની તત્પરતા બતાવે છે. તેથી તે વિષે આપે કશુંક નિરૂપણ જરૂર કર્યું હશે. પરંતુ જે કાંઈ કહ્યું હશે તે અત્યારે અપ્રાપ્ય છે. અને તેથી તે વિસ્મૃતિની ગતીમાં ધકેલાઈ ગયું છે. તેમાંથી માત્ર આટલું જ બાકી રહ્યું છે -

આપશ્રીએ કહ્યું કે - "સ્વરૂપ, અંગ અને ક્રિયાથી યુકત એવા પ્રવાહમાં રહેલા જીવોને (પ્રવાહી જીવોને) પ્રકર્ષે કરીને અર્થાત સારી રીતે કહું છું-

**પ્રવૃત્તિ ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ ।**
**ન શૌચં નાપિ ચાચારો, ન સત્યં તેષુ વિદ્યતે ।।**

અર્થાત્ આસુરી જીવો ધર્મમાં પ્રવૃત્તિ કરવી અને અધર્મમાંથી નિવૃત્તિ કરવી એવું જાણતા નથી. તેથી તેઓમાં પવિત્રતા, આચાર કે સત્ય હોતા નથી. અર્થાત્ તેઓ સદા અધર્મનું આચરણ કરે છે અને અધર્મનું આચરણ કરવાથી તેમની યાંત્યધર્માં ગતિ - અધર્મમાં જ ગતિ થાય છે. તેવા જીવો નિશ્ચયે કરીને આસુરી જીવો છે.

એવા આસુરી જીવોમાં પણ અજ્ઞ અને દુર્જ્ઞ એવા ભેદથી બે પ્રકાર છે- (૧) દુર્જ્ઞ એટલે એવા જીવો જે ધર્મમાં પ્રવૃત્ત થતા નથી અને અધર્મમાંથી નિવૃત્તિ પામતા નથી. અર્થાત્ તેમની બધી પ્રવૃત્તિ અધર્મમાં જ હોય છે. અને (૨) અજ્ઞ એટલે એવા જીવો જેઓ દુર્જ્ઞ જીવોને અનુસરીને ચાલે છે.

અને પછી આપશ્રી એક બહુ અગત્યની વાત કહે છે - અને તે એ કે યદ્યપિ બલિ અને પ્રહલાદ જેવા પુષ્ટિના જીવો પ્રવાહમાં આવ્યા (દૈત્યકુલમાં જનમ્યા) તો પણ તેમણે આસુર ધર્મોને ગ્રહણ કર્યા નથી. તેવી જ રીતે આસુરી જીવો (પ્રવાહના જીવો) પણ જો કદાપિ પુષ્ટિમાં આવી પડે (ઉત્તમ કુળમાં જન્મે) તો તેઓ પુષ્ટિના ધર્મોને ગ્રહણ કરતા નથી.

જો તેમ છે તો પછી પુષ્ટિજીવને આસુરી પ્રવાહમાં જન્મ શા માટે મળે છે ? તેનો ખુલાસો કરતાં શ્રીવલ્લભે કહ્યું છે - ''કર્મણા'' એટલે કે તેમણે કરેલાં કર્મોને કારણે. જીવ હોય પુષ્ટિનો પરંતુ કયારેક ભગવદ્ અપરાધ કરે અથવા વેદ-નિંદા કરે અથવા તેનાથી અધર્મનું આચરણ થઈ જાય તો તેને આસુરી યોનિમાં જન્મ મળે. (જય-વિજયને મળ્યો હતો) પરંતુ તેઓ પુષ્ટિના જીવ હોઈને, પ્રભુ તેનાં બધાં આસુરી કર્મોનું નિવારણ કરીને, તેને પુષ્ટિ ભક્તિનું ફળ આપે છે. બલિ, પ્રહલાદ એ વાતનાં ઉત્તમ દષ્ટાંત છે. અને અહીંથી ગ્રંથ અધુરો છે -

ઈતિ ઊર્ધ્વ ગ્રંથ ત્રુટિ ।

**- જયશ્રીકૃષ્ણ**

# ૫. સિદ્ધાંતરહસ્યમ્

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહા-નિશિ ।।
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ।।૧।।
બ્રહ્મ-સમ્બન્ધ-કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ ।।
સર્વ-દોષ-નિવૃત્તિર્ હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ।।૨।।
સહજા દેશ-કાલોત્થાઃ લોક-વેદ-નિરૂપિતાઃ ।।
સંયોગજાઃ સ્પર્શજાશ્ ચ ન મન્તવ્યાઃ કથંચન ।।૩।।
અસમર્પિત-વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ ।।૪।।
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ ।।
ન મતં દેવદેવસ્ય સામિભુક્ત-સમર્પણમ્ ।।૫।।
તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્ ।।
દત્તાપહાર-વચનં તથા ચ સકલં હરેઃ ।।૬।।
ન ગ્રાહ્યમ્ ઈતિ વાક્યં હિ ભિન્ન-માર્ગ-પરં મતમ્ ।।
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ ।।૭।।
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।।
ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિ-વર્ણના ।।૮।।
ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ ।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં સિદ્ધાન્તરહસ્યમ્ સમાપ્તમ્ ।।

***

ષોડશ ગ્રંથોમાં પહેલો, પાંચમો અને સાતમો આ ત્રણે ગ્રંથોનું વિશેષ પ્રદાન છે. પહેલો ગ્રંથ છે યમુનાષ્ટકમ્; તે સ્તુતિ ગ્રંથ છે. પાંચમો ગ્રંથ છે સિદ્ધાંત રહસ્ય; તે શ્રુતિ ગ્રંથ છે (શ્રુતિ નહીં) અને સાતમો ગ્રંથ છે અંતઃકરણ પ્રબોધ; તે આત્મચિંતનનો ગ્રંથ છે. બાકીના તેર ગ્રંથોમાં શ્રીઆચાર્યચરણે સ્વમાર્ગના સિદ્ધાંતો સમજાવ્યા છે; તેમાનાં મોટા ભાગના ગ્રંથો નિજ સેવકો ઉપર કૃપા કરીને તેમને બોધ આપવા રચ્યા છે અને નિજ સેવકોના મિષે જગતના બધા જીવોને પ્રબોધ્યા છે.

ઉપર્યુકત ત્રણ ગ્રંથોમાં પણ 'સિદ્ધાંત રહસ્ય' નું સ્થાન ઘણું ઊંચું છે. કારણ કે તે શ્રુતિ ગ્રંથ છે. શ્રુતવા એટલે સાંભળવું. પરબ્રહ્મ પરમાત્માએ સ્વમુખે ઉચ્ચારેલ વાણી આપણા ઋષિમુનિઓએ સાંભળી અને તેને વેદો રૂપે જગત સમક્ષ મુકી. કુરુક્ષેત્રના મેદાનમાં, રણભેરીઓ અને રણગર્જનાઓ વચ્ચે, ધીરગંભીર વાણીમાં, અર્જુનના રથના સારથી, યોગેશ્વર કૃષ્ણે, વિષાદથી ઘેરાયેલા નિજ સખા અર્જુનને આત્મતત્ત્વનું તથા 'કર્મ', 'જ્ઞાન' અને 'ભક્તિ' યોગનું જ્ઞાન આપ્યું. અર્જુને તે સાંભળ્યું. ભગવાનની એ વાણી વ્યાસજીએ પણ સાંભળી અને તેને શ્રીમદ્ ભગવદ્ ગીતા (એટલે કે શ્રીભગવાનનું ગીત) એ રૂપે જગત સમક્ષ મુકી.

બરાબર આ જ રીતે, પોતાના દ્વિતીય ભારત પરિભ્રમણ દરમ્યાન, વિ.સં.૧૫૪૯ માં, પોતાની ૧૪ વર્ષની વયે, કલિયુગના 'એક મેવમ્ અદ્વિતીયમ્' એવા મહર્ષિ વલ્લભે ગોકુલમાં યમુના કિનારે, સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રના શ્રીમુખે જે વાણી સાંભળી, તે આપશ્રીએ 'સિદ્ધાંત રહસ્ય' નામક ગ્રંથમાં અક્ષરશઃ કહી સંભળાવી છે.

શ્રીવલ્લભે, શ્રીકૃષ્ણના શ્રીમુખે એ વાણી સાંભળી અને તેને ગ્રંથરૂપે સંગ્રહી, તેથી તે શ્રુતિ ગ્રંથ કહેવાય; શ્રુતિ ન કહેવાય. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે એ ગ્રંથનું મહત્ત્વ શ્રીમદ્ ભગવદ્ ગીતા કરતાં ઓછું નથી. એટલા માટે તો એ લઘુ ગ્રંથ જેના એક ઘટક તરીકે છે એવા શ્રીવલ્લભ રચિત ષોડશ ગ્રંથોને પુષ્ટિગીતા અથવા વલ્લભ-ગીતા નામથી ઓળખવામાં આવે તો તે સર્વથા ઉચિત છે.

કેવી રીતે અને કેવા સંજોગોમાં શ્રીઆચાર્યચરણે ભગવાનની એ વાણી સાંભળી તે જાણવાનું બધા વલ્લભી વૈષ્ણવોને જરૂર ગમશે. પોતાના સાચા સ્વરૂપને ભૂલીને ભૂતલ ઉપર ભટકતા અનેક દૈવી જીવોના ઉદ્ધાર માટે, નિજ સ્વામીની આજ્ઞાથી, શ્રીવલ્લભ ભૂતલ ઉપર પ્રકટયા. **"દેવોદ્ધાર પ્રયત્નાત્મા"** એવું નામ જેમને શ્રીગુસાંઈજી દ્વારા આપવામાં આવ્યું છે તેવા શ્રીવલ્લભે, ભૂતલ ઉપર પ્રકટ થઈને, ત્રણ વાર ભારત પરિભ્રમણ કર્યું. પોતાના એ પરિભ્રમણો દરમ્યાન આપશ્રીએ જોયું કે આ પૃથ્વી ઉપર અસંખ્ય દૈવી

જીવો, પંચવિધ દોષોથી ગ્રસ્ત બનીને ભટકે છે. પરમ કૃપાળુ શ્રીવલ્લભ તેમના ઉદ્ધારનો માર્ગ વિચારવા લાગ્યા. એ માર્ગની શોધમાં ફરતા ફરતા, આપશ્રી શ્રીગોકુળમાં, યમુના તટે આવી પહોંચ્યા અને ગોવિંદઘાટ ઉપર મુકામ કર્યો.

એ પરમ પવિત્ર દિવસ હતો શ્રાવણ સુદ અગીયારસનો. શ્રીવલ્લભ વિચારમાં વ્યસ્ત હતા; તેમનું મન વ્યગ્ર હતું. પોતાનો પ્રાદુર્ભાવ હતો દૈવી જીવોના ઉદ્ધાર માટે; દૈવી જીવો તો અનેક હતા. પરંતુ અવિદ્યાને કારણે, પોતાના સાચા સ્વરૂપને ભૂલીને તેઓ ભૂતલ ઉપર ભટકતા હતા. વળી સ્વભાવતઃ તેઓ દુષ્ટ એટલે કે દોષોથી ભરેલા હતા. તેમનો ઉદ્ધાર ત્યારે જ થાય જ્યારે તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય; એટલે કે જ્યારે તેમનો સંબંધ તેમના અંશી એવા પરબ્રહ્મ પરમાત્મા સાથે જોડી આપવામાં આવે ત્યારે પરંતુ એ પરબ્રહ્મ પરમાત્મા તો નિર્દોષ છે અને જીવ સ્વભાવથી સદોષ છે. સદોષ-નિર્દોષનો મેળ કેવી રીતે મળે ? નિર્દોષ બ્રહ્મ સદોષ જીવનો અંગીકાર કેવી રીતે કરે ?

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને થયેલ વિષાદ કરતાં, શ્રીવલ્લભને થયેલ આ વિષાદ ઓછો ન હતો. અને અર્જુનને થયેલ વિષાદ તો મોહજનિત, પોતાના આત્મકલ્યાણ અર્થેનો હતો. જ્યારે શ્રીવલ્લભને થયેલ આ વિષાદ, બ્રહ્મની આજ્ઞાનું પાલન કરવામાં હજુ સુધી પોતે સફળ થયા ન હોવાને કારણે, અન્ય જીવોના કલ્યાને અર્થે થયેલ હતો. અર્જુન જો કૃષ્ણસખા હતો તો શ્રીવલ્લભ શ્રીકૃષ્ણની સખી (સ્વામિની) સ્વરૂપે હતા. પોતાના સખા કે સખીને થયેલ ચિંતા, ઉદ્વેગ કે વિષાદ ભગવાન શ્રીકૃષ્ણનું આસન ડોલાવી દે તેમાં શી નવાઈ ! ભગવાન દોડયા; આવ્યા યમુના તટે; ગોવિંદ ઘાટે; મધ્યરાત્રીએ; ગોકુલચંદ્રમાજી રૂપે તેઓ પ્રકટ થયા. કેવું હતું તેમનું એ સ્વરૂપ ?

શ્રીમહાપ્રભુજીએ તેમના એ સ્વરૂપનું તાદશ્ય વર્ણન કર્યું છે. શ્રીવલ્લભ એટલે શ્રીકૃષ્ણનું મુખારવિંદ (કૃષ્ણાસ્યમ્) આપશ્રીએ તરત જ ‘મધુરાષ્ટકમ્’ રચીને, તે દ્વારા, શ્રીગોકુલચંદ્રમાજીના મધુર સ્વરૂપ અથવા તો મધુરા કહેતાં શ્રીરાધારાણીના સ્વામી (મધુરાધિપતે) ના અલૌકિક સ્વરૂપનું વર્ણન કર્યું. મધુરાષ્ટકમ્માં આપશ્રીએ શ્રીકૃષ્ણની ચતુર્વિદ માધુરી-રૂપ માધુરી, ગુણ માધુરી,

મુરલી માધુરી અને લીલા માધુરીનું વર્ણન કર્યું છે.

આમ, રસેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થયા. તેમણે કહ્યું, ''પ્રિય વલ્લભ ! આ વિષાદ શા માટે ? મારી આજ્ઞાથી તમો પ્રકટયા છો. તમે પોતે દૈવી જીવોનો ઉધ્ધાર કરવા સમર્થ છો. જીવો સદોષ છે ને ? તેની ફિકર ન કરો. હું સર્વથા નિર્દોષ છું ને ! તેથી દ્વિધા અનુભવવાની જરૂર નથી. જો તમે તેવા સદોષ જીવોનો હાથ પકડીને મારા હાથમાં તે મુકશો તો હું તેમનો અંગીકાર કરીશ. અને એક વાર પકડેલો તેમનો હાથ હું કદી છોડીશ નહીં; હું તે જીવને અવશ્ય અપનાવી લઈશ. એ માટે હું તમને એક મહામંત્ર આપું છું. તે મંત્ર દ્વારા આત્મનિવેદન કરીને તે સદોષ જીવ નિર્દોષ બની જશે. એ જીવનો હાથ તમે મને આપશો એટલે એ જીવનો સંબંધ મારી સાથે જોડાઈ જશે. પંચવિધ દોષોમાંથી તે મુકત થશે. એટલું જ નહીં, મારી સાથે સંબંધ (બ્રહ્મસંબંધ) થયા પછી પણ, પોતે કરેલ સમર્પણની એ ભાવના અનુસાર, જો તે જીવ પ્રત્યેક વસ્તુ મને સમર્પીને, દાસભાવે તેનો ઉપયોગ કરશે તો તે જીવ મારી સાથે રમણ કરવા માટે યોગ્ય બની જશે.

ભગવાન કૃષ્ણના શ્રીમુખે આ શબ્દો સાંભળીને શ્રીવલ્લભને અત્યંત આનંદ થયો. સુતરના ૩૬૦ તારને કેસરમાં રંગીને સિધ્ધ કરી રાખેલ પવિત્રુ આપે શ્રીકંઠમાં પહેરાવ્યું અને મધુરાષ્ટક દ્વારા તેમની રૂપ માધુરીનો રસાસ્વાદ અનુભવ્યો.

આ રીતે ભગવાન, શ્રીગોકુલચંદ્રમાજી રૂપે પ્રકટ થયા અને શ્રીવલ્લભની ચિંતા દૂર કરી. શ્રીવલ્લભે શ્રીમુખની વાણી સાંભળી અને સિધ્ધાંત રહસ્યમાં તે અક્ષરસઃ રજૂ કરી. ભગવાનના મુખારવિંદમાથી પ્રકટેલ એ નિગૂઢ રહસ્યને આચાર્યશ્રીએ ગ્રંથસ્થ કર્યું તે ગ્રંથ ''સિધ્ધાંત રહસ્ય'' નામે ઓળખાય છે. સિધ્ધાંત રહસ્યમાં જે રહસ્ય શ્રીમુખે પ્રકટ થયું છે તેનો ટૂંકસાર આ પ્રમાણે છે :

બ્રહ્મસંબંધ એટલે રસાત્મક પ્રભુ શ્રીગોકુલેશ્વર સાથે નિત્ય સંબંધ. એ સંબંધ થતાં, સર્વના (સર્વ વૈષ્ણવોના) દેહ અને જીવ બન્નેના સત્ત્વ દોષ નિવૃત્ત થાય છે. દોષ પાંચ પ્રકારના (પંચવિધ) છે; (૧) સહજ, (૨) દેશકાલોત્થ,

(૩) લોકવેદ નિરૂપિત, (૪) સંયોગજ અને (૫) સ્પર્શજ.

આ પંચવિધ દોષોની નિવૃત્તિ બ્રહ્મસંબંધથી જ થાય છે; અન્ય કોઈ રીતે નથી થતી. કારણ કે નિર્દોષ પૂર્ણગુણ એવા પ્રભુ સાથે સંબંધ થતાં, દોષ રહી શકે નહીં. આ રીતે દોષની નિવૃત્તિ થયા પછી, પુનઃ દોષ સ્પર્શ ન કરે તે માટેનો ઉત્તમ માર્ગ એ છે કે નિવેદિત જીવે, પ્રભુ સાથેનો પોતાનો સેવક-સેવ્ય સંબંધ વિચારીને, પોતાના સેવ્ય ભગવાન શ્રીકૃષ્ણને સમર્પ્યા વિના કોઈપણ વસ્તુ (પદાર્થ) પોતાના ઉપયોગમાં ન લેવો.

પ્રભુને સમર્પેલી વસ્તુ, સમર્પણ કરનારને માટે અગ્રાહ્ય બની જાય છે. એવું જે મંતવ્ય છે તે અન્ય માર્ગ-પૂજા માર્ગ અથવા જ્ઞાનમાર્ગ કે મર્યાદામાર્ગનું છે. પુષ્ટિમાર્ગનું એ મંતવ્ય નથી. પ્રભુને સમર્પેલું જ લેવું એટલે કે અસમર્પિત કદી ન લેવું એ સ્વામી-સેવકના વ્યવહારનું સૂચક છે. સેવકે પોતાના સ્વામીની પ્રસાદી વડે પોતાનો નિર્વાહ કરવો એ આ લોકનો પણ વ્યવહાર છે. તેથી બધુ સમર્પવું અને પછી સ્વામીની પ્રસાદી રૂપે તે લેવું.

પ્રભુને સમર્પેલી બધી વસ્તુઓમાં બ્રહ્મત્વ આવે છે. જેમ ગટર અને ખાળ આદિના અશૂચિ જળ, ગંગામાં લય પામી જાય ત્યારે તેનામાં ગંગાત્વ આવે અને પવિત્ર બને છે એટલે કે અપવિત્ર જળના બધા દોષો નાશ પામે છે તેવું જ પ્રભુને સમર્પિત વસ્તુનું સમજવું. એટલે કે બધી સમર્પિત વસ્તુ બ્રહ્મત્વ પામે છે. તેના બધા દોષો નાશ પામે છે.

દોષનિવારક એવી એ ગંગાજી પ્રભુના ચરણના એક અંગૂઠામાંથી ઉદ્‌ભવી છે. તેથી તે પતિત પાવની બની છે. જો તેમ હોય તો અને તેમ છે જ તો પછી સાક્ષાત્ પ્રભુ સાથે જેનો સીધો સંબંધ થાય તેવા જીવ, વસ્તુ કે પદાર્થના બધા દોષોની નિવૃત્તિ થાય તેમાં કોઈ સંશય નથી.

શ્રીમહાપ્રભુજીને થયેલ મંત્રોપદેશ કોઈ જીવ દ્વારા થયો નથી. પરંતુ સ્વયં પ્રભુએ સાક્ષાત્ પ્રકટ થઈને એ મંત્રોપદેશ શ્રીમુખે કરાવ્યો છે, એવું શ્રીમહાપ્રભુજી અસંદિગ્ધ રીતે કહે છે. ભગવદ્ ઉપદેશ અન્ય પ્રકારે પણ થઈ શકે છે- યથા, (૧) પોતાના સેવક દ્વારા કરાવવામાં આવે (૨) સ્વપ્ન દ્વારા કે

(૩) આકાશવાણી દ્વારા કરાવવામાં આવે. પરંતુ આ મંત્રોપદેશ, એ ત્રણમાંથી કોઈપણ રીતે કરાવવામાં આવ્યો નથી. એ મંત્રોપદેશ તો સાક્ષાત્ ભગવદાપ્રોકત છે.

અને ભગવાનના મુખારવિંદ રૂપ શ્રીવલ્લભ છે. તેમને કોઈ જીવ આવીને મંત્રોપદેશ કરાવે એવો વિચાર જ નિરર્થક છે. અને તેમાં પણ આવો ગૂઢ રહસ્યવાળો મંત્ર, કોઈપણ જીવ, ચાહે એવો મહાન હોય તો પણ બીજાને આપવાની શકિત ધરાવે એવું કદાપિ ન માની શકાય. આવો ગૂઢ રહસ્યમય મંત્ર તો સાક્ષાત્ ભગવાન જ કોઈને આપી શકે અને શ્રીવલ્લભ એવું જ કહે છે. આપશ્રી કહે છે કે સાક્ષાત્ ભગવાને પોતે તેમને એ મંત્રનો ઉપદેશ કર્યો છે અને શ્રીવલ્લભના શબ્દોમાં અવિશ્વાસ ન કરી શકાય.

શ્રીવલ્લભે જીવને કરેલ સર્વોત્તમ દેન (દાન કહો તો ચાલશે) બે રૂપે પ્રતિત થાય છે. (૧) બ્રહ્મસંબંધનો એટલે કે આત્મનિવેદનનો ભાવ અને (૨) સિધ્ધાંત રહસ્ય એટલે કે જીવ દ્વારા બ્રહ્મને જ સર્વ વસ્તુનું સમર્પણ કરવાનું છે એ હકીકતનો સ્વીકાર. શ્રીવલ્લભે નિજ સેવકોને આપેલી એ સર્વોત્તમ ભેટ છે.

પરંતુ આજથી સાઠ-સિત્તેર વર્ષ પહેલાં, આપણા પુષ્ટિ સંપ્રદાયના કેટલાક દ્વેષીઓએ, એ બન્ને ઉત્તમ ભાવોના મર્મને મારી મચડીને, તેજોદ્વેષથી પ્રેરાઈને, વિકૃત રીતે સમજાવ્યો હતો. તેમણે એ બન્ને ભાવો ઉપર ભારે દોષારોપણ કર્યું હતું. અને તે પણ ગતીય (ગંદી) ભાષામાં. એટલે કે શિષ્ટ વ્યક્તિઓને ન છાજે એવી ભાષામાં દોષારોપણ કર્યું હતું. તેમણે ગદ્યમંત્રમાં વિપરિત અને અનૈતિક ભાવો હોવાનો આરોપ કર્યો છે. એ મંત્રમાં દુષિત પાઠભેદો મૂકયા છે. તેમ કરીને તેમણે પુષ્ટિ સંપ્રદાયની ભારે બદનામી કરી હતી. સહેજ સારો કહેવાય એવા એક આરોપનું દષ્ટાંત નીચે પ્રમાણે છે - તેઓ કહે છે,

શ્રીકૃષ્ણના દેહાંત થયે પાંચ હજાર વર્ષ વીતી ગયા છે. તે સમયના કૃષ્ણ, અત્યારના શ્રીવલ્લભને શ્રાવણ માસની અર્ધરાત્રીએ કેવી રીતે મળ્યા?

કેવો બાલિશ પ્રશ્ન છે આ ? એનો જવાબ એ છે કે જે પરબ્રહ્મ

પરમાત્મા છે એવા કૃષ્ણનો દેહ શું લૌકિક હોય ખરો ? અને જે અનાદિ અનંત છે એવા કૃષ્ણનો અંત (દેહાંત) થઈ શકે ?

આવા આક્ષેપો કરનારાઓ કોઈ સામાન્ય માણસો નથી. તેઓ શ્રુતિને તો માને જ છે. પરંતુ એ શ્રુતિ પોતે કૃષ્ણ વિષે શું કહે છે તે જાણવા તરફ આખં આડા કાન કરે છે. શ્રુતિ કહે છે, **''કૃષિર્ભૂવાચક શબ્દોણશ્ચ નિવૃત્તિર્વાચક ।''** અને ગીતાજીમાં યોગેશ્વર કૃષ્ણ કહે છે, **''જન્મ કર્મ ચ મે દિવ્યં''** તેઓ એમ પણ કહે છે, **અવજાનન્તિમાં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્** –એટલે કે મારા ઉત્કૃષ્ટ ભાવને નહીં જાણનાર મૂઢ લોકો મને મનુષ્ય શરીર ધારણ કરનાર સમજે છે. વેદને જાણવાનો અને માનવાનો દાવો કરનાર ટીકાકારો જો ગીતાજીમાં આ કથનોથી અજાણ હોય તો તેમને મહામૂઢ અને અજ્ઞાની જ સમજવા પડે ને ! અને સમગ્ર વેદ જેને માન્ય છે એવા એ દોષદષ્ટિવાળા અલ્પજ્ઞ જીવોએ શું વેદની આ શ્રુતિ જોઈ નથી ? – **''આનંદરૂપમ અમૃતં''** અર્થાત્ બ્રહ્મ (શ્રીકૃષ્ણ) આનંદમય અને અમૃતમય છે. આમાં સ્પષ્ટપણે શ્રીકૃષ્ણની સાકાર આનંદમયતાનો ઉલ્લેખ છે.

એવા આનંદમય પ્રભુના દર્શન શું ન કરી શકાય ? શ્રીવલ્લભે કરેલ પ્રભુ દર્શનને નિરર્થક ઠરાવનારને એ દ્વેષીઓ એવું તો કહે છે કે યોગીઓ યોગ દ્વારા બ્રહ્મનું દર્શન કરે છે. જો યોગીઓને દર્શન થાય તો ભકતોને શા માટે ન થાય ?

અને વેદ તો કહે છે, **''નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન એજ્યયા''** – એટલે કે વેદથી, તપથી, દાનથી, યજ્ઞથી જોવાને હું શકય નથી. હું પોતે જેનું વરણ કરું તેને હું પ્રાપ્ત થાઉં છું. અને એમ પણ કહ્યું છે કે **''ભકત્યા ત્વનન્ય યા શકયઃ''** અર્થાત્ અનન્ય ભક્તિથી હું જોવાવા શકય છું. વેદ ના આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે ''અનન્ય ભકતને પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થઈ શકે છે.''

અને એ સંપ્રદાય દ્વેષીઓએ ગતીય ભાષામાં કરેલ દોષારોપણનું પણ એક દષ્ટાંત જોઈ લઈએ. તેઓ લખે છે, ''જે (કોઈ) ગુસાંઈઓનો ચેલો થાય

છે અને તેને સર્વ પદાર્થનું સમર્પણ કરે છે, તેના સર્વ દોષોની નિવૃત્તિ થઈ જાય છે.'' સિદ્ધાંત રહસ્યમાં તો કહ્યું છે કે, **''બ્રહ્મસંબંધ કરણાત સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિ હિં ।''** પુષ્ટિ સંપ્રદાયના એ દ્વેષીઓ આ વાકયનો સામાન્ય અર્થ પણ સમજતા હોય તેમ લાગતું નથી. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે (''નિર્દોષ પૂર્ણ ગુણયુકત'') એવા બ્રહ્મનો સંબંધ થવાથી સર્વેના દેહ અને જીવના બધા દોષો નિવૃત્ત થાય છે. આમાં ગોસાંઈના ચેલા થવાની અને તેમને બધુ સમર્પવાની વાત કયાં આવી છે તે તેઓ બતાવે.

અને જીવે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પવાની આજ્ઞા તો ગીતાજીમાં, સ્વયં પ્રભુએ જ કરી છે -

**યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।**
**યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ।। (૯ ।૨૭)**

**અર્થાત્,** તું જે કરે, જે ભોગવે, જે હોમે, જે આપે, જે તપ કરે તે બધુ હે કૌન્તેય, તું મને અર્પણ કરી દે.' સિદ્ધાંત રહસ્યમાં એ પ્રમાણે જ પોતાનું બધુ પ્રભુને સમર્પણ કરવાની પ્રતિજ્ઞા છે. તેમાં કશું ગુસાંઈજીઓને કે સ્વયં વલ્લભને પણ સમર્પવાનું કહ્યું નથી.

આ અને આવા અનેક દોષારોપણ ગદ્યમંત્ર અને સિદ્ધાંત રહસ્ય ઉપર થયા; આપણા સંપ્રદાયની બદનક્ષી કરવામાં આવી. ગદ્યમંત્રમાં દુષિત અને કપોલ કલ્પિત પાઠભેદો (જેવા કે કૃષ્ણ શબ્દને સ્થાને આચાર્ય શબ્દ) મૂકીને, તે દ્વારા સંપ્રદાયને બહુ ખરાબ અને નીતિભ્રષ્ટ ચિતર્યો. એવી બદનક્ષીમાંથી સંપ્રદાયને બચાવવાનું મહા ભગીરથકાર્ય કરનારાઓમાં પ્રમુખ ભગવદીય વૈષ્ણવ જો કોઈ હોય તો તે છે શ્રીયુત મુલચંદ તેલીવાળા. સાંભળો તેઓ શું કહે છે -

It is an accepted belief in the Sampradaya that Vallabhacharya, alone is the Acharya; and, all his decendant, however illustrious, have never claimed anything turther than being recongnised as Gurudev. Thus, the initiation is believed to be done by

Vallabhacharya himself, through the instumetality of his agnate dscendants. The dedication is to Lord Krishna and not to Acharya it is manshous to substitute the word Acharya in place of Krishna, and then to charge Vallabhacharya that he preached immorality. It would be a cruel injustice to one of the greatest saints and philosophers of India. Vallabh's descendants even to this day, initiate their pupils not in their own name and responsibility but in the name and responsibility of Shri Vallabh.

**ઉપર્યુકત અંગ્રેજી કથનનો ભાવાર્થ :**

સંપ્રદાયની એ એક સ્વિકૃત માન્યતા છે કે વલ્લભાચાર્ય જ એક માત્ર આચાર્ય છે; અને તેમના બધા વંશજો, પછી તે ગમે તેટલા મહાન હોય, તેઓએ માત્ર ગુરુદ્વાર તરીકે જ પોતાને ઓળખાવ્યા છે. આ રીતે દીક્ષાવિધિ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા જ - તેમના સગોત્ર વંશજોના માધ્યમ દ્વારા- કરાવવામાં આવે છે અને જે સમર્પણ કરાવવામાં આવે છે તે ભગવાન કૃષ્ણને અને નહીં કે આચાર્યશ્રીને કરાવવામાં આવે છે. ગદ્યમંત્રમાં કૃષ્ણ શબ્દને સ્થાને આચાર્ય શબ્દ મુકવો અને પછી શ્રીવલ્લભાચાર્યની ઉપર અનૈતિક હોવાનો આક્ષેપ કરવો એ ગુનાહિત કૃત્ય છે. ભારતના એક મહાન સંત અને તત્ત્વવેતા એવા શ્રીવલ્લભને એ દ્વારા ઘાતક અન્યાય કરવામાં આવ્યો છે. આજે પણ શ્રીવલ્લભના વંશજો, પોતાના સેવકોને પોતાના નામ અને સત્તાથી નહીં પરંતુ શ્રીવલ્લભના નામ અને સત્તાથી દીક્ષા આપે છે.

શ્રીયુત તેલીવાલાને આ પ્રમાણે લખવાની ફરજ એટલા માટે પડી કે પુષ્ટિ સંપ્રદાયના દ્વેષીઓએ ઘણો ભારે ઉપાડો લીધો હતો. તેમણે ગદ્યમંત્રમાં પાઠભેદ કરીને, તે મંત્રને દુષ્ટ ભાવથી રંગી નાખ્યો હતો. તેમણે એવા પાઠભેદવાળા છલમય ગદ્યમંત્રને પ્રસિદ્ધ કર્યો હતો અને તેના આધારે પુષ્ટિ સંપ્રદાય સંપૂર્ણપણે અનૈતિક છે એવું જાહેર કર્યું હતું. એ રીતે તેમણે આપણા સંપ્રદાયની ભારે બદનક્ષી કરી હતી.

આથી, એ રીતે થતી બદનક્ષીનો પ્રતિકાર કરવા માટે, શ્રીતેલીવાળાએ ગદ્યમંત્રનો શુદ્ધ પાઠ છાપી પ્રસિદ્ધ કરવા વિચાર્યું. પરંતુ ગદ્યમંત્ર એ તો રહસ્ય મંત્ર છે એવી પરંપરાગત, દઢ માન્યતાને કારણે તે છાપી ન શકાય એવું વિચારીને કેટલાક પુષ્ટિમાર્ગીય રૂઢિચુસ્ત વૈષ્ણવો અને કેટલાક ગોસ્વામી બાલકોને પણ ગદ્યમંત્ર છાપવા માટે પોતાનો વિરોધ જાહેર કર્યો. ત્યારે શ્રીવલ્લભના પવિત્ર નામ અને આપશ્રીએ પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગ ઉપર, માર્ગના દ્વેષીઓએ કરેલા ગલીચ અને બેફામ આક્ષેપોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે, ગદ્યમંત્ર એ રહસ્યમંત્ર હોવા છતાં, તે સૌનો રોષ વહોરીને પણ શ્રીતેલીવાળાએ તે શુદ્ધરૂપે છપાવીને પ્રસિદ્ધ કર્યો. આ બાબતમાં તેઓ કહે છે– (અંગ્રેજીમાં છે પરંતુ તેનો ભાવાનુવાદ રજૂ કરું છું.)–

ઘણી ભારે માનસિક તાણ (આનાકાની) પછી અમે છેવટે ગદ્યમંત્રને પ્રસિદ્ધ કર્યો છે. અમને ખબર છે કે તેથી કેટલાક વૈષ્ણવોની લાગણી દુભાશે. પરંતુ ઘણા મનોમંથન પછી અમે એ નિર્ણય ઉપર આવ્યા છીએ કે શ્રીવલ્લભનું જીવનકાર્ય (મીશન) અમે એ મંત્રને પ્રસિદ્ધ કરીએ તેનાથી વધુ સારી રીતે સિદ્ધ થશે. કારણ કે સંપ્રદાયના દ્વેષીઓએ એ મંત્રને વિકૃત રીતે છાપી પ્રસિદ્ધ કર્યો છે અને અમે તેને સંપૂર્ણ સાચી રીતે પ્રસિદ્ધિ આપી છે. તેઓએ વિકૃત રીતે ગદ્યમંત્રની રજૂઆત કરી તેના ઉપર અને શ્રીવલ્લભના નામ ઉપર તોફાની આક્ષેપો કર્યા છે. તેમ છતાં જે લોકો અમારા આ કાર્ય (ગદ્યમંત્ર છપાવવાના કાર્ય) સાથે સંમત ન થતા હોય તેવા વૈષ્ણવોને અમે સંપ્રદાયના મહાન વિદ્વાન ગો.શ્રીપુરુષોત્તમજીના શબ્દોમાં જવાબ આપવાથી વિશેષ કશું કરી શકીએ તેમ નથી. આપશ્રી આજ્ઞા કરે છે – **યદ્યપિ મદુકતો માર્ગ રહસ્ય પ્રકાશનાપરાધ આયાતિ, તથાપિ પ્રકાશનસ્યાન્યૈરૈવ કૃતત્વેન તદર્થ સંદેહે વારણસ્યૈવ, મત્કૃતિ તયા સ્વોત્કર્ષ પ્રકાશનાર્થત્વાભાવાદ્ ભગવાન શ્રીમદાચાર્યચરણાશ્ચ મદપરાધં ક્ષમન્ત્વિતિ વિજ્ઞાપયામીતિ દિક્।।** (સિ.રહસ્ય ટીકા પૃ.૩૭)

જો કે મેં કહેલ માર્ગ રહસ્યથી, તેનું પ્રકાશન કર્યાનો અપરાધ આવે છે, તો પણ પ્રકાશનનો બીજો જ માર્ગ સ્વીકારીને તેના અર્થમાં સંદેહ નિવારી શકાય. મારી કૃતિથી (પોતાના ઉત્કર્ષ પ્રકાશના અભાવથી) ભગવાન શ્રીમદ્

આચાર્યચરણકમલમાં જે અપરાધ થયેલો છે તેની ક્ષમા કરો એવી વિનંતી કરી છે.

સંપ્રદાયના ટીકાકારો અને દ્વેષીઓને જડબાતોડ જવાબ આપતાં શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે –

**તો ભગવલ્લીલા દષ્ટાંતે લૌકિકે પ્રવર્તકાન્ પ્રવર્તમાનાંશ્ચ વિમુખાન્નિશ્ચિંત્ય તત્સંગ પરિહૃત્ય સર્વેન્દ્રિય નિગ્રહઃ કાર્ય.**

શ્રીપુરુષોત્તમજીના આ શબ્દો દ્વારા આપણા સંપ્રદાયનું નૈતિકતા વિષેનું સાચું વલણ અભિવ્યકત થાય છે. શ્રીવલ્લભાચાર્યના કોઈ વંશજ પોતે આચાર્ય હોવાનો દાવો કરતા નથી. સંપ્રદાયે તો કેવળ શ્રીવલ્લભને જ આચાર્ય તરીકે સ્વીકાર્યા છે. પરિણામે જેમ શ્રીઆદિ શંકરાચાર્યે સ્થાપેલા મઠોમાં બધા શંકરાચાર્યો જ મહાધિપતિ બને છે તે રીતે શ્રીવલ્લભના ગૃહોમાં બધા 'વલ્લભો' જ ગૃહાધિપતિ બનતા નથી. શ્રીવલ્લભનો કોઈપણ વંશજ પોતે શ્રીવલ્લભ હોવાનો દાવો કરતો નથી; તો પછી તે પોતે કૃષ્ણ હોવાનો દાવો તો કરી જ કેમ શકે ? પોતે સાક્ષાત પુરુષોત્તમ છે એવું તો વલ્લભે પણ નથી કહ્યું. તો તેમના વંશજો એવું સ્વપ્ને પણ કેવી રીતે વિચારી શકે ? શ્રીવલ્લભ તો પોતે પોતાને **'કૃષ્ણ દાસ'** તરીકે ઓળખાવે છે. જેમકે **ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ** જો સ્વયં શ્રીવલ્લભે કૃષ્ણના દાસ તરીકેનું સ્થાન સ્વીકાર્યું હોય તો તેમના વંશજો તેથી વિરુદ્ધ કરી જ કેમ શકે.

અને સમર્પણના સ્વરૂપને સમજાવતાં શ્રીતેલીવાળા કહે છે, આ બધા વિવેચન ઉપરથી એ સ્પષ્ટપણે સમજાઈ ગયું હશે કે જે સમર્પણ પરમાત્માને જ કરવામાં આવે છે તે સમર્પણ આચાર્યને કરવામાં આવે છે એવું વિચારવું એ મુર્ખામીની પરાકાષ્ઠા જેવું છે; અજ્ઞાનતાનું દ્યોતક છે. આ બાબતમાં કશી શંકાને સ્થાન નથી.

આથી આપણે એ નિષ્કર્ષ ઉપર પહોંચીએ છીએ કે સંપ્રદાયમાં જે સમર્પણનો ભાવ છે તે પુરુષોત્તમ શ્રીકૃષ્ણને જ અનુલક્ષીને છે, અને એ સમર્પણ માત્ર વલ્લભાચાર્ય જ કરાવી શકે છે. દીક્ષાવિધિ પ્રસંગે આપશ્રી ત્યાં

સૂક્ષ્મ રૂપે (in spirit, not by body) હાજર હો છો એવું માનવામાં આવે છે. તેમના વારસો પોતે ગુરુદ્વાર હોઈ, દીક્ષાર્થીને શ્રીવલ્લભના માર્ગમાં પ્રવેશ કરાવે છે.

આ રીતે શ્રીતેલીવાળાએ સફળતાપૂર્વક આપણા સંપ્રદાયના દ્વેષીઓનાં મોઢા બંધ કરી દીધાં. અને તેના પરિણામ રૂપે આજે તો સંપ્રદાયની છાપ વધુ ઉજ્જવળ બનીને નિખરી રહી છે. કદાચ તેનો યશ મહદ્ અંશે શ્રીતેલીવાળાને ફાળે જાય છે. એમ કહ્યું અનુચિત નહીં મનાય.

આચાર્યશ્રીએ ષોડશ ગ્રંથોની રચના શા માટે કરી તે બાબત પણ સમજવા જેવી છે. આપશ્રીએ જૈમિની સૂત્રો (પૂર્વ મિમાંસા) ઉપર ભાષ્ય રચ્યું. તેથી તેઓ કર્મમાર્ગ પ્રવર્તક કહેવાયા. બ્રહ્મવાદનું નિરૂપણ કરવા માટે અણુભાષ્ય (બાદરાયણનાં બ્રહ્મસૂત્ર ઉપર લખાયેલ ભાષ્ય) અને ભક્તિશાસ્ત્ર એવી શ્રીમદ્ ભાગવતના રહસ્યને સમજાવવા માટે શ્રીસુબોધિનીજી, સૂક્ષ્મ ટીકા અને નિબંધાંતર્ગત ભાગવતાર્થ પ્રકરણની રચના કરી. પરંતુ કલિકાલના પ્રભાવથી અબૂધ બનેલા લોકો આ બધા ગ્રંથો સમજી નહીં શકે એવું વિચારીને આપશ્રીએ સોળ પ્રકરણ ગ્રંથો રચ્યા. એ ષોડશ ગ્રંથોમાંનો પાંચમો ગ્રંથઅત્યારે આપણા વિચારાધિન છે. ગ્રંથ(સિધ્દ્ધાંત રહસ્ય)ની શરૂઆતમાં મારા ગુરુદેવ શ્રીવલ્લભ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરે છે કે –

**શ્રાવણસ્યામલેપક્ષે એકાદશ્યાં મહાનિશિ ।**
**સાક્ષાત્ ભગવતા પ્રોકતં તદક્ષરશઃ ઉચ્યતે ।।**

**અર્થાત્ :–** શ્રાવણ માસના શુકલ પક્ષની એકાદશીની મધ્યરાત્રે, સાક્ષાત ભગવાને પ્રકટ થઈને જે કહ્યું તે હું તમને અક્ષરશઃ કહું છું.

અહીં શ્રીવલ્લભે માસ, તિથિ, પક્ષ અને સમય બહુ ચોક્કસ પણે બતાવ્યું છે તે શા માટે ?

માસ તિથિના ઉલ્લેખ દ્વારા આપશ્રી એવું કહેવા માગે છે કે આ ગ્રંથમાં જે ઉપદેશ અપાયેલ છે તે શરણાગત જીવના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણે પ્રકારના દોષોનું નિવારણ કરવાની શક્તિ ધરાવે છે. એવો

ઉપદેશ હું આજે તમને પવિત્ર શ્રાવણ માસના અમલ (મળ રહિત એટલે કે શુદ્ધ) પક્ષમાં, અગિયારસ જેવા શુભ દિવસે આપવા માગું છું.

શ્રવણ નક્ષત્ર વૈષ્ણવ છે એવું કહેવામાં આવ્યું છે – **શ્રવણશ્ચ હિ વૈષ્ણવમ્ ।** તેથી શ્રવણ નક્ષત્રના આધારે નામકરણ પામેલો શ્રાવણ માસ પણ વૈષ્ણવ છે. એ પવિત્ર શ્રવણ માસમાં અતિ પવિત્ર એવાં ચાર પ્રાકટ્યો થતાં તેની પવિત્રતા ઘણી વધી ગઈ છે. એ ચાર પ્રાકટ્યો આ પ્રમાણે છે –

(૧) જન્માષ્ટમીનો દિવસ, મધ્યરાત્રી અને પ્રકટ થયા યશોદોત્સંગ લાલિત, દેવકી નંદન, રસેશ્વર, પૂર્ણ પુરુષોત્તમ, પૂર્ણાનંદ ભગવાન કૃષ્ણ.

(૨) પવિત્રા એકાદશીનો દિવસ, મધ્યરાત્રીએ પ્રકટ થયા ત્રિભંગી સ્વરૂપે પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજી. તેમના પ્રાકટ્યની સાથે પ્રકટ થયાં – (અ) મધુરાષ્ટકમ્ અને (બ) ગદ્યમંત્ર.

(૩) શ્રાવણ સુદ દ્વાદશી, પ્રાતઃકાળનો પૂનિત સમય અને પ્રકટ થયો પુષ્ટિપથ. અને એ પથઉપર પ્રથમ પદાર્પણ કર્યું (શ્રીવલ્લભના અસીમ કૃપાપાત્ર એવા) દમલાએ (બધા વૈષ્ણવોના પ્રતિનિધિ એવા શ્રીદામોદરદાસ હરસાનીજીએ)

(૪) શ્રાવણ સુદ ૩ ના શુભ દિવસે પ્રકટ થયાં શ્રીયમુનાજી શ્રીવલ્લભને આપશ્રીની ઈચ્છિત જાણકારી આપવા (ગોવિંદઘાટ અરૂ ઠકરાણી ઘાટ કૌનસો તે બતાવવા માટે.)

આવા અત્યંત પવિત્ર શ્રાવણ માસનો સંબંધ છે શ્રીવિષ્ણુ સાથે. અને વૈષ્ણવ તે છે જેનો સંબંધ વિષ્ણુ સાથે છે. ભગવદ્ સંબંધ જીવને પવિત્ર કરે છે. ભગવદ્ સંબંધ કરવા માટેનો મહામંત્ર મળ્યો છે. શ્રીવલ્લભને, એ પવિત્ર શ્રાવણ માસના શુકલ પક્ષની અગિયારસની મધ્યરાત્રીએ.

એ છે શુકલ પક્ષ. શુકલ પક્ષમાં જેમ ચંદ્રમા રોજ રોજ પોતાની કળા વિસ્તારે છે અને તેથી વધુને વધુ અંધકારનો નાશ કરે છે તે રીતે આ ગદ્યમંત્ર દ્વારા થયેલ ઉપદેશ શરણાગતિ પામેલા જીવોના બધા દોષોનો નાશ કરે છે, એવો, માસ અને પક્ષનો ઉલ્લેખ કરવા પાછળનો, ભાવ છે. શુકલ પક્ષ ન કહેતાં

આપશ્રી અમલ પક્ષ કહે છે. અમલ એટલે નિર્મળ. નિર્મળ તે છે જે સર્વદોષ રહિત હોય. અહીં શ્રાવણ માસ અને અમલ પક્ષ કહેવામાં આવ્યું છે. તે દ્વારા ભગવદીયો સદા દોષ રહિત જ રહેવાના એવું ગર્ભિત સૂચન થાય છે. અહીં જીવ (નિવેદીત) આધિભૌતિક દોષોથી મુકત થશે એવું સૂચન છે. આ રીતે માસ અને પક્ષનો ભાવ કહ્યો.

અને એ તો એકાદશીનો દિવસ છે. એકાદશીનું માહાત્મ્ય સમજો. એકાદશીના દિવસે ઉપવાસ હોય. ઉપવાસ કરનારની દશે ઈન્દ્રિયો અને અગિયારમું મન પ્રભુની નિકટ આવી જાય. તેથી જીવના બધા આધ્યાત્મિક દોષ (કામ, ક્રોધ, લોભ, આદિ)નું આપોઆપ હરણ થઈ જાય તેમાં કોઈ સંશય નથી. બધી ઈન્દ્રિયો અને મન પ્રભુ પાસે રહે તો પછી ક્રોધ, લોભ, કામ આદિ દોષ કરે કોણ ?

અને સમય છે મહાનિશિનો (મધ્યરાત્રીનો). ભગવાન શ્રીકૃષ્ણ મધરાતે પ્રકટ થયા હતા. શા માટે ? પોતાના અંતરંગ ભકતો એવાં ગોપીજનોને અને તેમના બહાને બધાં ગોકુલવાસીઓ અને ભગવદ્ લીલામાં અનુરકત બધા જીવોને સ્વરૂપાનંદનું દાન કરવા માટે. તેવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણ (ગોકુલચંદ્રમાજી રૂપે) આચાર્યશ્રીને ઉપદેશ (ગદ્યમંત્ર) આપીને, અને તેમના દ્વારા સર્વ ભગવદીય જીવોને મંત્રદાન કરાવીને. તેમના બધા પુરુષાર્થો (પુષ્ટિ જીવોના બધા પુરુષાર્થો શ્રીકૃષ્ણમાં જ સમાયેલા છે એવું ચતુઃશ્લોકી કહે છે) સિદ્ધ કરાવી આપવા પ્રકટ થયા હતા.

આ રીતે, શ્રીકૃષ્ણનું મથુરામાં પ્રાકટય અને ગોકુલચંદ્રમાજીનું ગોકુલમાં પ્રાકટય બન્ને મધરાતે જ થયાં છે. તેથી તે સમયે અપાયેલ ઉપદેશ ગ્રહણ કરતાં, ભગવદીયના આધિદૈવિક દોષો પણ દૂર થઈ જાય એવું સૂચન છે. જુઓ તો ખરા કેવો ત્રિવેણી સંગમ થયો છે (૧) શુભ શ્રાવણ માસ, શુકલ પક્ષ, અગિયારસની મધ્યરાત્રીનો સમય, (૨) ભક્તિ સ્વરૂપા શ્રીયમુનાજીના કિનારા જેવું ઉત્તમ સ્થળ અને (૩) સર્વથા નિર્દોષ એવા પરમાત્માનું પ્રાકટય. વધુ શું કહું – શબ્દો નથી, મારી પાસે.

આવા સુભગ સંગમ સમયે જે ગદ્યમંત્રનો ઉપદેશ ભગવાને

આચાર્યશ્રીને કર્યો, તે મહામંત્ર કેવો હોય તે વિચારી લેવું રહ્યું. તે સર્વ દોષ નિવારક - ત્રિવિધ દોષહારક જ હોય. તેના દ્વારા દીક્ષા પામનાર જીવના સર્વ દોષોની નિવૃત્તિ કરાવીને, તે નિવેદિત જીવને ભગવદત્વ અર્પે એવું સૂચન માસ, તિથિ, દિવસ અને સમયના ઉલ્લેખ દ્વારા કરવામાં આવ્યું છે.

શ્લોકના બીજા ચરણમાં પણ એવી જ અલૌકિક વાત કહેવામાં આવી છે. અને તે એ કે આચાર્યશ્રીને અપાયેલ એ ગદ્યમંત્ર સાક્ષાત્ ભગવદા પ્રોક્તં છે. એટલે કે વેદ, ગીતાની માફક તે ભગવાને શ્રીમુખે કહી સંભળાવેલ છે. અને એ રીતે કહી સંભળાવવામાં પણ એક વિશેષતા છે. વેદની ઋચાઓ પણ ભગવાને કહી છે અને ઋષિઓએ તે સાંભળી હતી. પરંતુ તે સંભળાવતી વખતે, ભગવાન ઋષિઓ સામે સાક્ષાત્ પ્રકટ થયા ન હતા. અહીં તો આ ગદ્યમંત્ર ભગવાને કહ્યો. તે કહેવા માટે ભગવાન સાક્ષાત્ પ્રકટ થયા છે. તેથી તેનું મહત્ત્વ અતિ ઘણું વધી જાય છે. યાદ રાખો કે આચાર્યશ્રીએ અહીં, ‘‘ભગવાને ઉપદેશેલ’’ એવું નથી કહ્યું. આપશ્રીએ તો કહ્યું છે ‘‘સાક્ષાત ભગવાને ઉપદેશેલ - સાક્ષાત ભગવદાપ્રોક્તં’’

ભગવાન સાક્ષાત પ્રકટ થયા છે કારણ કે આવો અલૌકિક, સર્વ દોષ નિવારક ઉપદેશ કોઈ જીવ તો ન જ આપી શકે; જો કોઈ આપી શકે તો તે કેવળ પરમાત્મા જ. જેમ ગીતાનો ઉપદેશ કોઈ જીવ ન આપી શકે. આપી શકે કેવળ યોગેશ્વર શ્રીકૃષ્ણ. એ રીતે આવો અલૌકિક ઉપદેશ આપવા પધાર્યા છે સાક્ષાત શ્રીભગવાન. આમાં વિશેષતા એટલે છે કે આ ઉપદેશ (૧) સ્વપ્ન દ્વારા (૨) આકાશવાણી દ્વારા કે (૩) કોઈ વિભૂતિ (જડભરત કે કપીલ ભગવાન) દ્વારા ન આપતાં ભગવાને (પૂર્ણ પુરુષોત્તમે) પોતે પ્રકટ થઈને આપ્યો છે. અને આચાર્યશ્રીએ તે અક્ષરશઃ કહ્યો છે.

દશ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ આ શ્લોકના ભાવને બીજી રીતે સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે આ ઉપદેશમાં સમર્પણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સમર્પણનું નિરૂપણ તે ભાગવતમાં એક નહીં ચાર સ્થળે કરવામાં આવ્યું છે. યથા શ્રીમદ્ ભગવતના અગિયારમાં સ્કંધમાં (૧) નિમિરાજાના પ્રશ્નના ઉત્તરમાં નવ યોગેશ્વરમાંથી પ્રથમ કવિ યોગીશ્વરે (૨) એ

જ રીતે પ્રબુદ્ધ નામનાં ચોથા યોગીશ્વરે (૩) ઉદ્ધવના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ભા. ૧૧, સ્કંધ ૧૧ મા અધ્યાયમાં અને ફરીથી (૪) ઉદ્ધવના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ભા. ૧૧ સ્કંધના ૧૯માં અધ્યાયમાં - આ ચારે સ્થળે સમર્પણનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

જો આ રીતે શ્રીમદ્ ભાગવતમાં સમર્પણનું નિરૂપણ થયેલું હોય તો આ મંત્રોપદેશમાં થયેલ સમર્પણનું નિરૂપણ એકાદશ સ્કંધના સમર્પણ અંગેના વાકયોના અનુવાદ રૂપે જ હોઈ શકે. તે કાંઈ સાક્ષાત ભગવદા પ્રોકતં હોવાની જરૂર નથી. આ શંકાનું સમાધાન તો શ્રીવલ્લભના પોતાના શબ્દોથી જ મળી રહે છે. આપશ્રીતો પ્રભુના સાક્ષાત પ્રાકટયનો માસ, તિથિ, પક્ષ અને સમય પણ કહી બતાવે છે. તેથી એવું નિશ્ચિંતપણે કહી શકાય કે આચાર્યશ્રીએ નિવેદનનું કરેલું નિરૂપણ તે એકાદશ સ્કંધના અનુવાદ રૂપે નથી. પરંતુ પ્રભુએ સ્વતંત્ર રૂપે તે કરેલું છે. અને શ્રીવલ્લભે તે અક્ષરશઃ મૂકયું શ્લોક રૂપે મુકયું છે.

વળી બીજો સંશય ઊભો થાય છે. ભાગવતના એકાદશ સ્કંધમા મહાત્મા પ્રબુદ્ધ 'સ્ત્રી, પુત્ર, ગૃહ, પ્રાણ આદિ બધુ પ્રભુને જ સમર્પવાનો આગ્રહ રાખે છે. મહાત્મા કવિ પણ કામાદિ બધા ભાવો પણ પ્રભુને જ સમર્પણ એવું ભાર દઈને કહે છે. ભગવાન પોતે પણ બધુ સમર્પણ દાસભાવે મને કરો એવું કહે છે. (ઉદ્ધવને). અને ગદ્યમંત્રમાં આ બધો ભાવ એજ રીતે વ્યકત કરાયેલો છે. તો પછી ગદ્યમંત્રને ભાગવત એકાદશ સ્કંધમાં દર્શાવેલ સમર્પણના રહસ્યના અનુવાદ રૂપે શા માટે ન માનવો ?

તેનો ઉત્તર આ રીતે આપી શકાય. અનુવાદ એટલે પહેલાં કોઈએ જે કાંઈ કહ્યું હોય તેનો અર્થ અથવા તેનો ભાવ કે તેના શબ્દો ફરીથી કહી સંભળાવવામાં આવે. એવું કરવામાં આવે તો ત્યાં પહેલાં મનુષ્યના કથનનો અનુવાદ કર્યો કહેવાય. પરંતુ આ હકીકત ગદ્યમંત્રમાં બંધ બેસતી થતી નથી. એકાદશ સ્કંધમાં સમર્પણનું ફળ જણાવેલું છે. તે ગદ્યમંત્રમાં નથી જણાવેલ.

તે ઉપરાંત એકાદશ સ્કંધમાં પ્રભુ કહે છે, ''જે લોકો સ્ત્રી, ગૃહ, પુત્ર, સ્વબંધુ, વર્ગ, પ્રાણ અને વિત્તને ત્યજીને મારે શરણે આવ્યા છે તેમને છોડવાને હું કેવી રીતે ઉત્સાહ દર્શાવું ?'' આ ભગવદ્ વાકયમાં ભગવાન પોતે સ્ત્રી-પુત્ર-

વિત્તાદિનો ત્યાગ કરવાનું સૂચવે છે; નહીં કે તેમનું સમર્પણ કરવાનું. અલબત્ત ત્યાગમાં પણ અંતિમ ભાવતો જે તે વસ્તુ પ્રત્યેની મમતા છોડવાનો છે. મમત્વ છૂટે એટલે સમર્પણ થાય. તે રીતે જોતાં અહીં સૂચવેલો ત્યાગ સમર્પણના અર્થમાં સમજવો જોઈએ. પરંતુ અહીં શબ્દ તો ''ત્યાગ'' એવો છે; ''સમર્પણ'' નથી. તે બતાવે છે કે ગદ્યમંત્ર ભાગવતમાં ઉપદેશેલ સમર્પણની આજ્ઞાનો અનુવાદ નથી. ગદ્યમંત્ર એ તો સ્વતંત્ર પ્રમાણ છે. માત્ર અનુવાદ રૂપે નથી.

તેમ છતાં એકાદશ સ્કંધમાં નિરૂપિત સમર્પણનો ભાવ ગદ્યમંત્રમાં સ્પષ્ટપણે ધ્વનિત થાય છે. અને એ દષ્ટિબિંદુથી જોતાં તેના અર્થનો સંગ્રહ ગદ્યમંત્રમાં અનુભવવા મળે છે એ નિર્વિવાદ છે.

પ્રશ્ન એ છે કે ગદ્યમંત્ર ગ્રહણ કરવાનો અધિકાર માત્ર પુરુષોને જ છે કે સ્ત્રીઓને પણ છે? ગદ્યમંત્રમાં પ્રભુને સમર્પણ કરવામાં આવતી વસ્તુઓમાં 'દારા' છે પણ 'પતિ' નથી; પુરુષને જ દારા હોય; સ્ત્રીઓને અને બાળકોને ન હોય. તો શું સ્ત્રી-બાળકોને ગદ્યમંત્ર ગ્રહણ કરવાનો અધિકાર નથી?

ત્યાં સ્પષ્ટપણે સમજાવવામાં આવ્યું છે કે ''પૂર્વ મિમાંસા'' માં વર્ણિત સૃષ્ટિ ન્યાયને અનુસરતાં - ગદ્યમંત્રમાં જે દારા પદ છે તેના દ્વારા સ્ત્રીઓના સંદર્ભે પતિનું ગ્રહણ થઈ જાય છે. અને પુત્ર દ્વારા પિતાનું ગ્રહણ થઈ જાય. પરિણામે સ્ત્રી પોતાના પતિનું અને બાળક પિતાનું સમર્પણ કરે છે એવો ભાવ છે. તેથી સ્ત્રી-બાળકને પણ સમપર્ણનો અધિકાર છે જ. હકીકત એ છે કે ગદ્યમંત્રમાં દર્શાવિલ શબ્દો - દારા, આગાર, પુત્ર, વિત્ત એ બધા શબ્દોનું કથન ઈહ અને પર શબ્દના વિવરણ રૂપે છે. એટલે કે ઈહ અને પર શબ્દોમાં તે બધાનો સમાવેશ થઈ જાય છે. વસ્તુતઃ વિષ્ણુભક્તિમાં સર્વ જીવો અધિકાર ધરાવે છે.

એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થશે. શાળામાં પરમ ભકત પ્રહલાદજી અસુર બાળકોને ભગવાનનું નામ સ્મરણ કરવાનો ઉપદેશ આપે છે. તેમનો એ હૃદયસ્પર્શીઉપદેશ સાંભળીને પ્રભાવિત થયેલાં અસૂર બાળકો તેમને પૂછે છે. ''પ્રહલાદજી, આટલી નાની વયે, તમને આવું અદ્‌ભુત જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત

થયુ?'' ત્યારે પ્રહલાદજી જવાબ આપતાં કહે છે.

"હું જ્યારે માતાના ઉદરમાં હતો ત્યારે નારદજીએ મારી માતાને નવવિધ ભક્તિનો ઉપદેશ આપ્યો હતો.'' એનો અર્થ એવો થયો કે પ્રહલાદની માતા કયાધૂ કે જે એક સ્ત્રી અને તેમાં પણ અસુર યોનિની સ્ત્રી હતી તેને નારદજીએ ઉપદેશ કર્યો હતો. એ જોતાં ભક્તિમાર્ગમાં સ્ત્રીઓના અધિકાર પરત્વે કોઈ શંકા ન કરવી.

સાચે જ ગદ્યમંત્ર પવિત્ર છે, અલૌકિક છે, અદ્વિતીય છે. તેનાં પ્રમુખ લક્ષણો આ પ્રમાણે છે :-

(૧) તે સાક્ષાત ભગવદાપ્રોકતં છે.

(૨) તે સમર્પણ દ્વારા દાસત્વ પ્રાપ્તિનો સૂચક છે.

(૩) તેમાં જીવના સર્વસ્વનું સમર્પણ કરવાનો ઉપદેશ છે.

(૪) તે રહસ્યમંત્ર છે; તેથી તન, મનની શુદ્ધિ હોય ત્યારે જ તે ઉચ્ચારવો એવી મર્યાદા છે.

(૫) ગદ્યમંત્ર મળતાં સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

(૬) ગદ્યમંત્ર દ્વારા જીવના હૃદયમાં ભક્તિભાવનું બીજ રોપાય છે.

(૭) ગદ્યમંત્ર મળતાં સર્વ જીવોના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે.

હવે આપણે સાક્ષાત ભગવદાપ્રોકતં એવા એ ગદ્યમંત્રમાં કેવો ઉપદેશ છે અથવા તેમાં કેવી પ્રતિજ્ઞા લેવરાવવામાં આવી છે તે જોઈએ-

**બ્રહ્મ સંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।**
**સર્વ દોષ નિવૃત્તિ હિં દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ।।**

એટલે કે બ્રહ્મ સંબંધ કરવાથી સર્વના દેહ અને જીવના બધા દોષોની નિવૃત્તિ થાય છે. અને તે દોષો પાંચ પ્રકારના કહેલા છે.

બ્રહ્મ સંબંધ એટલે શું ? બ્રહ્મની સાથે કરવામાં આવતો સંબંધ તે બ્રહ્મસંબંધ. સર્વના સ્વામી પ્રભુ છે, એ ભાવથી ભગવાનના સ્વામિત્વનો

સ્વીકાર કરવો એટલે બ્રહ્મસંબંધ. હસ્તમાં તુલસીપત્ર લઈને પ્રભુને એ રીતનું વિજ્ઞાપન કરવાથી બ્રહ્મસંબંધ થાય છે.

વિજ્ઞાપનમાં જીવે શું કહેવાનું છે ? જીવે કહેવાનું છે કે, ''હે પ્રભુ ! આપે આપની ક્રીડા માટે જ આ જગત અને તેના પદાર્થો ઉત્પન્ન કર્યા છે. તે સઘળા તારા છે. પરંતુ આશ્ચર્ય તો એ વાતનું છે કે દુષ્ટ બુદ્ધિવાળા જીવો તે બધામાં પોતાનું સ્વામીપણું ગણાવે છે. એટલે કે જીવ એ બધાને 'મારું' માની બેઠો છે. તેથી અહમ્ અને મમ્ ની ભાવનાનો ત્યાગ કરીને, હું પ્રભુની પાસે, પ્રભુના સાચા સ્વામિત્વની જાહેરાત કરું છું. બ્રહ્મસંબંધ એટલે પ્રભુના સ્વામિત્વનો શુદ્ધ અંતઃકરણપૂર્વક સ્વીકાર કરી લેવો તે.

અહીં, સર્વના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એમ કહ્યું છે. સર્વના એટલે કો'ના ? સર્વના એટલે બધાના-દેવોના, અસૂરોના, મનુષ્યોના, યક્ષોના, ગંધર્વોના અને ગમે તે યોનિનો જીવ હોય તે બધાના. આ બધાના બધા દોષો નિવૃત્ત થાય છે. જો તેઓ પ્રભુનું સ્વામિત્વ સ્વીકારીને, પ્રભુની પ્રેમથી સેવા કરે તો. એનો અર્થ એ થયો કે સર્વ કોઈ ભગવદ્ ભક્તિના અધિકારી છે. ભગવદ્ ભક્તિનો અધિકાર સંકુચિત નથી; તે બહુ વિશાળ છે.

અહીં કહ્યું છે કે સર્વના દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. અહીં દેહ અને જીવને જુદા જુદા ગણાવ્યા છે. દેહ પદથી આચાર્યશ્રી સ્થુળ શરીરનો નિર્દેષ કરે છે. અને જીવ પદથી તેને પૃથક ગણે છે. જીવ પદથી ''અવિદ્યાથી ગ્રસ્ત આત્મા'' એવું સમજવાનું છે. આ રીતે બન્ને પદને સમજતાં સ્થુલ દેહના અને અવિદ્યા ગ્રસ્ત આત્મા (જીવ) ના બધા દોષો નિવૃત્ત થાય છે. એવું અહીં કહેવામાં આવ્યું છે.

અહીં એક શંકા થાય છે કે પૂજામાં માર્ગમાં તો, પૂજા કરવા આડેના દોષોની નિવૃત્તિ માટે, અમુક સાધનો ગણાવ્યાં છે; જેમકે ભૂત શુદ્ધિ વગેરે. પરંતુ તેવું કંઈ પણ સાધન કર્યા સિવાય કેવળ પ્રભુ સંબંધ થતાં જ બધાં દોષો ચાલ્યા જાય એવું માની શકાય ખરું ?

તેનો જવાબ એ છે કે પૂજામાર્ગમાં સેવ્ય દેવતા પૂર્ણતઃ નિર્દોષ નથી.

તેમનામાં ઓછા વધતા દોષો હોય છે. તેથી તેમની પૂજા કરવાથી તેઓ જીવને પૂર્ણ દોષ રહિતતા ન કરાવી શકે. સ્વયં તેઓ જ જ્યાં પૂર્ણ દોષ રહિત નથી ત્યાં તેઓ (પોતાની પાસે નથી તેવું) પૂર્ણ દોષ રહિતપણું પોતાના સેવકોને કેવી રીતે આપી શકે ?

તેથી ઊલટું સેવામાર્ગમાં, વૈષ્ણવનું જે સેવ્ય સ્વરૂપ છે. તે પૂર્ણ ગુણથી વિભૂષિત, સર્વ દોષ રહિત (નિર્દોષ), સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે પ્રભુ પૂર્ણ દોષ રહિત (નિર્દોષ) હોઈ, તેની સાથેના સંબંધથી કોઈપણ દોષ સાથે આપણો સંબંધ ન થાય. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે **'કૃષ્ણાત પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષ વર્જિતમ્ ।'** એટલે કે કૃષ્ણથી પર એવો બીજો કોઈ સંપૂર્ણ દોષ રહિત નથી. સદોષ જીવને નિર્દોષ બનાવવા માટે તેનો સંબંધ એ નિર્દોષ પ્રભુની સાથે કરાવી દો. સદોષ જીવને નિર્દોષ બનાવવાનો આ રામબાણ ઈલાજ છે.

મર્યાદામાર્ગમાં પંચવિધ દોષોમાંથી મુક્તિ મેળવવા માટે જીવે વ્રત, તપ, જપ, ધ્યાન, પ્રાયશ્ચિત આદિ અનંત અનુષ્ઠાનો કરવાં પડે છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં, દોષોમાંથી મુક્તિ મેળવવા માટે કેવળ એક જ વસ્તુ – બ્રહ્મસંબંધ – કરાવવાની જ જરૂર રહે છે.

દોષની નિવૃત્તિ થાય છે એવું કહ્યું છે. નિવૃત્તિ શબ્દ સહેતુક વાપર્યો છે. દોષની નિવૃત્તિ એટલે દોષો હંમેશને માટે સદંતર નિર્મૂળ બની જાય એવું નહીં. અહીં દોષોની તેમના સ્વરૂપથી નિવૃત્તિ નથી થતી. સ્વરૂપથી તો બધા દોષો રહે છે જ. પરંતુ ભગવદ્ સેવામાં પ્રતિબંધ કરવાની તેમની અસર નષ્ટ થઈ જાય છે. બ્રહ્મસંબંધ કરાવેલ જીવોના, સેવા આડેના બધા પ્રતિબંધો દૂર થાય છે, એવો એનો અર્થ થાય છે. એટલા માટે તો આપણને કહેવામાં આવે છે કે બ્રહ્મસંબંધ કરાવવાથી જીવને પ્રભુ સેવાનો અધિકાર મળે છે. જીવના સેવા કરવા આડેના પ્રતિબંધો દૂર થાય તેથી જીવ સેવા કરે અને તેની સેવાનો પ્રભુ અંગીકાર કરે. એવું બને ત્યારે જીવને સેવાનો અધિકાર મળ્યો એમ કહેવાય.

આગળ કહ્યું કે બ્રહ્મ સંબંધ કરવાથી સર્વ દોષની નિવૃત્તિ થાય છે.

''સર્વ દોષ'' એટલે કેટલા અને કેવા પ્રકારના દોષ ? તે સમજાવતા આપશ્રી આજ્ઞા કરે છે -

**સહજા, દેશકાલોત્થા, લોકવેદનિરૂપિતાઃ ।**
**સંયોગજાઃસ્પર્શજાશ્ચ ન મન્તવ્યાઃ કથંચન ।।**

અહીં પંચવિધ દોષોનાં નામ ગણી બતાવ્યાં છે. દોષો પાંચ પ્રકારના છે. યથા (૧) સહજ દોષ (૨) દેશકાલથી ઉત્પન્ન થતા દોષ (૩) લોકવેદમાં નિરૂપિત દોષ (૪) સંયોગજ્ઞ અને (૫) સ્પર્શજ્ઞ - દોષના આ પાંચ પ્રકાર છે.

પરંતુ આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે આપણા ભક્તિમાર્ગમાં આ પાંચે પ્રકારના દોષો માનવા યોગ્ય નથી. તેથી આ પાંચે પ્રકારના દોષોનું સ્વરૂપ સમજી લેવું જરૂરી છે.

**(૧) સહજ દોષ :** એ જીવની સાથે ઉત્પન્ન થતા દોષો છે. દેહની સાથે જીવ ઉત્પન્ન થાય છે. તેથી આ દોષો જીવ અને દેહ બન્નેના દોષો છે. સ્થૂળ શરીરના સહજ દોષો એટલે માતાપિતા તરફથી વારસામાં મળેલા દોષો-યથા કફ પ્રકૃતિ જન્ય દોષો : ક્ષય, ડાયાબિટીસ આદિ દોષો - (મા-બાપને હોય તો બાળકને હોવાની શકયતા રહે છે.)

અને જીવને અવિદ્યાના કારણે થતા અહંતા, મમતાના દોષો અને પ્રકૃતિજન્ય કામક્રોધાદિ દોષો.

આ બધાં સહજ દોષ છે. શરીર અને તેની પ્રકૃતિ તથા આત્માની અવિદ્યાને કારણે તેઓ જન્મતાં જ સહજ સ્વાભાવિક રૂપે તે જીવને વળગીને આવે છે તેથી તેઓ સહજ દોષો કહેવાય.

**(૨) દેશકાલોત્થદોષ :** દેશકાલોત્થ એક સંયુકત શબ્દ છે. તેથી તેને વિભકત કરીને ''દેશને કારણે'' અને ''કાલને કારણે'' આમ બે રીતે ઉત્પન્ન થતા દોષો એવું સમજવાનું નથી. એવું પૂજ્ય ગોસ્વામી બાળકો પોતાના વિવરણમાં કહે છે. દેશ કાલ અનુસાર પ્રકટ થતા દોષો દેશકાલોત્થદોષો કહેવાય છે. તેમનો સંબંધ દેશની સાથે અને કાલની સાથે પણ છે તેથી તેમને દેશજ અને કાલજ પણ કહેવામાં આવ્યા છે. દેશકાળ એટલે સ્થળ અને સમય.

મગધ, મારવાડ જેવા અપવિત્ર પ્રદેશોમાંથી જન્મ થવાથી કે ત્યાં જવાથી થયેલા દોષો દેશજ દોષ છે. એવા પ્રદેશોમાં ભગવદ્ સ્વરૂપ બિરાજતું ન હોવાથી અને ત્યાં કેવળ વિનોદ વિલાસને સ્થાન હોવાથી ત્યાં જન્મનાર કે જનાર જીવને કેટલાક દોષ લાગે છે. દીવ, ગોવા, આદિ પ્રદેશોમાં જનાર અને ત્યાં રહેનારને કદાચ શરાબખોરીનો દોષ લાગે. જ્યાં જુગાર ખેલાતો હોય (કાયદેસર) કે શરાબ પીવાતો હોય (શરાબબંધી ન હોવાને કારણે) અથવા જ્યાં સ્ત્રી-પુરુષ વચ્ચે મુકત જાતિય સહચાર થતો હોય તેવા પ્રદેશમાં જનાર કોઈને કોઈ દોષનો ભોગ બન્યા સિવાય ન રહે. એવા પ્રદેશોમાં જતાં પહેલાં સો ગળણે ગાળીને પાણી પીવું પડે. નહિંતર દોષના ભોગ બની જવાય. એ દોષનું નામ છે દેશોત્થદોષ.

તેવું જ કાલ માટે સમજવું. આ તો હળાહળ કલિકાળ છે. સત્યયુગ, દ્વાપર અને ત્રેતામાં તમે સહજ રીતે દોષોમાંથી મુકત રહી શકો છો પરંતુ આ કલિકાલમાં, કાલના દુઃસહ પ્રભાવથી જીવને અનેક દોષો વળગે છે. વળી કયારેક દુષ્ટ મુહૂર્ત-અયોગ્ય સમયે કાર્યો કરવામાં આવે તો તેવાં કાર્યો કરવાથી દોષ લાગે છે. દિતિ તો કશ્યપની પત્ની; જેવી અદિતિ તેવી દિતિ. પરંતુ દિતિને કાલદોષ લાગ્યો. તેણે સંધ્યા સમયે પોતાની કામવાસનાની પૂર્તિ કરી. તેથી તેનામાં આસુરી ભાવ સ્ફૂર્યો અને તેને થયેલા પુત્રો દૈત્યો થયા.

કનૈયાના પિતા નંદબાવાએ રાત્રે નિષિદ્ધ સમયે યમુના સ્નાન કર્યું. તેથી થયો કાલદોષ. તે દોષને કારણે વરૂણના દૂતો તેમને પકડી ગયા. એ વાત જુદી છે કે લાલાએ તેમને છોડાવ્યા - દોષ મુકત કરાવ્યા. પરંતુ બધાના પુત્ર તરીકે ''કનૈયો'' થોડો જ હોય છે ! આપણને લાગેલ કાલોત્થદોષમાંથી આપણને કોણ છોડાવે ? કનૈયો-પુત્ર રૂપે ન સહીં પરંતુ આપણા સેવ્ય રૂપે હોય તો તે જરૂર બચાવે. અલબત્ત સેવ્ય બનતા પહેલાં તે આપણી પાસે આપણા સર્વસ્વનું સમર્પણ માગે છે. આવા કાલના પ્રભાવથી ઉત્પન્ન થતા દોષો કાલોત્થદોષ કહેવાય.

અને દેશોત્થ તથા કાલોત્થ મળીને દેશકાલોત્થ દોષ બને છે.

**(૩) લોક વેદ નિરૂપિત :** એટલે કે જેનું નિરૂપણ લોકમાં અને વેદમાં કરવામાં આવેલું છે એવાં દોષો; શ્રુતિ સ્મૃતિમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવા દોષો. જેમ કે યજ્ઞયાગાદિ કરતાં થઈ જતા દોષો. જે કર્મો અચુક વિધિ પ્રમાણે જ કરવાનાં છે તે કર્મોનિ વિધિ અધૂરી (ન્યૂન) રાખવાથી થતા દોષો. આ ઉપરાંત લોકમાં નિરૂપણ કરેલા - જેમકે ''બ્રહ્મના લોકથી માંડીને સર્વ લોકોનો પુનર્જન્મ થાય છે'' એ વાકયમાં બ્રહ્મા સહિત જીવ માત્રને વળગેલો પુનર્જન્મ પામવાનો દોષ - આ બધા લોક વેદ નિરૂપિત દોષો છે.

**(૪) સંયોગન્ન દોષો :** સંયોગથી ઉત્પન્ન થતા દોષો એ સંયોગના દોષો કહેવાય. પૂજામાર્ગમાં અભિષેક અર્થે, મંત્રથી પવિત્ર બનાવી રાખેલ જલમાં અન્ય જલ ભળી જાય તો તે સંયોગથી થયેલ દોષ ગણાય. મન અને બુદ્ધિના ઉપયોગથી કેટલાંક અઘટિત કાર્યો કરવામાં આવે અથવા અપવિત્ર કામનાઓ (વિચારો) કરવામાં આવે તો તેવાં કર્મો કે કામનાઓને સંયોગન્ન દોષ ગણવામાં આવ્યા છે.

વ્રજયાત્રા દરમ્યાન બેઠકજીમાં અપરસનું પાલન સંપૂર્ણપણે કરી શકાતું નથી. અને કેટલીક વાર એવા સંયોગો ઊભા થાય છે કે ઝારીજી, ચરણસ્પર્શ જેવાં પવિત્ર કર્મો કરવા જતાં ઘણા દોષો થઈ જાય છે. એમાં સંયોગની બલિહારી છે. તમે એ દોષો થતા જુઓ છો, મનથી અનુભવો છો અને કયારેક પોતે કરી બેસો છો. છતાં તેને નિવારી શકતા નથી. આવા દોષોને સંયોગન્ન દોષ કહેવાય.

**(૫) સ્પર્શન્ન દોષો :** અજાણતાં કે અનિચ્છાએ અથવા જાણતાં કે ઈચ્છાપૂર્વક કોઈ અપવિત્ર વસ્તુ કે વ્યકિતને અડી જવાય તો તેનાથી થતા દોષને સ્પર્શન્ન દોષ કહેવાય. પૂજા માટે લાવી રાખેલાં પુષ્પ, પાત્રો, ગંધ આદિને સ્ત્રી (રજસ્વલા) શૂદ્રાદિનો સ્પર્શ થઈ જાય તો તેનાથી સ્પર્શન્ન દોષ ઉત્પન્ન થાય છે. પ્રભુ માટે તૈયાર કરી રાખેલ સામગ્રી ઉપર કોઈ ત્રાહિત માણસની દૃષ્ટિ પડે તો સામગ્રીને તેની દુષિત દૃષ્ટિનો સ્પર્શ થયો ગણાય. અને તેનાથી સ્પર્શન્ન દોષ ઉત્પન્ન થાય છે.

આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે આવા પંચવિધિ દોષો પછી તે ગમે તે પ્રકારના હોય - શ્રૌત હોય કે સ્માર્ત હોય; લૌકિક હોય કે પૂજા આદિને લગતા હોય - તે બધા દોષોને નિવેદિત જીવે દોષો તરીકે માનવા નહીં. માનવા જ નહીં. એટલે કે તે બધાં દોષો તેની ભગવદ્ સેવામાં પ્રતિબંધક છે એવું તેણે સ્વપ્ને પણ ન માનવું. (ન મન્તવ્યાઃ) અને આ ઉક્તિને વધુ અસરકારક બનાવવા માટે આપશ્રી કહે છે કે 'કોઈ પણ પ્રકારે ન માનવા (કથંચન)'

ગો. શ્રીપુરુષોત્તમજી મહારાજ પોતાની ટીકામાં આ વિષયને અનુલક્ષીને આજ્ઞા કરે છે કે ''આવા દોષોને ન માનવા; કોઈપણ પ્રકારે ન માનવા. વધારે તો શું પણ આવા દોષો પ્રાપ્ત થશે કે કેમ એથી સંભાવના પણ, પુષ્ટિમાર્ગમાં પ્રવેશ પામ્યા પછી રાખવી ઈષ્ટ નથી. શા માટે ?

કારણ કે સર્વ સમર્થ અને સદા નિર્દોષ (વસ્તુતઃ દોષ વર્જિત) પ્રભુ સાથેનો નિત્ય સંબંધ ધરાવનારને આવો દોષ શું કરી શકે ? પૂજા માર્ગમાં તો પૂજા માટે થતા દોષોના નિવારણ માટે ઘણા ઉપાયો પ્રકટ કરવામાં આવ્યા છે; પરંતુ શુદ્ધ ભક્તિમાર્ગમાં તો પ્રભુ સેવા અર્થે ભગવન્નિવેદન કરવા સિવાય ઈતર કોઈ દોષ વિનિવારક નથી એમ માનવું એ સુતરામ મુકત જ છે. (પૂરેપૂરું યોગ્ય છે). ભકિતમાર્ગ તો સ્વતઃ દોષ નિવારક છે. કારણ કે તેમાં પૂજા માર્ગની માફક કોઈ સાધારણ દેવ સેવ્ય નથી હોતા. તેમાં તો સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ સેવ્ય છે. (એટલે કે પુરુષોત્તમના અંશ કે વિભૂતિ સેવ્ય નથી.) પૂજામાર્ગના સેવ્ય વિભૂતિ રૂપ છે; તે સાક્ષાત રસાત્મક પ્રભુ નથી.

ગો. શ્રીપુરુષોત્તમજી મહારાજ આ વાત વધુ સ્પષ્ટતાથી સમજાવતાં કહે છે કે ''પૂજા માર્ગમાં પ્રભુની પરાંગમુખતા (સન્મુખતા નહીં તે) છે. પૂજા માર્ગમાં પહેલાં પોતાના પૂજ્ય દેવને આવાહ્નના નામે બોલાવવામાં આવે છે, જાણે કે તે કોઈ સ્થળે સંતાઈ બેઠા ન હોય ! તેમને બોલાવીને, તેમને સ્નાનાદિક કરાવ્યા પછી, ધૂપ, દીપ નૈવેદ્ય વગેરે ધરાવવામાં આવે છે. જો ધૂપ, દીપ આદિ સામગ્રી હાથવગી ન હોય તો તેને બદલે માત્ર એક આચમની જલ આપવામાં આવે છે. આ રીતે તેમનો ઉપહાસ કરીને પછી વિસર્જનને નામે ''આપ સ્વસ્થાને પધારો'' એવું બોલીને તેમને વિદાય આપવામાં આવે છે.

ખુબીની વાત તો એ છે કે આવું આવાહન, વિસર્જન, ધૂપ, દીપ, નૈવેધ વગેરે બધુ મંત્રથી થાય છે. મંત્રોથી આવનાર, મંત્રાધિન દેવતા તો વિભૂતિ જ હોય. તે પૂર્ણ પુરુષોત્તમ, સર્વ વ્યાપ્ત વિષ્ણુ ન જ હોય.

વિષ્ણુ તો બધે છે; એક અણુ જેટલી જગ્યા પણ તેના વગર નથી. પછી તેને બોલાવવાના કેવી રીતે હોય અને તેને જવાનું કહેવામાં આવે (સ્વસ્થાને) તો તે કયાં જાય ? પુષ્ટિ પુરુષોત્તમ તો કહે છે, ''હું વેદથી ગ્રાહ્ય નથી; હું તો કેવલ ભક્તિથી જ ગ્રાહ્ય છું.

બ્રહ્મ સંબંધથી સર્વ દોષોની નિવૃત્તિ થવા માટે દશ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ બહુ સુંદર કારણ આપે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે ''બ્રહ્મસંબંધ થયા પછી દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ એ બધાં અને તે બધાંના ધર્મો વગેરે બધામાં ભગવદીયત્વ પ્રકટ થાય છે. દેહાદિનો સ્વતંત્ર સંબંધ નિવૃત્ત થાય છે. અલબત્ત દેહાદિ સ્વરૂપથી તો રહે જ છે. પરંતુ તે પ્રભુનાં (મારાં નહીં; તારાં, પ્રભુનાં) થઈને રહે છે. અને જે ભગવાનનાં હોય તેને દોષો શી રીતે અસર કરી શકે ?

તાત્પર્ય એ કે નિવેદિત જીવનાં દેહ આદિ પોતાનું સ્વરૂપ તો જાળવી રાખે છે. પરંતુ હવે તે જીવનાં મટી પ્રભુનાં થયાં છે. એટલે કે તદીયત્વ પામ્યાં છે. અને જે તદીયત્વ પામ્યાં છે તેના ઉપર પંચવિધ દોષો કોઈપણ રીતે પોતાનું જોર દાખવી શકતા નથી.

આ રીતે બ્રહ્મ સંબંધથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એવું વિધાન કર્યા પછી, આપશ્રી, ''શું આના સિવાય બીજી કોઈ રીતે દોષોની નિવૃત્તિ ન થાય?''- એવા પ્રશ્નનો જવાબ આપે છે. આપશ્રી આજ્ઞા કરે છે, ''ના, બીજી કોઈ રીતે દોષોની નિવૃત્તિ ન થાય.''

**અન્યથા સર્વ દોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।**
**અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્ ।।**

**અર્થાત્** આપશ્રી આજ્ઞા કરે છે કે દોષોની નિવૃત્તિ માટેનો આ એક જ માર્ગ (બ્રહ્મ સંબંધ કરાવવો તે) છે. બીજી કોઈપણ રીતે પંચવિધ દોષોની

નિવૃત્તિ થતી નથી અન્યથા સર્વ દોષાણાં નિવૃત્તિઃ ન । - નથી થતી, કદાપિ નથી થતી (કથંચન). આથી વધુ શું કહેવાનું હોય ?

બ્રહ્મ સંબંધ થવાથી જીવ નિર્દોષ બને છે, એ વાત સાચી. પરંતુ શું તે સદા નિર્દોષ જ રહેશે ? દેહ રૂપે તો તેને જગતમાં રહેવાનું છે. જગતના અન્ય જીવોના અને અવિદ્યાના સંપર્કમાં આવવાનું છે. તેથી સંગદોષ લાગે એ સ્વાભાવિક છે. એ સંગદોષથી બચીને ફરીથી જો તેને દોષપૂર્ણ ન બનવું હોય તો તેણે શું કરવું ?

આચાર્યશ્રી કહે છે, ''તો તેણે અસમર્પિત વસ્તુઓનો ત્યાગ (વર્જન) કરવો - **અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન માચરેત.** દોષ મુકત થયા પછી દોષ રહિત બન્યા રહેવાનો આ છે રામબાણ ઈલાજ. જીવે ફરીથી દોષ પૂર્ણ ન બનવું હોય તો અસમર્પિત એવી તમામ વસ્તુઓનો ઉપયોગ વર્જ્ય ગણવો.

આ પહેલાં તમે તમારી ગણાતી બધી વસ્તુઓ-તમારું સર્વસ્વ, અહંતા અને મમતામય બધા પદાર્થો, તમારા આત્મા સહિત પ્રભુને અર્પણ કરી હતી. તેથી તમે દોષ મુકત બન્યા હતા. તેથી હવે એવો નિર્દોષ (દોષ રહિત) બન્યા રહેવા માટે તમે, એ કામ ચાલુ રાખો. એટલે કે બધી વસ્તુઓનો ત્યાગ કરો. તમે જે કાંઈ કરો, ખાવ, પીવો, ખર્ચો, ભોગવો, વિચાર કરો કે વર્તો (વાણી વર્તન અને ક્રિયા) તે બધુ શ્રીકૃષ્ણને અર્પણ કરો. તેમ કરવાથી તમને કેવળ શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈનો સંગ થશે જ નહીં; પછી સંગદોષ કયાંથી લાગશે? કારણ કે તે તો સર્વથા નિર્દોષ છે. **કૃષ્ણાત પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતઃ** અસમર્પિત અને અન્યાશ્રયનો ત્યાગ કરશો તો તમે પણ નિર્દોષ બની રહેશો, આવી છે ભગવદ્ આજ્ઞા.

અહીં સમજવાની વાત એટલી છે કે પ્રભુને સમર્પેલી બધી વસ્તુને ભગવદીયપણુ પ્રાપ્ત થાય છે. તેથી જે રીતે પ્રભુ સર્વથા નિર્દોષ છે એ રીતે પ્રભુને સમર્પિત કરેલી બધી વસ્તુ, પ્રભુની પ્રસાદી રૂપ બની રહેતાં, તે પણ નિર્દોષ બની રહેશે. અને નિર્દોષ બનેલી તે વસ્તુ પ્રસાદી રૂપે લેનારમાં તે દોષ પેદા કરી નહીં શકે. તેથી તે લેનાર (તેનો ઉપભોગ કરનાર)માં તે દોષ પેદા કરે

છે, એટલા માટે જ આજ્ઞા કરી કે સર્વ વસ્તુ પ્રભુને સમર્પીને પ્રભુની પ્રસાદી રૂપે લેવી. અસમર્પિત લેવી જ નહીં. **નાસ્તિ મૂલો કૃતઃ શાખા !** દોષનું મૂલ છે અસમર્પિત ગ્રહણ કરવું તે. અસમર્પિત ન હોય તો દોષ કેમ સંભવે ?

શ્રીપુરુષોત્તમજી મહારાજ પણ આ ઉકિતને એ રીતે જ સમજાવે છે. આપશ્રી કહે છે, ''બ્રહ્મસંબંધ થતાં પૂર્વેના બધા દોષો ભલે નષ્ટ થાય, પરંતુ આજના દેશકાલ તો દોષના ઉત્પાદક છે. તેઓ એટલા મલિન બની ગયા છે કે તેમના સંસર્ગથી જીવ મલિન બન્યા વગર ન રહે. જીવ દોષ પૂર્ણ બનીજ જાય. તો પછી એવા દોષોના શમન માટે શું કરવું ? તો, આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે, પ્રભુને સમર્પણ કરવામાં ન આવી હોય તેવી બધી વસ્તુઓ વર્જ્ય ગણાવી. તેમનો ત્યાગ કરવો. તે એટલે સુધી કે તેવી વસ્તુઓ સાથેનો સંબંધ પણ છોડવો. તેમનો પડછાયો પણ ન લેવો.

આ રીતે આચાર્યશ્રીએ ભક્તિમાર્ગની મર્યાદા સમજાવી અને પછી આપશ્રી આજ્ઞા કરે છે –

**નિવેદિભિઃ સમર્પ્યૈવં સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।**
**ન મતં દેવદેવસ્ય સામિભુકત સમર્પણમ્ ।।**

એટલે કે જેમનું નિવેદન થયેલું છે એવા બધા નિવેદિત પદાર્થોનો શ્રીભગવાનને (મનથી) અંગીકાર કરાવીને પછી જ આપણે આપણાં બધાં લૌકિક અને અલૌકિક કાર્યો કરવાં એવી ભક્તિમાર્ગની મર્યાદા છે. પરંતુ યાદ રાખો. સમજો. સમર્પિત આખું કરવાનું છે. દેવોના દેવ એવા શ્રીપુરુષોત્તમને 'અર્ધભુકત' એટલે કે કોઈએ અર્ધ ભોગવેલી વસ્તુનું સમર્પણ કદી ન કરવું એ પ્રમાણે (સામિભુકત સમર્પણ) કરવું એ કોઈને પણ સંમત નથી. એટલે કે સામિભુકત સમર્પણ કોઈને પણ માન્ય નથી.

અહીં સમર્પણ શબ્દનો અર્થ સમજી લેવાની જરૂર છે. ભુલથી પણ સમર્પણ શબ્દને દાન શબ્દોનો પર્યાય (સમાનાર્થી શબ્દ) માની લેશો નહીં. સમર્પણ એટલે દાન એવું સમજશો તો દાનમાં આપેલી વસ્તુને પોતાના ઉપયોગમાં લાવવાનો દોષ લાગશે. શાસ્ત્રમાં નિવેદન, દાન અને અર્પણ એ ત્રણે

શબ્દોને આ રીતે સમજાવ્યા છે - યથા

**શાસ્ત્ર નિવેદનં, દાનં, હ્યર્પણં ત્રિવિધં મતમ્ ।**
**નિવેદનં સમુદ્દિસ્ય દ્રવ્યસ્ય જ્ઞાપનં મતમ્ ।।**
**દાનં સ્વકીયતા ત્યાગઃ પરસ્વોત્પાદનં વિધૈઃ ।**
**અર્પણં સ્વામિભોગ્યસ્ય સ્વામિને જ્ઞાપનં મતમ્ ।।**

**અર્થાત્,** શાસ્ત્રમાં નિવેદનના ત્રણ પ્રકાર બતાવ્યા છે. તેમાં - (૧) કોઈપણ વસ્તુ (દ્રવ્ય આદિ) સ્વામીને જણાવીને તેમને આપવી તેનું નામ નિવેદન. **ત્વદીય વસ્તુ ગોવિંદ તુભ્યમેવ સમર્પયે** એટલે કે હે ગોવિંદ ! આ તારી વસ્તુ છે, તે હું તને આપું છું એવું સ્વામીને કહીને પછી તે વસ્તુ કે દ્રવ્ય તેને આપવું તેનું નામ નિવેદન. (૨) કોઈપણ વસ્તુ કે દ્રવ્ય જે પોતાનું (જેના ઉપર પોતાનું સ્વત્વ) હોય તે, કોઈને **''તુભ્યમહ સંપ્રદદે, ન મમ** એટલે કે ''આ વસ્તુ હું તમને આપું છું, હવે તે મારી નથી'' એવા વિધિવાકય પ્રમાણે તે વસ્તુ ઉપરથી પોતાની સત્તા ઉઠાવી લઈને, જે વ્યક્તિને તે આપવામાં આવી હોય તેની સત્તા તેના ઉપર સંપાદિત કરી આપવી તેનું નામ દાન અને (૩) જે વસ્તુ સ્વામીને ભોગવવા લાયક હોય તે વસ્તુ 'આ વસ્તુ આપને ભોગવવા યોગ્ય છે તેથી આપ તેનો ઉપભોગ કરો' એવું નમ્રતાપૂર્વક કહીને, તે વસ્તુ આપણા સ્વામી શ્રીકૃષ્ણને અર્પવી, તેનું નામ અર્પણ. (ભોગ)

આ રીતે સમર્પણ, દાન અને અર્પણ (ભોગ) આ ત્રણે વસ્તુ અલગ છે. તેનો ભાવ સમજી જતાં, આ ગ્રંથમાં કહેલ બધી વાત બરાબર સમજાઈ જશે. પછી તેમાં કોઈ શંકા ઊભી થશે નહીં.

બહુ સાદા શબ્દો વડે સમજીએ તો સમર્પણ અને દાન વચ્ચેનો તફાવત રીતે સમજાવી શકાય :-

આ જગતમાં જે કાંઈ છે તે બધુ પ્રભુનું છે. પ્રભુએ તે બધુ, પોતાની લીલા માટે, પોતાનામાંથી ઉત્પન્ન કર્યું છે. તેથી તે તેનું છે. આપણું નથી. તેમ છતાં અવિદ્યાને વશ થઈને આપણે તેને મારું માનીએ છીએ. પરંતુ આપણા સદ્‌ગુરુદેવે બ્રહ્મ સંબંધની દીક્ષા આપતા પહેલાં આપણને સમજાવી દીધું કે આ

બધું તો તેનું છે. તેનું છે તે તેને સમર્પી દો. અને આપણે એ બધી વસ્તુઓ જે હકીકતમાં તેની હતી તે તેને એટલે કે કૃષ્ણને આપી દીધી. તેનું નામ સમર્પણ.

પરંતુ જે વસ્તુ આપણી હોય એટલે કે જે વસ્તુને ગમે તે કારણે (અવિદ્યા કે અન્ય કારણે) આપણે આપણી માનતા હોઈએ, તે વસ્તુ ઉપરથી આપણો અધિકાર ઉઠાવી લઈને, તે વસ્તુ બીજાને સોંપી દઈએ તો તે દાન કહેવાય. દાનમાં આપી દીધેલી વસ્તુ પોતાની (મારી) મટી જાય છે અને તે દાન લેનારની બની જાય છે. પછી દાન આપનાર દાતા તે વસ્તુનો ઉપભોગ ન કરી શકે. એટલે સુધી કહેવામાં આવ્યું છે કે ''દાનમાં આપેલ દીવાનો પ્રકાશ પણ દાતાએ ન લેવો.'' દાન એટલે સ્વત્વ (પોતાની માલિકી) ના સ્થાને અન્યના માલિકીનું પ્રસ્થાપન.

આપણે તો શ્રીવલ્લભના સેવક વૈષ્ણવો છીએ. આપણી પાસે આપણું કહેવાય એવું કશું નથી. (આપણી પાસે બે વસ્તુ આપણી છે ખરી. એક આપણા સ્વામી શ્રીકૃષ્ણ (નંદનંદન) અને બીજા આપણા ગુરુદેવ-શ્રીવલ્લભઃ આ ભાવથી કયારેક મારાથી આ લખાણમાં 'મારા ગુરુદેવ' એવું લખાઈ જાય છે. બધુ સમર્પ્યુ મારા સ્વામી શ્રીગોપીજન વલ્લભને પરંતુ આટલું મમત્વ- મારા સ્વામી અને મારા ગુરુદેવ એ બન્ને મારા હોવાનો ભાવ-બાકી રહી ગયો છે) અત્યાર સુધી આપણે ઘણી વસ્તુઓને, અવિદ્યાને કારણે પોતાની સમજતા હતા. પરંતુ ગુરુદેવે કૃપા કરીને આપણે અવિદ્યાના પાસમાંથી છોડાવ્યા તેથી સમજાઈ ગયું કે આ બધુ તો આપણા સ્વામીનું છે. તે સમજાઈ ગયું કે તરત જ આપણે તે બધુ આપણા સ્વામી શ્રીકૃષ્ણને સમર્પી દીધું છે. આ છે સમર્પણનો સાચો ભાવ. એ સમર્પણ છે; દાન નથી. વૈષ્ણવ દાન ન કરી શકે. કારણ કે તેની પાસે સ્વત્વ (માલિકી હક) ધરાવતી કોઈ વસ્તુ નથી. વળી દાન કરેલ વસ્તુનો ઉપયોગ દાન આપનાર ન કરી શકે. પરંતુ જો તે સ્વામીને સમર્પી દીધું હોય તો તે વસ્તુનો ઉપયોગ, તેનો સેવક, સેવકભાવે, તે વસ્તુને પોતાના સ્વામીની પ્રસાદી રૂપે ગણીને જરૂર કરી શકે.

શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે, ''આપણે જ્યારે આત્મસમર્પણ કરીએ છીએ ત્યારે અહમ્‌ના પદાર્થો જેવા કે દેહ, ઈન્દ્રિય આદિ અને મમતાના

પદાર્થો (દારા, આગાર, પુત્ર, વિત્ત આદિ) પ્રભુને સમર્પી દઈએ છીએ. તો પછી, તે બધાનો વિનિયોગ પ્રભુમાં કરવો એ આપણું કર્તવ્ય છે. તેથી દારા, પુત્ર આદિને ભગવત્સેવામાં યોજવા અને વિત્ત, ગૃહ આદિનો વિનિયોગ પ્રભુ સેવામાં જ કરવો. ભક્તિમાર્ગની પરમ રમણીય પરંતુ દોષ રહિત મર્યાદા એ છે કે આપણા મનમાં આપણે સદૈવ આવો ભાવ રાખીએ – ''આપે ઉપભુકત માલા, ગંધ, વસ્ત્ર, અલંકાર વગેરેથી ભૂષિત થયેલા, અને આપનું ઉચ્છિષ્ટ લેનારા આપના દાસ એવા અમે, આપની માયાને જીતીએ છીએ.''

મૂળ શ્લોકમાં **'સર્વં કુર્યાત'** (સર્વ કરવું) એવું કહ્યું છે. એ સર્વ એટલે શું? સર્વ શબ્દથી લૌકિક, વૈદિક બધાં કરવા યોગ્ય કાર્યોનું સૂચન છે. લૌકિક કાર્ય જેવાં કે પુત્રાદિના લગ્ન પ્રસંગે અથવા બ્રહ્મ ભોજન પ્રસંગે, જે પદાર્થો પોતે ઉપયોગમાં લેવાનો હોય તે બધા પદાર્થોઓને પ્રભુને સમર્પીને પછી તે બધાંનો ઉપયોગ કરવો. વૈદિક કાર્યો જેવાં કે યજ્ઞ, શ્રાદ્ધ આદિ પ્રસંગોમાં પણ બધા નિવેદિત પદાર્થો જ વાપરવા. શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કંધમાં કહ્યું છે કે, ''ભગવાનને નિવેદેલા અન્ન વડે જ બીજા દેવતાઓનું યજન કરવું; પિતૃઓને પણ તેજ આપવું (શ્રાદ્ધમાં). તેમ કરવાથી તે બધુ અનંત કાલ સુધી સ્થાયિ રહેશે. 'ભક્તિમાર્ગની આ પણ મર્યાદા છે. તેનું ઉલ્લંઘન કરતાં દોષભાગી થવાય.'

આવો નિર્ણય કરી લેવાથી અને તે નિર્ણય પ્રમાણે વર્તવાથી, પ્રભુની વસ્તુના ઉપભોગથી જે દોષ થવાની શંકા હોય, તે શંકાની નિવૃત્તિ થાય છે. આપણે પ્રભુને દેહ આદિ પોતાની કહેવાતી બધી વસ્તુઓ સમર્પી દીધી તેથી તે બધી પ્રભુની બની ગઈ. હવે પ્રભુની પ્રસાદી વસ્તુથી, જે પ્રભુની જ છે તે બધી વસ્તુઓ (દેહ આદિ) નો નિર્વાહ કરવામાં આવે તો તેથી કશો દોષ થતો નથી.

હવે સમર્પણ જે રીતે દુષિત ન થાય, તે રીતે સમજાવવા માટે શ્રીમહાપ્રભુજી સમર્પણના દુષિત વસ્તુ સાથેના સંસર્ગનો નિષેધ કરે છે અને પછી કહે છે –

**ન મતં દેવદેવસ્ય સામિભુકત સમર્પણમ્ ।**

એટલે કે દેવના પણ દેવ એવા શ્રીપુરુષોત્તમને કોઈએ અર્ધ ભોગવેલી વસ્તુનું સમર્પણ કરવું એ માનેલું નથી (એટલે કે એવી વાત કોઈએ પણ માનેલી નથી.)

શ્રીમહાપ્રભુજીએ સૌથી પહેલાં તો બધી વસ્તુઓ પ્રભુને સમર્પવાની આજ્ઞા કરી. પછી કહ્યું કે સામિભુકત સમર્પણ ન કરવું. એટલે કે પોતે જ વસ્તુ અર્ધીભોગવેલી હોય તે વસ્તુનુ સમર્પણ ન કરવું. એટલે કે જે પદાર્થમાંથી થોડોક ભાગ કોઈએ, પોતે અથવા સ્ત્રી, બાળકે કે બીજા કોઈએ અજ્ઞાનથી પોતાના ઉપયોગમાં લીધો હોય તો તે પદાર્થ પ્રભુને ધરવો કે સમર્પવો ન જોઈએ. જેમ કે કોઈ માણસ પોતાના ઉપયોગ માટે અમુક વસ્તુ લાવે અને પછી તેમાંથી થોડોક ભાગ પોતાના ઉપયોગમાં લે; પરંતુ ત્યાર પછી તેને એવું લાગે કે આ પદાર્થ તો અસમર્પિત છે. તેથી તે પેલા વધેલા ભાગને પ્રભુને સમર્પિત કરવા ઈચ્છે તો તે ન ચાલે. એ તો સામિભુકત સમર્પણ કહેવાય.

સામિભુકતનો અર્થ શ્રીપુરુષોત્તમજીના શબ્દોમાં સમજી લો - ભુકત એટલે ભોગ અર્થાત ભોગવેલી વસ્તુ; અને ભોગ એટલે, વસ્તુ પરત્વે સુખદુઃખનો અનુભવ કરવો તે. વસ્તુ સારી છે કે ખરાબ એટલે કે તે પ્રભુને સુખનો અનુભવ કરાવે એવી છે કે નહીં એ બાબતની પરીક્ષા કરવા માટે તેની કણિકા મુખમાં નાખવી (સ્વાદ જોવા માટે) કે સુંઘવી તેને સામિભુકતપણુ કહેવાતું નથી. આવું ન માનવા પાછળ કારણ આ છે કે તે વસ્તુને દેખ્યા, સુંધ્યા કે તેનો સ્વાદ ચાખ્યા પછી પણ તે વસ્તુને પોતાના ઉપયોગ માટે વાપરવાની ઈચ્છા તમને થતી નથી. અર્ધભુકત તો ત્યારે બને જ્યારે વસ્તુને જોતાં વૈતજ તેના ઉપયોગની (તીવ્ર) ઈચ્છા થઈ જાય. અને તેનો ઉપયોગ કર્યા સિવાય ન રહેવાય. વળી ઈન્દ્રિયો પોતાનો વહેવાર શરૂ કરી દે. (હાથથી વસ્તુ લે અને મોઢામાં મૂકે) આમ થાય ત્યારે તે વસ્તુ અર્ધભુકત થઈ ચૂકી એવું કહેવાય. એવી વસ્તુ પ્રભુને ન સમર્પવી.

**નોંધ :** મારી વિનમ્ર સમજ પ્રમાણે અર્ધભુકતનો આવો અર્થ પણ કરી શકાય. આપણે સર્વ વસ્તુનું (આજની વસ્તુનું) સમર્પણ કરવાનું છે. અને આપણે વાણીથી તે પ્રમાણે કર્યું પણ ખરું. દેહ ઈન્દ્રિય અને તેમના ધર્મો તેમજ

દારા, આગાર, પુત્ર, વિત્ત આદિનું સમર્પણ વાણીથી કર્યું. પરંતુ પછીથી ઘરમાંથી એક ઓરડી ઠાકુરજીની અને બાકીનું ઘર મારા ઉપભોગ માટે છે; પત્ની પ્રભુની સેવા ભલે કરે, પરંતુ તે મારા ઉપભોગ માટે છે; એવો ભાવ રહેવો; મેં દેહ પ્રભુને સમર્પ્યો છે આથી હું પ્રભુની સેવા તો કરીશ પરંતુ દેહનો ઉપયોગ હું, મારે માટે કરીશ. એટલા માટે હું મારા દેહને શણગારીશ અને સજાવીશ આવું બધુ કરવું એ પણ સામિભુકત કહેવાય.

ટૂંકમાં સમર્પણ આખી વસ્તુનું એટલે કે આખે આખું કરવાનું છે. અર્ધુ મારે ભોગવવા માટે અને અર્ધુ પ્રભુ સેવામાં પ્રયોજવા માટે નથી. મેં તો બધી વસ્તુ પ્રભુને સમર્પી દીધી છે. હવે કશું મારું નથી. તેથી તેમાંથી કોઈ વસ્તુનો ઉપયોગ હું મારે માટે ન કરી શકું.

પુત્રનું લગ્ન આવે ત્યારે લોકોમાં મારી વાહવાહ બોલાવવા માટે લાખો ખર્ચીનાખું અને ધાર્મિક કાર્યમાં પણ ધનનો ઉપયોગ છૂટથી કરું એ પણ ન ચાલે એવું કરવાથી પણ સામિભુકત સમર્પણ થાય. ધન, દારા, પુત્ર, ઘર આદિનો ઉપયોગ પોતાને માટે જરૂર કરવાનો છે. પરંતુ તે જરૂર પડે તેટલા પ્રમાણમાં જ અને તે પણ સેવક ભાવથી, એ વસ્તુને પ્રભુની પ્રસાદી સમજીને તેનો ઉપયોગ કરવાનો છે. પ્રભુની આજ્ઞા લઈને ઉચિત પ્રમાણસર ઉપયોગ કરવાનો છે. ત્યારે જ તે પૂર્ણ સમર્પણ કહેવાય. નહિંતર તે સામિભુકત સમર્પણ બની રહે છે. એવો મારો મત છે.

ઉપર કહ્યું તેમ - (૧) અસમર્પિત વસ્તુ લેવી અને (૨) અર્ધ ભોગવેલી વસ્તુનું પ્રભુને, સમર્પણ કરવું - આ બન્ને અયોગ્ય છે તેથી - **તસ્માદાદૌ સર્વ કાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્ ।** એટલે કે બધાં કાર્યોમાં, લૌકિક, વૈદિક કે સ્માર્ત–બધામાં સૌથી પહેલાં તો તે કાર્ય અંગે જરૂરી બધી વસ્તુઓનું પ્રભુને સમર્પણ કરીને પછી જ તે વસ્તુઓનો ઉપયોગ કરવો. પહેલાં સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી એટલે કે સ્ત્રી, પુત્ર, ઘરબાર, સંપત્તિ આદિ બધી જ વસ્તુઓ પ્રભુને સમર્પવી. પ્રભુને સમર્પણ કર્યા વગર તેમનો ઉયોગ ન કરવો. તેમનો ઉપયોગ કે ઉપભોગ કરતા પહેલાં, મનોમન તેમ કરવા માટે પ્રભુની આજ્ઞા માગવી. આ રીતનું સમર્પણ વાણીથી અને મનથી પણ કરી શકાય.

આ રીતે, ભક્તિમાર્ગમાં નિવેદિત વસ્તુઓને જ સ્વઉપયોગમાં લેવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ એ એકાદશ સ્કંધમાં તો ભગવાન ઉદ્ધવજીને આજ્ઞા કરે છે, **અપિ દીપાવલોકં મે નોપયુંજ્યાન્નિવેદિતમ્** એટલે મને નિવેદન કરેલા દીવાનો પ્રકાશ પણ સ્વ ઉપયોગમાં ન લેવો, તેનું શું ? આ પ્રશ્નના સમાધાન માટે કહ્યું છે કે,

**દત્તાપહાર વચનં તથા ચ સકલં હરેઃ ।**
**ન ગ્રાહ્યમ્ ઈતિ વાક્યં હિ ભિન્ન માર્ગ પરં મતમ્ ।।**

એટલે કે પ્રભુને સમર્પેલી વસ્તુ જીવના ઉપયોગ માટે લેવાનો નિરોધ કરતી બધી શાસ્ત્રોકત આજ્ઞાઓ અન્ય માર્ગ માટેની છે. પુષ્ટિ માર્ગ માટેની નથી. કારણ કે પૂજા માર્ગમાં આવું નિવેદન છે જ નહીં. ભક્તિમાર્ગમાં આવું નિવેદન છે તેથી દત્તાપહાર વચન (આપેલું ન લેવું તેવું વચન) ભક્તિમાર્ગનું નથી. ભક્તિમાર્ગથી ભિન્ન માર્ગનું છે.

ભક્તિમાર્ગમાં સાક્ષાત પુરુષોત્તમ સેવ્ય હોવાથી શ્રીહરિના બધા ભકતો તેમના સેવકોજ ગણાય. અને સેવકોનો નિર્વાહ પોતાના સ્વામીના ઉચ્છિષ્ટથી થાય એ ઈષ્ટ છે. તેથી સેવકે (પ્રભુના દાસે) સમર્પણ કર્યા પછી સેવક ભાવે, ભગવાનનું ઉચ્છિષ્ટ ગ્રહણ કરવાનું છે. આ આજ્ઞા વિધેયક (હકારાત્મક) છે; નિષેધક નથી; એટલે કે સેવકે 'સમર્પિત જ લેવાનું છે' એવી આજ્ઞા છે. 'સમર્પિત લેવાનું નથી' એવી આજ્ઞા નથી.

એનું કારણ એ છે કે પૂજા માર્ગમાં પ્રભુને અર્પણ કરેલ વસ્તુમાં દાન આપવાની ભાવના છે. પરંતુ જે પ્રભુનું પોતાનું છે તે વસ્તુનું દાન પ્રભુને કેવી રીતે અપાય ? ભક્તિમાર્ગથી અન્ય માર્ગમાં આપેલું પાછું ભલે ન લેવાતું હોય, ભક્તિમાર્ગમાં તો તે લેવું એ ઈષ્ટ ગણાયું છે. પ્રભુનું હતું તે પ્રભુને આપ્યું. હવે તેના સેવક તરીકે તેની પ્રસાદી તરીકે તે પાછું લેવાનું છે અને પોતાને માટે વાપરવાનું છે. આ રીતે ભકતના વસ્તુ સમર્પણને, સ્વામી-સેવક ભાવે, સ્વામીની પ્રસાદી રૂપે, સેવક ઉપયોગમાં લે તો તેના એ કાર્યને 'સ્વામી-સેવક ભાવનો નિર્વાહ કર્યો' એવું કહેવાય. આ લોકમાં તો આવો વ્યવહાર જ પ્રસિદ્ધ

છે. સાંભળો આચાર્યશ્રી શું કહે છે -

**સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ।**
**તથા કાર્યં સમર્પ્યૈવં સર્વેષાં બ્રહ્મતા તતઃ ।।**

એટલે કે સેવકોનો એવોજ લોકવ્યવહાર પ્રસિદ્ધ છે. તે પ્રમાણે સર્વ વસ્તુ સ્વામીને સમર્પીને, પછી સેવકભાવે, તેની પાસેથી તે વસ્તુ પ્રસાદી રૂપે માગી લઈને, તમારે તમારું કાર્ય કરવું. એ રીતે સમર્પણ કર્યેથી બધા કાર્યોમાં નિર્દોષતા આવી જશે.

શ્રીવલ્લભ કહે છે કે જે સેવા કરે તે સેવક; અને આ લોકમાં સેવકોનો વ્યવહાર તો જાણીતો છે. તેમાં સેવક, પોતાના કાર્યના આરંભે અને અંતે એમ બન્ને વખતે પ્રભુને (સ્વામીને) વિજ્ઞાપન કહે છે, એવું વિજ્ઞાપન કરવું એનું નામ જ નિવેદન કે સમર્પણ કહેવાય.

ગ્રંથના અંતે આચાર્યશ્રી આત્મનિવેદનનું ફળ ઉપદેશે છે. ભક્તિમાર્ગમાં કહ્યું છે ''નિવેદન કરો અને તેના ફલરૂપે બ્રહ્મતા એટલે કે સંપૂર્ણ નિર્દોષતા પ્રાપ્ત કરો. બ્રહ્મતા એટલે બ્રહ્મ જેવી નિર્દોષતા. અથવા દોષ રહિતતા. આ રીતે સ્વામી-સેવકના સંબંધથી આ લોકમાં થતા બધા વ્યવહારો દ્વારા જીવને બ્રહ્મતા એટલે કે દોષ રહિત અને ભગવદ્ વસ્તુનું સરખાપણું સિદ્ધ થશે. શ્રુતિમાં કહ્યું છે. **''નિર્દોષં હિ સમં બ્રહ્મ''** તેથી, બ્રહ્મસંબંધ કર્યા પછી, સેવક ભાવે, કેવળ સમર્પિત વસ્તુ જ લેવાથી, જીવ બ્રહ્મ સમાન (નિર્દોષ) બની જશે. તેના કલિકાલ જનિત દોષો જતાં રહેશે અને તેમણે કરેલી સેવાનો પ્રભુ અંગીકાર કરશે.

આ રીતે - (૧) સર્વ દોષોની નિવૃત્તિનો ઉપાય બતાવીને અને (૨) નિર્દોષતા પ્રાપ્ત કરવાથી ભગવદ્ સેવા સામેના જે પ્રતિબંધો છે તે બધાની સત્તા છીનવાઈ જાય છે એવું સપ્રમાણ સિદ્ધ કરીને હવે -

ભક્તિમાર્ગના અનઅધિકારીઓના અવિશ્વાસ અને સંશયને કારણે તેમનો સર્વનાશ ન સર્જાય એટલા માટે, આચાર્યશ્રી તેમને, આ બધી વસ્તુ, એક બહુ ઉત્તમ દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે -

**ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિ વર્ણના ।**
**ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ।।**

એટલે કે શ્રીગંગાજીમાં મળેલાં ગટર અને ખાળ વગેરેનાં જળના બધા દોષોની નિવૃત્તિ થઈને તે જળને નિશ્ચયે કરીને ગંગાત્વં (ગંગાપણુ - ગંગા જેવું પૂર્ણ નિર્દોષત્વ અને પવિત્રતા તથા શુદ્ધતા) સિદ્ધ થાય છે. પછી એ બધાં (ગટર-ખાળ વગેરેનાં) જળ ગંગામય બની જાય છે. અને ગંગાજળ તરીકે જ ઓળખાય છે. તેવું જ અહીં પણ સમજવું. બ્રહ્મસંબંધમાં પણ નિર્દોષં હિ સમં બ્રહ્મ (બ્રહ્મ નિર્દોષ અને સમ છે) ઈત્યાદિ શ્રુતિ વડે, બ્રહ્મને નિવેદિત કરવાથી, નિવેદિત પદાર્થોને બ્રહ્મ સમાન નિર્દોષપણુ અને સમતા પ્રાપ્ત થાય છે એવું સમજવું.

ગંગાજીમાં ભળતા પહેલાં ગટર કે ખાળના પાણીનું વર્ણન, તેના ગુણદોષના આધારે કરવામાં આવે છે. એટલે તે ગંદુ, ગંધાતુ, અપવિત્ર જળ છે એવું તેનું વર્ણન કરવામાં આવે છે. પરંતુ ગંગાજીમાં ભળી ગયા પછી તેનું વર્ણન ગંગાજળ તરીકે જ થાય છે. એટલે કે તેને ગંગાજળ સમજીને તેને પવિત્ર, શુદ્ધ અને નિર્મળ સમજી તેમાં સ્નાન, પાન અને આચમન કરવામાં આવે છે. કેટલી બધી તર્કશુદ્ધ અને અસરકારક આ દલીલ છે !

ગ્રંથનું સમાપન કરતાં એટલું જરૂર કહી શકાય કે ‘‘પ્રભુના ચરણકમળના અંગૂઠામાંથી નીકળીને, બ્રહ્માંડ ભેદીને ભૂતલ પર આવેલ ગંગાજી સાથેના સંગથી જે રીતે બીજાં બધાં-પવિત્ર, અપવિત્ર, ગંદા, ડહોળાં, ગંધાતાં કે નિર્મળ-જળ પણ ગંગાજી જેવાં શુદ્ધ, પવિત્ર બની જાય છે તે રીતે સાક્ષાત પુરુષોત્તમ સાથે સંબંધ થતાં ચેતન કે અચેતન વસ્તુ કે પ્રાણીઓના બધા દોષોની નિવૃત્તિ થઈ તેઓ બ્રહ્મત્વ પામી જાય તેમાં શું આશ્ચર્ય !

અહીં ગ્રંથની સમાપ્તિ થાય છે. પરંતુ તેના ઉપર લખાતી ટીકાની સમાપ્તિ થતી નથી. આ ગ્રંથનું નામ છે સિદ્ધાંત રહસ્ય. તે સંસ્કૃતમાં લખાયેલો છે - તેનો અર્થ સમજીને તેને યાદ રાખવા માટે હું, તે આખા ગ્રંથનું ગુજરાતીમાં સમશ્લોકી ભાષાંતર (મોડાસા નિવાસી પ.ભ. શ્રીમથુરદાસ

લાલજીભાઈ ગાંધીએ કરેલું સમશ્લોકી ભાષાંતર) અહીં રજૂ કરું છું.

**સમશ્લોકી ભાષાંતર** (સિદ્ધાંત રહસ્યનું)

શ્રાવણે શુકલ પક્ષે ને એકાદશી મહાનિશે
કહ્યું સાક્ષાત્ ભગવાને શ્રીમદ્ વલ્લભદેવને ... (૧)
ગ્રંથસિદ્ધાંત રહસ્યે તેમણે તે કહ્યું બધું
કહું તે સાર રૂપે હું, વંદી ગુરુપદને વિષે ... (૨)
બ્રહ્મ સંબંધથી દોષો દેહના ને જીવના બધા
થશે નિવૃત્ત તે સર્વે, દોષો પાંચ પ્રકારના ... (૩)
સહજા, દેશ-કાલોત્થા, સંગના અને
સ્પર્શના તથા લોક વેદે નિરૂપેલા
ભક્તિ માર્ગે નથી માન્યા, સંબંધ બ્રહ્મનો થતાં ... (૪)
અન્યથા એ બધા દોષો, નિવૃત્ત ના થતા કદી
અસમર્પિત વસ્તુઓ તે માટે સહુ છોડવી ... (૫)
આત્મનિવેદની ભકતો અર્પે જે કાંઈ ઈશને
કરે નિર્વાહ તેનાથી, અર્પે ના અર્ધ ભુકત જે ... (૬)
દાન પાછું ન લેવાય અન્ય માર્ગ વિષે કહ્યું
ભક્તિ માર્ગે નથી માન્યું, પ્રસાદ અર્પણે થતું ... (૭)
જેમ વ્યવહાર લોકોમાં ચાલે સેવકનો બધે
સમર્પી ભકત નિજ કર્મોને, સહેજે બ્રહ્મત્વ પામશે ... (૮)
અશુદ્ધજળ ગંગામાં ભળી, ગંગાત્વ પામતાં
સમર્પણે બધાં કાર્ય તેમ બ્રહ્મત્વ પામતાં ... (૯)

આ ગ્રંથમાં જે મહામંત્રનો ઉલ્લેખ છે તે મહામંત્રને ગદ્યમંત્ર કહેવામાં આવે છે. ૮૪ અક્ષરનો એ મહામંત્ર ગદ્યમાં હોવાથી તેને ગદ્યમંત્ર નામથી ઓળખવામાં આવે છે. તેને નિવેદન મંત્ર, બ્રહ્મસંબંધનો મંત્ર વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે. પુષ્ટિ જીવોના કૃષ્ણ સાથેના અતૂટ સંબંધનો એ અદ્ભુત લેખ છે. તેમાં જીવે ભગવાન કૃષ્ણને કરેલું આત્મનિવેદન છે. જ્યાં સુધી આ મંત્ર દ્વારા દીક્ષા લેવામાં ન આવે ત્યાં સુધી વૈષ્ણવતા ન આવે;

ભગવદ્ સેવામાં અધિકાર ન મળે; બ્રહ્મ સાથે જીવનો પરિણય ન થાય.

આ મહામંત્ર સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈને શ્રીવલ્લભને આપ્યો છે. અને તે સમયે શ્રીનાથજીએ પોતે શ્રીવલ્લભ સમક્ષ પ્રતિજ્ઞા કરી છે કે ''આ મંત્ર દ્વારા જે જીવનો સંબંધ તમે મારી સાથે કરાવશો તેનો હું સ્વીકાર કરીશ. એટલું જ નહીં પરંતુ તેનો પકડેલો હાથહું કદી પણ નહીં છોડું.

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

**''ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે, હજારો વર્ષોનો સમય વ્યતિત થઈ ગયો છે; તેમ છતાં, કૃષ્ણના વિયોગને કારણે, મારા હૃદયમાં, તાપ અને કલેશનો જે આનંદ થવો જોઈએ તે, જેને થયો એવો હું –**

**હે ભગવાન કૃષ્ણ મારા દેહ, ઈન્દ્રિય, પ્રાણ અંતઃકરણ અને તે બધાના ધર્મો, અને તે ઉપરાંત, સ્ત્રી, ઘર, પુત્ર, સ્નેહીજનો, ધન, આ લોક અને પરલોક આ બધુજ, મારા આત્મા સહિત, આપને સમર્પિત કરું છું. હું દાસ છું; હે કૃષ્ણ! હું તારો છું.''**

આ ગદ્ય મંત્રના છેલ્લા પાંચ અક્ષર – **કૃષ્ણ તવાસ્મિ** – ને પંચાક્ષર નામથી પણ ઓળખવામાં આવે છે. આ ગદ્યમંત્ર દ્વારા જીવ પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરે છે. અને પંચાક્ષર દ્વારા જીવ ભગવાન કૃષ્ણ સાથેના પોતાના સ્વામી–સેવક સંબંધનો સ્પષ્ટ એકરાર કરે છે.

બ્રહ્મસંબંધના આ મંત્રના ભાવાર્થને વ્યકત કરતું એક પદ છે. તે સરળતાથી યાદ કરી શકાય તેવું છે. તેથી તે પણ અહીં રજૂ કરું છું –

**બ્રહ્મસંબંધ મંત્રના ભાવાર્થનું પદ :**

**સહસ્રો વરસ વીતી ગયાં,**
**થયો પ્રિય પ્રભુનો વિયોગ રે**
**પ્રીતમ કયારે મળે રે .... ટેક**
**ભાન સ્વરૂપનું ભૂલતાં**
**થયો તાપ કલેશ આનંદ દૂર રે ... પ્રીતમ ...**

ગુરુદેવે ભાન કરાવીયું ને
થયું સાચા સંબંધ કેરું જ્ઞાન રે ... પ્રીતમ ...
મૂળ કાપ્યાં ભવ રોગનાં
કરી અહંતા મમતા દૂર રે ... પ્રીતમ ...
અહંતા વસેલી દેહાદિમાં રે
તે અર્પીપ્રભુજીને ચરણ રે ... પ્રીતમ ...
દેહ, ઈન્દ્રિયો, પ્રાણ ને (વળી)
અંતઃકરણ, તેમના ધર્મ સહિત રે ... પ્રીતમ ...
મમતાનાં સ્થાન હવે સાંભળો
ચિત્ત રાખીને તમે સ્થિર રે ... પ્રીતમ ...
સગાં-સ્નેહી, સ્ત્રી, સૂત ને વળી
ઘર અને ધન માત્ર રે ... પ્રીતમ ...
આ લોક, પરલોક, આત્મા સહિત
ધર્યું વહાલમના ચર્ણ સમીપ રે ... પ્રીતમ ...
સર્વ સમર્પણ થયું શ્યામ શું
થયો વહાલા શું નિત્ય સંબંધ રે
પ્રીતમ મળી ગયા રે ... ટેક ...
અમે થયાં પ્રીતમનાં લાડીલાં
વહાલે નિશ્ચર્ય કર્યો અંગીકાર રે ... પ્રીતમ મળી...
આત્મ સંબંધ થયો નિજ નાથશું
થઈ અપ્રિય સંસારી રીત રે ... પ્રીતમ મળી...
દાસ તમારો (હે) નાથહું
એમ ઉચ્ચારું દિવસ ને રાત રે ... પ્રીતમ મળી...
પ્રેમી પ્રીતમ મીલન વિના
કયમ બૂઝે હ્રદય કેરી આગ રે
પ્રીતમ મળી ગયા રે.

## બ્રહ્મસંબંધ મંત્રની સમજૂતી

જીવને ભગવાન કૃષ્ણથી વિખુટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થયો. સહસ્ર પરિવત્સર એટલે માત્ર એક હજાર વર્ષ નહીં; પરંતુ અગણિત વર્ષ. પ્રભુને રમણ કરવાની ઈચ્છા થઈ અને ''ઈચ્છા માત્રેન્'' સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. જેમ અગ્નિમાંથી તણખા ઝરે તેમ કૃષ્ણમાંથી જીવો ઉત્પન્ન થયા. આમ કૃષ્ણે પોતે પોતાનામાંથી જ જીવો ઉત્પન્ન કર્યા. સૃષ્ટિના એ સર્જનકાળને માપવાનું કયું સાધન છે આપણી પાસે ? કોઈ નહીં; એટલા માટે જ 'સહસ્ર પરિવત્સર' કહ્યું છે.

આવા અપરિમિત સમયથી જીવ શ્રીકૃષ્ણથી અલગ થયો. તેને કૃષ્ણનો વિયોગ થયો. જીવ કૃષ્ણનો અંશ છે; અંશમાં અંશીના બધા ગુણો હોય. જીવમાં ભગવાનના બધા ગુણધર્મો હતા. પરંતુ કાળે કરીને તેનામાંથી આનંદ ધર્મનો તિરોભાવ થયો. તેમ થતાં ષડધર્મીપ્રભુના, એ છ ધર્મોનો પણ તિરોભાવ થયો. તે દીન અને હીન બન્યો. પરંતુ તેથી વધુ દુઃખદાયક વસ્તુ તો એ બની કે તે પોતાનું અસલ સ્વરૂપ ભૂલી ગયો. પોતે પરબ્રહ્મનું સ્વરૂપ છે, તેનો અંશ છે, એ ભુલાઈ ગયું.

આ રીતે, વિયોગ થતાં, સંયોગની દશા પુનઃપ્રાપ્ત થવી જોઈએ. ભગવાનમાંથી ઉત્પન્ન થઈ તેનાથી અલગ થયેલા જીવે ફરીથી ભગવાનમાં મળી જવું જોઈએ. પરંતુ એવું ત્યારે જ થાઈ જ્યારે તેને ઓછામાં ઓછું એટલું જ્ઞાન તો હોય જ કે તેને કૃષ્ણથી વિયોગ થયો છે.

અને વિયોગનું જ્ઞાન થાય તો વિયોગથી ઉત્પન્ન થતાં તાપ અને કલેશ પણ ઉત્પન્ન થાય. રાસલીલામાં ગોપિકાઓને શ્રીકૃષ્ણે વેણુનો નાદ કરીને બોલાવી. તેમની પરીક્ષા કરી. પરીક્ષામાં ઉતીર્ણ થતાં, તેમની સાથે લઘુરાસ લીલા આદરી. પરંતુ તેમ થતાં, જ્યારે તેમનામાં અહમ્‌નો પ્રાદુર્ભાવ થયો ત્યારે ભગવાન અદશ્ય થયા. અને એજ રીતે તેમણે ગોપીજનોને નિજ (કૃષ્ણ) વિરહ જનિત, તાપકલેશનો અનુભવ કરાવ્યો હતો.

કૃષ્ણ વિરહથી ગોપીઓને જે તાપ અને કલેશનો અનુભવ થયો હતો

તેવો તાપકલેશ જીવને ત્યારે થાય જ્યારે તેનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ ગોપીઓના પ્રેમ જેવો હોય. પરંતુ જ્યાં એ જીવ પોતાના સ્વરૂપને જ ભૂલી ગયો હોય ત્યાં એવો પ્રેમ તે કયાંથી લાવે? તેને તાપકલેશ થાય તો તે તેનું મહદ ભાગ્ય લેખાય. એવો તાપ-કલેશ થાય તો તેનામાંથી જે આનંદ ધર્મ લુપ્ત થઈ ગયો છે તેનો આવિર્ભાવ થાય.

કોઈને એમ થાય કે તાપ અને કલેશથી તો દુઃખ થાય. તેનાથી આનંદ કેવી રીતે થાય ? એનો જવાબ એક જ છે - ''ઘાયલ કી ગત ઘાયલ જાણે'' જેણે વિરહ માણ્યો હોય તે જાણે કે વિયોગમાં કેટલો આનંદ છે. પૂછો ગોપીઓને. અરે પૂછો પેલા ગજ્જન ધાવનને. વિયોગમાં જો આનંદ ન હોય અને જો તેમાં કેવળ દુઃખ જ હોય તો વિયોગનો અનુભવ કોઈ ન કરે. વિયોગમાં જો કેવળ દુઃખ જ હોય તો એવું વિયોગ-દુઃખ પોતાને મળે એવી કામના કોઈ ન કરે. અને મારા ગુરૂદેવે તો લખ્યું છે -

**યચ્ચ દુઃખં યશોદાયા નંદાદીનાં ચ ગોકુલે ।**
**ગોપીકાનાં તુ યદ્ દુઃખં તત્ દુઃખં સ્યાન્ મમ્ ક્વચિત્ ।।**

એટલે કે ગોકુલમાં શ્રીયશોદાજીને અને શ્રીનંદરાયજી વગેરે વ્રજવાસીઓને તેમજ શ્રીગોપીજનોને થયું તેવું દુઃખ કયારેક મને પણ થાઓ. એવી કામના આપશ્રીએ તો કરી છે. એ વિરહમાં પરમાનંદ પ્રાપ્ત કરાવી આપવાની શક્તિ હશે એટલા માટે જ ને !

કૃષ્ણ ગોકુળ છોડી મથુરા ગયા. પછી તો ઘણાં વર્ષે, સૂર્ય ગ્રહણ નિમિત્તે તેઓ કુરુક્ષેત્ર તીર્થમાં ગોપીકાઓને મળ્યા. એટલાં બધાં વર્ષોનો વિરહ ગોપીઓએ કેવી રીતે હૃદયમાં સંઘરી રાખ્યો હશે ? જો એ વિરહ દુઃખદાયક જ હોત તો તેનાથી તેમનો દેહ છૂટી ગયો હોત. પરંતુ એ વિરહ દુઃખદાયક ન હતો; આનંદ પ્રદાયક હતો. વિરહના એ આનંદને પોતાની મહામુલી મુડી માનીને, ગોપીજનોએ તેને પોતાના હૃદયમાં સંઘરી રાખ્યો. કૃષ્ણ વિરહનો એ આનંદ જો લૌકિક આનંદ (વિષયાનંદ) હોત તો તે દુઃખદાયક જરૂર હોત. પરંતુ તે અલૌકિક હતો. એ તો ગોપીજનોનો વિરહાનંદ હતો. કૃષ્ણપ્રેમી

વિરહીજનોનો વિરહાનંદ હતો.

આવો વિરહાનંદ જીવમાં હોવો ઘટે. પરંતુ જીવના હૃદયમાંથી તેનો તો તિરોભાવ થઈ ગયો છે. અને અનુલક્ષીને ગદ્યમંત્રમાં કહ્યું છે - **તાપકલેશાનંદ તિરોભાવઃ** એટલે કે તાપ કલેશ આનંદનો તિરોભાવ.

કૃષ્ણથી અલગ પડેલા જીવનું સ્વરૂપ ગદ્યમંત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે– **સહસ્ર પરિવત્સર મિત કાલ જાત કૃષ્ણ વિયોગ જનિત તાપ કલેશાનંદ તિરોભાવ :** અર્થાત જીવ હજારો વર્ષથી કૃષ્ણનો વિયોગ પામેલો છે. એ વિયોગને કારણે તાપ કલેશ જનિત આનંદ તેનામા હોવો જોઈએ. પરંતુ એવો આનંદ જેનામાં નથી રહ્યો એવો એ જીવ છે.

એવો જીવ એટલે 'હું' (અહમ) કૃષ્ણ એટલે 'તું' અને જીવ એટલે હું. હું અને તું નો ભેદ પ્રકટયો છે બન્ને સ્વરૂપ તો એક છે. છતાં બન્ને અલગ બની ગયા છે. કૃષ્ણ જીવને માટે તું બની ગયો છે. અને જીવ પોતાને માટે પોતે હું બન્યો છે. એવો એ હું ને સંસાર વળગ્યો. તે સંસારમાં ફસાયો. જીવનું સાંસારિક સ્વરૂપ એટલે તેનું અહંતા મમતામય સ્વરૂપ. હું એટલે અહંતા અને મારું એટલે મમતા.

બ્રહ્મસંબંધના આ મંત્ર દ્વારા, મારા સર્વજ્ઞ અને સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભે મારો સંબંધ બ્રહ્મ સાથે કરાવ્યો છે. પહેલા તો આપશ્રી જીવને તેનું અહંતા મમતામય રૂપ બતાવે છે. અને પછી અહંતા અને મમતામય બધા વિષયો કૃષ્ણને સમર્પવાની આજ્ઞા તેઓ જીવને કરે છે.

આથી જીવ હવે આગળ વધે છે. તે કહે છે, ''એવો હું, હે કૃષ્ણ, તને ત્રણ પ્રકારની વસ્તુઓ કે વિષયો સમર્પણ કરું છું.''

જીવ કહે છે, 'કૃષ્ણ' તે શ્રીકૃષ્ણ નથી કહેતો. કારણ સ્પષ્ટ છે. શ્રીકૃષ્ણ એટલે શ્રી સહિત કૃષ્ણ. એટલે કે સ્વામિનીજી શ્રીરાધા (કૃષ્ણની આહ્લાદિની શક્તિ) સહિત સ્વામી. એ છે સ્વામીનું સંયોગાત્મક સ્વરૂપ. પરંતુ આપણને અત્યારે જરૂર છે. સ્વામી કૃષ્ણના વિયોગાત્મક સ્વરૂપની - શ્રી રહિત કૃષ્ણની, એટલા માટે 'ભગવતે કૃષ્ણાય' ભગવાન કૃષ્ણ કહ્યું. એનું

કારણ એ છે કે જો જીવ બ્રહ્મથી અલગ પડયો હોય તો બ્રહ્મ પણ જીવથી અલગ થયો હોય ને ! તેથી અહીં બ્રહ્મના વિયોગાત્મક સ્વરૂપ 'કૃષ્ણ' ને જીવ વિનંતી કરે છે, ''હે કૃષ્ણ! હું તને ત્રણ પ્રકારની વસ્તુઓ સમર્પણ કરું છું.''

જીવ ત્રણ પ્રકારના એ કયા વિષયો પ્રભુ કૃષ્ણને સમર્પણ કરે છે ? યાદ રાખો. ભૂલશો નહીં; જીવને તેનું સ્વરૂપ ભુલાવી દેનાર બધા જ વિષયો તે કૃષ્ણને અર્પણ કરે છે. યથા - (૧) બધા અહંતામય વિષયો - દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ તથા એ બધાના ધર્મો (કાર્યો). (૨) બધા મમતામય વિષયો - સ્ત્રી, ઘર, પુત્ર, સંબંધીઓ, સંપત્તિ આ લોક અને પરલોક અને (૩) આત્મા (કે જે બ્રહ્મથી અલગ પડયો છે તે)

જીવના અહંતામય વિષયો ચાર છે. યથા - દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ. આપણે એ ચારેને હું સમજીએ છીએ. દેહ એટલે હું. ઈન્દ્રિયો એટલે હું; પ્રાણ અને અંતઃકરણ એટલે પણ હું. તેમના દ્વારા થતાં બધાં કાર્યો મેં કર્યા, એવું આપણે કહી શકીએ છીએ. તેથી આપણી એ અહંતા દૂર કરવા માટે એ ચારેને તેમના ધર્મ (કાર્યો) સહિત કૃષ્ણને અર્પણ કરવાં.

**પ્રથમ દેહ –** પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ (તેજ) આ પાંચ તત્ત્વોનું બનેલું એ પુતળું છે. તેને દેહ કહે છે. દેહ જતાં એ પંચમહાભૂતો પોતપોતાનામાં ભળી જશે. પૃથ્વી માટીમાં, જળ જળમાં, વાયુ વાયુમાં, અગ્નિ અગ્નિમાં અને આકાશ અવકાશમાં લય પામી જતાં કશું બાકી નહીં રહે. હું જતું રહેતાં શૂન્ય બાકી રહેશે. આ રીતે, આપણો આ દેહ અહમ્ (અહંતા) નો પહેલો વિષય છે. હે કૃષ્ણ – તે તને સમર્પણ.

**પછી ઈન્દ્રિયો –** તે દશ છે; પાંચ કર્મેન્દ્રિયો યથા વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ. અને પાંચ જ્ઞાનેન્દ્રિયો યથા આંખ, કાન, નાક, જીભ અને ત્વચા. હે હરિ ! તે તને સમર્પણ.

**ત્રીજું પ્રાણ –** શરીરના જુદા જુદા ભાગોમાં જુદા જુદા પ્રકારના વાયુ રહે છે તેને પ્રાણ કહે છે. તે જુદા જુદા કાર્યો કરે છે. એવા વાયુ દસ પ્રકારના છે. યથા - (૧) પ્રાણવાયુ - હૃદયમાં રહે છે અને ઊંચે ગમન કરે છે, (૨)

અપાન વાયુ - ગુદામાં રહે છે અને નીચે ગમન કરે છે, (૩) વ્યાન વાયુ - આખા શરીરમાં રહે છે, (૪) ઉદાન વાયુ - કંઠમાં રહે છે, (૫) સમાન વાયુ - નાભિમાં રહે છે, (૬) નાગ વાયુ - જઠરમાં રહીને પાચનનું કાર્ય કરે છે, (૭) કુર્મ વાયુ - આંખની પાંપણ ઉઘાડ-બંધ કરવાનું કામ કરે છે, (૮) કુકલ વાયુ-ભૂખ લગાડે છે, (૯) દેવદત્ત વાયુ - બગાસુ લાવી ઊંઘ પ્રેરે છે, (૧૦) ધનંજય વાયુ - આખા શરીરમાં વ્યાપીને તેને ગતિ આપે છે.

આ દસે પ્રકારના વાયુ પણ હે કૃષ્ણ ! તને સમર્પણ.

**ચોથું અંતઃકરણ :** અંતઃકરણ ચાર પદાર્થોનું બનેલું હોય છે - (૧) મન, (૨) બુદ્ધિ, (૩) ચિત્ત અને (૪) અહંકાર. મન સંકલ્પ-વિકલ્પ એટલે કે સારા-ખોટા વિચારો કરે છે. બુદ્ધિ મનના સારા-નરસા વિચારોને આચરણમાં મુકવાની સલાહ આપવાનું કાર્ય કરે છે, ચિત્ત - મન અને બુદ્ધિ એ મળીને જે નિર્ણય કર્યો હોય તેને અમલમાં મુકવાનું કાર્ય (વૃત્તિ) ચિત્ત કરે છે.

અને અહંકાર એ તો જીવનું અભિમાન પોતે છે. જે કાંઈ થાય છે તે હું જ કરું છું એવી ભાવનાને તે પોષે છે. હે કૃષ્ણ, એ બધાં તને સમર્પણ.

અને છેલ્લે **તદ્ ધર્માનિ** એટલે કે એ ચારેયનાં કર્મો (ધર્મો) હે પ્રભુ, મેં તને દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ એ ચારેય અર્પણ કર્યા. એ તેના ધર્મો (તેના દ્વારા થતાં કાર્યો) પણ તને અર્પણ કરું છું. દેહનાં કાર્યો છે - કામ, ક્રોધ, હાસ્ય, રુદન આદિ વિકારો - એ બધા વિકારોનું સમર્પણ હું તને કરું તો એ પણ તારામય બની જાય. પછી તો હે નાથ! હું તારામય બનેલા એ દેહ વડે ભગવદ્ સેવા કરી શકું. વાણી દ્વારા તારા ગુણગાન કરું, કોઈની નિંદા ન કરું. હાથ દ્વારા હરિ, ગુરુ, વૈષ્ણવની સેવા કરું. પગ દ્વારા સેવાના સ્થળે જાઉં. મંદિરે જઈ દર્શન પણ કરું. હાથ-પગ દ્વારા તારી સેવા ત્યારે જ થાય જ્યારે તે તને સમર્પિત થયાં હોય. અને તારાં બની ગયાં હોય. ગુદા અને ઉપસ્થ દ્વારા, મળ-મૂત્રનો ત્યાગ કરીને, શરીરને નિરોગી રાખીને, મારા શરીરને સદા તારી સેવાને યોગ્ય રાખું. મારો દેહ સદા તારી સેવા કરવા તત્પર રહે; તેનામાં રોગ કે આળસ ન આવે. જો તે રોગથી પીડાય તો તે તારી સેવાથી વિમુખ બની જાય. એટલા

માટે હે કૃષ્ણ – મારી આ પાંચેય કર્મેન્દ્રિયો તને સમર્પણ કરું છું.

**હવે જ્ઞાનેન્દ્રિયનાં કર્મો –** મારી બધી જ્ઞાનેન્દ્રિયો અત્યારે તો વિષયભોગમાં મસ્ત બનેલી રહે છે. પરંતુ તને સમર્પિત થતાં તે ભગવદ્ ભક્તિમાં મસ્ત બની રહેશે. પછી તો હું આંખ દ્વારા તારાં દર્શન કરીશ; તારા સ્વરૂપને જોઈ આનંદ પામીશ. કાન દ્વારા તારી કથા અને કીર્તન સાંભળીશ. નાક દ્વારા તારી સેવામાં રાખેલ પદાર્થો સુગંધયુકત છે કે નહીં તેની ચકાસણી કરીશ; અને માત્ર સુગંધયુકત પદાર્થોનો જ તારી સેવામાં ઉપયોગ કરીશે. તને ભોગ ધરવાની સામગ્રી સરસ અને સુગંધીદાર છે કે નહીં તે જાણીશ. તે સામગ્રી બળી ગયેલી, બગડી ગયેલી કે દુર્ગંધ વાળી હશે તો હું તેને ફેંકી દઈશ અને નવી સામગ્રી સિદ્ધ કરીશ.

જીભ દ્વારા તારાં ગુણગાન કરીશ. તારે માટે સિદ્ધ કરાયેલ સામગ્રી ઉત્તમ પ્રકારની છે કે નહીં, તે નાક વડે નહીં સમજાય ત્યારે જીભ દ્વારા ચાખીને તેની ખાતરી કરીશ. જો હું એવું કરું તો હે નાથ! તેને અસમર્પિત કે સામિભૂકત ન સમજીશ.

અને ચામડી દ્વારા (ત્વચા દ્વારા), બધી સામગ્રી તને અનુકુળ આવે એવી છે કે નહીં તે જોઈ લઈશ. ગરમ સામગ્રીથી તું દાઝી ન જાય તે હું જોઈશ. કામ વિષયનું સુખ ભોગવીશ. પરંતુ તારી સેવામાં ઉપયોગી થાય તેવા બાળકો ઉત્પન્ન કરવા માટે જ તેમ કરીશ. મારા વિકારોને પોષવા માટે હું કામ સુખ ભોગવીશ નહીં.

આ રીતે દેહનાં અને ઈન્દ્રિયોનાં તમામ કાર્યો તને અર્પણ કરવાથી, તે બધાં પવિત્ર બની જશે. અને અપવિત્ર કાર્યો હું કરીશ નહીં. કારણ કે દેહ અને ઈન્દ્રિયો તેને સમર્પિત કરેલ હોઈ, એ બધી ઉપર તારોજ અધિકાર છે. મારા આનંદ કે સુખ ખાતર હું તેનો ઉપયોગ નહીં કરું. હે નાથ, તે બધાંનો ઉપયોગ હું તારા સુખને ખાતર (તત્સુખાય) કરીશ.

**પ્રાણના કાર્યો :** હે પ્રભુ ! મારા દસે પ્રકારના પ્રાણ (વાયુ) દ્વારા જે જે કાર્યો થાય છે તે બધાં પણ તને સમર્પણ. બધા વાયુ તારી ઈચ્છાને આધિન

તો છે જ, પરંતુ તને સમર્પિત થતાં હવે તે બધા તારી ઈચ્છા પ્રમાણે જ ચાલે એવું હું ઈચ્છીશ. સુખ મળે કે દુઃખ, રોગી મળે કે નિરોગી (શરીર) – એ બધુ તારી ઈચ્છા પ્રમાણે છે એવું માનીને હું તે દુઃખસુખ આદિને સહર્ષ સ્વીકારીશ.

અંતે **અંતઃકરણના કાર્યો :** આ બધુ તને સમર્પણ કર્યા પછી મારું અંતઃકરણ શુદ્ધ બની જશે. હવે તે ખોટા વિચારો નહીં કરે. કેવળ સેવોપયોગી મનોરથો જ કરશે. તને સમર્પિત થતાં નિર્મળ બનેલ મારી બુદ્ધિ મારી પાસે સારાં કાર્યો જ કરાવશે. વૈષ્ણવ ગાયત્રીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે, **''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસિદતુ''** અર્થાત બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણનાં ચરણકમળ પ્રસન્ન થાવ. મેં મારી બુદ્ધિ તો તને સમર્પિત કરી. તેને હવે તું સદા પ્રેરણા આપજે. તેમ થતાં, તારી પ્રેરણા પામેલી મારી બુદ્ધિ મને સત્કાર્યો કરવા પ્રેરશે.

મારા ચિત્તમાં તારું મનમોહક રૂપ હશે. તેથી મારું ચિત્ત ભગવદ્ સેવામાં લાગેલું રહેશે. અને અહંકારને કારણે હવે હું એમ નહીં માનું કે ''હું જ બધુ કરું છું'' મારું કર્તાપણાનું અભિમાન હવે દૂર થશે. બધું તું જ તારી ઈચ્છા પ્રમાણે કરે છે. હે કૃષ્ણ ! મારા અંતઃકરણનાં (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનાં) કાર્યો તને સમર્પિત.

આ પ્રમાણે અહંતાના બધા વિષયો સમર્પિત કર્યા પછી, મમતાના બધા વિષયો સમર્પિત કરવાના છે.

મમતાનો પહેલો વિષય છે **'દારા'** એટલે પત્ની આ શબ્દ સાપેક્ષ છે. સાપેક્ષ એટલે જેના હોવાથી બીજી કોઈ વસ્તુ હોવાની અપેક્ષા રહે તે. દારા કહો એટલે તેની અપેક્ષાએ પતિ હોવો જોઈએ. તેથી દારાનું સમર્પણ કરવાનો ભાવ આ પ્રમાણે છે. પુરુષ દારાનું સમર્પણ કરે ત્યારે તે પોતાની પત્નીનું સમર્પણ કરે છે પરંતુ સ્ત્રી જ્યારે દારાનું સમર્પણ કરે ત્યારે તેનો ભાવ આ પ્રમાણે હોય છે – દારા એટલે હું જેની દારા છું એવો મારો પતિ. સ્ત્રી અને પુરુષનું અભેદ મનાયેલું છે. અને સ્ત્રી ભાવનો લય પુરુષમાં થતાં બધા જીવોને પુરુષ માનવામાં આવેલા છે. પુરુષનો પુરક જીવ એટલ સ્ત્રી, તેની પત્ની. જો સ્ત્રી પુરુષના રૂપે

રહે તો પુરુષથી ભગવદ્ સેવા ઉત્તમ રીતે થાય. પરંતુ જો સ્ત્રીનો વિષયભોગ માટે ઉપયોગ થાય તો ભગવદ્ સેવામાં બાધા આવે. તેથી સૌ પ્રથમ તો જેને હું મારી પત્ની માનું છું તે તને સમર્પણ. જેને હું મારું માનું છું તે બધામાં મને સૌથી વધુ મમતા વળગી હોય તો તે મારી સ્ત્રીમાં. તેથી સૌથી પહેલા 'દારા' નું સમર્પણ.

પછી **આગાર** એટલે ઘર : શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ગૃહં સર્વાત્મના ત્યાજ્ય. એટલે સર્વાત્મભાવપૂર્વક ગૃહનો ત્યાગ કરવો. એનો અર્થ એવો નથી કે ઘર છોડી વનમાં ચાલ્યા જવું. એનો અર્થ એવો છે કે ઘરમાં ભગવાન બિરાજે છે. તેથી ઘરનો ઉપયોગ ભગવદ્ સેવા માટે કરવો. ઘરમાં આસક્તિ ન રાખવી. તેથી હે પ્રભુ, એ ઘર પણ તને સમર્પિત.

પછી **પુત્ર** – પુત્ર શબ્દ પણ સાપેક્ષ છે, પુત્ર શબ્દ બોલો એટલે તેની અપેક્ષાએ પિતા હોવો જોઈએ. તેથી જ્યારે નાનાં બાળકો પુત્રનું સમર્પણ કરે ત્યારે તેનો ભાવ આ રીતે સમજવો.

''હું જેનો પુત્ર છું એવા મારા પિતાનું હું સમર્પણ કરું છું.''

આ રીતે વિચારતાં સ્ત્રી-બાળકોને પણ બ્રહ્મ સંબંધ કરાવતી વખતે દારા કે પુત્રનું સમર્પણ કરવામાં વાંધો નથી. એટલે બધાં સંતાન. સંતાનની જરૂર છે પ્રભુસેવામાં મદદરૂપ તેઓ થાય તે માટે. પરંતુ હે પ્રભુ મેં તો વિષયાસકત બનીને સંતાન પેદા કર્યા છે. હવે શું કરવું ? તો કે એ બધાં સંતાન પ્રભુને સમર્પિ દેવાં. જો તેઓ તારી સેવામાં મદદરૂપ થશે તો તારા પ્રસાદ રૂપે તેમની સાથે હું સંબંધ રાખીશ અને પ્રભુ સેવામાં તેમને પ્રયોજીશ, નહીં તો તેનો ત્યાગ કરીશ. તેથી હે પ્રભુ, પુત્ર પણ તને સમર્પિત.

પછી **આપ્ત** એટલે કુટુંબીજનો. તેઓ સેવા કાર્યમાં મદદ ન કરે તેવાં હોય તો ભલે. પરંતુ ઓછામાં ઓછું તેઓ સેવાકાર્યમાં વિક્ષેપ ન પાડે તેવાં હોવા જોઈએ. તેઓ જાતે સેવાકાર્યમાં સહાયક ન બને તો પણ મને સેવાકાર્ય કરવામાં સગવડ આપે તેવાં હોવા જોઈએ. હું સેવા કરીશ. તેઓ મને સેવામાં બાધક ન બને અને સેવા કાર્યમાં સગવડ આપે એવાં હોય તો બસ. તેઓ એવાં

ક્યારે બને ? જો તેઓ પણ તારાં બને તો. તેથી હે પ્રભુ, મારાં એ આપ્તજનોનું પણ તને સમર્પણ કરું છું.

હવે **વિત્ત :** વિત્ત એટલે ધન. ધન તે જ મને આપ્યું છે. પરંતુ અવિદ્યાથી પ્રેરાઈને હું તેને મારું માની બેઠો છું. તેનો ઉપયોગ હું મારા સુખને માટે કરું છું. હવે મારા ગુરુદેવે મારી આંખ વડેના અજ્ઞાનનાં પડળ દૂર કર્યાં છે. ત્યારે મને સમજાય છે કે તે તારું ધન છે. તો પછી, ''તેરા તુજકો અર્પણ, ક્યા લાગે મેરા'' – તારું છે તે તને સમર્પણ એમાં હવે મારું કશું નથી. હું હવે તેનો વહીવટકર્તા છું. હવે હું તેનો ઉપયોગ તારી આજ્ઞા પ્રમાણે, તારી પ્રેરણા પામીને, તારી સેવાના કાર્યમાં અથવા સેવોપયોગી લોકિક અને વૈદિક કાર્યોમાં અને હરિ, ગુરુ, વૈષ્ણવને માટે કરીશ. તેથી તે ધન તને સમર્પણ.

**ઈહ** એટલે આ લોક – આ લોકમાં આવીને હું પ્રતિષ્ઠા, માન, મોભો, સ્થાન આદિ મેળવવા પ્રયત્ન કરતો હતો. તેમાં મારો ભાગ્યોદય છે એવું હું માનતો હતા. પરંતુ ગુરુ કૃપાથી સાચું જ્ઞાન થવાથી તે બધાની અનિત્યતા મને સમજાઈ ગઈ છે. તેથી તે (ઈહ) તને સમર્પણ. મારે તો તારું આપ્યું જોઈએ છે; તારું કાપ્યું જોઈતું નથી. આપવું હોય તો તું આપ; નહીં તો તારી પાસે રાખ. હું હવે તારી પાસે પણ નહીં માગું. હું તો નિશ્ચિંત બનીને તારી સેવા સુમિરન કરીશ. આ લોકમાં જો માનમોભા જેવી કોઈ વસ્તુ મને આપવા જેવી તને લાગે તો, તે તું સિદ્ધ કરાવી આપજે. બીજા દ્વારા મળે તે મને ન ખપે. તેથી પ્રભુ મારો આ ઈહ (લોક) તને સમર્પણ.

**અપરાણી એટલે પરલોક –** મારે પરલોકની ચિંતા શા માટે કરવી ? મારે નથી જોઈતું સ્વર્ગ કે નથી જોઈતો મોક્ષ. વૃત્રાસુરની માફક મારે પણ કહેવું જોઈએ કે – તું ના મળે તો નથી ઈન્દ્ર થાવું, નથી થવું પૃથ્વીપતિ નરેશ. તારા વિના સિદ્ધિ મને ખપેના, ને મોક્ષની લેશ મને સ્પૃહા ના ! અને હું તે ભારપૂર્વક કહું છું. મારા આ લોક અને પરલોકનો સ્વામી તું છે. તું મારો હાથ પકડ. બ્રહ્મસંબંધ થતાં, મારા દોષ નિવૃત્ત થવાના. પછી મારી લૌકિક જીવો જેવી ગતિ નહીં જ થાય. બ્રહ્મસંબંધ થતાં હું તારા જેવો નિર્દોષ બનવાનો. હું બ્રહ્મત્વ પામવાનો. બ્રહ્મત્વ પામનારને પરલોક પામવાની ઈચ્છા હોય ખરી ? મારે

પરલોકની ચિંતા નથી. મારું એ પરલોક તને સમર્પિત.

આ રીતે, જીવે પોતાના અહંતા તથા મમતામય પદાર્થો, વિષયો અને વસ્તુઓ તેમ જ તે બધાંનાં કાર્યો પ્રભુને સમર્પિ દીધાં. હવે શું બાકી રહ્યું ? રહ્યો એક પેલો વિયોગી જીવાત્મા.

અને તે તો કૃષ્ણમાંથી ઉદ્ભવ્યો છે ને ? પરંતુ એ વાત તે ભૂલી ગયો છે. હવે તેને એ વાત યાદ આવી ગઈ. તારા અંશ રૂપ, એ આત્મા પણ તારો જ છે. તેથી 'આત્મના સહ સમર્પયામિ'. હે નાથ! ઉપર્યુકત અહંતા મમતામય બધા વિષયોને, મારા આત્મા સહિત, હું તને સમર્પિત કરું છું. હવે મારું કહેવાય એવું કશું મારું રહેતું નથી. અરે ''હું'' નો પણ નાશ થઈ ગયો છે. સર્વસ્વનું સમર્પણ થતાં 'હું' કયાં રહ્યો. હવે રહ્યો છે માત્ર 'તું'. એક માત્ર 'તું' બાકી રહ્યો છે. હવે એકલો 'તું' બાકી રહ્યો છે. પહેલાં પણ એકલો 'તું' જ હતો ને ? હવે જીવાત્માના આત્મા સમર્પણ પછી પણ 'તું' જ રહીશ - 'તું' એટલે પુષ્ટિ જીવ માત્રનો સ્વામી. હે સ્વામી, મારા આત્માનો પણ સ્વીકાર કરી લે.

આ ગદ્યમંત્ર દ્વારા જીવ ત્રણ વસ્તુઓનું સમર્પણ કરે છે. એ ત્રણ મળી તેનું સર્વસ્વ બને છે. એ ત્રણે વસ્તુનું સમર્પણ કરવાથી તે પોતાના સર્વસ્વનું સમર્પણ કરે છે. તે નથી દાન કરતો; તો નથી વિધિપૂર્વક અર્પણ કરતો. તે સમર્પણ કરે છે. - **ત્વદીય વસ્તુ ગોવિંદ તુભ્યમેવ સમર્પયે !** આવું છે સમર્પણનું સ્વરૂપ.

બ્રહ્મસંબંધ કરતી વખતે, હાથમાં તુલસીપત્ર લઈ આપણે અગ્નિ (ગુરુદેવ શ્રીવલ્લભ) ની સાક્ષીએ કહીએ છીએ, ''હે સ્વામી, આ બધું તારું જ છે. અજ્ઞાનથી મેં તેને મારું માન્યું હતું. ગુરુકૃપાથી મારી આંખ ઊઘડી ગઈ છે. તેથી હું જોઈ શકું છું કે તે બધું તારું છે. તેથી એ બધું હું તને સમર્પણ કરું છું.

અને પ્રભુને સમર્પિત કરેલ બધી વસ્તુઓનો વિનિયોગ જીવે પ્રભુના સુખ, સેવા માટે કરવાનો છે. અલબત્ત સ્વામી પ્રસાદીરૂપે જે આપે તેનો ઉપયોગ સેવક કરી શકે. સ્વામી પોતાના ઊતરેલાં વસ્ત્રો, અલંકાર, ભોજ્ય પદાર્થ આદિ નિજ સેવકને આપે તો તેને પ્રભુની પ્રસાદી સમજીને તેનો ઉપયોગ

સેવક જરૂર કરે. પરંતુ પ્રભુની પ્રસાદી રૂપ એ વસ્તુનો દુરુપયોગ તે કદી ન કરે.

આ બધી વસ્તુઓ કૃષ્ણને સમર્પિત કરી. પરંતુ તે કૃષ્ણના કયા સ્વરૂપને સમર્પિત કરી તે બતાવવા માટે, શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલ, શ્રીગોકુલનાથજીએ ''ભગવતે કૃષ્ણાય'' પછી ''શ્રીગોપીજન વલ્લભાય'' શબ્દો મુકયા છે. શ્રીકૃષ્ણે શ્રીવલ્લભને ઉપદેશેલ ગદ્યમંત્રમાં એ શબ્દો નથી. શ્રીવલ્લભે 'દમલા' ને આપેલ મહામંત્રમાં એ શબ્દો ન હતા. પરંતુ શ્રીગોકુલનાથજીના સેવકો એ શબ્દો ગદ્યમંત્રમાં મૂકે છે, અને એ શબ્દો સહિત ગદ્યમંત્ર બોલે છે. મૂળ ગદ્યમંત્રમાં એ શબ્દો નથી એટલી સ્પષ્ટતા કરી લેવાની જરૂર છે. જેથી વૈષ્ણવો ગુંચવાડામાં ન પડે. આ રીતે સમર્પણ પુરું થયું. પરંતુ હજુ મંત્ર પુરો થયો નથી. સમર્પણ થતાં હવે જીવ કેવો બને છે ? અહંતા મમતાથી નિવૃત્ત થયેલો જીવ હવે પોતાને કૃષ્ણનો દાસ સમજે છે. તેથી તે કહે છે, **''દાસોડહમ''** એટલે કે હું તારો દાસ છું. તાત્પર્ય એ કે પહેલાં હું મારી જાતને માલિક સમજતો હતો. પરંતુ તે મારી ભૂલ છે. હું માલિક નથી. હું તો દાસ છું. દાસ છું અને તે પણ તારો દાસ છું. હે કૃષ્ણ હવે હું તારો છું - **કૃષ્ણ તવાસ્મિ.**

ગદ્યમંત્રમાં છેલ્લે આવે છે 'પંચાક્ષર મંત્ર' તેનો સમાવેશ ગદ્યમંત્રમાં કરવામાં આવ્યો છે.  તે તેનું મહત્ત્વ સમજાવે છે. નિવેદિત જીવ કહે છે, **''કૃષ્ણ તવાસ્મિ''** હું તારો છું. તેમાં કેટલી દીનતા છે ? કેટલી આર્જવતા છે? કેટલો તાપ છે ? હું તારો છું; હે કૃષ્ણ. હું તારો છું. તારા શરણમાં આવેલ હું તારો છું. હું તારો છું; બીજા કોઈનો નથી - **ન ચાસ્મિ પરસ્પ** (શ્રીહરિરાયજી મહાપ્રભુજીના આ શબ્દો, અનન્યાશ્રય દઢ કરતા શબ્દો છે) હે નાથહું તારો છું. તારે શરણે છું. તારો દાસ છું. મારો સ્વીકાર કર. મને તારી શરણમાં રાખ. ફરી પાછો હું મારી જાતને ભૂલી ન જાઉં તે જો જે. એટલે કે હું તારો છું - મને તારોજ રાખજે. મને ફરીથી અહંતા મમતામય બનવા ન દઈશ. મારું કશું નથી. હું પણ મારો નથી. શું કરું પ્રભુ ? હું તારો છું બીજા કોઈનો નથી. દોષથી ભરેલો હોઉં તો પણ તારો છું. મારો સ્વીકાર કર. મને તરછોડીશ નહીં.

આવો છે સંપૂર્ણ સમર્પણનો ભાવ, આ તો જીવે દીનતાપૂર્વક કરેલું આત્મસમર્પણ છે. હવે કશું બાકી ન રહ્યું. જીવને તેનો સ્વામી પ્રાપ્ત થઈ ગયો. તેનો બ્રહ્મની સાથે સદાનો સંબંધ, અતૂટ સંબંધ બંધાઈ ગયો. બ્રહ્મની સાથે તે લગ્નની પવિત્ર ગાંઠે બંધાઈ ગયો અને તે પણ અગ્નિની (વલ્લભની) સાક્ષીએ. સ્વામી બન્યો કૃષ્ણ અને જીવ બની તેની દાસી. અને તેમ થતાં જીવ પ્રેમલક્ષણા ભક્તિમાં દીક્ષિત થઈ ગયો.

સિદ્ધાંત રહસ્ય ગ્રંથ વાચતાં એક પ્રશ્ન ઉદ્‌ભવે છે અને તે એ કે આ સમર્પણ મંત્રને કયા શાસ્ત્રનો આધાર છે. અલબત્ત સાક્ષાત ભગવદા પ્રોકતં હોવાથી તેને કોઈ શાસ્ત્રના આધારની કે પ્રમાણની જરૂર નથી. છતાં તેનાં કેટલાંક પ્રમાણો શ્રીભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવતમાં છે. તે જાણી લેવાં જરૂરી છે. ગીતા પણ સાક્ષાત્ ભગવદા પ્રોકતં છે અને ભાગવત તો સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે, એ યાદ રાખો. તાત્પર્ય એ કે આ સમર્પણ મંત્રને શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત અને સ્વયં ભગવદ્ આજ્ઞા, એ ત્રણેનો આધાર છે.

**(૧) શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૯મા અધ્યાયના ૨૭મા શ્લોકમાં –**

જે કરે, ભોગવે, વા જે જે હોમે, દાન જે કરે
આચરે તપને વા, જે કરે, કર અર્પણ તે મને ।

**(૨) ગીતાજી અધ્યાય ૯ના શ્લોક ૩૪માં કહ્યું છે –**

મન ભક્તિ મને અર્પ, મને પૂજ, મને નમ ।
મને જ પામશે આવા યોગથી મત્પરાયણ ।

**(૩) ગીતાજી અધ્યાય ૧૨ના શ્લોક ૧૪માં કહ્યું છે –**

યોગી, સદા સંતોષી, જીવાત્મા દઢ નિશ્ચયી ।
મન બુદ્ધિ મને અર્પ્યા તે મદ ભકત મને પ્રિય ।

એ જ રીતે શ્રીમદ્ ભાગવતના અગિયારમાં સ્કંધના ૨, ૩, ૧૧ અને ખાસ કરીને ૧૯ માં અધ્યાયમાં સમર્પણની આ ભાવનાને પૂરેપુરં અને કયાંક તો શબ્દશઃ સમર્થન સાંપડે છે એ વાત આગળ અમે કહી છે. અલબત્ત સૌથી મોટું વજનદાર પ્રમાણ તો શ્રીમદાચાર્યચરણના પોતાના શબ્દો છે. આપશ્રી કહે

છે, ''સાક્ષાત્ ભગવાને ભાખ્યું, તે અક્ષરશઃ કહું'' નિવેદિત જીવે નિત્ય કૃષ્ણ સેવા કરવી. સેવામાં - (૧) ગદ્યમંત્ર ઉચ્ચારીને તુલસીપત્ર પ્રભુના ચરણમાં સમર્પવું. (૨) ત્રણ, પાંચ, સાત કે નવ માળા આ ક્રમમાં ફેરવવી. પ્રથમ અષ્ટાક્ષર મંત્રની માળા, પછી પંચાક્ષર મંત્રની માળા અને પછી અષ્ટાક્ષર મંત્રની માળા. આ ક્રમમાં ત્રણ, પાંચ, સાત, નવ, જેટલી માળા ફેરવી શકાય તેટલી ફેરવવી. (૩) પોતાના સેવ્ય સ્વરૂપની સન્મુખ કૃષ્ણાશ્રયનો પાઠ કરવો. અને માર્ગમાં બતાવ્યા પ્રમાણે અષ્ટપ્રહર સેવા કરવી.

**– જયશ્રીકૃષ્ણ**

# ૬. નવરત્નમ્

ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુ જરેણવઃ ।।
સ્વીયાનાં તાન્નિ જાચાર્યાન્ પ્રણમાપિ મુહુર્મુહુઃ ।।૧।।
ચિન્તા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।।
ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।।૧।।
નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્ જનૈઃ ।।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૨।।
સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ ।।
અતો-ઽન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ।।૩।।
અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્ ।।
યૈઃ કૃષ્ણ-સાત્કૃત-પ્રાણૈઃ તેષાં કા પરિદેવના ।।૪।।
તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।।
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।૫।।
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાઽખિલાઃ ।।૬।।
સેવાકૃતિર્ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા ।।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ।।૭।।
ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્-યત્ કરિષ્યતિ ।।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ।।૮।।
તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ।।
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ ।।૯।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતો નવરત્નગ્રન્થઃ સંપૂર્ણ ।।

***

ષોડશ ગ્રંથોમાંનો છઠ્ઠો ગ્રંથ છે નવરત્નમ્. શ્રીમદાચાર્યચરણે એ ગ્રંથની રચના ગોવિંદ દૂબે માટે કરી છે. એમ કહોને કે દૂબેજીના મિષે, આપશ્રીએ નિવેદી જીવોને (જેણે આત્મસમર્પણ કર્યું છે એવા જીવોને), કોઈપણ પ્રકારની

લૌકિક અથવા એવા વિષયક અલૌકિક ચિંતા ન કરવાની આજ્ઞા કરી છે. અને જો તેવી ચિંતા થાય તો તેમાંથી મુક્તિ કેવી રીતે મળી શકે તે સમજાવ્યું છે.

**પ્રસંગ :** ખેરાળુ નિવાસી ગોવિંદ દુબે શ્રીમહાપ્રભુજીના સેવક બન્યા. બ્રહ્મસંબંધ કરાવી નિવેદી જીવ બન્યા. શ્રીવલ્લભે તેમના માથે સેવા પધરાવી અને ઠાકુરજીની સેવા પુરા ભાવથી કરવાની આજ્ઞા કરી. ગોવિંદ દુબે સેવા તો કરતા; પરંતુ સેવામાં તેમનું મન ચોટતું નહીં. તેથી સાચી સેવા (ચેતસ્તત પ્રવણં સેવા) ન થતી. આથી, સેવા ન થયા બાબતની ચિંતા તેમના મનમાં સદા બની રહેતી. અને દુબેજીનું મન વ્યગ્ર રહેતું. આથી તેમણે પોતાની માનસિક વ્યગ્રતાની હકીકત આચાર્યશ્રીને લખી જણાવી. તેથી, તેમના મનના સમાધાન માટે આચાર્યશ્રીએ નવરત્નમ્ ગ્રંથની રચના કરી અને તે ગ્રંથતેમને મોકલી આપ્યો. આપશ્રીએ આજ્ઞા કરી કે ''આ ગ્રંથનો નિત્ય પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા દૂર થશે.'' દુબેજીએ તેમ કર્યું. તેનું શીઘ્ર અને સંતોષકારક પરિણામ આવ્યું. શ્રીમદાચાર્યચરણની કૃપાથી તેમની માનસિક વ્યગ્રતા દૂર થઈ અને તેમનું ચિત્ત ભગવદ્ સેવામાં લાગી ગયું.

આ રીતે જોતાં, આ ગ્રંથ, નિવેદિત જીવોની લૌકિક કે અલૌકિક, હર કોઈ પ્રકારની ચિંતાને દૂર કરવા માટેનો રામબાણ ઈલાજ છે એમ સમજવું. ચિંતા કોણે ન કરવી ? તો કે નિવેદિત જીવે ન કરવી. નિવેદિત જીવ કો'ને કહેવાય એ તો સિદ્ધાંત રહસ્યમાં કહેવામાં આવ્યું છે. પોતાના અહંતા મમતામય બધા પદાર્થો, આત્મા સહિત પ્રભુને સમર્પિને, જે પ્રભુનો દાસ બન્યો છે એવા જીવને નિવેદી જીવ કહેવાય. અને એવા જીવે ચિંતા ન કરવી એવું નવરત્નમાં કહ્યું છે. એટલા માટે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પછીના ક્રમે નવરત્ન ગ્રંથ આવે છે.

નવરત્ન ગ્રંથનું વિષય-વસ્તુ આ પ્રમાણે છે -

જે જીવે, શ્રીવલ્લભ દ્વારા, શ્રીઠાકુરજીને આત્મનિવેદન કર્યું છે એવા જીવે કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી. બ્રહ્મસંબંધ થતાં જીવ તદીયત્વ પામે છે. તેણે આત્મનિવેદન કર્યું છે; તેણે પોતાના સર્વસ્વનું સમર્પણ પ્રભુને કર્યું છે.

તેથી તેની પાસે તેનું કહેવાય એવું કશું રહેતું નથી. તો પછી તેને શાની ચિંતા કરવી ? તેને નથી દેહની ચિંતા કરવાની કે નથી સંતતિ કે સંપત્તિની ચિંતા કરવાની. સ્ત્રી સ્વાસ્થ્ય, સામાજિક દરજ્જો આદિ લૌકિક વિષયોની ચિંતા પણ તેને કરવાની રહેતી નથી. કારણ કે તેણે તો એ બધુ ઠાકોરજીને સમર્પિ દીધું છે. હવે તે કોઈપણ વસ્તુ ઉપર (સ્વત્વ) માલિકી ધરાવતો નથી. હકીકત એ છે કે તે માલિક મટી ગયો છે અને સેવક બની ગયો છે. અને સેવકને ચિંતા શાની ?

સેવકને ચિંતા કરવાની ન હોય. તેના માથે તેનો સ્વામી બિરાજે છે. નિજ સેવકના યોગક્ષેમની ચિંતા પણ તે કરશે. તેના સ્વામી, ભગવાન કૃષ્ણે, પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કેઃ

**અનન્યા શ્ચિતયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુકતાનાં યોગક્ષેમં વહામ્યમ્ ।।** (૯ ।૨૨)

એટલે કે અનન્ય ચિત્તથી જે જીવ મારી ઉપાસના કરે છે તેવા જીવના યોગક્ષેમનું વહન હું કરું છું. જો એમ છે તો એવા જીવે (નિવેદી જીવે) કોઈપણ પ્રકારની ચિંતા કરવાની રહેતી નથી.

તેમ છતાં એવું બને કે અને લૌકિકમાં એવું બને પણ છે કે સ્વામીને અસંખ્ય સેવકો હોય; તે બધાના યોગક્ષેમનો વહન કરવાની તેનામા શક્તિ ન હોય; તો પછી પોતાના યોગક્ષેમને વહન કરવાની ચિંતા સેવકે પોતે કરી લેવી પડે. પરંતુ નિવેદી જીવનો સ્વામી, પુષ્ટિ સ્વામી શ્રીકૃષ્ણ છે. અને તે **'સમર્થો હિ હરિઃ સ્વતઃ'** એટલે કે તે સર્વ સમર્થ છે. તે પોતાના સેવકોનું હિત કરતો આવ્યો છે; કરે છે અને કરશે જ. આવું સમજીને જે તેનો બન્યો હોય તેણે કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી.

એવું પણ બને કે સેવક આત્મનિવેદન કરે; પરંતુ આત્મનિવેદન કર્યા પછી. એટલે કે પોતે સર્વસ્વનું સમર્પણ કર્યા છતાં, પોતે કરેલ સમર્પણની ભાવના પ્રમાણેનું વર્તન તે કરી શકતો નથી અને હજુ પણ તેના મનમાં પોતે સમર્પિત કરેલ વસ્તુઓ (દારાગારાદિ)માં સ્વત્વ (પોતાનું હોવાપણું) નો ભાવ દેખાય છે. તો તે બાબતની ચિંતા તેને થાય એ સ્વાભાવિક છે. આવા પ્રકારની

ચિંતાના નિવારણ અંગે પણ આ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે; એટલું જ નહીં પરંતુ બધા પ્રકારની ચિંતાઓને સમૂળી દૂર કરવાનો સર્વશ્રેષ્ઠ ઈલાજ, સતત અષ્ટાક્ષરનો જાપ જપવો તે, પણ આ ગ્રંથમાં બતાવ્યો છે.

આત્મનિવેદન કરનાર જીવનું કર્તવ્ય એક જ છે અને તે પ્રભુસેવા. **ધર્માપ્યેકમ્ તસ્ય દેવસ્ય સેવા ।** શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કરેલ આ આજ્ઞાને શ્રીજગન્નાથજી સન્મુખ બનેલ પ્રસંગના સંદર્ભમાં વિચારવી. શ્રીમદાચાર્યચરણે પ્રભુ શ્રીજગન્નાથજીના પ્રમેય બળથી નિઃશંકપણે સાબિત કરી આપ્યું છે કે :

**એકમ્ શાસ્ત્રમ્ દેવકી પુત્ર ગીતમ્, એકોદેવો દેવકી પુત્ર એવ ।**
**મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેકં સ્તસ્ય દેવસ્ય સેવા ।।**

સૌ કોઈ જાણે છે કે આ શ્લોક શ્રીજગન્નાથજીએ પોતે લખી આપેલ છે. તેમાં કહ્યું છે કે જીવનો ધર્મ એક જ છે અને તે દેવકી પુત્ર રસેશ્વર ભગવાન કૃષ્ણની સેવા. શ્રીમહાપ્રભુજીએ તેથી તો આજ્ઞા કરી છે, ''કૃષ્ણ સેવા સદા કાર્યા.'' એટલા માટે દૃઢતાથી સમજી લો કે જીવનું એક માત્ર કર્તવ્ય કૃષ્ણસેવા છે.

અને સેવા એટલે 'ચેતસ્ત પ્રવણં સેવા' - ચિત્તને પ્રભુમાં (પ્રભુના સ્વરૂપમાં) પરોવી દેવું તેનું નામ સેવા. પ્રભુમાં ચિત્ત પરોવવાનું ક્યારે શકય બને ? જ્યારે અન્ય બધી વસ્તુઓમાંથી જીવની આસક્તિ છુટે ત્યારે અને ત્યારે જ જીવનું ચિત્ત પ્રભુમાં પરોવાય; અન્યથા નહીં.

પરંતુ આવી સેવા ઘણી કષ્ટ સાધ્ય છે. સામાન્ય જીવ એવી કષ્ટ સાધ્ય સેવા કરી ન શકે. તે સેવા તો કરે પરંતુ સેવા કરતાં, તેનું ચિત્ત ભટકતું રહે, અન્યમાં લાગેલું રહે. તે સમયે, જો તે જીવ સાત્ત્વિક પ્રકારનો હોય તો તેને આ બાબતની ચિંતા થાય. તે વિચારે કે મારું એક માત્ર કર્તવ્ય પ્રભુસેવા છે. પરંતુ મારાથી મારા કર્તવ્યનું પાલન થઈ શકતું નથી. તો મારે શું કરવું ? એવા જીવને આ પ્રકારની ચિંતા થાય, જેમ ગોવિંદ દૂબેને થઈ હતી તેવી.

આવી ચિંતા એ ઘણો ઉત્તમ ભાવ છે. એવા ઉન્નત ભાવથી ભરેલી ચિંતાને લક્ષ્યમાં લઈને, શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથની રચના કરી અને તેમાં

સૌથી પહેલાં આજ્ઞા કરી કે :-

**ચિંતા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।**
**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।।**

**અર્થાત્ :** જેણે પોતાનો આત્મા (આત્મા અને આત્મિય પદાર્થો) પ્રભુને નિવેદિત કર્યા છે એવા જીવે કોઈપણ પ્રકારની ચિંતા કયારેય પણ ન કરવી. જીવ પુષ્ટિસ્થ એટલે કે પુષ્ટિમાં રહેલો (કૃપાપાત્ર) છે. તેથી ભગવાન પણ તેની લૌકિક ગતિ નહીં કરે. (પછી ભલેને તેનામાં મર્યાદામાર્ગનાં વૈરાગ્ય આદિ સાધનો ન હોય).

આપશ્રી આજ્ઞા કરે છે કે નિવેદિત જીવે કદી ચિંતા ન કરવી. તેણે લૌકિકની તો નહીં, પરંતુ અલૌકિકની પણ ચિંતા ન કરવી; કોઈપણ સ્વરૂપે, કોઈપણ કારણે ચિંતા ન કરવી. પરંતુ યાદ રાખો, આપશ્રીની આ આજ્ઞા નિવેદિત જીવ માટે જ છે. જેણે આત્મનિવેદન કર્યું નથી તેવા જીવો માટે આ આજ્ઞા નથી.

તેનુ કારણ સ્પષ્ટ છે. તેમ આત્મનિવેદન કર્યું એટલે તમે તમારા સર્વસ્વનું સમર્પણ કરી દીધું. હવે તમારો દેહ, પ્રાણ, દારા, આગાર, વિત્ત અને આત્મા સહિત તમારું સર્વસ્વ તમારું ન રહ્યું. તે બધુ સ્વામી શ્રીકૃષ્ણનું બની ગયું છે. તમે તો ''દાસોઽહમ્, કૃષ્ણ તવાસ્મિ'' કહીને કૃષ્ણના દાસત્વનો એકરાર કર્યો છે અને, **''કૃષ્ણના દાસ કદી ન થાય ઉદાસ''** એ ઉક્તિ પ્રમાણે તમારે હવે ચિંતા કરવાનું કે ઉદાસ થવા માટેનું કોઈ કારણ રહેતું નથી. એટલું જ નહીં તમારા જેવા નિવેદીત જીવની લૌકિક ગતિ પણ કદી થવાની નથી. કારણ કે તમારા સ્વામી શ્રીકૃષ્ણે તમારો હાથ પકડયો છે. પોતે પકડેલો તમારો હાથ, તે કયારેય નહીં છોડે. વળી તે સમર્થ છે; તે અલૌકિક છે. તેથી તમારો હાથ પકડયા પછી, તે તમારી લૌકિક ગતિ થવા નહીં દે. અલૌકિક એવા શ્રીકૃષ્ણ તમારો હાથ પકડે, પછી તમારી લૌકિક ગતિ ન જ થાય એ તો સાદી સમજની વાત છે.

મહાપ્રભુજીની ઉપર્યુકત આજ્ઞા સ્પષ્ટ છે અને જીવે તે સમજી લેવાની

જરૂર છે. તેમાં બે વાત કહેવામાં આવી છે. એક તો એ શું તમે નિવેદિત જીવ છો ? જો, હા, તો તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. બીજું એ કે શું તમે નિવેદન કરીને, પુષ્ટિ પથ ઉપર તમારો પગ માંડયો છે ? જો, હા. તો હવે પુષ્ટિ સ્વામી પણ તમારી લૌકિક ગતિ નહીં કરે, એવો વિશ્વાસ રાખો.

જીવને ચિંતા થાય માત્ર એક વાતની. અને તે એ કે મેં મારું સર્વસ્વ પ્રભુને અર્પણ કરી દીધું છે; હું તેનો દાસ બની ગયો છું. તો હવે કોઈપણ કારણે (બહાને) પ્રભુ મારી લૌકિક ગતિતો નહીં કરે ને ! અલૌકિક એવું આત્મનિવેદન કર્યા પછી, જો જીવની લૌકિક ગતિ થવાની હોય તો આત્મનિવેદન કર્યાનો શો અર્થ ? તેથી જીવની ચિંતા એટલી જ કે તેની લૌકિક ગતિ ન થવી જોઈએ.

અને તેની આ ચિંતાના શમન માટે શ્રીમહાપ્રભુજીએ તેને સ્પષ્ટ કહી દીધું છે કે તું આવી ચિંતા ન કરીશ. તેં તો આત્મસમર્પણ કર્યું છે, તું તેનો સેવક બન્યો છે; હવે તે તારો સ્વામી બન્યો છે. અને તે પુષ્ટિસ્થજીવનો સ્વામી છે. તેથી તે તારી લૌકિક ગતિ નહીં કરે તેવી શ્રદ્ધા રાખ, ચિંતા ન કરીશ.

તમે કહેશો કે પ્રભુ તો કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથા કર્તુમ્ છે. તે બધું કરી શકે છે તો પછી મારી લૌકિક ગતિ શા માટે ન કરી શકે ? અરે ભલા ભાઈ, ભગવાન જો તારી લૌકિક ગતિ કરવા ચાહે તો તે જરૂર તેમ કરી શકે છે. પરંતુ તે તેમ નહીંજ કરે. એવું કહેવા માટે મારી પાસે બે કારણો છે. પહેલું કારણ છે જીવગત્ અને બીજું કારણ છે ભગવદ્ગત્.

જીવગત્ કારણ એ છે કે જીવ નિવેદિત આત્મા છે. તેણે નિવેદન કર્યું તેથી હવે તેનામાં કોઈપણ પ્રકારની અહમ્, મમ્ની ગ્રંથી રહી નથી. અહમ્ અને મમની ગ્રંથીઓ તો લૌકિક છે. તે લૌકિક ગ્રંથીઓ જતાં હવે તે નિર્મળ હૃદયનો બન્યો છે. અહંતા મમતાથી તે પર બન્યો છે. તો પછી તેની લૌકિક ગતિ કેવી રીતે થાય ?

શ્રીગુસાંઈજી આ વાત બીજી રીતે સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે નિવેદિત જીવે પ્રભુમાં એવો વિશ્વાસ રાખવો જોઈએ કે તેણે નિવેદનના કરેલા

અંગીકાર માત્રથી જ પ્રભુ તેનું સર્વસ્વ સિદ્ધ કરશે. ભકતને માટે બ્રહ્માસ્ત્ર ચાતક ભાવ આવશ્યક છે. શ્લોકમાં જે નિવેદિતાત્મ પદ છે તેનો આશય આવો સમજવો. જે જીવનો પ્રભુમાં દૃઢ વિશ્વાસ ન હોય તે જીવ નિવેદન કરે તો પણ તે નિવેદિતાત્મ જીવ ન કહેવાય. અને જો તેને પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ હોય તો તેનું નિવેદન સાર્થક બનતાં, તે નિવેદિતાત્મ કહેવાય. તેથી પ્રભુમાં ચાતક વત્ વિશ્વાસ હોવા માત્રથી જ તેને ખાત્રી થઈ જવી જોઈએ કે તેની લૌકિક ગતિ નહીં થાય.

ભગવદ્ ગત કારણ : એટલે કે જેનો સંબંધ ભગવાન સાથે છે તેવું કારણ : ભગવાન ઐશ્વર્યાદિ ગુણોથી યુકત છે. તેથી જીવમાં જે વસ્તુનો અભાવ હોય તે વસ્તુ તેને આપીને તેને પૂર્ણ કરશે. અને જે પૂર્ણ છે તેની ગતિ લૌકિક ન થાય.

આ જ વાત બીજી રીતે સમજતાં તે આ રીતે સમજાય. પ્રભુનો એ ખાસ ધર્મ છે અને તે છે પ્રભુનો 'અંગીકૃત પાલન' નો ધર્મ. પ્રભુ જેનો અંગીકાર કરે તેનું પાલન કરશે એ તો અલૌકિક ધર્મ છે. તે જે જીવનો અંગીકાર કરે છે તેના દોષાદિકનો વિચાર ન કરતાં, તે તેની ઉત્તમ (અલૌકિક) ગતિ પ્રાપ્ત કરાવી આપે છે. ભગવાને પોતે કહ્યું છે કે જે ભકત બીજું બધું છોડીને એક માત્ર મારું જ ચિંતન કરે છે, તે જીવનો યોગક્ષેમ હું વહન કરું છું. અને તેને કૃતાર્થ કરું છું. પ્રભુ જેનો યોગક્ષેમ વહન કરે તેની લૌકિક ગતિ ન થાય.

તેમ છતાં એવું બને કે કયારેક જીવની પરીક્ષા કરવા અથવા તેને તેના પ્રારબ્ધનો ભોગ કરાવવા માટે પ્રભુ તેને દુઃખ આપે. તેથી તેની યોગક્ષેમ સાધવામાં વિલંબ થાય. એવું થાય ત્યારે પણ જીવે તે બધાં દુઃખ ધૈર્યથી સહન કરીને ચિંતા ન કરવી. 'કયારેય ન કરવી' એવો અર્થ 'કદાપીતિ' પદથી સૂચવવામાં આવ્યો છે.

એ વાત નિર્વિવાદપણે સાચી છે કે ભગવાન પોતાનાં અધિકારી (જે ભગવાનની અનન્ય ભાવે સેવા કરે તે પ્રભુના ભકત કહેવરાવવાના અધિકારી છે.) ભકતોના બધા મનોરથો પૂરા કરે છે. અને તેના યોગક્ષેમનું વહન કરે છે. તેના લૌકિક અને ભગવદીય અર્થ (પુરુષાર્થ) પૂર્ણ કરાવે છે. પરંતુ ભગવાનની

ભક્તિ કરનાર બધા ભક્તો અધિકારી નથી હોતા. કેટલાક અનધિકારી પણ હોઈ શકે. તેવા ભક્તોને ચિંતા થવી જોઈએ કે નહીં ?

એ પ્રશ્નના જવાબમાં આપશ્રી આ શ્લોકનો ઉત્તરાર્ધ કહી સંભળાવે છે – **''ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્''** – ઉત્તર સ્પષ્ટ છે. ભલેને તે જીવ હીનાધિકારી હોય. તે પુષ્ટિસ્થ(પુષ્ટિ પથપર ચાલનાર, કૃપાપાત્ર) તો છે ને? તેણે નિવેદન તો કર્યું છે ને ? અને ભગવાન પોતે પણ પુષ્ટિસ્થ(કૃપાળુ–પુષ્ટિમાં સ્થિત) છે. તે કૃપાનો કરનાર છે. તેથી તે એવા હીનાધિકારીની પણ લૌકિક ગતિ નહીં થવા દે. એવું સમજી તે હીનાધિકારીએ પણ ચિંતા ન કરવી. તેને જરૂર છે એક માત્ર પ્રભુમાં અતૂટ શ્રદ્ધાની.

મર્યાદામાર્ગમાં, જે જીવમાં વૈરાગ્ય આદિ ગુણો હોય, તેવા જીવોએ, પોતાના એ ગુણોને કારણે પોતાની લૌકિક ગતિ નહીં થાય એવું સમજીને તેમણે ચિંતા ન કરવી. પુષ્ટિમાર્ગમાં, જીવોમાં એવા વૈરાગ્યાદિ ગુણો ન હોય તો પણ તેણે પુષ્ટિપ્રભુમાં વિશ્વાસ રાખવાનો છે. તેના પ્રભુએ તેના નિવેદનને સ્વીકારી લીધું એટલું જાણવું તેના માટે પુરતું છે. એવું સમજી તેણે ચિંતા ન કરવી. નલકુબેર અને મણિગ્રીવ વિષયાસકત હતા. તેઓ સંસારથી વિરક્ત ન હતા. પરંતુ નારદજી જેવા પ્રભુના પરમ ભકતને તેમને શાપ રૂપે વરદાન આપી તેમનો સ્વીકાર કર્યો. તે વરદાનના પ્રભાવે, નિજ ભકત નારદજીના શબ્દોને સત્ય કરવા માટે. પુષ્ટિસ્થપ્રભુ નલકુબેર અને મણિગ્રીવ પાસે ગયા. અને તેમની લૌકિક ગતિ ન થઈ. તેમની મુક્તિ થઈ. નારદજી દ્વારા તેમના ઉપર ભગવદ્ કૃપા ઊતરી જો જીવ આ રીતે, પ્રભુમાં દઢ વિશ્વાસ રાખી, પ્રભુ સેવા કરે તો તેને ચિંતાનું કારણ ન રહે.

પરંતુ જો જીવને, દુઃખ, કલેશ આદિ નિરંતર થતા રહે તેનો શું તેને વિશ્વાસ ડગી ન જાય ? ન ડગવો જોઈએ. તેનો વિશ્વાસ ચાતક સમાન હોય તો તે ન ડગે. આવા સમયે તેણે પ્રભુમાં અવિશ્વાસ ન કરતાં, એવું વિચારવું કે આવાં દુઃખ આપીને પ્રભુ તેને તેના પ્રારબ્ધનો ભોગ કરાવે છે. પ્રારબ્ધ ભોગ ભોગવીને તેને શુદ્ધ બનાવીને પ્રભુ તેને સ્વીકારી લેશે. આવું સમજીને હિંમત ન હારતાં, સાક્ષીવત દુઃખ સહન કરવાં અને દુઃખ મળવા માટે થતી ચિંતા ન

કરવી. ચિંતા છોડો, પ્રભુમાં દઢ વિશ્વાસ રાખો. મેઘ-ચાતક સમાન. તમારી લૌકિક ગતિ નહીં જ થાય તેની ખાત્રી રાખજો.

પરંતુ જો જીવ ચિંતા રહિત બની જાય તો કદાચ એવું પણ બને કે કાળે કરીને તે સ્વચ્છંદે વર્તન કરે ને બહિર્મુખ બની જાય. તો તે માટે શું કરવું? આ શંકાના સમાધાન માટે આચાર્યશ્રી આજ્ઞા કરે છે -

**નિવેદનં તુ સ્મર્તવ્યાં સર્વથા તાદશીર્જનૈઃ ।**
**સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।**

**અર્થાત્ :** એટલે કે આવી શંકાના નિરાકરણ માટે તેવા જીવે તાદશીય જનોની સાથે બેસી, નિવેદનનું સ્મરણ કરવું. સર્વના નિયંતા અને સર્વના આત્મારૂપ એ પરમાત્મા સઘળું નિજેચ્છાથી કરશે.

અહીં એવું કહ્યું કે જીવને બહિર્મુખતા ન આવે અને તે પ્રભુ ઉપર સદા વિશ્વાસ કરતો રહે એટલા માટે તેણે તાદશી જનની સાથે બેસી હંમેશા નિવેદનના ભાવનું સ્મરણ કરવું. તેમ કરતાં નિવેદનનો ભાવ દઢ થશે. બહિર્મુખતા દૂર થશે; પ્રભુની કૃપાનો અનુભવ થશે અને ચિંતા કરવાનું કોઈ કારણ નહીં રહે. આ છે શ્રીમદાચાર્યચરણે બતાવેલ ચિંતા નિવારણનો એક ઉત્તમ માર્ગ. રોજેરોજ આત્મનિવેદનનું સ્મરણ કરતા રહેવાથી, સર્વસ્વ સમર્પણની ભાવના હંમેશા તાજી રહેશે. પોતે સેવક છે. અને કૃષ્ણ તેનો સ્વામી છે. એ ભાવના વ્રજ લેપ સમી બની રહેશે અને તેને ચિંતા કરવા માટે કોઈ કારણ નહીં રહે.

આ લોકમાં શ્રીમદાચાર્યચરણે બીજી પણ એક વાત બહુ સ્પષ્ટતાથી કહી છે. અને તે એ કે સર્વનો આત્મા અને સર્વનો સ્વામી એવો પ્રભુ, બધુ પોતાની ઈચ્છા પ્રમાણે કરે છે, અને કરશે. તેથી તમારું ધાર્યુ ન થાય તો ચિંતા ન કરશો. તમે ચિંતા કરશો તેથી શું તે પોતાની ઈચ્છાની વિરુદ્ધ જઈને તમારું કાર્ય સિદ્ધ કરશે ? હરગીઝ નહીં. તે તો પોતે જે કરવા ઈચ્છે છે તે જ કરશે. જો આમ છે તો પછી નિરર્થક ચિંતા શા માટે કરવી ?

**ચિત્ત તુ શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.**
**ધણીનો ધાર્યો મનસુબો હર, બ્રહ્માથી નવ ફરે.**

વૈષ્ણવો જો આ શ્લોકનો ભાવ (મર્મ) સમજી જાય તો તેઓ ચિંતાનો સર્વથા ત્યાગ કરે. અને જીવ દ્વારા થતી લૌકિક ચિંતાનો પ્રશ્ન હંમેશ માટે ઉકલી જાય.

ગો.શ્રીપુરુષોત્તમજી આ હકીકત બહુ સારી રીતે સમજવે છે. આપશ્રી કહે છે કે, ‘‘આત્મનિવેદન એક સંસ્કાર છે. જે રીતે જીવે ઉપનિત આદિ સંસ્કારો કરવાના હોય છે તે રીતે ભગવદીય જીવે આત્મનિવેદન સંસ્કાર કરવો જરૂરી છે. એ સંસ્કાર કર્યા પછી જ, જીવને પ્રભુસેવાનો અધિકાર મળે છે. નિવેદન કર્યાથી જીવને સમજાય જાય છે કે હું હવે પ્રભુનો સેવક બન્યો છું. તેથી પ્રભુની સેવા એ જ મારું પ્રધાન કર્તવ્ય છે. સેવા એ આત્મનિવેદીનો પ્રધાન ધર્મ છે. પોતાના એ ધર્મનું તેને સતત અનુસંધાન થતું રહે તે માટે તેણે કોઈ ભગવદીયની સાથે તેનું સ્મરણ કરયા રહેવાની જરૂર છે.

વાસ્તવમાં, સેવા જ જીવનું પ્રધાન કર્તવ્ય છે. પરંતુ કયારેક શરીર અશકત બને અથવા અન્ય કોઈ સંજોગોમાં જીવ સેવા ન કરી શકે ત્યારે પણ પોતાના મનથી તે નિવેદનનું સ્મરણ તો જરૂર કરી શકે. અને તેણે તે કરવું જ જોઈએ. એનો અર્થ એ થયો કે નિવેદન કર્યા પછી, જીવે – (૧) પ્રભુસેવા અને (૨) પોતે કરેલ નિવેદનનું નિત્ય સ્મરણ કરતા રહેવાનું છે. અને સેવા ન થઈ શકે એવી પરિસ્થિતિમાં તેણે નિવેદનનું સ્મરણ તો કરવું જ. જો તેમ નહીં કરવામાં આવે તો જીવમાં આસુરભાવ પ્રવેશવાની શકયતા છે.

શ્લોકમાં સર્વેશ્વર અને સર્વાત્મા શબ્દો છે. પ્રભુ સર્વનો ઈશ્વર છે અને તે સર્વનો આત્મા પણ છે જ. તેથી તે સૌનું કલ્યાણ કરશે. જીવે સર્વસ્વનું સમર્પણ કરીને તેના બદલામાં તેણે પ્રભુને પોતાનો બનાવી લીધો છે. આવો સોદો કરવો સારો. કારણ કે જીવ પ્રભુને પોતાનો બનાવી લે તો પ્રભુ તેને પોતાનો બનાવી લેશે તેમાં લેશ માત્ર શંકા નથી. તે નિવેદી જીવનું સ્વામિત્વ સંભાળી લેશે. સ્વામી બનીને તે સેવકનું હિત કરશે તેથી પ્રભુના સેવક બનેલ

જીવે ચિંતા કદી ન કરવી.

ચિંતા ન કરવી - અરે ! સ્વહિત માટે જીવે પ્રભુને પ્રાર્થના પણ ન કરવી. પ્રભુ સર્વનો આત્મા છે. તે સર્વના મનની વાત જાણે છે. તેથી તે જીવની બધી ઈચ્છાઓનો જાણકાર છે. વળી તે હંમેશા જીવનું હિત જ વિચારે છે. તેથી જો તેને લાગે કે જીવની ઈચ્છા પૂરી કરવામાં તે જીવનું કલ્યાણ સમાયેલું છે તો તે, જીવની પ્રાર્થના પ્રમાણે કરશે. પરંતુ જો તેમ કરવામાં જીવનું અકલ્યાણ થાય તેવું હશે તો તેની પ્રાર્થના નકારી કાઢશે. ટૂંકમાં જીવ પ્રાર્થના કરે તો પણ જેમાં જીવનું અહિત હશે તેવું પ્રભુ કદી નહીં કરે. નિજેચ્છાનો આવો અર્થ છે.

જીવ પોતાના લૌકિક સ્વામીને પ્રાર્થના કરે. પરંતુ તેનો તે લૌકિક સ્વામી, પોતાના સેવકનું કલ્યાણ શામાં છે તે જાણતો ન હોવાથી, તે કદાચ જીવની પ્રાર્થના સ્વીકારશે. પરંતુ એવું બને કે તેનાથી જીવનું હિત થવાને બદલે અહિત થઈ જાય. પરંતુ પુષ્ટિસ્થજીવોનો સ્વામી લૌકિક નથી. તે સર્વજ્ઞ છે અને સમર્થ છે. વળી તે સર્વનો આત્મા હોઈ, જીવની પ્રાર્થના, તેના કહ્યા સિવાય, તે જાણી લે છે. તે સર્વાત્મા હોવાથી, વગર કહ્યે, તે જીવના હૃદયની વાત જાણી લે છે. તેમ છતાં -

તે જીવની ઈચ્છા પ્રમાણે કરતો નથી; તે ભકતની ઈચ્છાની ઉપેક્ષા કરે છે. તેને ખબર છે કે જીવની ઈચ્છાની પૂર્તિ થતાં તે દ્વારા તેનું અહિત થશે. એવું જાણીને તે ભકતની પ્રાર્થનાનો સ્વીકાર કરતો નથી. જ્યારે આવું થાય ત્યારે આપણે આપણી ઈચ્છાને પુનઃ આગળ ન ધરતાં, તેને બદલે પ્રભુની હિતકારક ઈચ્છાને આધિન થવું. અને પ્રભુથી વિમુખ ન થવું. જીવે સમજી લેવું કે મારા પ્રેય (ઈચ્છા)માં મારું શ્રેય નથી. મારી ઈચ્છા પૂરી કરવા સમર્થ એવો મારો સ્વામી તે પૂરી કરતો નથી કારણ કે તેમ કરવું એ મારું ઈષ્ટ નથી એવું મારો સર્વજ્ઞ સ્વામી જાણે છે.

પ્રભુ સર્વજ્ઞ, સર્વ સમર્થ અને સર્વેશ્વર તથા સર્વાત્મા છે. એવું સમજીને શ્રીમદાચાર્યચરણે, ''વિવેકધૈર્યાશ્રય'' ગ્રંથમાં આજ્ઞા કરી છે, **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત.''**- અર્થાત્ પ્રાર્થના કરવાથી શું વળે ?

પ્રાર્થના કરવી એટલે સ્વામીના નિર્ણયમાં સંશય કરવો તે. પરંતુ સ્વામી તો નિર્ણય (ઈચ્છા) જીવ માત્રના કલ્યાણ માટેનો જ હોય છે. જો તેમાં સંશય થાય, તો સંશયાત્માનો વિનાશ થાય.

આથી સિદ્ધ થયું કે લૌકિક કે અલૌકિકની પ્રાપ્તિ માટે જીવે પ્રભુને પ્રાર્થના ન કરવી. વિના પ્રાર્થના કરે તે જાણે છે કે તમારે શું જોઈએ છે. અને તમારે જે જોઈએ છે તે આપવા તે સમર્થ છે. પરંતુ પોતાની સર્વજ્ઞતાથી તે જોઈ શકે છે કે તમારી એ ઈચ્છા પૂરી કરતો નથી. જો તે પ્રમાણે થાય તો માતા બાળકને મારે તો બાળક જે રીતે માતાને વળગી રહે છે તે રીતે, તમારી ઈચ્છાની પૂર્તિ ન થાય ત્યારે તમે તેને જ વળગી રહો, અને પ્રભુ સેવા તથા નિવેદનનું સ્મરણ કરતા રહો. એ જ તમારું પ્રધાન કર્તવ્ય છે.

ઉપર કહ્યા પ્રમાણે નિવેદી જીવે, લૌકિક, અલૌકિક અને સેવા સંબંધી ચિંતા ન કરવી, એ બાબત પહેલા બે શ્લોકો દ્વારા સાબિત કરવામાં આવી. પરંતુ સમર્પિત દેહાદિનો વિનિયોગ લૌકિક-સ્ત્રી પુત્રાદિકમાં થઈ જાય તો સ્વધર્મની હાનિ થાય એવું વિચારીને જો જીવ ચિંતા કરે તો શું કરવું ? ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

**સર્વેષાં પ્રભુ સંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।**
**અતોઽન્ય વિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોઽપિચેત્ ।।**

**અર્થાત્** : પ્રભુનો સંબંધ સર્વને એક સાથે જ થયો છે; અલગ અલગ નહીં. સ્ત્રી-પુત્ર, સ્નેહીજનો, આદિનો પ્રભુ સાથે અલગ અલગ સંબંધ થયો નથી. નિવેદનની એ સ્પષ્ટ મર્યાદા છે. તેથી દેહાદિનો, અન્ય નિવેદિત વસ્તુઓ જેવી કે પોતે નિવેદી છે. તો તે બધાં પણ નિવેદી થઈ ગયાં છે. પ્રભુએ તે સઘળાંનો સ્વીકાર, તેં નિવેદન કર્યું તે સમયે જ, તારા સ્વીકારની સાથોસાથ કર્યો છે. એવું સમજી ચિંતા ન કરીશ.

સમજવાનું એ છે કે જીવે આત્મનિવેદન કર્યું. તેણે પોતાનું સર્વસ્વ, દારા, આગાર, પુત્ર, આપ્ત, વિત્ત આદિ બધુ પ્રભુને સમર્પિત કર્યું. તેથી હવે એ બધાનો વિનિયોગ પ્રભુ સેવામાં કરવાનો છે. પરંતુ તે બધી વસ્તુઓનો

વિનિયોગ પ્રભુ સેવામાં કરવાને બદલે, તેમનો વિનિયોગ પરસ્પરમાં થાય છે. શરીર પ્રભુને સમર્પ્યું છેઃ પરંતુ એ શરીરની બધી ઈન્દ્રિયો દ્વારા ભગવદ્ સેવા થતી નથી. પોતાના દેહનો ઉપયોગ તે સ્ત્રી-પુત્રાદિકમાં કરે છે. વિત્તનો ઉપયોગ પ્રભુ સેવાને બદલે સ્ત્રી-પુત્રાદિકને સુખ આનંદ આપવા માટે થાય છે. તો હવે શું કરવું ? જીવને માટે આ અને આવા બીજા ઘણા ચિંતાના વિષય ઉદ્‌ભવે છે. આ છે તો સાત્વિક ચિંતા. અને આવી ચિંતા કેવળ ભગવદિયોના મનમાં જ ઉદ્‌ભવે. કારણ કે આત્મનિવેદનનો સાચો અર્થ તે લોકો જ સમજતા હોય છે. તેથી તેમને આવી ચિંતા થાય તે સ્વાભાવિક છે. તો શું તેણે આવી ચિંતા કરવી? આચાર્યશ્રીની આજ્ઞા છે કે ન કરવી - ચિંતા કાપિ ના કાર્યા.

હે જીવ ! તેં તો આત્મસમર્પણ કર્યું. તારા સ્વામીએ તેનો સ્વીકાર કર્યો. તેણે તારા સર્વસ્વનો અંગીકાર કર્યો. હવે એ બધું તેનું છે; અને તેનું છે તે બધું તે સંભાળશે. તો પછી 'ચિત્ત તુ શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.' તારી સેવામાં પ્રતિબંધ આવે તો તે પ્રતિબંધ આપનાર તે છે. તે સમર્પિત કરેલી વસ્તુઓનો પરસ્પરમાં વિનિયોગ થાય તો તે તેની જ ઈચ્છાથી થાય છે. બધુ તેની ઈચ્છા પ્રમાણે થાય છે. તું તારા સેવકભાવનો નિર્વાહ કર અને ચિંતા છોડી દે.

તારે તો તેં કરેલ નિવેદનનું સ્મરણ ભગવદીયો સાથે કરવાનું છે. બાકીનું બધું તેં સંભાળી લેશે. તેનું છે અને તે સંભાળશે. તે સંભાળનાર તું છે કોણ ? તું તો તેનો દાસ છે; તે સ્વામી છે અને તે સર્વ સમર્થ છે. તેથી આવી સાત્વિક ચિંતા કરવાનું પણ તું છોડી દે; ચિંતા કાપિ ન કાર્યા.

યાદ રાખ કે તેં સમર્પેલા બધા જ પદાર્થો પ્રભુને સરખી રીતે સમર્પિત થયેલા છે. તેમાં ન્યૂનાધિકતા નથી. તારો દેહ પ્રભુને આખોને આખો સમર્પિત થયો હોય અને દારા કે વિત્ત અંશતઃ સમર્પિત થયું હોય એવું હરગીઝ નથી. બધુ જ એક સાથે પૂરેપૂરું સમર્પિત થયું છે. તેથી પ્રભુનું એ વિત્ત, તેં સમર્પેલ તારો એ દેહ કે જે હવે પ્રભુનો થઈ ગયો છે. તેના ઉપયોગમાં આવે તો તેમ પ્રભુની ઈચ્છાથી થાય છે એવું સમજી ચિંતા ન કરીશ. એ જ રીતે તારા દેહનો ઉપયોગ સ્ત્રી-પુત્રાદિ માટે થાય તો તે પણ પ્રભુની ઈચ્છાથી થાય છે એવું સમજીને ચિંતા

કાપિ ન કાર્યા.

તારો ધર્મ તો માત્ર પ્રભુની સેવા કરવાનો છે. તું સેવા કર. બધી ચિંતા છોડીને તું તારું મન તેનામાં પરોવી દે. તેં સમર્પેલા બધા પદાર્થોનો પરસ્પરમાં વિનિયોગ થાય તો પણ તે તારા સેવાના કાર્યમાં બાધા રૂપ ન થવો જોઈએ. કારણ કે - (૧) જો તેં એ બધુ ભાવપૂર્વક પ્રભુને સમર્પિત કર્યું છે અને (૨) એ સમર્પણનું સ્મરણ તું દરરોજ ભગવદીયોની સાથે કરતો હોય તો તારા મનનો અને તારી ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનું કાર્ય તારો સ્વામી કરશે. તારા મનનો નિરોધ કરવાનું કાર્ય ગમે તેટલું કષ્ટ સાધ્ય હશે તો પણ તે કરશે. એવું વિચારી તું ચિંતા ન કરીશ.... ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ।

યાદ રાખ, આત્મનિવેદન કરીને તું જેટલે અંશે ભગવાનનો બન્યો છે. તેટલે જ અંશે તારી ગણાતી એ બધી વસ્તુઓ પણ ભગવાનની બની ગઈ છે. તેમ કરવામાં, જીવે આત્મનિવેદન કર્યું તેથી તે મુખ્ય છે એવું સમજીને તેને પ્રભુનો સંબંધ વધારે થયો અને તેણે સમર્પિત કરેલા દેહાદિક પદાર્થોને ગૌણ ગણીને, તે બધાંને પ્રભુનો સંબંધ ઓછો થયો એવું માનવાનું નથી. પ્રભુ સાથેના એ સઘળી વસ્તુઓના સંબંધમાં ન્યુનાધિકતા નથી જ નથી. જો તે બધી વસ્તુઓને પ્રભુ સાથે ન્યૂનાધિક સંબંધ હોત તો એટલે કે બધાનો ન્યૂનાધિક અંગીકાર કરવામાં આવ્યો હોત તો, તે બધી વસ્તુઓના પરસ્પર વિનિયોગથી દોષ થાત. પરંતુ તેવું નથી. પ્રભુએ તો તે બધાનો સંપૂર્ણપણે અંગીકાર કર્યો છે. તેથી સેવાના અનવસરના સમયે અનિષિદ્ધ પ્રકારથી સ્ત્રી-પુત્રાદિકમાં પોતાના દેહાદિકનો વિનિયોગ થઈ જાય તો, સેવા કરવા રૂપી તારા ધર્મમાં કશી હાની નહીં થાય. કારણ કે બધું પ્રભુને સમર્પેલું હોવાથી તે બધાને ભગવદીયપણુ સિદ્ધ થયેલું છે. તેથી તેમના પરસ્પરના વિનિયોગથી - ચિંતા કાપિ ન કાર્યા.

હે જીવ ! કદાચ તું એવું વિચારે કે શું ચેતન (દેહ, ઈન્દ્રિય આદિ) અને અચેતન (વિત્ત, આગાર) એ બન્નેનું એક બીજા કરતાં વધુ ઓછું મહત્ત્વ નથી ? વળી સમર્પણમાં દેહાદિ અહમ્ દર્શાવતી વસ્તુઓ મુખ્ય છે અને દારાગારાદિ, મમતા દર્શાવતી વસ્તુઓ ગૌણ છે તેથી દેહાદિનું મહત્વ દારા

આગાર આદિ કરતા વધુ હોય, એવું તારે કદી ન માનવું. તારે તો એવું માનવું કે જે રીતે પ્રભુએ મારો સ્વીકાર કર્યો છે તે જ રીતે મારી ગણાતી મમતાસ્પદ વસ્તુઓનો પણ પ્રભુએ સ્વીકાર કર્યો જ છે તેથી તે બધાનો પરસ્પરમાં વિનિયોગ થઈ જાય તો તેમાં કશી દોષ બુદ્ધિ ન રાખવી. અને ચિંતા કાપિ ન કાર્યા.

જીવ કહેશે કે ભલે, પરસ્પર વિનિયોગની ચિંતા છોડી. પરંતુ તેમ કરતાં બીજી એક ચિંતા ઊભી થઈ, તેનું શું ? અને તે એ રીતે કે નિવેદી જીવો પ્રભુની સેવામાં નિરંતર લાગ્યા રહે છે. જ્યારે હું તો થોડા સમય માટે જ સેવામાં રહું છું અને તે પણ તેમની માફક ચિત્ત લગાવીને મારાથી સેવા થતી નથી. તો પછી પ્રભુની કૃપા તેના ઉપર વધુ અને મારા ઉપર ઓછી તો નહીં થતી હોય ? આવા પ્રકારની ચિંતા તેને શું ન થાય ?

તો કહે છે, ના, ન થાય; ન થવી જોઈએ. તેથી ઊલટુ વધુ સેવા કરનાર ઉપર પ્રભુનો વિશેષ અનુગ્રહ થતો નિરખીને ખુશ થવું અને પોતે વિશેષ ચિત્ત ચોટાડીને સેવામાં પ્રવૃત્ત થવું. આ બાબતમાં શ્રીમદ્ભાગવતમાં એવું કહ્યું છે કે – **યસ્મિત તપઃ સુમનસો બહુધા નયન્તિ** – એટલે કે પ્રભુને તુલસી વધુ પ્રિય છે. તેથી પ્રભુને તુલસીપત્ર ધરાવવામાં આવે તો, તુલસીની ગંધ લઈ પ્રભુ બહુ પ્રસન્ન થાય છે. પરંતુ જો તેને પુષ્પ ધરાવવામાં આવે તો તેની ગંધ લઈને પણ તે ઓછો પ્રસન્ન થતો નથી. તુલસીપત્ર તેની સમક્ષ હોવા છતાં પણ, પેલા પુષ્પની ગંધ લઈને તે એટલો જ પ્રસન્ન થાય છે.

એ રીતે પ્રભુ જો કોઈ પાસેથી વિશેષ સેવા પામે તો તેવી સેવા કરનાર ઉપર તેની વિશેષ કૃપા હોય છે એ ચોક્કસ. પરંતુ તેનો અર્થ એ નથી કે તમે જેવી કરો છો તેવી – તમે ભાવપૂર્વક કરેલી–સેવા પામીને તે તમારા ઉપર ઓછી કૃપા કરશે. ભાઈ મારા ! કૃપા એ તો પ્રભુનો અલૌકિક ગુણ ધર્મ છે. તમે તેની ભાવપૂર્વક કરેલી થોડીક પણ સેવાનો અંગીકાર કરીને તમારા ઉપર જરૂર કૃપા કરશે. તમે કરેલ નિવેદન, પ્રભુની ન્યૂનાધિક કૃપા સિદ્ધ કરાવી આપે છે એવું કદાપી ન માનશો. કારણ કે તમને અને સર્વને નિવેદન કરાવનાર તો શ્રીવલ્લભ જ છે. અને શ્રીવલ્લભે નિજ સેવકો પાસે પ્રભુને કરાવેલ નિવેદન,

પ્રભુને એક સરખુ સ્વીકાર્ય છે. તેનો અંગીકાર કરીને પ્રભુ નિવેદી જીવો ઉપર કૃપા કરે છે. યાદ રાખો નિવેદન એ અધિકાર સંપાદક વિધિ છે. તે કરતાં તમને પ્રભુના દાસ બની, પ્રભુની સેવા કરવાનો અધિકાર સંપાદિત થાય છે. તે પ્રભુની વધુ કે ઓછી કૃપા મેળવી આપનાર નથી. વધુ ઓછી કૃપાનું કારણ પ્રભુનું વરણ છે. પ્રભુ જેનું વરણ કરે, તેને તે પોતે પ્રાપ્ત થાય છે. તેથી જો કોઈ ઉપર વધુ-ઓછી કૃપા પ્રાપ્ત થતી દેખાય તો તે પ્રભુના વરણને કારણે છેઃ એવું થાય ત્યારે એમ ન માનવું કે હું પ્રભુના અનુગ્રહને યોગ્ય નથી અથવા ઓછો યોગ્ય છું. ભાઈ! પ્રભુના અનુગ્રહનું સ્વરૂપ તો કંઈક જુદું જ છે. પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે જીવનું વરણ કરે છે. જીવે કરેલ સમર્પણ, જીવે કરેલ સેવા, જીવે પ્રભુ પ્રાપ્તિ માટે અપનાવેલ સાધનો - આ બધાને આધારે પ્રભુ જીવનું વરણ કરતો નથી; આ બધાને આધારે પ્રભુ જીવો ઉપર ઓછો-વધતો અનુગ્રહ કરતો નથી. તેથી ચિંતા કાપિ ન કાર્યા.

જીવને કદાચ એવી ચિંતા થાય કે મેં કરેલ નિવેદન તો, નિવેદનનો અર્થ સમજ્યા વગર કર્યું છે. તેથી પ્રભુએ તેનો અંગીકાર કર્યો હશે કે નહીં ? એવું વિચારીને તે ચિંતા કરે તો એવી ચિંતાના સમાધાન અર્થે આચાર્યશ્રી આજ્ઞા કરે છે-

**અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મ નિવેદનમ્ ।**
**યૈઃ કૃષ્ણસાત્કૃત પ્રાણૈસ્તેષાં કા પરિદેવના ।।**

**અર્થાત્** : અજ્ઞાનથી અથવા જ્ઞાનથી પણ જેને આત્મનિવેદન કર્યું છે તેણે પણ ચિંતા ન કરવી. તો જેમણે પોતાનો પ્રાણ કૃષ્ણને આધિન કરી દીધા છે તેવા નિવેદીઓને ચિંતા હોય જ કેવી રીતે ?

હે જીવ ! બ્રહ્મસંબંધ કરાવતી વખતે, આત્મનિવેદનનો ભાવ સમજીને કે સમજ્યા વગર, તેં આત્મનિવેદન કરી દીધું છે. તે સમયે તેં તારો પ્રાણ પણ કૃષ્ણને સમર્પિત કર્યો છે. હવે તો તું કૃષ્ણસાત કૃત્ પ્રાણ એટલે કે જેણે પોતાનો પ્રાણ કૃષ્ણને આધિન કર્યા છે એવો તેનો સેવક બની ગયો છે. અરે ! આ જગતમાં પણ જેનો માલિક સમર્થ હોય તેનો સેવક ચિંતા કરતો નથી તો

પછી તારો સ્વામી તો અલૌકિક છે; તે તો સર્વ સમર્થ શ્રીકૃષ્ણ પોતે જ છે. તું તેને અધિન થયો છે. તો, હવે તારે શી ચિંતા ? ચિંતા કરવી હશે તો તે કરી લેશે. પછી તારે કા પરિદેવના ?

પુષ્ટિભક્તિનો ઉત્તમાધિકારી તે છે, જે પુષ્ટિમાર્ગ પ્રવર્તક એવા પોતાના ગુરુદેવના સ્વરૂપને ઓળખે છે. અને જાણે છે કે તેના ગુરુ વિક્ષ્ય છે એટલે કે તેઓ પોતાના સેવકને પુષ્ટિફલ પ્રાપ્ત કરાવી આપવા સમર્થ છે. ગુરુદેવના ફલરૂપપણાને જે જાણતો નથી, તે વૈષ્ણવ હીનાધિકારી કે મધ્યામાધિકારી કહેવાય. ઉત્તમાધિકારી વૈષ્ણવને શાસ્ત્રના શાસન નીચે ચાલવાનું હોતું નથી. નિસ્ત્રૈર્ગુણ્યે પતિ વિચરતાં કો વિધિ કો નિષેધ ? પરંતુ હીન અને મધ્યમાધિકારી વૈષ્ણવોએ શાસ્ત્રને અનુસરવું એ તેમના માટે શ્રેયસ્કર છે. એવા હીન અને મધ્ય અધિકારી વૈષ્ણવોએ પણ જ્યારે તેમના દેહનો અન્યમાં વિનિયોગ થતો દેખાય ત્યારે એવું વિચારવું કે ભગવદ્ ઈચ્છા એવી છે; તેથી મારો અન્યથા વિનિયોગ થયો. પરંતુ તેમ થવામાં પ્રભુ મારો અપરાધ નહીં ગણે. કારણ કે બધુ ભગવદ્ ઈચ્છાથી થયું છે. એવું વિચારીને તે ચિંતા નહીં કરે. જો હીન અને મધ્યમ અધિકારી પણ અન્ય વિનિયોગ આદિમાં ચિંતા ન કરે તો જેણે પોતાના પ્રાણને કૃષ્ણસાત કર્યા છે એવા ઉત્તમ અધિકારીને ચિંતા થવી ન જોઈએ. એટલા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેણે સમજીને કે સમજ્યા વગર પણ નિવેદન કર્યું અને તે સમયે પોતાના આત્મા સહિત બધુ ભગવાનને સમર્પિ દીધું છે તેવા જીવને ચિંતા રૂપી પરિદેવના કયાંથી હોય ? ન જ હોય. સમજ્યા વગર નિવેદન કરનારને પણ ન હોય તો જેણે સમજપૂર્વક નિવેદન કરીને, જે કૃષ્ણસાત્ કૃત્ પ્રાણ બની ગયો છે એવા નિવેદીને તો પરિદેવના હોય જ  કયાંથી ?

હવે એકબીજા પ્રકારની ચિંતા વિષે કહેવામાં આવ્યું છે. નવધા ભક્તિમાં સખ્ય અને આત્મનિવેદન એ બે પ્રકારની ભક્તિ, પ્રભુ તેનો સ્વીકાર પ્રત્યક્ષ રૂપે કરે ત્યારે જ સિદ્ધ થાય એવું કહેવામાં આવે છે. પહેલા સાત પ્રકારની ભક્તિ જીવના કાર્યક્ષેત્રમાં આવી શકે. જીવ શ્રવણ કીર્તન, સ્મરણ, વંદન આદિ ભક્તિ કરી શકે. પ્રભુ તેનો સ્વીકાર કરશે કે નહીં કરે તેનો વિચાર ન કરતાં તે પ્રભુના ગુણગાન સાંભળે, પ્રભુના ગુણોનું કીર્તન કરે, પ્રભુના પુનિત

નામનું સ્મરણ કરે તેને પણ ભક્તિ કહેવાય. પરંતુ સખ્ય ભક્તિ ત્યારે જ થાય જ્યારે ભગવાન જીવનો પોતાના સખા કે સખી તરીકે સ્વીકાર કરે ત્યારે. તમે તમારી મેળે ભગવાનના મિત્ર બની ન શકો. ભગવાને તમારી સખ્ય ભક્તિનો સ્વીકાર પ્રકટપણે કરવો પડે. તેવું જ આત્મનિવેદન સમજવું. તમે આત્મનિવેદન કરો, તમારા સર્વસ્વનું સમર્પણ પ્રભુને કરો, પરંતુ પ્રભુ જ્યાં સુધી તે બધી વસ્તુઓનો પ્રકટપણે સ્વીકાર ન કરે ત્યાં સુધી તે નિવેદન ભક્તિ ન બને. તેથી જીવ પોતે નિવેદન તો કરે પરંતુ પોતે સમર્પેલ બધી-અહમ્ અને મમ વિષયક તથા આત્મા-વસ્તુઓનો પ્રભુએ સ્વીકાર કર્યો હશે કે નહીં તેની ખાત્રી તેને ન થાય ત્યાં સુધી તેને ચિંતા થાય એ સ્વાભાવિક છે. એવી ચિંતા થાય ત્યારે પણ શું જીવે ચિંતા ન કરવી ? એવી ચિંતાની નિવૃત્તિ કરવા અંગે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -

**તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।**
**વિનિયોગેપિ સાત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।**

**અર્થાત્ :** શ્રીપુરુષોત્તમમાં નિવેદન થવા બાબતની ચિંતા પણ જીવે છોડવી ઘટે. વિનિયોગમાં પણ ચિંતા છોડવી. કારણ કે હરિ પોતે જ સર્વ સમર્થ છે.

પ્રભુને તારા નિવેદનનો સ્વીકાર કર્યો છે કે નહીં તે બાબતની ચિંતા પણ તારે ન કરવી. કારણ કે તારા સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભે તારી પાસે નિવેદન કરાવ્યું છે. શ્રીવલ્લભે કરાવેલ બ્રહ્મસંબંધ અતૂટ અને અમીટ છે. તેથી તે કરેલ નિવેદન-સર્વસ્વનું સમર્પણ- પ્રભુએ જરૂર સ્વીકાર્યું છે. તારા ગુરુદેવે, તારો હાથપકડીને, તારા સ્વામીના હાથમાં મૂકયો છે. અને તારા એ સ્વામીએ, તારો હાથફરી કદી નહીં છોડવાની પ્રતિજ્ઞાપૂર્વક પકડયો છે. તારા ગુરુદેવ મધ્યસ્થી છે અને તારો સ્વામી એકવચની સર્વાત્મા, સર્વેશ્વર અને સર્વસમર્થ છે. તેથી કયારેય, કોઈપણ બાબતની ચિંતા ન કરીશ. **સમર્થો હિ હરિઃ ।** પ્રભુ સર્વ સમર્થ છે. તે પોતાના પ્રમેય બળથી તારા ઉપર અનુગ્રહ કરશે; તારા સાધન બળ ઉપર અનુગ્રહ નહીં કરે. યાદ રાખ તેણે તો પેલી પૂતના (ઓળખે છે ને ! પેલી અહો બકીયં સ્તન કાલકૂટ વાળી પૂતના) ઉપર પણ અનુગ્રહ કર્યો છે.

પૂતના બાલકૃષ્ણને મારવા આવી હતી. તેનો ઈરાદો મલિન હતો છતાં પ્રભુએ તેના ઉપર એવો અનુગ્રહ કર્યો છે કે જેવો તેમણે પોતાની માતા દેવકીજી કે યશોદાજી ઉપર પણ નથી કર્યો. શ્રીભાગવત એવું કથે છે. પૂતનાના મૃત શરીરના ટુકડા કરી તેને ચિતામાં નાખતાં, તેના દેહમાંથી દુર્ગંધ નહીં, પરંતુ સુગંધ પ્રસરી હતી. બતાવો બીજો કોઈ આવો દાખલો જેમાં આ પ્રમાણે થયું હોય. એને કહેવાય શ્રીપૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રીકૃષ્ણનો 'બાલઘાતિની પૂતના' ઉપર અનુગ્રહ.

જો પ્રભુ પૂતના ઉપર કે અજામિલ અથવા વૃત્રાસુર જેવા અસુર ઉપર પણ અનુગ્રહ કરે છે તો પછી તું તો તેને તારું સર્વસ્વ સમર્પિ બેઠો છે. તેથી મારા પ્રિય ભાઈ, ચિંતા કાપિ ન કાર્યા.

સાચી વાત એ છે કે હાલના નિવેદીયો (વૈષ્ણવો) પ્રભુના સ્વરૂપમાં ચૈતન્યનો અનુભવ કરતા નથી. તેથી પ્રભુકૃપા પામવા માટેના તેઓ હીન કે મધ્યમ અધિકારીઓ છે. હીન હોય કે મધ્યમ પરંતુ તેઓ અધિકારીઓ તો છે જ. કારણ કે તેમને શ્રીવલ્લભ દ્વારા નિવેદન કર્યું છે. તેથી જો તેઓ પ્રભુના સ્વરૂપમાં ચૈતન્યનો અનુભવ ન કરી શકયા હોય તો પણ તેમના નિવેદનનો પ્રભુએ સ્વીકાર કર્યો હશે કે નહીં કર્યો હોય એવી કોઈ ચિંતા તેમણે ન કરવી જોઈએ.

તેનું સબળ કારણ એ છે કે આપણા પ્રભુ તો પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. ઈન્દ્રયાગ ભંગના પ્રસંગે, તેમણે વ્રજવાસીઓનો અન્યાશ્રય છોડાવ્યો હતો; ગોપીજનો પાસે અન્યાસક્તિ છોડાવી હતી અને તેમને પોતાના પ્રત્યે અનુરકત બનાવી હતી; એ રીતે તેમણે ગોપીજનોના મનનો નિરોધ કરાવ્યો હતો. એવો એ પ્રભુ, આપણે જાણ્યે-અજાણ્યે કરેલ નિવેદનનો અંગીકાર જરૂર કરશે.

જો શ્રીકૃષ્ણે જીવનો અંગીકાર કર્યો છે અને જીવને પોતાનો કરી લીધો છે. તો પછી જીવે ભગવદ્ સેવા સિવાયનો બીજો બધો વ્યવસાય છોડવો જોઈએ. પરંતુ, નિજ પ્રકૃતિવશ પ્રભુસેવા સિવાયનાં બીજાં બધાં કાર્યોમાં તે પ્રવૃત્ત થાય છે. તેમ થતાં, જીવને એવું લાગે કે મેં કરેલું નિવેદન વ્યર્થ ગયું. એવું સમજીને તે ચિંતા કરે. ત્યારે શ્રીવલ્લભની આ આજ્ઞા યાદ કરવી - અન્ય

વિનિયોગમાં પણ ચિંતા કાપિ ન કાર્યા.

શ્લોકમાં પ્રભુ માટે સમર્થ વિશેષણ આપ્યું છે. તેનો અર્થ એ કે તે બધુ કરવા શક્તિમાન છે. પ્રકૃતિવશ જીવ જો અન્ય કાર્યમાં પ્રવૃત્ત થશે તો પણ તે સ્વસેવકના રક્ષણમાં દક્ષ અને સમર્થ હોઈ, નીજસેવકની રક્ષા જરૂર કરશે. તેથી ચિંતા કાપિ ન કાર્યા.

આ બાબતમાં મારો નમ્ર અભિપ્રાય એ છે કે જીવના નિવેદનનો પ્રભુએ અંગીકાર કર્યો છે કે નહીં, તે વિષેની ચિંતા જીવે કદી ન કરવી. કારણ કે જીવ પાસે નિવેદન કરાવનાર શ્રીવલ્લભ છે. શ્રીવલ્લભને, સ્વયં પુષ્ટિપ્રભુએ, ગદ્યમંત્ર આપ્યો છે. અને સ્વયં પ્રભુએ જ શ્રીવલ્લભને આજ્ઞા કરી છે કે આ મંત્ર દ્વારા નિવેદન કરનાર જીવના પંચવિધ દોષોની નિવૃત્તિ થતાં તે નિર્દોષ થશે. તે ઉપરાંત આપણી સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે પ્રભુએ શ્રીવલ્લભને વચન આપ્યું છે કે શ્રીવલ્લભ જે જીવનો હાથપકડીને પ્રભુના હાથમાં મૂકશે તે જીવનો હાથપ્રભુ કયારેય નહીં છોડે.

અને અમારા (વૈષ્ણવોના) પ્રભુ તો સત્ય સંકલ્પ છે. યથા - **સત્ય સંકલ્પ તો વિષ્ણુ ર્નાન્યથાતુ કરિષ્યતિ ।** તેથી તે જીવના નિવેદનનો અંગીકાર અવશ્ય કરશે. તે તેનો હાથ નહીં છોડે. જીવને શ્રીવલ્લભની મધ્યસ્થીમાં અને શ્રીઠાકોરજીના વચનમાં આટલો વિશ્વાસ હોવો જ જોઈએ. જો એમ છે તો જીવે એવી ચિંતા કદી ન કરવી કે પ્રભુએ મારો અંગીકાર કર્યો હશે કે નહીં. એવી ચિંતા કરવી તેનું નામ શ્રીવલ્લભ દ્વારા કરાવેલ નિવેદન અને શ્રીકૃષ્ણે આપેલ વચનમાં અવિશ્વાસ.

ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે સખ્ય અને આત્મસમર્પણ એ બે પ્રકારની ભક્તિનો સ્વીકાર પ્રભુ પોતે પ્રકટ થઈને કરે છે. અને તે ત્યારે જ્યારે જીવ પ્રભુના સ્વરૂપમાં ચૈતન્યનો અનુભવ કરે ત્યારે. આપશ્રી આજ્ઞા કરે છે કે એ બન્ને પ્રકારની ભક્તિ-સખ્યમ્ અને આત્મનિવેદનમ્ - ભગવદ્ કૃત છે, તે જીવ કૃત નથી. તેથી જો જીવે નિવેદન કર્યું તે સમયે પ્રભુ પ્રત્યક્ષ પ્રકટ થયાનો અને તેના નિવેદનનો અંગીકાર કર્યાનો અનુભવ તેને ન

થયો હોય તો, પ્રભુએ ખરેખર તેના નિવેદનનો સ્વીકાર કર્યો છે કે નહીં તેની ચિંતા જીવને જરૂર થાય.

જીવને એવી ચિંતા થાય તો ખરી પરંતુ ઉપર દર્શાવેલ બાબતોને ધ્યાનમાં લઈને તેણે એવી ચિંતા તરત જ ત્યજી દેવી. શ્રીવલ્લભે કરાવેલ બ્રહ્મસંબંધ અને પરબ્રહ્મ કૃષ્ણે આપેલ વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને તેણે દૃઢતાથી એવું માનવું કે પ્રભુએ તેના નિવેદનનો સ્વીકાર અવશ્ય કર્યો છે. જીવે વિશ્વાસ રાખવો કે પ્રભુને પ્રિય એવા શ્રીવલ્લભે તેમાં મધ્યસ્થી કરી છે. તેથી એ વલ્લભના સ્વામી કૃષ્ણને, શ્રીવલ્લભે કરાવેલ બ્રહ્મસંબંધ સ્વીકાર્ય હોય જ. આવું વિચારી, જીવે ચિંતા કાપિ ન કાર્યા !

જીવના અંગીકારનું પ્રથમ લક્ષણ તેનો દીન ભાવ એટલે કે સ્વામી-સેવકનો ભાવ છે. હવે પછીના શ્લોકમાં તેનું બીજું લક્ષણ બતાવવામાં આવે છે-

**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।**
**પુષ્ટિમાર્ગ સ્થિતો યસ્માત્સાક્ષિણો ભગવતાખિલાઃ ।।**

**અર્થાત્ :** પ્રભુ લૌકિકમાં તેમજ વૈદિક માર્ગમાં જીવને સ્વાસ્થ્ય થવા નહીં દે; કારણ કે ભકતનાં દુઃખ હરનાર હરિ, નિજ ભકતોને અનુગ્રહ માર્ગમાં ચલાવનાર છે. (આ વાત સમજીને) તમે એ વિષયમાં સાક્ષીરૂપ થાઓ.

હે જીવ ! સાંભળ. તેં આત્મનિવેદન કર્યું અને પ્રભુએ તેનો અંગીકાર કર્યો. તુ પ્રભુનો બન્યો એટલે તારે એમ માની લેવાનું નથી કે આ લોકમાં અથવા વેદોકત બાબતોમાં હવે તને સંપૂર્ણ સ્વાસ્થ્ય મળી ગયું. તેથી ઊલટું તારો સ્વામી તને લોક અને વેદમાં વર્ણિત સૂત્રો કદાચ નહીં જ આપે. એ બાબતમાં કદાચ એ તને દુઃખ જ આપશે. પરંતુ તેણે આપેલ દુઃખોને તારે પ્રેમથી આનંદપૂર્વક સહન કરવાનાં છે. તારે તો માત્ર સાક્ષી બનીને એટલે કે તટસ્થભાવે તે જોયા કરવાનાં છે - જે રીતે આપણે અન્યને થતાં દુઃખો તટસ્થભાવે જોઈએ છીએ તે રીતે જોવાનાં છે. દુઃખો દેહાદિને થાય. પરંતુ હવે દેહ અને ઈન્દ્રિયો તારાં રહ્યાં છે જ કયાં ? તારો ગણાતો એ દેહ હવે તારો નથી

રહ્યો. તેથી એ દેહને થતાં દુઃખો અન્યને થાય છે એવું સમજીને તેમને તટસ્થભાવે, નિર્લિપ્ત બનીને સહન કરવાં.

તારા સ્વામી તને લૌકિક સુખો નહીં આપે. લૌકિક સુખો મળતાં, કદાચ તારું મન તેમાં લુબ્ધ બની જાય, એટલો માટે. તેમ થાય તો તું તારા સ્વામીની સેવામાંથી ચલિત બની જાય. અને તારો ધર્મ – તસ્ય દેવસ્ય સેવા – ભૂલી જાય. તેથી તારું હિત વિચારીને જ પ્રભુ તને લૌકિક સુખો નહીં આપે. એટલા માટે જો તને દુઃખો મળે તો પણ તેની ચિંતા ન કરીશ. અને તટસ્થભાવે, સાક્ષીરૂપ બનીને, તે સહન કર. સાક્ષિણઃ ભવ.

ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે કોઈક વખત જીવ વ્યાપાર-ધંધામાં કે વર્ણાશ્રમ ધર્મના પાલનમાં બંધાઈ જાય અને ભગવાનને ભૂલી જાય તો તેને વિઘ્ન થાય એવી શંકાના સમાધાન માટે જીવે વૃત્રાસુરના આ શબ્દો યાદ કરવા જેવા છે. શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં વૃત્રાસુર કહે છે કે, ''અમારા પ્રભુ શ્રીકૃષ્ણ જીવના ત્રિવર્ગ પુરુષાર્થો – ધર્મ, અર્થ, કાર્મ – સિદ્ધ ન થતાં જીવ તેમને સિદ્ધ કરવા માટે ભગીરથપ્રયાસ કરે છે. આથી થાકી હારીને તે જીવ પ્રભુને આશરે જાય છે. પોતે કરેલા પ્રબળ પુરુષાર્થમાં તેને સદંતર નિષ્ફળતા મળતાં અંતે તો એકમાત્ર પ્રભુનો દૃઢ આશ્રય શોધે છે. પરિણામે, તેના ઉપર ભગવદ્ કૃપા થતાં, તે દૃઢાશ્રય પામે છે. આવું છે ભગવદ્ અંગીકારનું સ્વરૂપ.

આટલા માટે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, **''સાક્ષિણો ભવતા ખિલા''** એટલે કે લૌકિક વૈદિકમાં તમે બધા સાક્ષીરૂપ થાઓ. એટલે કે જે થાય છે તે બધુ સાક્ષીવત્ જોતા રહો. તમે તમારું લૌકિક વૈદિક જરૂર કરો. પરંતુ તે બધુ અનાસકત ભાવે કરો. અને સાક્ષીવત્ બની રહો.

સાક્ષીવત્ રહેવાનો ભાવ 'ત્રિદુઃખ સહનમ્ ધૈર્યમ્'' માં આવી જાય છે. સાક્ષીવત્ રહેવું એટલે ત્રણે પ્રકારના દુઃખ જાણે બીજાને થતાં હોય તેમ સમજી, તમારે ધીરજ રાખીને, તટસ્થભાવે તે સહન કરવાં. જો આત્મનિવેદન કરવામાં, સાક્ષીભૂત બની રહેવાનો ભાવ ન હોય તો તમે નિવેદન કર્યું તે વ્યર્થ ગયું એવું સમજવું પડે. અને તેમ થાય તો શું ચિંતા ન થાય ?

ના, ન થાય; ન થવી જોઈએ. જીવે કરેલું નિવેદન કદી વ્યર્થ જતું નથી. તેનાં કારણો આગળ ઉપર બતાવી ગયા છીએ. તમારા ગુરુ સ્વયં સમર્થ છે. અને તમારો સ્વામી, સત્ય સંકલ્પ વાળો છે. એવા ગુરુદેવે કરાવેલ નિવેદનનો સ્વીકાર તમારો એવો સ્વામી જરૂર કરશે. તેથી ગુરુદેવ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને તેમની આજ્ઞાનું સદૈવ પાલન કરવું. તેમ છતાં -

**સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।**
**અતઃ સેવા પરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ।।**

**અર્થાત્ :** સેવા કરવી તે ગુરુની આજ્ઞા પ્રમાણે કરવી. પરંતુ જો શ્રીહરિની ઈચ્છા (આજ્ઞા) તેથી જુદી દેખાય તો ગુરુ આજ્ઞાના બાધની ચિંતા ન કરવી. તેથી, સેવામાં ચિત્ત તત્પર રાખીને સદા સુખી રહેવું.

પ્રભુસેવા કરવી એ જીવનો સેવક તરીકેનો ધર્મ છે. તેથી તેણે સેવા કરવી. પરંતુ એવી રીતે કરવી જેથી ગુરુ આજ્ઞાનો ભંગ ન થાય. પરંતુ કયારેક, કોઈ વિશેષ પ્રસંગે, ગુરુ આજ્ઞાથી વિરુદ્ધ પ્રકારની આજ્ઞા નિજ સ્વામી તરફથી થાય તો શું કરવું ? તો કહ્યું છે કે તેવે સમયે સ્વામીની આજ્ઞા પ્રમાણે કરવું. તેમ કરતાં એવી ચિંતા ન કરવી કે આમ કરવાથી ગુરુની આજ્ઞાનો ભંગ થશે; પરંતુ મેં તો ગુરુ આજ્ઞાનો ભંગ ભગવદ્આજ્ઞાના પાલન અર્થે કર્યો છે એવું માની ગુરુ આજ્ઞા ભંગથી થતી ચિંતા છોડી દેવી.

તેં ગુરુ આજ્ઞાનો ભંગ જરૂર કર્યો છે. પરંતુ તે કાંઈ તે તારી સુખ-સગવડ માટે કર્યો નથી. પોતાના સુખ માટે ગુરુ આજ્ઞાનો ભંગ કદી ન કરાય. જીવે હરકોઈ પરિસ્થિતિમાં ગુરુ આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ. અપવાદ માત્ર એક જ છે. અને તે સ્વયં ગુરુદેવે પોતે (શ્રીવલ્લભે) બતાવ્યો છે. તે એ કે ગુરુ આજ્ઞાથી વિરુદ્ધ જો ભગવદ્ આજ્ઞા થાય તો અને ત્યારે જ એ ભગવદ્આજ્ઞાનું પાલન કરવું. પછી, તેમ કરતાં ગુરુ આજ્ઞાનો ભંગ થયો એવી ચિંતા ન કરતાં ગુરુ આજ્ઞાના ભંગ માટે મનોમન ગુરુદેવની ક્ષમા યાચવી આ શ્લોક દ્વારા ગુરુદેવે આપણને શી આજ્ઞા કરી છે ? આપશ્રીની એવી આજ્ઞા છે કે,''પ્રભુની આજ્ઞાના પાલનમાં ગુરુદેવની આજ્ઞાને બાધક ન બનાવો.''

શ્વેતાશ્વતર ઉપનિષદમાં એવી શ્રુતિ છે કે ભકતે, પોતાના ઈષ્ટદેવના જેવોજ ભક્તિભાવ પોતાના ગુરુદેવમાં રાખવો. એવું કરનારને શાસ્ત્રમાં કહેલો અર્થ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવને દેવ (ઈષ્ટદેવ)નો અનુભવ ન થાય ત્યાં સુધી તેણે ગુરુમાં દેવના જેવી ભક્તિ રાખવી. અને ગુરુ આજ્ઞા પ્રમાણે જ ચાલવું. એનો અર્થ એ કે ગુરુની આજ્ઞામાં બાધ ન આવે તે રીતે ભગવદ્સેવા કરવી. પરંતુ તે સમયે પણ ભગવદ્ ઈચ્છાનો વિચાર અવશ્ય કરવો.

પરંતુ પ્રભુની ઈચ્છાનું જ્ઞાન કો'ને થાય ? જે જીવને પ્રભુ સાનુભાવ કરાવે તેને જ પ્રભુની ઈચ્છાનું જ્ઞાન થાય. બીજા બધાને તો ફળ પ્રાપ્તિની ન્યૂનાધિકતાના આધારે પ્રભુની શી ઈચ્છા છે તેની કલ્પના જ સ્ફૂરે છે. તેથી જીવે પોતાના અધિકાર પ્રમાણે વર્તવું. તો પછી શું કરવું ?

ગુરુ આજ્ઞાના બાધની ચિંતા ન કરતાં, જીવે પ્રભુની મરજી પ્રમાણે સેવા કરવી. પરંતુ જીવનો એવો અધિકાર ન હોય તો, એટલે કે જો પ્રભુ તેને સાનુભાવ ન જણાવતા હોય તો, ગુરુની આજ્ઞાનો બાધ ન આવે તે રીતે તેણે સેવા કરવી. અને લૌકિક વૈદિકમાં સાક્ષીવત્ રહેવું. આ પ્રમાણે વર્તવાથી જીવને સ્વધર્મહાનિનો ભય ઉપસ્થિત થતો નથી. આના સમર્થનમાં શ્રીપુરુષોત્તમજી એક આખ્યાયિકા કહી સંભળાવે છે :-

મોટા રામદાસજી શ્રીનાથજીના રાજભોગ આરોગાવવાના સમયમાં શ્રીનાથજીબાવાએ રામદાસને આજ્ઞા કરી, ''હું સાક્ષાત (પ્રકટ રૂપે) રાજભોગ આરોગું છું. તેના તું દર્શન કર.'' આ તો શ્રીનાથજીબાવાની ઈચ્છા અથવા આજ્ઞા હતી. ''તેમ છતાં રામદાસજીએ કહ્યું, '' મહારાજ, મને આપના દર્શન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી. તેથી હું આપનાં રાજભોગ આરોગતાં દર્શન નહીં કરું.'' આથી શ્રીજીબાવા તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા.

શા માટે પ્રસન્ન થયા ? તેઓ એટલા માટે પ્રસન્ન થયા કે પોતાની એ આજ્ઞામાં જીવના સુખનો વિચાર કરવામાં આવ્યો હતો. પ્રભુના રાજભોગ આરોગવાના દર્શનથી રામદાસને સુખ મળે તેમ હતું. તેમાં પ્રભુના સુખનો વિચાર ન હતો. જો તેમાં પ્રભુના સુખનો વિચાર હોય તો, ગુરુ આજ્ઞાનો બાધ થાત તો પણ તેઓ પ્રભુની આજ્ઞાનું પાલન જરૂર કરત. જેમાં પ્રભુનું સુખ

જણાતું ન હોય ત્યાં ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવાથી પ્રભુ પ્રસન્ન રહે છે.

એક બીજી શંકા છે. અને તે એ કે ક્યારેક લૌકિકમાં પુત્ર, પત્ની આદિનો વિયોગ થવાથી થતા દુઃખની ચિંતા થાય ત્યારે શું કરવું ? તો કહે છે કે–

**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।**
**તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ।।**

**અર્થાત્ :** શ્રીહરિ જીવના ચિત્તમાં ઉદ્વેગ ઉત્પન્ન કરીને જે જે કંઈ કરશે તેને– આ તો પ્રભુની લીલા છે – એવું માનીને ચિત્તના ઉદ્વેગથી થતી (અથવા ચિત્તમાં ઉદ્વેગ પેદા કરનારી) ચિંતાને તુરત છોડી દેવી.

શ્રીમદ્વલ્લભ આજ્ઞા કરે છે કે જીવ ભાવી દુઃખનો પ્રતિકાર ન કરી શકે ત્યારે તેના ચિત્તને ઉદ્વેગ થાય. તેવે સમયે તેના ચિત્તનું સમાધાન કરવું એજ દુઃખ મટવાનો એક માત્ર ઈલાજ છે. આત્મનિવેદીએ તે અંગે ચિંતા ન કરવી. કારણ કે જીવ ભગવાનના અભિપ્રાયને જાણવા સમર્થ છે. ભગવાન ક્યારેક માયિકી લીલા કરે છે. પરંતુ તેમ કરીને તે સ્વ ભક્તનું હિત જ કરે છે. કેટલીક વાર પ્રભુ એવી લીલા કરે તો એમ માનવું કે પ્રભુની એ લીલા આપણાં પાપ બાળવા અથવા આપણને કર્મ બંધનથી છોડવવા માટે કરવામાં આવી છે. એવું સમજીને તત્કાલ ચિંતા છોડી દેવી. તત્કાલ છોડવી એવું કહેવા માટે દ્રુતમ્ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

આ રીતે આઠ શ્લોકો દ્વારા સેવા કરનારને વિવિધ કારણોસર થતી ચિંતા છોડવવા માટેના પ્રકારો કહ્યા છે. જેવા કે, લૌકિક બાબતમાં સાક્ષીવત્ બની રહેવું; રાગ અને વિરાગનો ભેદ સમજીને, રાગ છોડી વિરાગ ગ્રહણ કરવો; ચિત્તોદ્વેગના પ્રસંગો. તે પ્રસંગ જે થાય તે બધાને પ્રભુની લીલા માનવી. આ બધાની ચિંતા છોડવાના પ્રકારો છે. પરંતુ જીવથી તે બધા પ્રકારો બની શકે તેવા દેખાતા નથી. કલિકાલ જન્ય ક્ષોભને કારણે ચિત્તને ચિંતા થાય છે. અને તેનું સમાધાન કરવું મુશ્કેલ બની જાય છે. તો શું કરવું ? જો આ બધા પ્રકારે ચિંતા દૂર ન કરી શકાય તો, ચિંતા દૂર કરવાનો છેલ્લો એક અને અનોખો પરંતુ

સચોટ ઉપાય છે અને તે આ છે-

**તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।**
**વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।।**

**અર્થાત્ :** જ્યારે એમજ છે ત્યારે સર્વ રીતે, ''શ્રીકૃષ્ણ શરણં મમ'' એવું નિરંતર બોલતા રહેવું. અને પ્રભુમાં સેવા પરાયણ થઈને રહેવું, એવી મારી મતિ છે.

ભક્તિમાર્ગમાં પ્રવેશ્યા પછી તેના પ્રત્યેક ક્ષેત્રમાં અનુગ્રહ નિયામક છે એવું કહેવામાં આવ્યું છે. **''અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ''** અને **યમેવૈષ વૃણુતે,** આદિ શ્રુતિ વાકયમાં પણ એવું જ કહ્યું છે. ટૂંકમાં જ્યારે અન્ય કોઈ રીતે ચિંતાને દૂર ન કરી શકાય તો ભગવદ્શરણ લેવું.

ભગવાન શરણાગત રક્ષક છે, એ હકીકત છે. જ્યારે જીવ સ્વસાધનથી સ્વકાર્ય સિધ્ધ કરવા માટે અસમર્થ બની ગયો છે એવું પ્રભુ જોશે ત્યારે તે શરણ્ય જીવનું બધું કાર્ય સિધ્ધ કરી આપશે. અને તેની ચિંતા દૂર કરશે. આવું વિચારીને આચાર્યશ્રીએ ભગવદ્શરણને જ સર્વ કાર્ય પ્રાપ્તિનું સાધન માનીને, **શ્રીકૃષ્ણઃ શરણં મમ** એ અષ્ટાક્ષર મંત્રનું સતત રટણ કરવાની આજ્ઞા કરી છે. શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કંધમાં, ''આપત્તિમાં ભગવદ્ સ્મરણ કરવાનો આપદ્ ધર્મ'' કહ્યો છે. એ ધર્મ જે રીતે ગજેન્દ્રને સિધ્ધ થયો તે રીતે જીવને પણ તે અવશ્ય સિધ્ધ થશે એવું શ્રીવલ્લભ કહે છે.

પરંતુ આ શ્લોકમાં સતતમ્ અને નિત્યમ્ શબ્દો છે. તેનો અર્થ એ છે કે શરણાગતિનો એ ભાવ એટલે કે પ્રભુના શરણ ગ્રહણનું સ્મરણ નિત્ય થવું જોઈએ. તે ક્ષણવાર પણ છુટે તો, તેટલા થોડા સમયમાં જીવમાં આસુરી ભાવનો પ્રવેશ થઈ શકે છે.

શ્લોકમાં વદદ્ભિઃ શબ્દ છે. શ્રીકૃષ્ણઃ શરણં મમ એ અષ્ટાક્ષર મંત્ર નિત્ય અને સતત બોલતા રહેવાનું છે. તે ઉચ્ચારવો જીભથી, પરંતુ તેમ કરીને પ્રભુ સેવા છોડવાની નથી. દેહની બીજી બધી ઈન્દ્રિયો દ્વારા સેવા કરતા રહેવાની છે- તે સાથે જીભ વડે અષ્ટાક્ષરનું રટણ કરતા રહેવાનું છે. તાત્પર્ય એ

કે શરણાગતિના ભાવને સેવાના અંગરૂપે ગણવો એવું કહ્યું છે.

અંતે એક વાતની સ્પષ્ટતા કરવાની બાકી રહે છે. આ ગ્રંથમાં, ચિંતા કાપિ ન કાર્યા અને શ્રીકૃષ્ણઃ શરણં મમ નું સતત રટણ કરો એવું કહેવામાં આવ્યું છે. શ્રીવલ્લભનો આ ઉપદેશ સાધારણ જીવ માટે નથી; ફકત નિવેદી જીવો માટે છે. તેનું દષ્ટાંત આપતાં કહેવામાં આવ્યું છે કે આંધળાને સૂર્ય ના હોવાથી પણ તેને પ્રયોજન સિદ્ધ થતું નથી. આંધળો જોઈ શકતો નથી; સૂર્યનો પ્રકાશ પણ તેને દષ્ટિ આપી શકતો નથી. તેથી આંધળાનું પ્રયોજન (વસ્તુને જોવાનું) સૂર્યના હોવાથી પણ સિદ્ધ થતું નથી. તેવીજ રીતે જે પ્રભુનો અનન્ય ભકત ન હોય તેને આ ગ્રંથમાં બતાવેલ ઉપાયોનાં પ્રયોગથી પણ કશું સિદ્ધ થવાનું નથી.

તાત્પર્ય એ કે આ ગ્રંથમાં ચિંતા દૂર કરવાના જે ઉપાયો બતાવ્યા છે તે બધા ઉપાયો અને ગ્રંથને અંતે શરણ ભાવનાના સ્મરણને ચિંતાને દૂર કરવા માટેનો જે રામબાણ ઈલાજ બતાવ્યો છે એ બધા ઉપાયો કેવળ આત્મનિવેદીને લક્ષ્યમાં લઈને બતાવ્યા છે. આત્મનિવેદી જ આ ઉપદેશનો અધિકારી છે. કોઈપણ લૌકિક જીવ તેનો અધિકારી નથી. તેથી લૌકિક જીવોને આ ઉપદેશ ફળરૂપ બનશે નહીં. ટૂંકમાં કહું તો આ ગ્રંથનો આશય આ પ્રમાણે છે :-

**નિવેદી જીવે ભગવાનની સેવામાં ચિત્ત પરોવાયેલું રાખવું. યથા શકિત સેવા કરવી.** પોતે અને પોતાના પરિવારના બધા સભ્યોમાં ભગવદીયપણાનું અનુસંધાન રાખવું. અને બધા પ્રકારની ચિંતા છોડવી. જ્યાં ચિંતા છોડવાનું અશક્ય જણાય ત્યાં અષ્ટાક્ષરના રટણ દ્વારા શરણાગતિની ભાવના કરવી. આ રીતે જીવ, જો સેવામાં સ્થિર રહેશે તો, તેના ઉદ્વેગ આદિ બધા પ્રતિબંધો નિવૃત્ત અવશ્ય થાશે. અને તેની સેવામાં રહેલી લૌકિકતા મટીને તેમાં આધિ-દૈવિકતા આવી જશે. એ માટે, ગ્રંથના અંતે કહ્યા પ્રમાણે સેવા કરતાં કરતાં પણ સર્વાત્મભાવે શરણાગતિનો ભાવ સતત રાખવો, એ જ ભક્તિ માર્ગમાં ઉત્તમ એવી માનસી સેવાને પ્રાપ્ત કરવા માટેનું સર્વોત્તમ સાધન છે.

પ.ભ.મૂલચંદ તેલીવાળાએ નવરત્નનું તાત્પર્ય આ રીતે સમજાવ્યું છેઃ

"જીવ કૃષ્ણને શા માટે ભજે છે ? જીવ કૃષ્ણને એટલા માટે ભજે છે કે તે જાણે છે કે સકલ જગતમાં પરમ આનંદ, પરમ સુખનું નિધાન (સ્થાન) રસરૂપ કૃષ્ણ સિવાય બીજુ કોઈ નથી. રસાત્મક પ્રભુ સિવાય, બીજુ બધુ આર્ત (દુઃખમય) છે. તેથી તે બધામાં રચ્યા પચ્યા રહેવાથી દુઃખ સિવાય બીજા કશાની પ્રાપ્તિ થવી એ અસંભવિત છે. એટલે કે પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિનું પરમ કારણ, રસરૂપ કૃષ્ણની ભક્તિ જ છે. કૃષ્ણ ભક્તિ જ જીવનું પરમ કલ્યાણ કરી શકે છે. એવું હોવાથી શ્રીમદાચાર્યચરણે કર્મ, ઉપાસના, જ્ઞાન અને શાસ્ત્રોક્ત ભક્તિ - એ બધાંને ગૌણ સમજીને, શ્રીગોપીજનોએ કરેલી પ્રેમલક્ષણા ભક્તિ સ્વતઃ સર્વ પુરુષાર્થરૂપ છે. પ્રપંચની વિસ્મૃતિપૂર્વકને શ્રીકૃષ્ણમાં જીવની આસકિત કરાવીને, જીવના મનનો નિરોધ કરાવે છે.

પ્રેમની પરમોચ્ચ દશામાં ભક્ત પોતાનું સ્વત્વ પ્રભુને નિવેદન કરે છે. અને પોતાનું સર્વસ્વ-ઐહિક, પારલૌકિક બધુ-પ્રભુને સમર્પિને પોતે દાસોડહમ, કૃષ્ણ તવાસ્મિનો અનુભવ કરે છે. દાસનો ધર્મ તો એ છે કે તે પ્રભુની ઈચ્છાને પોતાની ઈચ્છા સમજે. અને પ્રભુની ઈચ્છાથી પોતાને જે કાંઈ સુખ વા દુઃખ થાય તે સહન કરે; પ્રભુની ઈચ્છાને અનુસરવામાં જ પોતાના જીવનની કૃતાર્થતા થયેલી માને. અને, પોતે પ્રભુને સર્વસ્વનું નિવેદન કરેલું હોવાથી, સ્વજનોનું હિત કરવાનો જેમનો ગુણ (ધર્મ) છે એવા પ્રભુ તેનું પણ હિત જ કરશે એવું વિચારી તે નિશ્ચિંત બની રહે. અને પૂરા પ્રેમભાવથી પ્રભુસેવા કરે.

જીવને બ્રહ્મસંબંધ થયેલો હોવાથી, તેને ભગવદીયત્વ સંપાદન થયેલું છે. છતાં પણ કોઈ પ્રતિબંધને કારણે, જીવ સંશયાત્મા બનીને, ચિંતા કરી બેસે છે. તેમ થતાં, ભગવત્સેવા કરતી વખતે તેનું ચિત્ત સર્વાંશે પ્રભુમાં પરોવાતું નથી. આ ન્યૂનતા જીવની કૃતાર્થતાને ખંડિત કરે છે, એવું સમજીને શ્રીમદાચાર્યચરણ નવરત્નમ્ ગ્રંથમાં નવ શ્લોક દ્વારા જીવને ઉત્તમ ઉપદેશ આપે છે.

નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી દ્વારા નિરૂપિત કેટલીક મહત્વની બાબતો આ પ્રમાણે છે -

(૧) ભગવદીયત્વ સંપાદન કરવા માટે જીવે પ્રભુને કરેલ આત્મ સમર્પણ અને તેથી પ્રકટ થતું પ્રભુનું સર્વ કર્તૃત્વ અને ફલ દાતૃત્વ.

(૨) સર્વ વસ્તુની પ્રભુની ઈચ્છાને આધિનતા.

(૩) નિખિલ પ્રપંચની ભગવલ્લીલારૂપતા.

(૪) સર્વ પ્રપંચ ભગવાનનું ક્રીડારૂપ છે એવી સમજ.

(૫) પ્રભુજ રક્ષક છે એવું સમજી પ્રભુનું વારંવાર સ્મરણ કરવાનું મહત્ત્વ.

નવરત્ન ગ્રંથમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે જીવના દુ:ખ અને ચિંતાનું સૌથી પ્રથમ કારણ તેની અહંતા અને મમતા છે. ''આ મારું છે; આ તારું છે.'' એ રીતના મારા-તારાના મોહને કારણે જીવ દુ:ખ પામે છે; અને તે ચિંતાગ્રસ્ત બને છે. ચિંતાને કારણે તેનું મન ઉદ્વેગમાં રહે છે. તેથી તેને ભગવદ્‌સેવામાં અંતરાય પડે છે. તેનો એ અંતરાય તેની ભગવદ્‌સેવામાં બાધક બને છે. તેથી, તેના એ અહંતા મમતાજનક મોહરૂપી અંતરાયને જડમૂળમાંથી ઉચ્છેદી નાખવા માટે શ્રીમદાચાર્યચરણ જીવને, પોતે જાતે કરેલ આત્મનિવેદનનું વારંવાર સ્મરણ કરવાનો ઉપદેશ આપે છે અને આજ્ઞા કરે છે -
**નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશીર્જનૈઃ**

આત્મસમર્પણના વારંવારના સ્મરણથી, અહંતા-મમતા નિવૃત્ત થતાં અને પ્રભુના સ્વામીત્વનો સ્વીકાર કરવામાં આવતાં, જીવને કોઈપણ પ્રકારની ચિંતા કરવાની નથી રહેતી. પ્રભુનો દાસ બનીને તે ચિંતામુકત બની જશે. તેણે જે વસ્તુઓનું નિવેદન પ્રભુને કર્યું, તે બધી વસ્તુઓમાંથી તેની મમતાનું તિરોધાન થશે. પછી, જેનામાં આપણને મમતા ન હોય તે વસ્તુ કે વ્યકિતનું ગમે તે થાય તો પણ આપણને ચિંતા થવી ન ઘટે.

આ રીતે ચિંતા દૂર કરવાનો એક પ્રકાર ઉપદેશીને શ્રીમહાપ્રભુજી દ્વિતીય ઉપાયનું નિરૂપણ કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે :- આ સકલ બ્રહ્માંડના નાયક શ્રીકૃષ્ણ છે. સકલ વિશ્વનું તંત્ર તે પ્રભુ ચલાવે છે. પરંતુ અલ્પજ્ઞ એવો જીવ પોતે બધું કરે છે એવું માને છે. તે વિચારે છે. ''મેં આમ કર્યું તો મને આ મળ્યું. જો મેં આમ ન કર્યું હોત તો, મને તે પ્રાપ્ત ન થાત. આદિ.'' આવા

અનેક-સંકલ્પ વિકલ્પો તેમાં અહંકારજનિત કર્તૃત્વને સાકાર કરે છે. તેથી તે નિશ્ચિંત બની શકતો નથી. પરંતુ વારંવાર દુઃખી થઈને તે પ્રભુસેવાના કાર્યમાં શિથિલ બને છે.

કર્તા તો પ્રભુ છે; પ્રભુ સાથેના સંબંધથી જ જીવ કર્તા છે. સ્વતંત્ર રીતે તે કયારેક કર્તા બની શકતો નથી. તે પ્રભુની ઈચ્છા પ્રમાણે કર્મ કરી શકે છે. જીવને જે ફલ આપવું હોય તદનુસાર પ્રભુ તે જીવ પાસે કર્મ કરાવે છે. તેનો અર્થ એ થયો કે જીવને થતા સુખ અને દુઃખની પ્રાપ્તિ તેના કર્તૃત્વમાંથી ઉદ્ભવતી નથી. તે તો પ્રભુકૃત જ છે. તેથી કર્તૃત્વને કારણ ઉદ્ભવતી ચિંતાને નિવૃત્ત કરવાનો એક માત્ર ઉપાય, પ્રભુના સ્વામીત્વનો સ્વીકાર કરીને, નિજ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરવાનો છે.

ચિંતા નિવૃત્તિનો ત્રીજો પ્રકાર પણ આપશ્રીએ ઉપદેશ્યો છે. આપશ્રી આજ્ઞા કરે છે કે જીવની બુદ્ધિ સ્થૂલ છે. તે જે જૂએ તે સાચું છે એવું માને છે. સ્થૂલ રૂપે જોતાં, તે જે કાર્ય કરે તે તેણે કર્યું એવું કહેવાય. જીવ, ભગવાનને કશું પણ કાર્ય કરતાં જોતો નથી. તેને સર્વ કાર્યમાં ભગવાનનું કર્તૃત્વ દેખાતું નથી. પરંતુ તેણે જાણી લેવું જરૂરી છે કે પ્રભુ કોટી બ્રહ્માંડનો નાથ છે. અખીલ બ્રહ્માંડનું તંત્ર તેની ઈચ્છાને આધિન છે. તેથી જે કાંઈ થાય છે તે પ્રભુની ઈચ્છાથી જ થાય છે. આખાય વિશ્વની પ્રવૃત્તિ અને નિવૃત્તિ પ્રભુની ઈચ્છા અનુસાર થાય છે. **''ઈશની ઈચ્છા વિના એક પાન પણ હાલે નહીં.''**

જો આમ છે તો અને જો પ્રભુ નિજ જનોનું કલ્યાણ કરવાવાળો છે એવો ભાવ જીવના હૃદયમાં રૂઢ થયેલો હોય તો - તે નિશ્ચિંત બનીને ભગવદ્ સેવા કરે અને કૃતાર્થ થાય.

પ્રભુનું સ્વરૂપ જેવું અલૌકિક છે તેવું જ પ્રભુની ઈચ્છા માટે સમજવું. પ્રભુની ઈચ્છા લૌકિક નથી. અલૌકિક છે. તેમાં લૌકિકત્વની ગંધ પણ નથી. છતાં પામર જીવોને (માયાવાદીઓને) તેમાં લૌકિકની ગંધ આવે છે. નહિંતર સૌ કોઈ બહુરૂપ થયા અને સૃષ્ટિનું સર્જન થયું. તેથી સમજી લો કે ભગવદીચ્છા જ સર્વોપરી છે. પ્રભુની ઈચ્છાને અનુસરવામાં જ જીવની કૃતાર્થતા છે. પોતે જે

કાંઈ કરે તેને પણ જો તે ભગવદ્ ઈચ્છા પ્રેરિત સમજે તો તે કરવામાંથી તેનું કર્તૃત્વ પણ એવો જ ઉપદેશ છે. 'અમુક કામ કર, અથવા અમુક કામ ન કરીશ.'' એવી બુદ્ધિને પ્રેરનાર કૃષ્ણ છે. તેના ચરણકમલને પ્રસન્ન રાખવા માટે જીવે, પ્રભુની સેવા કરવાની છે.

ચિંતા નિવૃત્તિનો ચોથો પ્રકાર પણ આચાર્યશ્રી ઉપદેશે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રભુ સર્વાત્મા છે. જે ભક્તે પ્રભુને, પોતાના સર્વસ્વનું નિવેદન કર્યું છે. તેના આત્મારૂપ પણ એ પ્રભુ જ છે. અને પ્રભુ પોતે જેના આત્મારૂપ હોય તેવા જીવે ચિંતા કરવી યોગ્ય નથી. પ્રભુ સૌ કોઈને યંત્રવત ફેરવે છે - ભ્રામયન સર્વ ભૂતાનિ, યંત્રારૂઢાની માયયા - તે પોતાની યોગમાયા શકિત વડે, બધા જીવને, જાણે કે તેઓ કોઈ ગોળ ફરતા યંત્ર ઉપર આરૂઢ થયેલા ન હોય, તે રીતે બધાને ફેરવે છે. તે તો કશું કરતો નથી. કશામાં તેનું કર્તૃત્વ નથી. તે તો સ્થિર ઊભો છે. જો તેમ છે તો સારાં-નરસાં જે કાર્યો થાય. તેની ફળ પ્રાપ્તિ માટેની ચિંતા તેણે શા માટે કરવી ? તેને ફેરવતી વખતે, ભગવાન તેના હિતનો વિચાર કરે છે. જો જીવ પોતે કંઈક કરે તો તેમ કરવાથી કદાચ તેનું અહિત પણ થાય. પરંતુ સર્વ સમર્થ અને સર્વજ્ઞ તથા સર્વાત્મા એવો ઈશ્વર, જીવનું અહિત થાય એવું કદી ન કરે. પ્રભુના કર્તૃત્વમાં, જો જીવ આવો દૃઢ વિશ્વાસ રાખે તો, તેનો ચિત્તોદ્વેગ છૂટી જાય.

આટલું કહેવાથી પણ જો જીવની ચિંતાની નિવૃત્તિ ન થાય તો આપશ્રીએ પાંચમો ઉપાય ઉદ્દેશ્યો છે. આપશ્રી કહે છે કે પ્રભુએ આ આખું બ્રહ્માંડ પોતાને લીલા કરવા માટે પ્રકટ કર્યું છે. સદાકાળ એકસરખી ચીલાચાલું લીલા થયા કરે તો તેમાં રસ ન પડે. તેથી લીલામાં નિત્ય નવિનતા અથવા વિચિત્રતા આવવી જોઈએ. પ્રભુની લીલામાં નિત્ય વિચિત્રતા બની રહે એટલા માટે પ્રભુ, પોતે જે લીલા કરવા ઈચ્છે તે પ્રમાણે, તેવા પાત્રોનું સર્જન કરે છે. અને સૂત્રધાર જેમ સૂત્ર દ્વારા, કાષ્ટની પૂતળીઓને નચાવે છે, તેમ તે જીવોને નચાવે છે. ભકતરાજ નરસિંહ મહેતાના શબ્દો યાદ કરો -

**કાષ્ટની પૂતળી કોટિ લટકાં કરે, મરકટ માનવી ચાહી ન આવે**
**અખિલ બ્રહ્માંડમાં એક છે નાથતું, પુણ્ય ને પાપ નામ કહાવે.**

હકીકતમાં જીવ, પ્રભુની ઈચ્છાને આધિન એવો એક નટ છે. પ્રભુએ એક મહાન નાટક આરંભ્યું છે. જે જીવને પ્રભુએ જે પાઠ ભજવવાનું કાર્ય સોંપ્યું છે, તે જીવે તે પાઠ શ્રધ્ધાપૂર્વક ભજવવાનો છે. અને તે ભજવીને તેણે પ્રભુ પાસે પાછું જવાનું છે.

આ રીતે, નિત્ય નવીન ખેલ ખેલવા માટે પ્રભુ જીવને સુખ વા દુઃખ આપે છે. કે કોઈને રાય બનાવે છે. તો કોઈને રંક બનાવે છે; કોઈને પંડિત તો કોઈને મહામૂર્ખ. આવું બહું કરવામાં પ્રભુની ઈચ્છા અને લીલા સિવાય બીજું કોઈ કારણ નથી. એટલા માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે –

**તથૈવ તસ્ય લિલેતિ મત્વા, ચિંતા દ્રૂતં ત્યજેત્ ।।**

ચિંતામાંથી મુકત થવાના આવા પ્રકારોનું નિરૂપણ આચાર્યશ્રીએ નવરત્નમાં કર્યું છે. તે ઉપાયો કરવા છતાં, પ્રકૃતિવશ, આ જીવ ચિંતા કરે છે. અને જો કોઈ પણ રીતે તેની ચિંતા છૂટે તો શ્રીમદાચાર્યચરણ છેલ્લો, સરળ પરંતુ અચૂક ઉપાય ઉપદેશે છે. તે ઉપાય આવો છે – અષ્ટાક્ષર મંત્ર **'શ્રીકૃષ્ણઃ શરણં મમ'** નો નિત્ય, સતત જાપ કરવો.

તમારા મન ચિત્તને ચાક ઉપર ચઢાવી દો; તમને એવી રીતે ટેવાવી દો કે તે સતત અષ્ટાક્ષરનો પાઠ કરે. અષ્ટાક્ષરનો ભાવ એ છે કે અખિલ બ્રહ્માંડનો નાથ શ્રીકૃષ્ણ મારો રક્ષક છે. **''મમ નિઃસાધનસ્ય શરણ, આશ્રયઃ શકયાશકય સંપાદકઃ કૃષ્ણ.''** આ છે અષ્ટાક્ષરનો ભાવ : – **હું નિઃસાધન જીવ છું. મારું શરણ મારો આશ્રય અને શકય–અશકય વસ્તુ મને સંપાદિત કરી આપનાર કૃષ્ણ છે.**

જો તેમ છે તો તે મારી રક્ષા સદૈવ કરશે જ. તેથી મારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. અષ્ટાક્ષરનો સતત જાપ એટલે જીવ દ્વારા દાસધર્મના સ્વીકારની ઢોલ પીટીને કરાયેલી જાહેરાત; એ છે જીવ દ્વારા કરાયેલ નિજ સ્વામીના સ્વામીત્વનો જયઘોષ.

ટૂંકમાં શ્રીમદાચાર્યચરણ પ્રતિ પ્રભુ શ્રીકૃષ્ણે સ્વમુખે આજ્ઞા કરેલ અષ્ટાક્ષર મંત્રના ઉચ્ચારણ પૂર્વક, પ્રભુને શરણે જવું તેનું નામ શરણાગતિ. અને એ છે નવરત્ન ગ્રંથનું તાત્પર્ય. **– જયશ્રીકૃષ્ણ**

# ૭. અન્તઃકરણપ્રબોધઃ

અન્તઃકરણ! મદ્‌વાક્યં સાવધાનતયા શૃણુ ॥
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્॥૧॥
ચાંડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ॥
કદાચિદ્ અપમાનેપિ મૂલતઃ કા ક્ષતિર્ ભવેત્ ॥૨॥
સમર્પણાદ્ અહં પૂર્વમ્ ઉત્તમઃ કિં સદા સ્થિતઃ ॥
કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ॥૩॥
સત્યસંકલ્પતો વિષ્ણુઃ નાન્યથા તુ કરિષ્યતિ ॥
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહો-ઽન્યથા ભવેત્ ॥૪॥
સેવકસ્ય તુ ધર્મો-ઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ॥
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગા-સાગર-સંગમે॥૫॥
યાપિ પશ્ચાત્ મધુવને ન કૃતં તદ્ દ્વયં મયા॥
દેહ-દેશ-પરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ ॥૬॥
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ॥
લૌકિક-પ્રભુવત્ કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન ॥૭॥
સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થો-ઽસિ સુખી ભવ॥
પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે॥૮॥
તથા દેહે ન કર્તવ્યં વરસ્ તુષ્યતિ નાન્યથા ॥
લોકવત્ ચેત્ સ્થિતિર્ મે સ્યાત્ કિં સ્યાદ્ ઈતિ વિચારય ॥૯॥
અશકયે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન ॥
ઈતિ શ્રીકૃષ્ણ-દાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ॥૧૦॥
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ॥

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતોઽન્તઃકરણપ્રબોધઃ સમ્પૂર્ણઃ ॥

***

ષોડશ ગ્રંથોમાં 'અંતઃકરણ પ્રબોધ' એક તદન જુદી જ ભાત પાડતો ગ્રંથ છે. યમુનાષ્ટકની માફક એ સ્તુતિ ગ્રંથ નથી; બાલબોધની માફક એ,

'સમજવામાં બાલકબુદ્ધિ ધરાવતા હોય' એવા વૈષ્ણવોને બોધ આપવા લખાયેલ ગ્રંથ નથી; સિદ્ધાંત મુકતાવલિની માફક, એ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને સમજાવતો ગ્રંથ નથી. સિદ્ધાંત રહસ્યની માફક, એ સાક્ષાત પ્રભુના શબ્દોની રજૂઆત કરતો ગ્રંથ નથી; અને નવરત્નની માફક એ, નિવેદી વૈષ્ણવોને કયારેય, કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવાનો ઉપદેશ આપતો ગ્રંથનથી. એ તો છે, 'આત્મમંથન' કરતો ગ્રંથ. એક મહાન આત્મા, પોતે કરેલ ભગવદ્ આજ્ઞાના ભંગ અંગે દોષભાવ અનુભવે છે; અને એવી પરિસ્થિતિમાં તેના અંતઃકરણે શું કરવું તેનો ઉપદેશ, તે પોતાના અંતઃકરણને આપે છે; અને તે વિષે, નિજ જનોએ એવા સંજોગોમાં શું કરવું તેનો ઉપદેશ તેમને આપે છે.

રચનાકાળની દષ્ટિએ જોતાં, આ ગ્રંથ, ષોડશગ્રંથોમાં સમાવિષ્ટ સોળ ગ્રંથોમાં, શ્રીમદાચાર્યજીની અંતિમ કૃતિ છે. નિજ સ્વામીએ, આપશ્રીને, દેહ દેશ પરિત્યાગની બે આજ્ઞાઓ આપી; પરંતુ આપશ્રીએ તે ન પાળી. પછી ત્રીજી આજ્ઞા થઈ. તે આજ્ઞાનું પાલન કરવા માટે, આપશ્રીએ પુષ્ટિમાર્ગીય સન્યસ્ત લઈ, આસુર વ્યામોહ લીલા કરી. ગો. શ્રીયદુનાથજી વિરચિત 'વલ્લભ દિગ્વિજય' અનુસાર આપશ્રીએ સન્યાસ ગ્રહણ કર્યો ત્યાર પછી આપશ્રીની ભૂતલ ઉપરની સ્થિતિ ૩૯ દિવસની હતી. તેથી અષાઢ સુદ બીજથી ૩૯ દિવસ પહેલાં એટલે કે વિ.સં. ૧૫૮૭ના વૈશાખ વદ સાતમની આજુબાજુ આ ગ્રંથની રચના થઈ હશે એવું માનવામાં આવે છે.

દસ દિગંત વિજયી ગો. શ્રીપુરુષોત્તમજી 'ગ્રંથરચના' નો હેતુ આ રીતે સમજાવે છે. આપશ્રી કહે છે કે ''શ્રીમદાચાર્યચરણે ઉપદેશેલી પ્રભુસેવા નિર્દોષ છે. બ્રહ્મસંબંધ થયા પછી, સેવા કરનાર જીવને પંચવિધ દોષોમાંથી કોઈ પણ પ્રકારના દોષો બાધા રૂપ થતા નથી; કારણ કે બ્રહ્મસંબંધ થતાં જીવના પંચવિધ દોષોની નિવૃત્તિ થાય છે; બ્રહ્મસંબંધ થઈ ગયા પછી, પ્રભુને સમર્પિને સર્વ વસ્તુઓનો ઉપયોગ કરનાર વૈષ્ણવોને એ બધા દોષો સાથે સંસર્ગ થતો નથી. આ રીતે થતી નિર્દોષ સેવાને આધિદૈવિકી બનાવવા માટે, જીવે કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી. એ રીતે ચિંતા રહિત બનીને એટલે કે ઉદ્વેગ નામના પ્રતિબંધને નિવૃત્ત કરીને, જો તે વૈષ્ણવ સેવા કરે તો ભગવદ્ પ્રાકટ્ય જરૂર

થાય. પ્રભુ તેને સાનુભાવ જણાવે. પરંતુ તેમ થતાં, જો તે અદકુ પાત્ર હોય તો, તેનામાં ભગવદ્ કૃપા ન સમાય. તેને મોટાઈનું અભિમાન થાય; અભિમાની બનીને તે પ્રભુની આજ્ઞાનો ભંગ કરી બેસે; તે અપરાધી બને અને ભગવાનની અવકૃપાને પાત્ર થાય.

પરંતુ, ભગવદ્ ધર્મ, 'અંગીકૃતની રક્ષા'નો હોઈને, પ્રભુ તે જીવને ન તરછોડે; તેને પુનઃ પોતાની તરફ ખેંચી લે. પ્રભુ તે જીવની નિજ સેવક તરીકેની માન્યતા રદ કરે. આ તો સર્વ સાધારણ ઉપદેશ છે. પોતાના આવા ઉપદેશમાં નિજ સેવકોને વિશ્વાસ બેસે એટલા માટે શ્રીમદાચાર્યચરણ 'આજ્ઞાદ્રયનો ભંગ' અને 'તૃતીય આજ્ઞા પાલન' રૂપી સ્વવૃત્તાંત આ ગ્રંથમાં કહે છે.

આપશ્રીના એ કથનનું હાર્દ આ પ્રમાણે સમજવું. પ્રભુની આજ્ઞાનું પાલન, હરકોઈ સંજોગોમાં થવું જ જોઈએ. જો તે ન કરવામાં આવે તો 'સ્વામી દ્રોહ' ગણાય. આ વાત સમજયા છતાં, પોતે જ પ્રભુની બે આજ્ઞા ન પાળી. તેમ કરતાં, પોતાનાથી સ્વામીદ્રોહ થઈ ગયો હશે એવું સમજીને, આપશ્રીએ દોષભાવ અનુભવ્યો.

આપશ્રીને (શ્રીવલ્લભને) દોષભાવ અનુભવવાનો હોય ખરો ? આપ તો અન્ય પુષ્ટિજીવો કરતાં ઘણી ઊંચી કક્ષાએ બિરાજતા જીવ છો. આપશ્રી તો શ્રીગોપીજનોની માફક શુદ્ધ પુષ્ટિ જીવ છો. આપશ્રી તો શ્રીગોપીજનોની માફક શુદ્ધ પુષ્ટિજીવ છો. શુદ્ધ પુષ્ટિ જીવનું સ્થાન ભગવદ્ સ્થાન જેવું છે. એવું વિચારીને તો શ્રીગુસાંઈજીએ આપશ્રીને "વસ્તુતઃ કૃષ્ણ" કહીને ઓળખાવ્યા છે. ટૂંકમાં આપશ્રી વ્યાપિ વૈકુંઠમાં ચાલતી નિત્ય લીલાના જીવ છો.

ભગવાન કૃષ્ણે આપશ્રીને ભૂતલ ઉપર પધારવાની આજ્ઞા કરી. ભૂતલ ઉપર પધારીને, આપશ્રીએ, બે મુખ્ય કાર્યો કરવાનાં હતાં. (૧) દૈવી જીવોના ઉદ્ધારનું કામ અને (૨) શ્રીનાથજીના સ્વરૂપ સમાન શ્રીમદ્ ભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવાનું કામ. આ બે કામમાંથી, દૈવી જીવોના ઉદ્ધારનું કામ તેમણે કરવાનું હતું, એવું સાંપ્રદાયિક માન્યતા દ્વારા આપણને જાણવા મળે છે. શ્રીવલ્લભના શબ્દો, જેને આપણે આપ્ત વાકય કહી શકીએ, તે આપણી એ સાંપ્રદાયિક માન્યતાને પુષ્ટિ આપે છે :- સાક્ષાત ભગવદાપ્રોકતં તદક્ષરશઃ

ઉચ્યતે – ભગવાન શ્રીગોકુલચંદ્રમાજીએ પ્રકટ થઈને, આપશ્રીને જે મંત્ર આપ્યો તે અક્ષરશઃ કહેવાની આપશ્રીએ તેમાં પ્રતિજ્ઞા કરી છે. તે મંત્ર દ્વારા, દૈવી જીવોના ઉદ્ધારનું કામ થયું છે, થાય છે અને હંમેશા થયા કરશે.

અને બીજું કાર્ય 'ભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવાનું કાર્ય છે. એ હકીકતતો સ્વયં શ્રીવલ્લભની વાણી દ્વારા જાણવા મળે છે. પોતાના ભૂતલ ઉપરના પ્રાકટયનું પ્રયોજન સમજાવતાં, આપશ્રી, શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના સુબોધિનીજીની પ્રારંભની પાંચમી કારિકામાં આજ્ઞા કરે છે –

**અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુઃ વૈશ્વાનરાદ્ વાક્પતેઃ–**
**અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।**
**દત્વાઽઽજ્ઞાં ચ કૃપાવલોકન પટુઃ યસ્માદ્ અતોઽહં મુદા**
**ગૂઢાર્થં પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।।૫ ।।**

**અર્થાત્ :** શ્રીમદ્ ભાગવત મહાપુરાણનો અર્થ અને તેનું વિવેચન કેવળ વાક્પતિ વૈશ્વાનરજ કરી શકે; અન્ય કોઈ નહીં, એવું વિચારીને, કૃપાળુ શ્રીપતિ ભગવાને મને, વ્યાસજીની માફક, મનુષ્ય શરીર ધારણ કરીને, તેનો અર્થ પ્રકટ કરવાની આજ્ઞા કરી. તેથી હું, વ્યાસજી અને વિષ્ણુને પ્રિય એવા ભાગવતના ગૂઢાર્થને મુદા (આનંદપૂર્વક) પ્રકટ કરીશ.

નિજ પ્રાકટયના હેતુ રૂપ આ બન્ને કાર્ય કરવાની ક્ષમતા, આપશ્રી (વલ્લભ) સિવાય બીજા કોઈમાં ન હતી. આથી ભગવદ્ આજ્ઞા થતાં, આપશ્રી ભૂતલ ઉપર પધાર્યા.

ભૂતલ ઉપર પધારીને, આપશ્રીએ, જીવોને ગદ્યમંત્રની દીક્ષા આપી અને એ રીતે દૈવી જીવોના ઉદ્ધારનો માર્ગ પ્રશસ્ત કર્યો.

ત્યાર પછીનું બીજું કાર્ય ભાગવત ગૂઢાર્થના પ્રકાશનું હતું. તે કાર્ય કરવા માટે આપશ્રીએ શ્રીમદ્ ભાગવત ઉપર શ્રીસુબોધિનીજી ટીકા લખવાનું શરૂ કર્યું. શ્રીમદ્ ભાગવતના પ્રથમ ત્રણ સ્કંધના સુબોધિનીજી લખાયાં. તે સમયે, ગંગાસાગર સંગમે આપશ્રીને પ્રથમ ભગવદ્ આજ્ઞા થઈ. શી આજ્ઞા હતી તે ? એ આજ્ઞા હતી, 'દેહદેશ પરિત્યાગ' ની. આ સ્થળે દેહદેશ સંયુકત શબ્દ છે.

તેથી આપશ્રીને દેહ છોડવાની એવી બે અલગ આજ્ઞાઓ, જુદા જુદા સ્થળે થઈ એવું હું કહી શકતો નથી. અલબત્ત, આ ગ્રંથના માન્ય પૂજ્ય ટીકાકારો તે પ્રમાણે કહે છે. તેથી હું તે સ્વીકારી લઉ છું.

આ રીતે પ્રથમ આજ્ઞા થઈ. પરંતુ શ્રીવલ્લભ કહે છે કે તે મેં ન પાળી. તેમ છતાં. ભગવદ્ મિલનમાં થતા વિલંબને નિવારવા માટે, મેં ચોથાથી નવમા સ્કંધના સુબોધિની લખાવાનું મોકુફ રાખીને, સીધા શ્રીનાથજીના હૃદયરૂપ દશમ સ્કંધના સુબોધિની લખાવવાનું શરૂ કર્યું. દશમ સ્કંધ પૂર્વાધ પુરો થયો. ઉત્તરાર્ધનાં સુબોધિની મધુવનમાં બેસીને લખાવતાં હતાં ત્યાં, મધુવનમાં, આપશ્રીને પુનઃ દેહદેશ પરિત્યાગની આજ્ઞા થઈ. પરંતુ આપશ્રીએ તે બીજી આજ્ઞાનું પાલન પણ ન કર્યું.

આપશ્રીએ વિચાર્યું કે પ્રભુએ બે વાર આજ્ઞા કરી; દેહ ત્યાગની અને દેશ ત્યાગની. પરંતુ મેં તે બન્ને આજ્ઞાનું પાલન નથી કર્યું. દેહ પ્રત્યેનો મોહ કે સુબોધિની લખીને કીર્તિ કાંચન કમાવાની ઈચ્છાથી મેં એ બન્ને આજ્ઞાનો અનાદર નથી કર્યો. હું તો પ્રભુનો સેવક છું. સેવક તરીકે, પ્રભુની પ્રત્યેક આજ્ઞાનું પાલન મારે કરવાનું જ હોય. છતાં મેં તે આજ્ઞાઓનું પાલન ન કર્યું; કારણ કે, જો દેહત્યાગ કરવામાં આવે તો, વાણીનો વ્યાપાર દેહાધીન હોવાથી, દેહ છૂટતાં, સુબોધિની લેખન રૂપી વાણીનો વ્યવહાર બંધ પડે. પછી ભાગવતાર્થ કેવી રીતે થઈ શકે. અને જો હું દેશ ત્યાગ કરું તો તે પણ યોગ્ય નથી. કારણ કે હું જે દેશમાં રહીને (મધુવનમાં) સુબોધિની લખાવું છું તે દેશ ભગવદ્ દેશ છે. તેનો ત્યાગ કરીને, જે દેશ ભગવદ્ દેશ ન હોય ત્યાં મારે જવું પડે. ત્યાં રહીને ભાગવતાર્થ પ્રકટ કરવા લાયક ભાવો (વિચારો) ન આવે. એવું વિચારીને મેં, દેહદેશ ત્યાગની એ બે આજ્ઞા ન પાળી.

આપશ્રીએ એ બે આજ્ઞા ન પાળી અને સુબોધિનીના લેખનનું કામ ચાલુ રાખ્યું. દસમ સ્કંધના સુબોધિનીજી લખાયાં અને અગિયારમાં સ્કંધના ચાર અધ્યાયના સુબોધિનીજી પણ લખાયાં. તે સમયે, ત્રીજી આજ્ઞા થઈ. એ આજ્ઞા હતી લોકગોચર થવાની એટલે કે સામાન્ય જન સમુદાયથી અગોચર થવાની અર્થાત, સન્યસ્ત ગ્રહણ કરવાની.

હવે આપશ્રીએ વિચાર્યું કે જો આ ત્રીજી આજ્ઞાનું પાલન નહીં કરવામાં આવે તો લોકો તેનું કારણ મારો, મારા દેહ પ્રત્યેનો મોહ સમજશે. અથવા સુબોધિનીજી જેવો ગ્રંથ લખીને કીર્તિ કમાવાનો મારો આશય હતો એવું માનશે. આવું વિચારી આપશ્રીએ શ્રીસુબોધિની લેખનનું કાર્ય બંધ કરી દીધું અને ભક્તિમાર્ગીય સન્યાસ ગ્રહણ કર્યો. અને સાથોસાથ દેહદેશનો ત્યાગ કરીને પુનઃ નિત્યલીલામાં સામેલ થવાનો નિર્ણય કર્યો. તેમ કરતાં ત્રણે આજ્ઞાનું પાલન થઈ ગયું. પરંતુ પોતાને થયેલ આ અનુભવ દ્વારા પોતાના સેવકોને બોધ કરાવવા માટે, ભૂતલ ઉપરથી તિરોહિત થતા પહેલાં, આપશ્રીએ, અંતઃકરણ પ્રબોધ ગ્રંથની રચના કરી. ત્યાર પછી આપશ્રીએ આસુર વ્યામોહ લીલા કરી, અને તે દ્વારા આપશ્રીએ ત્રણે ભગવદ્ આજ્ઞાઓનું પાલન કર્યું.

આ રીતે આપશ્રીએ ત્રીજી આજ્ઞા તો પાળી. પરંતુ તે પાળતા પહેલાં, આપશ્રી, પ્રથમ બે આજ્ઞા ન પાળી શકાઈ તે બદલ દોષભાવ અનુભવતા હોય તેવું દેખાય છે. ગો.શ્રીગોકુલનાથજી મહારાજ ''ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ'' નો ભાવ સમજાવતાં આજ્ઞા કરે છે કે ''હિતં વચ'' એ પદ લખેલું છે. તેથી એમ સમજવું કે શ્રીઆચાર્યજીના વચનને આપ્ત વાકયપણુ છે. તેથી આપશ્રીનું આ વચન, એક યથાર્થ બોલનાર વ્યક્તિનું વચન હોઈ, તે પ્રમાણ છે. તેથી નિશ્ચયે કરીને, બધી રીતે આપશ્રીને ચિત્તનું વ્યગ્રપણુ (દોષભાવ) થયું છે, એવું શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે.

સેવકે પોતાના સ્વામીની આજ્ઞાનું પાલન હરકોઈ સંજોગોમાં કરવું જોઈએ. પરંતુ પોતે તો પોતાના સ્વામીની એક નહીં બે આજ્ઞાની અવજ્ઞા કરી હતી. શું એ સ્વામી-દ્રોહ રૂપી દોષ નથી ? પ્રભુની પહેલી આજ્ઞા શ્રીમદ્ ભાગવતના ગૂઢાર્થ પ્રકાશનની હતી. અમને તે આજ્ઞાના પાલન અર્થે આપશ્રીએ પછીની બે આજ્ઞા ન પાળી એવું માની લઈએ તો પણ 'ભાગવત ગૂઢાર્થ પ્રકાશન'નું એ કાર્ય પુરું કરવું કે ન કરવું તેનો નિર્ણય સ્વામીએ કરવાનો હતો. પોતે તો તેના સેવક હતા. તેથી પોતાના કાર્યના નિયામક પોતે જાતે બને તો સ્વામીદ્રોહ ગણાય. આવું વિચારીને આપશ્રીએ દોષભાવ અનુભવ્યો હશે, એમ માનવું.

દોષભાવ અનુભવતાં, આપશ્રીનું મનોમંથન શરૂ થયું. પરિણામે પોતાના અંતઃકરણને ઉપદેશ આપવા માટે આપશ્રી તેને સાવધાન થઈને સાંભળવા કહે છે. સાંભળો આપશ્રી શું કહે છે ?

**અન્તઃકરણ મદ્ વાક્યં સાવધાનતયા શ્રૃણુ ।**
**કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ।।**

**અર્થાત્ :–** હે અંતઃકરણ ! તું મારા વચનોને સાવધાન થઈને સાંભળ. અને તે એ કે (સર્વ ફલને આપનાર એવા ફલાત્મક) શ્રીકૃષ્ણથી, બીજું ખરેખર દોષ વિનાનું (નિર્દોષ) એવું દૈવ (ઈષ્ટદેવ) બીજું કોઈ નથી.

જીવ દ્વારા થતાં બધાં કાર્યોનું નિયંત્રણ જીવનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર દ્વારા થાય છે. એ બધાનો સમાવેશ અંતઃકરણમાં થઈ જાય છે. તેથી ભગવદ્ અવજ્ઞાનું સ્વરૂપ સમજાવવા માટે, આપશ્રી અંતઃકરણને જ સાવધાન કરે છે. અને તેને કહે છે કે મારા વચન તુ સાવધાન થઈને સાંભળ.

**નોંધ :** આ સાંભળી, સૌથી પહેલાં તો મારે સાવધાન થવાનું છે. હું અંતઃકરણ પ્રબોધનો ભાવ સમજાવવા તત્પર થયો છું, એ મારી ધૃષ્ટતા જ કહેવાય. ષોડશ ગંથોમાંથી કોઈપણ એક ગ્રંથનો ભાવ સમજાવવાની ક્ષમતા મારામાં નથી. તેથી આ પૂર્વે પણ હું સાવધાન થઈને જ બેઠો છું. એટલા માટે તો સ્વ-શક્તિથી કે સ્વતંત્ર નિર્ણયથી હું કશું સમજાવવાનો પ્રયત્ન કરતો નથી. પૂજ્ય ગો. બાળકોની ટીકાઓના આધારે હું તે બધુ સમજાવું છું. તેમાં પણ આ ગ્રંથમાં તો શ્રીમહાપ્રભુજીએ કરેલું ચિંતન છે. આપશ્રીના મનોમંથનને સમજાવતાં, સ્વયં ગોસ્વામી બાળકો પણ મુંઝાઈ જાય એવું છે. તેથી, તેમના દ્વારા ઘણીવાર વિરોધાભાસી વિધાનો થતાં હોય છે. જેમકે શ્રીમહાપ્રભુજી કો'ના અંતઃકરણને સાવધાન થઈને સાંભળવાની આજ્ઞા કરે છે તે વિષય પરત્વે–

(૧) શ્રીગોકુલનાથજી અને બીજા ઘણા ટીકાકારોનું એવું મંતવ્ય છે કે શ્રીમદાચાર્યચરણ પોતાના જ અંતઃકરણને બોધ આપે છે.

(૨) શ્રીરઘુનાથજી માને છે કે ''શ્રીમદાચાર્યચરણ સ્વકીય

અંતઃકરણના બહાને (વ્યપદેશથી) ભકતોના અંતઃકરણને ઉપદેશે છે.

(૩) શ્રીપુરુષોત્તમજી માને છે કે ‘‘ભક્તિમાર્ગનો પ્રચાર કરવા માટે પ્રકટેલા આચાર્યશ્રી, ભકતના અંતઃકરણને જ ઉપદેશ આપે એ યોગ્ય છે. તેથી અહીં ભક્તનું અંતઃકરણ લેવું.

આવું થાય ત્યારે જેમનો મત મારી શ્રદ્ધા વિશુદ્ધ બુદ્ધિને રૂચે તે મત હું વ્યકત કરું છું. આટલી સાવધાનતા રાખીને હું આ ગ્રંથને સમજાવી રહ્યો છું, એવું હું, શ્રીવલ્લભનો સેવક, આપ સૌની સમક્ષ એકરાર કરું છું.

એ રીતે સાવધાન થઈને, હું સૌને જણાવવાની રજા લઉં છું કે ‘આ ગ્રંથમાં જે પ્રસંગનો ઉલ્લેખ છે તે શ્રીમહાપ્રભુજીની અંગત વાત છે. તેમ છતાં જ્યારે આપશ્રી તેને શબ્દ દેહ આપવાનું ઉચિત માન્યું છે. ત્યારે તેની પાછળ આપશ્રીનો કોઈ ઉદ્દેશ્ય તો હશે જ.

કદાચ આપશ્રીએ એવું વિચાર્યું હશે કે પોતાના સેવકો માટે પણ કોઈ દિવસ આવો અટપટો પ્રસંગ ઉત્પન્ન થાય ત્યારે, તેવા પ્રસંગે, તેમણે શું કરવું ? પોતે તો નિત્ય લીલાના જીવ છે. તેથી પોતાના અંતઃકરણમાં ચાલતા સંઘર્ષનું સમાધાન પોતે કરી શકયા. પરંતુ આવી પરિસ્થિતિમાં સાધારણ વૈષ્ણવનું શું થાય ? આવા વિચારથી પ્રેરાઈને કદાચ આપશ્રીએ પોતાના મનોમંથનને ગ્રંથરૂપે પ્રકટ કર્યું હશે. તેમાં પોતાના અંતઃકરણને ઉપદેશ આપવાના બહાને આપશ્રીએ નિજ સેવકોને ઉપદેશ આપ્યો છે. આ રીતે, શ્રીરઘુનાથજીના આ વિષય અંગેના મત સાથે હું સંમત થાઉ છું.

પોતે એકવાર નહીં પરંતુ બે વાર ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તે માટે આપશ્રી પોતાને દોષિત ઠરાવે છે. અને પોતાના અંતઃકરણને કહે છે, ‘‘હે અંતઃકરણ! તું સાવધાન થઈને મારી વાત સાંભળ. આપશ્રી નિજ અંતઃકરણને સાવધાન શા માટે કરે છે ? એટલા માટે કે સ્વામીની આજ્ઞાનો ભંગ કરવો એ બહુ ભારે મોટો દોષ છે. તેથી એ બાબત પરત્વે થયેલ મનોમંથનને સાવધાનીથી સાંભળવાની જરૂર છે.

ગો. શ્રીગોકુલનાથજી સાવધાન થઈને સાંભળવું એટલે શું તે આ રીતે

સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે શ્રીભાગવત દશમ સ્કંધના તામસ ફલ પ્રકરણમાં **સ્વાગતમ્ વો મહાભાગાઃ** ઈત્યાદિ વચનોથી લઈને **પ્રતિયાત તતો ગૃહાન્** એટલે કે - 'તમારું સ્વાગત છે, હે મહાભાગ્યશાળી સ્ત્રીઓ' ત્યાંથી લઈને, તમે તમારે ઘેર જાવ એવી ભગવાને કરેલી આજ્ઞાનું વ્રજ ભકતોએ ઉલ્લંઘન કર્યું છે.

કૃષ્ણની બંસીનો નાદ સાંભળીને દોડી આવેલ ગોપીજનોનું ભગવાને પ્રથમ તો બહુ ભાવથી સ્વાગત કર્યું. પરંતુ પછી **પ્રતિયાત તતો ગૃહાન્** એવા શબ્દો દ્વારા તેઓને સ્વગૃહે જવાની આજ્ઞા કરી. ગોપીઓએ તે આજ્ઞા ન પાળી. તેઓ ઘેર ન ગયાં. તેમ છતાં, આજ્ઞાનું ઉલ્લંઘન દ્વારા તેમના મનોરથની સિદ્ધિ થઈ. પ્રશ્ન એ છે કે કૃષ્ણની એ આજ્ઞા, ગોપીજનો પાસે તેનું પાલન કરાવવા માટે કૃષ્ણે કરી હતી ? ના, નહીં જ. આ સ્થળે આજ્ઞાનું પાલન કરવામાં આવત તો ફલપ્રાપ્તિ અને મનોરથની પૂર્તિમાં તે બાધા રૂપ બની જાત. અર્થાત ગોપીજનોને કૃષ્ણના અધરામૃતનું પાન કરવાનું ન મળત. તેમણે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તો તે તેમને મળ્યું.

તો શું શ્રીવલ્લભને થયેલ આજ્ઞા પણ એ પ્રકારની હતી ? શ્રીવલ્લભ પોતાના અંતઃકરણને સાવધાન કરે છે. અને કહે છે કે, ''ના, તે આજ્ઞા એ પ્રકારની ન હતી.'' ગોપીજનોને થયેલ આજ્ઞા તેમને સંયોગ દશામાંથી વિરહ દશામાં મૂકે તેવી હતી. એવી આજ્ઞાના ઉલ્લંઘન દ્વારા ઈચ્છિત ફલ પ્રાપ્તિમાં વિલંબ થવાનો હતો. તેથી તેમણે કરેલ આજ્ઞાના ઉલ્લંઘનના કાર્યને ગોપીજનોએ કરેલ આજ્ઞાભંગના કાર્ય સાથે સરખાવી ન શકાય, એવો સંકેત 'સાવધાન થઈને સાંભળ' એ શબ્દોમાં વ્યકત થાય છે. તેથી શ્રીવલ્લભ નિજ અંતઃકરણને સાવધાન કરે છે.

આપશ્રી અંતઃકરણને કહે છે, હે અંતઃકરણ ! તે બે બે ભગવદ્ આજ્ઞા ન પાળી. પરિણામે અભિષ્ટ ફલ પ્રાપ્તિમાં વિલંબ થયો. તારે તે આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવું જોઈતું ન હતું. ગોપીજનોએ કરેલ આજ્ઞા ઉલ્લંઘનનું અભિષ્ટ પરિણામ આવ્યું. તેથી તારે સાવધાન થઈને નિર્ણય લેવાની જરૂર છે. ભગવદ્ આજ્ઞાનો આશય સમજીને જ તેનું પાલન કે ઉલ્લંઘન કરી શકાય.

ભગવાનની એ બન્ને આજ્ઞાનો આશય શું હશે તે શ્રીમદાચાર્યચરણ સમજી શકયાં નહીં, તેથી તેમનું ઉલ્લંઘન કર્યું. ગો. શ્રીગોકુલનાથજી મહારાજ કહે છે કે ''ભગવદાજ્ઞાનો આશય શ્રીમદાચાર્યચરણ ન સમજયા એમ કહેવું અયોગ્ય છે એવું ન માનવું. વ્રજભકતો પણ કયારેક ભગવદ્ આજ્ઞાનો આશય સમજી શકયાં નથી. તે બાબતનું દૃષ્ટાંત શ્રીગોકુલનાથજી આપે છે. આપશ્રી આજ્ઞા કરે છે :-

રાસ પંચાધ્યાયીમાં, પોતાની સાથે એકાંતમાં લઈ ગયેલ એક માત્ર વ્રજભકતને એવું અભિમાન થયું કે 'કૃષ્ણ અન્યને તજીને મને જ ભજે છે.' તેથી તેણે કૃષ્ણને કહ્યું, ''જ્યાં તમારું મન હોય ત્યાં મને લઈ જાવ. હવે મારાથી ચલાતું નથી.'' ત્યારે ભગવાને તેને આજ્ઞા કરી. ''સ્કંધ ઉપર બેસો.'' ગોપીકા સમજ્યાં કે ભગવાને તેને ભગવાનના સ્કંધ ઉપર બેસવા કહ્યું છે. વસ્તુતઃ ભગવાનનો આશય તે ન હતો. અત્યંત હોશિયાર નટ પોતાના સ્કંધ ઉપર નૃત્ય કરે છે. ચાલકના શરીર વીંટવામાં ચતુર હોય છે. (તેને માટે નૃત્ય કરવું એ રમત વાત છે; રમત કરતાં તે થાકતો નથી.) તેથી ભગવાને તે ગોપિકાને તેના પોતાના સ્કંધ ઉપર ચઢવાનું કહ્યું હતું. પરંતુ ગોપિકા તે ન સમજ્યાં. પરિણામે ભગવાનના ખભા ઉપર બેસવા જતાં - ન રહ્યાં ઘરનાં કે ન રહ્યાં ઘાટનાં (અદ્ધર લટકી ગયાં).

આ રીતે શ્રીવલ્લભ પણ ભગવદ્ આજ્ઞાનો આશય ન સમજી શકયા. તેથી તેમણે બન્ને આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. પરંતુ તેમના સદભાગ્યે તેમને ત્રીજી આજ્ઞા થઈ. આપશ્રીએ તેનું પાલન કર્યું. પરંતુ આપશ્રીએ બે વાર કૃષ્ણાધરામૃતનો સ્વાદ કરાવે એવી આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું હતું તેનું શું ? શું એ દોષ ન કહેવાય ? આપશ્રી આપશ્રીના અંતઃકરણને કહે છે, ''હા, તે દોષ જ છે.'' પરંતુ ફિકર નહીં. તે દોષ હોય તો ભલે. જીવ માત્ર દોષ કરે છે. સંપૂર્ણપણે નિર્દોષ તો કેવળ કૃષ્ણ જ છે; બાકી સર્વે સદોષ છે. ''કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષ વર્જિતઃ'' જો એમ છે તો તારે તારા એ દોષ માટે આટલા વ્યથિત થવાની જરૂર નથી.

પરંતુ તેથી મનનું સમાધાન થતું નથી. મનોમંથન આગળ વધે છે. પોતે

ચાહી ચલાવીને નીચુ સ્થાન લીધું. કૃષ્ણ તો મને પોતાની પાસે બોલાવીને, પોતાની માનિતી રાજરાણી બનાવવા ઈચ્છતા હતા. તેથી તેમણે મને દેહ દેશ છોડીને તેમની પાસે જવાની આજ્ઞા કરી હતી. પરંતુ મે વિયોગ દશામાં રહેવાનું સ્વીકાર્યું અને તે ઉન્નત પદ છોડી દીધું, તેનું શું ? શું એવી સ્થિતિ સ્વામી દ્વારા મારા (વલ્લભના) થયેલ અપમાન સમાન નથી ? સાંભળો આપશ્રી શું કહે છે?

**ચાંડાલી ચેદ્રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।**
**કદાચિત અપમાનેડપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત ।।**

**અર્થાત :** એક ચાંડાલી (હલકા કુળની સ્ત્રી) જો રાજાની રાણી થઈ અને રાજાએ તેને માનીતિ કરી; અને પછી કોઈક વખતે પોતાની કોઈક ગફલતને કારણે તેનાથી અપરાધ થઈ ગયો; તેથી રાજા તરફથી તેનું અપમાન થયું. તો પણ મૂળમાંથી (રાજપત્ની પદમાંથી) શું જતું રહ્યું ? કશું ન ગયું. (આવું વિચારીને મનમાં ભેદ ન કરવો.)

શ્રીપુરુષોત્તમજી ચાંડાલીના આ દષ્ટાંતને શ્રીવલ્લભના સંદર્ભમાં લાગુ ન પાડવું એમ કહે છે. આપશ્રી કહે છે કે શ્રીમદાચાર્યચરણ નિર્દોષ પૂર્ણ વિગ્રહ છે. તેથી તેમને આ દષ્ટાંત લાગું ન પડે. તેમ છતાં, તેઓ એટલું તો કબૂલ કરે છે કે કેટલાક ટીકાકારો ચાંડાલીના આ દષ્ટાંતને શ્રીમહાપ્રભુજીના સંદર્ભમાં વિચારે છે. તેમના પક્ષમાં વિચારતા શ્રીપુરુષોત્તમજી એવું કહે છે કે ''તેમના પક્ષમાં એવું સમજવું કે ''મૃગયુરિવ કપીન્દ્રમ'' એ ભ્રમરગીતના શ્લોકમાં જેમ કલેશથી ભકતોએ ભગવાનમાં દોષારોપણ કર્યું હતું તેમ શ્રીમદાચાર્યચરણે પોતાનામાં દોષભાવનો આરોપ માત્ર કર્યો છે.''

જે હોય તે, આવા દોષભાવથી, પોતાનામાં એવી તે કેવી અને કેટલી અધમતા આવી જવાની છે, જેને કારણે પોતાને ખેદ થાય એ વિચારવાનું છે. તેથી આપશ્રી આજ્ઞા કરે છે –

**સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।**
**કા મમાધમતા ભાવ્યા પશ્ચાતાપો યતો ભવેત્ ।।**

**અર્થાત્ :-** સમર્પણ કર્યા પહેલાં, (બ્રહ્મસંબંધ સંસ્કાર થયા તે પહેલાં) ચાંડાલીવત સહજ અને આગંતુક દોષથી દુષ્ટ થયેલો હું પ્રાકૃત જીવ, શું સદા ઉત્તમ હતો ? ના, કદાપિ ઉત્તમ ન હતો. પરંતુ જેમ ચાંડાલી રાજપત્ની થઈ, તેમ સમર્પણ કરવાથી જ હું ઉત્તમ પદને પામ્યો. બ્રહ્મસંબંધ લીધા પહેલાંની મારી સ્થિતિનો જો હું વિચાર કરું તો હું ચાંડાલીવત હતો. પછી રાજપત્નીત્વ પામ્યો. મને ઊંચુ સ્થાન મળ્યું. પછી કોઈક કારણવશ રાજાએ તેનું અપમાન કર્યું તો તેનાથી તે પુનઃ ચાંડાલીવત બની જવાની નથી. તે તો રાજરાણીજ રહેશે. તેથી રાણીપદ પામતા પહેલાં તેની જે અધમતા હતી તે તેને પ્રાપ્ત થવાની નથી. એટલે કે રાજાએ કરેલ અપમાનથી તેને કશી વધુ અધમતા થવાની નથી. એ રીતે, ભગવદ્ આજ્ઞાના અનાદરને કારણે ભગવાનની મારા ઉપર અપ્રસન્નતા થવાથી, મારા જેવા (પહેલાંની ચાંડાલી જેવા) અધમની વધુ અધમતા શી થવાની હતી ? પહેલાં મારી જે અધમતા હતી તેના કરતાં વધુ અધમતા હરગીઝ થવાની નથી. તો પછી આજ્ઞાના ઉલ્લંઘન માટે મારે ખેદ કરવાની કે પશ્ચાતાપ કરવાની શી જરૂર ?

આ બાબતને ગો. શ્રીપુરુષોત્તમજીએ પ્રશ્નોત્તરી રૂપે રજૂ કરી છે. તે પ્રશ્નોત્તરી આ પ્રમાણે છે :-

**પ્રશ્ન :** અધમતા એટલે એવો ભય કે મારાથી પ્રાકૃત જીવ થઈ જવાશે તો ?

**ઉત્તર :** તે તો સહજ છે; હું (શ્રીવલ્લભ) પ્રાકૃત જ છું.

**પ્રશ્ન :** મારાથી અભગવદીય બની જવાશે તો ? એટલે કે ભગવાન સાથેનો મારો સંબંધ છૂટી જશે તો ?

**ઉત્તર :** ભગવાન સાથેનો સંબંધ નહીં છુટે. ભગાવને મારો કદાપિ ત્યાગ કર્યો નથી. કારણ કે અંગીકાર (અંગીકૃતને કદી ન ત્યજવો તેવો ગુણ) એ તો ભગવાનનો નિત્ય ધર્મ છે. જો ભગવાને મારો ત્યાગ કર્યો નથી અને હવે પછી પણ ત્યાગ નહીં જ કરે, એમ સિદ્ધ છે.

**પ્રશ્ન :** તો પછી પ્રભુની અપ્રસન્નતા તો થઈ છે ને ?

**ઉત્તર :** પ્રભુની અપ્રસન્નતા ભલે થઈ. એ સ્થિતિમાં પણ બ્રહ્મ સંબંધ થતા પહેલાંની (અધમ) દશા કરતાં અત્યારે મારી દશા ઉત્તમ છે. બ્રહ્મ સંબંધ પહેલાંની જેમ, અત્યારે મારી અધમ દશા નથી. તો મારે શા માટે પશ્ચાતાપ કરવો જોઈએ ?

હે અંતઃકરણ ! વિચાર કર. જો તુ આ રીતે વિચાર કરીશ તો તારામાં ભગવદ્ પ્રસાદ (પ્રસન્નતા) પ્રાપ્ત કરવા રૂપી દૈન્ય જેવું ઉત્તમ સાધન પ્રકટ થશે. દીનતા થતાં, પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થશે અને અપ્રસન્નતા નિવૃત્ત થશે.

**નોંધ :** ત્રીજા શ્લોકનું આ વિવરણ મેં શ્રીપુરુષોત્તમજીએ કરેલ આ ગ્રંથના વિવરણના અનુવાદમાંથી લીધું છે. તેથી કાંઈ વધુ–ઓછું લખાયું હોય તો મને ક્ષમા કરશો. એ મારા શબ્દો નથી; પરંતુ તેના ભાવ સાથે હું સંમત થાઉ છું.

એ ભાવ, આપણે આ રીતે સમજવા પ્રયત્ન કરીશું. આપશ્રી આજ્ઞા કરે છે. ''હે અંતઃકરણ ! તે પ્રભુને સમર્પણ કર્યું તે પહેલાં તારી જે સ્થિતિ હતી (અધમ) તેના કરતાં તો વિયોગની સ્થિતિ ઘણી ઊંચી છે. વિયોગ તો વિયોગ. પરંતુ તેથી રાજરાણી તો રહેવાય છે ને ! સમર્પણ પહેલાંની સ્થિતિ એ ફરીથી પહોંચી તો નથી જવાતું ને ! જો એમ છે તો, તેં કશું ગુમાવ્યું નથી. તેથી તારે ક્ષોભ અનુભવવાની જરૂર નથી. વિયોગમાં પણ આનંદ છે. ફળનો વિલંબ તને જરૂર થયો છે. પરંતુ ફળપ્રાપ્તિની પ્રતિક્ષાનો આનંદ, તે ક્ષતિની પૂર્તિ કરશે.

અને જો ભગવદ્ આજ્ઞાના ઉલ્લંઘન દ્વારા હું ચાંડાલીની સ્થિતિએ પાછો ફરતો ન હોઉં તો મારામાં એવી કઈ અધમતા આવી છે જેને માટે મારે પશ્ચાતાપ કરવો પડે ?

આ તો છે માનસિક સંઘર્ષની પરાકાષ્ઠા. પોતે ભગવદ આજ્ઞાનો અનાદર કર્યો. પરિણામે, ફલ પ્રાપ્તિમાં વિલંબ થયો; તેથી શું જીવે તે માટે ઉદ્વેગ કરવો ? શ્રીમહાપ્રભુજીએ આ પ્રશ્નનું સુંદર સમાધાન કર્યું છે. આપશ્રી આ રીતે વિચારે છે, ''હે જીવ ! આત્મસમર્પણ પહેલાં તું અધમ (ચાંડાલી સમ) હતો. તે આત્મસમર્પણ કર્યું, તેથી તું એનો દાસ (કૃષ્ણદાસ) બન્યો. એ રીતે તું

રાજરાણીનું (પ્રભુનું સેવકપદ) ઉચ્ચ પદ પામ્યો છે. હવે ફળ પ્રાપ્તિ હાથવેંતમાં છે; તે અંગે આજ્ઞા પણ થઈ ગઈ – ''ચાલ્યો આવ, તારા વગર મને ગમતું નથી.'' પરંતુ અન્ય ભગવદ્ આજ્ઞાના પાલન અર્થે તે પ્રભુ પાસે ચાલ્યા જવાની આજ્ઞાનો અનાદર કર્યો. તેનાથી ફલ પ્રાપ્તિમાં વિલંબ જરૂર થયો છે. વિલંબ તો થયો છે; પરંતુ રાજરાણીનું પદ (કૃષ્ણના દાસત્વનું પદ) તો રહ્યું છે ને ! એ દાસભાવ ક્યાં ગયો છે ? તારે માટે સમર્પણ પહેલાંની સ્થિતિ ક્યારેય આવવાની નથી. સ્વામીએ હાથ પકડ્યો છે. તે ક્યારેક અપ્રસન્ન થાય. પરંતુ તારો પકડેલો હાથતે કદી નહીં છોડે. તેથી આવી વ્યગ્રતા શા માટે ? તે માટે તારે દોષભાવ અનુભવીને પશ્ચાતાપ કરવાની શી જરૂર છે ? તેં એવું કશું નથી કર્યું જેને માટે તારે પશ્ચાતાપ કરવો પડે.

શ્રીવલ્લભ પોતાના મનનું સમાધાન શોધે છે. અને વિચારે છે. ''પ્રભુએ તને જે કાર્યો કરવા ભૂતલ ઉપર મોકલ્યો છે, તે બધાં કાર્યો તેં સારી રીતે કર્યાં છે. હવે તારો વિયોગ સહન ન થતાં તે તને પાછો બોલાવે છે. પરંતુ ભૂતલ ઉપરના પ્રાકટ્ય સાથે સંકળાયેલ એક કાર્યને પુરું કરવાની ઈચ્છાથી તેં વિયોગ સ્વીકાર્યો; અને તું તેની પાસે પાછો ન ગયો. આવું તે બે વાર કર્યું. પરંતુ ત્રીજી આજ્ઞા થતાં, પ્રસંગની ગંભીરતા તને સમજાઈ. તને સમજાયું કે પ્રભુ તારો વિયોગ સહન કરી શકતા નથી. આથી તેં ત્રીજી આજ્ઞા શિરોધાર્ય કરી. આમાં એવો તે મોટો કયો દોષ થયો છે. જે માટે પશ્ચાતાપ કરવો પડે !

આ રીતે શ્રીમદાચાર્યચરણ જીવના ધર્મ અનુસાર વિચાર કરવાનો ઉપદેશ પોતાના અંતઃકરણને આપે છે અને પછી 'ભગવાન સ્વતંત્ર ઈચ્છાવાળા છે.' એવું સમજાવવા માટે, આપશ્રી ભગવદ્ ધર્મ અનુસાર ઉપદેશ આપે છે.

**સત્ય સંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।**
**આજ્ઞૈવ કાર્યા સતતં, સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્ ।।**

એટલે કે ભગવાન વિષ્ણુ સત્ય સંકલ્પવાળા છે. તેથી ફળ આપવાની બાબતમાં પોતે જે સંકલ્પ (ઈચ્છા) કર્યો હશે તેથી બીજી કોઈ રીતે તે ફળ નહીં આપે. તેથી હંમેશા શ્રીપ્રભુની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરવું. એ સિવાય બીજી

રીતે કાર્ય કરવાથી એટલે કે પ્રભુ આજ્ઞા પ્રમાણે કાર્ય ન કરવાથી, સ્વામીદ્રોહ થયો કહેવાય.

શ્રીગોકુલનાથજી મહારાજ **‘‘આજ્ઞૈવ કાર્ય સતતં’’** અને **‘‘સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્’’** એ બન્ને વાકયોનો ભાવ આ રીતે સમજાવે છે–

આજ્ઞૈવ કાર્યા સતતંનો ભાવ તો સ્પષ્ટ છે. એ વાકય દ્વારા ‘‘આજ્ઞા પ્રમાણે કરવું’’ એવું સમજાય છે. અને ‘સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્’ એ વાકયનો અભિપ્રાય આ પ્રમાણે સમજવો :

શ્રીમદ્ ભાગવતમાંના ફલ પ્રકરણમાં શ્રીવ્રજભકતોએ પ્રૌઢીભાવ વડે પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. છતાં તેમને ફલપ્રાપ્તિ થઈ. એ રીતે જો હું પણ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ તો મને પણ ફલ પ્રાપ્તિ થશે, એવું માનવાની ભૂલ જો મારું અંતઃકરણ કરતું હોય તો તેનું તે અજ્ઞાન (ભૂલ) મટાડવા માટે જે બાધોક્તિ (બાધ કરતું કથન) બતાવી તે તેમાં ‘સ્વામીદ્રોહ’ પદનો આશય આ પ્રમાણે છે.

ફલ પ્રકરણમાં શ્રીવ્રજભકતોએ ભગવદ્ આજ્ઞાનું જે ઉલ્લંઘન કર્યું છે તે તો શ્રીપ્રભુને અને શ્રીગોપીજનો એ બન્નેને, સર્વ પુરુષાર્થ સિદ્ધ કરાવી આપનાર થયું છે. એને દષ્ટાંત રૂપ લઈને, હે અંતઃકરણ ! જો તું પણ તેમ કરીશ તો તને અને શ્રીપ્રભુને, પ્રભુને, બન્નેને વિપરીત ફળ મળશે. કારણ કે ગોપીજનોએ કરેલ ભગવદ  આજ્ઞાનું ઉલ્લંઘન, તેમને ફળ મળવામાં રહેલા પ્રતિબંધને દૂર કરવાના ઉપયોગમાં આવ્યું. તેનાથી પ્રભુને અને ગોપીજનોને નિરવિઘ્ન પરમાનંદ સિદ્ધ થયો. પરંતુ તેં કરેલ ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન, પ્રભુએ તેને દેવા ધારેલ ફલની પ્રાપ્તિમાં પ્રતિબંધ રૂપ બની ગયું છે. તેથી પ્રભુને ક્રોધ થાય તેમ પણ બને. પરિણામે તેઓ ફલ આપવામાં વિલંબ કરે એવું પણ બને. તેથી તેં કરેલ ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન એ શ્રીપ્રભુનો અપરાધ થયો કહેવાય. આવા અપરાધથી બચવા માટે જીવે હંમેશા સ્વામીની આજ્ઞાનું પાલન કરવું. જો તેમ ન કરવામાં આવે તો સ્વામીદ્રોહ થાય, એવો આમાં ભાવ છે.

શ્રીવલ્લભે ‘ભગવદ્ આજ્ઞા ભંગનું પરિણામ’ એ વિષય ઉપર (૧)

જીવ ધર્મોનું સાર અને (૨) ભગવદ્ ધર્માનુસાર વિચાર કર્યો. હવે આપશ્રી (૩) સેવક ધર્માનુસાર તેના ઉપર વિચાર કરતાં કહે છે :-

**સેવકસ્ય તું ધર્મોયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।**

અને પછી કહે છે - **"પશ્ચાતાપઃ કથં તત્ર, સેવકોહં ન ચાન્યથા"** આ બે ઉક્તિઓ દ્વારા આપશ્રી સેવકનો ધર્મ શો છે તે સમજાવે છે.

આપશ્રી આજ્ઞા કરે છે, "સેવકનો ધર્મ સ્વામીની આજ્ઞાનું પાલન કરવું તે છે. જો તે તેનો ધર્મ બજાવશે તો સ્વામી પોતાનો ધર્મ જરૂર બજાવશે. નિજ ભકતોના સ્વામી (શ્રીપ્રભુ) નો ધર્મ છે, પોતાના ભકતોનું આ લોક અને પરલોક સંબંધી બધુ સિદ્ધ કરી આપવાનો.

અલબત્ત, ગંગાસાગર સંગમે મને મળેલી પહેલી આજ્ઞા અને મધુવનમાં મને મળેલી બીજી આજ્ઞા-દેહ દેશના પરિત્યાગની આજ્ઞા - મેં ન પાળી; પરંતુ લોકોની અગોચર થવાની (સન્યસ્તની) ત્રીજી આજ્ઞા તો મેં જરૂર પાળી છે. અર્થાત સેવક તરીકેનો મારો ધર્મ (સ્વામી આજ્ઞાનું પાલન) થોડોક મોડો, પણ મેં બજાવ્યો છે. તેનું કારણ એ છે કે :-

**સેવકોહં, ન ચાન્યથા**

હું પ્રભુનો સેવક છું; અન્યથા નથીઃ એટલે કે સેવક સિવાય બીજું કશું નથી. હું મારા સ્વામીનો સેવક છું; એટલા માટે તો તેણે મને ત્રીજી આજ્ઞા કરી. તે દ્વારા તેમણે મારા સેવકભાવને માન્ય રાખ્યો છે. જો મારો સેવકભાવ છીનવી લેવામાં ન આવ્યો હોય તો, તેમની બે આજ્ઞાનું પાલન મેં ન કર્યું તે માટે મારે શા માટે પશ્ચાતાપ કરવો ?

અને જો હું સેવક છું, તો તે મારો સ્વામી છે. અને તે કાંઈ લૌકિક સ્વામી નથી. "લૌકિક પ્રભુવત્ કૃષ્ણો ન દષ્ટવ્ય કદાચન" - કૃષ્ણને લૌકિક સ્વામી કદી પણ ન માનશો. જો તે લૌકિક સ્વામી હોત તો તેની આજ્ઞાઓના ઉલ્લંઘન માટે નારાજ થઈને તેણે મારું સેવક પદ છીનવી લીધું હોત. પરંતુ મારા સ્વામીએ તેમ કર્યું નથી; તે બતાવે છે કે તે લૌકિક સ્વામી નથી. તે તો મારો અલૌકિક સ્વામી છે. અને તેથી જ તે સત્ય સંકલ્પ છે. સત્ય સંકલ્પ હોવાથી તે

પોતાના સંકલ્પ (ઈચ્છા) પ્રમાણે જ બધું કરશે. તેં તો ભક્તિભાવપૂર્વક બધુ પ્રભુને સમર્પિને તું તેનો સેવક બની બેઠો છે અને તેણે તારો સેવક તરીકે અંગીકાર કર્યો છે. તેથી તું કૃતાર્થ છે. હવે તારે દોષ અનુભવવાની જરૂર નથી– સુખી ભવ – એટલે કે તું સુખી થા.

**સર્વં સમર્પિતં ભકત્યા, કૃતાર્થોઽસિ સુખી ભવ ।।**

શ્રીમહાપ્રભુજીનું મનોમંથન હજુ ચાલુ છે. આપશ્રી આજ્ઞા કરે છે, ‘‘હે અંતઃકરણ ! તે બન્ને આજ્ઞાનું ઉલ્લંઘન સેવક ભાવે જ કર્યું છે. સ્વામીની એક આજ્ઞાના પાલન અર્થે તેની બીજી આજ્ઞાની અવજ્ઞા તેં કરી હોય તો પણ તું તેનો સેવક જ રહે છે. તારો સ્વામી તારો સેવકભાવ સમજે છે. અને તેની કદર પણ કર  છે. તે તારા ઉપર કદી પણ ગુસ્સે થશે નહીં. કારણ કે તે અલૌકિક સ્વામી છે. ઉપરાંત તે પહેલાંથી જ નકકી કરી રાખ્યું છે. હવે તેં કરેલ આજ્ઞાભંગના બહાને, તે પોતાના સંકલ્પમાંથી ફરી જશે નહીં. તેથી આજ્ઞાભંગ માટે તું ઉદ્વેગ ન કરીશ. ભગવદ્ સેવક હોવાથી તું કૃતાર્થ છે; સુખી થા.

પરંતુ સમજી લે કે તારામાં સેવકભાવ છે; તેથી એક સેવક તરીકે તારું કર્તવ્ય, તારા સ્વામીની આજ્ઞા પ્રમાણે કામ કરતાં રહેવાનું છે. આજ્ઞા પ્રમાણે કામ ન કરવામાં આવે તો તે સ્વામી દ્રોહ ગણાય. સેવકનો ધર્મ આજ્ઞા પાલનનો છે. જો સેવક પોતાનો ધર્મ બજાવે તો સ્વામી પોતાનો ધર્મ અવશ્ય બજાવશે. એટલે કે આ લોક અને પરલોક સંબંધી તારું હિત વિચારીને, તે તારાં બધાં કામ કરશે. તેથી તેં કરેલ આજ્ઞા ભંગ માટે તું વ્યગ્ર ન બનીશ.

ગંગાસાગરમાં થયેલી પહેલી આજ્ઞા અને મધુવનમાં થયેલી બીજી આજ્ઞા તેં ન પાળી; અને તે દેહદેશનો પરિત્યાગ કર્યો; પરંતુ ત્રીજી આજ્ઞા થતાં લોક પ્રસિદ્ધ સન્યાસ ગ્રહણ કરીને તેં ગૃહત્યાગ કર્યો. આ રીતે ત્રીજી આજ્ઞાના પાલન વડે તેં તારો સેવક ધર્મ બજાવ્યો છે.

આટલું કહીને આચાર્યશ્રી બહુ ભારપૂર્વક પોતાના સેવકધર્મની જાહેરાત કરે છે. આપ કહે છે કે અહમ્ સેવકઃ અન્યથા ન । એટલે કે હું તો કૃષ્ણનો સેવક છું. બીજું કશું નથી. અને આ તો છે આપ્ત વાકય.

પોતાના સ્વરૂપની સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે જાહેરાત કર્યા પછી, શ્રીમહાપ્રભુજી નિજ સ્વામીના સ્વરૂપની જાહેરાત કરે છે. આપ કહે છે કે કૃષ્ણને લૌકિક સ્વામી ન માનશો.

**ન લૌકિક પ્રભુઃ કૃષ્ણૌ મનુતે નૈવ લૌકિકમ્**

તે લૌકિક સ્વામી નથી; તેથી લૌકિકને નહી માને. જો તે લૌકિક હોત તો પોતાની આજ્ઞાનો અનાદર થતાં તે ગુસ્સે થાત અને પોતાને (શ્રીવલ્લભને) સેવકપદેથી દૂર કરત. પરંતુ તે અલૌકિક સ્વામી હોવાથી, આજ્ઞાની અવજ્ઞા થયાં છતાં તે ગુસ્સે ન થયો. પહેલી આજ્ઞાનો ભંગ થતાં, બીજી અને પછી ત્રીજી આજ્ઞા પણ આપી. તે બતાવે છે કે પ્રભુને નિજ સેવક એવા વલ્લભને પોતાના સેવક પદેથી દૂર કર્યા નથી. આજ્ઞા તો નિજ સેવકોને જ અપાય. પ્રભુએ આપેલ ત્રીજી આજ્ઞા સ્પષ્ટપણે એવો સંકેત કરે છે કે શ્રીપ્રભુ હજી પણ શ્રીવલ્લભને પોતાના સેવક રૂપે સમજે છે. વલ્લભે એ આજ્ઞાનું પાલન કરીને નિજ સેવકધર્મનો નિર્વાહ કર્યો છે.

ત્યારપછી શ્રીવલ્લભ પોતાના અંતઃકરણને એક લૌકિક દૃષ્ટાંત આપીને, પોતે ત્રીજી આજ્ઞા શા માટે પાળી તે સમજાવે છે.

**પ્રૌઢાઽપિ દુહિતા યદ્વત્સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ।**
**તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ।।**

**અર્થાત :–** જેમ પોતાની મોટી થયેલી દીકરીને, સ્નેહવશ, તેનો પિતા તેના પતિ પાસે ન મોકલે તો તેનો પતિ સંતોષ પામતો નથી. તેમ હે અંતઃકરણ, તારે દેહત્યાગ કરવા બાબતમાં વિલંબ ન કરવો. વિલંબ કરીશ તો પ્રભુ તારાથી વિયોગ પામીને, પ્રસન્ન નહીં થાય. તેથી વિના વિલંબે, દેહત્યાગ કરીને તું તારા સ્વામી (વર) પાસે પહોંચી જા.

સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે શ્રીવલ્લભ સ્વામિનીજી સ્વરૂપ છે. આ વાત બધા પુષ્ટિ માર્ગીય વૈષ્ણવો જાણે છે. જો સ્વામી, સ્વામિનીજીનો વિરહ સહન ન કરી શકે તો, સ્વામિનીજીએ નિજ સ્વામી પાસે જવું જ રહ્યું. એક લૌકિક દૃષ્ટાંત આપતાં આપશ્રી આજ્ઞા કરે છે કે પોતાની પુખ્ત વયે પહોંચી

ગયેલ દીકરીને, તેનો પિતા, સ્નેહવશ તેના પતિ પાસે ન મોકલે તો તેનો વર સંતોષ ન પામે. તેથી જો શ્રીવલ્લભ પોતાનો દેહ સંભાળી રાખે એટલે કે ભૂતલ ઉપર પોતાની સ્થિતિ ચાલુ રાખે અને નિત્ય લીલામાં સામેલ ન થાય તો તેમનો સ્વામી કૃષ્ણ સંતોષ ન પામે. આવું વિચારીને આપશ્રીએ એ ત્રીજી આજ્ઞા પાળી. હવે આપશ્રી નિત્ય લીલામાં પુનઃ સામેલ થશે; તેમના સ્વામીને તેમનો વિયોગ સહન કરવો નહીં પડે. તેથી તેમનો સ્વામી સંતુષ્ટ થશે.

પૂજ્ય શ્યામ મનોહર બાવાશ્રી (પાર્લાવાળા) – વયસ્ક પુત્રીને પતિગૃહે મોકલવા બાબત આ રીતે સમજાવે છે –

આપણો દેહ પ્રભુને અર્પણ કરવામાં આવ્યો છે. તેથી તે પ્રભુના ઉપભોગ માટે છે. આપણે તે દેહ વડે પ્રભુસેવા કરવાની છે. પરંતુ દેહ પ્રત્યેના મોહ વશ થઈને જો આપણે તેને પ્રભુની સેવામાં ન પ્રયોજીએ તો એ દેહનો સ્વામી કૃષ્ણ કેવી રીતે સંતોષ પામે ?

શ્રીવલ્લભ વિચારે છે. ''મારા દેહથી મારે મારા સ્વામીની સેવા કરવાની છે. મારો સ્વામી મને પોતાની સેવા માટે બોલાવે છે. પરંતુ મેં મારો દેહ તેને પાછો ન આપ્યો. અલબત્ત મેં કાંઈ તેની પ્રત્યેના મોહથી તેને રાખી મૂકયો નથી. મારા સ્વામીની જ એક બીજી આજ્ઞા સતી તે પાળવા માટે મેં તેને રાખી મૂકયો હતો. પરંતુ મારે સમજવું જોઈતું હતું તે આજ્ઞા કરનાર પ્રભુ પોતાની આજ્ઞા ગમે ત્યારે બદલી શકે છે. મને જ્યારે ત્રીજી આજ્ઞા થઈ ત્યારે મને તે સમજાયું. અને જેવું સમજાયું કે તરત મેં તે આજ્ઞાનું પાલન કર્યું.

આ રીતે શ્રીમદાચાર્યચરણ પોતાના અંતઃકરણનું સમાધાન કરે છે. અને આજ્ઞા કરે છે કે –

**અશકયે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન** – એટલે કે પોતાનાથી ન બની શકે તેવા અશકય કામમાં શ્રીહરિ પોતે ભકતોના સર્વ પુરુષાર્થો સિદ્ધ કરનારા છે. તેથી કોઈપણ રીતે તું મોહને પ્રાપ્ત ન થઈશ. તુ જરા પણ ઉદ્વેગ ન કરીશ અને ચિત્તવૃત્તિને સ્થિર રાખજે.

તાત્પર્ય એ કે 'સર્વ ધર્મ ત્યજીને મારે એકલાને જ શરણે આવ' એ

વાકયથી પોતાને શરણે આવનાર જીવનાં બધાં પાપ દૂર કરવાની ઘોષણા કરનાર ભગવાન કૃષ્ણ, શરણાગત જીવના રક્ષક છે, એવો વિચાર કર. આ રીતે ભગવાનની શરણાગતિનો વિચાર કરવા માત્રથી જ તારા બધા ઉદ્વેગ દૂર થઈ જશે. અને તને ભગવત્કૃપા પ્રાપ્ત થશે.

આ બધુ શ્રીવલ્લભે પોતાના અંતઃકરણને નિમિત બનાવીને, પોતાના સેવકોના હિત માટે કહ્યું છે. ભકતો તેના તાત્પર્યને સમજે તો તેઓ નિશ્ચિતપણાને પામે.

શ્રીવલ્લભના આ શબ્દો દ્વારા સ્પષ્ટ થાય છે કે પોતાના અંતઃકરણને આપેલ ઉપદેશનો મર્મ ભકતો સમજે. એટલે કે પોતાના અંતઃકરણને બહાને ભકતોએ આ બધાનું તાત્પર્ય સમજવાનું છે. જો તેઓ એ સમજશે તો તેઓ નિશ્ચિંતતા પ્રાપ્ત કરશે. તેમની એ આજ્ઞા આ પ્રમાણે છે :-

**ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ।**
**ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભકતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।**

'કૃષ્ણદાસસ્ય વલ્લભ' એટલે (૧) ભકતો સાથે લીલારસનો જેને આવેશ થયેલો છે એવા શ્રીકૃષ્ણના દાસ અથવા (૨) જેમણે પુષ્ટિમાર્ગીય ફલરૂપ પ્રભુનું દાસત્વ પ્રાપ્ત કરેલું છે એવા ભગવાન શ્રીકૃષ્ણના દાસ વલ્લભ અથવા (૩) જે પ્રભુને, અને શુદ્ધ પુષ્ટિમાર્ગીય દાસત્વ જેણે પ્રાપ્ત કર્યું છે એવા પુષ્ટિ ભકતોને, પ્રિય (વલ્લભ) છે એવા વલ્લભ -

એવા કૃષ્ણદાસ વલ્લભનું આ હિત કારક વચન આકર્ણ્ય (સારી રીતે) સાંભળીને બધા ભકતો નિશ્ચિંતતાને પ્રાપ્ત કરે છે.

પ્રિય વૈષ્ણવો ! અંતઃકરણ પ્રબોધ ગ્રંથનો વિષય ઘણો સૂક્ષ્મ અને ગૂઢ છે. મારા જેવો સામાન્ય માનવી તેનો મર્મ ન સમજી શકે તો પછી તે સમજાવી તો કેમ જ શકે ? પરંતુ શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી અને શ્રીપુરુષોત્તમજી આદિ ધુરંધર ટીકાકારોએ એ ગ્રંથની જે ટીકાઓ કરી છે તેના આધારે, શ્રીવલ્લભના દાસે આ ગ્રંથના ભાવને સમજાવ્યો છે. મને ખાત્રી છે. કે ઉપર્યુકત મહાનુભાવોના પ્રમેય બળે, અત્રે સમજાવેલ વિષય, ભકતોને સારી રીતે

સમજાઈ જશે. તે સમજીને, અને શ્રીમહાપ્રભુજી પાસેથી બોધ પામીને, શ્રીમહાપ્રભુજીના બધા સેવકો, આવા ભગવદ્ આજ્ઞા ભંગ જેવા પ્રસંગે, શું કરવું તે સમજીને, અને તે પ્રમાણે વર્તીને નિશ્ચિંતતા અનુભવશે.

શ્રીમહાપ્રભુજી કોઈ સાધારણ જીવ નથી. આપશ્રી તો શ્રીગોપીજનોના જેવા શુદ્ધ પુષ્ટિ જીવ છે. નિત્ય લીલા સ્થિત, લીલા મધ્યપાતી જીવ છે; એવા શુદ્ધપુષ્ટિ જીવ વસ્તુતઃ કૃષ્ણ છે. આપશ્રીનો આવિર્ભાવ થયો પ્રભુ આજ્ઞાને કારણે અને આપશ્રીને તિરોભાવ (આસુર વ્યામોહ લીલા) થયો છે તે પણ પ્રભુ આજ્ઞાને કારણે. આપ તો સ્વામીનીજી સ્વરૂપ છે. વસ્તુતઃ શ્રીસ્વામિનીજીના વિરહાગ્નિનું મૂર્ત સ્વરૂપ એટલે શ્રીવલ્લભ તેમને દેહભાવ કે દેહ પ્રત્યેની મમતા હોય જ નહીં. આથી દેહ પ્રત્યેના મોહને કારણે આપશ્રી દેહ દેશ પરિત્યાગની આજ્ઞાનો અનાદર કદી ન કરે. અને તેમાં પણ 'દેહદેશ પરિત્યાગ'ની એ આજ્ઞા તો નિત્ય લીલામાં પ્રવેશ કરવા માટેની હતી. તેથી જો તેઓએ તેનો ભંગ કર્યો હોય તો તેનું અન્ય બહુ સબળ કારણ હોવું જોઈએ.

આપશ્રીનો નિત્ય લીલાના જીવ - નિત્ય લીલાનો આનંદ માણી ચૂકેલા જીવ છો. કેવળ ભગવદ્ આજ્ઞાના પાલન અર્થે જ આપશ્રી ભૂતલ પર પધાર્યા. તેથી આવી નિત્ય લીલા પ્રવેશની આજ્ઞા થતાં જ આપશ્રી તેને વધાવી લે. તેનો અનાદર ન કરે. તેમ છતાં આપશ્રીએ એવી બે આજ્ઞાની અવજ્ઞા શા માટે કરી ? તેનું અન્ય કારણ હોવું જોઈએ.

મારી મંદ બુદ્ધિ પ્રમાણે એ આપશ્રીની કોઈ નવીન લીલાજ હોઈ શકે - તથૈવ તસ્ય લીલેતી મત્વા - એટલે કે તેને શ્રીવલ્લભની કોઈ લીલા માનવી.

શ્રીવલ્લભની આ લીલાનું કારણ, સામાન્ય માનવ બુદ્ધિથી સમજી ન શકાય. પોતે ભલે ભગવદ્ આજ્ઞાથી દેહ ધારણ કર્યો હોય; પરંતુ એક વાર માનવદેહ ધારણ કર્યો એટલે મનવોચિત લૌકિક વ્યવહારો પણ (કાપટયેષુ) કરવા પડે. એટલા માટે આપશ્રીએ પ્રભુ આજ્ઞાના ઉલ્લંઘન માટે આવું મનોમંથન કર્યું હશે; અન્યથા ન તો આપ ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કરે ન આપશ્રીને કોઈપણ પ્રકારનું મનોમંથન કરવાની જરૂર પડે.

આ ગ્રંથમાં મારા ગુરુદેવ શ્રીવલ્લભે, બે-ત્રણ સ્વરૂપાત્મક વિધાનો કર્યાં છે, જે હરકોઈ વલ્લભી વૈષ્ણવે સમજવા જેવાં છે. આપશ્રી ભારપૂર્વક, અસંદિગ્ધ શબ્દોમાં કહે છે, ''સેવકોઽહમ ન ચ અન્યથા'' એટલે કે શ્રીવલ્લભ કૃષ્ણના સેવક છે. સેવક સિવાય બીજું કશું નથી. તે ઉપરાંત આપશ્રી વારંવાર કહે છે, ''કૃષ્ણદાસસ્ય વલ્લભ'' - એટલે કે વલ્લભ કૃષ્ણના દાસ છે. આપશ્રીએ પોતાને હંમેશા કૃષ્ણદાસ વલ્લભ નામથી ઓળખાવ્યા છે. કૃષ્ણ તેમના સ્વામી છે. શ્રીસુબોધિનીજીમાં કૃષ્ણના પ્રાકટયના અવસરે આપશ્રી પાગલની જેમ પોકારી ઊઠે છે, ''પ્રાદુર્ભુતો મમ સ્વામી'' એટલે કે મારા સ્વામી કૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો. આપશ્રી વારંવાર કૃષ્ણ પાસે એ જ માગે છે - **''દેવેશ ! પાંડવપતે ! મમ દેહી દાસ્યમ''** હે સ્વામી, મને આપનું દાસત્વ આપો.

કેટલો અને કેવો દઢ છે કૃષ્ણદાસ વલ્લભનો સેવક ભાવ ! કેવી દઢતાથી કર્યો છે આપશ્રીએ કૃષ્ણના સ્વામીત્વનો સ્વીકાર ! **''કૃષ્ણ શ્રીગોપીજનો અને શ્રીવલ્લભ જેવા શુદ્ધ પુષ્ટિ જીવોના સ્વામી છે. અને તમામ પુષ્ટિ જીવો (શુદ્ધ મિશ્ર બધા) કૃષ્ણના સેવક છે, એ નિર્વિવાદ હકીકત છે.''**

આ છે અંતઃકરણ પ્રબોધ ગ્રંથનો મર્મ.

**- જય શ્રીકૃષ્ણ**

# ૮. વિવેકધૈર્યાશ્રયઃ

વિવેક-ધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ।।૧।।
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્ ।।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।।૨।।
અભિમાનશ્ ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।।
વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણ-ગોચરઃ ।।૩।।
તદા વિશેષ-ગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।।
આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ ચ સર્વથા ।।૪।।
અનાગ્રહશ્ ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્।।
વિવેકો-ઽયં સમાખ્યાતો ધૈર્યન્તુ વિનિરૂપ્યતે ।।૫।।
ત્રિદુઃખ-સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા।।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપ-ભાર્યવત્।।૬।।
પ્રતીકારો યદૃચ્છાતઃ સિદ્ધશ્ ચેત્ નાગ્રહી ભવેત્ ।।
ભાર્યાદીનાં તથા-ઽન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્ ।।૭।।
સ્વયમ્ ઈન્દ્રિય-કાર્યાણિ કાય-વાઙ્-મનસા ત્યજેત્ ।।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્ ।।૮।।
અશક્યે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્ ।।
એતત્ સહનમ્ અત્રોક્તમ્ આશ્રયો-ઽતો નિરૂપ્યતે ।।૯।।
ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।।
દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ।।૧૦।।
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ ચાતિક્રમે કૃતે ।।
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ।।૧૧।।
અહંકાર-કૃતે ચૈવ પોષ્ય-પોષણ-રક્ષણે ।।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ।।૧૨।।
અલૌકિક-મનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ ।।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ।।૧૩।।

**અન્યસ્ય ભજનં તત્ર સ્વતો-ગમનમેવ ચ ।।**
**પ્રાર્થના કાર્યમાત્રેડપિ તથા-ડન્યત્ર વિવર્જયેત્ ।।૧૪।।**
**અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।**
**બ્રહ્માસ્ત્ર-ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।।૧૫।।**
**યથા-કથંચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ ।।**
**કિં વા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્ ।।૧૬।।**
**એવમ્ આશ્રયણં પ્રોક્તમ્ સર્વેષાં સર્વદા હિતમ્ ।।**
**કલૌ ભક્ત્યાદિ-માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ।।૧૭।।**

ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતો વિવેકધૈર્યાશ્રયઃ સમાપ્તઃ ।।

***

વિવેક, ધૈર્ય અને આશ્રય, એ ત્રણ ભક્તિના આવશ્યક અંગો છે. તેમના અભાવે ભક્તિમાં શિથીલતા આવે અને ભક્તિ પાંગળી બની જાય. તેથી, ભક્તિને દઢ બનાવવા માટે, - **વિવેક ધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ** - એટલે કે વિવેક, ધૈર્ય અને આશ્રયનું સદા રક્ષણ કરવું, એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

તનુ વિત્તજા સેવા દ્વારા, ભગવદ્ ભક્ત, સેવામાં પદાર્પણ કરે છે. પરંતુ તેની ભક્તિ સતત અને દઢતાથી થઈ શકે તે માટે તેનું અંતઃકરણ શુધ્ધ અને સ્થિર હોવું જોઈએ. અંતઃકરણને સ્થિર બનાવવા માટે નવરત્નમ્ અને અંતઃકરણ પ્રબોધ, એ બે ગ્રંથોનું રહસ્ય સમજી લેવું પડે. તેમ કર્યા પછી પણ, પોતાની બુધ્ધિ અને ચિત્ત કે જે અંતઃકરણમાં બેય અંગો છે તેમની શુધ્ધિ અર્થે, તેણે વિવેકધૈર્યાશ્રય ગ્રંથના રહસ્યને સારી રીતે વિચારવું જોઈએ.

આ ગ્રંથના ટીકાકાર, ચાચા શ્રીગોપેશ્વરજી મહારાજ (શ્રીગુસાંઈજીના સાતમા લાલ શ્રીઘનશ્યામલાલજીના દ્વિતીય લાલ જન્મ સં. ૧૬૬૩ના ભાદ્રપદ વદી પાંચમ), આજ્ઞા કરે છે કે ‘‘ભક્તિમાર્ગનો સ્વીકાર કરનારને શ્રીભગવાનનું દાસપણું સિધ્ધ થાય છે. ભગવાનનો દાસ બનતાં, તે ભગવદ્ સેવામાં પ્રવૃત્ત થાય છે. પરંતુ ભગવાનનો એ દાસ, ભગવદ્ સેવા સુચારુ રૂપે કરી શકે એવા

હેતુથી, અને તેની ભક્તિને દઢ બનાવવાના ઉદ્દેશ્યથી, શ્રીમદાચાર્યચરણ, આ ગ્રંથમાં વિવેક, ધૈર્ય અને આશ્રયનું વિસ્તારપૂર્વક વિવેચન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ સ્વરચિત 'નિબંધ'માં વેદોકત કર્મ, જ્ઞાન અને ભક્તિ માર્ગનું વિવેચન બહુ સારી રીતે કર્યુ છે. તેમ છતાં, આ ગ્રંથના અંતે કહ્યા પ્રમાણે, આ કલિકાલમાં એ બધા માર્ગો દુઃસાધ્ય બની ગયા છે. હવે જો એ બધા માર્ગો દુઃસાધ્ય બની ગયા હોય તો, એ માર્ગોને અનુસરવામાં અશક્તિમાન બનેલા ભક્તોને, શરણ માર્ગનો તેમને ઉપદેશ આપવો ઉચિત છે; એવું વિચારીને આપ્યો છે. તેમાં આપશ્રીએ આજ્ઞા કરી છે કે એમાં જે આશ્રય છે તેના સાધનરૂપ વિવેક અને ધૈર્યનું રક્ષણ શ્લોકમાં જીવે કરતા રહેવાનું છે આ રીતે આ ગ્રંથના પહેલા શ્લોકમાં વિવેક અને ધૈર્ય તથા આશ્રયના રક્ષણની આવશ્યકતા બતાવી છે.

**વિવેક ધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।**
**વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।**

**અર્થાત્ :** વિવેક અને ધૈર્યનું સદા રક્ષણ કરવું. તેમનું રક્ષણ એ પ્રકારે કરવું કે જેથી શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય. વિવેકનું સ્વરૂપ આવું છે : સર્વ દુઃખનું હરણ કરનાર શ્રીહરિ પોતાની ઈચ્છાથી બધુ કરશે. (જીવે એ પ્રમાણે હરઘડી વિચારવું અને વાણીથી બોલવું તેનું નામ વિવેક).

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે જીવે વિવેક અને ધૈર્યનું સદા રક્ષણ કરવું. તેમના પાલનમાં જે જે બાધાઓ આવે તેને દૂર કરતા રહેવું તેનું નામ રક્ષણ. તેમનું રક્ષણ કરવાની આવશ્યકતા એટલા માટે છે કે તેમના (વિવેક અને ધૈર્યના) વડે જ આશ્રય સિદ્ધ થશે; એવો આશ્રય સિદ્ધ થયા પછી પણ વિવેક અને ધૈર્યનું રક્ષણ કરતા રહેવાનું છે.

આશ્રય જીવ કૃતિથી સાધ્ય નથી. વિવેક અને ધૈર્ય તો કદાચ જીવ પોતે પ્રયત્નપૂર્વક મેળવી શકે. પરંતુ જીવને આશ્રય ત્યારે જ મળે જ્યારે કૃપાળુ કૃષ્ણ કૃપા કરીને તેને આશ્રયનું દાન કરે. એ રીતે આશ્રયની પ્રાપ્તિ થયા પછી પણ તેનું રક્ષણ કરવાનું છે.

વિવેક, ધૈર્ય અને આશ્રયનો સામાન્ય અર્થ તો સૌ કોઈ સમજી શકે છે. પરંતુ આ ગ્રંથમાં એ ત્રણે શબ્દોને વિશિષ્ઠ અર્થમાં પ્રયોજવામાં આવ્યા છે.

આશ્રય સિદ્ધ થવામાં, વિવેક અને ધૈર્ય, જીવને સહાયરૂપ બને છે. તેથી પહેલાં તે બન્નેનું સ્વરૂપ સમજીશું અને પછી આશ્રયનું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કરીશું. તો પહેલાં વિવેક; સેવામાં પ્રવૃત્ત જીવને સૌથી પહેલાં વિવેકની જરૂર છે; અને પછી ધીરજની. વિવેક અને ધીરજ બન્નેને ફલીભૂત થવા માટે ભગવાનનો આશ્રય રાખવાની જરૂર છે. એ રીતે જોતાં અનુક્રમે વિવેક, ધૈર્ય અને આશ્રય એ ભક્તિ માર્ગનો ક્રમ છે. તેથી પહેલાં

**વિવેક :**

વિવેકનો સામાન્ય અર્થ છે 'સારાસારનું જ્ઞાન' સારું શું અને ખોટું શું એ સમજીને સારું ગ્રહણ કરવું અને ખોટું ત્યજી દેવું તેનું નામ વિવેક. સામાન્ય બુદ્ધિ તો પશુઓમાં પણ હોય છે. પરંતુ સારા-ખોટાનો ભેદ સમજીને સારું ગ્રહણ કરવું અને ખોટું ત્યજી દેવું એવી વિવેક બુદ્ધિ તો કેવળ માનવપ્રાણીમાં જ હોય છે.

આ ગ્રંથના પહેલા શ્લોકના દ્વિતીય ચરણમાં વિવેકનું સ્વરૂપ સમજાવ્યું છે. **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'**. અર્થાત શ્રીહરિ સર્વ કાંઈ નિજેચ્છાથી કરશે એમ સમજવું તેનું નામ વિવેક.

એ રીતે સમજતાં, અહીં શ્રીમદાચાર્યચરણે વિવેક શબ્દને વિશિષ્ઠ અર્થ પ્રદાન કર્યો છે. શ્રીમહાપ્રભુજીએ આપેલ વિવેકની આ વ્યાખ્યા ઉપર વિવેચન કરતાં એકાદ ગ્રંથ ભરાઈ જાય. પરંતુ એનો સાદો સીધો અર્થ એવો છે કે ''હરિ કહેતાં'' સર્વના દુઃખોને હરનાર પ્રભુ, જીવનાં બધાં કાર્યો - યોગક્ષેમાદિ લૌકિક કાર્યો અને ભગવદ્ સેવા સંબંધી અલૌકિક કાર્યો - પોતાની ઈચ્છાથી જ સિદ્ધ કરશે, અન્યથા નહીં.

વૈષ્ણવોએ વિવેકનો ભાવ અને તેના સ્વરૂપને સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે. તે સમજવામાં સહાયભૂત થવાની દૃષ્ટિથી, વિવેકનાં જુદાં જુદાં સ્વરૂપોનો પરિચય, હું તમને, શ્રીમદાચાર્યજીની આજ્ઞાઓના આધારે

કરાવીશ.

શ્રીવ્રજરાયજી મહારાજ (શ્રીશ્યામલલાલાત્મજ) હરિ પદનો ભાવ સમજાવતાં કહે છે કે ''સર્વ દુઃખના હર્તા એટલે હરિ, તે (હરિ) સ્વકીય ભક્તોનું આ લોક અને પરલોક સંબંધી બધુ, નિજેચ્છાથી, સ્વતંત્ર ઈચ્છાથી લીલેચ્છાથી અથવા કયારેક નિજ ભકતોની ઈચ્છાથી સિધ્ધ કરશે તેથી હરિ સર્વ કાંઈ નિજેચ્છાથી કરશે એવી બુધ્ધિ રાખવી અને તેનું અનુસંધાન વારંવાર કરવું, તેનું નામ વિવેક. 'હરિએ ગજેન્દ્રને મોક્ષ આપ્યો'' આ વાકયમાં તે ગજેન્દ્ર જેવા અબુધ પ્રાણીનું પણ દુઃખ હરે છે. એવું કહેવા માટે અહીં હરિ પદ વાપર્યું છે.

એવા એ હરિ નિજ ઈચ્છાથી જ બધું કરે છે. કારણ કે જગત એ પ્રભુનું ક્રીડાભાંડ (લીલા ભૂમિ; રમણ કરવાનું સ્થળ) છે. પ્રભુએ નિજ ક્રીડા માટે જગત પ્રકટ કર્યું છે. અહીં **'નિજ'** પદ પ્રભુનુ તદીયપણું કે ભગવદીયપણુ દર્શાવે છે. તેથી ભકતે સદા મનમાં એવું વિચારવું કે 'સમર્પણ કરીને હું એનો બન્યો છું. હવે હું એનો દાસ છું. તેથી પ્રભુ નિજ દાસનું કલ્યાણ જ કરશે.' એનુ નામ વિવેક (૧)

જીવ પ્રભુનો દાસ છે. તેથી જીવનું બધુ તેનો સ્વામી કરશે. તે એટલે સુધી કે જો જીવમાં અધિક તદીયત્વ સ્ફૂરે તો, એટલે કે, જો જીવ મન, વચન અને કર્મે પ્રભુનો દાસ બની જાય તો, (જે રીતે શ્રીહનુમાનજી રામના દાસ બન્યા હતા તેમ) ભગવાન ભકતને આધીન બની જાય. અંબરીષની બાબતમાં તો ભગવાને સ્પષ્ટ એકરાર કર્યો છે કે **'અહમ્ ભકત પરાધિનો'** - હું ભકતને આધીન છું. અને આધીન છું તેથી ભકતનું કલ્યાણ કરવા સદા તત્પર રહું છું. આવું વિચારવું તેનું નામ વિવેક. (૨)

પ્રભુએ મારો અંગીકાર કર્યો છે. હું તેનો સેવક બન્યો છું. તેની સેવા કરવી એ મારું કર્તવ્ય છે. તેથી હું તેની સેવા કરીશ. મારે માટે જે કાંઈ અપેક્ષિત હશે તે બધુ મારો સ્વામી સિધ્ધ કરી આપશે. મારે તો સેવાજ કરવાની છે. બાકીનું બધુ પ્રભુ સ્વ ઈચ્છાથી સિધ્ધ કરશે, એવું દઢ શ્રધ્ધાથી માનવું તેનું નામ

વિવેક. નવરત્નમાં પણ એવું જ કહ્યું છે - ચિંતા કાપિ ન કાર્યા; તારે કયારેય પણ ચિંતા કરવાની નથી. આ ભાવને સમજીને તેનું પાલન કરવું તેનું નામ વિવેક. (૩)

નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે :- **''સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ''** અર્થાત્ સર્વના ઈશ્વર અને સર્વના આત્મા એવા શ્રીપ્રભુ બધુ પોતાની ઈચ્છાથી કરશે.

પ્રભુ બધુ નિજેચ્છાથી કરશે તેનો અર્થ બીજી રીતે સમજીએ. જો પ્રભુ બધુ પોતાની ઈચ્છાથી કરતો હોય તો જીવ પોતાની ઈચ્છાથી કે સંકલ્પબળે કશું સિદ્ધ કરી શકતો નથી. પછી ભલે તે કાર્ય લૌકિક હોય કે અલૌકિક. તેથી જીવ જે કાર્યો કરે તેનું કર્તૃત્વ તેનું નથી. આથી કોઈપણ કાર્ય કરતાં, જીવે કર્તાપણાનું અભિમાન છોડી, તટસ્થભાવે તે કાર્ય કરતા રહેવું એવી સમજ એટલે વિવેક. (૪)

આ જગતમાન થતાં બધાં કાર્યો ભગવદ્ લીલારૂપ છે. તેનાથી જીવને સુખ કે દુઃખનો અનુભવ થાય તો તે અનુભવ ભગવદ્ ઈચ્છાનુસાર થયો છે એમ સમજવું. અર્થાત, સર્વ કાર્યોના પરિણામરૂપ જીવને જે કંઈ સુખ-દુઃખની અનુભૂતિ થાય તે ભગવાનના કર્તૃત્વને આભારી છે. તેથી ભગવદ્ કાર્યોમાં સુખ-દુઃખમય પરિણામો જીવે તટસ્થભાવે ભોગવવાં. આપણે તે કાર્યો કર્યાં નથી. તેથી આપણે તે કાર્યોના પરિણામોના ભોકતા નથી. જે કરે તે ભોગવે. આથી કાર્યનો કર્તા જે નથી એવો જીવ, તે કાર્યના પરિણામને નિસ્પૃહતાથી જ અવલોકે.

જો ઈશ્વર જ પોતાની ઈચ્છા વડે બધુ કરતા હોય તો તે બધાં કાર્યોના પરિણામ માટે તે પોતે જ જવાબદાર છે. આથી કાર્યોનાં પરિણામ રૂપે મળતાં સુખ કે દુઃખનો અનુભવ આપણને ન થવો જોઈએ. જીવનાં અને જગતનાં બધાં કાર્યો શ્રીહરિના જ છે એવું સમજીને જીવે સાક્ષીભૂત બનીને જીવન જીવવાનું છે. આ રીતે, સુખ-દુઃખમાં તટસ્થવૃત્તિ કેળવવી તેનું નામ વિવેક.(૫)

આથી આગળ વધીએ તો એમ કહેવું પડે કે જો જીવ પોતે કાર્ય કરતો

જ ન હોય તો, તે કાર્યનું ફળ અમુક પ્રકારનું જ મળે એવી આશા રાખવી અથવા અમુક પ્રકારનું ફળ પોતાને મળે એવી પ્રભુને પ્રાર્થના કરવી તેનું નામ અવિવેક. અવિવેક એટલે વિવેકનો અભાવ; એ છે વિવેકનું નકારાત્મક પાસુ. તાત્પર્ય એ કે પોતાને અમુક જ વસ્તુ કે ફળ જોઈએ છે એવી પ્રાર્થના પ્રભુ પાસે ન કરાય. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

**પ્રાર્તિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્ ।**
**સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।।**

**અર્થાત્ :** પ્રાર્થિત વસ્તુ આપવાની પ્રભુની ઈચ્છા છે કે નહીં એ બાબતમાં પ્રભુનો અભિપ્રાય (જીવના) જાણવામાં ન હોવાથી, પ્રાર્થના કરવાથી શું વળે ? કશું જ નહીં. અને જો પ્રભુને આપવાની ઈચ્છા હોય તો, અખિલ બ્રહ્માંડમાં આ બધું પ્રભુનું જ છે અને તે બધુ આપવા માટે પ્રભુ સર્વ સામર્થ્ય યુકત છે.(સર્વશકિતમાન છે)

શ્રીવ્રજરાજ મહારાજ નિજ નિવૃત્તિમાં આજ્ઞા કરે છે. ‘‘માની લો કે જીવે પ્રભુની પાસે પ્રાર્થના કરી. પરંતુ તે પ્રાર્થના કરે તો પણ તેને શું મળે ? કાંઈ પણ ન મળે’’.

ગજેન્દ્રને પ્રભુએ મોક્ષ આપ્યો. તે તેની પ્રાર્થનાને કારણે નહીં. પ્રભુએ સ્વેચ્છાએ તેને મોક્ષ આપ્યો છે. પ્રભુએ વ્રજભક્તોને પણ સ્વેચ્છાએ ફલદાન કર્યું છે. જો તેમની પ્રાર્થનાથી ફલદાન કરવાનું હોત તો ‘મને ખભે બેસાડી લઈ જાઓ’ એવી પ્રાર્થના થતાં, પ્રભુ અંતર્ધાન શા માટે થાત? આ રીતે વિચારતા પ્રભુની ઈચ્છા જ સર્વ કાર્યનાં કારણરૂપ છે, એવું ફલિત થયું. તેથી પ્રાર્થના તો નિમિત્ત માત્ર છે. ઈશ્વરેચ્છા બલિયસી.

પ્રાર્થના કરવાથી કશું પણ ન મળે. તેમ તો, સ્વામ્યભિપ્રાય સંશયાત એટલે કે સ્વામીનો અભિપ્રાય જાણવામાં સંશય હોવાથી, પ્રભુને પ્રાર્થના કરો છો પરંતુ સ્વામીના અભિપ્રાયથી વિરુદ્ધ કરવું એ સેવકનો ધર્મ નથી. ભગવાન જો આપણને કશું આપવા ઈચ્છતો હશે તો તે પોતાની ઈચ્છા પ્રમાણે આપશે જ. અને નહીં આપવાની ઈચ્છા હોય તો, તે નહીં જ આપે. તો પછી પ્રભુ

પાસે શા માટે કશું પણ માગો છો? અહીં પ્રાર્થના એટલે સ્તુતિ નહીં; પ્રાર્થના એટલે કોઈ વસ્તુ માગવી તે. આમ, પ્રભુ પાસે કશું માગવા માટે, પ્રભુની પ્રાર્થના ન કરવી એનુ નામ વિવેક. (૬)

અખિલ બ્રહ્માંડમાં જે છે તે બધુ પ્રભુનું જ છે. અને તે બધું મેળવી આપવા માટે પ્રભુ સમર્થ છે. જો બધુ પ્રભુનું જ હોય તો અને તે છે જ તો પછી જો જીવ તેને પોતાનું માની બેસવાની ભૂલ કરે તો તે અવિવેક કહેવાય. બધુ ભગવાનનું છે. પરંતુ જીવ માને છે કે મેં પ્રયત્ન કરીને આ વસ્તુ મેળવી વાસ્તવમાં તેમ નથી. પ્રભુએ એ વસ્તુ નિજેચ્છાથી તેને આપી છે. વસ્તુ પ્રાપ્તિ માટેનો તેણે કરેલો પુરુષાર્થ નિમિત્ત માત્ર છે. આ હકીકત સમજીને, તમે કોઈ પણ વસ્તુ મેળવવા માટે શ્રીપ્રભુની પાસે પ્રાર્થના ન કરશો.

આ બાબત પરત્વે શ્રીવ્રજરાયજી મહારાજનો એવો અભિપ્રાય છે કે પ્રભુ સર્વજ્ઞ છે; પ્રાર્થના કરનાર જીવ અલ્પજ્ઞ છે. તે અલ્પજ્ઞ હોવાથી, પ્રભુ પાસે શું માગવું તેની તેને ખબર નથી. તેથી માગી માગીને તે શું માગી શકે ? તે જે માગે તે અલ્પ જ હોય. તેથી જો જીવ, પ્રભુ પાસે પોતાની ઈચ્છિત અલ્પ વસ્તુ માગે તો પ્રભુ તેને તે અલ્પ વસ્તુજ આપે; અને પોતે આપવા ધારેલી 'અધિક' વસ્તુ તેને ન આપે. કુબ્જાએ કૃષ્ણ પાસે ઈન્દ્રિય જનિત વિષય વાસનાની તૃપ્તિની માગણી કરી તો પ્રભુએ તેને તે આપ્યું. તે જોઈ શ્રીશુકદેવજીથી દુઃખિત હૃદયે બોલી જવાયું, **''અરે કુબ્જા! તને પ્રભુ પાસે માગતાં ન આવડયું''** સાચુ છે. જીવે પ્રભુ પાસે કશું ન માંગવું. અને સર્વજ્ઞ તથા સર્વશકિતમાન પ્રભુ તેને જે આપે તે તેને સ્વીકારી લેવું. સુદામાજીએ દ્વારકાનાથ પાસે કશું ન માગ્યું. પ્રભુએ તેમને પોતાના સમાન બનાવી દીધા. તેથી પ્રભુ પાસે પોતાની ઈચ્છિત કોઈ વસ્તુ ન માગવી તેનુ નામ વિવેક. (૭)

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને સમજે - ''પ્રભુ પાસે પ્રાર્થના કરવાથી શું વળે ? કશુ ન મળે. જો તેમ છે તો 'પ્રભુ મને અમુક વસ્તુ આપો' એવી પ્રાર્થના પ્રભુને કદી ન કરવી. પ્રભુ પાસે માગવું તેનો અર્થ જીવના સેવક ભાવમાં ન્યૂનતા અથવા સ્વામીના ડહાપણમાં જીવનો અવિશ્વાસ.

પ્રભુ જે કરે છે તે આપણા ભલા માટે છે એવું આપણે બોલીએ છીએ ખરા. પરંતુ વસ્તુતઃ આપણને તેમાં વિશ્વાસ નથી. જો આપણને પ્રભુમાં વિશ્વાસ હોય તો તેની પાસે કશું માગવાપણુ રહેતું નથી. પ્રભુ પાસે માગવું તેનો અર્થ એવો થાય કે પ્રભુ નિજેચ્છાથી જે આપી રહ્યો છે તે બરોબર નથી. એને તેમાં આપણું કલ્યાણ નથી. આપણું કલ્યાણ તો તે આપણને જે નથી આપતો અને આપણે જે તેની પાસે માગીએ છીએ, તે મેળવવામાં છે. તેથી તે મેળવવા માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. આ તો પ્રભુના ડહાપણમાં અવિશ્વાસ; નર્યો સ્વામીદ્રોહ. આપણું કલ્યાણ શામાં છે તે પ્રભુ કરતાં શું આપણે વધુ સારી રીતે જાણીએ છીએ ?

ઘરમાં બાળકને ટાઈફોઈડ થયો છે. પ્રસંગોપાત ઘરમાં લાડુ બનાવ્યા છે. માંદો બાળક તે જોઈ માગશે. પરંતુ તેના મા-બાપ તેને તે નહીં જ આપે. તેમની પાસે લાડુ છે; તેઓ તે આપી શકે તેમ છે; છતાં તેઓ તેનું કલ્યાણ વિચારીને તેને તે નહીં આપે. તેઓ જાણે છે કે જો તે લાડું ખાશે તો તેની માંદગી વિકૃત સ્વરૂપ પકડશે અને કદાચ તેનું મૃત્યુ થશે. તેથી, તેમની તે આપી શકવાની શકિત હોવા છતાં; તેઓ તેને તે આપતાં નથી. આ છે વિવેકનું લૌકિક દષ્ટાંત.

અલૌકિકની વાત કરીએ તો- પ્રભુ સર્વજ્ઞ છે અને સર્વ શકિતમાન છે. તે બધુ જાણે છે. બધુ આપવા સમર્થ છે. તે પોતાની ઈચ્છા પ્રમાણે કરે છે. અને તે જે કરે છે તે જીવના ભલા માટે કરે છે; અને જે કરશે તે પણ જીવના ભલા માટે જ કરશે. આવુ સમજી પ્રભુ પાસે ન માગવું તેનુ નામ વિવેક. (૭)

તેમ છતાં જો તમે પ્રભુને પ્રાર્થના કરો છો તો તેને શું કહેવાય ? સાંભળો શ્રીવલ્લભની આજ્ઞા -

**અભિમાનશ્ચ સંત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ ભાવનાત્ ।**

**અર્થાત્ :** હું પ્રભુને આધીન છુંઃ એવું સમજીને અભિમાન સારી રીતે ત્યજી દેવું.

પ્રભુ સ્વામી છે; જીવ તેનો સેવક છે. સ્વામી પોતાના સેવકનું યોગક્ષેમ

વહન કરે છે. પોતાના સેવકનું ક્ષેમ શામાં છે તે પ્રભુ જાણે છે અને તેના (સેવકના) ક્ષેમ (કલ્યાણ)ની સાથે તે તેનો યોગ (મિલાપ) કરાવી આપે છે. એટલે કે સેવકનું કલ્યાણ સિદ્ધ કરાવી આપે છે. આ બાબતમાં દઢ વિશ્વાસ એટલે સ્વામીભકિત; અને આ બાબતમાં સંશય એટલે સ્વામી-દ્રોહ. પ્રભુ પાસે માગવાનો અર્થ છે તેની આપવાની શકિત અને ડહાપણમાં અવિશ્વાસ. તેને કહેવાય સ્વામ્યધીનત્વની ભાવનાનો અભાવ. સ્વામીના અભિપ્રાયમાં સંશય ન કરતાં તે જે કાંઈ આપે છે એવું વિશ્વાસપૂર્વક સમજવું એનું નામ વિવેક. (૮)

જીવ સ્વામીને આધીન છે; જીવ સ્વામીનો દાસ છે. જીવે પોતાના સ્વામીને પોતાનું સર્વસ્વનું સમર્પણ કર્યું છે. તેથી એવા નિવેદીત જીવમાં અહમ્ અને મમત્વ (હું પણું અને મારાપણું) બન્ને ન હોવા ઘટે. હું જતાં અહંકાર જાય અને મારું જતા મમત્વ જાય. પછી રહે કેવળ પ્રભુનુ દાસત્વ. એ દાસત્વને સદા બનાવી રાખવા માટે, જીવે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ મહામંત્રનો જાપ કરવો. સેવકનો ધર્મ છે કર્તૃત્વના અભિમાનનો ત્યાગ એટલે વિવેક. (૯)

અભિમાનનો ત્યાગ કરીને જીવે ખાસ કરીને શું કરવું તે બાબત શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -

**વિશેષતશ્ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણ-ગોચરઃ ।।૩।।**
**તદા વિશેષ-ગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।।**

**અર્થાત્ :** શ્રીમદાચાર્યચરણની આજ્ઞા કરતાં, જો ભગવાનની વિશેષ આજ્ઞા થાય તો તે આજ્ઞા પ્રભુના અભિપ્રાયને અનુકુળ છે કે નહીં કે પછી તે કેવળ પરીક્ષા કરવા માટે જ કરવામાં આવી છે, તે સમજીને, જો તે આજ્ઞા જીવના લૌકિક સંબંધથી રહિત હોય તો તે આજ્ઞાનું પાલન કરવું.

બહુ ઉત્તમ વાત કહી શ્રીમદાચાર્યચરણે, પ્રભુની કોઈપણ વિશેષ આજ્ઞા થાય તો તે આજ્ઞા અંતઃકરણ ગોચર એટલે કે પ્રભુના અભિપ્રાયને લગતી છે કે નહીં કે પછી તે કેવળ જીવની પરીક્ષા કરવા માટે જ ખાસ કરીને કરાયેલી છે, તે સમજીને, જો તે આજ્ઞા જીવના લૌકિક અંગેની ન હોય, પરંતુ

જીવનું અલૌકિક સિદ્ધ કરાવી આપનારી હોય તો, તે વિશેષ આજ્ઞા જરૂર પાળવી. એટલે કે પ્રભુની એવી કોઈ વિશેષ આજ્ઞાનું પાલન કરવાની બાબતમાં, તે આજ્ઞાના પ્રયોજનનો વિચાર કરવો. જો તે આજ્ઞા પ્રભુ સેવા વિષયક હોય, સેવાના પ્રતિબંધને દૂર કરવા સંબંધી હોય અથવા તીર્થ દેશાંતર સંબંધી હોય તો તે આજ્ઞા જરૂર પાળવી. અને જો તે દૈહિક વિષયને લગતી હોય તો તે ન પાળવી. એનું કારણ એ કે પ્રભુ તમારા લૌકિક વૈદિક વિષયોને પ્રાપ્ત કરાવી આપતા નથી. તેથી તે તમારા લૌકિક સુખ માટે કોઈ આજ્ઞા આપે જ નહીં, અને જો આપે તો તે તમારી પરીક્ષા કરવા માટે જ આપે. તે તમને એવી આજ્ઞા આપે અને તમે તેનું પાલન કરીને લૌકિક ભોગો ભોગવો એવું પ્રભુ કદી ન ઈચ્છે. તેથી જો પ્રભુ એવી કાંઈ વિશેષ આજ્ઞા કરે તો, તે આજ્ઞા કરવામાં પ્રભુનો શો અભિપ્રાય છે તે સમજીને તેનું પાલન કરવું તેનું નામ વિવેક (૧૦)

વિવેકનું એક બીજું સ્વરૂપ પણ છે. અને તે છે, અનાગ્રહ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

**આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ ચ સર્વથા ।।૪।।**
**અનાગ્રહશ્ ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્।।**
**વિવેકો-ઽયં સમાખ્યાતો... ... ... ... ... ... ।।**

**અર્થાત્ :** આપત્તિ આવી પડે એવાં (આપત્ કાલિન) કાર્યોમાં આગ્રહ, સર્વથા છોડવો. અનાયાસે સિદ્ધ થતાં કાર્યો થવા દેવાં. દેહ સંબંધી અને અન્ય કાર્યોમાં પણ તે કરવાનો આગ્રહ ન રાખવો. અને, વિહિત (ધર્મયુકત) તેમજ નિષિદ્ધ (અધર્મયુકત) કાર્યોના પરિણામનો વિચાર કરવો.

આ રીતે મેં (શ્રીવલ્લભે) યુક્તિપૂર્વક, વિવેકનું સ્વરૂપ કહ્યું છે.

શ્રીવ્રજરાજ મહારાજ કહે છે કે, ‘‘હું સ્વામીને (પ્રભુને) આધીન છું. એવું સમજીને, જેમાં આપત્તિ ન આવે એવાં અને (લગભગ) અશકય હોય તેવા કાર્યો કરવાનો આગ્રહ ન રાખવો. કારણ કે ભગવાનને પોતાના ભકતોનો નિર્વાહ ચલાવવાનો છે. જો તેને પ્રતિબંધો નડે તો તેનો નિર્વાહ ન ચાલે. તેથી ભકતનો નિર્વાહ તૂટી પડે. એવી કોઈ આજ્ઞા થઈ હોય તો તે ભગવાનને

અભિપ્રેત નથી. તે માત્ર નિજ ભકતની પરીક્ષા અર્થે જ કરેલી છે. એમ માનવું. ભકતને આપત્તિ આવે એવું પ્રભુ ન ઈચ્છે. સ્વયં કાલ પણ ભકતને બાધા કરવા સમર્થ નથી. પ્રભુ કહે છે, ‘‘જેમણે લોક અને વેદના ધર્મો, મારે માટે, ત્યજ્યા છે. તેમને હું ધારણ કરું છું.’’ આ રીતે પ્રભુ ભકતનું રક્ષણ કરે છે. તેથી આપત્તિ લાવનાર આજ્ઞા ભક્તની પરીક્ષા માટે જ કરેલી હોય એમ સમજવું અને તે પ્રભુને અભિપ્રેત ન હોવાથી, તે આજ્ઞાનું પાલન કરવા બાબતની હઠ ન પકડવી. જો તેના પાલનમાં હઠ કરવામાં આવે તો જીવનું અનિષ્ઠ થાય; તેની સેવામાં પ્રતિબંધ આવે. આ પ્રમાણે ભગવદ્ આજ્ઞાના હેતુનો વિચાર કરવાથી અહમ્ દૂર થાય અને વિવેકનું રક્ષણ થાય.

પરંતુ એવી આજ્ઞા ભગવાને જ કરી છે અને તેનો હેતુ આવો છે એવું સમજાય કેવી રીતે ? તો કહે છે કે શ્રીભગવાનના પરમ ભક્તના અંતઃકરણમાં પ્રભુની કોઈ પણ આજ્ઞા સ્વપ્ન દ્વારા થઈ શકે છે; અથવા કોઈ બીજા માધ્યમ દ્વારા (આકાશવાણી જેવા) પણ થઈ શકે છે. અથવા નિજ ભક્તના અંતઃકરણમાં પ્રભુ પોતે પ્રકટ થઈને (અંતઃસ્ફૂરણા દ્વારા) એવી આજ્ઞા કરે છે. ‘પ્રભુ સર્વનો આત્મા છે’ એનો અર્થ એ છે કે ભકતના અંતઃકરણમાં સ્થિર થયેલો તે આત્મા ભકતને સ્ફૂરણા કરે છે. આવું કાંઈ થાય ત્યારે પ્રભુએ કરેલી એ આજ્ઞા અને તેનું સ્વરૂપ ભક્તને સમજાઈ જાય છે.

તેથી આગળ વધીને આપશ્રીએ આપદ્ ગત્યાદિ કાર્યેષુ બાબતમાં કેવો વિવેક રાખવો તે પણ સમજાવ્યું છે. આપત્તિને સમયે, ભગવાન સંબંધી જે કાર્યો કરવાનાં છે, તે કરવા માટે ‘કરજ કરીને પણ હું તે બધું કરીશ’ એવી હઠ ન પકડવી. જે મળે તેનાથી સંતોષ રાખીને સેવા વિષયક કાર્યો કરવાં. જે કાંઈ સ્વાભાવિકતાથી મળી આવી તે જ ઠાકુરજીને સમર્પવું. સમર્પણ કરવામાં જીવનો ભાવ અગત્યનો છે; વસ્તુ ગૌણ છે. તેથી જીવ, ભાવપૂર્વક પ્રભુને જે કાંઈ સમર્પશે, તે નજીવી વસ્તુ હશે તો પણ પ્રભુ તેનો અંગીકાર કરશે.

અને, જો શ્રીભગવાનની સેવા વિષયક કાર્યો કરવામાં પણ જો હઠ કરવાની ન હોય તો લૌકિક કાર્યો કરવામાં તો હઠ કરી જ કેમ શકાય ? ટૂંકમાં કહેવામાં આવ્યું છે કે શ્રીભગવાન સાથે સંબંધ નહીં ધરાવનારાં કોઈ પણ કાર્ય

કરવા માટેનો આગ્રહ ન રાખવો. અને ભગવાનની સેવા સંબંધી કાર્ય હોય તો પણ જો તે આપત્તિ લાવે તેવાં હોય તો તે કરવા માટે હઠાગ્રહ ન કરવો – એટલે કે "ના હું તો કાર્ય કરીશ જ પછી ભલેને તેમ કરતાં મારું મૃત્યુ થાય" – એવો હઠાગ્રહ ન રાખવો તેનું નામ વિવેક. (૧૧)

આ બાબત બહુ સારી રીતે સમજી લેવાની જરૂર છે. વિવેક રહ્યો છે અનાગ્રહમાં (આગ્રહના અભાવમાં). આપત્તિ કાળે અને ભગવદ્ વિષયક કાર્યોમાં પણ ક્યારેય હઠાગ્રહ કે દુરાગ્રહ ન કરવો તે માટેનું એક દૃષ્ટાંત :-

કોઈ વૈષ્ણવ અમુક રીતે જ સેવા કરતો હોય, અમુક પ્રકારની જ સામગ્રી ધરાવતો હોય, કે અમુક ચોક્કસ પ્રકારનાં વસ્ત્રાલંકારો પ્રભુને ધરાવતો હોય; પરંતુ કાળે કરીને, ધનરહિત બનતાં કે અન્ય કારણે તે તેમ કરવામાં અશકત બની જાય અથવા એવી પરિસ્થિતિમાં (માંદગી જેવી) મુકાઈ જાય કે તે જ પ્રકારે સેવા કરવાનું કે તેવા જ પ્રકારનાં વસ્ત્રાલંકાર કે સામગ્રી ધરાવવાનું કાર્ય, તેને માટે, તેની શકિત મર્યાદા બહારનું થઈ જાય; તેવે સમયે પણ જો તે એવી હઠ પકડે કે, એવી પરિસ્થિતિમાં પણ, તે પહેલાંની માફક જ સેવા કરશે, સામગ્રી ધરાવશે અને એવાં જ વસ્ત્રાલંકારોથી પ્રભુને સજાવશે, તો તેનો એ આગ્રહ દુરાગ્રહ કહેવાય; તે હઠાગ્રહ કહેવાય. અથવા દુરાગ્રહમાં, આગ્રહ કરતાં અહમ્ વિશેષ હોય છે. 'હું' તો તે કરીશ જ. કારણ કે હું તે હું છું. મેં જે નક્કી કર્યું છે તે હું કરીશ જ. આ છે જીવનું અહમ્ આ કાંઈ સદાગ્રહ (સારો આગ્રહ) નથી. ત્રિપુરદાસજીએ પોતાનો ચરણામૃત પધરાવવાનો આગ્રહ છોડી દીધો હતો ને તે આવું વિચારીને. તેથી અહીં દુરાગ્રહનો ત્યાગ એટલે વિવેક. (૧૨)

કેટલીકવાર, એવું બને કે ભક્ત જે કાંઈ કરતો હોય તે પૂર્ણતઃ ભગવદ્ આજ્ઞા અનુસારનું કાર્ય હોય. પરંતુ તે કરવામાં કોઈ પ્રતિબંધ આવી પડે (ભગવદ્ કૃત પ્રતિબંધ) તો તેનો અર્થ એવો થયો કે પ્રભુની ઈચ્છા હવે બદલાઈ છે. તેથી તો પ્રભુએ તેમાં પ્રતિબંધ સ્થાપ્યો છે; અને એ છે અલૌકિક પ્રતિબંધ. જો તે લૌકિક પ્રતિબંધ હોય તો તેને નિવારવાનો પ્રયત્ન હું કરત. પરંતુ આ તો ભગવદ્ કૃત પ્રતિબંધ છે અને તેથી તે મનુષ્ય યત્નથી નિવારી ન શકાય તેવો પ્રતિબંધ છે. એવે સમયે સેવકે એવો આગ્રહ ન રાખવો કે હું જે કાર્ય કરી રહ્યો

છું તે તો ભગવદીચ્છા અનુસારનું કાર્ય છે. તેથી ગમે તેવા પ્રતિબંધો આવે તો પણ હું તે કાર્ય કરીશ જ : તેથી ઊલટું, તેવા સમયે, જીવે એવું વિચારવું કે આવેલ પ્રતિબંધ કેવા પ્રકારનો છે ? જો તે લૌકિક છે તો તેને નિવારવાનો પ્રયત્ન કરવો. પરંતુ જો અલૌકિક છે એવું લાગે તો તેનો પ્રતિકાર કરવા માટે કરેલ બધા પ્રયાસો નિરર્થક છે, આવું વિચારવું (આવી સમજ) એટલે વિવેક (૧૩)

આ છે ભક્તિમાર્ગીય વિવેકનું સ્વરૂપ. અને હવે આવે છે –

**ધૈર્ય :–**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

**ત્રિદુઃખ–સહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા ।।**
**તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપ–ભાર્યવત્ ।।૬।।**

**અર્થાત્ :** હવે ધૈર્યનું નિરૂપણ કરાય છે. મરણપર્યંત, સર્વ જીવોએ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક, આ ત્રણે પ્રકારના દુઃખોને સહન કરવાં, તેનું નામ ધૈર્ય. એ ત્રણે પ્રકારનાં દુઃખોને સહન કરવામાં અનુક્રમે (૧) તક્ર, (છાશ)વાળી ગોપભાર્યાના દેહની, (૨) જડભરતના ચિત્તની સ્થિતપ્રજ્ઞતાની અને (૩) અંતર્ગૃહગતા ગોપભાર્યાઓના સમુહના વિરહભાવની, ભાવના કરવી.

ભક્તિનું બીજું અંગ છે ધૈર્ય. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. ''ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા'' એટલે કે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક – એ ત્રણે પ્રકારનાં દુઃખોને મૃત્યુ પર્યંત સહન કરવાં તેનું નામ ધીરજ.

બધાં પ્રકારનાં દુઃખોનો પ્રતિકાર કરવાના બે માર્ગ છે : (૧) દુઃખો આપનાર સામે સીધો હુમલો કરીને એટલે કે સ્થૂલ બળ કેળવીને અને (૨) દુઃખોની અસરથી અલિપ્ત રહીને, એટલે કે દુઃખોને પ્રભુની કૃતિ સમજીને, તેના પ્રત્યે તટસ્થવૃત્તિ કેળવીને. જે પુષ્ટિ ભક્તિ હોય તેણે તો બીજી રીતે એટલે કે દુઃખો પ્રત્યે ઉદાસીનતા સેવીને, દુઃખોનો પ્રતિકાર કરવાનો છે. પહેલી રીતમાં

પુરુષાર્થ છે (મર્યાદાની એ રીત છે). અને બીજી રીતમાં ભગવદ્ ઈચ્છાને અનુકૂળ થવાની વૃત્તિ છે. (દાસભાવની એ રીત છે.)

દુઃખો ત્રણ પ્રકારનાં છે. યથા - (૧) **આધિભૌતિક** એટલે દેહના સંબંધથી પ્રાપ્ત થતાં દુઃખો, (૨) **આધ્યાત્મિક** એટલે મન તથા ઈન્દ્રિયોના સંબંધથી પ્રાપ્ત થતાં દુઃખો. જેવાં કે કામ, ક્રોધ આદિ, અને (૩) **આધિદૈવિક** એટલે નિજ ભક્તોની પરીક્ષા કરવા માટે અથવા તેમને પ્રારબ્ધનો ભોગ કરાવવા માટે, ભગવાને આપેલા, આત્મા સાથે સંબંધિત દુઃખો. એ ત્રણે પ્રકારનાં દુઃખોને શાંતિથી સહન કરવાં તેનું નામ ધીરજ.

એ ત્રણમાં, પહેલા પ્રકારનાં આધિભૌતિક દુઃખોને તક્ર એટલે છાશની માફક સહન કરવાં. બીજાં પ્રકારનાં એટલે આધ્યાત્મિક દુઃખોને જડભરતની માફક સહન કરવાં અને ત્રીજા પ્રકારનાં આધિદૈવિક દુઃખોને અંતર્ગૃહગતા ગોપપત્નીઓ (ગોપભાર્યાઓ) ની માફક સહન કરવાં. આ ત્રણે પ્રકારનાં દુઃખો, પ્રભુ સેવા સારી રીતે થઈ શકે તે માટે સહન કરવાનાં છે. એ ત્રણે પ્રકારનાં દુઃખોને સહન કરવાની જીવની શકિતને ધીરજ કહે છે. અને એ ધીરજ પણ આમૃત્તેઃ (મૃત્યુ થતા સુધી) એટલે કે પોતાના આયુષ્યની સમાપ્તિ સુધી રાખવાની છે. તાત્પર્ય એ કે જીવનમાં કોઈપણ પળે, ધીરજ ખોઈને, ભગવાન પ્રત્યેની સેવાનિષ્ઠાને ખોઈ બેસવાની નથી. ત્રણે દુઃખોને હંમેશા સહન કરવાં. આવુ જે વર્તન રાખવામાં આવે તેનું નામ ધીરજ.

જીવને દેહાભિમાન હોય છે; તેથી દેહનાં દુઃખોને સહન કરવાનું તેને માટે મુશ્કેલ બની જાય છે. કયારેક દેહને દુઃખ થતાં તે ગભરાઈ જાય છે, અને પ્રભુસેવા સારી રીતે કરી શકતો નથી. એટલે જીવે દેહાભિમાન છોડી દેવું ઘટે. જીવે પોતાના એ દેહને તો પ્રભુને સમર્પિત કર્યો છે. પછી એ દેહ તેનો છે. એવું અભિમાન રાખવું એ સ્વામીદ્રોહ કહેવાય.

દેહમાં અભિમાન ન રાખવું એવો ભાવ સમજાવવા માટે આચાર્યશ્રીએ છાશ (તક્ર)નું દૃષ્ટાંત આપ્યું છે. છાશ નિઃસાર- સાર રહિત - હોય છે. માખણ સાર-ભૂત હોય છે. નિઃસાર વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે. તો પછી, તે વસ્તુના

હોવા બાબત, અભિમાન ન રાખવું, તેથી જ કદાચ છાશ ઢોળાઈ જાય તો તેમ થતાં, આપણને ખેદ ન થવો જોઈએ. એવી જ રીતે દેહ અને દેહ સાથે સંબંધિત પદાર્થો, નિઃસાર હોઈ તેમનામાં મમત્વ ન રાખતાં, તે છોડી દેવા. દેહાદિના મમત્વનો ત્યાગ કરવાથી, દેહાદિને મળતાં માન-અપમાન, સુખ અને દુઃખ એ બધા પ્રત્યે તટસ્થતા કેળવી શકાશે.

દુઃખોને તક્રવદ્ એટલે કે છાશની માફક સહન કરવાની બાબતને સમજાવવા માટે, શ્રીવ્રજોત્સવજી મહારાજે એક સુંદર આખ્યાયિકા કહી છે. અને તેને ગોપભાર્યાનું દૃષ્ટાંત ગણાવ્યું છે. એ ગોપભાર્યા એટલે ગોકુલમાં વસ્તી અંતર્ગૃહગતા ગોપીજનોનો સમુહ નહીં; પરંતુ આધુનિક સમયના કોઈ એક ગોવાળની પત્ની કે જેની છાશ ઢોળાઈ જતાં, તેને નિઃસાર, નજીવું દુઃખ સમજીને તે હસી પડી; તેનું એ દૃષ્ટાંત છે. એ આખ્યાયિકા આ પ્રમાણે છે :-

એક બ્રાહ્મણ, તેની પત્ની અને તેનો બાળક પુત્ર યાત્રા કરવા નીકળ્યાં. રાત્રીના સમયે તેઓ વનમાં, એક વૃક્ષ નીચે સુતાં હતાં. તે સમયે, તે પ્રદેશનો રાજા ત્યાંથી પસાર થતો હતો. રૂપરૂપના અંબાર જેવી બ્રાહ્મણ સ્ત્રીને જોઈને, તે તેના ઉપર મોહી પડયો, અને તેને ઉઠાવીને પોતાના મહેલમાં લઈ ગયો. બ્રાહ્મણી પતિવ્રતા હતી. તેણે રાજાને કહ્યું : "મહારાજ, હું તમારી પત્ની બનવા તૈયાર છું. પરંતુ મારે છ માસનું વ્રત છે. છ માસ સુધી મારે રોજ અભ્યાગત બ્રાહ્મણોને જમાડવા છે. રાજાએ ખુશ થઈને તેને તેમ કરવા સંમતિ આપી. બ્રાહ્મણીએ વ્રત શરૂ કર્યું, દરરોજ તેના મહેલમાં બ્રાહ્મણો અન્નદાન લેવા માટે આવવા લાગ્યા.

પેલી તરફ વનમાં, બ્રાહ્મણ ઊંઘમાંથી ઊઠયો. તેણે પત્નીને ન જોઈ. વિહવળ બની, પુત્રને ત્યાં છોડી, પત્નીની શોધમાં તે આજુબાજુ ભટકવા લાગ્યો. તે દરમ્યાન એક વણઝારો ત્યાંથી નિકળ્યો. તેણે વૃક્ષ નીચે એક બાળકને એકાકી સૂતેલો જોયો. વણઝારાને સંતતિ ન હતી. આથી પ્રભુએ તેને સંતતિ આપી એવું સમજીને તે બાળકને તે પોતાને ઘરે લઈ ગયો.

બ્રાહ્મણે પત્ની અને પુત્ર ગુમાવ્યા. તેમની શોધમાં તે માર્યો માર્યો ફરવા લાગ્યો. રાજાને ત્યાં બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે. તે જાણી તે

ત્યાં ગયો. બ્રાહ્મણીએ તેને જોયો. એકાંતમાં બોલાવીને તેણે તે બ્રાહ્મણને કહ્યું, ''આજે રાત્રે, શિવાલયમાં તમે મારી રાહ જોજો. રાજાને મારીને આજે હું તમને ત્યાં આવી મળીશ.''

બ્રાહ્મણ શિવાલયમાં ગયો. નિર્જન શિવાલયમાં તે આડે પડખે થયો. ત્યાં એક વિષધર સર્પે તેને દંશ દીધો. બ્રાહ્મણ મૃત્યુ પામ્યો.

આ તરફ પેલી બ્રાહ્મણીએ રાજાને, રાતના સમયે, પોતાની પાસે બોલાવ્યો, તેને બહુ મદિરા પાઈને બેહોશ બનાવ્યો. પછી તેને મારી નાખ્યો, પછી

પછી નૃપ માર નાર ચલી અપને પતિસું – એટલે કે રાજાને મારીને તે પોતાના પતિ પાસે જવા નીકળી પડી. તે પેલા શિવાલયમાં પહોંચી. ત્યાં તેણે સર્પદંશથી મૃત્યુ પામેલ પોતાના પતિને જોયો. તેથી તે વિલાપ કરવા લાગી. કોઈપણ આશ્રય સ્થાન વગરની તે રખડતી હતી. ત્યારે તે પાવૈયાઓના હાથમાં જઈ પડી. તેમણે તે વેશ્યાને ત્યાં વેચી દીધી. હવે, તે વેશ્યા બની. અત્યંત સુંદર હતી તેથી તેનો વેશ્યાનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો.

થોડાંક વર્ષો પછી, એક દિવસ, તેનો જ એ પુત્ર કે જે હવે વણઝારાનો પુત્ર બન્યો હતો તે, તેના શહેરમાં આવ્યો. એ વેશ્યાના રૂપની ખ્યાતિ સાંભળી તે તેનો ગ્રાહક બની તેની પાસે (કોઠામાં) પહોંચ્યો. અને પુત્રે માતા સાથે સમાગમ કર્યો. પરંતુ પુત્રના ઉઘાડા દેહ પરનાં કેટલાંક ચિહ્નો જોઈ માતાને શંકા ગઈ. પૂછપરછ કરતાં તેને ખાત્રી થઈ કે આ તો તેનો પોતાનો પુત્ર છે. આથી પોતાનાથી થયેલ મહાભયંકર પાપનું પ્રાયશ્ચિત કરવા તે ચિતામાં પડી, બળી મરવા તૈયાર થઈ. ચિતા સળગી પરંતુ વરસાદ તુટી પડતાં તે હોલવાઈ ગઈ. નજીકમાં પુર આવતાં તે નદીના પાણીમાં તણાઈ ગઈ.

નદીમાં તણાતી તે બ્રાહ્મણીને હજુ ઘણાં દુઃખો સહન કરવાનાં હશે તેથી તેને તણાતી જોઈને એક ગોવાળે તેને બચાવી. રૂપાળી જોઈ, તેણે તેને પોતાની પત્ની તરીકે ઘરમાં બેસાડી. એક દિવસ ગામની કેટલીક ગોવાળણો સાથે છાશ વેચવા તે શહેરમાં ગઈ. ત્યાં બે આખલાઓ બાખડતા હતા. તે જોઈ

સૌ નાસભાગ કરવા લાગી, તેમ કરતાં બધાંની દોણી પડી ગઈ. છાશ ઢોળાઈ ગઈ. સૌ દુઃખી થઈ, રૂદન કરવા લાગી. પરંતુ પેલી બ્રાહ્મણ ગોપાભાર્યા ખડખડાટ હસી પડી. તે જોઈ આશ્ચર્ય પામીને તે બધીએ તેને તેના હસવાનું કારણ પૂછ્યું. તેણે પોતાની વિતકકથા તેમને કહી સંભળાવી. તેણે કહ્યું – ‘‘રાજાને માર્યો અને પતિને સર્પ દંશેલો જોયો. તેથી ભટકતી હું બીજા દેશમાં વેશ્યા થઈ. ત્યાં મારા જ પુત્રે મને ભોગવી. તેના પ્રાયશ્ચિત રૂપે, મેં ચિતા પ્રવેશ કર્યો. ભારે વરસાદથી ચિતા ઓલવાઈ. નદીમાં તણાતી મને ગોવાળે બચાવી, પોતાના ઘરમાં બેસાડી. આવાં અસંખ્ય દુઃખોની પરંપરામાંથી પસાર થયેલી હું આ નજીવી છાશ માટે શા માટે શોક કરું ?’’

વાર્તાનો ભાવાર્થ એ કે દેહનાં દુઃખો તો દેહને આવે જ. જ્યારે તે આવે ત્યારે ધીરજથી તે સહન કરવાં. અને તેમાંથી કશો બોધ લેવો. જગતનાં દુઃખો જીવને કાંઈ ને કાંઈ બોધ દેવા આવે છે. દુઃખ એ તો અનુભવની શાળા છે. દુઃખ આપણને પ્રભુ તરફ દોરે છે. કુંતા ફોઈએ એટલા માટે પોતાના ભત્રીજા પાસે ‘પોતાને દુઃખો મળે’ એવું વરદાન માગ્યું હતું. દુઃખ મનુષ્યને પ્રભુમય જીવન જીવવાનું શીખવે છે. દુઃખના અનુભવથી માનવ દેહની કિંમત સમજાય છે. તે એવી રીતે કે દેહનો છાશ જેવો નિઃસાર છે. તેમ છતાં તે મળ્યો છે ત્યારે તેનો ઉપયોગ પ્રભુ સેવામાં કરીને તેને સાર્થક બનાવી લેવો. આધિભૌતિક દુઃખો આપણને આવું જ્ઞાન આપે છે. તેથી દુઃખથી ન હારી જતાં, તે બધા ધીરજથી સહન કરવાં. અને તેમનો ઉપયોગ પ્રભુનો આશ્રય દૃઢ બનાવવાના સાધન તરીકે કરવો. પ્રભુનો આશ્રય દૃઢ બનતાં, દુઃખોની તીક્ષ્ણ દાઢ બુઠ્ઠી થઈ જશે.

આ રીતે આધિભૌતિક દુઃખો શી રીતે સહન કરવાં તે સમજાવતું ઉપર્યુકત (ગોપભાર્યાની તક્ર ઢોળાણી તે) દૃષ્ટાંત આપ્યા પછી. મન અને ઈન્દ્રિયોના સંબંધથી ઉત્પન્ન થતાં કામક્રોધાદિ દુઃખો કેવી રીતે સહન કરવાં તે સમજાવવા માટે જડભરતનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

દેહ, ભગવદ્ ભાવથી ભરાય ત્યારે તે કામક્રોધાદિ ભાવ માટે જડ બની જાય છે. તેથી કામક્રોધાદિ ભાવો તે દેહમાં પ્રવેશી શકતા નથી. એ જીવની બધી

ઈન્દ્રિયો ભગવદ્‌ભાવ વાળી બની જતાં, ઈન્દ્રિયોને થતાં દુઃખોનું ભાન, તેને થતું નથી. આ બાબતમાં જડભરતજીનું દૃષ્ટાંત હંમેશાં નજર સમક્ષ રાખવું. જડભરતને મૃગનું શરીર પ્રાપ્ત થયું. તયારે તેમણે મૃગ શરીરને પ્રાપ્ત થતાં દુઃખો સહન કર્યાં. પછી માનવ શરીર તો મળ્યું; પરંતુ તે દેહે, તેમણે જડવત વર્તન કરતાં, તેમનાં સગા-સ્નેહીઓ તરફથી તેમને અપમાન તથા તિરસ્કાર આદિ મળ્યાં. તે બધુ તેમણે તટસ્થભાવે, ધીરજથી સહન કર્યું, પછી ભીલો તેમને ભદ્રકાળીનો ભોગ ધરાવવા લઈ ગયા. ત્યારે પણ નિર્લિપ્ત ભાવે તેમણે તે બધુ સહન કર્યું. અંતે રહુગણની પાલખી ઉપાડીને તેનો બોજો તેમણે વહન કર્યો. આ બધા દુઃખો તેમણે ધીરજથી સહન કર્યાં. તે દુઃખો આપનાર ઉપર તેમણે ક્રોધ ન કર્યો. તેમણે તેમનાં દુષ્ટ કર્મો માટે કશી સજા મળે એવી કોઈ કામના ન કરી. દુઃખથી ડરીને ચિંતા ન કરી. આ રીતે આપણે આધ્યાત્મિક દુઃખ સહન કરવામાં જડભરતની ભાવના કરવી.

જડભરતજીએ ઈન્દ્રિયોને લગતાં દુઃખો- માન, અપમાન, કામ, ક્રોધાદિ ભાવ આદિ બધાં દુઃખો, જડવત સહન કર્યાં; દુઃખોને સહન કરીને તેઓ સાક્ષીવત જીવન જીવ્યા. માન કે અપમાન તેમને સ્પર્શતા જ નહીં; કામ-ક્રોધ તેમને સતાવતા જ નહીં; રાગદ્વેષ તેમને હતા જ નહીં; દેહમાં અનાત્મ બુદ્ધિ રાખવાને કારણે, દેહનાં કાર્યો અને દેહના સુખદુઃખાદિ અનુભવોથી સંપૂર્ણપણે અલિપ્ત રહીને, તેઓ જીવ્યા. તેથી, આધ્યાત્મિક દુઃખોને જડભરતની માફક સહન કરવાં, એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

અને આધિદૈવિક દુઃખોને (ભગવદ્‌ વિરહથી થતાં દુઃખો) અંતર્ગૃહગતા ગોપભાર્યાઓની માફક સહન કરવાં. ગોપભાર્યાઓ ગૃહસ્થાશ્રમી હતી. પોતાના પતિ, બાળકો અને સ્નેહીઓના સંગે સંસારમાં રહ્યા છતાં, તેમણે તેમની ચિત્ત-વૃત્તિઓનો નિરોધ કરીને, પોતાનાં મન તથા ચિત્તને ભગવાન પ્રત્યે વાળી લીધાં હતાં, તેમ કરતાં તેમણે જે દુઃખો થયા તે દ્વારા તેમનો ભગવદ્‌ અનુરાગ વધુ દૃઢ થયો. તેમનો પ્રેમ, આસકિતમાં અને આસકિત વ્યસનમાં પલટાઈ ગઈ. આ છે આધિદૈવિક દુઃખોને સહન કરવાની રીત; અને આવું છે આધિદૈવિક દુઃખોને ધીરજથી સહન કરવાનું પરિણામ.

શ્રીમહાપ્રભુજીએ આધિદૈવિક દુઃખોને સહન કરવા બાબતમાં ગોપભાર્યાવત એ દૃષ્ટાંત આપ્યું છે. ગોકુળના ગોવાળોની પત્નીઓના સમૂહને ગોપભાર્યા કહેવામાં આવી છે. અંતર્ગૃહગતા ગોપીજનોનો એ સમૂહ ભગવાનના વિરહથી, અત્યંત દુઃખ પામીને, અંતે શ્રીગોપીજનવલ્લભનું ધ્યાન ધરે છે. અને દેહ ત્યાગ કરે છે. એ રીતે તેઓ પ્રભુના સાન્નિધ્યને પ્રાપ્ત કરે છે. તેઓ નિર્ગુણ દેહ મેળવી પ્રભુના સ્વરૂપાનંદને પામે છે. એ જ રીતે જીવે પણ પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલાં દુઃખોને સહન કરીને, પ્રભુપ્રાપ્તિની દીશામાં પગલાં માંડવાના છે. તેમ કરવા માટે, આધિદૈવિક દુઃખોને સહન કરવાની બાબતમાં ગોપભાર્યાઓનું અનુસંધાન કરવું આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ત્રિદુઃખ સહન કરો–ધીરજથી, મૃત્યુપર્યંત. પરંતુ જો પ્રભુ ઈચ્છાથી એ દુઃખોને દૂર કરવાનો ઉપાય મળી આવે તો તે ઉપાય કરવો કે નહીં ? શું આપણે એવો આગ્રહ રાખવાનો છે કે એ દુઃખો તો આપણને હરિ ઈચ્છાથી મળ્યાં છે. તે માટે મારે તે સહન કરવા જ છે. મારે તેમને નિવારવાં નથી. ના, ભાઈ ના. એવું કરવાનું નથી. જો દુઃખોને દુર કરવાનો કોઈ ઉપાય પ્રભુ ઈચ્છાથી મળી આવી તો દુઃખોને દૂર કરીને પ્રભુસેવા કરવા માટે તે ઉપાય અવશ્ય કરવો. અહીં, જો દુઃખોને સહન કરવાનો આગ્રહ રાખવામાં આવે તો તેવો આગ્રહ દુરાગ્રહ બની જાય. અને દુરાગ્રહ એટલે અવિવેક – એ છે. વિવેકનું નકારાત્મક સ્વરૂપ. દુઃખો સહન કરવાં જ છે એવો આગ્રહ રાખવાથી એક તો દુરાગ્રહ રૂપી અવિવેક થાય અને બીજું શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો ભંગ થાય. એવું વિચારીને શ્રીમહાપ્રભુજીની આ બીજી આજ્ઞાનો વિચાર કરવો.

**પ્રતીકારો યદ્રચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।**
**ભાર્યાદીનાં તથાન્યેષામસતશ્ચાક્રમં સહેત્ ।।**

**અર્થાત્ :** પ્રભુ ઈચ્છાથી દુઃખ નિવારણનો માર્ગ મળી આવે તો દુરાગ્રહી ન થવું. (એટલું જ નહીં પરંતુ) ભરણપોષણ કરવા લાયક પોતાના સ્ત્રી પુત્રાદિકના, કોઈ તટસ્થવ્યકિતના, અને દુર્જનોના (પણ) આક્રમણને (તિરસ્કાર આદિને) સહન કરવા.

ઉપર ત્રણે પ્રકારનાં દુઃખો કેવી રીતે સહન કરવાં તે સમજાવ્યું. પરંતુ તેનો અર્થ એવો નથી કે તે દુઃખોની નિવૃત્તિ અર્થે કશું ન કરવું. જો યદ્‌ચ્છાત (ઈશ્વર ઈચ્છાથી) તે દુઃખોને દૂર કરવાનો કોઈ ઉપાય મળી આવે તો તે જરૂર અજમાવવો. મારે તો દુઃખોને સહન કરી લેવા જ છે એવો આગ્રહ કદી ન રાખવો. ભગવદીચ્છાને આધીન થવું. ધારો કે શરીરને કોઈ રોગ થાય અને ભગવદીચ્છાથી તે રોગને દૂર કરવાનો કોઈ ઉપાય મળી આવે તો તે ઉપાય જરૂર અજમાવવો. અને તે અજમાવતી વખતે, મનમાં એવી ભાવના રાખવી કે આ ઉપાયથી મારો દેહ નિરોગી થશે. તેમ થતાં મારાથી પ્રભુ સેવા સારી રીતે થઈ શકશે.

પરંતુ હવે પછી શ્રીમહાપ્રભુજીએ જે આજ્ઞા કરી છે તે બહુ સાવધાન થઈને વિચારવા જેવી છે. આપશ્રી આજ્ઞા કરે છે કે (૧) ભરણપોષણ કરવા લાયક પોતાનાં સ્ત્રી-પુત્ર આદિના તથા (૨) અન્ય તટસ્થવ્યક્તિઓના કે (૩) અસત્ વ્યક્તિઓ એટલે કે દુર્જનોના આક્રમણને પણ સહન કરવું.

આ આજ્ઞામાં પુત્રાદિના એવું કહેવાને બદલે ભાર્યાદીનાં એવું પદ આચાર્યશ્રીએ બહુ વિચારપૂર્વક મૂકયું હોય એવું લાગે છે. શ્રીગોકુલોત્સવજી મહારાજ, ભાર્યાદીના પદ મૂકવાનું કારણ આ રીતે સમજાવે છે –

‘‘**લોકમાં ભાર્યાદિનાંને બદલે ‘પુત્રાદિનાં’** એવું પદ મૂકવું ઉચિત હતું, એવું કદાચ કોઈને લાગે. પરંતુ તેનાં ભાર્યાદિનાં પદ મુકયું છે. કારણ કે પુત્રોને તો કોઈ દિવસ મિલ્કતનો વિભાગ કરી આપીને જુદા કરવાથી તેઓ સ્વતંત્ર થાય. પરંતુ પત્ની તો કેવળ પતિને આધીન હોવાથી, તે જ્યારે પોતાના પતિનો તિરસ્કાર કરે ત્યારે તે તિરસ્કાર તેના પતિથી અત્યંત દુઃખે કરીને પણ સહન થઈ શકતો નથી. તેમ છતાં પ્રભુ સેવામાં પત્નીની સ્થિતિ રાખવા માટે, સ્ત્રીનો એવો દુઃરાહ તિરસ્કાર પણ સહન કરવો અને સેવા ન છોડવી એવું આમા સૂચન છે.

અહીં માત્ર ભાર્યાદિનાં જ નહીં, બીજાઓનાં પણ આક્રમણ સહન કરવાં એવું કહેવામાં આવ્યું છે. તો ‘બીજાં’ એટલે કોણ ?

ભાર્યા એટલે ભરણપોષણ કરવા લાયક સ્ત્રી અને બાળકો પણ ખરાં. તેઓ આપણુ અતિક્રમણ (તિરસ્કાર) કરે તો તે સહન કરવું. અને વિભકત રહેનારા અને સંયુકત રહેનારા બંધુઓ અને તટસ્થરહેનાર વ્યકિતઓનાં આક્રમણ પણ સહન કરવાં તે ઉપરાંત દુર્જનના પણ સહન કરવાં. દુર્જનનાં આક્રમણ દુઃસહ હોવાથી તે ખાસ અલગ બતાવ્યા છે.

આ બધા લોકોએ કરેલ તિરસ્કાર સહન કરવો. એટલું જ નહીં, જો તેઓ લાત મારે તો તે પણ સહન કરવી. નિબંધમાં પણ આવોજ ઉપાય બતાવ્યો છે. તેમાં કહ્યું છે કે, ''સર્વમાં પ્રભુ બિરાજે છે એવી 'સર્વાત્મ' ભાવનાથી સર્વ વ્યકિતના કટું વચનો સહન કરવાં.'' કારણ કે પ્રભુ પોતે તેના હૃદયમાં બિરાજીને તેની પાસે તેમ બોલાવીને આપણને ઉપદેશ આપે છે. આ રીતે સૌનો તિરસ્કાર સહન કરવો. એનો અર્થ એ છે કે એવાં અસહ્ય દુઃખોને પ્રસંગે પણ ધીરજ ન છોડવી. આવી સહનશીલતા એ ધૈર્ય રક્ષણનું ઉત્તમ સાધન છે. અને ધૈર્ય રક્ષણનું બીજુ સાધન છે :-

**સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્ગ મનસા ત્યજેત્ ।**
**અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ ।।**

**અર્થાત્ :** ઈન્દ્રિયોનાં બધાં કાર્યોને, જીવે, કાયા, વાણી અને મનથી ત્યજવાં. જે જીવ ઈન્દ્રિયોને જીતવા અસમર્થ હોય તેણે પોતાના અસામર્થ્યની ભાવના વિચારીને એટલે કે મનમાં ગ્લાનિ લાવીને, ઈન્દ્રિય ભોગોનો ત્યાગ કરવો.

પહેલાં કહ્યું કે, જીવે, ઈન્દ્રિયોનાં બધાં કાર્યોને, કાયા વાણી અને મનથી ત્યજી દેવાં એટલે કે ઈન્દ્રિય નિગ્રહ કરવો; એ વાત તો સમજાય એવી છે. પરંતુ પછી કહ્યું કે જે જીવ ઈન્દ્રિયોને જીતવા માટે અસમર્થ હોય તેવા માણસે પોતાના અસામર્થ્યની ભાવના કરીને (ગ્લાનિ કરીને) ઈન્દ્રિયના ભોગોનો અવશ્ય ત્યાગ કરવો. તેણે એવો વિચાર કરવો કે 'હું મંદભાગ્ય છું; હું અસમર્થ છું કે મારાથી ઈન્દ્રિયોને કાબુમાં રાખી શકાતી નથી. મારાથી ઈન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ કરવાની આજ્ઞા પણ ઉઠાવી શકાતી નથી.'' આવી

અસામર્થ્યની ભાવના કરીને પછી, ઈન્દ્રિયોના ભોગો છોડવા. મને સમજાતું નથી કે ઈન્દ્રિય નિગ્રહ ન કરીને પછી, ઈન્દ્રિયોના ભોગો છોડવા. મને સમજાતું નથી કે ઈન્દ્રિય નિગ્રહ ન કરી શકનાર, ઈન્દ્રિયના ભોગોને કેવળ અસામર્થ્યની ભાવના કરવા માત્રથી છોડી શકે ખરો ?

મારી એ શંકાનું સમાધાન 'ગ્લાની' પદથી થઈ જાય છે. ઈન્દ્રિય નિગ્રહ ન કરી શકનારે, ઈન્દ્રિયના ભોગો પરાણે છોડવા પડે છે. ઈન્દ્રિયના ભોગો તેને વળગી રહે તો તેનાથી તેને ગ્લાની થાય. જેનું અંતિમ પરિણામ ઈન્દ્રિય ભોગમાંથી છૂટકારો પામવાનું આવે. ઈન્દ્રિય ભોગો તરફ તેને ગ્લાનિ થાય. એટલે કે તેમના પ્રત્યે તિરસ્કાર ભરી ભાવના ઉત્પન્ન થાય. તેમ થતાં ઈન્દ્રિયો શિથિલ થાય. પછી તે બધી પોતપોતાના વિષયો તરફ ખેંચાતી અટકે. છેવટે ધીરેધીરે ઈન્દ્રિયોનાં કાર્યો આપોઆપ છૂટી જાય.

પોતાના અસામર્થ્યની ભાવના કરીને ભોગો ત્યજવા. એવી ભાવના કરવાથી, ભાવના કરનારને ગ્લાનિ થશે. ગ્લાનિ થતાં ઈન્દ્રિયોની તીવ્રતા શાંત થશે. અંતે ઈન્દ્રિયો વિષયો તરફ ખેંચાતી બંધ પડશે. અને તેને ધૈર્યની સિદ્ધિ થશે આવું શ્રીવ્રજરાજ મહારાજ પોતાની વિવૃત્તિમાં લખે છે.

આ તથ્યને વધુ દઢતાથી રજૂ કરવા માટે આપશ્રી બીજી આજ્ઞા કરે છે–

**અશક્યે હરિરેવાસ્તિ, સર્વમાશ્રયતો ભવેત્ ।।**
**એતત્સહનમત્રોક્તમ્.... ।।**

**અર્થાત :** ઈન્દ્રિયો આદિનો નિગ્રહ કરવાનું કાર્ય જો અશક્ય થઈ પડે તો, શ્રીહરિ જ તેવા જીવનું શરણ છે. બધાં કાર્યો શરણથી જ સિદ્ધ થાય છે.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે અશક્ય પણ શ્રીહરિના આશ્રયથી શક્ય બને છે. જીવ જ્યારે ઈન્દ્રિય નિગ્રહ કરવામાં અસમર્થ થાય ત્યારે તેણે દયાળુ પ્રભુનું શરણ યાચવું પ્રભુના આશ્રયથી બધુ જ સિદ્ધ થઈ શકે છે. 'સર્વ ધર્માન પરિત્યજ્ય' એ શ્લોકમાં એવું જ કહ્યું છે. ''તું મારો એકલાનો જ આશ્રય કર. તારાં બધાં પાપો જે અન્યથા નષ્ટ નહીં થાય તે બધાંને હું નષ્ટ કરી

દઈશ. અને તને નિર્દોષ બનાવીને મુકિત આપીશ.'' આ છે અશક્યને શક્ય બનાવવાનો ઉપાય - પ્રભુનું શરણ (આશ્રય) ગ્રહણ કરવું તે.

શ્રીગોકુલોત્સવજી મહારાજ એવું કહે છે કે, ''જીવ જ્યારે બધી રીતે પોતાનું અસમર્થપણુ જાણીને, કેવળ ભગવાનજ મારું શરણ છે એવું વિચારે, ત્યારે પરમ દયાળુ ભગવાન પણ કૃપા કરીને જીવનું બધું કાર્ય પોતે જ સિદ્ધ કરી આપે છે. તેથી ભગવાનના આશ્રયથી જ જીવનાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે એવું સમજાવવા માટે શ્રીમદાચાર્યચરણે 'સર્વમાશ્રયતો ભવેત્' એ વાકય લખ્યું છે. અને

અતઃ આશ્રય વિનિરૂપ્યતે - હવે આશ્રય કહેવાય છે.

**આશ્રય :-**

આશ્રય ભગવદ્ ભક્તિનું ત્રીજું અંગ છે. જ્ઞાનમાર્ગીઓ સ્વાશ્રયમાં માને છે. પરંતુ આપણે ભક્તિમાર્ગીઓએ ભગવદ્-આશ્રયમાં સ્થિર રહેવું. આપણો ભગવદાશ્રયનો ભાવ જેટલો દ્દઢ તેટલી આપણી ભક્તિની દ્દઢતા, સમજવી ભગવદાશ્રયના ભાવમાં દ્દઢતાની સર્વોત્તમ કક્ષા એટલે અનન્યાશ્રય.

ભક્તે પોતાની શક્તિમાં કે અન્ય દેવદેવીઓની શકિતમાં કદી વિશ્વાસ ન રાખવો. પોતાના સ્વામી શ્રીકૃષ્ણની શક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી, હરએક પરિસ્થિતિમાં કેવળ તેનું જ શરણ સ્વીકારવું એનું નામ આશ્રય. પોતાનાં દુઃખોની નિવૃત્તિ અર્થે અથવા સુખોની પ્રાપ્તિ અર્થે તેણે અન્ય કોઈ દેહધારી કે દેવ ઉપર વિશ્વાસ ન રાખતાં કેવલ શ્રીકૃષ્ણ ઉપર જ વિશ્વાસ રાખવો તેનું નામ અનન્યાશ્રય. આશ્રયનો શબ્દ-દેહ એટલે અષ્ટાક્ષર-શ્રીકૃષ્ણઃ શરણં મમ. આ મંત્રનો અર્થ આ પ્રમાણે સમજવો - મમ નિસાધનસ્ય શરણ, આશ્રય, શક્યો શક્ય સંપાદકઃ શ્રીકૃષ્ણઃ - એટલે કે મારા જેવા સાધન રહિત જીવનું શરણ તેનો આશ્રય અને તેને શકય કે અશકય એવી કોઈપણ વસ્તુ મેળવી આપનાર શ્રીકૃષ્ણ છે. આ મહામંત્રના રટણ દ્વારા આશ્રય સિદ્ધ થાય છે.

આશ્રયનું નિરૂપણ કરતાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે - **ઐહિકે પારલોકેચ સર્વથા શરણં હરિઃ** એટલે કે આ લોક અને પરલોક સંબંધી બધાં

કાર્યોમાં, શ્રીહરિ મારું શરણ થાઓ. આ છે આશ્રયની વ્યાખ્યા. આ લોક સંબંધી કાર્યોમાં અને અલૌકિક સેવા વિષયક પરલોક સંબંધી કાર્યોમાં અથવા તો હરકોઈ પરિસ્થિતિમાં શ્રીહરિ મારું શરણ થાવ. અહીં પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો. તો કેવી કેવી પરિસ્થિતિમાં જીવે પ્રભુનો આશ્રય ગ્રહણ કરવો તે પણ શ્રીમદાચાર્યચરણ સમજાવે છે –

**દુઃખહાનૌ તથા પાપે, ભયે, કામાદ્ય–પૂરણે ।।**
**ભક્તદ્રોહે, ભકત્યભાવે, ભકતૈશ્ચાતિક્રમે કૃતે ।**
**અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ ।।**
**અહંકાર કૃતે ચૈવ પોષ્ય પોષણ રક્ષણે ।**
**પોષ્યાતિક્રમણે ચૈવ તથાંતેવાસ્યતિ ક્રમે ।।**
**અલૌકિક મનઃ સિદ્ધો, સર્વાથે, શરણં હરિઃ ।**

**અર્થાત્ :** (૧) ત્રણે પ્રકારનાં દુઃખોનો નાશ કરવા માટે (૨) પાપને નિવૃત્ત કરવા માટે (૩) ભય લાગે ત્યારે (૪) સાંસારિક (કામાદિ) સુખો પ્રાપ્ત ન થતાં હોય ત્યારે (૫) ભકતનો દ્રોહ થઈ જાય ત્યારે (૬) ભકિતના અભાવે (૭) ભગવદ્ ભકતોએ તિરસ્કાર (અતિક્રમ) કર્યો હોય ત્યારે (૮) અને (૯) અશકય એટલે પોતાનાથી ન કરી શકાય તેવાં અને શકય એટલે કે પોતાનાથી સુખે કરી શકાય તેવાં કાર્યો કરવા માટે. (૧૦) જીવથી સ્વભાવ વશ અહંકાર થઈ જાય ત્યારે (૧૧) પોષણ કરવા યોગ્ય સ્ત્રી–પુત્રાદિક નું પોષણ કે રક્ષણ કરવાના પ્રસંગે (૧૨) પોષણ કરવા યોગ્ય સ્ત્રી–પુત્રાદિકે પોતાના કરેલ અપમાન (અતિક્રમણ)ના પ્રસંગે (૧૩) અંતેવાસીઓએ (શિષ્યોએ) કરેલા તિરસ્કારના પ્રસંગે (૧૪) અલૌકિક એવાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર (અંતઃકરણ)ને સિદ્ધ કરવા માટે અને (૧૫) <u>**સર્વાથે –**</u> બાકી રહેલા સર્વ અર્થ સિદ્ધ કરવા માટે આ બધા પ્રસંગો કે પરિસ્થિતિમાં શ્રીહરિ જ મારું શરણ થાઓ એ રીતે મનમાં નિરંતર ભાવના કરવી. અને વાણી વડે નિરંતર કીર્તન કરવું. આપશ્રીએ આવી કુલ પંદર પરિસ્થિતિ ગણાવી છે. હવે આપણે તે બધી પરિસ્થિતિનો અનુક્રમે વિચાર કરીએ :

**(૧) દુઃખ હાનૌ** - ત્રણે પ્રકારનાં દુઃખોનો નાશ કરવા માટે : જ્યારે જીવ ઉપર ત્રિદુઃખ આવી પડે ત્યારે તે દુઃખોના નિવારણ માટેનો પ્રયત્ન ન કરતાં, પ્રભુનું શરણ સ્વીકારવું. તેમ કરશો તો દુઃખોની તીવ્રતા ઘટશે. અથવા ભગવદ્ ઈચ્છાથી તે દુઃખો દૂર થશે. તેથી સર્વથા શરણં હરિઃ

**(૨) પાપે –** પાપને નિવૃત્ત કરવા માટે :- જેણે પ્રભુનું શરણ ગ્રહણ કર્યું છે તેને પાપોની બીક ન હોય. નિવેદીત જીવ પાપ ન કરે. તેને માટે પાપ એટલે દોષ એમ સમજવું. નિવેદન કરતા પહેલાં તેણે કરેલ પાપો, નિવેદન કરવાથી નિવૃત્ત થાય છે. અને નિવેદન કર્યા પછી જો તે પોતે કરેલ નિવેદનનું સ્મરણ કર્યા કરે તો બીજા નવા દોષો થતા અટકે છે. તેમ છતાં તે જીવ છે; જાણ્યે-અજાણ્યે તેનાથી કોઈ દોષ થઈ જાય ત્યારે પોતાનાથી થયેલા એ દોષોનું પ્રાયશ્ચિત કરવા કરતાં, જીવે સંપૂર્ણપણે પ્રભુને શરણે જવું. નિવેદન કર્યા પછી, પોતાના દેહ તથા ઈન્દ્રિયોને સંપૂર્ણપણે પ્રભુ સેવામાં લગાડવાં જોઈએ. તેમ છતાં, જો તે પ્રમાણે ન કરી શકે અને તેના દેહ ઈન્દ્રિયોથી ભગવાનનો કોઈ દોષ થઈ જાય તો, તેવા સમયે પણ તેણે ભગવાનના શરણની ભાવના કરવી.

આ બાબત, શ્રીભગવાને, ગીતાજીમાં કહી છે. ‘‘બધા માર્ગોને છોડી મારે શરણે આવ. હું તને એ બધા ધર્મો (દેહ ધર્મો) ને છોડવાથી થતાં પાપોમાંથી છોડાવીશ. તું શોક ન કરીશ. (અર્જુનને સ્વજનોની હત્યાના પાપનો ડર હતો.)

આવું તો શ્રીહરિએ શ્રીમુખથી કહ્યું છે. તેથી જ્યારે દેહ ઈન્દ્રિયો વડે, જો કોઈ દોષ જાણ્યે-અજાણ્યે થઈ જાય તો તેને માટે પ્રાયશ્ચિત કરવા ન બેસવું. પ્રાયશ્ચિત કરવા જતાં આપણો શરણ ધર્મ જતો રહે છે. દોષોને દૂર કરવા માટે ભગવદ્ શરણની ભાવના કરવી એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. તેથી એવા પ્રસંગે-સર્વથા શરણં હરિઃ

**(૩) ભયે –** ભય લાગે તેવા પ્રસંગે :- ભયથી ભાગે તે ભકત નહીં. જે જીવે સર્વ સમર્થ એવા સ્વામી (કૃષ્ણ) નો આશરો લીધો છે. તે જીવ સર્વથા અભય છે, એવું વિચારી, ભય લાગવાની પરિસ્થિતિમાં પણ સર્વથા શરણં હરિઃ

શ્રીવ્રજરાજજી મહારાજ 'ભયે' પદનું વિવરણ કરતાં આ પ્રમાણે કહે છે, ''હું પોતે જીવ હોઈને તુચ્છ છું. તેથી બ્રહ્મ વગેરે દેવતાઓને પણ જેના ચરણની રજ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. તેના ચરણકમળની પ્રાપ્તિ મને કેવી રીતે થાય. કયારે થાય એટલે કે થશે કે નહીં થાય એવો ભય મનમાં ઉદ્ભવે; અથવા બીજા કોઈ પણ પ્રકારનો ભય આવી પડે ત્યારે સર્વથા શરણં હરિઃ

**(૪) કામાદ્યપૂરણે –** જીવનાં કામાદિ (સાંસારિક) સુખો પ્રાપ્ત ન થતાં હોય ત્યારે :- કામ એટલે ઈચ્છા. જીવની સાંસારિક ઈચ્છાઓ પૂરી થતી ન હોય તેવે સમયે જીવે પ્રભુનું શરણ યાચવું. લૌકિક અને અલૌકિક બધા પ્રકારની ઈચ્છાઓની પૂર્તિ માટે જીવે પ્રભુનું શરણ જ સ્વીકારવું. તેથી કદાચ જો પ્રભુ, જીવની લૌકિક ઈચ્છાઓ પૂરી ન કરે, ત્યારે ધીરજ ધરીને પ્રભુનું શરણ સ્વીકારવું. પરંતુ પોતાની અલૌકિક ઈચ્છાઓને તો તેણે (જીવે) શ્રીહરિની ઈચ્છાઓ સાથે સાંકળી લેવી. તાત્પર્ય એ કે જીવે પોતાની લૌકિક કે અલૌકિક ઈચ્છાઓની પૂર્તિ અર્થે – સર્વથા શરણં હરિઃ

**(૫) ભક્ત–દ્રોહે –** જીવથી કોઈ ભકતનો દ્રોહ થઈ જાય ત્યારે :- ભૂલથી અથવા બેદરકારીથી આપણાથી જો કોઈ ભગવદીયનો દ્રોહ થઈ જાય ત્યારે તેમાં મારો પોતાનો દોષ છે એવું વિચારીને, પ્રભુને શરણે જવું. અને દીનતાપૂર્વક તે ભગવદીયની ક્ષમા માગવી. મહામુનિ દુર્વાસાએ ભકતરાજ અંબરિષનો દ્રોહ કર્યો હતો. તેથી છેવટે પ્રભુને શરણે જઈને તેમણે દીનતાપૂર્વક અંબરિષની ક્ષમા માગી હતી. એવા પ્રસંગે આપણે પણ તેમ કરવું.

શ્રીમદ્ ભાગવતમાં કહેવામાં આવેલ અંબરિષ દુર્વાસાનું આ આખ્યાન 'ભકતદ્રોહે' પદનો ભાવ સમજવા માટે પર્યાપ્ત છે.

અંબરિષ રાજા ભગવાનના પરમ ભકત હતા. તેમણે એકાદશીનું વ્રત કર્યુ હતું. વ્રતની પૂર્ણાહુતિ બારસનાં પારણાંથી થાય. બારસને દિવસે, દુર્વાસા તેમને ઘેર અતિથિરૂપે આવ્યા. અંબરિષે આપેલ ભોજનનું નિમંત્રણ સ્વીકારી તેઓ યમુના કિનારે નિત્ય કર્મ કરવા ગયા. વિલંબ થયો. દ્વાદશી પૂર્ણ થવામાં ફકત અર્ધુ મુહૂર્ત બાકી રહ્યું; શું કરવું ? વિદ્વાન બ્રાહ્મણોએ રસ્તો બતાવ્યો –

જલપાન કરીને પારણાં કરો. અંબરીષે તેમ કર્યું.

મોડેથી દુર્વાસા આવ્યા. પોતાને મૂકીને અંબરીષે પારણાં કર્યા. તે જાણી તેમને ક્રોધ ચઢયો. જટા ખોલી તેમાંથી કૃત્યા ઉત્પન્ન કરી. કૃત્યા અંબરીષને બાળવા દોડી. પરંતુ અંબરિષ હાથજોડી ઊભા રહ્યા. અને મનોમન પ્રભુના શરણની ભાવના કરી. પ્રભુનું શરણ પ્રાપ્ત કરી ચુકેલ અંબરિષને કૃત્યાથી બચાવવા માટે, ભગવાને તેમની રક્ષા માટે મૂકેલું પ્રભુનું સુદર્શન દોડી ગયું. તેણે કૃત્યાને જ બાળી દીધી. પછી તે કૃત્યાના પ્રેરક બ્રાહ્મણ દુર્વાસાને સજા કરવા તે તેમની પાછળ પડયું. દુર્વાસા ભાગીને ઈન્દ્ર, બ્રહ્મા, શંકર આદિ દેવોની પાસે ગયા. પરંતુ વિષ્ણુના ભકતના દ્રોહી એ બ્રાહ્મણને કોઈ દેવે આશ્રય ન આપ્યો. એક વર્ષ વિતી ગયું. થાકી, હારીને તેઓએ વિષ્ણુનું શરણ યાચ્યું. વિષ્ણુએ કહ્યું, ''બ્રાહ્મણ, જો તે મારો દ્રોહ કર્યો હોત તો હું તને ક્ષમા કરત. પરંતુ તે તો મારા પ્રિય ભકતનો દ્રોહ કર્યો છે. હું મારા ભકતનો થયેલ દ્રોહ સહન કરી શકતો નથી. સાંભળ હે બ્રાહ્મણ, હું ભકતને આધિન છું. તને બચાવવાની શકિત મારામાં નથી. તને જો કોઈ બચાવી શકે તો તે છે અંબરિષ.''

દુર્વાસા સમજી ગયા : દોડીને અંબરિષ પાસે ગયા. તેમના પગે પડયા. પ્રાણરક્ષાની ભિક્ષા માગી. સતત એક વર્ષ સુધી ખાધા-પીધા વગર હાથજોડી ઊભા રહેલા ભકતરાજ અંબરિષે, બ્રાહ્મણને થયેલ દુઃખ માટે પોતે દોષભાવ અનુભવ્યો. તેમણે સુદર્શનને પ્રાર્થના કરી. સુદર્શન શાંત થયું. જે પ્રભુનું વાર્યુ ન વર્યુ તે ભકતનું વાર્યુ વર્યું. આવો છે ભકતનો પ્રતાપ.

દુર્વાસાએ ભકતનો દ્રોહ કર્યો. તેમને તેમનું ફળ મળ્યું. 'અંતિમ શરણ તો શ્રીહરિ' નું એ ન્યાયે તેમણે શ્રીહરિનું શરણ લીધું. પ્રભુ નિજ ભકતદ્રોહીને ક્ષમા આપતા નથી. છતાં દુર્વાસાએ તેમનું શરણ ગ્રહ્યું તો તેમણે નિજ ભકત દ્વારા તેમને ક્ષમા અપાવી. તેઓ દારૂણ દુઃખમાંથી બચી ગયા. તેથી સમજવાનું કે ભકતદ્રોહના સમયે સર્વથા શરણં હરિઃ

**(૬) ભકત્યભાવે :** ભકિતના અભાવે :- જીવ પોતાની શકિતથી ભગવાનની ભકિત કરી શકતો નથી. ભકિત તો પ્રભુ કૃપાથી મળે છે. તેથી

જ્યારે જીવને એવું લાગે કે પોતે સેવા (ભકિત) કરે તો છે પરંતુ તેનાથી તે સારી રીતે થઈ શકતી નથી. તે સમયે તેણે હરિ શરણની ભાવના કરવી.

બ્રહ્મસંબંધ કર્યા પછી, જીવ સેવાનો અધિકારી બને છે. પરંતુ જો તેનું ચિત્ત સેવામાં ચોટતું ન હોય તો એટલે કે તેના હૃદયમાં ભકિતભાવનો ઉદય થતો ન હોય તો - સર્વથા શરણં હરિઃ

**(૭) ભકતૈશ્ચાતિક્રમે કૃતેઃ** કોઈ ભકત, જીવનું અપામન (અતિક્રમણ) કરે ત્યારે :- આપણે પોતે તો કોઈ ભકતનું અપમાન (અતિક્રમણ) ન કરવું. પરંતુ કયારેક કોઈ ભકત જો આપણો તિરસ્કાર કરે તો મનમાં વિચારવું કે મારાથી કોઈ  સેવા વિષયક દોષ થયો હશે. તેથી એ ભકતે નિઃસ્વાર્થ ભાવે, મને મારો દોષ બતાવવા માટે, મારો તિરસ્કાર કર્યો છે. એવું વિચારી, પોતાનાથી થઈ ગયેલ અવ્યકત દોષની નિવૃત્તિ અર્થે સર્વથા શરણં હરિઃ આવો છે ચાચા ગોપેશ્વરનો મત.

**(૮) અને (૯) અશકયે વા સુશકયે વાઃ** પોતાનાથી ન કરી શકાય એવાં કાર્યો અને પોતાનાથી સુખેથી કરી શકાય તેવાં કાર્યો - એ બધાં કાર્યોની પ્રાપ્તિ માટે પણ જીવે પ્રભુના શરણની ભાવના કરવી. તે એ રીતે કે જ્યારે કોઈ કાર્ય ન બને ત્યારે એમ માનવું કે આ કાર્ય સિદ્ધ ન થાય તેમાં જ મારું કલ્યાણ છે. પ્રભુએ મારું કલ્યાણ વિચારીને જ તે કાર્ય કરવાનું મારે માટે અશકય બનાવી દીધું છે. તેથી ઊલટું જયારે કોઈ કાર્ય સુખેથી કરી શકાય તેવું હોય અને તે સરળતાથી સિદ્ધ થઈ જાય ત્યારે એમ સમજવું કે મેં આ કાર્ય ભગવદ્ કૃપાથી સિદ્ધ કર્યું છે. અને નહીં કે મારી શકિતથી. અશકય ગણાતાં કાર્યો પણ ભગવદ્ ઈચ્છાથી શકય બને છે, એવું માનવું તેથી સુશકયે અને અશકયે તે માટે પણ 'સર્વથા શરણં હરિ'.

આ બાબતમાં પ્રભુની સર્વશકિતમત્તાનો વિચાર કરવાનો છે. કાર્ય સિદ્ધ થાય તો, પ્રભુ સર્વશકિતમાન હોવાથી આ કાર્ય તેમણે સિદ્ધ કરાવી આપ્યું એમ સમજવું અને કાર્ય સિદ્ધ ન થાય ત્યારે એમ સમજવું કે પ્રભુ સર્વશકિતમાન હોવાથી તે આ કાર્ય સિદ્ધ કરાવી આપવા સમર્થ તો છે; પરંતુ

આ કાર્ય સિદ્ધ થાય તેમાં મારું કલ્યાણ નહીં હોય તેથી સર્વજ્ઞ પ્રભુએ તે સિદ્ધ કરાવી આપ્યું નથી. અને જો તે મારે માટે કલ્યાણપ્રદ હશે તો, તે સર્વશકિતમાન પ્રભુ, સમય આવે, મારું તે કાર્ય સિદ્ધ કરાવી આપશે. આનું નામ પ્રભુ પ્રત્યેની શરણ ભાવના.

**(૧૦) અહંકાર કૃત :** સ્વભાવને વશ થઈને જીવે અહંકાર કર્યો હોય ત્યારે :- સ્વભાવથી, દુઃસંગથી કે અન્ય કોઈ કારણે જીવથી અહંકાર થઈ જાય ત્યારે અથવા અહંકાર વશ બની જીવથી અધર્મનાં કાર્યો થઈ જાય ત્યારે સ્વામી-સેવક ભાવ વિચારી અહમ્‌નો ત્યાગ કરીને પ્રભુનું શરણ યાચવું.

અહંકારથી જીવમાં આસુરાવેશ આવે છે. આસુરાવેશ આવતાં તેનાથી આસુરી કામ થઈ જાય છે. તે સમયે અહંકારને દૂર કરવા માટે સ્વામી-સેવક ભાવ વિચારવો. એવું વિચારવું કે હું કોણ ? હું કોઈ અભિમાન લેવા જેવો જીવ નથી. હું તો માત્ર પ્રભુનો સેવક છું. અને સેવકને વળી શાનું અભિમાન ! આવો ભાવ અનુભવવો એનું નામ શરણભાવના.

**(૧૧) પોષ્ય પોષણ રક્ષણે :-** પોષણ કરવા યોગ્ય નિજ સ્ત્રી-બાળકોનું પોષણ કે રક્ષણ કરવાના પ્રસંગે : જીવે પોતાના પોષ્ય વર્ગનું (સ્ત્રી-બાળકોનું) પોષણ પોતે સારી રીતે કરી શકે તે માટે પ્રભુના શરણની ભાવના કરવી. પરંતુ એવો ભાવ કદી ન લાવવો કે તે બધાંનું પોષણ હું કરું છું. હકીકતમાં, જીવને પોતાનાં સ્ત્રી-બાળકોનું પોષણ કરવામાં શ્રીભગવાન જ સહાયભૂત થાય છે.

પ્રભુએ મને કુટુંબ આપ્યું છે, હું તે કુટુંબનો વડીલ છું. તેથી કુટુંબના સભ્યોનું પોષણ કરવાની જવાબદારી મારી છે. મારી એ જવાબદારી હું સારી રીતે અદા કરી શકું તેટલા માટે મારે પ્રભુની શરણભાવના કરવી જોઈએ. તેમ કરતાં મારી એ જવાબદારી નિભાવવામાં પ્રભુ મને સહાયભૂત થશે. કારણ કે મેં તો તેનું શરણ સ્વીકાર્યું છે. તેથી તે બધાંનું પોષણ કરવાની જવાબદારી પ્રભુ સંભાળી લેશે. આ રીતની શરણભાવના કરવી.

**(૧૨) પોષ્યાતિક્રમણે :-** પોષણ કરવા યોગ્ય સ્ત્રી-પુત્રાદિક કે

પોતાના કરેલ અપમાન (અતિક્રમણ) ના પ્રસંગે :- જ્યારે કુટુંબીજનોને એવું લાગે કે તેમનું પોષણ કરવામાં કે તેમનું રક્ષણ કરવામાં આપણે આપણી જવાબદારી સારી રીતે અદા કરતા નથી, ત્યારે તેઓ આપણું અપમાન કરી બેસે છે. તેવે સમયે તેમણે કરેલ અપમાનથી વ્યથિત ન થતાં, પ્રભુનું શરણ સ્વીકારવું.

**(૧૩) અન્તેવાસ્યતિક્રમે :** અંતેવાસી એટલે વિદ્યાર્થીકિ શિષ્ય. તેથી અંતેવાસીઓએ કરેલ તિરસ્કારના પ્રસંગે :- જો કોઈક વાર આપણો શિષ્ય અથવા સેવક આપણો તિરસ્કાર કરે તો તેના ઉપર ક્રોધ ન કરવો. ક્રોધ એ જીવમાં પ્રવેશેલ આસુરભાવનું પરિણામ છે. આથી પોતાનામાં આસુરભાવ ન પ્રવેશે એટલા માટે જીવે સર્વથા શ્રીહરિનું શરણ લેવું. આપણે એવું વિચારવું કે તેણે કરેલ અપરાધ (આપણું અપમાન) માટે પ્રભુને જે યોગ્ય લાગશે તે પ્રભુ કરશે.

**(૧૪) અલૌકિક મનઃ સિદ્ધૌ :** અલૌકિક એવાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને (અંતઃકરણને)સિદ્ધ કરવા માટે :-

મન, બુદ્ધિ, ચિત્ત આદિ પ્રાકૃતિક છે; તેમને અધ્યાસ વડે (ખોટી મોટાઈ આપીને) અપ્રાકૃતિક ન બનાવી શકાય. અધ્યાસ (ભ્રમ) ને કારણે તો તે લૌકિક બન્યો છે. તેથી તે બધામાંથી પ્રાકૃત અંશ કાઢી નાખીને જો તેમને અલૌકિક બનાવવાં હોય તો અને જો તેમના દ્વારા અલૌકિક ભાવો સિદ્ધ કરવા હોય તો, શ્રીહરિના શરણની ભાવના કરવી.

અહીં કેવળ મન શબ્દ વાપર્યો છે. પરંતુ તેનાથી દેહ, આદિનો બોધ પણ થાય છે. આપણે તે સૌને અલૌકિક બનાવવા ઈચ્છીએ છીએ. પરંતુ દેહ અને ઈન્દ્રિયો તો પોતપોતાના વિષયોમાં સદા આસકત રહે છે. અને વિષયાસકત દેહમાં શ્રીહરિનો આવેશ રહેતો નથી. વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ એટલા માટે તન અને મન ને અલૌકિક બનાવવા માટે એટલે કે તેમના દ્વારા માનસી સેવા સુધી પહોંચવા માટે – સર્વથા શરણં હરિ.

**(૧૫) સર્વાર્થે :** સર્વ અર્થ સિદ્ધ કરવા માટે :- ઉપર આપણે ચૌદ

પરિસ્થિતિઓ ગણાવી. તેમાંથી પ્રત્યેકને અર્થે જીવે શ્રીહરિની શરણ ભાવના કરવી. પરંતુ એ ચૌદ સિવાય બીજી કોઈ બાબતો નથી શું ? તો કહે છે કે : ઘણી છે. તેથી અંતે કહ્યું, ''સર્વાર્થે'' એટલે કે આ બધી અને બાકી રહી હોય તે બધી પરિસ્થિતિમાં જીવે શ્રીહરિની શરણભાવના કરવી.

ટૂંકમાં, જીવે આશ્રય કદી ન છોડવો. જીવનના અંત સુધી શ્રીહરિના આશ્રયને વળગી રહેવું. કંઈ પણ થાય. કોઈપણ પરિસ્થિતિ ઊભી થાય, કોઈ પણ ભાવ. લૌકિક કે અલૌકિક ભાવની પ્રાપ્તિ કરવી હોય તો તે બધા પ્રસંગે સર્વથા શરણં હરિઃ

એવા એ આશ્રયની સર્વોત્તમ કક્ષા એટલે અનન્યાશ્રય. એક માત્ર શ્રીહરિનો આશ્રય લેવો તેનું નામ અનન્યાશ્રય. આ વાત વધુ સ્પષ્ટ કરવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :-

**અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ ।**
**પ્રાર્થના કાર્ય માત્રેઽપિ તતોઽન્યત્ર વિવર્જયેત્ ।।**

**અર્થાત્ :** બીજા દેવનું ભજન ન કરવું. અને પોતાની મેળે અથવા બીજા કોઈની પ્રેરણાથી, બીજા દેવોની સેવા કરવા માટે તેમના મંદિરમાં પણ ન જવું. અને નાનાં કે મોટાં કાર્યોની સિદ્ધિ માટે પણ બીજા કોઈ દેવની પ્રાર્થના કરવાનું ત્યજી દેવું.

આ જ બાબતમાં ન્યાસાદેશમાં ''મદિત્તર ભજનાપ્રેક્ષણે'' - મારા સિવાય બીજાનું ભજન કરવાનું નથી - એ શ્લોકથી કરવામાં આવી છે.

**પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્** - પ્રભુની પ્રાર્થના કરવાથી શું વળે ? કશું નહીં. તેથી પ્રભુની પાસે કશું પણ મેળવવા માટે પ્રાર્થના ન કરવી; એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. તો પછી કોઈ વખતે આપણને કોઈ વસ્તુની જરૂર દેખાઈ. તે મેળવવા માટે શું કરવું ? પ્રભુની પાસે તો તે ન માગી શકાય; તો પછી તે મેળવવા માટે બીજા કોઈ દેવની પ્રાર્થના કરવી કે કેમ ? તેના જવાબમાં કહ્યું કે ''અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવચ ।'' આ નિષેધ આજ્ઞાનો અર્થ એ છે કે બીજા દેવનું ભજન ન કરવું અને સામે ચાલીને તેમના મંદિરે પણ ન જવું.

આપણને કદાચ એમ થાય કે આ નિષેધ આજ્ઞા દ્વારા આપણને કોઈ બીજા દેવનું ભજન ન કરવાનું અને તેમના મંદિરમાં ન જવાનું કહ્યું છે પરંતુ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે તેમની, ઘેર બેઠા પ્રાર્થના કરવાની મનાઈ, કયાં કરી છે ? તેના જવાબમાં બીજી એક નિષેધ આજ્ઞા કરવામાં આવી છે. અને તે એ કે **પ્રાર્થનાઃ કાર્યમાત્રેઽપિ તથાઽન્યત્ર વિવર્જયેત ।** એટલે કે બીજા દેવની કોઈપણ પ્રકારે પ્રાર્થના કરવાનું છોડી દેવું. જીવ પ્રભુ શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈપણ દેવ-દેવી કે અન્યનું (યક્ષ, કિન્નર, ભૂતપ્રેત આદિનું) ભજન કયારેય ન કરવું.

આમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે આપણે અન્ય દેવનું ભજન અને તેમની પ્રાર્થનાનો સદંતર ત્યાગ કરવાનો છે. તેનો અર્થ એ ન સમજવો કે આપણે ભગવાન કૃષ્ણ સિવાય અન્ય દેવદેવીઓનો તિરસ્કાર કરવો. તેમનો તિરસ્કાર કરવાનું નથી કહ્યું. સાચો વૈષ્ણવ સ્વભાવતઃ (વૈષ્ણવત્વ હિ સહજં) કોઈનો પણ તિરસ્કાર ન કરે. પછી ભલેને તે બીજો કોઈ દુષ્ટ હોય. અન્ય દેવો ભગવાન કૃષ્ણ તો નથી જ : પરંતુ તેઓ ભગવાન કૃષ્ણની વિભૂતિ તો છે જ. તેથી તેમનું ભજન ન કરશો; તેમની પ્રાર્થના ન કરશો. પરંતુ તેમનો તિરસ્કાર પણ ન કરશો. એવું સમજો કે તેમનો તિરસ્કાર કરવા માટે પણ આપણે તેમને શા માટે યાદ કરવા ? આપણે માથે તો આપણો સર્વ સમર્થ પ્રભુ બિરાજે છે, તેમને હંમેશા યાદ કરો. આપણે તે પ્રભુ શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈનું ભજન નથી કરવાનું. બીજા કોઈ પાસે પ્રાર્થનાપૂર્વક કશું માગવાનું નથી. આ બધી બાબતમાં આપણે તો એક માત્ર શ્રીહરિનું શરણ સ્વીકારવાનું છે. શ્રીહરિનું શરણ સ્વીકારવું એટલે શ્રીહરિની શકિતમાં વિશ્વાસ વ્યકત કરવાનો છે. પોતાના ઈષ્ટદેવમાં વિશ્વાસ વ્યકત કરવાનો અર્થ અન્ય દેવદેવીઓની શકિતમાં અવિશ્વાસ કરવો એવો થતો નથી. આપણે તો આવું વિચારવાનું છે - ‘‘મારે તો કેવળ મારા સ્વામીનું શરણ છે. મારો સ્વામી સર્વ શકિતમાન છે. તે મારું સર્વ કાંઈ કરવા સમર્થ છે. તો પછી બીજા કોઈપણ દેવ, દેવી કે અન્યનું ભજન કરવું કે તેની પ્રાર્થના કરવી કે તેમની આરાધના કરવાની મારે શી જરૂર છે ? હું જો એ પ્રમાણે કરું તો મને મારા સ્વામીની શકિતમાં અવિશ્વાસ છે એવું ગણાય.’’

આવું વિચારીને અન્ય દેવદેવીઓનું ભજન-પ્રાર્થના અને તેમના મંદિર તરફ ગમન આદિ વસ્તુનો સર્વથા ત્યાગ કરવો.

અવિશ્વાસ અને વિશ્વાસના સ્વરૂપોને સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીએ બ્રહ્માસ્ત્ર અને ચાતકનાં દૃષ્ટાંતો આપ્યાં છે -

**અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।**
**બ્રહ્માસ્ત્ર ચાતકો ભાવ્યૌ, પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥**

**અર્થાત્ :** ભકિતમાર્ગ (શરણમાર્ગ) માં અવિશ્વાસ કદી ન કરવો; કારણ કે અવિશ્વાસ બધા બાધકોમાં સહુથી મોટો બાધક છે; અને તેમાં વિશ્વાસ જરૂર કરવો; તે સર્વ કાર્ય સિદ્ધ કરનારો (સાધક) છે.

પરંતુ વિશ્વાસ અને અવિશ્વાસના સાધકપણામાં અને બાધકપણામાં બ્રહ્માસ્ત્ર અને ચાતકનું અનુસંધાન રાખવું.

ભકિતમાર્ગમાં આવેલા જીવે, શ્રીહરિમાં અને નિજ ગુરુદેવમાં કદાપિ અવિશ્વાસ ન કરવો. અવિશ્વાસ એ ભકિતમાર્ગમાં સૌથી મોટી બાધારૂપ છે. તે શરણાગતિના ભાવને રૂંધે છે; તેને અવરોધે છે. તેથી અવિશ્વાસ ન કરવો. તેથી ઊલટું વિશ્વાસ સર્વ કાર્ય સિદ્ધ કરનારો હોવાથી, તે જરૂર કરવો.

અવિશ્વાસ અને વિશ્વાસ કેવો હોવો જોઈએ તે સમજવા માટે, સ્વયં શ્રીમહાપ્રભુજીએ આપેલાં, બ્રહ્માસ્ત્ર અને ચાતકનાં દૃષ્ટાંતો સમજી લેવાની જરૂર છે.

બ્રહ્મપાશ (બ્રહ્માસ્ત્ર)ની શકિતમાં અવિશ્વાસ લાવીને રાવણે બ્રહ્માસ્ત્રથી બંધાયેલા હનુમાનજીને લોઢાની મજબૂત સાંકળો વડે બાંધ્યા. આથી શ્રીરામ દૂત હનુમાને, બ્રહ્માસ્ત્રની મર્યાદા લોપી. અને લોખંડી સાંકળો અને બ્રહ્માસ્ત્ર વગેરે બધા બંધનો તોડી નાખીને, પોતાને બંધન મુકત કરી દીધા. રાવણે બ્રહ્માસ્ત્રમાં રાખેલા અવિશ્વાસનું એ પરિણામ.

સ્વાતિ નક્ષત્રમાં જે મેઘબિંદુઓ પડશે, તે જ જળનું હું પાન કરીશ. બીજું કોઈ પણ જળ હું નહીં પીઉં. મારે માટે સ્વાતિ નક્ષત્રમાં જરૂર મેઘવર્ષા

થશે એવો દૃઢ વિશ્વાસ રાખનાર ચાતક પક્ષી માટે સ્વાતિ નક્ષત્રમાં વર્ષા થાય જ છે એ છે તેના દૃઢ વિશ્વાસનું પરિણામ.

હવે માત્ર એક શંકાનું સમાધાન કરવાનું બાકી રહે છે. અને તે એ કે "જો સર્વ બાબતમાં શરણ શ્રીહરિનું હોય તો, શું જીવે લૌકિક વૈદિક કાર્યો કરવાનું છોડી દેવું ? તેના જવાબમાં આપશ્રી આજ્ઞા કરે છે -

**યથાકથંચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।**
**કિં વા પ્રોકતેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્ ।।**

**અર્થાત્ :** આ માર્ગ (શરણ-આશ્રય) માં લોકોને અપ્રામાણ્યની શંકા ન આવે એટલા માટે જીવે આવશ્યક લૌકિક અને વૈદિક કાર્યો કરતા રહેવું. ભકિતમાર્ગ પ્રમાણભુત હોવા બાબતની કોઈને શંકા ન આવે એટલા માટે જીવે લૌકિક વૈદિક કાર્યો કરવાં. પરંતુ એવા કાર્યો મારે સ્વધર્મ રૂપે કરવાનાં છે એવું કદી ન માનવું.

આવી આજ્ઞા તો 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા' ગ્રંથમાં પણ, બીજા શબ્દોમાં, કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે "લૌકિકત્વં વૈદિકત્વં કાપટયાત્તેષુ નાન્યથા" - એટલે કે ભગવદીયોએ લૌકિક વૈદિક કાર્યો લોકાસંગ્રહાર્થ કરવાં; સ્વધર્મ સમજીને કરવાનાં નથી. અલબત્ત એવાં કર્મો આપણે લોકસંગ્રહ માટે પણ ન કરીએ તો તેમ કરવાથી આપણને દોષ લાગતો નથી. છતાં માર્ગ પરત્વે કોઈ આંગળી ન ચીંધે અથવા આપણો માર્ગ વેદ આધારિત (પ્રમાણભુત) હોવાની શંકા ન કરે, એટલા માટે આપણે (કાપટયાત્તેષુ) એવાં કાર્યો કરવાં આટલું કહીને આપશ્રી કહે છે - કિં ચ પ્રોકતેન બહુના એટલે કે ઘણું કહેવા વડે કરીને શું (સિધ્ધ કરવાનું ) છે ? મતલબ કે બહુ વધારે કહેવાથી કશો લાભ નથી. માત્ર આટલું જ સમજો કે જીવે સર્વથા શરણં હરિઃ

આ બધી બાબતો, સઘળા ધર્મો (સર્વ ધર્માન) નું નિરૂપણ કરતી વખતે, ન્યાસાદેશમાં બતાવવામાં આવી છે.

આ સ્થળે શ્રીવ્રજરાજજી મહારાજનો મત થોડોક જુદો છે. આપશ્રી 'ઉચ્ચાવચાનિ' નો અર્થ લૌકિક વૈદિક એવો નથી કરતા. આપશ્રીના મત પ્રમાણે

ઉચ્ચે એટલે સેવા વિષયક અલૌકિક કાર્યો અને અવચ એટલે દેહ ઈન્દ્રિયો દ્વારા થતાં બધા લૌકિક કાર્યો. એવું સમજાવીને આપશ્રી કહે છે કે ''જીવે સેવા વિષયક અલૌકિક અને સાંસારિક લૌકિક કાર્યો કરતા રહેવાનું છે. પરંતુ કરજ કરીને અથવા સંભ્રમથી એ બધા કાર્યો કરવાં નથી. હવે વધુ કશું કહેવાનું નથી, તેથી છેલ્લા શ્લોકમાં ઉપસંહાર કરવામાં આવ્યો છે -

**એવમાશ્રયણં પ્રોકતં સર્વેષાં સર્વદા હિતમ્ ।**
**કલૌ ભકત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ।।**

**અર્થાત :** આ રીતે મેં આશ્રયનું સ્વરૂપ - અંગ સહિત (સર્વાંશે) સ્પષ્ટ રીતે કહ્યું; આશ્રયનું એ સ્વરૂપ બધા વર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર તેમજ બધા આશ્રમ એટલે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થઅને સન્યાસના જીવોને માટે બધી રીતે હિતકારક છે. તે સમજવાથી તેમનો ભકિતભાવ દઢ થશે; નહિતર આ તો કલિકાલ છે. કલિયુગમાં ભક્તિ આદિ બધા માર્ગો બહુ કષ્ટથી સિદ્ધ થાય તેવા છે. આથી ભક્તિ માર્ગને પોષણ આપતાં આ ત્રણ તત્ત્વો (અંગો) - વિવેક, ધૈર્ય અને આશ્રય - સમજવાં જરૂરી છે એવી અમારી બુદ્ધિ છે.

**–જય શ્રીકૃષ્ણ**

# ૯. શ્રીકૃષ્ણાશ્રય

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલ-ધર્મિણિ ।।
પાષંડ-પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૧।।
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈક-નિલયેષુ ચ ।।
સત્પીડા-વ્યગ્ર-લોકેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૨।।
ગંગાદિ-તીર્થ-વર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।।
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૩।।
અહંકાર-વિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।।
લાભ-પૂજાર્થ-યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૪।।
અપરિજ્ઞાન-નષ્ટેષુ મન્ત્રેષ્વવ્રત-યોગિષુ ।।
તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૫।।
નાના-વાદ-વિનષ્ટેષુ સર્વ-કર્મ-વ્રતાદિષુ ।।
પાષંડૈક-પ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્ મમ।।૬।।
અજામિલાદિ-દોષાણાં નાશકો-ऽનુભવે સ્થિતઃ ।।
જ્ઞાપિતાખિલ-માહાત્મ્યઃ કૃષ્ણએવ ગતિર્ મમ।।૭।।
પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનન્દકં બૃહત્ ।।
પૂર્ણાનન્દો હરિસ્ તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૮।।
વિવેક-ધૈર્ય-ભક્ત્યાદિ-રહિતસ્ય વિશેષતઃ ।।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્ મમ ।।૯।।
સર્વ-સામર્થ્ય-સહિતઃ સર્વત્રૈવાખિલાર્થ-કૃત્ ।।
શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।।૧૦।।
'કૃષ્ણાશ્રયમ્' ઈદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણ-સન્નિધૌ ।।
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભો-ऽબ્રવીત્ ।।૧૧।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં કૃષ્ણાશ્રયસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।

***

'કૃષ્ણાશ્રય' નો ભાવ સમજાવતાં પુ. શ્રીહરિકૃષ્ણ શાસ્ત્રીજી કહે છે કે **'કૃષ્ણ'** એટલે સદાનંદ અને **'આશ્રય'** એટલે આધાર. તેથી, સદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ જ જીવ માત્રનો આધાર છે, એવું દઢતાથી માનીને, સર્વના આધારરૂપ શ્રીકૃષ્ણની જ પ્રાપ્તિ કરવા માટે, આ સ્તોત્રનો પાઠ કરવો, એવું સમજાવનારું સ્તોત્ર તે કૃષ્ણાશ્રય.

આ કલિકાલમાં સાધક, સાધન અને સાધ્ય એ ત્રણેનો વિચાર કરતાં એક જ હકીકત ફલિત થાય છે અને તે એ કે ''આ કલિકાલમાં જીવ માટે એક માત્ર કૃષ્ણનો આશ્રય જ હિતાવહ છે. આ હકીકતનો ઉપદેશ આપવા માટે દૈવોદ્ધાર પ્રયત્નાત્મા એવું જેમનું નામ છે. એવા શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ પ્રકટ કર્યો છે. તેમના એ ઉપદેશને આ રીતે સમજી શકાય :-

(૧) સાધકને ઉપદેશ આપતાં આપશ્રી કહે છે, ''હે જીવ ! તું પરબ્રહ્મ શ્રીકૃષ્ણનો અંશ છે. તેથી તારા એકમાત્ર આશ્રય (આધાર) રૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે તું તેનું જ શરણ સ્વીકાર.''

(૨) સાધન અંગેનો ઉપદેશ આપતાં આપશ્રી કહે છે, ''કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યોગ આદિ બધા માર્ગોને યથોચિત સાધવાનું, આ કલિકાલમાં, પૂર્ણતઃ અશક્ય થઈ પડયું છે. એ બધા માર્ગો કૃષ્ણપ્રાપ્તિ માટેનાં સાધનરૂપ બની શકે તેમ નથી એ તું નિશ્ચયપૂર્વક સમજી લે.''

(૩) સાધ્ય અંગેનો ઉપદેશ આપતાં આપશ્રી કહે છે, ''જીવ, મંદમતિ, મંદભાગ્ય, અલ્પાયુ અને સાધનહીન હોવાથી, તે પોતાના પ્રયત્નોથી શું શાધવાનો છે ? તેથી હે જીવ ! સાધ્યની પ્રાપ્તિ કરાવી આપવાનું સર્વ કાર્ય તું કૃષ્ણ-કૃપા ઉપર જ છોડી દે.''

હે જીવ ! તારું સાધ્ય શું છે ? શ્રુતિ કથે છે - રસં હવેવાયં લબ્ધવાનંદી ભવતિ - એટલે કે રસસ્વરૂપ પ્રભુનો લાભ (પ્રાપ્ત) કરીને જ આનંદી થવાય છે. તું નિશ્ચયપૂર્વક એવું સમજી લે કે **રસો વૈ સઃ** એટલે કે તે પ્રભુજ (કૃષ્ણ જ) રસરૂપ છે. તેથી તે રસાત્મક સ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એ જ તારું સાધ્ય છે. એવા એ રસરૂપ પ્રભુની પ્રાપ્તિ શાથી થાય ? આ પ્રશ્નનું સમાધાન આ ગ્રંથ

કરાવે છે; અને કહે છે કે 'તેની પ્રાપ્તિ કૃષ્ણનો આશ્રય ગ્રહણ કરવાથી જ થાય; અન્ય કોઈ રીતે નહીં.'' ''પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ્ '' વાત સાચી છે ભાઈ, તદ્દન સાચી છે. જીવને જો કૃષ્ણનો આશ્રય મળે તો તેને માટે શું અલભ્ય છે ?

પરંતુ એ આશ્રય મળે કેવી રીતે ? ''કૃષ્ણાશ્રય'' એ શું સાધન સાધ્ય એટલે કે સાધન દ્વારા સાધી શકાય તેવી વસ્તુ છે ? ના, કૃષ્ણાશ્રય સાધન-સાધ્ય નથી. પરંતુ પ્રભુ પોતે પ્રસન્ન થઈને, જીવને, પોતાના આશ્રયનું દાન કરે ત્યારે જ તે લભ્ય છે. આ તો પુષ્ટિમાર્ગનો એક અટલ સિદ્ધાંત છે. એટલા માટે 'કૃષ્ણાશ્રય' સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણના આશ્રયને સિદ્ધ કરવા માટેનાં સાધનોનો ઉપદેશ નથી આપ્યો. પરંતુ જીવને તે આશ્રય મળી રહે તેટલા માટે, જીવના વિષે પોતે કૃષ્ણને પ્રાર્થના જ કરી છે.

'કૃષ્ણાશ્રય' માં કૃષ્ણ શબ્દ છે. એ શબ્દોનો ભાવ સમજાવતાં કહેવામાં આવ્યું છે કે-

**કૃષિર્ભૂવાચકઃ શબ્દોણશ્ચ નિવૃત્તિ વાચકઃ ।**
**તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે ।।**

**અર્થાત્** : 'કૃષ' એ ભૂવાચક (ભૂ એટલે સત્ = સત્તા) શબ્દ છે. અને 'ણ' એ આનંદવાચક શબ્દ છે. 'સત્' અને 'આનંદ' એ બે શબ્દો જોડવાથી 'સદાનંદ' બને છે. એ સદાનંદ પરબ્રહ્મનો વાચક છે. તે એવી રીતે કે ''કૃષ્ણ શબ્દનો પૂર્વ ભાગ 'કૃષ્' એ 'સત્' નો વાચક છે. અને એનો ઉત્તર ભાગ 'ણ' એ આનંદનો વાચક છે. અને પ્રત્યાહાર ન્યાયે 'ચિત્' એટલે ચૈતન્યનો વાચક ભાગ તેનો મધ્યપાતિ છે. તેથી કૃષ્ણનો અર્થ 'સત્ + ચિત્ + આનંદ' એટલે કે 'સચ્ચિદાનંદ' થાય.

એવા જ સચ્ચિદાનંદ સ્વરૂપ, સદાનંદ શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવો, અને એક માત્ર તેમને જ તમારા લૌકિક અને પારલૌકિકના નિર્વાહક (નિર્વાહ કરનાર) માનવા એનું નામ કૃષ્ણાશ્રય.

કૃષ્ણનો આશ્રય રાખ્યા સિવાય આ કલિકાલમાં જીવ, પોતાના ઉદ્ધાર

અન્ય રીતે કરી શકે તેમ નથી. પ્રશ્ન એ છે કે કૃષ્ણનો જ આશ્રય શા માટે? બીજા ઘણા દેવો છે, શિવ, વિરંચી, ઈન્દ્ર આદિ દેવોનો આશ્રય રાખવાથી શું જીવનો ઉદ્ધાર ન થાય ? તેનો પ્રત્યુત્તર આપતા શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે, **''પ્રાકૃતાઃ સકલા દેવાઃ''** અર્થાત્ એ બધા દેવો પ્રાકૃત્ (પ્રકૃતિને આધીન) છે. જો તેઓ પ્રકૃતિ એટલે માયાને આધીન હોય તો, તેઓ તેમનો આશ્રય કરનારને માયામાંથી કેવી રીતે મુક્ત કરાવી શકે ? એટલા માટે તો ભગવાન કૃષ્ણે, પોતે ગાયેલ અદ્‌ભૂત ગીત (ગીતાજી) માં મધુર ગુંજન કરતા ગાયું છે કે ''મામેવ મે પ્રપદ્યન્તે, માયા મે તાં તરન્તિ તે'' અર્થાત્ મારે જ શરણે આવનાર જીવ મારી (દુરત્ય) માયાને તરીને (સહેલાઈથી) પાર ઊતરી શકે છે. અને બીજી એવીજ મધુર આજ્ઞા કરી છે, **''મામેકં શરણં વ્રજ''** અર્થાત્ મને એકલાને જ શરણે આવ. કૃષ્ણની એ આજ્ઞાઓનું પાલન કરો અને તેને જ પામો.

આ રીતે કૃષ્ણના આશ્રયમાં અનન્યતા એ જ મહત્વની વસ્તુ છે. પુષ્ટિમાર્ગમાં કૃષ્ણ કૃપા સિવાય સઘળા વૃથા છે. યમેવૈષ આદિ શ્રુતિઓ પણ આપણને એવો જ ઉપદેશ આપે છે. તેથી કૃષ્ણનો આશ્રય ગ્રહણ કરવો. આશ્રય તો કૃષ્ણનો જ, બીજા કોઈનો નહીં. ગતિ તો ઘનશ્યામની જ, બીજા કોઈની નહીં. કૃષ્ણાશ્રય ગ્રંથનો આવો ગૂઢ ભાવ છે.

શ્રીમદાચાર્યચરણે, વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં, આશ્રયનું અલગ નિરૂપણ કરીને શ્રીકૃષ્ણનો જ આશ્રય ગ્રહણ કરવાની આજ્ઞા કરી છે. ''ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ'' એટલે કે આ લોક કે પરલોક સંબંધી કોઈપણ બાબતમાં, હંમેશા, શ્રીહરિ જ મારો આશ્રય, મારો આધાર અને મારુ શરણ છે એવી દઢ ભાવના રાખવી તેનું નામ કૃષ્ણાશ્રય.

અને એ કૃષ્ણાશ્રયનું મૂર્ત સ્વરૂપ એટલે અષ્ટાક્ષર - **શ્રીકૃષ્ણઃ શરણં મમ.** અને અષ્ટાક્ષરનો અર્થ આવો થાય છે - **મમ નિઃસાધનસ્ય શરણં આશ્રયઃ શક્યાશક્ય સંપાદકઃ શ્રીકૃષ્ણ.** એટલે કે નિઃસાધન એવા મારા જેવા જીવનું એકમાત્ર શરણ, એક માત્ર આધાર શ્રીકૃષ્ણ છે. તે જ મારું શક્ય, અશક્ય બધી બાબતોનું સંપાદન કરાવી આપે છે. આ ભાવ, આવો વિશ્વાસ,

તમારો આવો દૃઢ નિર્ધાર વ્યક્ત કરવા માટે **"સદા રટો શ્રીકૃષ્ણઃ શરણં મમ - વલ્લભવરની આજ્ઞા એ કહેવાય જો."**

શ્રીવલ્લભે લાહોરમાં વસતા બુલામિશ્ર પંડિત નામના પોતાના સેવકને માટે 'કૃષ્ણાશ્રય'ની રચના કરી છે એવું માનવામાં આવે છે. બુલામિશ્ર શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા. આચાર્યશ્રીએ તેમને નામ સંભળાવી, નિવેદન કરાવ્યું. શ્રીઠાકુરજીની સન્મુખ પાઠ કરાવ્યો. તે પાઠ કરવાથી, પંડિતજીને શ્રીઠાકુરજીની બધી લીલાઓનો સાનુભવ થવા લાગ્યો; એટલું જ નહીં, કૃષ્ણાશ્રયનો નિત્ય પાઠ કરવાના ફલરૂપે તેમને માનસી સેવા સિદ્ધ થઈ. આવું છે કૃષ્ણના સાન્નિધૌ એટલે કે કૃષ્ણના સાન્નિધ્યમાં કૃષ્ણાશ્રયનો પાઠ કરવાનું ફલ.

પુષ્ટિમાર્ગનું પરમ સત્ય એક જ છે. અને તે છે કૃષ્ણ એવ ગતિર્મમ । જીવ વાંછે છે કૃષ્ણની ગતિ. એ જ એનું ધ્યેય છે, શ્રેય છે અને પ્રેય પણ એ જ છે. એજ એનું સાધન છે અને સાધ્ય પણ એ જ છે. એમાં જ એની ગતિ છે અને એની મતિ પણ એમાં જ હોવી ઘટે. શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવો ઉપર કૃપા કરીને આ ગ્રંથની રચના કરી છે. તેમના સમયે (વિક્રમની સોળમી સદીમાં) કલિકાલના પ્રભાવથી, સાધન ષટક - દેશ, કાળ, દ્રવ્ય, કર્તૃ, કર્મ અને મંત્ર આ છ સાધનોનો સમુહ - અશુદ્ધ બની ગયો હતો. તેમનામાં પ્રભુ પ્રાપ્તિ માટેનું અસાધકપણું આવી ગયું હતું. તેવા સમયે નિઃસાધન બનીને મુંઝાયેલા જીવે શું કરવું તે આપશ્રીએ કૃષ્ણાશ્રયમાં બતાવ્યું છે.

આપણો હિંદુ ધર્મ સનાતન ધર્મ છે. ભારતમાં અનેક ઋષિ-મુનિઓ, મહાત્માઓ, તપસ્વીઓ અને માર્ગ પ્રવર્તકો ઉત્પન્ન થયા છે. તેમણે ભગવદ્ પ્રાપ્તિ માટેનો વિચાર કર્યો અને પોતાને જે માર્ગ સરળ અને સચોટ લાગ્યો. તે માર્ગ, તેમણે કૃપા કરીને પોતાના અનુયાયીઓને બતાવ્યો. સર્વજ્ઞ અને આર્ષદષ્ટા એવા એ ઋષિમુનિઓએ હજારો વર્ષ સુધી તપ કરીને અમોઘ મંત્રો મેળવ્યા અને મુમુક્ષોઓને તે મંત્રો આપ્યા, જેથી તેઓ તે મંત્રોને પવિત્ર વાતાવરણમાં ઉચ્ચાર કરીને, સ્વયં પરમાત્માને પામી શકે. એ બધા મંત્રોમાં અમોઘ શક્તિ હતી. તેમણે બતાવેલ માર્ગ સચોટ હતા. કોટાન કોટી જીવો

તેમણે બતાવેલ માર્ગે ચાલીને તેમણે આપેલ મંત્રોનું રટણ કરીને, પરમપદને પામ્યા છે.

પરંતુ તે બધુ બન્યું, સત્યયુગ, ત્રેતા અને દ્વાપર યુગમાં. દ્વાપરના અંતે ભગવાન શ્રીકૃષ્ણના સ્વધામ ગમન પછી. કલિયુગનો પ્રારંભ થયો. રાજા પરીક્ષિતે કલિયુગને શિક્ષા તો કરી પરંતુ ઉદારચરિત એ રાજા, કલિયુગના પ્રભાવને ફેલાતાં અટકાવી ન શકયા. કલિયુગનો પ્રભાવ અસાધારણ છે. તેથી સ્વયં તેઓ કલિયુગની અસર નીચે આવી ગયા. શમિક ઋષિના ગળામાં મરેલો સાપ પહેરાવીને તેમણે ઋષિપુત્રના શાપને પોતાના ગળામાં પહેરી લીધો. પરંતુ હજુ સુધી કલિયુગનો પ્રભાવ એટલો બધો વ્યાપક બન્યો ન હતો. તેથી વકતાઓમાં ઉત્તમ એવા બ્રહ્મજ્ઞાની શુકદેવજી મહારાજે, સાત દિવસ સુધી, શ્રીમદ્ ભાગવતની કથા કહી સંભળાવીને, તેમને પરમ પદની પ્રાપ્તિ કરાવી આપી. અને પરીક્ષિત કૃષ્ણની ગતિને પામ્યા.

પરંતુ સમય જતાં, કલિકાલનો પ્રભાવ વધુ તીવ્ર બનવા લાગ્યો. શ્રીમદાચાર્યચરણના ભૂતલવાસ દરમ્યાન, તેનો પ્રભાવ મધ્યાકાશે પહોંચી ચૂકયો હતો. દેશ, કાળ, દ્રવ્ય, કર્તૃ, કર્મ અને મંત્ર આદિ બધા ઉપર તેનો પ્રભાવ સાદ્યંત ફેલાઈ ગયો હતો. એટલા માટે તો, કૃષ્ણાશ્રયના પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી, કલિકાલના ભીષણ પ્રભાવનું વર્ણન કરે છે.

શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ ઐતિહાસિક ગ્રંથ છે. વિક્રમની સોળમી સદીમાં એટલે કે શ્રીમહાપ્રભુના સમયમાં ભારતની દેશકાલની પરિસ્થિતિનો તાદશ્ય ચિતાર, એ ગ્રંથના વાચનથી મળી રહે છે. દેશ વિધર્મીઓથી આક્રાંત બની ચૂકયો હતો. પરિણામે, આનુસંગિક રીતે, જીવનનાં બધાં ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર વ્યાપી ચૂકયો હતો.

તે સમયે, સારાયે ભારતમાં વિધર્મીઓનું જોર વ્યાપી ગયું હતું. વિદેશી શાસકો દ્વારા, તીર્થો ભ્રષ્ટ થઈ ગયા હતાં. મંદિરોમાં રહેતા દેવતાઓ તિરોહિત થઈ ગયા હતા. વિધર્મીઓ દ્વારા મંદિરો અને મૂર્તિઓનો ધ્વંશ થતો હતો. મંદિરોને સ્થાને મસ્જિદો બનતી હતી. ગાયોની કતલ થતી હતી. તથા બ્રાહ્મણોની નિર્મમ હત્યા થતી હતી.

બીજી બાજુ, કલિયુગનાં પ્રભાવથી અને વિદેશી શાસકોના જુલ્મથી, ભારતના લોકોની આધ્યાત્મિક દુર્દશા થઈ હતી. શાસ્ત્રના જાણકાર લોકો અહંકારી બની ગયા હતા. દેશમાં ભિન્ન ભિન્ન માર્ગ પ્રવર્તતા હતા. શાસ્ત્રોના મારી મચડીને કરેલા અર્થો દ્વારા આચારભેદ અને મતભેદ સર્જાતા હતા. ચારેબાજુ પાખંડ ફેલાઈ ગયું હતું. ધર્માચાર્યો ધર્મના નામે પાખંડને પોષતા હતા. તેથી લોકોનો વિશ્વાસ, ધર્મ, માર્ગ, મંત્ર અને તીર્થો ઉપરથી ઉડી ગયો હતો.

એવે સમયે કયે માર્ગે ચાલીને, પ્રભુ પાસે પહોંચવું એ પ્રશ્ન ઉભો થયો હતો. પ્રભુની પાસે પહોંચવા માટે કયાં સાધનોનો ઉપયોગ કરવો – કર્મ, જ્ઞાન કે ભક્તિ અથવા જપ, તપ કે કીર્તન ?

આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે કલિયુગના પ્રબળ પ્રવાહ સામે જ્યારે આ બધાં સાધનો અને જીવના બધા પુરુષાર્થો નિઃસત્વ બની ગયાં હતાં, ત્યારે નિર્બળ એવો જીવ, સાધનહીન એવો જીવ શું કરે ? તેની પાસે કોઈ સાધન તો છે નહીં અને તેનામાં કોઈ પુરુષાર્થ કરવાની શકિત રહી નથી તે ઉપરાંત વિધર્મીઓ તેને પીડા કરી રહ્યા છે, આવે સમયે તેણે શું કરવું ?

શ્રીમહાપ્રભુજી જીવને રસ્તો બતાવે છે. તત્કાલિન પરિસ્થિતિ, સાધનનું અસાધકપણું અને પુરુષાર્થની નિષ્ફળતાને ધ્યાનમાં લેતાં, જીવ માટે એક માત્ર રસ્તો છે. કૃષ્ણ એવ ગતિર્મમ । એટલે કે સાધન હીન એવો હું, શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાવ. કેવળ આ એકજ રસ્તો છે.

પરંતુ શી રીતે ? કઈ શક્તિ કે સાધનના બળે જીવ કૃષ્ણની ગતિ માગે છે? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, ‘‘જીવ સાધન હીનતાને બળે કૃષ્ણની ગતિ માગે છે. તે પોતાની દીનતાના બળે શ્રીકૃષ્ણની ગતિ માગે છે. જીવ નિર્બળ છે, તે દીન છે; હીન છે; દોષપૂર્ણ છે; સાધનહીન છે. પરંતુ તે જેની ગતિ પ્રાર્થે છે તે કૃષ્ણ તો સમર્થ છે; નિર્દોષ છે; પરિપૂર્ણ છે. આમ, જીવ પોતાના બળ ઉપર નહીં, પરંતુ શ્રીકૃષ્ણના બળ ઉપર એવી ગતિ માગે છે, તે એવી ઉત્તમ ગતિ માગે છે જે ગતિ યોગીઓ, તપસ્વીઓ અને જ્ઞાનીઓને મળવી પણ દુર્લભ છે.

કૃષ્ણાશ્રય ગ્રંથમાં કુલ ૧૧ શ્લોકો છે. તેમાં પહેલાં દશ શ્લોકને જ વાસ્તવિક રીતે કૃષ્ણાશ્રય કહી શકાય. ગ્રંથનો છેલ્લો શ્લોક તો, એ ગ્રંથ(કૃષ્ણાશ્રય)નો પાઠ કૃષ્ણના સાન્નિધ્યમાં કરતાં કેવું ફળ મળે તે કહી બતાવે છે. તેથી તે કૃષ્ણાશ્રય ગ્રંથના આત્મા રૂપે છે.

કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો છે એમ સમજવું. પ્રશ્ન એ છે કે એ ગ્રંથમાં દશ જ શ્લોકો શા માટે છે ? તેમાં દશ શ્લોકો રાખવાના ચાર હેતુઓ હોવાનું કહ્યું છેઃ-

**(૧)** અત્યારે કલિકાળમાં, દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, કર્મ અને મંત્ર આ સાધન ષટક (છ સાધનોનો સમુહ)થી ધર્માદિ ચાર અલૌકિક પુરુષાર્થો સાધી શકાતા નથી. કલિના પ્રભાવથી, એ છ યે સાધનોનો પ્રભાવ નષ્ટ થઈ ગયો છે. એ કારણે ભક્તોના, દેશકાલ આદિ એ છ યે છ સાધન રૂપે, પ્રભુએ પોતે જ બનવું પડે છે. અને જીવના ચારેય પુરુષાર્થ રૂપ પણ કૃષ્ણે જ બનવું પડે છે. આમ જીવનો દેશકાલ આદિ છ યે સાધનરૂપ અને ધર્મ અર્થ આદિ ચારેય અલૌકિક પુરુષાર્થ રૂપ પ્રભુ જ છે, એવું આ ગ્રંથમાં કહ્યું છે.

પરિસ્થિતિ આ પ્રમાણે હોવાથી, ભગવદીયોએ દેશાદિ છ સાધનો સિદ્ધ કરવાની અને ધર્માદિ ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ કરવાની મનોવૃત્તિ ન રાખવી. એવું સમજાવવા માટે છ અને ચાર મળી દશ શ્લોકોમાં તે બધાની બિન અસરકારકતા બતાવી છે. અને તે દશેદશ બિન અસરકારક હોવાથી, કૃષ્ણ એવ ગતિર્મમ શબ્દો દ્વારા, એ દશેનો સમાવેશ, કૃષ્ણની ગતિ પામવામાં થાય છે એવી આજ્ઞા કરવા માટે કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો છે.

**(૨)** ભગવદીયોએ કેવળ કૃષ્ણનો જ આશ્રય પામવાનો છે. તે કૃષ્ણનું સ્વરૂપ કેવું છે ? તો કહેવામાં આવ્યું છે કે કૃષ્ણ દશ વિધ લીલાઓનો કર્તા છે. એ દશજ લીલાઓ કઈ છે ? તો કે તે છે – સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય. જીવે દશ લીલા વિશિષ્ટ કૃષ્ણનો આશ્રય પામવાનો છે.  એવી આજ્ઞા કરવા માટે. કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો છે.

(૩) જીવો (ભગવદીઓ) પણ દશવિધ છે. પ્રકૃતિના ત્રણ ગુણોના પરસ્પર સાથેના મિશ્રણથી, નવ પ્રકાર થાય. યથા :- સાત્ત્વિક-સાત્ત્વિક, સાત્ત્વિક-રાજસ, સાત્ત્વિક-તામસ; રાજસ-રાજસ, રાજસ-તામસ, રાજસ-સાત્ત્વિક; તામસ-તામસ, તામસ-રાજસ અને તામસ-સાત્ત્વિક. આ રીતે નવ પ્રકાર (મિશ્ર પ્રકાર) અને દશમો નિર્ગુણ એમ કુલ દશ પ્રકારના ભગવદીયો હોય છે. એ દશે પ્રકારના જીવોના (ભગવદીયોના) સેવ્ય એકમાત્ર શ્રીકૃષ્ણ જ છે એવી આજ્ઞા કરવા માટે, કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો છે.

(૪) પ્રાણો પણ દશવિધ છે. યથા-પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કુકુલ, દેવદત્ત અને ધનંજય. આ દશવિધ પ્રાણો (પ્રાણ એટલે વાયુ) વડે જીવવું બધુ સાધી શકાય છે. એ રીતે કૃષ્ણ જ તમારું બધુ - ઐહિક અને પારલૌકિક બધુ-સાધી આપશે એવી આજ્ઞા કરવા માટે, કૃષ્ણાશ્રયમાં દશ શ્લોકો છે.

કૃષ્ણાશ્રય પામવા માટેનાં મુખ્ય છ સાધનોને આપણે સાધન ષટક નામથી ઓળખાવીશું. તેમાં સૌથી પહેલાં સાધન 'કાળ' છે. આમ તો એ છ યે છ સાધનો પુરુષાર્થ પ્રાપ્તિનાં સાધક મનાય છે; પરંતુ કલિકાલમાં તે બધાં અસાધક બની ગયાં છે. એ છ માં મુખ્ય કાલ હોવાથી, સૌથી પહેલા શ્લોકમાં કાલનું અસાધકપણું નિરૂપીત કરવામાં આવ્યું છે. આચાર્યશ્રી કૃષ્ણાશ્રયના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરે છે-

**સર્વ માર્ગેષુ નષ્ટેષુ કલૌચ ખલધર્મિણી ।**
**પાષંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ્ ।।**

**અર્થાત્ :** (૧) સર્વ માર્ગોનો નાશ થયો હોવાથી અને (૨) ખલ ધર્મવાળો કલિકાલ પ્રવર્તમાન હોવાથી અને (૩) બધા લોકો પાખંડી બની ગયા હોવાથી -

**કૃષ્ણ એવ ગતિર્મમ - કૃષ્ણ જ મારો આશ્રય છે.**

શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપરની તત્કાલિન પરિસ્થિતિનું વર્ણન કરે છે. (૧) કલિકાલ ખલધર્મી એટલે કે ખલતા (દુષ્ટતા) જેનો ધર્મ છે. એવો બની

ગયો છે. (૨) ભૂતલ ઉપરના બધા જીવો પાખંડી બની ગયા છે (કલિના પ્રભાવથી) અને (૩) પ્રભુને પ્રાપ્ત કરવાના, કર્મ, જ્ઞાન, જપ, તપ, વૈરાગ્ય આદિ બધા માર્ગો લગભગ મૃતઃ પ્રાય બની ગયા છે - એવા આ સમય (કલિયુગ) તરફ દૃષ્ટિ જતાં, જીવે એવું વિશ્વાસપૂર્વક સ્વીકારી લેવું પડશે કે 'એક માત્ર શ્રીકૃષ્ણજ આશ્રય કરવા યોગ્ય છે.'

જુઓ તો ખરા કલિયુગની કેવી બલિહારી છે !-

**(૧) કર્મમાર્ગ :-** અનાસક્ત ભાવે કરેલાં કર્મોના માર્ગનું સ્વરૂપ બદલાઈ ગયું છે. આ પહેલાં અનાસકત ભાવે કર્મો કરીને પ્રભુ પ્રાપ્તિ કરી શકાતી હતી. પરંતુ હવે એ માર્ગ, સંસાર જ જેનું ફળ છે. એવા પ્રવાહ માર્ગનું સાધન બની ગયો છે. હવે તો ધર્મ કરો અને પ્રભુને નહીં, સાંસારિક વાસનાઓને પ્રાપ્ત કરો. આજે તો કર્મ માર્ગ, કાંચન, કીર્તિ, કામિની અને કાયિક સુખોને પામવાના સાધન તરીકેનો માર્ગ બની ગયો છે.

**(૨) જ્ઞાન માર્ગ :-** પણ પ્રભુ પ્રાપ્તિ થઈ શકતી હતી. પરંતુ હવે માયાવાદનો આશરો લઈને જ્ઞાનને કલુષિત બનાવી દેવામાં આવ્યું છે. સર્વં ખલ્વિદં બ્રહ્મં ને બદલે 'જગત્ મિથ્યા' એવું જ્ઞાન આપવામાં આવે છે; અને એ રીતે, આ જગત્ બ્રહ્મનું ક્રીયાભાંડ (લીલાભૂમિ) હોવાની વાત ભુલાવી દેવામાં આવે છે. અને જગતને મિથ્યા કરાવીને તે દ્વારા ભક્તોનો આધાર છીનવી લેવામાં આવે છે. ભગવાનને માટે ભૂતલ ઉપર 'સંભવામિ' -પ્રકટ થવાની પ્રતિજ્ઞા પાળવાનું મુશ્કેલ બનાવી દેવામાં આવ્યું છે. (મિથ્યા છે જે એવા જગતમાં સત્ય છે જે એવા પ્રભુનો સંભવ-પ્રાકટ્ય કેવી રીતે થાય !) આ રીતે જ્ઞાનમાર્ગ માયાવાદનો પર્યાય બની ગયો છે.

**(૩) યોગમાર્ગ** દ્વારા તેમાં યમ, નિયમ આદિ આઠેય અંગો સિદ્ધ કરીને તેના વડે ચિત્તવૃત્તિને સ્થિર બનાવી, તેના દ્વારા પ્રભુના સ્વરૂપને ધ્યાનમાં લાવીને પ્રભુ પ્રાપ્તિ કરી શકાતી હતી. પરંતુ હવે નિરિશ્વરવાદનું પ્રચલન કરીને, યોગમાર્ગનું મહત્ત્વ નષ્ટ કરવામાં આવ્યું છે.

**(૪) ઉપાસનામાર્ગ** (વેદોક્ત ભક્તિમાર્ગ) માં પ્રભુની ઉપાસના કરીને

પ્રભુની પ્રાપ્તિ કરી શકાતી હતી. પરંતુ હવે તેમાં પ્રભુને સ્થાને પ્રભુની વિભૂતિઓની ઉપાસના કરવામાં આવે છે. પરિણામે તેના દ્વારા વિભૂતિઓની અને નહીં કે પ્રભુની પ્રાપ્તિ કરી શકાય છે. અને તે પણ જો ઉપાસના સંપૂર્ણ શાસ્ત્રોક્ત પદ્ધતિથી કરવામાં આવે તો જ. આ રીતે ફલપ્રાપ્તિની દૃષ્ટિએ ઉપાસના માર્ગ પણ નકામો બની ગયો છે.

આ રીતે કલિકાલના પ્રભાવથી, પ્રભુપ્રાપ્તિના આ બધા મુખ્ય માર્ગો વિકૃત અને બિનઅસરકારક બની ગયા હોવાથી જીવે કૃષ્ણની ગતિ માગવી. અર્થાત્ કૃષ્ણભક્તિનો માર્ગ અપનાવવો એવું આપ કહો છો; તો શું એ માર્ગ ઉપર કલિકાલનો માર્ગ અપનાવવો એવું આપ કહો છો; તો શું એ માર્ગ ઉપર કલિકાલનો પ્રભાવ નથી પડયો ? આવો પ્રશ્ન કરનાર એમ પણ કહે છે કે ભક્તિમાર્ગીય જીવોને પણ કલિકાલે બાધ કર્યો જ છે. જુઓને તેવા જીવો પણ ગૃહાદિમાં આસક્ત હોય છે. અને લૌકિકી ક્રિયાઓ કરે છે. તેથી તેઓને પણ દોષ લાગે જ છે. તો પછી અન્ય માર્ગોની અપેક્ષાએ ભક્તિમાર્ગમાં ઉદ્ધારકપણું અને ફલસાધકપણું રહ્યું છે. એવું કેવી રીતે કહેવાય ? અને જો એ માર્ગ પણ હવે લગભગ કર્મમાર્ગ જેવો જ બની ગયો હોય તો ભક્તિના આશ્રય રૂપ કૃષ્ણની ગતિને પ્રાપ્ત કરીને પ્રભુ પ્રાપ્તિ થઈ શકશે એવું શી રીતે કહેવાય ?

આ પ્રશ્નના સમાધાન અર્થે કહે છે કે, તમે કહો છો એવાં દુષણો અમને ભક્તિમાર્ગમાં દેખાતાં નથી. ભગવદીયો ગૃહાદિકના કાર્યો કરે છે. તેમ છતાં તેમની ગૃહાદિકમાં દેખાતી આસક્તિ તેમને માટે બંધનકારક બનતી નથી. ભગવદીઓની લૌકિક ક્રિયાઓ દેખાવમાં લૌકિકી હોય છે. પરંતુ વાસ્તવમાં તો તે બધી અલૌકિક હોય છે. કારણ કે તેમણે કરેલાં બધાં કાર્યો કૃષ્ણ પ્રિત્યર્થ કરવામાં આવે છે. ભક્તો ગૃહકાર્યો કરતા હોય છે. પરંતુ તે એટલા માટે કે તેનાથી લોકસંગ્રહ થાય. અને જો તેઓ એવા કાર્યો ન કરે તો તેઓ સામાન્ય જનસમુદાયની ટીકાના ભોગ બને, તેથી તેમના મનમાં ઉદ્વેગ થાય. પરિણામે ચિત્ત પરોવીને તેઓ પ્રભુની સેવા પણ ન કરી શકે. આથી પ્રભુસેવાની સિદ્ધિ અને લોકસંગ્રહની ભાવનાને અર્થે તેઓ એવાં કાર્યો કાપટયેષુ કરે છે. એટલે કે દેખાડવા માટે કરે છે. તેથી તે બધા કાર્યો અલૌકિક છે. પ્રભુ પ્રિત્યર્થે કરેલાં

કાર્યો, દેખાવે લૌકિક રૂપનાં હોવા છતાં, સ્વરૂપે તો અલૌકિક જ છે. તેથી ભક્તિમાર્ગના સાધકપણામાં અને ફલપ્રદાયકપણામાં કોઈ ન્યૂનતા આવતી નથી.

બીજું એ યાદ રાખવાનું કે કલિકાલ બીજા બધા માર્ગોના જીવો માટે ભલે બાધક હોય, ભક્તિમાર્ગના જીવો માટે તો તે સાધક છે. સાંભળો શ્રીશુક શું કહે છે, ''હે રાજન ! કલિકાલ દોષનો નિધિ છે. તથાપિ તેનામાં એક મહાન ગુણ સમાયેલો છે. અને તે એ કે કલિકાલમાં કેવળ કૃષ્ણ-કીર્તનથી જ મનુષ્ય કર્મનાં બંધનમાંથી છૂટે છે અને મોક્ષપ્રાપ્તિ કરે છે.''

શ્રીશુકદેવજીનું બીજું કથન સાંભળો, ''હે રાજન ! સત્યયુગમાં નિરંતર વિષ્ણુનું ધ્યાન ધરવાથી, ત્રેતામાં યજ્ઞો વડે વિષ્ણુનું યજન કરવાથી અને દ્વાપરમાં વિષ્ણુની ઉપાસના કરવાથી જે ગતિ પ્રાપ્ત થાય છે તે ગતિ કલિકાલમાં કેવળ હરિ-નામ-સંકીર્તનથી પ્રાપ્ત થાય છે.

કલિકાલ, ભક્તિમાર્ગ કે જે પ્રપત્તિ (શરણ) નો માર્ગ છે. તેના ઉપર, અસર ઉપજાવી શકતો નથી. તે ઉપર્યુકત વાક્યો ઉપરથી સમજાશે. તે એટલે સુધી કે કલિકાલમાં.

(૧) ભગવદીઓને ગૃહાદિક કાર્યો બંધનના કારણરૂપ બનતાં નથી.

(૨) ભગવદીઓ કૃષ્ણ સેવા કરે એને સેવા કરતાં જો તેનાથી, સમયસર વૈદિકી ક્રિયાઓ ન થાય અથવા વૈદિકી ક્રિયાઓ થાય જ નહીં, તો પણ તેમને તે બાબતમાં કોઈ પ્રત્યવાય લાગતો નથી.

(૩) પ્રપત્તિ માર્ગમાં નિષ્ઠાવાળા જીવોથી કદાચ આચારાદિક ન પળાય તો પણ તેમને ફલસિદ્ધિ થાય છે. શ્રીમદ્ભાગવત ૧૧-૨-૩૫ માં કહ્યું છે કે ''હે રાજન ! ભગવદ્ ધર્મોમાં આસ્થા રાખનારો ભગવદીય કયારેય પણ પ્રમાદિ બનતો નથી. એટલું જ નહીં તે આંખો મીંચીને દોડે તો પણ તે કયાંય ઠોકર ખાતો નથી; તેમ પડતો પણ નથી. (તે તો ફલસિદ્ધિ પામીને જ રહે છે.)

(૪) ભક્તિ પોતે જ સમસ્ત સિદ્ધિઓને પ્રાપ્ત કરાવી આપે છે. ભગવાને કહ્યું છે, ''સત્ય અને દયાથી યુકત ધર્મ, તથા તપથી મેળવેલ વિદ્યા

પણ, જે લોકો મારી ભક્તિથી વિહીન છે એવા મનુષ્યોને સારી રીતે પવિત્ર કરી શકતાં નથી.'' આમ જો અચ્યુત (કૃષ્ણ)ની ભક્તિ વગરનું જ્ઞાન પણ શોભતું ન હોય તો શ્રીકૃષ્ણને અર્પણ ન કરાયેલું એટલે કે કૃષ્ણાર્પણ ન કરેલું હોય તેવું કર્મ તો ક્યાંથી જ શોભે ? ટૂંકમાં ભક્તિ વિનાનાં કર્મ, જ્ઞાન, યોગ, જપ, તપ વગેરે બધાં - કશું પણ સાધી શકતાં નથી. જો તેમને ભક્તિનો સાથ-સહકાર મળે તો તે ફલસિદ્ધિ કરાવી શકે. તેથી જ કહ્યું છે કે ભક્તિ જ સકલ સિદ્ધિઓનું જીવન છે.

(૫) ભક્તિ કેવલ પણ સર્વ સાધિકા છે; એટલે કે એકલી કૃષ્ણ ભક્તિ પણ જીવનું બધુ સાધ્ય કરાવી આપનાર છે. ભાગવત ૧૧-૨૦-૩૨/૩૩ માં ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે, ''હે ઉદ્ધવ ! કર્મકાંડ તપ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, દાન અને એવાં બીજાં પણ કલ્યાણનાં સાધનો દ્વારા જે જે સિદ્ધ કરી શકાય છે તે બધુ મારો ભક્ત અનાયાસે જ (કેવળ ભક્તિ દ્વારા) પ્રાપ્ત કરે છે.''

(૬) ભક્તિ સર્વ સાધિકા છે. અને તે સ્વયં ફલરૂપા પણ છે. ભાગવત્ ૨-૧-૯ માં શ્રીશુક કહે છે, ''નિર્ગુણના આરાધક એવા મેં પણ પ્રભુની સગુણ લીલાથી આકર્ષાઈને ભાગવત ભણ્યું.'' અને ભાગવત ૧-૭-૧૦માં શ્રીશુક કહે છે. ''શ્રીહરિના ગુણો એવા મનમોહક છે કે આત્મામાં રમણ કરનારા જીવન મુક્તોને પણ પ્રભુમાં નિષ્કામ ભક્તિ કરવાની ઈચ્છા થાય છે.''

એ સાચું છે કે કલિકાલના પ્રભાવથી (૧) પ્રભુને પ્રાપ્ત કરવાના, કર્મ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ, તપ આદિ બધા માર્ગો કલુષિત થઈ ગયા છે અને (૨) લોકો ઉપર કલિકાલનો પ્રભાવ પાડવાથી લોકો પણ પાખંડી બની ગયા છે - તેમ છતાં, કલિનો પ્રભાવ, ભક્ત, ભક્તિ અને ભગવંત ઉપર પ્રતિકુલ ભાવ ન પડતાં, સાનુકુળ ભાવે પડે છે. તેથી આવી વિષમ પરિસ્થિતિમાં પણ **કૃષ્ણ એવ ગતિર્મમ્ ।**

આ રીતે કૃષ્ણાશ્રય ગ્રંથના પહેલા શ્લોકમાં આચાર્યશ્રીએ કાળનો પ્રભાવ વર્ણવ્યો છે. કાળ એટલે કલિકાળ. એનું સ્વરૂપ કેવું છે ? તો કહે છે કે ખલધર્મી છે. તેથી બહારથી તે સારો દેખાય છે. પરંતુ અંદરથી તે પાખંડી

અથવા દુષ્ટ છે. એવા એ કલિકાળના પ્રભાવથી પ્રભુ પ્રાપ્તિના બધા માર્ગોમાં પાખંડ વ્યાપિ જતાં, ધર્મમાર્ગો તરીકેની તેમની અસરકારકતા નષ્ટ થઈ ગઈ છે. બધા માર્ગોના ધર્માચાર્યો અને તેમના અનુયાયિઓમાં પણ પાખંડ વૃત્તિ ઘર કરી ગઈ છે. સત્યયુગ, ત્રેતા કે દ્વાપર હોત તો, કાળ શુદ્ધિને કારણે પણ, પ્રભુપ્રાપ્તિનો કોઈને કોઈ માર્ગ મળી રહેત. પરંતુ કલિકાળમાં તેમ બનવું અશકય બની ગયું છે. આથી નિઃસાધન, નિઃસહાય અને નિરાધાર બનેલા જીવોને માટે કૃષ્ણની ગતિ યાચવા સિવાય બીજો કોઈ માર્ગ બાકી રહ્યો નથી. વિવેકધૈર્યાશ્રયમાં શ્રીમહાપ્રભુજીએ આ જ વાત કહી છે – **''કલૌ ભક્ત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ''**

સાધન ષટકનું બીજું સાધન છે દેશ. કોઈ કહેશે કે પવિત્ર દેશોમાં સ્થિતિ કરવાથી પણ ધર્માદિ પુરુષાર્થોની સિદ્ધિ થઈ શકે. તો પછી તમે એવું શા માટે કહો છો કે અત્યારે પવિત્ર ગણાતા દેશો પણ પુરુષાર્થ–સાધક રહ્યા નથી. આવી શંકાના સમાધાન અર્થે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –

**મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।**
**સત્પીડા વ્યગ્ર લોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ્ ।।**

**અર્થાત્ :** ભારતના અંગ, બંગ, સિંધ આદિ બધા દેશો મ્લેચ્છોથી ઉભરાયેલા હોવાથી તથા તે બધા પાપાચારનાં સ્થાન બની ગયા હોવાથી અને તે અંગેની પીડાથી ત્યાંના સત્પુરુષો વ્યગ્ર બની ગયા હોવાથી, કૃષ્ણ એ જ મારી ગતિ (આશ્રય) હોજો.

શ્રીમહાપ્રભુજીના ભૂતલ નિવાસ દરમ્યાન, આખું ભારત મ્લેચ્છોની એડી નીચે કચડાઈ રહ્યું હતું. ભારતનાં બધા દેશો ઉપર મુસલમાનોનું આધિપત્ય જામી ગયું હતું. તે બધા વિદેશીઓ મૂર્તિમાન પાપ હતા. અને ભારતના બધા પ્રદેશો પાપી મ્લેચ્છોનાં નિલય (નિવાસસ્થાન) બન્યાં હતા.

હવે કદાચ કોઈ એવું પૂછે કે તે સમયે, એ બધા પ્રદેશોમાં વણિક વૈષ્ણવો જેવા વ્યાપારી વર્ગના સારા લોકો પણ રહેતાં તો હશે ને ! તો પછી તે દેશમાં વસતા અન્ય પાપી લોકો સાથે આપણે શો સંબંધ ? ત્યાં આજ્ઞા કરે છે

કે તેવા વણિક આદિ લોકો પણ, ધર્માચરણ કરનાર લોકો ઉપર પડતું દુઃખ જોઈને કિંકર્તવ્યમૂઢ બની ગયા હતા. અને પોતે પણ ધર્માચરણ કરવું કે ન કરવું તેનો નિર્ણય કરી શકતા ન હતા.

બીજા શ્લોકમાં, આચાર્યશ્રીએ દેશનો વિચાર કર્યો છે. કાળ એટલે કલિકાળ અને દેશ એટલે ભારત દેશ. તે સમયે ભારત દેશ કેવો હતો ? તે મ્લેચ્છાક્રાન્ત હતો. વિધર્મીઓ આખા દેશમાં ફેલાઈ ચૂકયા હતાં. સાધુઓ મ્લેચ્છ શાસકોના હાથે પીડાતા હતા; મ્લેચ્છ શાસકો તેમનાં જપ, તપ, ધ્યાન, યોગ કે ઉપાસનામાં વિઘ્ન નાખી રહ્યા હતા. આવા સમયે નિરાધાર, નિઃસાધન જીવોને કૃષ્ણની ગતિ યાચવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો.

સાધન ષટકનું ત્રીજું સાધન છે તીર્થો. ગંગા આદિ સઘળાં તીર્થો તો પુરુષાર્થ સિદ્ધ કરનારાં મનાયાં છે. તો પછી જીવે કેવલ આશ્રયની પ્રાર્થના શા માટે કરવી ? આ શંકાના સમાધાન માટે, ત્રીજા શ્લોકમાં, તીર્થક્ષેત્રો, પણ પુરુષાર્થ પ્રાપ્તિ માટેનું સાધકપણું ગુમાવી બેઠા છે એવું નિરૂપિત કરવામાં આવ્યું છે. સાધન ષટકમાં તીર્થો માટે દ્રવ્ય શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એનું કારણ સમજી લેવું ઘટે. ગંગા, યમુના આદિ તીર્થ ક્ષેત્રોમાં આવેલ અમુક ચોક્કસ ભાગને જ (દા.ત. મથુરામાં વિશ્રામ ઘાટને; ગોકુલમાં ઠકુરાણી ઘાટને ગંગા ઉપર હરદ્વાર ક્ષેત્રને) તીર્થપણું આપવામાં આવ્યું છે. આખી યમુનાજી કે ગંગાજીને નહીં. તેથી, માત્ર તેટલા ભાગને જ આધ્યાત્મિક દેવતા (માહાત્મ્ય સ્વરૂપ) રૂપે તીર્થ માનવામાં આવે છે. તેથી તે દ્રવ્ય (પદાર્થ) કહેવાય.

તીર્થોનું અસાધકપણું બતાવતાં આપશ્રી કહે છે :-

**ગંગાદિ તીર્થ વર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।**
**તિરોહિતાધિ દૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ્ ।।**

**અર્થાત્ :** આ કલિકાલમાં ગંગા વગેરે શ્રેષ્ઠ તીર્થો દુષ્ટો વડે ઘેરાયેલાં છે. તેથી તેમનામાં રહેલું તેમનું આધિદૈવિક સ્વરૂપ તિરોહિત થઈ ગયું છે. એટલા માટે કૃષ્ણ જ મારી ગતિ થાઓ - **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

અહીં કહેવામાં આવ્યું કે ગંગા આદિ, સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ એવાં તીર્થો

પણ દુષ્ટો વડે ઘેરાયેલાં છે. તો શું ત્યાં બ્રાહ્મણ જેવા પવિત્ર જીવો સ્થિતિ નહીં કરતા હોય ? આ શંકાનું સમાધાન કરતા કહ્યું છે કે

(૧) બ્રાહ્મણો તો ત્યાં રહે જ છે. પરંતુ તેમની, ત્યાંની સ્થિતિ કાયમની હોવાથી અતિ પરિચયતાને કારણે તે તીર્થોમાં તેમની આદર બુદ્ધિ રહેલી નથી.

(૨) બ્રાહ્મણોનું ધ્યાન દાન-દક્ષિણા મેળવવા તરફ જ રહે છે. તેઓ ત્યાં એટલા માટે જ રહેતાં હોવાથી તેઓનું દુષ્ટપણું પણ સમજવું. તેમનામાં રહેલી ભગવદ્ બહિર્મુખતા અને નાસ્તિકતાનું નિવારણ, તીર્થો પણ કરી શકતાં નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે જેમ ગંગા આદિ નદીઓ મદિરાના ઘડાને પવિત્ર કરી શકતી નથી, તેમ ભગવદ્ વિમુખ જીવને કોઈપણ પ્રાયશ્ચિત પવિત્ર કરી શકતું નથી. આથી સમજવું કે ભગવાનથી બહિર્મુખ થયેલા એવા એ લોકોને પવિત્ર કરવાની શક્તિ તીર્થોમાં પણ હોતી નથી.

જો એમ છે તો એક શંકા ઊભી થાય છે. અને તે એ કે તીર્થોમાં દોષ નિવારણની શક્તિ સ્વાભાવિકપણે હોય છે. અને જેમાં જે શક્તિ હોય તે શક્તિ તેનું કાર્ય કર્યા સિવાય રહેતી નથી. જેમ કે અગ્નિમાં બાળવાની શક્તિ છે. તે જેના સંપર્કમાં આવે તેને બાળે છે. તો પછી તીર્થો જેના સંપર્કમાં આવે તે બધાંને પવિત્ર કર્યા વગર તે કેવી રીતે રહે ?

આ શંકાના નિવારણ અર્થે કહ્યું છે કે તીર્થ એટલે તેનું આધિદૈવિક સ્વરૂપ. કલિકાલનો પ્રભાવ, અને મ્લેચ્છોથી આક્રાન્ત થવું - આદિ કારણોથી તીર્થોમાંથી તેમનું આધિદૈવિક (દૈવી રૂપ) સ્વરૂપ અંતર્હિત થઈ ગયું છે. અને હવે કેવળ તેમનું આધિભૌતિક સ્વરૂપ જ રહ્યું છે. આ રીતે જ્યારે તેમનું તીર્થપણું જ નષ્ટ થયું હોય ત્યારે તે તીર્થો લોકોને પવિત્ર કરવાની શક્તિ ક્યાંથી ધરાવે ?

અલબત્ત, ભગવદ્ભાવ સંયુકત કોઈ ભક્ત જીવ જો તીર્થમાં જઈને તેમાં સ્નાન કરે તો, કૃપા કરીને પ્રભુ, નિજ ભકતના કલ્યાણને અર્થે, તે તીર્થનું આધિભૌતિક સ્વરૂપ, તેનામાં પ્રકટ કરાવી આપે છે.

આ રીતે દ્રવ્ય રૂપ તીર્થોમાં પણ, સ્વતંત્ર રીતે (પોતાની સત્તાથી) પુરુષાર્થ સિદ્ધ કરવાનું સામર્થ્ય રહ્યું ન હોવાથી, જીવને માટે કૃષ્ણની ગતિ યાચવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નથી – **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

આ રીતે ત્રીજા શ્લોકમાં તીર્થો વિષે કહેવામાં આવ્યું છે. ગંગાદિ તીર્થોનાં ત્રણ સ્વરૂપોમાંથી, કેવળ આધિભૌતિક સ્વરૂપ જ રહ્યું છે. બાકીના બન્ને સ્વરૂપો આધ્યાત્મિક (તીર્થનું માહાત્મ્ય સ્વરૂપ) અને આધિદૈવિક (પ્રત્યક્ષ દેવ-દેવી સ્વરૂપ) સ્વરૂપો – તિરોધાન થઈ ગયાં છે. એનું કારણ એ કે તે બધાં મ્લેચ્છોથી આક્રાંત છે અને પાખંડીઓથી ઊભરાયેલાં છે. આથી જેનું કેવળ આધિભૌતિક સ્વરૂપ બાકી રહ્યું છે તેવાં તીર્થો પ્રભુ પ્રાપ્તિ કેવી રીતે કરાવી શકે ? તેવે સમયે દીનતાપૂર્વક કૃષ્ણની ગતિ યાચવા સિવાય બીજો કોઈ ઉપાય બાકી રહેતો નથી. **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

સાધન ષટકનું ચોથું સાધન છે કર્તા. જો કર્તા સારો હોય એટલે કે કર્મ શુદ્ધ હોય તો તે સર્વ પુરુષાર્થની સિદ્ધિ કરાવી શકે છે. તો પછી તેનો નિષેધ કરીને, આશ્રય માટેની પ્રાર્થના જ શા માટે કરવી ?

આ શંકાના સમાધાન માટે, કર્મ-કર્તાઓનું સ્વરૂપ પણ પ્રભુ પ્રાપ્તિ માટેનું સાધકપણુ ગુમાવી બેઠું છે એવું કહેવામાં આવ્યું છે. યથા –

**અહંકાર વિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।**
**લાભપૂજાર્થ યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।**

**અર્થાત્ :** સત્ પુરુષો એટલે સારાં કર્મો કરનાર પંડિતો પણ અહંકારથી વિશેષ મૂઢ બન્યા છે. તેઓને પોતાના શાસ્ત્ર જ્ઞાનનું અભિમાન છે. ઉપરાંત તેઓ પાપીઓનું અનુસરણ કરનાર બન્યા છે. તેઓ સ્વલાભ અને માનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારા બન્યા છે. એવે સમયે કૃષ્ણ જ મારી ગતિ થાઓ.

પંડિતોને અભિમાન થયું છે કે અમેજ શાસ્ત્રના જ્ઞાતા છીએ. એવા અહમ્‌ને ધારણ કરીને તેઓ બીજા કોઈને ગણકારતા નથી. આ રીતે તેમનું જ્ઞાન દુષિત થયું છે. પરિણામે તેમનાં કર્મો પણ દુષિત થયાં છે. તેઓ દ્રવ્ય લાભ અને માન-પ્રાપ્તિ માટે જ બધાં કર્મો કરે છે. તેઓ એટલા માટે યજ્ઞયાગાદિ કર્મો

કરે છે કે તેમ કરતાં તેમને દ્રવ્ય લાભ થાય અને લોકોમાં તેમની પ્રતિષ્ઠા વધે. વળી તેઓ પાપી પુરુષોનું અનુસરણ કરે છે. પાપીઓનું અનુસરણ કરવાથી તેમનામાં - (૧) સંગજન્ય દુષ્ટતા અને (૨) અન્નજન્ય દુષ્ટતા આવે છે. તેમની આવી સ્થિતિ હોવાથી તેઓ પ્રભુ પ્રાપ્તિ કરી કે કરાવી શકે તેવા રહ્યાં નથી. તેઓને ભગવદાશ્રય નથી. કીર્તિ અને કાંચન એ જ તેમનો આશ્રય છે. આ રીતે ભગવદાશ્રય વગરના બનેલા તે પંડિતો કશું સાધી ન શકે. તેથી **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

ચોથા શ્લોકમાં કર્તાની ભ્રષ્ટતા વિષે કહેવામાં આવ્યું છે. સાચા ધર્માચાર્યો, સાધુ-સંતો અને વિદ્વાનો દુર્લભ બની ગયા છે. તે સમયે ઢોંગી, પાખંડી અને સ્વાર્થીમનુષ્યો સાધુ-સંતો અને ધર્માચાર્યોનો સ્વાંગ સજીને બેઠા હતા. તેમને તેમના શાસ્ત્ર જ્ઞાનનું અભિમાન હતું. તેઓ લાભ અને માનના ઈચ્છુક બનીને બેઠા હતા, ઈશ્વર અને ધર્મના નામે પાખંડને પોષતા હતા. તેઓ પાપીઓને અનુસરતા હતા. તેવે સમયે તેમની પાસે પ્રભુ પ્રાપ્તિ કરાવી આપવાની આશા કેવી રીતે રાખી શકાય ? અને જો ન રાખી શકાય તો **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

સાધન ષટકનું પાચમું સાધન છે મંત્ર. શાસ્ત્રો કહે છે કે મંત્રો દ્વારા ફલસિધ્દ્રિ થઈ શકે છે. તો પછી કૃષ્ણાશ્રયની યાચના કરવાની શી જરૂર છે ?

આ શંકાના સમાધાન માટે એવું કહેવામાં આવે આવ્યું છે કે મંત્રોની શક્તિ પણ, કલિના પ્રભાવથી નાશ પામી છે. અને તે (મંત્રો) પોતાનું સર્વ સાધકપણું ગુમાવી બેઠા છે. તેથી **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

**અપરિજ્ઞાન નષ્ટેષુ મન્ત્રેષ્વવ્રત યોગિષુ ।**
**તિરોહિતાર્થ દેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।**

**અર્થાત્ :** પરિપૂર્ણ જ્ઞાનના અભાવે મંત્રો નષ્ટ થઈ ગયાં છે. વળી તે, વ્રતપાલન ન કરનાર લોકો દ્વારા ઉચ્ચારાતા હોવાથી તે બધા મંત્રોના અર્થ અને દેવ તિરોહિત થયા છે. તેથી કૃષ્ણ જ મારી ગતિ થાવ.

વેદોમાં તથા નારદ પંચરાત્ર આદિ આગમોમાં જે મંત્રો કહેલા છે તે

બધા, જે તે મંત્રના તાત્પર્ય, ફલ અને દેવતાના સ્વરૂપના જ્ઞાનના અભાવે, બિન અસરકારક બની ગયા છે. આ સમયે, વેદના મંત્રો નિયમપૂર્વક ભણાવાતા નથી. તેથી તેમનું સામર્થ્ય નાશ પામ્યું છે. તે ભણાવવાના કેટલાક પ્રાથમિક નિયમો આ પ્રમાણે છે : ગુરુકુળમાં વાસ કરવો; બ્રહ્મચર્યનું પાલન કરવું; શુદ્ધ તન-મનથી મંત્રોનું રટણ કરવું; અનધ્યાનના દિવસોમાં ભણવું આદિ. પરંતુ અત્યારે આ બધા નિયમો પાળીને મંત્રો ભણાવાતા નથી. તેથી તે મંત્રોમાં પુરુષાર્થ સિદ્ધ કરવાનું સામર્થ્ય રહ્યું નથી. એટલા માટે **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

પાંચમા શ્લોકમાં મંત્રોની અશુદ્ધિ અને અસાધકતા વિશે કહેવામાં આવ્યું છે. ઋષિ-મુનિઓએ આપેલા મંત્રો તો અમોઘ અને મહાશકિતશાળી હતા. તે ઘણાં અસરકારક હતા. પરંતુ ત્યારે તે મંત્રો પવિત્ર બ્રહ્મચારી શિષ્યોને, પવિત્ર વાતાવરણમાં, પવિત્ર ગુરુ દ્વારા અપાતા હતા. હવે જ્યારે મંત્રોના ભણનારાઓ અને ભણાવનારાઓ પણ અપવિત્ર બની બેઠા છે અને નિયમપૂર્વક વર્ણાશ્રમ ધર્મનું પાલન કરીને કોઈ એ મંત્રોને ગ્રહણ કરતું નથી ત્યારે તે મંત્રોમાંથી મંત્રોના દેવતા તિરોહિત થઈ ગયા છે. પરિણામે મંત્રોનું માહાત્મ્ય અને અસરકારકતા નાશ પામી ગયાં છે. મંત્રો ફળ આપતા બંધ થયા છે. એવે સમયે શ્રીકૃષ્ણની ગતિ યાચવા સિવાય બીજો કોઈ ઉપાય નથી; **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

સાધન ષટકનું છઠ્ઠું સાધન છે કર્મ અને વ્રત યજ્ઞયાગાદિ કર્મો અને વ્રતો વડે ફલ સિદ્ધિ થઈ શકે છે. તો પછી કૃષ્ણાશ્રય કૃષ્ણની ગતિ-યાચવાની શી જરૂર છે ?

આ શંકાના સમાધાન માટે કહેવાયું છે કે કર્મો (વ્રતો પણ કર્મો જ છે) પણ ફલ સાધક રહ્યાં નથી. યજ્ઞયાગાદિ કર્મો અને વ્રતાદિ કાર્યો પણ શાસ્ત્રોક્ત રીતે થતાં નથી. એટલા માટે **કૃષ્ણ એવ ગતિર્મમ ।**

**નાનાવાદ વિનષ્ટેષુ સર્વ કર્મ વ્રતાદિષુ ।**
**પાષંડૈક પ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥**

**અર્થાત્ :** બધાં કર્મો અને વ્રતો જુદા જુદા વાદો વડે વિકૃત બની ગયાં

છે. એવા વાદ કરનારાઓની મુખ્ય પ્રવૃત્તિ પાખંડ માટેની છે. તેથી કૃષ્ણ જ મારી ગતિ થાઓ.

અહીં કર્મો એટલે 'સોમયાગ' જેવાં યજ્ઞયાગ આદિ કર્મો. અને વ્રતો એટલે એકાદશી જેવાં વ્રતો. એ બધાં કર્મો અને વ્રતો વાદવિવાદના વમળમાં ફસાઈ ગયાં છે. કોઈ કહે છે કે આ રીતે કરો અને કોઈ કહે છે કે બીજી રીતે કરો. પરિણામે કર્મોની શુદ્ધતા જળવાતી નથી. તેથી તેઓ બિન અસરકારક થઈ ગયાં છે. ભારતમાં ઘણા વાદો ફેલાઈ ચૂક્યા હતા. જેવા કે –

**(૧)** શ્રીશંકરાચાર્યજીનો વાદ એવો છે કે બધો પ્રપંચ (જગત) મિથ્યા છે; અને વેદોનો પણ પ્રપંચમાં સમાવેશ થતો હોઈ, વેદો અને વેદોક્ત કર્મો પણ મિથ્યા છે. તેમ છતાં પ્રપંચને વ્યવહાર પુરતું માનવામાં આવે છે. તેથી વેદ અને વેદ વિહિત (વેદ દ્વારા માન્ય) કર્મોને પણ વ્યવહાર પુરતું પ્રમાણિત માનવાં. વાસ્તવમાં, એવાં કર્મો દ્વારા કશું કરવાનું કે કશું મેળવવાનું છે જ નહિં.

**(૨)** પૂર્વ મીમાંસાકાર મહર્ષિ જૈમિનીનો મત એવો છે કે જીવ પોતે કર્મમાં પ્રવૃત્ત થાય છે. તેનું કારણ જીવની પૂર્વ વાસના છે. તેથી જીવે કર્મો કરવાં જ જોઈએ. કર્મો દ્વારા તેને ફલસિદ્ધિ થાય છે. તેમના મત પ્રમાણે કર્મ સિવાય બીજું કશું (જ્ઞાન, ભક્તિ કે ઉપાસના) ફલ દાતા નથી. તેથી કોઈ પણ દેવતાની કૃપા સંપાદન કરવા અથવા તેમની કૃપા મેળવી ફલ પ્રાપ્ત કરવા માટે પણ કર્મ સિવાય બીજું કશું કરવાનું નથી. એટલે કે કર્મ જ ઉપાસ્ય છે; અને કર્મ જ ફલદાતા છે.

**(૩)** ન્યાયાચાર્ય ગૌતમની માન્યતા છે કે શાસ્ત્ર વડે પ્રમાણ અને પ્રમેય વગેરે સોળ પદાર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને, તે જ્ઞાનનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કર્યા કરવાથી, આત્માનો સાક્ષાત્કાર થાય છે અને દુઃખોની આત્યંતિકી (અંતિમ) નિવૃત્તિ થાય છે અને એજ એક માત્ર ફલ છે, જેની કામના જીવે કરવી જોઈએ. તેથી ઈશ્વરની ઉપાસના કરવાની અથવા ઈશ્વરને ફલરૂપ માનવાની કશી આવશ્યકતા નથી.

**(૪)** નિરીશ્વરવાદી સાંખ્યોનું કથન છે કે 'પ્રકૃતિ અને તેના વિકારોની

ઉપાધિનો વિલય કરી દઈને, પુરુષે પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવી, એ જ અંતિમ ફલ છે. અને ભગવાન જેવું કશું જ છે જ નહીં.

આ અને આવા બીજા વાદોએ શાસ્ત્રોક્ત કર્મોનો નાશ કર્યો છે. તે દરેક વાદીઓએ પોતપોતાની રીતે અલગ અલગ કર્મ સૂચવ્યા છે. તેથી કયું કર્મ કરવું તેની ઉલઝણમાં જીવ પડી જાય છે. તેથી તે કોઈ કર્મ યોગ્ય રીતે કરી શકતો નથી. એટલા માટે કર્મો પણ ફલોત્પાદક રહ્યાં નથી.

હકીકતમાં વેદોમાં અને શાસ્ત્રોમાં અનેક એવા વાકયો (વચનો) છે કે જે આ બધા વાદોને નિરર્થક બનાવી દે છે. પરંતુ તે માટે વેદોના પ્રામાણ્યને સ્વીકારવું પડે. એવા કેટલાંક વાકયો આ પ્રમાણે છે :

(૧) આ બધુ પુરુષ જ છે.

(૨) તે ભગવાન સર્વને વશમાં રાખનાર છે. અને તે જ બધા ઉપર શાસન કરનાર છે,

(૩) પ્રપંચ (જગત) બધું બ્રહ્મ રૂપ છે. અને તેથી તે સત્ય છે; અને પ્રપંચમાં કરેલાં કર્મો પણ સત્ય છે.

(૪) હે અર્જુન ! હું જ સમગ્ર જગતની ઉત્પત્તિનું કારણ છું.

(૫) ભગવાન જ બધાના ફલદાતા છે; કારણ કે જે સર્વનો નિયામક હોય તે જ સર્વનો ફલદાતા હોઈ શકે.

(૬) બ્રહ્મનો આકાર આનંદ છે. બ્રહ્મ આનંદકાર હોઈ તે ફલરૂપ છે. આદિ.

આ બધાં વેદ ગીતા તથા શાસ્ત્રોનાં વાકયો છે. અને તે બધાં વાક્યો શ્રૌત (શ્રુતિના) સિદ્ધાંતને અનુકુળ છે. પરંતુ શાંકર, જૈમિની, સાંખ્ય અને નૈયાયિકોના મતોને અનુકુળ નથી.

આ રીતે અનેક વિધ વાદો વડે, કર્મોનો વિનાશ ઉપદેશવામાં આવ્યો છે. અને તેનાથી વ્રતોનો વિનાશ શી રીતે થયેલો છે તે પણ ઉપદેશવામાં આવ્યું છે. જેમ કે કેટલાક વાદીઓ એકાદશી આદિ વ્રતને પણ દશમી વગેરેના વેધથી

યુક્ત ગણાવે છે. પરંતુ તેમ કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે. આ રીતે વ્રતો પણ વિનિષ્ટ થયાં છે. અને કર્મો પણ ફલસાધક રહ્યાં નથી. તેથી કૃષ્ણ એવ ગતિર્મમ.

છઠ્ઠા શ્લોકમાં વિવિધ વાદો વિષે વિચારવામાં આવ્યું છે. ચોમાસામાં જેમ અનેક બિલાડીના ટોપ ફૂટી નીકળે છે તેમ શ્રુતિના વાદની વિરુદ્ધ, શ્રીશંકરનો માયાવાદ, જૈમિનીનો પૂર્વ મિમાંસાવાદ એટલે કે યજ્ઞાદિ કર્મોની ફલ સાધકતાનો માર્ગ, નૈયાયિકોનો સોળ પદાર્થોના જ્ઞાન દ્વારા થતા આત્માના સાક્ષાત્કારનો વાદ, નિરીશ્વરવાદી સાંખ્યોનો નિરીશ્વરવાદ આદિ અનેક વાદો ફુટી નીકળવાથી તેમના દ્વારા પ્રેરિત : કર્મો, વ્રતો અને નિયમો, એક બીજાથી એવાં અને એટલાં વિરુદ્ધ બતાવવામાં આવ્યાં છે કે કો'ના ઉપર કેટલો વિશ્વાસ રાખવો તે નિશ્ચિત કરવાનું કાર્ય જીવ માટે મુંઝવણભર્યું બની ગયું છે. એવે સમયે શ્રીકૃષ્ણની ગતિ ઈચ્છવા સિવાય, જીવ પાસે, બીજો કોઈ ઉપાય કે સાધન રહ્યું નથી.

આ રીતે સાધન ષટક (છ સાધનો) બિન અસરકારક તથા બિન ફલોત્પાદક છે એવું નિરૂપણ કરવામાં આવ્યું. આવી પ્રવર્તમાન પરિસ્થિતિમાં સાધન રહિત બનેલા જીવે શું કરવું ? તો કહ્યું કે તેણે કૃષ્ણને જ પોતાની ગતિ એટલે કે પોતાનો આશ્રય બનાવી લેવો. આનું નામ કૃષ્ણાશ્રય.

આ રીતે જ્યારે શ્રીમહાપ્રભુજીએ તત્કાલિન પરિસ્થિતિને આવી વિષમ અને જીવની આધ્યાત્મિક ઉન્નતિના માર્ગમાં બાધારૂપ જોઈ, ત્યારે, આપશ્રીએ, મુંઝાઈ ગયેલા છતાં પ્રભુ પ્રાપ્તિના ઈચ્છુક એવા જીવોને એક એવો માર્ગ બતાવ્યો કે જે બાહ્ય સાધનો ઉપર નિર્ભર ન હોય; તેમ છતાં પૂરેપુરો અસરકારક હોય, એ માર્ગ તે પુષ્ટિમાર્ગ; એ છે કૃષ્ણ કૃપાનો માર્ગ. તેમાં છે કેવળ કૃષ્ણના અનુગ્રહની જરૂર; નહીં સાધનની જરૂર; નહીં જપ, તપ, ધ્યાન, કીર્તન, ભજન આદિ કોઈ ઉપકરણની જરૂર. સ્વામી શ્રીકૃષ્ણ કૃપા કરે અને જીવ પ્રભુ પદની પ્રાપ્તિ કરે, એવો માર્ગ. અને તે માટે જીવે કશું કરવાનું નહીં; તેણે તો માત્ર સંપૂર્ણ દીનતાથી, પ્રભુની શરણાગતિ યાચવી. તેણે કહેવું, ''પ્રભુ ! આવા વિષમ સમયે મને આપને શરણે રાખો; મને આપની ગતિ આપો. આપજ મારો એક માત્ર આધાર છો.'' કેટલો સાદો અને સરળ છતાં

સચોટ માર્ગ !

જીવે કૃષ્ણનું શરણ ગ્રહ્યું; તેનો આશરો લીધો; તેને પોતાનો સ્વામી માન્યો. પછી તેની શી મજાલ કે તે તમારો હાથછોડે ! ન જ છોડે. પરીક્ષા માટે સૂરદાસનો હાથ છોડયો તો ખરો; પરંતુ, પછી તે તરત જ પાછો પકડી લેવો પડયો. જીવે તો કેવળ એટલું બોલવાનું **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** જીવે કેવળ એટલી ઝંખના કરવાની - **''કૃષ્ણ એવ ગતિર્મમ ।''** અને પછી બીજું શું કરવાનું ? બીજું કશું નહીં કરવાનું.

અલબત્ત એને જે બોલવાનું છે, જે ઝંખવાનું છે તે તેણે સાચા દિલથી, પૂરી શ્રદ્ધા અને વિશ્વાસથી બોલવાનું છે. તેણે સાચા દિલથી પ્રભુનું શરણ સ્વીકારવાનું છે; કચવાતે મને નહીં. **શરણ તો શ્રીકૃષ્ણનું; ગતિ તો શ્રીચરણોમાં.** અટલ શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસથી તેનું શરણ સ્વીકારો એટલે તે તમારો બની જશે. નિઃસાધન, નિરાધાર, અને સદોષ એવા તમને તે પોતાનો આધાર આપશે. તેનું નામ જ તમારે માટે સાધનરૂપ બનશે. તેના નામ વડે જ તેની પ્રાપ્તિ શકય બની જશે. તમારા દોષોની નિવૃત્તિ થશે; તમને તેની ગતિ મળશે.

આટલું કર્યા પછી, જીવે કર્મમાર્ગીય પુરુષાર્થોને છોડીને, પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોને સિદ્ધ કરવાના છે. પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો પણ ચાર છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. શ્રીમદાચાર્યચરણે સાતથી દશ શ્લોકમાં એ ચાર પુરુષાર્થોનો નિર્દેશ કર્યો છે. અને આજ્ઞા કરી છે કે એ ચારે અલૌકિક પુરુષાર્થો કૃષ્ણાશ્રય (કૃષ્ણના આશ્રય) માં સમાઈ જાય છે. કૃષ્ણનો આશ્રય મળે એટલે તમારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે અલૌકિક પુરુષાર્થોની પ્રાપ્તિ તમને આપોઆપ થઈ જશે.

મારા ગુરુદેવ આજ્ઞા કરે છે કે ભગવદીઓના ધર્માદિ ચતુર્વિધ પુરુષાર્થો રૂપ ભગવાન પોતે છે. તેથી જીવે ભગવદાશ્રય પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ પુરુષાર્થ (પ્રયત્ન) ન કરવો. ભગવદાશ્રયની પ્રાપ્તિ થતાં ભગવદીયના ચારે અલૌકિક પુરુષાર્થોની પ્રાપ્તિ થઈ જ શકે.

ભગવદીયોના એ ચતુર્વિધ પુરુષાર્થોમાંથી, ભગવાન તેમના ધર્મ પુરુષાર્થ રૂપે કેવી રીતે બને છે તે બતાવવા માટે આચાર્યશ્રીએ સાતમા શ્લોકમાં ભક્તિમાર્ગીય ધર્મ પુરુષાર્થનો નિર્દેશ કર્યો છે.

**અજામિલાદિ દોષાણાં નાશકોऽનુભવે સ્થિતઃ ।**
**જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ।।**

**અર્થાત્ :** (૧) અજામિલ આદિના દોષોના નાશકર્તા, (૨) ભક્તોના અનુભવમાં આવેલા અને (૩) સમગ્ર માહાત્મ્યના જ્ઞાપક (બીજાને જણાવનાર) એવા કૃષ્ણ જ મારી ગતિ થાઓ.

તમે જેની ગતિ વાંછો છો તે કૃષ્ણ કેવા છે ? અજામિલ, ગજેન્દ્ર, અહલ્યા આદિ જીવોએ તેમને પોતાના દોષનાશક રૂપે અનુભવ્યા છે. ભગવાને તેમના ઉપર કૃપા કરીને તેમના દોષોનો નાશ કર્યો, અને તેમનો ઉદ્ધાર કર્યો. અજામિલનો ઉદ્ધાર કરીને પ્રભુએ પોતાના 'નામ માહાત્મ્ય' ને પ્રકટ કર્યું છે. આ રીતે ધર્મ પુરુષાર્થની સિદ્ધિ (પાપ દૂર કરી પ્રભુ પ્રાપ્તિ કરાવી આપવી તે) પ્રભુ પોતે જ કરાવી આપે છે. તેથી, જ્યારે પણ દોષ ઉત્પન્ન થાય અથવા પોતાના દોષ જીવને સ્ફૂરે ત્યારે ભગવદીયોએ તે દોષના નિવારણ અર્થે શરણ ભાવના જ કરવી, પ્રાયશ્ચિત આદિ ન કરવાં. આ છે જીવનો ધર્મ. આ રીતે પ્રભુ પોતે જ જીવ ધર્મ પુરુષાર્થ રૂપ બને છે.

કૃષ્ણાશ્રયના સાતમાં શ્લોકમાં શ્રીમદાચાર્યચરણ ભક્તિમાર્ગીય ધર્મનો નિર્દેશ કરે છે. જીવનો ધર્મ એક છે. અને તે છે જીવની નિઃસાધનતા અને દીનતાનો પ્રકટ એકરાર; જે અંતે ભગવદ્ શરણાગતિમાં પરિણમે છે.

લોકો કહે છે કે અજામિલ મહાપાપી હતો. (મને ખબર છે ત્યાં સુધી તેના જીવનનાં પહેલાં આશરે વીસ વર્ષ સુધી એટલે કે તેનું સ્ખલન (પતન) થયું ત્યાં સુધીનાં વીસ વર્ષ અને યમના દૂતો ભાગી ગયા પછીના આશરે બાર વર્ષ સુધી તે અણિશુદ્ધ પૂણ્યશાળી બ્રાહ્મણ તરીકે જીવ્યો છે. એને તમે ભલે મહાપાપી કહો, હું નહીં કહું) તેનું સ્ખલન થયું. તે પાપની ઊંડી ગર્તા (ખીણ)માં ધકેલાઈ ગયો. તેણે ગણ્યા ગણાય નહિ એટલા પાપ કર્યાં એ વાત

પણ સાચી છે. અને પછી યમના કરાળ કાળ સમા યમદૂતોને જોઈ, તેમનાથી ગભરાઈને, તેણે પોતાના નારાયણ નામના પુત્રને પોકાર કર્યો. તેનો નારાયણ નામનો પુત્ર તેનો બચાવ કરવા અસમર્થ હતો. તેનો પુત્ર તો તિનકાવત્ (તણખલું) હતો. પરંતુ તેને જેનું નામ આપવામાં આવ્યું હતું તે ભગવાન નારાયણ તો સર્વ સમર્થ, દેવોના પણ દેવ, કાળના પણ કાળ અને જીવના એક માત્ર આરાધ્ય સ્વામી હતા.

અજામિલના પુત્ર નારાયણે તો અજામિલને યમદૂતોના પાશથી ન છોડાવ્યો. પરંતુ ભક્તોના સ્વામી પુરુષોત્તમ નારાયણના પાર્ષદો અજામિલની વહારે ધાયા. અજામિલે તો 'જેમ ડૂબતો માણસ તણખલાને પકડે' તેમ અંતકાળે અને તે પણ નારાયણે નામ-સામ્યને કારણે અને કદાચ - ના, ના, કદાચ નહીં, ચોક્કસ - તેની નિઃસાધનતા અને નિરાધરતા જોઈને તેનો હાથ પકડી લીધો. યમદૂતો ચાલ્યા ગયા. અજામિલ જીવી ગયો. તેણે યમદૂતો અને વિષ્ણુના પાર્ષદો વચ્ચેનો સંવાદ સાંભળ્યો હતો. તે સાંભળી, પ્રભુ કૃપાથી, તેને સન્મતિ મળતાં, સન્માર્ગે ચાલીને અંતે તે કૃષ્ણની ગતિને પામ્યો. આવો છે નિઃસાધન જીવનો ધર્મ શરણાગતિ. 'કૃષ્ણ એવ ગતિર્મમ' આ શબ્દો અજામિલની બાબતમાં સાર્થક બન્યા. નિઃસાધન એવો અજામિલ, પોતાની નિઃસાધનતા અને કૃષ્ણના અનુગ્રહને આધારે કૃષ્ણની ગતિ પામ્યો. આવો છે પુષ્ટિમાર્ગીય ધર્મ. અને તે કૃષ્ણમાં સમાયેલો છે.

પછી આઠમાં શ્લોકમાં, ભગવાન, નિજ ભક્તોના અર્થ પુરુષાર્થ રૂપ કેવી રીતે બને છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત્ ।**
**પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ।।**

**અર્થાત્ :** બધા દેવો પ્રાકૃત છે. એટલે કે તેઓ બધા ત્રિગુણાત્મિકા પ્રકૃતિને આધીન છે. અને અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે એટલે કે જેનો આનંદ ગણી શકાય તેવા છે. જ્યારે સર્વ દુઃખોનો હર્તા, શ્રીહરિ (કૃષ્ણ) તો પૂર્ણાનંદ છે. તેથી તે હરિજ મારી ગતિ થાઓ.

બધા દેવોની ઉત્પત્તિ સત્વ અહંકારથી થયેલી હોવાથી તે બધા પોતાની પ્રકૃતિ (ત્રિગુણાત્મિકા માયા) ને આધીન છે. દેવોથી ઘણા ઊંચા સ્થાને અક્ષર બ્રહ્મ છે. પરંતુ તે ગણિતાનંદ છે. ગણિતાનંદ કેવી રીતે ?

નિરોગી, વેદ શાસ્ત્રનો જ્ઞાતા, શસક્ત અને બળવાન એવા નવયુવકને ચક્રવર્તી રાજ્ય પ્રાપ્ત થતાં તેને જે આનંદ થાય તે આનંદને મનુષ્યનો આનંદ ગણીને, તેને આનંદની ગણત્રી માટેનું એક એકય ગણવામાં આવ્યું છે. એવા એક પરાર્ધ (એકડા ઉપર અઢાર મીંડા) માનવા આનંદને પ્રજાપતિ બ્રહ્માનો એક આનંદ ગણવામાં આવ્યો છે. અને બ્રહ્માજીના એક સો આનંદને અક્ષર બ્રહ્મનો એક આનંદ માનવામાં આવે છે. એમ અક્ષર બ્રહ્મનો આનંદ એકસો પરાર્ધ મનુષ્ય-આનંદ જેટલો છે. આવી રીતની આનંદની ગણત્રી તૈત્તરીય ઉપનિષદની 'બ્રહ્માનંદ વલ્લી' માં કરવામાં આવી છે.

પરંતુ તેથી પણ ઉપર પરબ્રહ્મ પરમેશ્વર શ્રીકૃષ્ણ છે. તેનો આનંદ ગણી શકાતો નથી. તેથી તેને અગણિતાનંદ કહેવામાં આવ્યા છે. પૂર્ણાનંદ છે. તે તો પરમાનંદ છે. જીવને દેવોનો આનંદ મળે તો શું ? અરે ! તેમને, અક્ષર બ્રહ્મનો આનંદ તેથી પણ શું ? જો તેમને, પૂર્ણાનંદ મળે તો જ તેમના અર્થ પુરુષાર્થની પ્રાપ્તી થઈ ગણાય. પરંતુ જીવને પૂર્ણાનંદ ત્યારે જ મળે જ્યારે તે કૃષ્ણની ગતિ પામે. તેથી સિદ્ધ થાય છે કે ભગવાન કૃષ્ણ નિજ ભક્તોના અર્થ પુરુષાર્થ રૂપ છે.

આ શ્લોકમાં ગણિતાનંદકં શબ્દ છે. ત્યાં ગણિતાનંદ સાથે 'ક' પ્રત્યય લગાડેલ છે. 'ક' પ્રત્યય ન્યૂનતાવાચક છે. જેમકે થોડો અને થોડોક. થોડોક એ થોડા કરતાં થોડો ઓછો છે. અહીં 'ક' પ્રત્યય લગાડવાનું તાત્પર્ય એવું સમજવાનું કે અક્ષર બ્રહ્મનો આનંદ પુરુષોત્તમના આનંદની અપેક્ષાએ ન્યૂન છે. તેથી સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ હોવાથી, તેના આશ્રયની પ્રાપ્તિ થતાં ભગવદીયનો અર્થ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

આઠમા શ્લોકમાં ભક્તિમાર્ગીય અર્થનો નિર્દેશ છે. નિઃસાધન જીવને કયો અર્થ સાધવાનો હોય ? તેને શાની પ્રાપ્તિની ઈચ્છા હોવી ઘટે ? તેને જો કંઈ પ્રાપ્ત કરવાનું જ હોય તો તેણે શા માટે શ્રેષ્ઠ વસ્તુ પ્રાપ્ત ન કરવી ? જો તે

અન્ય દેવોની ઉપાસના કરે તો તેઓ તેને તેની ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવી શકે છે. પરંતુ લખપતિ વધુમાં વધુ લાખ રૂપિયાની અને કરોડપતિ કરોડ રૂપિયાની પ્રાપ્તિ કરાવી શકે. પોતાની પાસે હોય તેથી વધુ કોઈ કેટલું આપી શકે ? એ બધા દેવતાઓ પ્રાકૃત છે. બ્રહ્માંડના વિલય સાથે તેમનો પણ વિલય થવાનો છે. તે સાથે તેમણે આપેલી વસ્તુનો પણ વિલય થવાનો છે. તેઓ પણ પોતાના ઉપાસકોને આનંદ આપી શકે તેમ છે. પરંતુ તેમનો આનંદ ઘણો ઓછો છે. તે મનુષ્યના આનંદ કરતાં અવશ્ય ઘણો વધારે છે. પરંતુ તેમનો આનંદ ગણી શકાય તેવો છે. ઈન્દ્ર, બ્રહ્મા આદિ દેવોનો આનંદ ગણત્રીની મર્યાદામાં આવે એટલો જ છે. તેથી તેઓ પોતે જેટલો આનંદ અનુભવી શકે તેટલો જ નિજ ઉપાસકોને આપી શકે તેમ છે. તેથી વધુ નહીં. દેવોથી પણ ઘણો વધુ આનંદ છે જેનો એવા અક્ષર બ્રહ્મનો આનંદ પણ ગણિતાનંદ છે.

જ્યારે શ્રીકૃષ્ણનો આનંદ પૂર્ણ આનંદ છે; તે અગણિતાનંદ છે. શ્રીકૃષ્ણનો આનંદ અનંત છે. તેમનો આનંદ પૂર્ણ છે. અને આધ્યાત્મિક ગણિત પ્રમાણે પૂર્ણમાંથી પણ પૂર્ણ જાય તો પણ પૂર્ણ રહે છે. એવા પૂર્ણાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ નિજભક્તોને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરાવી આપે છતાં પણ તેઓ પૂર્ણાનંદ સ્વરૂપે રહે છે. તો પછી અર્થ (પદાર્થ, સંપત્તિ આદિ)ની પ્રાપ્તિના ઈચ્છુક જીવે પ્રાકૃતિક દેવોની ઉપાસના કરીને મર્યાદિત આનંદ પ્રાપ્ત કરવા કરતાં, કૃષ્ણની ગતિ પ્રાપ્ત કરીને, અમર્યાદિત આનંદ શા માટે પ્રાપ્ત ન કરવો? આવું વિચારીને જ જીવ ઝંખે છે – કૃષ્ણ એવ ગતિર્મમ. આવો છે પુષ્ટિમાર્ગીય અર્થ.

નવમાં શ્લોકમાં ભગવાન, નિજ ભક્તોના કામ પુરુષાર્થ રૂપ કેવી રીતે બને છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ ।**
**પાપાસકતસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ।।**

**અર્થાત્ :** વિવેક, ધૈર્ય, ભક્તિ આદિથી રહિત અને એ ત્રણેનાં સાધનોથી પણ રહિત, અને પાપમાં આસક્ત તથા દરિદ્રી એવા મારી ગતિ શ્રીકૃષ્ણ જ થાઓ.

આઠમા શ્લોકમાં પ્રભુના સ્વરૂપ (પ્રભુ પૂર્ણાનંદ છે એ તેનું સ્વરૂપ) નો વિચાર કરીને, આશ્રયનો ઉપદેશ કર્યો. હવે આ નવમા શ્લોકમાં, જીવના સ્વરૂપ (જીવ છે વિવેક ધૈર્ય ભક્તિથી રહિત, પાપાસક્ત અને દરિદ્ર. એ છે તેનું સ્વરૂપ) નો વિચાર કરીને આશ્રયનો ઉપદેશ આપવામાં આવે છે.

**પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ ? પ્રભુઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ - આ પ્રમાણે સમજવું તેનું નામ વિવેક. ત્રિદુઃખ સહનં ધૈર્યમામૃતે એનું નામ ધીરજ.** ભક્તિ સાધન રૂપા એવમ્ ફલરૂપા છે એવું સમજવું તેનું નામ ભક્તિ. જીવમાં આ ત્રણેનો અભાવ છે; તે ઉપરાંત તે પાપમાં આસક્ત બનીને બેઠો છે. વળી તે દરિદ્રી પણ છે. દરિદ્રી તે છે જેની પાસે કોઈ પણ પ્રકારની સાધન સંપત્તિ ન હોય. આવા એ નિઃસાધન જીવનો બેલી કોણ ? એવા જીવને એનો કામ પુરુષાર્થ કોણ સિદ્ધ કરાવી આપશે ? તો કહ્યું છે કે એવા નિઃસાધન, પાપાસક્ત અને વિવેક ધૈયાદિ રહિત જીવનો કામ પણ પ્રભુના આશ્રયમાં સમાયેલો છે. તેથી તેની બધી કામનાઓની પૂર્તિ 'કૃષ્ણ એવ ગતિર્મમ' માં સમાઈ જાય છે.

નવમા શ્લોકમાં પુષ્ટિમાર્ગીય કામનો નિર્દેષ છે. કામ એટલે વાસના તૃપ્તિ અથવા ઈચ્છાઓની પૂર્તિ. પુષ્ટિમાર્ગીય જીવોની કામના શી હોવી જોઈએ અને તે શી રીતે પ્રાપ્ત થઈ શકે ?

વામણો હોય અને આકાશે પહોંચવાની ઈચ્છા કરે તો લોકો તેના ઉપર હસે. પરંતુ એ તો લૌકિકમાં; પુષ્ટિમાં નહીં. પુષ્ટિ જીવ ભલેને વિવેક, ધૈર્ય અને ભક્તિથી રહિત હોય, પાપમાં ડૂબેલો હોય, દીન અને હીન હોય. છતાં પણ તેની કામના આકાશને આંબવા કરતાં પણ ઘણી ઊંચી (શ્રીકૃષ્ણને પહોંચવાની) હોઈ શકે છે. કેવી કામના ? આવી કામના; જેવી મારી કામના છે તેવી કામના સાંભળો. ''જુઓ હું માગણી ગજા ઉપરવટની લઈને આવ્યો છું. તમન્ના તવ ચરણની રજ થવાની લઈને આવ્યો છું.'' અને ભગવદ્ ઈચ્છાથી તે, એ કામના સિદ્ધ કરી શકે છે. તેની એ કામનામાં-તેનો કામ પુરુષાર્થ સમાયેલો છે.

દશમા શ્લોકમાં, ભગવાન, નિજ ભક્તોના મોક્ષ પુરુષાર્થ રૂપ કેવી રીતે બને છે, તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**સર્વ સામર્થ્ય સહિતઃ સર્વત્રૈવાખિલાર્થ કૃત્ ।**
**શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।।**

**અર્થાત્ :** હે કૃષ્ણ ! આપ તો સર્વ સામર્થ્યથી યુક્ત, સર્વ સ્થળે, સર્વ મનોરથોના પૂરક (પુરનારા) છો. તેથી હું (જીવ અથવા શ્રીવલ્લભ પોતે), શરણે આવનારનો સમ્યક્ ઉદ્ધાર કરનાર એવા આપને વિદીપ્ત કરું છું.

ભગવાન તો સર્વ સામર્થ્ય યુકત છે. તે જીવને ઈચ્છિત ફળ આપવાનું સામર્થ્ય, સર્વ કાળે, સર્વ સ્થળે ધરાવે છે. આવું સામર્થ્ય હોવા છતાં જો તે પોતાના આશ્રિતની રક્ષા ન કરે તો શું ? એવી શંકાનું નિરાકરણ કરવા માટે કહ્યું છે કે તે નિખિલ અર્થ કૃત પણ છે. એટલે કે જીવના બધા અર્થ પૂરા કરનાર છે. તેથી તે પોતાના આશ્રિતની રક્ષા જરૂર કરે. પરંતુ, આથી પણ વધુ નિર્ણયક્તા બતાવવા માટે શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે – તેથી હું 'શરણે આવેલાનો ઉદ્ધાર કરનાર અને એ રીતે તેનો મોક્ષ પુરુષાર્થ સિદ્ધ કરી આપનાર' એવા કૃષ્ણને વિનંતી કરું છું.

શ્રીવલ્લભ વિનંતી શા માટે કરે છે ? તે કહે છે કે વિનંતી એ જીવની દીનતાનું સુચક છે. પુષ્ટિમાર્ગનો એ નિગૂઢ સિદ્ધાંત છે કે ''જીવની દીનતા પ્રભુની કરૂણાને ખેંચી લાવવાનું સર્વોત્તમ સાધન છે.'' તેથી જીવે હંમેશા પ્રભુમાં દીનતાનો ભાવ રાખવો. દીનતા વડે જીવને પ્રભુના આશ્રયની સિદ્ધિ થાય છે અને થશે. એને જ જીવના મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ કહેવાય.

દશમા શ્લોકમાં પુષ્ટિમાર્ગીય મોક્ષનો નિર્દેશ છે. પુષ્ટિ ભક્ત સારૂપ્ય કે સાયુજ્ય માગતો નથી. તે ઈચ્છે છે સ્વરૂપાનંદનું દાન. તે પોતાના સમર્થ સ્વામીના સ્વરૂપને પામી શકે તેમાં એનો મોક્ષ સમાયેલો છે. તેથી આચાર્યશ્રીએ અહીં, ''સર્વ સમર્થ, સર્વ કામનાઓની પૂર્તિ કરનાર અને શરણે આવેલા જીવોનો ઉદ્ધાર કરનાર એવા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી છે કે ''હે નાથ! મને તમારે શરણે રાખો.'' અને **સ્વામી જીવને પોતાને શરણે લે**

**એનું નામ જ** 'પુષ્ટિમાર્ગીય મોક્ષ.'

શ્રુતિ કહે છે, ''જીવ માત્રને દશ પ્રાણ હોય છે. અને આત્મા અગીયારમો હોય છે. જીવના દશ પ્રાણ જીવનું બધું સાધનારા હોય છે.'' એ જે રીતે કૃષ્ણાશ્રયના આ દશ શ્લોક ભગવદીયોનું બધુ સિદ્ધ કરી આપનારા છે, એવું શ્રીગુરુદેવે બધા ભગવદીય જીવોને સમજાવ્યું છે. અને પછી, જેમ અગીયારમો આત્મા, અક્ષય છે તેમ આ સ્તોત્રના પાઠથી મળતું ફળ અક્ષય છે એવું બતાવવા માટે, કૃષ્ણાશ્રયના આત્મારૂપ, આ અગીયારમાં શ્લોકમાં, આપશ્રી, આ સ્તોત્રના પાઠનું ફળ કહી બતાવે છે.

**કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણ સન્નિધૌ ।**
**તસ્યાશ્રયો ભવેત કૃષ્ણ ઈતિ શ્રીવલ્લભોડબ્રવિત ।।**

**અર્થાત્ :** જે કોઈ આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ, કૃષ્ણની સમીપમાં કરશે, તે પાઠ કરનારનો આશ્રય, કૃષ્ણ થશે એવું શ્રીવલ્લભ કહે છે.

કૃષ્ણના સાન્નિધ્યમાં અથવા કૃષ્ણનું ચિંતન કરીને, અને કૃષ્ણનો આશ્રય પ્રાપ્ત કરવાના નિમિત્તે, જે કોઈ જીવ આ સ્તોત્રનો પાઠ કરશે તેનો આશ્રય કૃષ્ણ થશે. પરંતુ આ સ્તોત્રના પાઠનું ફળ શું ?

**''કૃષ્ણાશ્રયની પ્રાપ્તિ''** એ આ સ્તોત્રનો પાઠ કરવાથી અનિવાર્ય રૂપે મળતું ફળ છે. કલિકાલના પ્રભાવથી જે સાધન ષટક બિન અસરકારક અને અસાધક બની ગયું છે, તે ષટકનાં બધાં છ યે છ સાધન કૃષ્ણનો આશ્રય મળતાં, અસરકારક બનશે અને તે ચારે પુરુષાર્થોનાં સાધક બની જશે, એમાં કોઈ શંકા નથી. વસ્તુતઃ એ ચારે પુરુષાર્થો પણ કૃષ્ણના આશ્રયમાં સમાયેલા છે.

મારા ગુરુદેવે, જીવના ચારેય અલૌકિક પુરુષાર્થોની પ્રાપ્તિ કૃષ્ણમાં જ સમાયેલી છે. એવું વૃત્રાસુર ચતુઃશ્લોકીના ભાવાર્થ રૂપે કહ્યું છે -

**પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોડર્થો હરિરેવ હિ ।**
**કામો હરેર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।**

એટલે કે ભક્તિમાર્ગમાં, ભગવાનનું દાસત્વ એ જ ધર્મ છે. અને એજ અર્થ પુરુષાર્થ પણ છે. પ્રભુનાં દર્શનની ઈચ્છા થવી એ જીવનો કામ છે. અને શ્રીકૃષ્ણનું સેવન (સેવા કરવી) એ મોક્ષ છે. અર્થાત ચારે પુરુષાર્થો રૂપે કૃષ્ણ પોતે જ છે.

શ્રીવલ્લભે કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ, કૃષ્ણની સન્મુખ બેસીને કરવાની આજ્ઞા કરી છે. અને એ રીતે એ પાઠ કરનારના ચારે પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો સિદ્ધ થશે એવું કહ્યું છે. કારણ કે એ ચારેય પુરુષાર્થો કૃષ્ણના આશ્રયમાં સમાયેલા છે. આપશ્રીએ એવું પણ ભારપૂર્વક કહ્યું છે કે કૃષ્ણાશ્રયનો પાઠ કરનારને, શ્રીકૃષ્ણનો આશ્રય અવશ્ય મળી રહેશે. આ બાબતની બાંયધરી શ્રીમહાપ્રભુજી પોતે આપે છે.

કૃષ્ણાશ્રયનો પાઠ કરનારનો આશ્રય કૃષ્ણ પોતે થશે એવું શ્રીવલ્લભ વદે છે. એને શ્રીવલ્લભ જે કહે છે તેમ જ થાય છે. કારણ કે શ્રીવલ્લભ, કૃષ્ણના આસ્યાવતાર (વિભુ વદનાનલાવતાર) છે. તેઓ શ્રીકૃષ્ણના શ્રીમુખનું પ્રાકટ્ય છે. તેથી તેમની વાણી કૃષ્ણના શ્રીમુખની વાણી છે. તેથી તે અફર છે.

તેથી શ્રીવલ્લભનાં વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને, તમારી નિત્ય સેવાના એક ભાગ રૂપે, કૃષ્ણાશ્રયનો પાઠ તમારા સેવ્ય ઠાકુરજીની સન્મુખ બેસીને અવશ્ય કરવા તમને (પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાઈ-બહેનોને) આ કૃષ્ણદાસી શાંતિની બે હાથ જોડીને અત્યંત દીન ભાવે કરેલી વિનંતી છે. જો તમે તમારા સેવ્ય સ્વરૂપ સમક્ષ કૃષ્ણાશ્રયનો પાઠ નિત્ય કરશો તો તમારા સ્વામી કૃષ્ણનો આશ્રય તમને હંમેશને માટે મળી રહેશે એવું મારા ગુરુદેવ શ્રીવલ્લભ કહે છે.

**શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.**

**– જય શ્રીકૃષ્ણ**

# ૧૦. ચતુઃશ્લોકી

સર્વદા સર્વ-ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ।।૧।।
એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।।
પ્રભુઃ સર્વ-સમર્થો હિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ।।૨।।
યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।।
તતઃ કિમ્ અપરં બ્રૂહિ લૌકિકૈર્ વૈદિકૈર્ અપિ ।।૩।।
અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર-પાદયોઃ ।।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ ।।૪।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતા ચતુઃશ્લોકી સમ્પૂર્ણા ।।

***

ષોડશ ગ્રંથોમાં, ચતુઃશ્લોકી ગ્રંથ સૌથી નાનો ગ્રંથ છે. છતાં તેનું મહત્વ બીજા કોઈ ગ્રંથ કરતાં ઓછું નથી. ઊલટું, બહુ નાનો ગ્રંથ હોવાને કારણે ઘણી ઓછી યાદશક્તિ ધરાવતા વૈષ્ણવોને માટે, 'ચતુઃશ્લોકી' ગ્રંથને કંઠસ્થ કરવાનું કાર્ય સુલભ બની જાય છે.

શ્રીમહાપ્રભુજી રચિત, બાલબોધ ગ્રંથમાં, મર્યાદામાર્ગીય ચાર પુરુષાર્થો વિષે કહેવામાં આવ્યું છે. એ ચારમાંથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થોનું નિરૂપણ અનુક્રમે મનુસ્મૃતિ, ગૃહ્યસૂત્ર અને કામસૂત્રમાં કરવામાં આવેલ હોઈ, શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં એકમાત્ર ચોથા 'મોક્ષ' પુરુષાર્થનું જ નિરૂપણ કર્યું છે.

ત્યારપછી 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં, સાધન ષટક (દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ અને મંત્ર) તથા ચતુર્વિધ પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ), ભગવાન કૃષ્ણમાં જ આશ્રય લઈને રહેલા છે, એવું કહેવામાં આવ્યું. તેમાં સંકેત રૂપે એવું સમજાવવામાં આવ્યું છે કે ભક્તના આ ચારેય પુરુષાર્થો સદાનંદ શ્રીકૃષ્ણમાં રહેલાં છે.

શ્રીવલ્લભની ચતુઃશ્લોકી જેવી જ શ્રીવ્યાસજીની એક ચતુઃશ્લોકી છે;

તેનું નામ વૃત્રાસુર ચતુઃશ્લોકી. તેમાં મહર્ષિ વ્યાસજીએ ભક્તના એ ચારેય અલૌકિક પુરુષાર્થોનું સુંદર નિરૂપણ એક અસુરે (વૃત્રે) કરેલી પ્રાર્થના દ્વારા કર્યું છે. શ્રીમહાપ્રભુજીએ વૃત્રાસુરની એ પ્રાર્થનાના સાર રૂપે, આજ્ઞા કરી છે -

**પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોઽર્થો હરિરેવ હિ ।**
**કામો હરેર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।**

ભક્તિમાર્ગ (પુષ્ટિમાર્ગ) માં ભક્તના એ ચારેય પુરુષાર્થોનું સ્વરૂપ લૌકિક ન રહેતાં, અલૌકિક બની જાય છે. પુષ્ટિમાર્ગની રીતે વિચારતાં એ ચારેયનો સંબંધ પુષ્ટિ પુરુષોત્તમ સદાનંદ શ્રીકૃષ્ણ સાથ જોડાઈ જાય છે. જે કોઈ લૌકિક વસ્તુનો સંબંધ પરમાત્મા સાથે જોડાય, તે વસ્તુ અલૌકિક બની જાય છે; કારણકે પરમાત્મા અલૌકિક છે. શ્રીમદાચાર્યચરણે આ વાત બહુ સ્પષ્ટપણે કહી છે. આપશ્રી આજ્ઞા કરે છે :-

**ન લૌકિક પ્રભુઃ કૃષ્ણો, મનુતે નૈવલૌકિકમ્ ।**

શ્રીવલ્લભ રચિત 'ચતુઃશ્લોકી' ગ્રંથની રચનાનો એક સુંદર ઈતિહાસ છે. ગોધરામાં રાણા વ્યાસ નામે એક સાંચોરા બ્રાહ્મણ રહેતા હતા. તે વિદ્વાન હતા; તેમને પોતાની વિદ્વતાનું ઘણું અભિમાન હતું. પોતાની વિદ્વતા પ્રદર્શિત કરવાની એક પણ તક તેઓ જતી ન કરતા. જો કોઈ પંડિત ગોધરામાં આવે તો, તેની સામે તેઓ વાદમાં (શાસ્ત્રાર્થમાં) ઉતરતા.

એક વખત તેઓ વિદ્વાનોની નગરી કાશીમાં ગયા. ત્યાં જઈ, તેમણે ત્યાનાં વિદ્વાનોને શાસ્ત્રાર્થ માટે લલકાર્યા. અને શાસ્ત્રાર્થ થયો પણ ખરો. પરંતુ જે જે પંડિત સાથે તેમણે વિવાદ કર્યો તેમાં તેઓ હારી ગયા. આથી તેમનું અહમ્ ઘવાયું. તેથી તેમણે ગંગાજીમાં ડૂબીને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો.

આપઘાત કરવા માટે તેઓ ગંગા કિનારે હનુમાનઘાટ ઉપર આવ્યા. લોકોની અવરજવર બંધ થાય તેની રાહ જોતાં ઘાટ ઉપર બેઠા. તે સમયે આચાર્યશ્રી પોતાના શિષ્યો સાથે તે ઘાટ ઉપર પધાર્યા. આપશ્રીના શિષ્યોમાંથી કોઈ એક શિષ્યે આપશ્રીને પૂછ્યું, ''કૃપાળુ, ગંગાજીમાં ડૂબી મરનાર જીવને શું ફળ મળે ?'' આપશ્રીએ આજ્ઞા કરી, ''જો કોઈ માણસ, અહંકારપૂર્વક કોઈ

સાથે યુદ્ધ કરે અથવા વિવાદ (શાસ્ત્રાર્થ) કરે અને તેમાં હારી જતાં, નિરાશ થયેલ તે જીવ ગંગાજીમાં ડૂબી મરે તો નિશ્ચિતપણે તે સર્પયોનિને પામે. તેને આત્મહત્યાનું પાપ લાગે. તે મહાદુષ્ટ થાય, અને અનેક રોગોથી પીડાય. પરંતુ જો કોઈ માણસ, દીનતાપૂર્વક સંન્યાસ લઈને, શ્રીઠાકુરજીમાં મન પરોવીને, શ્રીઠાકુરજીની ગતિ ઈચ્છતો, ગંગાજીમાં ડૂબી મરે તો તેને સારું ફળ મળે.''

રાણા વ્યાસે શ્રીમહાપ્રભુજીના આ શબ્દો સાંભળ્યા. સાંભળતા જ તે સાવધાન થયા. વિદ્વાન તો હતા જ. શ્રીમહાપ્રભુજીના શબ્દોનો મર્મ પામી ગયા. ઊઠયા અને શ્રીમહાપ્રભુજીના ચરણોમાં લેટી પડયા. પછી તેમણે આચાર્યશ્રીને કહ્યું, ''મહારાજ, હું ગંગાજીમાં ડૂબવા માટે જ, અત્રે નિશ્ચય કરીને બેઠો છું. આપશ્રીના વચન સાંભળીને મારાં અહમ્ અને અજ્ઞાન દૂર થયાં છે. આપ મને શરણે લો.''

શ્રીમદાચાર્યચરણે રાણા વ્યાસને શરણે લીધા. તેમને નામ સંભળાવીને બ્રહ્મસંબંધ કરાવ્યો. ત્યાર પછી ચતુઃશ્લોકી ગ્રંથની રચના કરીને, એ ગ્રંથ તેમને શિખવ્યો. તે શીખીને ચિત્ત સ્થિર થતાં, તેમણે પોતે કાશીમાં કરેલ શાસ્ત્રાર્થો અને તે બધામાં પોતે વહોરી લીધેલ પરાજયોની વાત આચાર્યશ્રીને કહી સંભળાવી. તે સાંભળીને કૃપાનિધિ શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે હવે તમે એ જ બધાં પંડિતો પાસે જાવ. અને તેમની સાથે વિવાદ કરો. રાણા વ્યાસે તેમ કર્યું. અને શ્રીમહાપ્રભુજીના પ્રમેયબળના પ્રતાપે, સર્વવિવાદોમાં તેમનો વિજય થયો.

આ રીતે શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવક ગોધરાના રાણાવ્યાસને બોધ આપવા માટે ચતુઃશ્લોકીની રચના કરી છે. આપશ્રીએ ચતુઃશ્લોકીના ચાર શ્લોકોમાં પુષ્ટિજીવના ચારેય અલૌકિક પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ભાવ આ રીતે સમજાવ્યો છે :-

**(૧) પુષ્ટિમાર્ગીય ધર્મ :** જીવોનું પ્રાકટય ભગવાન્‌માંથી થયું છે. જેમ ભડભડાટ બળતા અગ્નિમાંથી સ્ફૂલિંગો (તણખા) ઉદ્‌ભવે છે, તે રીતે, બધા જીવો પ્રભુમાંથી ઉદ્‌ભવ્યા છે. તેથી જીવ ભગવાન્‌નો અંશ છે; અને ભગવાન્

જીવના અંશી છે. અંશનો એકમાત્ર ધર્મ છે અંશીની સેવા કરવાનો. એ છે પુષ્ટિમાર્ગીય ધર્મ પુરુષાર્થ.

(૨) **પુષ્ટિમાર્ગીય અર્થ :** જો જીવ પોતાનો સેવા ધર્મ પાળે એટલે કે બધુ લૌકિક છોડીને ભગવાન્‌ની સેવામાં વ્યસ્ત રહે તો, તેનો પુષ્ટિ પ્રભુ પોતાના ભકતના અર્થરૂપ બની જાય છે. પછી એવા ભકતે, દ્રવ્ય ઉપાર્જન કરવાની કે લૌકિક અર્થ પ્રાપ્ત કરવાની કોઈ ચિંતા રહેતી નથી. ભક્ત શિરોમણી, કુંભનદાસજીનું જીવન આ બાબતમાં ઉત્તમ દષ્ટાંતરૂપ છે.

(૩) **પુષ્ટિમાર્ગીય કામ :** જીવને કામ સતાવે છે; તેના મનમાં અનેક કામનાઓ ઊઠે છે; પોતાની એ કામનાઓને સિદ્ધ કરવા માટે, જીવ પુરુષાર્થ કરે છે. પરંતુ એ તો લૌકિક જીવોની વાત થઈ. ભગવત ભક્ત તો સદાયે પ્રભુ સેવામાં વ્યસ્ત રહે છે. તેની કામના એકજ હોય છે. અને તે ભગવદ્‌સ્વરૂપનાં દર્શન પામવાની. તેની એ કામના તેનો સ્વામી શ્રીકૃષ્ણ પુરી કરે છે. ગોપીજનોની બધી ગતિવિધિ આ હકીકતના દષ્ટાંતરૂપે છે.

(૪) **પુષ્ટિમાર્ગીય મોક્ષ :** જન્મ-મરણના ફેરામાંથી મળતી મુક્તિ એટલે મર્યાદામાર્ગીય મોક્ષ. પુષ્ટિ ભકતને એવી મુક્તિ (મોક્ષ) ન ખપે. તેનો મોક્ષ ત્યારે થાય જ્યારે પ્રભુ પોતે તેના હૃદયમાં પધારીને તેને સ્વરૂપાનંદનું દાન કરે; અને તેને પોતાની નિત્યલીલામાં સહભાગી બનાવે. આ છે પુષ્ટિમાર્ગીય મોક્ષ.

તાત્પર્ય એ કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે ધમ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થો રૂપે પ્રભુ પોતે જ છે.

ચતુઃશ્લોકી ગ્રંથના ચાર શ્લોકોમાં અનુક્રમે પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થને સમજાવવામાં આવ્યો છે. માત્ર ચાર જ શ્લોકના આ વામન-કદ-ગ્રંથમાં, વિરાટ એવા ચારેય પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોને સમજાવવાનું ભગીરથ કાર્ય શ્રીમહાપ્રભુજીએ કર્યું છે. તેમાં આપશ્રીએ કહ્યું છે કે કૃષ્ણ-સેવા એ ભગવદ્ ભકતને ધર્મ પુરુષાર્થ તો છે જ; પરંતુ સાથોસાથ તે બાકીના ત્રણ પુરુષાર્થોનો સાધક પણ છે. એટલા માટે, અન્યત્ર, આચાર્યશ્રી આજ્ઞા કરે છે -

**"કૃષ્ણસેવા સદા કાર્યા"** - કૃષ્ણસેવા સદા કરો. તેમ કરવાથી તમારા ચારેય અલૌકિક પુરુષાર્થો સિદ્ધ થશે.

કૃષ્ણભક્તિમય જીવન જીવનાર ભકત જ, સાચું વૈષ્ણવી જીવન જીવે છે. આપણે પણ જો આ લઘુ ગ્રંથનું રહસ્ય સમજીને, એ પ્રમાણે જીવન જીવીએ તો આપણને ભજનાનંદ એટલે કે સ્વરૂપાનંદની પ્રાપ્તિ અવશ્ય થાય.

શ્રીમદ્ ભાગવતના અગીયારમાં સ્કંધમાના ચૌદમાં અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે, "તું મારામાં મન રાખ. મારામાં જેનું મન છે તેને ઈન્દ્રાસન એટલે કે સ્વર્ગનું સામ્રાજ્ય (જે ઈન્દ્રને આપવામાં આવ્યું છે તે) અથવા તો રસાતલનું ઐશ્વર્ય (જે બલિને આપવામાં આવ્યું હતું તે) આપવામાં આવે તો પણ તે તેને ન સ્વીકારે. તેને બ્રહ્માસન (જે બ્રહ્માજીને આપવામાં આવ્યું છે અને જે જ્ઞાની પુરુષોનું મોક્ષધામ ગણાય છે તે) અથવા તો સકલ સિદ્ધિઓ આપવામાં આવે તો પણ તે તેને ન સ્વીકારે.

એનો અર્થ એ કે ભગવદ્ ભક્તિ એ જ જીવના પરમ પુરુષાર્થરૂપ છે. પુજ્ય શ્રીહરિકૃષ્ણ શાસ્ત્રીજી પુરુષાર્થનું સાચુ સ્વરૂપ સમજાવતાં કહે છે, "પુરુષાર્થ એનું નામ કે જે સર્વથી નિરપેક્ષ હોય; જેનાથી સર્વ કાંઈ, સત્ય, શમદમાદિ, લૌકિક, વૈદિક અને મોક્ષાન્ત સુખ આનુષંગિક (રીતે) પ્રાપ્ત થાય; જેની ઉપલબ્ધિ પછી, જીવ કંઈ પણ સ્વીકારવાને ન ઈચ્છે. નિરવધિ આનંદ હોય એવો તો, પરમ પુરુષાર્થ ભગવાન્ જ છે; અન્ય નથી. ભગવાન્ ભક્તિનું દાન કરે છે; તે ભક્તિને જ વશ છે. ભક્તિ પ્રિય છે. તેથી સર્વાત્મભાવપૂર્વક ભગવદ્ ભક્તિ (કરવી) એજ ધર્મ. મન પ્રાણનાથ (પ્રભુ)ના ગુણોને સંભારે; વાણીને ગુણોને ગ્રહણ કરે; કાયાને પરમ પુરુષાર્થની સેવા કરે એજ ધર્મ.

એવા એ ભકતને અર્થો ભગવાનેવ, ભગવાન્ (પોતે) અર્થરૂપ થઈ જાય. ઐશ્વર્યાદિ ષડગુણસંપન્ન ભગવાન્ પોતે તેના અર્થ રૂપ થયા પછી તે અન્ય અર્થને (પામવા) કેમ ઈચ્છે ?

એવા એ ભકતોનો મનોરથ, પ્રભુનાં દર્શનની તીવ્ર લાલસામાં જ હોય છે. વગર પાંખના પક્ષી (બચ્ચા) માતાને મળવા તલસે, ક્ષુધાર્થ વાછરડું માને

ધાવવા તલપે, વિરહી પ્રિયા (પોતાના) પ્રિયને મળવા તલપે, એમ જ આ ભક્તિ પ્રભુ વિના તલસે એ જ એમ કામ છે.

પ્રભુનું સ્મરણ ભજન કરનાર ભગવદીયના ગૃહસ્થાશ્રમને આ ભકત મોક્ષથી અધિક માને છે. તે તેમાંથી (ગૃહસ્થાશ્રમના પાલનમાંથી) મોક્ષથી અધિક સુખ મેળવે છે. બ્રહ્માનંદ તેની આગળ તુચ્છ છે. માટે શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે :-

**પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોઽર્થો હરિરેવ હિ ।**
**કામો હરેર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।**

શ્રીભગવાન જ આપણા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એ ચારે પુરુષાર્થરૂપ છે. આ સિધ્ધાંતને આપણે યથાર્થ રીતે સમજી શકીએ એટલા માટે, આચાર્યશ્રીએ, કૃપા કરીને ચાર શ્લોકો રચ્યા. તેમાં પ્રથમ શ્લોકથી ધર્મ પુરુષાર્થનું સ્વરૂપ સમજાવ્યું છે.

**સર્વદા સર્વભાવે ભજનીયો વ્રજાધીપઃ ।**
**સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન્ ।।૧।।**

**અર્થાત્ :** સર્વાત્મભાવથી હંમેશા વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણચંદ્રને સેવવા. ભક્તનો આ જ નિશ્ચિત ધર્મ છે. કોઈપણ સ્થળમાં, કોઈપણ કાલમાં સેવા વિના અન્ય ધર્મ નથી.

આ શ્લોકમાં આવેલા ચાર શબ્દોને યથાર્થ રીતે સમજી લેવાની જરૂર છે. (૧) સર્વદા (૨) સર્વભાવેન (૩) વ્રજાધિપ અને (૪) સ્વધર્મ.

**(૧) સર્વદા :** સર્વદા એટલે હંમેશા. હંમેશા એટલે દરરોજ. એનો અર્થ 'કોઈ એક નિશ્ચિત સમયે' એવો નથી થતો. તેથી ભગવદ્ સેવામાં કાલનો નિયમ નથી. ધર્મશાસ્ત્રોમાં ધર્મ કાર્ય કરવાનો ચોક્કસ સમય નક્કી કરવામાં આવે છે. તે માટે મુહુર્ત જોવું પડે. અને અમૂક ચોક્કસ સ્થળે જ તે ધર્મકાર્ય કરવું પડે છે. એનું કારણ એ છે કે તે ધર્મકાર્ય કરતાં મળતું ફળ, કાલને આધીન છે. અને તેથી તે નાશયુકત પણ છે.

પરંતુ ભગવાન્‌નું દાસત્વ સ્વીકારવું અને પ્રભુનો દાસ બનીને પ્રભુની સેવા કરવી એ એવો કાલાધીન ધર્મ નથી. તેથી ભગવદ્ સેવાનું ફળ પણ કાલાધીન નથી. તે અક્ષય છે. એવું કહેવામાં આવ્યું છે કે જો ક્ષણવાર પણ ભગવત્સેવા ત્યજીને બીજા કોઈ લૌકિક કાર્યમાં ચિત્ત પરોવીએ તો આપણી અનન્યતાનો (એકાગ્રતાનો) ભંગ થાય. સતી સ્ત્રીથી પોતાના પતિની સેવા છોડીને થોડા સમય માટે પણ પારકાની સેવા કેવી રીતે થાય ? પતિવ્રતા સ્ત્રીનું મન થોડા સમય માટે પણ અન્યમાં લાગે તો, તેના પતિવ્રતા ધર્મનો ભંગ થાય. તેથી ભગવાન્ કે જે આપણો સ્વામી છે. તેની સેવા સર્વદા કરો; અમુક ચોક્કસ સમયે નહીં. પ્રભુ સેવા સર્વદા કરવી એ સેવકનો ધર્મ છે. 'સર્વદા' શબ્દનો આવો અર્થ છે.

**(૨) સર્વ ભાવેન :** સર્વ ભાવથી પ્રભુ સેવા કરો. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવદ્ સેવા સર્વાત્મભાવથી કરવી. તો એ સર્વાત્મભાવ એટલે શું ? એનો અર્થ એવો કરવાનો છે કે સર્વને પોતાનો જ આત્મા સમજીને તેના ભાવથી સેવા કરવી, જેમકે -

(ક) પતિ-પુત્રાદિ ભાવથી ભગવાન્‌ની સેવા કરવી. પતિ ભાવથી કૃષ્ણને ભજ્યા અનન્યપૂર્વા કુમારિકાઓએ અને પુત્રભાવે સેવા કરી માતા જશોદાએ.

તમે મા બનો. કનૈયાને તમારો પુત્ર બનાવી લો. પૂર્ણ વાત્સલ્યથી તેની સેવા કરો. તેને નવરાવો, ધોવરાવો, વસ્ત્રાલંકારથી સજાવો, જમાડો, સુવડાવો અને જરૂર પડે તો - જો કે તમારો એટલો બધો અધિકાર નથી છતાં હોય તો - કનૈયાને સ્નેહની દોરી વડે બાંધો.

**(ખ) સર્વભાવ :** આમાં 'સર્વ' એવું પદ છે. તેનો અર્થ પ્રભુ થાય. પ્રભુ જ સર્વ છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ. તેથી સર્વ એટલે પ્રભુ. પ્રભુ સર્વ છે. અને તેના આત્મારૂપ શ્રીસ્વામિનીજી છે. તેથી સ્વામિનીજીના દાસીપણાથી પણ પ્રભુની સેવા કરી શકાય.

**(ગ) ગોપ બાળકોનો સખ્યભાવ :** સખ્યભાવ સૌ કોઈને માટે સુલભ

નથી. ભગવાન્ જેને પોતાના મિત્ર (સખા) તરીકે સ્વીકારે તેનામાં એ ભાવ આવે. જીવે પોતે, પોતાની મેળે કૃષ્ણ સખા ન બની શકે. તેમ છતાં એ એક ભાવ તો છે જ. કોઈક ભાગ્યશાળી તો એ ભાવ કૃષ્ણસેવા કરી શકે. કુંભનદાસ, ગોવિંદસ્વામી, ગર્જ્જન ધાવન વગેરે સખાભાવથી જ કૃષ્ણને સેવ્યા છે, એ વાત સૌ કોઈ જાણે છે.

**(ઘ) દાસ્યભાવ :** આ ભાવ સર્વ સુલભ છે. તમે તમારી ઈચ્છાથી – અલબત્ત શ્રીગુરુદેવની મધ્યસ્થીથી ભગવાન્‌ના દાસ જરૂર બની શકો. વળી, ઉપર બતાવેલ વાત્સલ્ય, મધુર, સખ્ય આદિ ભાવોના પાયામાં તો દાસભાવ જ રહેલો છે. આપણે નિવેદન કરતી વખતે, ''દાસોઙહમ'' બોલીને કૃષ્ણનું દાસત્વ આપમેળે સ્વીકારી લીધું છે. તેથી એ દાસભાવ નૈસર્ગિક રીતે આપણામાં છે જ. એ ભાવ તમે વ્રજાધિપને ભજો.

**(૩) વ્રજાધિપ :–** વ્રજાધિપ એટલે વ્રજના અધિપતિ. વ્રજ એટલે વ્યાપ્ત. સર્વ વ્યાપ્ત એવા નિખિલ બ્રહ્માંડનો અને વ્રજમંડળમાં આવેલ ગોકુલ પ્રદેશનો એ અધિપતિ છે જ. તેથી વ્રજાધિપ પદ પૂર્ણ પુરુષોત્તમનું બોધક પદ છે. વ્રજમાં રહેલ સૌનો તે નાથ હોવાથી (ગો, ગોપ, ગાય, ગોપી, નંદ-જશોદા, પશુ, પક્ષી બધાનો) તેણે સૌની સાથે રમણ કર્યું છે. એવું ભાગવત વદે છે.

મહારાસલીલા વડે તેણે શ્રીગોપીજનો સાથે રમણ કર્યું. વનલીલા દ્વારા તેણે ગોપબાલકો, વનનાં પશુ, પક્ષી-હરણ આદિ તમામ સાથે રમણ કર્યું; બ્રહ્માજી દ્વારા વત્સ (વાછરડાં) અને ગોપોના થયેલ હરણ પ્રસંગે, પોતે તેમનાં રૂપ ધારણ કર્યાં અને ગોપોનાં મા-બાપ, વડીલો આદિ તથા વાછરડાંની માતા-ગાયો સાથે તેમણે રમણ કર્યું. તે રીતે આપણે પણ જો સર્વાત્મભાવે કૃષ્ણને ભજીશું તો વ્રજજનોની માફક તે આપણી સાથે પણ રમણ કરશે. જરૂર કરશે. વ્રજના એ અધિપતિએ ગોકુલવાસીઓને રસદાન કરવા માટે જ. નિજ વાત કરવાં ગિરિવરને ધારણ કર્યો હતો. અને અત્યંત ઉત્સાહમાં આવીને તે બોલી ઊઠ્યા હતા કે 'વ્રજનો નાથ હું છું, વ્રજ મારે શરણે છે.' યથા –

**તસ્માન્મચ્છરણં ગોષ્ટં મન્નાથં મત્પરિગ્રહમ્ ।**
**ગૌપાયે સ્વાત્મ યોગેન સોયં મે વ્રત આહિતઃ ।।** (ભા.૧૦-૨૫-૩૮)

તો ચાલો આપણે પણ શ્રીગોકુલપતિને આપણા નાથ તરીકે સ્વીકારીને તેની સેવા કરીએ.

**(૪) સ્વધર્મ :** જીવ ભગવાન્‌નો અંશ છે. ''જે જેનો અંશ હોય તે તેને ભજે'' તેથી પરબ્રહ્મ કૃષ્ણની સેવા કરવી એ તેના અંશ રૂપ બધા જીવોનો ધર્મ છે. ત્રણે કાળમાં, જીવનો એ સિવાય (પ્રભુ સેવા સિવાય) બીજો કોઈ ધર્મ નથી. આનું નામ જ સ્વધર્મ. અન્ય ધર્મ જીવને માટે બાધક છે. તેથી જ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ **નાન્યઃ ક્વાપિ કદાચન** - એવા શબ્દો દ્વારા સ્પષ્ટ આજ્ઞા કરી છે કે પ્રભુ સેવા સિવાય, કોઈપણ કાળમાં, કોઈપણ સ્થળે, જીવનો બીજો કોઈ ધર્મ નથી. આવી આજ્ઞા કરીને આપશ્રીએ જીવને સ્પષ્ટપણે સમજાવ્યું છે કે શાસ્ત્રોમાં જે બધા ધર્મો બતાવ્યા છે તે બધા સ્વધર્મો નથી. તે તો પરધર્મો છે. અને - **સ્વધર્મે નિધનો શ્રેયઃ પરધર્મો ભયાવહઃ.**

આ રીતે આપશ્રીએ એ શબ્દો દ્વારા અન્ય ધર્મોનો સદંતર નિષેધ કર્યો છે.

ધર્મો બે પ્રકારના છે (૧) આત્માનો એકમાત્ર ધર્મ અને (૨) દેહના અનેકવિધ ધર્મો. દેહના ધર્મો દેહ છે ત્યાં સુધી પાળવાના છે - જો પાળવા હોય તો. જેમકે સત્ય, અહિંસા, દયા આદિ ધર્મો . દેહ ન હોય ત્યારે તેમાંથી કોઈ ધર્મ પાળવાનો હોતો નથી. પરંતુ આત્મા તો અમર છે. અને આત્માનો જે એકમાત્ર (પ્રભુસેવા) છે તે પણ શાશ્વત છે. આત્મા પરમાત્માનો અંશ હોઈને, અંશીની સેવા (કૃષ્ણસેવા), સ્થળ કાળના બાધ વગર, સતત નિરંતર કરતા રહેવાની છે. એ છે સ્વધર્મ. ધર્મશાસ્ત્રમાં બતાવેલા ધર્મો દેહને અનુલક્ષીને કહેવામાં આવ્યા છે. જ્યારે પ્રભુ સેવા રૂપી ધર્મ, આત્માને અનુલક્ષીને કહેવામાં આવ્યો છે. તેથી તે સ્વધર્મ છે. આત્મા એ જ 'સ્વ' છે; દેહ એ 'સ્વ' નથી.

મહારાજ યુધિષ્ઠિરે, ભીષ્મદાદાને પૂછ્યું, ''સર્વધર્મમાં તમને કયો ધર્મ શ્રેષ્ઠ લાગે છે ?'' ત્યારે દાદાએ તેજ ક્ષણે કહ્યું, ''પ્રભુની સહસ્ર નામથી સ્તૂતિ

કરવી (વિષ્ણુ સહસ્રનામ સ્રોતનું રટણ) અને ભક્તિભાવપૂર્વક પ્રભુ સેવા કરવી એ શ્રેષ્ઠત્તમ ધર્મ છે.''

ભગવદ્સેવા એજ આપણો એક માત્ર ધર્મ છે. એવું બીજી રીતે પણ સાબિત કરી શકાય. આચાર્યશ્રીની આજ્ઞા છે, ''પુષ્ટિં કાયેન નિશ્ચય'' એટલે કે પુષ્ટિસૃષ્ટિ પ્રભુની કાયામાંથી ઉદ્‌ભવી છે. અને બીજી આજ્ઞા છે, ''ભગવદ્ રૂપ સેવાર્થ તત્સૃષ્ટિનાન્યર્થાભવેત્'' એટલે કે પુષ્ટિ સૃષ્ટિના જીવો ભગવદ્ સ્વરૂપની સેવા અર્થે જ પ્રકટયા છે. એ રીતે સમજતાં પણ, ભગવાન્‌ના ભકતોનો ધર્મ ભગવદ્સેવા છે.

જીવે સદા વ્રજાધિપની સેવા કરવી. જીવનો ધર્મ પ્રભુની સેવા કરવાનો છે. તેથી તેણે સેવા કરવી; સેવા સદૈવ કરવી. ગમે ત્યારે અને ગમે ત્યાં કરવી. સેવા આડે દેશકાલને બાધારૂપ ન બનવા દેવાં. સેવા કરવામાં કોઈ વિધિ વિધાનને પણ વચમાં ન લાવવું. ''સેવા ધર્મમાં કોઈ વિધિ નથી'' એવું શ્રીમદ્ વ્રજરાજજી મહારાજ કહે છે. આપશ્રી કહે છે કે ''સેવામાં વિધિ થયો કે ન્યૂનાતિરિકત દોષ લાગે'' સેવાભજન તો ભાવાત્મક છે. ભજન એ જ ફલ છે. ફલ એજ સ્વધર્મ છે. એટલા માટે ભગવાન કૃષ્ણ પોતે કહે છે કે જે જે પ્રકારે મને ભજે છે તે તે પ્રકારે હું ભજું છું.

ભકતોને તો ભગવાન્ જ ઈષ્ટ છે. અને ભગવાન્‌ની પ્રાપ્તિ ભગવત્સેવા વિના બીજી કોઈ રીતે થાય નહીં. તેથી ભગવાન્‌ના વિરહતાપપૂર્વક જે ભગવત્સેવા કરવામાં આવે તે જ પરમ ધર્મ રૂપ સેવા કહેવાય.

ચતુઃશ્લોકીના આ પહેલા શ્લોકમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનો ભાવ કંઈક આવો છે. વૈષ્ણવી જીવન એટલે નિરંતર કૃષ્ણસેવા કરવામાં વિતાવેલું જીવન. પરંતુ એ સેવા સર્વાત્મભાવે કરેલી હોવી જોઈએ. અહીં સર્વાત્મભાવથી કરેલી સેવાનો અર્થ ''પત્ની, પુત્ર, ધન આદિ બધુ ભગવાન્‌નું છે એવા ભાવ સહિત કરેલી પ્રભુસેવા'' વૈષ્ણવો માટે પ્રભુનું ભજન કરવા સિવાય કોઈ બીજો ધર્મ નથી. ભજનનો આનંદ મોક્ષના આનંદ કરતા ઘણી ઊંચી કક્ષાનો છે. ભજનાનંદ દ્વારા રાસલીલાનો સાનુભાવ પણ થઈ શકે છે. રાસલીલા કરતી વખતે, ગોપીજનોએ મુકત કંઠે ગાયેલા ગીતને ભજન કહેવાય.

અને તે ગાતાં તેમને જે આનંદ થયો તેને ભજનાનંદ કહેવાય. આવું સમજીને સદા સર્વદા વ્રજાધિપનું ભજન કરો.

આનો અર્થ એવો નથી થતો કે જીવે લૌકિક કાર્યોનો સદંતર ત્યાગ કરવાનો છે. ભૂતલ ઉપર જ્યાં સુધી ભક્તની સ્થિતિ છે. ત્યાં સુધી તેણે લૌકિક કાર્યો પણ કરવાનાં છે. પરંતુ એવાં લૌકિક કાર્યો, જે લૌકિક જીવો હોય તે આસક્તિ રાખીને કરે છે. જ્યારે સાચો વૈષ્ણવ આસક્તિ રહિત બનીને તેવાં કાર્યો કરે છે. તેની આસક્તિ તો કેવલ પ્રભુ ભજનમાંજ હોય છે. પોતાનું લૌકિક અસ્તિત્વ ટકાવી રાખવા પુરતું તે લૌકિક કાર્યો કરે છે. જીવે પોતાનું લૌકિક અસ્તિત્વ ટકાવી રાખવાનું છે. કારણ કે જીવ દેહ સાથે સંકળાયેલો રહે, ત્યારે તે પોતાનાં દૈહિક અંગો દ્વારા ભજન અને કૃષ્ણસેવા સારી રીતે કરી શકે. તેથી શરીર ટકાવી રાખવું. જરૂરી છે. શરીર દ્વારા જ ભગવદ્સેવા કરી શકાય છે. જીભ દ્વારા ભજન-કીર્તન થઈ શકે છે; શરીરની બધી ઈન્દ્રિયો દ્વારા પ્રભુસેવા થઈ શકે છે. દેહ અને દેહની ઈન્દ્રિયો ન હોય તો 'આત્મા એકલો' પ્રભુ સેવા ન કરી શકે. તેથી દેહને ટકાવી રાખવા માટે  ખાવુ, પીવું, સુવું, બેસવું તથા અન્ય સાંસારિક, વ્યાવસાયિક અને વ્યવહારિક કાર્યો કરવાં પડે છે. પરંતુ જે જીવ સ્વધર્મ જાણતો હોય તે એવાં લૌકિક કાર્યો કરશે તો ખરો પરંતુ તેમાં આસકત નહીં બને; તે તેમાં ડૂબી નહીં જાય. આસક્તિ રહિત બનીને, તટસ્થ વૃત્તિથી તે એવાં કાર્યો કરશે. તે એવાં કાર્યો પ્રભુ પ્રિત્યર્થ કરશે. તે નિશ્ચયપૂર્વક એવું વિચારશે કે મારો ધર્મ તો પ્રભુ સેવા કરવાનો જ છે. ''સેવામાં આસક્તિ અને અન્ય કાર્યોમાં (લૌકિકમાં) અનાસક્તિ'' - આવું છે ભગવદ્ભકતોનું જીવન.

પરંતુ કાર્ય કરે તો ફળની આશા રહે ખરી. પુષ્ટિ ભકત લૌકિક કાર્યમાં ફળની આશા ન રાખે. તેણે કરેલાં લૌકિક કાર્યો તેનો દેહ ટકાવી રાખવા અને તેનું વ્યવહારિક જીવન ટકાવી રાખવા માટે કરેલાં હોય છે. તેથી એવાં કાર્યો દ્વારા તેનો દેહ ટકી રહે અને તેનું વ્યવહારિક જીવન ચાલતું રહે એ જ એનું ફળ. બીજા કશા લૌકિક ફળ (સંપત્તિ, કીર્તિ આદિ)ની આશા તેને ન હોય. તેનું તો માત્ર એક જ કાર્ય છે અને તે પ્રભુસેવા. અને પ્રભુસેવાનું ફળ છે સ્વરૂપાનંદની પ્રાપ્તિ. તે સેવા એ સ્વરૂપની સેવા છે. સેવા કરતાં સ્વરૂપાનંદ નીરખ્યાનો આનંદ

મળી રહે છે. ભજન કરતાં ભજનાનંદની પ્રાપ્તિ થઈને જ રહે છે.

આ રીતે આપણે ભગવાન્‌ને જ (ભગવદ્‌સેવાને) ધર્મ સમજ્યા. હવે બીજા શ્લોકમાં, શ્રીમદાચાર્યચરણ અર્થ પુરુષાર્થનું સ્વરૂપ સમજાવે છે :-

**એવં સદા સ્મ કર્તવ્યં સ્વ્યમેવ કરિષ્યતિ ।**
**પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્ ।।**

**અર્થાત્ :-** આગળ કહેલી રીતે, નિરંતર (જીવ દ્વારા ભજનરૂપી પોતાના ધર્મનું આચરણ કરાય ત્યારે) સ્વામીને પોતાને કરવાનું (યોગક્ષેમાદિ) કાર્ય તે પોતે જ કરશે. કારણકે ભગવાન્ સર્વને નિયમમાં રાખનાર છે. અને તેથી કાલાદિકથી જે વસ્તુ સિદ્ધ ન થઈ શકે તે બધુ પણ સિદ્ધ કરવાને માટે તે સમર્થ છે. એવું સમજીને ભગવદ્ ભકતોએ નિશ્ચિત થઈને રહેવું.

ભગવદીયોને માટે ભગવાન્‌જ અર્થરૂપ છે. પરંતુ અહીં અલૌકિક અર્થની વાત કરવામાં આવી છે. અલૌકિક અર્થ અતિ દુર્લભ છે. અને તે અન્ય અર્થ પુરુષાર્થ દ્વારા સાધી ન શકાય. માત્ર ભગવાન્‌જ સ્વીયજનોમાં એવા અલૌકિક અર્થનું સંપાદન કરે છે. તેથી ભગવાન્‌જ આપણા અર્થ રૂપ છે એમ સમજવું. ભગવાન્ જ મારુ બધુ કરશે એવું જાણીને જીવે તો કેવળ સર્વાત્મભાવથી ભજન કરવું.

પ્રભુ સર્વ સમર્થ છે. તે લૌકિક અને અલૌકિક બધુ કરવા સમર્થ છે. અહીં કદાચ એવી શંકા થાય કે પ્રભુ સમર્થ છે એ વાત સાચી. પરંતુ અલૌકિક અર્થની સિદ્ધિ થવા માટે જીવે યોગ્યતા કેળવવી જોઈએ. અલૌકિક અર્થનું સંપાદન તો વ્રજની કુમારિકાઓમાં જ સંભવે. કારણકે તેઓ જ તેને માટે યોગ્ય છે, અન્ય યોગ્ય નથી.

જો આવી શંકા થાય તો તેના નિરાસ માટે એવું કહેવામાં આવ્યું છે કે જીવ તેને માટે યોગ્ય નથી એ વાત સાચી છે; પરંતુ જો તે સર્વાત્મભાવે પ્રભુ ભજન કરે તો સમર્થ ભગવાન તેના ઉપર અનુગ્રહ કરીને તેના અલૌકિક અર્થને સિદ્ધ કરાવી આપે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે -''અલૌકિક અર્થની સિદ્ધિ થવી એ દુર્લભ હોવા છતાં, તે આપણને જરૂર પ્રાપ્ત થશે એવી આશાથી

ભગવદ્‌ભજન કરતા રહેવું.''

વ્રજ સુંદરીઓ, વાસના સહિત સર્વ વિષયોનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણના ચરણકમળમાં આવી તો ભગવાને તેમના મનોરથો પૂર્ણ કર્યા. ભગવાને કહ્યું છે કે, ''જેઓએ મારે માટે લોકધર્મોનો ત્યાગ કર્યો છે તેમને હું ધારણ કરી રાખું છું. તેમનું ભરણ હું કરું છું.''

જે રીતે અર્થ (સંપત્તિ) હોય તો જ અભિલાષ (મનોરથ) ની પૂર્તિ થાય છે. અને ન હોય તો મનોરથો પૂર્ણ થતા નથી તે રીતે પ્રભુસેવા રૂપી અર્થની પ્રાપ્તિ થતાં જીવના અલૌકિક મનોરથોની પણ પૂર્તિ થઈને જ રહેશે, એવું સમજીને ભકતોએ નિશ્ચિંત થઈને રહેવું. તેથી ભકતો માટે તો અર્થરૂપ ભગવાન્‌જ સેવવા યોગ્ય છે.

જેમ અર્થ (સંપત્તિ) વિના, લૌકિક રમણ તેમજ લૌકિક ભોગ સંભવતા નથી. તેમ અત્રે આધિદૈવિક લક્ષ્મીજીના પ્રવેશ વિના ભગવદ્‌સેવા અને ભોગ સંભવતા નથી. એ આધિદૈવિક લક્ષ્મીજીરૂપી સંપત્તિની પ્રાપ્તિ, ભક્તિની સેવાથી સંતુષ્ટ થયેલ ભગવાન્ પોતે પોતાનામાંથી કરાવશે. ભગવદ્ અનુગ્રહથી ભગવદ્ રમણ અને ભોગ સંભવે છે. તેથી ભગવાન્ જ અર્થરૂપ છે, એવું શ્રીમદાચાર્યચરણે ફલ પ્રકરણમાં નિરૂપણ કરેલું છે.

પ્રભુ શું કરવા સમર્થ નથી ? તે તો સર્વસમર્થ છે. તેમ છતાં, ભગવદ્ ભક્ત જ્યારે અન્ય કાર્યોમાં આસક્તિ રહિત બનીને, ફલાસક્તિ છોડીને કેવળ પ્રભુભજનમાં રત રહેતો હોય તો પછી તેના અર્થ પુરુષાર્થ એટલે કે યોગક્ષેમનું શું તેનો નિર્વાહ કેવી રીતે ચાલશે ? આ પ્રશ્નનો સચોટ જવાબ આચાર્યશ્રીની આજ્ઞામાં રહેલો છે. આપશ્રી કહે છે કે એવા જીવનો સ્વામી શ્રીકૃષ્ણ છે. પોતાના સેવકનો, પોતાના દાસનો યોગક્ષેમ વહન કરવાની તેનામાં શક્તિ છે. અને તેણે પ્રતિજ્ઞા કરી છે કે -

**અનન્ય ચિત્તથી જે કરે જેઓ મારી ઉપાસના**
**તે નિત્યયુકત ભક્તોનો યોગક્ષેમ ચલાવુ હું.** (ગીતાજી)

ભગવદ્ ભકતે તો પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિને તેનું દાસત્વ

સ્વીકારી લીધું છે. પ્રભુની સેવાને પોતાનો એકમાત્ર ધર્મ સમજીને તે સર્વાત્મ ભાવે પ્રભુ સેવા જ કરે છે. તો પછી, પોતાના યોગક્ષેમની ચિંતા તેને હોય ખરી? આ રીતે દાસત્વની ભાવના રાખીને, પોતાનાં લૌકિક વૈદિક કાર્યોને ભગવદ્ સેવાની સાથે કરનાર ભકતના જીવન નિર્વાહની ચિંતા તેનો સમર્થ સ્વામી જ કરશે.

**સેવકસ્ય તુ ધર્મોયં, સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।**

સેવક પોતાનો ધર્મ બજાવે તો સ્વામી પોતાનો ધર્મ બજાવવામાં પાછીપાની નહીં કરે. આ રીતે પ્રભુજ પોતાના ભકતના અર્થ પુરુષાર્થરૂપ બને છે. આ રીતે અર્થનું સ્વરૂપ કહીને, ત્રીજા શ્લોકમાં કામનું સ્વરૂપ કહે છે.

**યદિ શ્રીગોકુલાધિશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।**
**તતઃ કિમપરંબ્રુહિ લૌકિકેવૈદિકેરપિ ।।૩।।**

**અર્થાત્ :–** જો તેં શ્રી ગોકુલના અધિપતિ શ્રીકૃષ્ણચંદ્રને તારા હૃદયમાં ધારણ કર્યા હોય તો પછી લૌકિક સુખ અને વૈદિક સ્વર્ગાદિક સુખમાં પણ શી અધિકતા રહેલી છે ? (જેથી તે પ્રાપ્ત કરવાની ઈચ્છા ભગવદ્ ભકતને થાય !) અર્થાત્ લૌકિક-વૈદિક સુખની પ્રાપ્તિ થવાથી તેનુ કયું પ્રયોજન સિદ્ધ થવાનું છે, તે તું કહે.

અહીં શ્રીમદાચાર્યચરણ જાણે કે પોતાના મનને પ્રશ્ન ન કરતા હોય તેમ તેને કહે છે કે જેણે ભગવાન્‌ને હૃદયમાં ધારણ કરી લીધા છે તેને હવે બીજું કશું પ્રાપ્ત કરવાની ઈચ્છા હોતી નથી. શ્રીગોકુલેશને હૃદયમાં ધારણ કરવાનું સદ્‌ભાગ્ય અને સામર્થ્ય તો કોઈ વિરલ અગ્નિ કુમારિકાઓ જેવાં ભગવદીઓ જ મેળવી શકે. પ્રભુ ગોકુલપતિ છે એટલે કે તેઓ ગો કહેતાં ગોપીજનો, ગોપો અને ગાયોના પતિ છે. ભગવાન્ ગોપીજનોના પતિ શા માટે બન્યાં ? ભગવાન્ તેમનો નિઃસ્વાર્થ પ્રેમ જોઈને જ તેમના પતિ બન્યા; અને તેમનો અંગીકાર કર્યો. તેથી આપણે પણ જો શ્રીગોકુલાધિશને પ્રેમપૂર્વક હૃદયમાં ધારણ કરીએ તો તેઓ આપણો અંગીકાર કરશે. અને આપણા પતિ બનશે. અને આપણી સર્વ કામનાઓ સિદ્ધ કરશે.

શ્રીવ્રજરાજ મહારાજ કહે છે, ‘‘ગોપીજનોએ તો કામભાવથી પ્રભુને હૃદયમાં ધારણ કર્યા હતા. ગોપીઓ કામભાવથી પ્રભુને મળ્યાં. શ્રીમદાચાર્યચરણ પ્રકટિત પુષ્ટિમાર્ગમાં પણ તેવા સ્વરૂપની પ્રાપ્તિ કહી છે. આ હેતુથી, આચાર્યશ્રીએ ‘સન્યાસ નિર્ણય’ ગ્રંથમાં ગોપીજનોને પુષ્ટિમાર્ગનાં ગુરુ કહ્યાં છે. અને તેમના ભાવનો જ (કામભાવનો) ઉપદેશ કર્યો છે. તેથી આપણે પણ શ્રીગોપીજનોના એ ભાવથી જ પ્રભુની સેવા કરવી. પરંતુ આ ભાવ ગૂઢ છે. તેથી શ્લોકમાં તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી. માત્ર સર્વભાવથી શ્રીગોપીજનોના કામભાવનું સૂચન કરીને, આપણને પણ કામભાવથી કૃષ્ણને ભજવાની આજ્ઞા કરી છે.

ગોપીજનોનો કામ એ ગૂઢ ભાવ છે એમ કહ્યું અને ગોપીજનોએ કામભાવથી જ પ્રભુને પતિ તરીકે મેળવ્યા છે એવું પણ કહેવામાં આવ્યું છે. તો પછી તેમનો કામભાવ ગૂઢ હોય તો પણ તે નઠારો ભાવ તો નથી જ. તે તો પ્રભુને પતિ તરીકે મેળવી આપનાર ઉત્તમભાવ છે. આપણે જાણીએ છીએ કે લૌકિક કામની સર્વત્ર નિંદા કરવામાં આવે છે. પરંતુ અહીં તો ગોપીજનોના કામભાવથી આટલી બધી પ્રશંસા કરવામાં આવી છે. ગોપીજનોના કામને પ્રભુ પ્રાપ્તિના સાધન તરીકે શા માટે ગણવામાં આવ્યો છે ? જે પ્રભુપ્રાપ્તિનું સાધન હોય તે નઠારું ન હોઈ શકે. તેથી સિદ્ધ થાય છે કે ગોપીજનોનો કામભાવ બહુ ઉત્તમ ફલપ્રાપ્તિ કરાવી આપનાર ભાવ છે.

આ વાત સમજાવતા એવું કહેવામાં આવ્યું છે કે લૌકિક કામભાવ અને ભગવદ્‌વિષયક કામભાવ એ બે વચ્ચે જમીન આસમાનનું અંતર છે. આપણું મન ભગવાનમાં સ્થિર થાય તેનું નામ જ ભગવદ્‌વિષયક કામની પૂર્તિ. શ્રીવ્રજકુમારિકાઓના કામની પૂર્તિ કરનાર શ્રીકૃષ્ણ કહે છે કે મારામાં જેની બુદ્ધિ છે તેનો કામ લૌકિક કામની માફક બાધક બનતો નથી. પ્રભુ વિષયક કામ બાધક ન હોય; તે સાધક જ હોય.

તેથી પ્રભુમાં મનને એવી રીતે સ્થિત કરો કે જેથી લૌકિકમાં આસક્તિ ન થાય. તમારે તો તમારા હૃદયમાં શ્રીગોકુલાધિશને ધારણ કરવાના છે. તેમ કર્યા પછી, તમને બીજી કોઈ કામના બાકી નહીં રહે. શ્રીગોકુલાધીશ એટલેકે

યશોદાત્સંગ લાલિત બાલકૃષ્ણને હૃદયમાં ધારણ કરનાર ભક્તને, બીજી કોઈ કામના બાકી રહે ખરી ? અંતઃકરણમાં ફલાત્મક પ્રભુની સ્થિતિ થાય ત્યાર પછી બીજા કોઈ ફળની કે બીજી કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની કામના તેમનામાં રહે ખરી ?

ભગવદ્ ભક્તનો (ગોપીજનોનો) કામ એ ગૂઢભાવ છે. પરંતુ તેનું ગૂઢપણું દૂર કરીને તેને સાદી ભાષામાં ઓળખાવવામાં આવે તો તે ભાવને સ્વરૂપાનંદની પ્રાપ્તિ એવું નામ આપી શકાય. જે કોઈ ભક્ત નિત્યપ્રતિ પ્રભુસેવા કરે, નિષ્કામ ભાવે પોતાનાં લૌકિક કાર્યો પણ કરે. તેના હૃદયમાં સ્વયં પ્રભુ આવીને બિરાજે. તેમ થતાં ભગવદ્ ભકતના કામની પૂર્તિ થઈ જાય. વ્રજની ગોપીઓનો ભાવ (કામભાવ) આ રીતે પૂર્ણ થયો હતો. તેમનો કામ લૌકિક ન હતો; તેમની કામવાસનાની પૂર્તિ તેમને મળેલ સ્વરૂપાનંદમાં રહેલ છે. ગોપીઓએ શ્રીગોકુલાધિશને પોતાના હૃદયમાં પધરાવ્યા તેજ ક્ષણે તેમની અલૌકિક કામવાસના સિદ્ધ થઈ.

ભગવદ્ ભક્તને સ્ત્રી-બાળકો પ્રત્યે પ્રેમ તો હોય છે. પરંતુ તે બધાં તેની સેવાના કાર્યમાં મદદ કરતાં હોય તો જ અને તેટલે અંશે જ. પરંતુ તેનો પૂર્ણ અને નિર્વ્યાજ પ્રેમતો કેવળ કૃષ્ણ પ્રત્યે જ હોય છે. તેનું હૃદય શ્રીગોકુલાધિશના પ્રેમથી ભરાયેલું હોય છે. પ્રભુપ્રેમથી છલોછલ ભરાયેલા તેના હૃદયમાં, લૌકિક (સ્ત્રી-પુત્રાદિકનો) પ્રેમ કેવી રીતે સમાઈ શકે ? જો તેની એક માત્ર ઈચ્છા રસેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણની સાથે રમણ કરવાની હોય તો નિજ પત્ની સાથે રમણ કરવાની કામના તેનામાં કેવી રીતે સંભવી શકે ? નિજ પત્ની સાથેના તેના સંબંધોનું નિયંત્રણ અને નિર્દેશન પ્રભુ ઈચ્છા પ્રમાણે જ થાય છે.

આ રીતે પુષ્ટિજીવનો કામ પુરુષાર્થ એટલે શ્રીગોકુલાધીશને હૃદયમાં ધારણ કરી રાખવા તે. ત્રીજા શ્લોકમાં અલોકિક કામ પુરુષાર્થનું સ્વરૂપ વર્ણવ્યું. હવે ચોથા શ્લોકમાં અલૌકિક મોક્ષ પુરુષાર્થનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે.

**તતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ ।**
**સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ ।।૪।।**

**અર્થાત્ :-** એટલા માટે, સર્વાત્મ ભાવથી, નિરંતર, ગોકુલના સ્વામી શ્રીકૃષ્ણના ચરણકમલનું સ્મરણ ભજન (સેવન) તેના અનન્ય ભક્તોએ કદી ન છોડવું, એવી મારી (શ્રીવલ્લભની) મતિ છે.

કામભાવથી કરેલ ભક્તિમાં જીવને સ્વરૂપાનંદનું દાન કરવામાં આવે છે. સર્વેશ્વર અને સર્વાત્મા એવા ભગવાનને તમે તમારા નાનકડા હૃદયમાં ધારણ કરી લો છો એ છે તમારું પરમ સૌભાગ્ય. પરંતુ સૌભાગ્ય પામીને સૌભાગ્ય મદ ન થાય એવા વિરલા બહુ ઓછા હોય છે. **''સ્વાગતં વો મહાભાગા''** - એવા શબ્દો વડે જેમનું સ્વાગત સ્વયં ભગવાને કર્યું અને પછી જેમની સાથે લઘુરાસ પણ કર્યો એવા પરમ ભાગ્યશાળી ગોપીજનોને પણ પોતાના સૌભાગ્યનો મદ થયો. તેથી તેમનો સંયોગ વિયોગમાં પલટાઈ ગયો. તેથી આપણને એવો સૌભાગ્ય મદ ન થાય તે માટે શું કરવું ? તેનો ઉપાય આ શ્લોકમાં સૂચવ્યો છે. એ માટે જીવે શું કરવું ? તો કહ્યું છે કે - સ્મરણં ભજનં ન ત્યાજ્યમ્ એટલે કે પ્રભુનું સ્મરણ અને ભજન કદી ન છોડવું. કયાં સુધી ન છોડવું ? તો કહ્યું છે કે શશ્વદ એટલે કે હંમેશ માટે. જો તમે થોડાક સમય માટે પણ તે છોડશો તો તમારામાં આસુરાવેશ થશે. તેથી શ્રીસ્વામિનીજી સહિત બિરાજતા શ્રીગોકુલાધિશ પ્રભુનું સ્મરણ ભજન, નિરંતર (હંમેશ માટે) કરતા રહો. શશ્વદ્ (નિરંતર) પદનો ભાવ સમજો. તેનો ભાવ એ છે કે - ભગવાન આપણી દરકાર કરે કે ન કરે, પરંતુ આપણે તો તેનું ભજન કરતા રહેવું. આવી શ્રીઆચાર્યજીની આજ્ઞા છે.

આ રીતે પ્રભુનું નિરંતર ભજન અને સ્મરણ કરતાં જીવને જે પદ મળે તે ચતુર્વિધ મોક્ષ કરતાં ઉત્તમ પદ છે. આપણો તો ભક્તિમાર્ગ છે; ભક્તિ એ જ પરમ પુરુષાર્થ છે. ''ભક્તિ મોક્ષ કરતાં અધિક છે'' એવું ભાગવતમાં યત્ર તત્ર સર્વત્ર કહેવામાં કે નિર્દેશ કરવામાં આવ્યું છે. ભગવાને પણ એ જ કહ્યું છે ''મારા ભક્તોને સાલોકય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય (સાર્ષ્ટિ) આ ચારે પ્રકારના મોક્ષ આપવા માંડયા પરંતુ તેમણે તે ન લીધા. અને તેમણે તો માત્ર મારું દાસત્વ જ માગ્યું - **મમ દેહી દાસ્યમ્ ।**

ગોપીજનો કહે છે ''હે નાથ ! પ્રાણાધાર, આપના મુખારવિંદનું દર્શન કરવા માત્રથી જ અમારી બીજી બધી કામનાઓ દૂર થઈ જાય છે. આપનું

અલકાવૃત (ઘૂંઘરીયાળા વાળથી છવાયેલું) મુખ જોઈને સારૂપ્યની; આપના કુંડલની શોભાવાળા મુખને જોઈને સામિપ્યની; અધર સુધા રસનું પાન કરાવનાર આપના મુખારવિંદને જોઈને સાલુકયની અને હાસ્યપૂર્વક નિરીક્ષણ કરતા આપના મુખારવિંદને જોઈને સાયુજ્યની અમારી કામનાઓ દૂર થઈ જાય છે. આપના દાસત્વની પ્રાપ્તિમા, આ ચારે પ્રકારના મોક્ષનું ફળ અને પ્રાપ્ત થઈ જાય છે. આપના મુખારવિંદના દર્શન થતાં મોક્ષ પ્રાપ્તિ અમને વ્યર્થ લાગે છે.

આ બધા વિવેચનનું તાત્પર્ય એ છે કે સ્વરૂપાનંદના દાતા તો શ્રીગોકુલેશ છે. પરંતુ એ દાન મેળવવાનો અધિકાર સૌ કોઈનો નથી. સ્વરૂપાનંદની પ્રાપ્તિ એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો મોક્ષ છે. તેનાં અધિકારી તો શ્રીગોપીજનો જેવાં કોઈક જ હોય છે. પરંતુ આ લઘુગ્રંથમાં બતાવ્યા પ્રમાણે જે જીવો પોતાના ચારેય પુરુષાર્થોનો શ્રીકૃષ્ણચરણરતિમાં જ જૂએ છે અને તે પ્રમાણે શ્રીકૃષ્ણના ચરણમાં રતિ રાખીને પોતાનું જીવન જીવે છે; એટલે કે હંમેશા કોઈપણ સ્થળે, કોઈપણ સમયે, કોઈપણ પરિસ્થિતિમાં તેઓ શ્રીગોકુલાધિશનું સ્મરણ ભજન છોડતા નથી તેવા ભકતોને માટે, આ ચારે ભક્તિમાર્ગીય પુરુષાર્થો સ્વતઃ સિદ્ધ છે. આથી જ શ્રીમહાપ્રભુજી દઢતાપૂર્વક કહે છે, ''ઈતિ મે મતિ'' - અને મારી એટલે કે શ્રીવલ્લભસ્ય સેવક કૃષ્ણદાસી શાંતિની મતિ એ છે કે શ્રીમહાપ્રભુજી જે માને છે તે જ એક માત્ર સત્ય છે.

આથી પુષ્ટિભક્તને નિત્ય નિયમ તરીકે, આ લઘુગ્રંથનો પાઠ કરીને, તેમાં રહેલો ભાવ વિચારવો. અને સદા સર્વદા, નિરંતર, સર્વાત્મભાવે શ્રીગોકુલાધીશને પોતાના હૃદયમાં ધારણ કરવાનો એકમાત્ર પુરુષાર્થ કરવો. તે પુરુષાર્થની સિદ્ધિ થતાં, તે જીવના ચારે અલૌકિક પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપોઆપ સિદ્ધ થઈ જશે. તે માટે તેણે ગોકુલાધીશનું સ્મરણ અને ભજન કર્યા કરવું. યાદ રાખો, મારા ગુરુદેવની આ મતિ છે અને યાદ રાખો મારા ગુરુદેવની પેલી આજ્ઞા પણ -

**તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ્ ।**
**વદદ્ભિરેવ સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ ।।**

# ૧૧. ભક્તિવર્ધિની

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ।।
બીજ-ભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્ ।।૧।।
બીજ-દાઢર્ચ-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ।।૨।।
વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા ।।
તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।
બીજં તદ્ ઉચ્યતે શાસ્ત્રે દઢં યન્ નાપિ નશ્યતિ ।।
સ્નેહાદ્રાગવિનાશઃસ્યાદ્આસક્ત્યાસ્યાદ્ગૃહારુચિઃ ।।૪।।
ગૃહસ્થાનાં બાધકત્વમ્ અનાત્મત્વં ચ ભાસતે ।।
યદાસ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।
તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।
ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈક-માનસઃ ।।૬।।
લભતે સુદઢાં ભક્તિં સર્વતો-ઽપ્યધિકાં પરામ્ ।।
ત્યાગે બાધક-ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથા-ઽન્નતઃ ।।૭।।
અતઃ સ્થેયં હરિ-સ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।
સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્ દઢા ભવેત્ ।।
યાવજ્-જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્ મમ ।।૯।।
બાધ-સમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।
ઈત્યેવં ભગવચ્-છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।।
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ।।૧૧।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યપ્રકટિતા ભક્તિવર્ધિની સમાપ્તા ।।

***

ગો.વા. પૂજ્ય શાસ્ત્રી છગનલાલ અમરજી કહે છે કે ‘‘આ જગતમાં દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ દ્વારા પોતાની સ્થિતિ સર્વ કાલમાં રહે એવી

ઈચ્છા પ્રાણી માત્રને હોય છે. પરંતુ, એવી સ્થિતિ, કયા ઉપાયથી અને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેનો નિર્ણય, જીવ પોતાના અજ્ઞાનને કારણે કરી શકતો નથી. જો કે તે સુખની વૃદ્ધિ માટે પ્રયત્ન તો કરેછે, પરંતુ યથાર્થ સુખ પ્રાપ્ત ન થતાં, સુખને બદલે તેને દુઃખ પ્રાપ્ત થાય છે.

આ વિષય ઉપર વિચાર કરતાં, વેદાદિ શાસ્ત્રોમાં 'પ્રેય' અને 'શ્રેય' એવા બે પદાર્થોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમાં, પ્રેય અ છે જે પ્રારંભમાં સુખરૂપ અને પ્રિય લાગે પરંતુ તેનું પરિણામ દુઃખમય આવે. અને શ્રેય એ છે કે જેને પ્રાપ્ત કરતાં પ્રારંભમાં બહુ શ્રમ કરવો પડે (દુઃખ ભોગવવું પડે) પરંતુ તે પ્રાપ્ત થયા પછી જીવને એવું સુખ મળે જે કદી દુઃખમાં ન પરિણમે. શ્રેય દ્વારા મળતું સુખ, સર્વકાળમાં નિત્ય સુખ જ રહે છે.

શ્રીકૃષ્ણ ભગવાન્‌ને, શ્રીમદ્ ભાગવત અને શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં, એટલા માટે તો શ્રેયની નહીં કે પ્રેયની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનું કહ્યું છે. આપશ્રી ગીતાજીમાં કહે છે કે મનુષ્યોનું શ્રેય શામાં છે તેનો વિચાર કરીને મેં તેમને તે પ્રાપ્ત કરવા માટે જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રણ માર્ગો બતાવ્યા છે.

ભગવાને ત્રણ માર્ગો શા માટે બતાવ્યા ? એક જ માર્ગ બતાવ્યો હોત તો તે માર્ગ ઉપર ચાલીને શું લોકો પોતાનું શ્રેય ન શાધી શકત ? જરૂર સાધી શકત. પરંતુ મનુષ્યની પ્રકૃત્તિ, વૃત્તિ, રૂચિ આદિ અનુસાર તેમને આ ત્રણ માર્ગો બનાવવા પડયા છે. એ ત્રણે માર્ગો ઉપર ચાલવાનો અધિકાર સૌ કોઈનો એક સરખો નથી. જે પુરુષ દૃઢ વૈરાગ્યવાળો હોય તે પુરુષ જ્ઞાનનો અધિકારી છે. જે પુરુષના ચિત્તમાં વૈરાગ્ય નથી અને જેનું ચિત્ત વિવિધ કામનાઓથી ભરેલું છે તે પુરુષ કર્મનો અધિકારી છે. અને જે પુરુષને દૃઢ વૈરાગ્ય પણ નથી તેમજ કામનાઓમાં આસક્તિ પણ નથી. તેવા પુરુષને દૃઢ વૈરાગ્ય પણ નથી તેમજ કામનાઓમાં આસક્તિ પણ નથી. તેવા પુરુષો ભક્તિના અધિકારી છે. તે સઘળા પોતપોતાના અધિકાર પ્રમાણે જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલીને પોતાનું શ્રેય પ્રાપ્ત કરી શકે છે. પરંતુ આ કલિકાલમાં, જ્ઞાનમાર્ગના અધિકારી જીવો બહુજ થોડા, આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ છે. કર્મ માર્ગ ઉપર ચાલવા માટે પણ શાસ્ત્રવિહિન કર્મો કરનાર ઘણા થોડા માણસો હોય છે. પરંતુ

ભક્તિના માર્ગે ચાલવા માટે ન તો વૈરાગ્યની જરૂર પડે છે ન શાસ્ત્રોકત નિત્ય કે કામ્ય કર્મો કરવાની આવશ્યકતા રહે છે. ભક્તિના માર્ગ ઉપર હર કોઈ જીવ ચાલી શકે છે. પછી તે પુરુષ હોય કે સ્ત્રી, વૃદ્ધ હોય કે બાળક, શ્રીમંત હોય કે ગરીબ, સુખી હોય કે દુઃખી, જ્ઞાની હોય કે અજ્ઞાની, રાગી હોય કે વિરાગી.

એનું કારણ એ છે કે ભક્તિ નવધા (નવ રીતે કરાતી) ભક્તિ હોય છે. તેમાંથી શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન આદિ ભક્તિ કરવા માટે, જીવમાં કોઈ ખાસ ગુણ કે વિશેષતા હોવાની જરૂર નથી. દાસ્ય, સખ્ય કે આત્મનિવેદન પ્રકારની ભક્તિ માટે જીવના અધિકાર કે લાયકાતનો વિચાર કરવો પડે. તેમ છતાં એમ કહી શકાય કે ભક્તિના માર્ગ ઉપર ચાલવાનો અધિકાર લગભગ બધા જીવોનો છે.

તેથી, જીવે પોતાના કલ્યાણ (શ્રેય) માટે ભક્તિ કરવી. પરંતુ ભક્તિ એટલે શું ? ભગ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - એ ષડગુણોનો સમુહ - જેનામાં એ ભગ હોય તે ભગવાન્ કહેવાય. (જેમ ધન હોય તે ધનવાન કહેવાય) એવા એ ભગવાન્ સાથે યોગ સાધવો એટલે કે સંબંધ બાંધવો તેનું નામ ભક્તિ. ભક્તિ કરે તે ભક્ત કહેવાય. જીવે પોતાનો સંબંધ ભગવાન્ સાથે જોડીને અને સંસાર સાથેનો સંબંધ તોડીને, ભગવાન્‌ની ભક્તિ કરવાની છે.

એ ભક્તિનું બીજ, ભક્તના હૃદયમાં શ્રીમહાપ્રભુજી અંકુરીત કરે છે. પરંતુ જીવને ગુરુદેવ મળી રહે તે પ્રભુ કૃપાથી જ શકય બને છે. જીવના હૃદયમાં બીજ રૂપે ભક્તિનો પ્રવેશ થાય, એ બીજ ભાવ દૃઢ થાય અન પછી તેની વૃદ્ધિ કેવી રીતે થાય, અર્થાત્ જીવના બીજભાવની વૃદ્ધિ કરવાના ઉપાયો, આચાર્યશ્રીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં બતાવ્યા છે.

ભક્તિવર્ધિની ગ્રંથની રચના એક વિશિષ્ઠ હેતુથી કરવામાં આવી છે. ગુજરાતમાં પુરુષોત્તમદાસ જોશી નામે એક સાંચોરા બ્રાહ્મણ રહેતા હતા. એક દિવસ તેઓ પોતાના ગામને પાદરે આવેલ એક તળાવ કિનારે બેસીને સંધ્યાવંદન કરતા હતા. તે સમયે શ્રીમદાચાર્યચરણ ત્યાં પધાર્યા. આપશ્રી પણ ત્રિકાળ સંધ્યા કરતા હતા. તેથી તેઓ પણ ત્યાં સંધ્યાવંદન કરવા બેઠા.

તેમનું તેજસ્વી પ્રભાવશાળી સ્વરૂપ જોઈને, જોશીએ તેમને પૂછયું, ''મહારાજ કર્મ માર્ગ સારો કે જ્ઞાન માર્ગ ?'' શ્રીવલ્લભે કહ્યું, ''માર્ગોમાં સારું શું અને નરશું શું ? માર્ગો તો બધાજ સરખા જ હોય. પરંતુ ગીતામાં બતાવેલ ત્રણ માર્ગોમાં સૌથી વધુ સરળ અને સૌથી સીધો માર્ગ છે ભક્તિમાર્ગ. તેથી તે માર્ગ, સામાન્ય જીવને અનુસરવા યોગ્ય માર્ગ છે.

આ સાંભળી પુરુષોત્તમદાસે આપશ્રીને વિનંતી કરી, ''મહારાજ, કૃપા કરીને આપ મને ભક્તિમાર્ગનું સ્વરૂપ સમજાવો'' ત્યારે આપશ્રીએ ભક્તિવર્ધિની ગ્રંથની રચના કરીને, તે ગ્રંથ જોશીને સમજાવ્યો. એ ગ્રંથમાં ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે. તેમાં ભક્તિનાં ત્રણ સોપાનો પ્રેમ, આસક્તિ અને વ્યસનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભકતના હૃદયમાં ભક્તિનું બીજ કેવી રીતે અંકુરીત થાય, તે બીજમાંથી છોડ અને તેમાંથી વિશાળ વૃક્ષ કેવી રીતે ઊગી નીકળે તે સમજાવ્યું છે. ટૂંકમાં, ભકત હૃદયમાં ભક્તિ ભાવ પ્રકટે અને તેની વૃદ્ધિ થાય તેના ઉપાયોનું નિરૂપણ ભક્તિવર્ધિની ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

ગ્રંથના પહેલા શ્લોકમાં આપશ્રી ભક્તિ બીજની વૃદ્ધિના ઉપાયો બતાવવાની પ્રતિજ્ઞા કરે છે. અને તે ઉપાયો, ત્યાગ, શ્રવણ અને કીર્તન છે એવી આજ્ઞા કરે છે.

**યથા ભક્તિ પ્રવૃદ્ધસ્યાત્તથોપાયો નિરૂપ્યતે ।**
**બીજભાવે દઢે તુ સ્યાત્ત્યાગાત્ શ્રવણકીર્તનાત્ ।।**

**અર્થાત્ :-** જે રીતે ભક્તિ અત્યંત વૃદ્ધિ પામે તે રીતના ઉપાયનું નિરૂપણ કરવામાં આવે છે. ભક્તિભાવ દ્રઢ થતાં, ત્યાગ, શ્રવણ અને કીર્તન દ્વારા ભક્તિની વૃદ્ધિ થાય છે.

શ્રીમદાચાર્યચરણ દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિ ભક્તિ માર્ગમાં બ્રહ્મસંબંધ દ્વારા આત્મનિવેદન (સર્વસ્વનું સમર્પણ) કરાવવામાં આવે છે. બ્રહ્મસંબંધ એટલે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ સાથે સંબંધ જોડવો તે. જીવ હજારો વર્ષથી પ્રભુથી વિખુટો પડયો છે. આ જગતમાં આવીને, અવિદ્યાના પ્રભાવથી તે

પંચવિધ દોષોથી ગ્રસ્ત બની ગયો છે. એવા એ સદોષ જીવને સંપૂર્ણપણે નિર્દોષ એવા બ્રહ્મનું જ્ઞાન નથી. એટલે કે તે પોતે બ્રહ્મનો અંશ હોવાની તેને ખબર નથી. તેથી આપણા ગુરુદેવે આપણને આપણા અસલ સ્વરૂપની સમજ આપી. અને પછી પોતે શ્રીગોકુલચંદ્રમાજી પાસેથી મેળવેલ ગદ્યમંત્રનું દાન જીવને આપીને તેની પાસે આત્મનિવેદન કરાવ્યું; તેથી તે પોતાના મૂળ સ્વરૂપને ઓળખી શકયો. તેને ખબર પડી કે બ્રહ્મ અંશી છે અને પોતે તેનો અંશ છે; બ્રહ્મ સ્વામી છે અને પોતે તેનો દાસ છે. તેનો એ દાસભાવ એજ ભક્તિનો બીજભાવ.

આ રીતે પોતના સ્વામીને ઓળખતાં, જીવના હૃદયમાં, પોતાના સ્વામી પ્રત્યેની ભક્તિનું બીજ રોપાયું. જીવ જ્યારે આત્મનિવેદન કરે છે ત્યારે તેના હૃદયમાં રહેલ ભક્તિના બીજનું જ્ઞાન થાય છે તેથી તેના સંદર્ભમાં જીવ વિચારે છે –

**તબતેં શ્યામ શરણ હૌં પાયો**
**જબતેં ભેંટ ભઈ શ્રીવલ્લભ, નિપતિ નામ સુનાયો.**

આ રીતે જીવના હૃદયમાં ભક્તિ બીજનું અંકુરણ થયું. પરંતુ કોઈપણ પ્રકારના બીજની વૃદ્ધિ માટે ત્રણ વસ્તુ હોવી આવશ્યક છે – (૧) ઉપજાઉ ભૂમિ, (૨) અનુકૂળ વાતાવરણ (આબોહવા) અને (૩) વરસાદ. આ ત્રણે વસ્તુ મળી રહે તો બીજમાંથી અંકૂર ફૂટે અને તે અંકૂરનો છોડ બને. પછી તે છોડ એક મોટા વૃક્ષરૂપે પરિવર્તિત થઈ જાય. પછી તે વૃક્ષ દઢતાથી પૃથ્વીને વળગી રહે. ત્યારપછી એ વૃક્ષને ટકી રહેવા માટે બીજા કશાની જરૂર ન રહે. પોતાનાં મૂળ જમીનમાં ઊંડા ઉતારીને તે અડીખમ બનીને ઊભુ રહે.

એવું જ ભક્તિના બીજનું સમજવું. પુષ્ટિજીવનું શ્રદ્ધાથી ભરેલું હૃદય એ ઉપજાઉ ભૂમિ સમાન છે. બ્રહ્મસંબંધ દ્વારા તેમાં ભક્તિનું બીજ અંકુરીત થાય છે. જો ભકતનું હૃદય શ્રદ્ધાળુ ન હોય તો તેમાં રહેલું બીજ અંકુરિત થતું નથી. એ સંદર્ભમાં આ કૃષ્ણદાસી શાંતિ મુકત કંઠે ગાય છે–

**થશે દર્શન મને તારાં, સ્વરૂપાનંદ પામીશ હું**
**તને પામીશ હું નક્કી;**
**શ્રદ્ધા સભર હૃદય લઈને આવ્યો છું.**

શ્રદ્ધા સભર હૃદયમાં ભક્તિના બીજની સભાનતા પછી ભક્તોના સંગમાં રહીને (સત્સંગ કરીને) જો જીવ દરરોજ આત્મનિવેદનનું સ્મરણ કરતો રહે તો, તેના હૃદયમાં રોપાયેલ દૃઢ ભક્તિ બીજને અંકુરિત થવા માટે જરૂરી વાતાવરણ મળી રહે છે. સત્સંગ એ ભક્તિ બીજની વૃદ્ધિ માટેનું આવશ્યક વાતાવરણ છે. તે મળી રહેતાં, તેના ભક્તિ બીજમાંથી ફણગા ફૂટે છે. પરંતુ એટલાથી બસ નથી. તેમાંથી છોડ ઊગવો જોઈએ. વૃક્ષ થવું જોઈએ; તેને ફૂલ લાગવા જોઈએ અને તે ફલિત થવું જોઈએ. એટલા માટે તેને અનુકુળ વરસાદની આવશ્યકતા રહે છે. પુષ્ટિ સ્વામી શ્રીકૃષ્ણનું અનુગ્રહ વર્ષા સમાન છે. ભૂમિ અને આબોહવા ઉત્તમ અને અનુકૂળ હોય, પરંતુ જો વર્ષાનો અભાવ હોય તો, વાવેલ બીજ સુકાઈ જાય. અને કાળે કરીને તે નાશ પામે. તેથી ભક્તિ બીજના પોષણ અને ઉછેર (ફલિત થવા સુધીની વૃદ્ધિ) માટે ભગવદ્ અનુગ્રહ રૂપી વર્ષા (અમી છાંટણા) ની જરૂર રહે છે.

ભગવદ્ અનુગ્રહરૂપી વરસાદ મેળવવામાં, ત્યાગ, શ્રવણ અને કીર્તન એ ત્રણ બાબતો સહાયભૂત બની શકે છે. આ રીતે ભક્તિ બીજની વૃદ્ધિ થાય છે.

શ્રીમદાચાર્યચરણે ભક્તિની બહુ સુંદર વ્યાખ્યા આપી છે. **''માહાત્મ્ય જ્ઞાનપૂર્વસ્તુ સુદઢઃ સર્વતોધિક સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તઃ''** એટલે કે પ્રભુનું માહાત્મ્ય સમજીને, તેના પ્રત્યે સુદ્રઢ અને સર્વથી અધિક સ્નેહ કરવો તેને ભક્તિ કહેવામાં આવે છે. પ્રભુની ભક્તિ સ્નેહપૂર્વક કરવાની છે. પરંતુ એ સ્નેહ કેવો ? સુદઢ અને સર્વતોધિક પુષ્ટિમાર્ગમાં પ્રભુનું શરણ સ્વીકારીને, પોતાના સર્વસ્વનું પ્રભુને સમર્પણ કરીને, તેની સ્નેહ સહિત સેવા કરવાની હોય છે. **પુષ્ટિભક્તિમાં ત્રણ 'સ'ની જરૂર છે. શરણ, સમર્પણ અને સેવા.** અને એ ત્રણ 'સ' સ્નેહ સંયુકત હોવા જરૂરી છે.

શ્રીમહાપ્રભુજીએ 'સેવા'ની વ્યાખ્યા આ રીતે આપી છે. **'ચેતસ્તત્ પ્રવણં સેવા'** એટલે કે પોતાના સેવ્ય સ્વરૂપમાં ચિત્તને પરોવી દેવું તેનું નામ સેવા. ચિત્તને પરોવી દેવાનો અર્થ છે એકાગ્રતા. સેવા હંમેશા એકાગ્રતાથી જ થાય. પ્રભુસેવા કરતી વખતે જો કોઈ ભગવદીયના ચિત્તમાં અન્ય સાંસારિક વ્યવહારીક - વિચારો આવે તો તેણે સાચી સેવા કરી એવું ન કહેવાય. તે તો સેવાનો આભાસ જ કહેવાય. હાથમાં માળા ફરતી હોય. જીભ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' અથવા 'કૃષ્ણ તવાસ્મિ' જેવા અષ્ટાક્ષર કે પંચાક્ષર મહામંત્રનું રટણ કરતી હોય તો તે સમયે ચિત્ત બીજી કોઈ લૌકિક વસ્તુમાં પરોવાયેલું હોય તો તેણે સેવા કરી એવું ન કહેવાય. યાદ રાખો કે સેવા એ ભક્તિનો પર્યાયવાચી (સમાનાર્થી) શબ્દ છે.

એકાગ્રતાથી સેવા કરવી એટલે શું તે સમજાવતું એક દષ્ટાંત આપવામાં આવે છે. એક વખત એક વૈષ્ણવ પોતાના ઘરમાં બેસીને, પોતાના સેવ્ય સ્વરૂપની સેવા કરતા હતા. સેવા કરતા તેમના મનમાં વિચાર આવ્યો કે આજે તો મોચીને ઘેર જઈને મારે જોડા લઈ આવવાનાં છે. સેવા પૂરી કરીને હું સીધો મોચીને ઘેર જઈશ.

તેઓ એ પ્રમાણે વિચારી રહ્યા હતા. તે સમયે, કોઈ માણસે તેમના ઘરના બારણે આવીને પૂછ્યું, ''ફલાણા ભાઈ ઘરમાં છે ?'' તે વૈષ્ણવની પુત્રવધુ તદીય વૈષ્ણવ હતી. તેણે જવાબ આપ્યો, ''મારા સસરાજી અત્યારે ઘરમાં નથી. તેઓ મોચીને ઘેર જોડા લેવા ગયા છે.''

સેવા કરતા વૈષ્ણવ મર્મજ્ઞ અને ગુણગ્રાહી હતા. પુત્રવધુના કથનનો મર્મ સમજી ગયા. તેઓ સમજી ગયા કે પોતાની સેવા સાચી સેવા નથી. મનુષ્ય પોતાના શરીરથી જે સ્થળે હોય તે સ્થળે તે નથી; પરંતુ તેનું ચિત્ત જે સ્થળે ભટકતું હોય ત્યાં તે છે.

તેઓ ઊઠયા. પુત્રવધુનો આભાર માન્યો. પ્રભુની ક્ષમા યાચી. પુનઃ સેવા શરૂ કરી. ચિત્તને પ્રભુમાં પરોવીને (એકાગ્રતાથી) સેવા ભાવનો નિર્વાહ કર્યો. ભકતના ચિત્તની એવી એકાગ્રતા કેવી રીતે સિદ્ધ થાય તે સમજાવતાં

આપશ્રીએ બીજા શ્લોકમાં આજ્ઞા કરી છે :-

**બીજ દાર્ઢ્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।**
**અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ।।**

આ શ્લોકના પ્રત્યેક શબ્દને સારી રીતે સમજવાનો છે. તેમાં કહ્યું છે કે બીજની દઢતા (એકાગ્રતાથી કરેલ ભક્તિ) નો પ્રકાર એવો છે કે - (૧) ઘરમાં રહીને એટલે કે ગૃહસ્થાશ્રમનું પાલન કરીને અને (૨) સ્વધર્મ એટલે કે પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરીને (૩) અવ્યાવૃત્ત બનીને એટલે કે વ્યાવૃત્તિ (ધંધો, રોજગાર કે બીજી પ્રવૃત્તિઓ) છોડીને, (૪) પૂજા અને શ્રવણ, સ્મરણ અને કીર્તન આદિ વડે (૫) કૃષ્ણને ભજવા.

ગૃહે સ્થિત્વા, ઘરમાં રહીને, મનની એકાગ્રતાથી પ્રભુ સેવા સારી રીતે થઈ શકે. તે માટે જીવે પોતાના વર્ણ અને આશ્રમના ધર્મો પાળીને એને અવ્યાવૃત્ત થઈને એટલે કે સેવા સિવાયની અન્ય પ્રવૃત્તિ છોડીને, પ્રભુ શ્રીકૃષ્ણની સેવા કરવી. વ્યાવૃત્તિ છોડવી એટલે કે તેણે લૌકિક ભાવવાળા અન્ય જીવોનો સંગ છોડી દેવો. એ રીતે સેવા કરવામાં આવે તો સાચી સેવા થાય.

જીવે ઘેર બેઠાં સેવા કરવાની છે. સેવાથી પહોંચીને અનોસરના સમયે, ભજન કીર્તન શ્રવણ આદિ કરતા રહેવાનું છે. એ રીતે મનને સદા સતત પ્રભુમાં પરોવાયેલું રાખવાનું છે. એ રીતની સેવા કરતાં તેનો બીજભાવ દઢ થશે.

આચાર્યશ્રીએ અવ્યાવૃત્ત થઈને સેવા કરવાનું કહ્યું છે. તેમ છતાં વ્યવાવૃત્તિ (ધંધો, રોજગાર) કરવી જ પડે તો શું કરવું ? એ બાબતમાં આપશ્રી આજ્ઞા કરે છે કે :

**વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા ।**
**તતઃ પ્રેમ તથાસક્તિ વ્યસનં ચ યદા ભવેત્ ।।**
**બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।**

**અર્થાત્ :-** વ્યાવૃત્તિ કરતો હોવા છતાં તે ભક્ત જો પોતાના ચિત્તને શ્રીહરિમાં રાખીને શ્રવણ, સ્મરણ અને કીર્તન કરવાનો પ્રયાસ જારી રાખે તો

તેને શ્રીહરિમાં, ઉત્તરોતર પ્રેમ (સ્નેહ), આસક્તિ અને વ્યસન થાય. તેને જ ભાગવત આદિ શાસ્ત્રોમાં દઢ ભક્તિ બીજ કહેવામાં આવ્યું છે. એવું એ બીજ કોઈપણ રીતે, લૌકિક દુઃસંગથી કે અન્ય રીતે, નાશ પામતું નથી.

અહીં શ્રવણાદૌ પદ છે. તેના સંબંધમાં પુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે મૂળમાં શ્રવણાદિ કહેલું છે. તે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં જે રીતે કહેલું છે તે રીતે કરવાનું છે. એટલે કે જે નામ લીલા (ત્રિવિધ નામાવલી) ની સમાપ્તિમાં કહ્યા પ્રમાણે કરવાનું છે. કારણ કે તેમાં એજ પ્રેમ, આસક્તિ અને વ્યસનનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તે આ પ્રમાણે :-

**બાલલીલાનામ પાઠાત્ શ્રીકૃષ્ણે પ્રેમ જાયતે ।**
**આસક્તિઃ પ્રૌઢલીલાયા નામ પાઠાત્ ભવિષ્યતિ ।।**
**વ્યસનં કૃષ્ણચરણે રાજલીલાભિધાનતઃ ।**
**તસ્માન્નામ ત્રયં જાપ્યં ભક્તિ પ્રાપ્તિપ્સુભિઃ સદા ।।**

**અર્થાત્ :** પ્રભુની બાળલીલાના નામો (૧૦૮)નો પાઠ કરવાથી શ્રીકૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રૌઢ લીલાનાં નામો (૧૨૮) નો પાઠ કરવાથી શ્રીકૃષ્ણમાં આસક્તિ થાય છે અને રાજલીલા સંબંધી નામો (૧૧૮) નો પાઠ કરવાથી શ્રીકૃષ્ણચરણનું વ્યસન લાગી જશે. તેથી ભક્તિની પ્રાપ્તિ કરવાની ઈચ્છા રાખનાર જીવે હંમેશા નામત્રય એટલે કે ત્રિવિધ નામાવલીનો જપ અવશ્ય કરવો.

ત્રિવિધ લીલા નામવલીમાં કૃષ્ણના ૧૦૮, ૧૨૮ અને ૧૧૮ મળીને કુલ ૩૫૪ નામો છે. એ પ્રત્યેક નામ એક મહામંત્ર છે. એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

સાંભળો :-

**એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતમ્ એકો દેવો દેવકીપુત્ર એવ ।**
**મંત્રોપ્યેક સ્તસ્ય નામાનિયાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ।।**

દેવકી પુત્ર પરબ્રહ્મ પરમાત્મા કૃષ્ણનાં જેટલા નામો છે (ત્રિવિધ લીલા

નામાવલીના ૩૫૪ અને શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રના ૧૦૭૫ નામો સહિત) તે બધાં નામો મંત્રાત્મક છે. તેથી તે અવશ્ય જાપ કરવા લાયક છે, એવી આપશ્રીની આજ્ઞા છે.

આ બધી હકીકત આપણે બીજી રીતે સમજીશું. ભક્તિ બીજ પોષણ પામે એટલે તેમાંથી અંકૂર ફુટે અને તેનો છોડ બને એ છોડનું વૃક્ષ બને. તે વૃક્ષ ઉપર મોર લાગે (એટલે કે તે મ્હોરે) તેથી તેના ઉપર ફુલ લાગે, એ ફૂલમાંથી ફળ ઉત્પન્ન થાય.

એ જ રીતે, આત્મનિવેદન દ્વારા પ્રેમ ભક્તિનું બીજ વવાય. ત્યાગ, શ્રવણ અને કીર્તન દ્વારા તે બીજ પોષણ પામે. તેથી પ્રભુ પ્રેમ વધુ દૃઢ થાય. પછી તેમાંથી પ્રભુ પ્રત્યેની આસક્તિ ઉદ્‌ભવે. એટલે કે ભક્તિબીજ અંકુરિત થઈને તેમાંથી ઊગેલ વૃક્ષ મ્હોરે. આસક્તિ વધતાં પ્રભુપ્રેમની પરાકાષ્ઠા આવે એટલેકે પ્રભુ પ્રત્યે વ્યસન લાગી જાય. પ્રભુ પ્રત્યેનું વ્યસન એ જ પુષ્ટિ ભક્તિનું ચરમ લક્ષ્ય છે. એનું નામ જ બીજમાંથી પ્રકટેલ ફળ. આ રીતે વ્યસન દશાએ પહોંચતા ભક્તિબીજ ફળરૂપે પરિણમે છે. અને પછી તે કદી નાશ પામતું નથી. કારણ કે –

કારણ કે ફળમાં બીજ રહેલું છે. બીજમાંથી ફળ થાય અને ફળમાંથી બીજ. એટલા માટે તો વ્યસન દશાએ પહોંચેલ ભક્તોને, તાદશી વૈષ્ણવો કહેવામાં આવે છે. એવા ભક્ત હતા રાજા આશકરણ. એવો એકાદ ભક્ત પણ જો આપણને મળી જાય તો આપણો બેડો પાર થઈ જાય. એવા તાદશી વૈષ્ણવના સંગે આત્મનિવેદનનું સ્મરણ કરવાથી આપણા હૃદયમાં રહેલું ભક્તિબીજ અંકુરિત થાય. આ રીતે તાદશી વૈષ્ણવરૂપી એક ફળમાંથી અનેક ભકતહૃદયમાં પ્રેમભક્તિભાવના બીજ પ્રસ્ફૂટિત થાય છે.

**તૂજ સંગે જો વૈષ્ણવ થાયે તો તુ વૈષ્ણવ સાચો**
**તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તુ કાચો.**

આ પંક્તિઓનો એવો જ અર્થ છે. બીજમાંથી ફળ પ્રકટયું તેથી હે તાદશી વૈષ્ણવ ! તું સાચો વૈષ્ણવ ! તું સાચો વૈષ્ણવ બન્યો. હવે એ ફળમાંથી

એટલે કે તારામાંથી અનેક બીજ પ્રકટવાં જોઈએ. તારા સંગથી બીજા અનેક જીવોના હૃદયોમાં ભક્તિભાવ પ્રકટે અને તે વૈષ્ણવ બને તો તું સાચો વૈષ્ણવ. અન્યથા તુ હજુ પણ બીજરૂપે રહેલ છે એમ સમજવું. જો તો ખરો પેલા સુરદાસજીના સંગે જતિપુરાનો પેલો બુઢો દંભી વૈષ્ણવ સાચો વૈષ્ણવ બની ગયો. એ બતાવે છે કે સુરદાસની ભક્તિ ફલરૂપા હતી.

ફળરૂપ બનેલ વૈષ્ણવનું હૃદય કૃષ્ણરસ વિક્ષિપ્ત હોય છે. તે કૃષ્ણરસથી ભીંજાયેલું હોય છે. તેથી આ આદ્રાર્દીકિરણના નિયમ પ્રમાણે ભીનું વસ્ત્ર જેમ કોરા વસ્ત્રને પોતાની સાથેના સંપર્કોમાં આવતા ભીનું કરે તેમ કૃષ્ણપ્રેમ રસથી ભીંજાયેલ ફલરૂપ તાદશી વૈષ્ણવ, કૃષ્ણપ્રેમ રસમાં ભીંજાયા વગરના એટલે કે તદન કોરો રહી ગયેલ વૈષ્ણવોને અવશ્ય ભીંજાવી દે. તે તમને ભીંજવી દે તેમાંજ તેના કૃષ્ણરસ વિક્ષિપ્તપણાની સાર્થકતા છે.

બીજ, ફૂલ અને ફળ એટલે જ પ્રેમ, આસક્તિ અને વ્યસન. પ્રભુ વિના બીજા કશામાં પ્રીતિ ન રાખવી તેનું નામ પ્રેમ. પ્રભુ વિના બીજા બધામાં – બધાં લૌકિક કાર્યો, પદાર્થો, ઘર, સ્ત્રી, બાળકો આદિ બધામાં – અરૂચિ ઉત્પન્ન થાય અને માત્ર પ્રભુમાં જ રૂચિ રહે તેનું નામ આસક્તિ. અને પ્રભુ વિના જીવને ન જ ચાલે એવી વ્યગ્રતા અને અસ્વસ્થતા જ્યારે ચિત્ત અનુભવે ત્યારે તેનું નામ વ્યસન કહેવાય.

જીવને પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુ પ્રત્યે રૂચિ ભલે ન હોય પરંતુ જો તે બીજા કોઈના સાન્નિધ્યથી, બીજા કોઈ કાર્યથી, બીજા કોઈ ભાવથી અથવા બીજા કોઈના સંગથી થોડાક સમય માટે પણ તે પોતાનું જીવન ટકાવી રાખી શકશે એવું જીવને લાગે ત્યારે અને ત્યાં સુધી, તે આસક્તિની દશામાં છે વ્યસન દશામાં નહીં.

પરંતુ જ્યારે પ્રભુ વિના બીજા કશાથી કોઈપણ કાર્યથી, ભાવથી કે અન્યના સંગથી તેનુ જીવન ન જ ચાલે, અને પ્રભુ વિના તેના પ્રાણ તરફડવા લાગે અને ભકતરાજ ગજ્જન ધાવનની માફક, ‘‘પ્રભુ, પ્રભુ, મારાં પ્રભુ, આપ કયાં છો ?’’ એવી રઢ તેના ચિત્તને લાગી જાય ત્યારે તેને પ્રભુનું વ્યસન વળગી ગયું એમ કહેવાય.

કુંભનદાસજીને પરદેશ જવાની આજ્ઞા થઈ. હવે મારાથી પ્રભુ (શ્રીનાથજી) નો વિરહ કેવી રીતે સહેવાશે ? એ વિચારથી વ્યગ્રચિત બનેલ કુંભનદાસ ભાન ભૂલીને ગાય છે :-

**કિતે દિન બીત ગયે બીનુ દેખે**

અરે ઓ કુંભનદાસ ! હજુ એક કલાક પહેલાં તો તમે રાજભોગમાં એનાં (શ્રીનાથજીના) દર્શન કર્યાં છે. અને આ શું બોલો છો? તેને જોયા વગર કેટલા બધા દિવસ વિતી ગયા એવું બોલવાનું હોય? ભલા માણસ, હોશમાં આવો. પરંતુ શું થાય ? વ્યસનીને પોતાના વ્યસનની વસ્તુ ન મળે તો તે હોશમાં ન આવે.

શ્રીમત્ પ્રભુચરણે તેમના ચિત્તની અસ્વસ્થતા અને તેમના મનની વ્યગ્રતા જોઈ. અને તેમને પરદેશ જવાની આજ્ઞામાંથી મુકત કર્યા. કુંભનદાસને જે જોઈતું હતું તે મળી ગયું. તેમનું અસ્વાસ્થ્ય અને વિકલતા ક્ષણભરમાં વિલીન થઈ ગયાં. તેમનામાં ડહાપણ આવી ગયું. દોડીને તેઓ ગિરિરાજ ઉપર પહોંચી ગયા - શ્રીનાથજીનાં ચરણો પાસે બેસી ગયાં. તેમને તેમના વ્યસનની વસ્તુ (શ્રીનાથજીબાવા) મળી ગઈ. આનું નામ વ્યસન.

વ્યસનનું સ્વરૂપ સમજાવતાં, શ્રીગોકુલનાથજી કહે છે કે વ્યસન એટલે તે પ્રભુ વિના એક ઘડી પણ રહી શકાય નહીં તે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કહ્યું છે કે :-

**ગોપીનાં પરમાનંદ આસીદ્ ગોવિંદ દર્શને ।**
**ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાઽભવત્ ।।** (૧૦।૧૯।૧૬)

શ્રીગોપીજનોને પ્રભુ વિના એકક્ષણ માત્ર જેટલો સમય પણ સો યુગ જેટલો લાંબો લાગતો હતો. તેવાં તે ગોપીજનોને પોતાના વ્યસનની પદાર્થ રૂપ શ્રીગોવિંદનાં દર્શન થતાં અપરિમિત આનંદ થતો હતો. તેનું નામ વ્યસન.

પ્રેમ, આસક્તિ અને વ્યસન - એ ત્રણ ભક્તિબીજની ઉત્તરોત્તર દૃઢ થયેલી અવસ્થાઓ છે. તેમાં આસક્તિએ ભક્તિ ભાવની મધ્યમા દશા છે. એ દશાએ પહોંચેલ જીવ કદી પણ માર્ગ ભ્રષ્ટ ન થાય એવી શ્રીમહાપ્રભુજીની

આજ્ઞા છે.

પરંતુ આસકત દશાએ પહોંચેલ જીવે ગૃહત્યાગ કરીને એકાંતવાસ ન કરવો એવી પણ આપશ્રીની આજ્ઞા છે. આસક્તિ દશાએ પહોંચેલ ભક્તે, ઘરમાં રહીને (ગૃહે સ્થિત્વા) ત્યાગ, શ્રવણ અને કીર્તન આદિ ભક્તિભાવને વધુ દઢ બનાવે તેવાં કાર્યો કરવાં. એટલા માટે, જીવે ત્યાગ શ્રવણ અને કીર્તનનું સ્વરૂપ સમજવું જરૂરી છે.

આચાર્યશ્રી આજ્ઞા કરે છે - જીવે સ્વધર્મ એવા ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરીને એટલે કે ઘરનો ત્યાગ કરીને નહીં પરંતુ ઘરમાં જ રહીને કરવાની છે. તેણે ઘરમાં રહીને જ શ્રવણ-કીર્તન આદિ કરીને શ્રીકૃષ્ણને ભજવાના છે.

ભક્તિબીજના પોષણ માટે તેણે ત્યાગ તો કરવાનો જ છે. પરંતુ શાનો ત્યાગ ? ઘરબાર, પત્ની, પુત્ર, વિત્ત આદિનો ત્યાગ નહીં; પરંતુ તેણે તો ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરવાનું હોવાથી ઘરબાર, પત્ની, પુત્ર આદિને છોડવાનાં નથી તો પછી ત્યાગ શાનો કરવાનો ? ભગવદીયે તેમનો ત્યાગ નથી કરવાનો; પરંતુ તે બધાં પ્રત્યેના મમત્વનો, તે બધા પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવાનો છે. શ્રીમહાપ્રભુજી એ ત્યાગની વ્યાખ્યા આ રીતે આપી છે - સાનુરાગ ગૃહણાભાવઃ ત્યાગ એટલે કે ગૃહ, પત્ની, પુત્ર, વિત્ત આદિને અનુરાગ (મમત્વ) પૂર્વક પકડીને ન રાખવાં તેનું નામ ત્યાગ. અને શ્રુતિ વાક્ય છે કે - તેન ત્યકતેન ભુંજીથાઃ - એટલે કે એ બધાંનો ત્યાગ કરીને તું તેમને ભોગવ. આ બન્ને આજ્ઞાને એકસાથે સમજતાં એવો અર્થ નિકળે છે કે ભગવદીયે એ બધી લૌકિક વસ્તુઓ પ્રત્યેનું મમત્વ છોડવું. તેમના પ્રત્યેનું મમત્વ છુટશે એટલેકે તેમના પ્રત્યેની આસક્તિ (ખેંચાણ) દૂર થશે એટલે શ્રીકૃષ્ણ પ્રત્યેની આસક્તિ પામી શકશો. કાં જગ કાં જગદીશ (જગદાધાર); એ બેમાંથી એક પ્રત્યે આસક્તિ રાખી શકશો. લૌકિક વસ્તુઓ, ભાવો, કર્મો અને કામનાઓ આદિનો ત્યાગ કર્યા પછી (મમત્વ છોડયા પછી) કેવળ શ્રીકૃષ્ણ પ્રત્યેની આસક્તિ જ બાકી રહેશે.

આ માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ભક્તે અવ્યાવૃત્ત થઈને એટલે કે ધંધો-રોજગાર છોડીને ભગવદ્ભજન, સેવા, શ્રવણ અને કીર્તન કરવા. આ

બાબત વિગતે સમજી લેવાની જરૂર છે.

પ્રભુભક્તિને વધારવી, તેને દૃઢ કરવી એજ જેના જીવનનું ધ્યેય હોય તેવા ભકતને માટે જ આ આજ્ઞા છે. તેવા ભકતે જો ભરણ-પોષણ માટે કમાવવાની જરૂર ન હોય તો એટલેકે સાદુ ભક્તિમય જીવન જીવવા માટે તેની પાસે જરૂરી વિત્ત હોય તો તેને સંપૂર્ણપણે અવ્યાવૃત્તિ સ્વીકારવી. દરેક માણસે પોતાની આજીવિકા માટેની વ્યવસ્થા વિચારીને શકય હોય ત્યાં સુધી અવ્યાવૃત્ત બનીને ભગવદ્ ભજન કરવું.

પરંતુ તે પ્રમાણે વ્યવસ્થા ન હોય તો, પોતાના અને કુટુંબના ભરણપોષણ માટે જરૂરી ઉદ્યમ-નોકરી, ધંધો કે રોજગાર કરીને બાકીનો સમય સેવા, શ્રવણ અને કીર્તનમાં ગાળવો. પોતાની આજીવિકા માટે જરૂરી વિત્ત હોય તો તેમાં વધારો કરવાની લાલચ ન રાખવી. તેમ કરવાથી તો લૌકિક વ્યગ્રતા જ વધશે. અને સેવા-શ્રવણ-કીર્તન આદિ ઓછાં થશે.

જે માણસની આર્થિક સ્થિતિ સારી હોય અને તેના કુટુંબનિર્વાહની પુરી વ્યવસ્થા હોય તેવા માણસને જો વિત્ત ઉપાર્જનમાં વધારે રસ પડતો હોય તો એમ સમજવું કે તેને લૌકિકમાં વધારે આસક્તિ છે. અને લૌકિકમાં જેની આસક્તિ વધારે હોય તેનાથી ત્યાગવૃત્તિનો નિર્વાહ થઈ ન શકે. ત્યાગ વગર શ્રવણ, કીર્તનમાં ચિત્ત ન ચોટે. શ્રવણ-કીર્તન માટે સમયની જરૂર રહે છે. તેવો સમય મેળવવો તેનું નામ જ અવ્યાવૃત્તિ. અવ્યાવૃત્ત થવું એનો અર્થ છે, સેવા, શ્રવણ અને કીર્તન માટેનો સમય મેળવી લેવો.

પરંતુ એવું પણ બને કે કેટલાક ભગવદીયોને ઉદર પોષણ માટે ઉદ્યમ કરવો જ પડે. જો તે તેમ ન કરે તો તેની આજીવિકા ન ચાલે. આજીવિકા ન ચાલે તેથી તેનું મન ઉદ્વિગ્ન રહે. એવી સ્થિતિમાં શ્રવણ-કીર્તનમાં પણ ચિત્ત ન ચોટે. તો તેણે શું કરવું ?

તેવા ભકત માટે અવ્યાવૃત્તિનો અર્થ એ છે કે તેણે સેવા, શ્રવણ અને કીર્તન માટે જરૂરી સમય તો ફાળવવો જ. બાકીના સમયમાં તેણે ઉદ્યમ કરવો. અને તેટલા ફાજલ સમયમાં ઉદ્યમ કરીને, જે કાંઈ મળે તેના વડે પોતાનો

નિર્વાહ ચલાવવો. વૈષ્ણવોની વાર્તાઓ વાંચશો તો આ વાત સમજાઈ જશે.

અલબત્ત આ કપરા કલિકાલમાં આપણું જીવન ભારે સંઘર્ષમય બની ગયું છે. પોતાની આજીવિકા ચલાવવા ધન જોઈએ. ધન મેળવવા માટે જે ઉદ્યમ કરવો પડે તે ઉદ્યમ કરતાં જ દિવસનો બધો સમય વપરાય જાય છે. તો શું સેવા, શ્રવણ, કીર્તન ન કરવાં ?

તેનો જવાબ પહેલા અપાઈ ગયો છે. સેવા, શ્રવણ-કીર્તન માટે તો સમય ફાળવવો જ. બાકી સમયમાં ઉદ્યમ કરીને વિત્ત ઉપાર્જન કરવું. તેમ કરતાં ઘણું ઓછું વિત્ત મળે તો તેટલાથી ચલાવી લેવું. કોઈક વૈષ્ણવ કોડીઓ વેચીને તેમાંથી મળતા પૈસા વડે તો કુંભનદાસ જેવા વૈષ્ણવ પોતાના ખેતરમાં ઊગેલા કેરડાના વૃક્ષ ઉપરથી મળતાં કેરડા વડે પોતાનો અને કુટુંબનો નિર્વાહ કરી ગયાનાં દૃષ્ટાંતો આપણી સમક્ષ મોજૂદ છે.

ટૂંકમાં ઓછું દ્રવ્ય મળે તો ઓછાથી ચલાવી લેવું. જરૂરિયાતો વધારવી નહીં. ઇન્દ્રિયોને વશ બનીને જીવ પોતાની જરૂરિયાતો વધારે તેટલી વધે છે; ઘટાડે તેટલી ઘટે છે. માટે જીવનની જરૂરિયાતો એકદમ ઘટાડી દઈને, માત્ર ખપ પૂરી જરૂરિયાતો પુરી કરવા માટે આવશ્યક ધન કમાવા માટે, જે ઉદ્યમ કરવો પડે તે કરવા માટે, સેવા, શ્રવણ-કીર્તન આદિ માટે ઉપયોગમાં લેવાય પછી ફાજલ પડતો સમય પૂરતો થઈ પડશે.

આમ વ્યાવૃત્તિ કરવી પડે તો જરૂર કરવી પરંતુ તે સેવા, શ્રવણ-કીર્તનના ભોગે કદી નહીં.

જે ભગવદીયને આ સલાહ ન રૂચે તેને તો ભગવાન્ પોતે જ સલાહ આપી છે. ''અનન્ય ચિત્તથી મારી સેવા કરનારના યોગક્ષેમનું વહન હું કરું છું'' પ્રભુની એ પ્રતિજ્ઞા ઉપર વિશ્વાસ રાખીને પ્રભુનો દૃઢાશ્રય ગ્રહણ કરો. તે તમારા યોગક્ષેમનું વહન કરશે. પરંતુ આ સલાહ તો માત્ર તાદશી વૈષ્ણવો માટે છે. અને તાદશી વૈષ્ણવો આજે કેટલા છે? કદાચ બે-પાંચ હોય તો હોય.

ઠીક તો તમે ત્યાગનું સ્વરૂપ સમજી ગયા હશો. ત્યાગનાં પોષક તત્ત્વો બે છે : શ્રવણ અને કીર્તન. એ બન્નેને કદી ન છોડાય. ત્યાગ કરો-વસ્તુનો નહીં

પરંતુ વસ્તુ પ્રત્યેની આસક્તિનો; પરંતુ શ્રવણ-કીર્તનનો ત્યાગ કદી ન કરશો. ત્યાગનો ભાવ એવો છે કે જીવે લૌકિક પ્રત્યેની રુચિને છોડી દેવી. લૌકિક પ્રત્યેની રુચિને છોડવી અને શ્રવણ-કીર્તનને વળગી રહેવું. તેમ થતાં, શ્રીમહાપ્રભુજીએ વર્ણવ્યા પ્રમાણેની ત્રણે દશા જીવને પ્રાપ્ત થશે. તતઃ પ્રેમ તથાસક્તિ વ્ર્યસનં ચ યદા ભવેતુ - જીવનો પ્રેમ આસક્તિમાં અને આસક્તિ વ્યસનમાં પલટાઇ જશે. અને એ રીતે ભક્તિના બીજમાંથી ભક્તિનું મોટું વૃક્ષ ઊભું થઇ જશે. અને તે ફળ આપશે.

એ આખી પ્રક્રિયાને શ્રીમહાપ્રભુજીએ આ રીતે સમજાવી છે.

**સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાદ્ આસકત્યા સ્યાદ્ ગૃહારૂચિઃ ।**
**ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।**
**યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ।।૫।।**

**અર્થાત્ :-** સ્નેહ થાય ત્યારે પ્રભુનાં શ્રવણાદિક સિવાય બીજા બધામાંથી રાગ (પ્રીતિ)નો નાશ થાય. અને આસક્તિ થાય ત્યારે ઘર પ્રત્યે અરૂચિ થાય. તેથી ઘરમાં રહેલ બધા ચેતન અને અચેતન (જડ) પદાર્થોમાં ભક્તિભાવ પ્રત્યેનું બાધકપણું દેખાય. અને તે બધામાં અનાત્મપણું દેખાય. એ રીતની જ્યારે મનની સ્થિતિ થાય ત્યારે જીવને કેવળ પ્રભુમાં (આત્મામાં) રાગ, સ્નેહ, આસક્તિ બધુ થઇ જતાં, તેને પ્રભુનું વ્યસન વળગે. અને વ્યસન થાય ત્યારે તે જીવ નિશ્ચયે કરીને કૃતાર્થ થયો છે એમ માનવું.

આવી છે 'પ્રેમથી વ્યસન' સુધી પહોંચાડતી ચિત્તની પ્રક્રિયા. જેને વ્યસન થયું તે કૃતાર્થ થયો. પછી તેને બીજો અર્થ પામવાનો રહેતો નથી.

કૃષ્ણમાં વ્યસન થાય એટલે જીવ કૃતાર્થ થાય છે. તેને તેની ભક્તિનું ફળ મળી જાય છે; તેના સાધ્યની તેને પ્રાપ્તિ થાય છે. વ્યસનીના હૃદયમાં પ્રભુનું સ્વરૂપ સ્થાયી નિવાસ કરે છે. કારણકે સ્વરૂપ દર્શન સિવાય તે એક ક્ષણભર પણ રહી શકતો નથી. આથી જો તે સ્વરૂપ ક્ષણભર પણ તેના હૃદયમાંથી ખસે તો તેનું મૃત્યુ નિશ્ચિત. આ રીતે હૃદયમાં સ્વરૂપનું સ્થિર થવું એનું નામ જ સાધ્ય-પ્રાપ્તિ થવી.

આગળ કહ્યું તેમ ગૃહત્યાગ એ ત્યાગ નથી. ગૃહ પ્રત્યેની આસક્તિનો ત્યાગ એ ત્યાગ છે. આથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે, ત્યાગનું સ્વરૂપ સમજી લેવું જરૂરી છે. ત્યાગના સાચા સ્વરૂપને સમજ્યા વગર જો તે એવો આગ્રહ રાખે કે હું ગૃહાદિકનો ત્યાગ કરીને જ મારી ભક્તિને દઢ કરીશ; કારણ કે ગૃહમાં રહેવાથી મારી ભક્તિને પોષણ મળતું નથી. આ રીતે વિચારવું એ એના અજ્ઞાનનું દ્યોતક છે. કારણ કે ગૃહ ત્યાગ કર્યા પછી પણ તેને જીવન તો જીવવાનું છે. તે હજુ વ્યસન દશાએ પહોંચ્યો ન હોવાથી, જીવન જીવવાની ભાવના તો બની રહે છે. તે માટે તેણે લોક સંપર્ક રાખવો પડે છે; અન્નજળ લેવાં પડે છે. તેથી એવું બનવા સંભવ છે કે ઘર છોડવાથી, ઘરની બહાર તેને દુષ્ટ લોકોનો સંગ થાય અને અસમર્પિત, અપવિત્ર તથા વિકારોને પોષતુ અન્ન તેને લેવું પડે.

આથી તેણે ઘર છોડવાની જરૂર નથી. યાદ રાખો કે પુષ્ટિમાર્ગમાં ગૃહત્યાગને ત્યાગ માનવામાં આવ્યો નથી. લૌકિક અહંતા-મમતાના વિષયો પ્રત્યેનો આસક્તિનો ત્યાગ, એ જ પુષ્ટિમાર્ગીય ત્યાગ છે. અને એવો ત્યાગ પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ ભકત જ્યારે ભક્તિની અંતિમ દશાએ (વ્યસન દશાએ) પહોંચે ત્યારે તેણે ગૃહત્યાગ અવશ્ય કરવો. એ અવસ્થાએ પહોંચેલ ભકતને દુઃસંગ કે અસમર્પિતની કોઈ અસર થશે નહીં.

અલબત્ત એવી ઉચ્ચ દશાએ પહોંચેલ ભકતે પણ ગૃહ ત્યાગ કરીને, બને તો હરિ સ્થાનોમાં, એટલે કે શ્રીગોકુલ-વૃંદાવન આદિ સ્થળોએ રહેવું. અથવા ભગવદ્ ભક્તોની સમીપે રહેવું. અથવા તે બધાથી દૂર પણ રહી શકાય. પરંતુ તે એવી રીતે કે તે જ્યાં રહે ત્યાં રહેવાથી તેનું ચિત્ત દૂષિત ન થાય. આવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી આ ગ્રંથના ૬-૭-૮ શ્લોકમાં કરે છે :-

**તાદશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્ ।**
**ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈક માનસ ।।૬।।**

**લભતે સુદઢાં ભક્તિં સર્વતોડપ્યધિકાં પરામ્ ।**
**ત્યાગે બાધક ભૂયસ્ત્વં દુઃસંગાત્તથાન્નતઃ ।।૭।।**

**અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।**

**અર્થાત્ :-** વ્યસન કક્ષાએ પહોંચેલ ભગવદ્ ભક્તોને માટે નિરંતર ગૃહમાં રહેવું એ તેના ભગવદ્ ભાવનો નાશ કરનારું છે. તેથી સન્યાસ નિર્ણય ગ્રંથમાં, વિરહના અનુભવને માટે ભક્તિની આરંભ દશામાં, જેવી રીતનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે તે રીતે તેણે ગૃહાદિકનો ત્યાગ કરવો. એટલે કે વિરહનો અનુભવ કરવા માટે ગૃહત્યાગ કરવો.

એ રીતે ગૃહાદિકનો ત્યાગ કર્યા પછી, જે ભક્ત પોતાની ભગવદ્ ભાવનાને અનુરૂપ, શ્રીભગવાન્‌ને માટે અથવા પોતાની ભક્તિની વૃદ્ધિ માટે, પોતાના અધિકાર અનુસાર શ્રવણ-કીર્તન કરે તે પુરુષ, કશાથી નાશ ન પામે તેવી, અત્યંત દૃઢ, અને ચારે પ્રકારની મુક્તિથી અધિક ઉત્તમ, એવી પરાભક્તિને પામે છે. એવી ભક્તિ દ્વારા તે અગણિતાનંદ એવા પૂર્ણ પુરુષોત્તમને ફળ રૂપે પામે છે.

ગૃહત્યાગ કરવામાં બે પ્રતિબંધ (બાધકો)નો સામનો કરવો પડે છે. (૧) દુસંસર્ગ અર્થાત્ દુષ્ટ લોકોનો સંસર્ગ અને (૨) અન્ન એટલે કે અસમર્પિત અન્ન ગ્રહણ. આ બે પ્રતિબંધો ન નડે એટલા માટે, જે લોકો ભગવદ્ સ્વરૂપની સેવામાં તત્પર હોય એવા ભગવદીયોની સાથે, શ્રીહરિના સ્થળોએ રહેવું. અથવા ભગવાન્‌ના મંદિરમાં કે ભગવદીયોની નજીકમાં કે જરૂર પડે તેમનાથી દૂર એ રીતે રહેવું કે જેથી રહેનારનું અંતઃકરણ દોષવાળું ન થાય.

ભક્તિ ઘરમાં રહીને કરવાની છે. પરંતુ ભક્તિ જ્યારે વ્યસન દશાએ પહોંચે ત્યારે તે ઘરમાં રહીને ભક્તિ કરી શકતો નથી. વ્યસનીને સર્વ સ્થળે, ઘરમાં કે ઘરની બહાર, સર્વત્ર ભગવાન્ દેખાય છે. તેથી તે સર્વત્ર ભટકે છે. રાજા આશકરણ એવા વ્યસન પ્રાપ્ત ભક્ત હતા. વ્યસન કક્ષાએ પહોંચેલ વૈષ્ણવને કોઈપણ પ્રકારનાં સેવા વિષયક બંધનો હોતા નથી. તેણે સમર્પિત જ લેવું એવો કોઈ નિયમ નથી. દુઃસંગની અસર તેના ઉપર થતી નથી. કારણ કે તે તો પ્રભુનો વ્યસની બની ગયો છે. અન્ય વસ્તુ ગમે તેટલી ઉત્તમ હોય, તે તેના

વ્યસનની વસ્તુની તુલનામાં તદ્દન નકામી છે. તે ચારે તરફ ફરતો રહે છે; સર્વ સ્થળે પોતાના સેવ્ય સ્વરૂપને નિરખતો રહે છે. તેની જીભ નહીં પરંતુ તેનું ચિત્ત ભજન કીર્તન કરતું રહે છે. તેની ભક્તિમાં કદી ભરતી કે ઓટ આવતી નથી. કારણ કે વ્યસનથી ઊતરતી કક્ષાએ તે પાછો જવાનો નથી અને વ્યસનથી ઉચ્ચ કક્ષા બીજી છે નહીં. વ્યસન દ્વારા તે પોતાના વ્યસનના આધારરૂપ પૂર્ણ પુરુષોત્તમને પામી ચૂકયો હોય છે.

આથી ભગવદીયે ગૃહત્યાગ ત્યારે જ કરવો જ્યારે તેને વ્યસન દશા પ્રાપ્ત થાય. વ્યસન દશા એ બીજની ફલિત દશાનો ભાવ છે. તે ફલરૂપ છે. એવો ભકત બીજાને માટે સત્સંગરૂપ બને છે. તેને દુઃસંગ ન લાગે. તેના માર્ગમાં કોઈ વસ્તુ બાધારૂપ ન બને તે એટલે સુધી કે તેવા ભકતને ભગવાન પણ બાધા કરી શકતો નથી. એટલે કે ભગવદ્ કૃત પ્રતિબંધ પણ તેના માર્ગમાં અંતરાય કરી શકતો નથી. તો પછી દુઃસંગ કે અસમર્પિત રૂપી બાધાઓ, તેની અત્યંત દઢ બનેલી ભક્તિ ભાવનાને કેવી રીતે ચળાવી શકે ? તેના અંતઃકરણમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. તે જે કાંઈ કહે, ખાય, પીએ, બોલે, નાચે, કૂદે કે ગાય, તે બધુ પ્રભુને સમર્પિત થઈ જાય છે. દુઃસંગ અને સમર્પિત તેની સામે બાપડાં બિચારાં થઈ જાય છે.

ભક્તિની આરંભ દશામાં પણ ઘરની બહાર રહીને ભક્તિ કરવી હોય તો તે શા કારણ કરી શકાય તે કહેવામાં આવ્યું છે. ઘરનો ત્યાગ કરીને ભક્તિ કરવી હોય તો તે કેવળ ભગવદ્ વિરહનો અનુભવ કરવા માટે જ થઈ શકે. શ્રીમત્ પ્રભુ ચરણ શ્રીગુસાંઈજીએ છ માસ માટે, ગૃહત્યાગ કરીને (અડેલ છોડીને) ચંદ્ર સરોવર ઉપર મુકામ કર્યો હતો. તે એટલા માટે કે આપશ્રી પોતાના પ્રાણપ્યારા શ્રીનાથજીના વિયોગનો અનુભવ કરવા માગતા હતા. કૃષ્ણદાસ અધિકારીએ તેમની સેવા છોડાવી હતી એમ કહેવું નિરર્થક છે. તેમની સેવા છોડાવવાની શક્તિ કોઈમાં ન હતી. પરંતુ કોઈ વિશિષ્ઠ લીલા કરવા માટે આપશ્રીએ ગૃહત્યાગ કર્યો, એમ કહેવું વધુ ઉચિત થશે. પરંતુ સાચુ કારણ તો આ છે વિરહાનુભાવાર્થ એટલે કે વિરહનો અનુભવ કરવા માટે આપશ્રીએ ઘર છોડયું હતું. આપશ્રીએ એ સમય દરમ્યાન શ્રીજીબાવાને નવ વિજ્ઞપ્તિઓ કરી છે

તે વાંચતા એ બાબતની ખાત્રી થશે. એ વિજ્ઞપ્તિ નથી; એ તો એક વિરહ કાતર જીવના વિરહભાવનું મૂર્તિમંત સ્વરૂપ છે.

આ રીતે ભક્તિની વૃદ્ધિનો ઉપાય કહીને પછી આગળ કહેલા ત્યાગ (ત્યાગાત્) ના સ્વરૂપને જાણ્યા સિવાય જો કોઈ ભક્ત ગૃહ ત્યાગ કરે તો તે અનધિકાર ચેષ્ટા કહેવાય એવું આપશ્રીએ (શ્રીમહાપ્રભુજીએ) કહ્યું છે. જો કોઈ ભક્તિમાર્ગીય જીવ, ત્યાગનું સ્વરૂપ ન જાણતો હોઈ, અજ્ઞાતવશ એવું કહે કે હું ગૃહાદિકનો ત્યાગ કરીને, અન્ય સ્થળે રહીને મારી ભક્તિને પુષ્ટ કરી, પછી જો તે ગૃહ ત્યાગ કરે તો તેના એવા ત્યાગમાં દુઃસંગ અને અસમર્પિત રૂપી પ્રતિબંધો આવી પડે છે.

તેથી જ્યારે પણ ગૃહત્યાગ કરવો, ત્યારે જે સ્થલે ભક્તિમાર્ગીય સેવાનો પ્રકાર ચાલતો હોય તેવાં શ્રીગોકુલ, વૃંદાવન આદિ સ્થળોમાં, ભગવદ્ સ્વરૂપની સેવા, શ્રવણ અને કીર્તનમાં તત્પર એવા ભગવદીયોની સાથે રહેવું. અથવા તો જે રીતે પોતાને ભગવદ્ સેવા કરવાનું અભિમાન (અન્ય ભગવદીયો કરતાં હું સારી સેવા કરું છું એવું અભિમાન) ન થાય અથવા ભગવદીયોમાં પોતાની હલકાપણાની બુદ્ધિ (અન્ય ભગવદીયો મારા કરતાં વધુ સારી સેવા કરે છે. તેથી મારી સેવા તો તેમના કરતાં હલકી છે એવી બુદ્ધિ) ન ઉપજે તે રીતે, એવા એ બન્ને દોષોથી પોતાનું અંતઃકરણ દુષિત ન થાય એવી રીતે, હરિ સ્થાનોમાં અથવા ભગવદ્ ભક્તોની નજીકમાં કે દૂર રહેવું. આ રીતે ભગવદ્ ભક્તે, પોતાનું હૃદય કોઈ રીતે દોષવાળું ન થાય તે રીતે રહેવું.

અને ત્યાં રહીને શું કરવું ? સેવા કરવી અને કથા સાંભળવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :-

**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।**
**યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપિતિ મતિર્મમ્ ।।**

**અર્થાત્ :-** જે પુરુષને સ્વરૂપ સેવામાં અથવા ભગવલ્લીલા કથા સાંભળવામાં, જીવન પર્યંતની દઢ આસક્તિ થાય તે પુરુષના ભક્તિ ભાવનો, કોઈ દેશમાં કે કોઈ કાળમાં અને આ લોક કે પરલોકમાં પણ નાશ થતો નથી

એવી મારી (શ્રીવલ્લભની) મતિ છે.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે જે જીવની પુષ્ટિસેવામાં અથવા ભગવદ્ કથા સાંભળવામાં, જીવન પર્યંત, દઢ આસક્તિ હોય તે પુરુષનો અથવા તેના ભગવદ્ભાવનો આ લોક કે પરલોકમાં કયારેય પણ નાશ થતો નથી. ચોરાસી વૈષ્ણવોની વાર્તાઓમાં દીનકરશેઠની વાર્તા છે. દીનકર શેઠને ભાગવતની કથા સાંભળવામાં દઢ આસક્તિ હતી. જ્યાં જ્યાં કથા થતી હોય ત્યાં તે વગર બોલાવે જઈ બેસી જાય. અને કથા સાંભળે. સ્વયં શ્રીમહાપ્રભુજીએ પણ તેમની ભગવદ્ કથા પ્રત્યેની આસક્તિ જોઈને તેમને પોતાની કથાના મુખ્ય શ્રોતા બનાવ્યા. જ્યાં સુધી દીનકરશેઠ કથા સાંભળવા ન આવે ત્યાં સુધી આપશ્રી કથા સંભળવાવાની શરૂઆત ન કરતા. દીનકરશેઠની કથા પ્રત્યેની આવી અને આટલી દઢ આસક્તિ હતી. તેથી તેમના ભગવદ્ ભાવનો નાશ થવાની કોઈ સંભાવના ન હતી.

બીજી તરફ શેઠ પુરુષોત્તમદાસની દીકરી રૂકમણીની આસક્તિ, સ્વરૂપ સેવામાં હતી. તેથી તે ગંગાસ્નાન માટે કે ભગવદ્ કથા વાર્તા સાંભળવા માટે પણ સમય મેળવી શકતી ન હતી. આખો દિવસ તે ભગવદ્ સેવામાં મગ્ન રહેતી. તેનો એ ભગવદ્ સેવા ભાવ, તેની ભગવદ્સેવા પ્રત્યેની આસક્તિને કારણે હંમેશ માટે એવો જ પ્રબળ રહ્યો.

તેથી જીવે કાં તો ભગવાન્ની સ્વરૂપ સેવામાં અથવા ભગવાન્ની લીલા કથા સાંભળવામાં આસક્તિ રાખવી. વાસ્તવમાં સેવા અને કથા, સ્વરૂપગત રીતે એક જ છે. બન્નેમાં ભગવદ્ સ્વરૂપ સાથે સંબંધ જોડવામાં આવે છે. જીવનો ભાવ તેની ભક્તિને સુદઢ કરે છે. તેનો એ ભાવ કદી નષ્ટ થતો નથી.

આ શ્લોકનો ભાવ બીજી રીતે વિચારીયે. ભગવદ્સેવા એ જીવનો ધર્મ છે. તેથી ભગવદ્સેવા કદી ન છોડવી. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી રીતે નિત્યપ્રતિ સેવા કરવી. પછી સેવામાં અનોસરના સમયે કથાવાર્તા સાંભળવી; ભગવાન્ની ગુણાનુવાદ કરવા કે સાંભળવા. આ રીતે સેવા અને કથા બન્ને કરનાર જીવનો ભક્તિભાવ સુદઢ થાય છે. તેના હૃદયમાં રોપાયેલું ભક્તિ બીજ વૃક્ષમાં પરિણમે છે. પછી દઢતાથી ભૂમિને વળગી રહેલું તે વૃક્ષ સહેલાઈથી નાશ

પામતું નથી. એવુંજ ભક્તિ બીજનું છે. વૃદ્ધિ પામીને પ્રેમ આસક્તિનાં સોપાનો વટાવી ચૂકેલું એ ભક્તિ બીજ જો દઢતાથી પ્રભુને વળગી રહે તો તેનો નાશ કદી પણ ન થાય. કારણ કે ભક્તિભાવ અલૌકિક છે તેથી તે અમર છે.

તેથી જીવે પોતાની ભક્તિભાવની રક્ષા સદૈવ કરવી. જીવે ભક્તિભાવની રક્ષા, ઘરમાં રહીને (ગૃહે સ્થિત્વા) કરવાની છે. પરંતુ જો જીવને એમ લાગે કે ઘરમાં રહીને ભક્તિ કરવામાં અમૂક બાધાઓ ઉપસ્થિત થવાની સંભાવના છે તો શું તેણે ઘર છોડીને એકાંતવાસ ન કરવો ? આ પ્રશ્નના ઉત્તર રૂપે કહેવામાં આવ્યું છે કે :-

**બાધ સંભાવનાયાં તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।**

**અર્થાત્ :-** ઘરમાં રહીને ભગવદ્ ભક્તિ કરવામાં કોઈ બાધાઓ ઉપસ્થિત થશે એવી શંકાથી એકાંતવાસ એટલે કે ઘર છોડીને ભગવદ્ સ્થાનાદિક સ્થળોએ રહેવું એ ઈચ્છનિય નથી. કારણ કે શ્રીહરિ, પોતાને શરણે આવેલાની સર્વ બાધાઓને દૂર કરવા સમર્થ છે. અને તે તમારી તમામ સંભવિત બાધાઓની સામે પણ તમારા ભક્તિભાવની રક્ષા કરશે તેમાં શંકા નથી.

ઘરમાં રહીને સેવા કરો અને કદાચ સ્ત્રી-પુત્રાદિક કે સ્નેહી-સંબંધીઓ તમારી સેવામાં પ્રતિબંધરૂપ બનશે એવી શંકા તમને થાય તો પણ તમારે ઘર છોડી અન્ય સ્થળે (એકાંતવાસમાં) રહેવાની જરૂર નથી. કારણ કે ભક્તની સર્વ બાધાઓનું હરણ કરનાર શ્રીહરિ છે. તમારા ભક્તિ ભાવ આડે જો અનેક પ્રતિબંધો (બાધાઓ) ઉપસ્થિત થશે તો યેનકેન પ્રકારેણ, સ્વઈચ્છાથી પ્રભુ પોતે તે દૂર કરશે એમાં સહજ પણ શંકા ન રાખવી.

આ રીતે શ્રીમહાપ્રભુજીએ ભક્તિના બીજ ભાવને દઢ કરીને તેની વૃદ્ધિ થતાં ભક્તિને ફલરૂપ બનાવવાના ઉપાયો આ ગ્રંથમાં બતાવ્યા છે. પછી ગ્રંથના અંતે આપશ્રી સંતોષપૂર્વક આજ્ઞા કરે છે :-

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।**
**ય એતત્સમધીયેત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ ।।૧૧।।**

**અર્થાત્ :-** આ ગ્રંથની સમાપ્તિમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેનું તત્ત્વ બહુ ગૂઢ અથવા રહસ્યમય છે એવું શિક્ષણ કે જે આ પહેલાં ગીતાજી અને ભાગવત આદિમાં કહેવામાં આવ્યું છે તે શિક્ષણનું નિરૂપણ મેં આ ગ્રંથમાં કર્યું છે. તેથી, જો કોઈ માણસ એ શિક્ષણને સારી રીતે યાદ કરશે તે પુરુષને પણ શ્રીહરિમાં નિશ્ચલ પ્રીતિ થશે.

ભક્તિવર્ધિની ગ્રંથમાં જે ઉપદેશ (શિક્ષણ) આપવામાં આવ્યું છે કે શ્રીમદ્ ભાગવત અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ પૂર્વે આપવામાં આવેલું છે. એ જ શિક્ષણ અથવા ઉપદેશનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં કર્યું છે. તેમ કરતાં શ્રીમહાપ્રભુજી નિજ સેવકોને આજ્ઞા કરે છે કે તમે એ ઉપદેશ ગ્રહણ કરો. એ કોઈ સામાન્ય ઉપદેશ નથી. ગીતા એ કોઈ સામાન્ય શાસ્ત્ર નથી તે એકમ્ શાસ્ત્રમ છે. ભાગવત એ તો શાસ્ત્રજ નથી; તે તો સર્વ શાસ્ત્રોના વિષય રૂપ પરમ તત્ત્વ પરમાત્માનું સ્વરૂપ છે. તે બેમાં આપેલ ઉપદેશ, જો તમે સારી રીતે ગ્રહણ કરશો તો તમને પણ નિઃસંશય મારા સ્વામી શ્રીકૃષ્ણમાં પ્રીતિ પ્રાપ્ત થશે. અસ્તુ.

**– જય શ્રીકૃષ્ણ**

# ૧૨. જલભેદઃ

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ॥
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહ-વારકાન્ ॥૧॥
ગુણ-ભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ॥
ગાયકાઃ કૂપસંકાશા 'ગન્ધર્વા' ઈતિ વિશ્રુતાઃ ॥૨॥
કૂપભેદાસ્તુ યાવન્તસ્ તાવન્તસ્ તેઽપિ સમ્મતાઃ ॥
ક્ષેત્ર-પ્રવિષ્ટાસ્ તે ચાપિ સંસારોત્પત્તિ-હેતવઃ ॥
વેશ્યાદિ-સહિતા મત્તા ગાયકા 'ગર્ત'સંજ્ઞિતાઃ ॥૪॥
જલાર્થમેવ ગર્તાસ્ તુ નીચા ગાનોપજીવિનઃ ॥
'હ્રદા'સ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ॥૫॥
સન્દેહ-વારકાસ્ તત્ર 'સૂદા' ગમ્ભીર-માનસાઃ ॥
'સરઃ'કમલ-સમ્પૂર્ણાઃ પ્રેમ-યુક્તાસ્ તથા બુધાઃ ॥૬॥
અલ્પ-શ્રુતાઃ પ્રેમયુક્તા 'વેશન્તાઃ' પરિકીર્તિતાઃ ॥
કર્મશુદ્ધાઃ 'પલ્વલાનિ' તથાઽલ્પશ્રુતભક્તયઃ ॥૭॥
યોગ-ધ્યાનાદિ-સંયુક્તા ગુણા 'વર્ષ્યાઃ' પ્રકીર્તિતાઃ ॥
તપો-જ્ઞાનાદિ-ભાવેન 'સ્વેદજાસ્'તુ પ્રકીર્તિતાઃ ॥૮॥
અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ ગુણાઃ ॥
કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ 'પતચ્છબ્દાઃ' પ્રકીર્તિતાઃ ॥૯॥
દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ 'પૃષ્વા' ભૂમેર્ ઈવોદ્ગતાઃ ॥
સાધનાદિ-પ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥૧૦॥
પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ 'સ્યન્દમાનાઃ' પ્રકીર્તિતાઃ ॥
યાદૃશાસ્ તાદૃશાઃ પ્રોક્તા વૃદ્ધિક્ષયવિવર્જિતાઃ ॥૧૧॥
'સ્થાવરાસ્' તે સમાખ્યાતા મર્યાદૈક-પ્રતિષ્ઠિતાઃ ॥
અનેક-જન્મ-સંસિદ્ધા જન્મ-પ્રભૃતિ સર્વદા ॥૧૨॥
સંગાદિ-ગુણ-દોષાભ્યાં વૃદ્ધિ-ક્ષય-યુતા ભુવિ ॥
નિરન્તરોદ્ગમયુતા 'નદ્યસ્' તે પરિકીર્તિતાઃ ॥૧૩॥

**એતાદશાઃ સ્વતન્ત્રાશ્ ચેત્ 'સિન્ધવઃ' પરિકીર્તિતાઃ ।।**
**પૂર્ણા ભગવદીયા યે શેષ-વ્યાસાગ્નિ-મારુતાઃ ।।૧૪।।**
**જડ-નારદ-મૈત્રાદ્યાસ્ તે 'સમુદ્રાઃ' પ્રકીર્તિતાઃ ।।**
**લોક-વેદ-ગુણૈઃ મિશ્ર-ભાવેનૈકે હરેર્ ગુણાન્ ।।૧૫।।**
**વર્ણયન્તિ સમુદ્રાસ્ તે 'ક્ષારાદ્યાઃ ષટ્' પ્રકીર્તિતાઃ ।।**
**ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ।।૧૬।।**
**સર્વાન્ એવ ગુણાન્ વિષ્ણોર્ વર્ણયન્તિ વિચક્ષણાઃ ।।**
**તે'ઽમૃતોદાઃ' સમાખ્યાતાસ્ તદ્ વાક્ પાનં સુદુર્લભમ્ ।।૧૭।।**
**તાદશાનાં ક્વચિદ્ વાક્યં દૂતાનામ્ ઈવ વર્ણિતમ્ ।।**
**અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ।।૧૮।।**
**રાગાજ્ઞાનાદિ-ભાવાનાં સર્વથા નાશનં યદા ।।**
**તદા લેહનમ્ ઈત્યુક્તં સ્વાનન્દોદ્ગમ-કારણમ્ ।।૧૯।।**
**ઉદ્ધૃતોદકવત્ 'સર્વે' પતિતોદકવત્ તથા ।।**
**ઉક્તાતિરિક્ત-વાક્યાનિ ફલં ચાપિ તથા તતઃ ।।૨૦।।**
**ઈતિ જીવેન્દ્રિયગતા નાના-ભાવં-ગતા ભુવિ ।।**
**રૂપતઃ ફલતશ્ ચૈવ ગુણા વિષ્ણોર્ નિરૂપિતાઃ ।।૨૧।।**

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યપ્રકટિતો જલભેદઃ સમાપ્તઃ ।।

***

મનુષ્યને પોતાના જીવનકાળ દરમ્યાન ભિન્ન ભિન્ન પ્રકૃત્તિના અને ભિન્ન ભિન્ન ગુણદોષ વાળા મનુષ્યોનો સંગ થાય છે. જેની સાથે તેનો સંગ થાય તેની પાસેથી સાર ગ્રહણ કરવો અને અસારનો ત્યાગ કરવો એનું નામ વિવેક. સારું બધેથી ગ્રહણ કરવું. ગુરુ દત્તાત્રેય તો ગુરુનાય ગુરુ હતા. છતાં તેમણે જીવજંતુઓ અને ક્ષૂદ્ર પ્રાણીઓ પાસેથી પણ સાર ગ્રહણ કર્યો હતો. તેમને એવા ૨૪ શિક્ષાગુરુ હતા.

આ વાત સાચી છે. પરંતુ સાચી હોવા ઉપરાંત એ સાચી પણ ત્યારે જ બને જ્યારે આપણામાં નીરક્ષીર વિવેકની શક્તિ હોય. પાણીને દૂધથી જુદું પાડી દૂધનું પાન કરવું એટલે સારને ગ્રહણ કરવો; એવી સારને અસારથી જુદા

પાડવાની શક્તિ અને સુઝ બધા જીવોમાં હોતી નથી. એવી વિવેકશક્તિ ધરાવનાર જીવો ઘણા ઓછા હોય છે.

મહાપુરુષો કહે છે કે સત્સંગ કરો અને દુઃસંગનો ત્યાગ કરો. સત્સંગનો મહિમા સૌ કોઈ ગાય છે. દુઃસંગથી દૂર રહેવાની શિખામણ સૌ કોઈ આપે છે. પરંતુ સત્સંગ અને દુઃસંગ વચ્ચેનો ભેદ સમજાવનાર ઘણા ઓછા મહાપુરુષો હોય છે. જલભેદમાં એવો ભેદ સમજાવવામાં આવ્યો છે.

જેનો સંગ કરો તેનો રંગ ઓછા કે વધતા પ્રમાણમાં લાગ્યા વિના નહીં રહે. કહે છે કે જે ભગવદીયને પ્રભુનું વ્યસન લાગી ગયું છે તેને દુઃસંગની અસર થતી નથી. ભક્તિવર્ધિની ગ્રંથમાં એવું કહેવામાં આવ્યું છે. તેમ છતાં કોઈ દુષ્ટ માણસ જો લગાતાર એવા પ્રભુ-વ્યસની ભક્તની સાથે રહે તો કદાચ તેના દુઃસંગની અસર એવા ભકત ઉપર પણ પડે ખરી. જો તેમ હોય તો આપણા જેવા સાધારણ જીવોએ તો દુઃસંગના માંઠા પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવું જ જોઈએ.

એટલા માટે આપણા ગુરુદેવ શ્રીવલ્લભે આપણે માટે જલભેદ નામના લઘુગ્રંથની રચના કરી છે. અન્ય વાતો જવા દઈએ તો ભગવદ્ વાતો પણ કોની સાથે કરવી અને કોની પાસેથી ભગવદ્ ગુણાનુવાદ શ્રવણ કરવા અને કોની પાસેથી શ્રવણ ન કરવા તે આપશ્રીએ જલભેદ ગ્રંથમાં બતાવ્યું છે.

બધા વલ્લભી વૈષ્ણવોને શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે કે - નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ । એટલે કે તાદશીજનો સાથે મળીને નિવેદન મંત્રનું સ્મરણ કરવું અને તેનો ભાવ વિચારવો - હંમેશા, દરરોજ, એનો અર્થ એ છે કે આપણે સંગ કરવો તો કેવળ ભગવદીયોનો, તદીય વૈષ્ણવોનો જ સંગ કરવો. તેમની સાથે બેસીને ભગવદ્ ગુણાનુવાદ કરવાં કે તેમના મુખેથી તે સાંભળવાં. અને જો કોઈ ભગવદીય ન મળી આવે તો સ્વ-માર્ગના ઉત્તમ ગ્રંથોનું વાંચન અને મનન કરવું. પરંતુ દુષ્ટો સાથે બેસીને અસદાલાપ તો કદી ન કરવો.

તેમ છતાં આપણે વ્યવહારમાં તો રહેવાનું છે. અનેક માણસો સંપર્કમાં

રોજ-બરોજ આવવાનું છે. તેવા લોકોમાંથી કોનો સંગ કરવો અને કોનો સંગ છોડવો તે જાણી લેવાની જરૂર છે. તે જાણી લેવા માટે આપણે જેના સંગમાં આવીએ તેના ભાવોને જાણી લેવાની જરૂર છે. જેનો જેવો ભાવ તેવી તેની અસર, આપણા ઉપર જરૂર પડશે. સંગની શુભ કે અશુભ, ફાયદાકારક કે નુકશાનકારક અસર પડયા વગર રહેતી નથી.

તેથી જેના સંપર્કમાં આવો તેનો ભાવ જાણવા પ્રયત્ન કરો. જગતમાં બધા જીવોનો ભાવ એક સરખો હોતો નથી. સૌ કોઈના ભાવ જુદા જુદા હોય છે. શ્રીમહાપ્રભુજીએ જલભેદમાં વીસ પ્રકારના ભાવવાળા મનુષ્યો ગણી બતાવ્યા છે. ભાવો તો ઘણા છે. પરંતુ તે બધા ભાવોને આપશ્રીએ વીસ પ્રકારના ભાવોમાં સમાવી લીધા છે. અને જે તે ભાવોની ગુણવત્તા અનુસાર તે ભાવ ધરાવનાર મનુષ્યનો સંગ કરવો કે છોડવો તે કહ્યું છે.

ભક્તિવર્ધિનીમાં ભક્તિનો બીજભાવ કેવી રીતે દઢ થાય અને ભક્તિની વૃદ્ધિ કેવી રીતે થાય તે આપશ્રીએ બતાવ્યું છે. પરંતુ ભક્તિની વૃદ્ધિ થઈને જ્યાં સુધી ભકત વ્યસન દશાએ ન પહોંચે ત્યાં સુધી, દુઃસંગની અસરથી ભકતને તેની ભક્તિમાંથી ચલિત થવાનો ભય બન્યો રહે છે. તે ભયના નિવારણ માટે તેણે દુઃસંગ છોડવો અને સત્સંગ સાધવો. દુઃસંગ એ સાધકનો દુશ્મન છે. દુઃસંગ સાધકના સાધના માર્ગમાં બાધારૂપ બને છે. એવું વિચારી, નિશ્ચયે કરીને દુઃસંગ છોડવો.

બીજાના રક્ષણ માટે જે રીતે ખેડૂતો ખેતરને ફરતી વાડ બાંધે છે તેવી રીતે ભકતના બીજભાવની રક્ષા માટે ભગવદ્ ગુણાનુવાદના કથન (કીર્તન) અને શ્રવણરૂપી વાડ બાંધવી જરૂરી છે. એવી વાડ બાંધવા માટે આચાર્યશ્રીએ ત્યાગ, શ્રવણ અને કીર્તન - એ ત્રણ બાબતોને જરૂરી ગણાવી છે. એ ત્રણમાંથી, શ્રવણ થઈ શકે અન્યા પાસેથી અને તે અન્યની વાણીનું એટલે કે વકતા બોલે અને ભગવદીય તે સાંભળે એનું નામ શ્રવણ ભક્તિ. શ્રીશુક બોલે અને રાજા પરીક્ષિત તે સાંભળે તેનું નામ શ્રવણ. કહે છે ને કે શ્રવણ કર્યું રાજા પરીક્ષિતે પરંતુ જેની પાસેથી શ્રવણ કરવાનું છે તે (વકતા) વ્યક્તિ કોણ અને કેવી હોવી જોઈએ એ બાબતે શ્રીમદાચાર્યચરણ જલભેદ નામે ગ્રંથમાં બતાવી

છે. બીજી રીતે કહીએ તો આપશ્રીએ (શ્રીવલ્લભે) જલભેદમાં વીસ પ્રકારના ભાવવાળા વકતાઓ અને તેની પાસેથી ભગવદ્ ગુણોનું શ્રવણ કરનાર શ્રોતાઓ ઉપર તેમના વકતવ્યની પડનાર શુભ કે અશુભ અસર વિષે કહ્યું છે.

એ કહેવા માટે આપશ્રીએ જલ (પાણી)નું દષ્ટાંત આપ્યું છે. તે માટે તૈત્તરીય સંહિતામાં જલના જેટલા ભેદ માનેલા છે તેટલા ભેદ ભગવદ્ ગુણોમાં પણ માનવામાં આવ્યા છે. તૈત્તરીય સંહિતામાં જલના વીસ ભેદ કહેલા છે. તેથી જલભેદમાં ભગવદ્ ગુણોના પણ વીસ ભેદ કહેવામાં આવ્યા છે. જલ તો એક સરખું જ હોય છતાં તેના આટલા બધા ભેદ કેવી રીતે હોય? જલના ભેદ પડે છે જલ જેના આધારે રહે છે તે પાત્રના આધારે. સમુદ્ર, નદી, સરોવર, કુવો, ખાડો અને ખાબોચિયું આદિ જલના આધાર રૂપ છે. તે બધામાં રહેતા જલમાં નિશ્ચિતપણે ભેદ રહેલો છે. તેવી જ રીતે ભગવદ્ ગુણો તો એકસરખા જ હોય. પરંતુ તેનુ કથન કરનાર વકતાઓના આધારે તેમાં ભેદ પડે છે. તે કેવી રીતે તે આપણે જલભેદમાં કરેલ વિવેચન દ્વારા સમજાઇ જશે. એ વિવેચન ગ્રંથના આદિથી અંત સુધી, જલના દષ્ટાંત દ્વારા જ સમજાવ્યું છે. તે આ રીતે-

જળનો સ્વાભાવિક ગુણ આ પ્રમાણે છે. તે શીતળતા આપનારું, નિર્મળ, મધુર રસવાળું, સૌને શુદ્ધ કરનારું, તેના સંબંધમાં આવનાર સૌને પોષણ આપનારું, સૌને તૃપ્ત કરનાર અને છતાં જડ છે.

જલમાં આટલા બધા સુંદર અને સ્વાભાવિક ગુણો છે. તેમ છતાં તે જલ જેના આધારે રહે છે તેના જેવા સ્વભાવવાળું તે બની જાય છે. એટલે કે તેનામાં પોતાના આધારના ગુણદોષો આવી જાય છે. જેમકે નાના ખાબોચીયામાં રહેલું જળ ગંદુ અને દુર્ગંદયુકત બની જાય છે. તલાવડાના જલમાં મધુરતા ઓછી થાય છે. ખેતરમાં પ્રવેશેલું જળ જે તે ખેતરને માટે જ ફાયદાકારક છે; અન્ય ખેતરો માટે તે ફાયદાકારક નથી. આ રીતે જેવો જળનો આધાર તેવા તેના ગુણદોષો.

એ જ રીતે ભગવાન્ના ગુણો આનંદદાયક અને રસદાયક હોય છે. કારણ કે ભગવાન્ રસો વૈ સઃ છે. અને ભગવાન્ આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ છે. પરંતુ વક્તા જ્યારે ભગવાન્ના ગુણોનું ગાન કરે છે ત્યારે તે

પોતપોતાના ભાવ અનુસાર ભગવદ્ ગુણોનું ગાન કરે છે. તેથી ભગવાન્‌ના ગુણોમાં પણ વિવિધતા આવી જાય છે.

તદનુસાર, જે રીતે તૈત્તરીય સંહિતામાં જળના વીસ ભેદો બતાવ્યા છે. તે રીતે શ્રીમહાપ્રભુજીએ જલભેદમાં, ભગવદ્ ગુણોનું કથન કરનારા વકતાઓના પણ વીસ ભેદ વર્ણવ્યા છે.

અહીં વકતા એટલે ગમે તે બોલનાર વકતા નથ. રાજકીય, આર્થિક, સામાજિક, વ્યવહારિક વાતો કરનાર વકતાઓ વિષે અહીં કશું કહેવામાં આવ્યું નથી. અહીં તો કેવળ ભગવદ્ ગુણોનું કથન કરનાર વકતાઓની વાત છે. ભક્તોને ભગવદ્ ગુણો વિષે સાંભળવામાં રસ હોય છે; અન્ય વાતો સાંભળવામાં નહીં. તેથી શ્રીમહાપ્રભુજીએ જલભેદ ગ્રંથમાં એવા વીસ પ્રકારના વકતાઓનાં લક્ષણો બતાવીને તેમના ભગવદ્ ભાવોને વીસ પ્રકારનાં જળ સાથે સરખાવ્યા છે. અને એ રીતે આપશ્રીએ જળના દૃષ્ટાંત દ્વારા વક્તાના ભાવોનું નિરૂપણ કર્યું છે. આમાં જીવનો પુરુષોત્તમ પ્રત્યેનો મુખ્ય ભાવ કેવી રીતે વીસ પ્રકારના ભાવોમાં સમાઈ જાય છે તે બતાવ્યું છે. તેમ થતાં તે ભાવ ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ બની જાય છે. તે પણ સમજાવ્યું છે.

આચાર્યશ્રી મહાપ્રભુજીએ જે રીતે એ વીસ પ્રકારના ભગવદ્ ભાવોને જલના દૃષ્ટાંતથી સમજાવ્યા છે, તે રીતે તેને સમજવાનો પ્રયત્ન આપણે હવે કહીશું.

(૧) નિરપેક્ષ ભાવે ગાયન કરનાર ગંધર્વોનો ભાવ કૂવાના જળ જેવો છે. કૂવાના જળમાં જેટલા અને જેવા ભેદ છે તેવા અને તેટલા ભેદ ગંધર્વોના ગાનમાં છે.

કૂવાનું જળ શીતકાળમાં ઉષ્ણ હોય છે. તેવી રીતે ગંધર્વો ભગવદ્ ગુણોના ગાન દ્વારા જડ શ્રોતાઓની જડતાને પણ દૂર કરી શકે છે.

કૂવાનુ જળ ઉષ્ણકાળમાં શીતળ હોય છે. તેવી રીતે ગંધર્વોનું ગાન સંસારના તાપથી તપ્ત થયેલ જીવોનું તાપને હરનારું છે.

કૂવાનું જળ જેમ વાપરો તેમ શુદ્ધ રહે છે. અને વધતુ રહે છે. તેવી

રીતે ગંધર્વોના ગાનથી શ્રોતાઓના ભાવ શુદ્ધ થાય છે. અને તેમાં વૃદ્ધિ થાય છે.

પરંતુ કૂવાનાં જળ ખારાં, મીઠાં, ફીકા કે કડુચાં પણ હોય છે. તે રીતે ગંધર્વોમાંથી કેટલાકને પુરુષોત્તમ પ્રત્યે ભાવ હોય છે તો કેટલાકને વિભૂતિઓ કે અન્ય દેવદેવીઓ પ્રત્યે અનુરાગ હોય છે. વળી કેટલાકને ભગવાન્‌ના ગુણાવતાર પ્રત્યે ભાવ હોય છે. તેઓ પોતપોતાના ભાવ પ્રમાણે જે તે સ્વરૂપના ગુણ ગાતા હોય છે. કૂવાનું જળ મીઠું હોય તો સુખદાયી અને કડુચુ કે ખારું હોય તો દુઃખદાયી હોય છે. તેવી રીતે ગંધર્વોનાં ગાન મોક્ષ આપનાર, અથવા સ્વર્ગ કે આ લોકનાં સુખો લાવી આપનારા હોય છે.

આ રીતે ગંધર્વો દ્વારા ગવાયેલ ભગવાન્‌ના ગુણો જે તે ગાયકના ભાવ અનુસાર બને છે. અને તે ભાવોને અનુકુળ પળ આપે છે.

નારદજી પોતાના પુર્વજન્મમાં દાસીપુત્ર હતા. તેથી પણ આગળના જન્મમાં તેઓ ઉપબર્હન નામે ગંધર્વ હતા. ગંધર્વ હતા તેથી ભગવદ્ ગુણાનુવાદ તો કરતા હતા પરંતુ સ્ત્રી લંપટ હોઈ તેઓ શાપ પામી દાસીપુત્ર બન્યા. હવે સ્ત્રી લંપટ એવા ઉપબર્હન ગંધર્વે ગાયેલ ભગવદ્ ગુણોની અસર તેના શ્રોતાઓ ઉપર કેવી પડે તે સમજી શકાય તેવી વાત છે.

(૨) પરંપરાથી યુકત એવા જે પુરાણીઓ છે. તેમના ભાવોને કૂલ્યા એટલે કે નહેરના પાણી સાથે સરખાવ્યા છે. કોઈ એક મોટી નદી અથવા જળાશયમાંથી અન્ય સ્થળે જળ લઈ જવા માટે, જે બનાવટી નાની નદી બનાવવામાં આવે છે. તેને નહેર કહે છે. એ કૂલ્યા એટલે કે નહેરનું જળ તેના મૂળ જળાશયના સંબંધવાળું છે એવી જ રીતે પુરાણ વાંચનારાઓ પણ પોતાની પરંપરા ધરાવે છે. જેમ નહેર વહેતી હોય તો તેમાં સ્નાન, પાન કે આચમન થઈ શકે છે, તેમ પુરાણીઓની કથા-વાર્તા પણ સૌ માટે ઉપકારક છે.

પરંતુ તે નહેર માટે કોઈ નદી કે અન્ય જળાશય સાથે સંકળાયેલી હોય તે જરૂરી છે. તે રીતે પુરાણનો ખરો અર્થ સમજવા માટે પુરાણીઓએ પોતાના સદ્‌ગુરુ પાસેથી પુરાણોનો સાચો અર્થ શીખી લીધો હોય તે જરૂરી છે. જો તેઓ

ભાગવત કે અન્ય પુરાણોનાં માત્ર ભાષાંતર વાંચીને સમાધિ ભાષા, પરમત ભાષા કે લૌકિક ભાષાનો ભેદ સમજ્યા ન હોય અને પ્રભુની લીલાભાવના પોતાના સદગુરુ પાસેથી સમજ્યા ન હોય તો તેવા પુરાણીઓ શ્રોતાઓનું કશું હિત કરી શકતા નથી.

વળી નહેરનું પાણી જો સદા વહેતું રહેતું હોય તો જ તે શુદ્ધ રહે છે. તે રીતે પુરાણીઓ પણ પોતાના ચિત્તની શુદ્ધિ માટે ભાગવતાદિનો પાઠ નિરંતર કરતા રહેવા જોઈએ.

પુરાણીઓ પણ એક પ્રકારના ગાયકો જ છે. પરંતુ પરંપરા ગત શાસ્ત્રો શીખેલા હોઈ તેઓ સમાજને વધુ ઉપયોગી બની શકે છે.

(૩) ઉપર નિર્દેશ કરેલ ગંધર્વો અને પુરાણીઓ, જો કોઈ વિશેષ ક્ષેત્રમાં પડેલા હોય એટલેકે પોતાનાં સ્ત્રી, બાળકો અથવા કુટુંબના ભરણ-પોષણ અર્થે એટલે કે પોતાની આજીવિકા ચલાવવા માટે જ કથા કહેતા હોય તો તેઓ ધોરિયાના જળ જેવા છે.

ક્ષેત્રના ત્રણ અર્થ છે : (૧) કોઈ ખાસ પ્રદેશ અથવા ખેતર. (૨) સ્ત્રી અને (૩) માનવદેહ. તેથી ક્ષેત્રમાં પડેલા એટલે (૧) પોતાના અને પોતાના સ્ત્રીબાળકોના જીવન નિર્વાહ માટે જ કથા કહેતા હોય તેવા. અને (૨) નહેરમાંથી ખેતર (ક્ષેત્ર) માં લઈ જવાતા ધોરિયા જેવા. નહેરમાંથી ધોરિયા વાટે, નહેરનું જળ ખેતરમાં (ક્ષેત્રમાં) વાળવામાં આવે છે. તે જળ દ્વારા ખેતરમાં ખેતી થાય છે. અને ખેતરના માલિકને તેમાંથી અન્ન પ્રાપ્તિ (આજીવિકા) થાય છે. એ રીતે પુરાણાદિની કથા દ્વારા પોતાના કુટુંબનો નિર્વાહ કરનાર પુરાણીઓ વિકર્યા એટલેકે ધોરિયાના જળ જેવો ભાવ રાખતા હોય છે.

જેમ નહેરનું જળ ધોરિયા વાટે ખેતરમાં પ્રવેશ કરીને નવું ધાન્ય ઉત્પન્ન કરવાના કારણરૂપ બને છે, તેવી રીતે પુરાણીઓ, સ્ત્રી-પુત્રાદિક પોતાના કુટુંબના પોષણ માટે જ ભગવદ્ વાર્તા કહેતા હોવાથી, તેમના ભાવો શુષ્ક બની જાય છે. પરિણામે તેમના ભાવો અહંતા-મમતામય સંસારની ઉત્પત્તિના કારણ રૂપ બની જાય છે. વળી ખેતરમાં પ્રવેશેલું જળ સ્નાન, પાન તથા આચમન

આદિ માટે ઉપયોગી નથી હોતું, તેવી રીતે પુરાણીઓની તેવા ભાવવાળું ભગવદ્ કથા વાંચન શ્રોતા અને વકતા બન્નેને સંસાર પ્રતિ દોરી જનારું બની જાય છે.

(૪) વેશ્યાઓ એક પ્રકારની ગાયિકાઓ છે. તેમની સાથે સંપર્ક રાખનાર ગાયકો પણ કનિષ્ઠ કોટીના ગાયકો ગણાય છે. તેમનો ભાવ ખાડાના જળ જેવો છે. ખાડાનું જળ અસ્પૃશ્ય અને ત્યાજ્ય છે. સ્વયં ખાડો પણ ત્યાજ્ય છે. તેવી રીતે વેશ્યાદિ ગાયિકાઓ પોતે અને તેમની સાથે સંબંધ ધરાવનારાઓ ગાયકો પણ ત્યાજ્ય છે. તેમનું ગાન પણ ત્યાજ્ય છે. અપવિત્ર છે.

મહામુનિ કપિલ કહે છે કે વેશ્યા અગર તેવી બીજી હીન પ્રકારની સ્ત્રીઓના સંગથી મોહ અને બંધન થાય છે. વેશ્યા કે તેના સંગી ગાયકો, કદાચ પ્રભુ ભજન પણ કરે તો તેમાં સાચો ભક્તિ ભાવ હોતો નથી. તેવા ગાયકો ભગવાન્ના ગુણોનું ગાન ભગવાન્નું માહાત્મ્ય સમજીને નથી કરતા. પરંતુ પોતાના ઉત્તમ કંઠ અને ગાયનકલાનું પ્રદર્શન કરવા માટે કરે છે. એટલા માટે તેમના ભાવને ખાડાના (ગર્તના) પાણીના જેવા દોષવાળો ગણવામાં આવ્યો છે.

(૫) ઉપર વર્ણવેલા વેશ્યાદિ સાથે સંપર્ક રાખનાર ગાયકોમાંથી પણ જે ગાયકો નૃત્યગાન દ્વારા આજીવિકા ચલાવનાર હોય છે. તેમનો ભાવ એઠું પાણી ભરવાના ખાડા એટલે કે ખાળકુંડીના પાણી જેવો હોય છે. ખાળકુંડીનું પાણી સ્પર્શ કરનારને અશુદ્ધ કરે છે, તેવી રીતે તેવા ગાયકોનો ભાવ શ્રોતાને અશુદ્ધ બનાવે છે.

(૬) શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત, નારદ પંચરાત્ર, વરાહ પુરાણ આદિ ભગવદ્ શાસ્ત્રોમાં તત્પર એવા જે પંડિત લોકો છે તેઓ હદ્રૂપ એટલેકે ધરા જેવા છે. હદ્ એટલે અગાધ જળવાળો ધરો. મોટે ભાગે તો તે નદીના વહેણમાં હોય છે. જેમકે શ્રીયમુનાજીના વહેણમાં હતો એક કાલિયનાગનો ધરો. હદ્નું જળ ઘણું ઉત્તમ મનાય છે. વળી તે અગાધ હોય છે. તેવી રીતે ભગવદ્ શાસ્ત્રોમાં તત્પર એવા પંડિતોનો ભાવ ઘણો ઉત્તમ અને

અગાધ હોય છે.

ધરાનું જળ જેમ સદા શિતળ અને કદી મલિન ન થાય તેવું હોય છે. તેમ એવા પંડિતોનો ભાવ પણ સંસારના તાપથી તપ્ત થતો નથી. તેમના મનમાં કુતર્કો આવતા ન હોવાથી તેઓ કદી સંશયાત્મા એટલેકે મલિન મનવાળા બનતા નથી. તેથી તેમની સાથેનો સંપર્ક ઉત્તમ ફળ આપનારો બની રહે છે.

આવા પંડિતોને **ભગવદ્ શાસ્ત્ર તત્પરાઃ** - કહેવામાં આવ્યું છે.

(૭) ઉપર બતાવેલા ભગવદ્ શાસ્ત્રમાં તત્પર એવા જે પંડિતો છે. તેઓમાં પણ જે પંડિતો, અજ્ઞાની શ્રોતાઓના ભગવદ્ વિષયક સંદેહોનું નિવારણ કરે છે તેવા પંડિતોના ભાવોને વાવના જળ સાથે સરખાવ્યા છે. વાવનું જળ ગંભીર અને અગાધ હોય છે. એ રીતે એવા પંડિતો શ્રોતાઓના હૃદયોને સમજીને તેમના અધિકાર પ્રમાણે તેમને માટે હિતકારી હોય તેવો બોધ તેમને આપે છે. પરંતુ, જેમનો અધિકાર નથી તેવા શ્રોતાઓને તેઓ શાસ્ત્રનો બોધ કરતા નથી. એટલા માટે જ તેમના ભાવને વાવના જળ સાથે સરખાવ્યા છે. આવા પંડિતોનો ભાવ સ્વરૂપથી અને ફળ આપવાની શક્તિથી ઉત્તમ છે.

આવા પંડિતોને **સંદેહવારકાઃ** કહેવામાં આવ્યા છે.

(૮) ઉપર બતાવ્યા પ્રમાણેના પંડિતો જેઓ ભગવદ્ શાસ્ત્રોમાં તત્પર હોવા ઉપરાંત અજ્ઞાની શ્રોતાઓના સંદેહોનું નિવારણ પણ કરે છે. તેવા પંડિતો, જો ભગવદ્ પ્રેમથી ભરેલા હૃદયવાળા હોય તો અને જો તેઓ સ્નેહથી શ્રોતાઓના સંદેહને દૂર કરતા હોય તો તેવા પંડિતોનો ભાવ કમળોથી ભરેલા તળાવના જળ જેવો હોય છે.

તળાવનું જળ સ્વચ્છ હોય છે. અને તેમાં કમળો હોવાથી તે સુગંધીદાર પણ હોય છે. અને કમળો ઉપર ગુંજારવ કરતા ભ્રમરોને કારણે તે બધી ઈન્દ્રિયોને આનંદ આપનારું બની જાય છે; તેવી રીતે ભગવદ્પ્રેમથી ભરેલા હૃદયવાળા એ પંડિતો શ્રોતાઓના સંદેહોનું નિવારણ કરવા ઉપરાંત, શ્રોતાઓના મનમાં જ્ઞાન અને ભક્તિ ઉત્પન્ન કરીને તેમની તમામ ઈન્દ્રિયોને ભગવદાભિમુખ બનાવે છે.

આવા પંડિતોને **પ્રેમયુકતાઃ** કહેવામાં આવ્યા છે.

તળાવ, વાવ અને કમળથી ભરેલું તળાવ આ બધાં એક પ્રકારના હ્રદ છે. છતાં અન્ય વસ્તુઓ સાથેનો તેમના સંબંધને કારણે તેઓ જુદા જુદા પ્રકારની અસરો ઉપજાવે છે.

(૯) હવે જો આવા પંડિતો ઓછું ભણેલા હોય અથવા તો ભગવદ્ શાસ્ત્રોનું ઓછું જ્ઞાન હોય અથવા તેમનો ભગવદ્ પ્રેમ ઘણો ઓછો હોય તો એટલે કે ભગવદ્ પ્રેમ કરતા અન્ય વિષયોમાં તેમનો પ્રેમ વધુ હોય તો તેવા પંડિતો 'હંમેશા ડહોળાયેલાં રહેતાં પાણીવાળાં નાના તળાવડાં જેવા હોય છે. જે રીતે નાના તળાવના જળને, મનુષ્યો અને પશુઓ તેમાં પ્રવેશીને ડહોળી નાખે છે. અને તે જળને ગંદુ બનાવી દે છે તે રીતે આવા પંડિતોનો શાસ્ત્રોનો અભ્યાસ ઓછો હોવાથી તેમનો ભાવ ડહોળાયેલો અને ગંદો બની રહે છે. પરિણામે તેમની સાથે સંપર્ક રાખવાથી તે સત્સંગરૂપ ન બનતાં, દુઃસંગરૂપ બની જાય છે.

આવા પંડિતોને **અલ્પશ્રૃતાઃ** કહેવામાં આવે છે.

(૧૦) નવમા ભાવવાળા પંડિતોનો જેવા જ પરંતુ કાર્યશુદ્ધ પંડિતોનો ભાવ પલ્લવ એટલે કે નાના તળાવ જેવો હોય છે. એનું પાણી પહેલા તો શુદ્ધ હોય છે. પરંતુ પછીથી મનુષ્ય, પશુ આદિના સંસર્ગથી તે ડહોળાઇ જાય છે.

આવા પંડિતોને અલ્પશ્રુતા અને અલ્પભક્તિવાળા કહેવામાં આવ્યા છે. તેઓ કર્મશુદ્ધ હોય છે, કારણકે તેઓ પોતાના કાર્યો પ્રભુને અર્પણ કરે છે. પરંતુ જ્ઞાન અને ભક્તિના અભાવે તેઓ પોતાનાં કર્મો પૂર્ણ ભાવે અર્પણ કરી શકતાં નથી. તેઓ અલ્પશ્રુત એટલે કે જેમણે શાસ્ત્રનું શ્રવણ ઓછું કર્યું છે તેવા અને અલ્પભક્તિ એટલે કે જેનામાં ભગવદ્ ભક્તિ ઓછી છે એવા હોય છે. પરિણામે તેમની કર્મશુદ્ધિ લૌકિક ભાવના વાળી બની રહે છે. વળી તેમનામાં યજ્ઞયાગાદિ સાધનોના બળનું અભિમાન રહે છે. પરિણામે તેમના ભાવો અભિમાનથી ડહોળાઇ ગયેલ હોય છે.

એવા પંડિતોને **અલ્પશ્રુત ભકત્યઃ** કહેવામાં આવ્યા છે.

આ રીતે પોતે કર્મશુદ્ધ હોવા છતાં તેમના ભાવો ડહોળાયેલા હોવાથી, તેમની સાથનો સંસર્ગ દુઃસંગ બની જાય છે. આથી તેમનો સંગ બિન ઉપયોગી છે.

(૧૧) યોગ અને ધ્યાનથી સંયુકત વકતાઓના ભાવ વરસાદના જલ જેવો છે. યોગ એટલે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ – આ આઠ પ્રકારના અંગવાળો અષ્ટાંગ યોગ. તે દ્વારા જેણે પોતાની ચિત્તવૃત્તિઓને નિયમનમાં રાખી છે એવો યોગી. અને ધ્યાન એટલે મહેનતપૂર્વક ચિત્તની તમામ વૃત્તિઓને સંયમમાં રાખવી તે. ધ્યાન વડે પરમાત્માના અમુક એક ચોક્કસ સ્વરૂપનો હૃદયમાં સ્થિર કરી શકાય છે. એવું કરનારને ધ્યાની કહેવામાં આવે છે.

યોગ અને ધ્યાન વર્ષાનાં જળ જેવાં ઉત્તમ છે. વૃષ્ટિનું જળ તાપનું શમન કરે છે. તે પૃથ્વી ઉપર સર્વ સ્થળે ફેલાઈ જાય છે. પરંતુ તે જે સ્થળે પડે તે સ્થળે જ તે અન્ન આદિ ઉત્પન્ન કરે છે. જ્યાં વર્ષા ન થઈ હોય ત્યાં અન્ન કે ઘાસ આદિ ઉત્પન્ન થતાં નથી. તેથી કેટલેક સ્થળે સુકાળ તો કેટલેક સ્થળે દુકાળ જોવા મળે છે.

એવી જ રીતે યોગ અને ધ્યાન પણ સ્થાન વિશેષ સાથે સંબંધ ધરાવે છે. યોગ અને ધ્યાન ભગવદ્ ભાવો છે. પરંતુ તે યોગીઓ અને ધ્યાનીઓ સાથે સંપર્ક રાખનાર ઉપર જ અસર ઉપજાવે છે. જેઓ તેમના સંપર્કમાં આવતા નથી તેમના ઉપર તેમના યોગ કે ધ્યાનની અસર થતી નથી. આથી વર્ષાના જળની માફક સર્વ સુલભ હોવા છતાં જેઓ વર્ષા જળથી રહિત હોય તેમને માટે તે ફાયદાકારક નથી.

યોગીઓ સત્પાત્રને યોગાભ્યાસ કરાવે; ધ્યાનીઓ ઈચ્છુકોને ધ્યાન તરફ વાળી શકે. તેઓ પોતે જેટલું જાણતા હોય તેટલું તેમની સાથે સંપર્ક રાખનારને શીખવી શકે છે. અન્ય લોકોને તેમનાથી કશો લાભ મળતો નથી. તેથી જ તેમના ભાવને વર્ષાના જળ સાથે સરખાવ્યા છે. વર્ષાનું જળ જે ખેતરમાં પડે તે ખેતરમાં અનાજ પાકે, અન્ય ખેતરમાં ન પાકે.

(૧૨) તપ જ્ઞાનાદિથી ભરેલા વકતાઓનો ભાવ પરસેવાના જળ જેવો હોય છે.

શરીર અને ઈન્દ્રિયોને તપાવનારું કાર્ય એટલે તપ અને જ્ઞાન એટલે ઈશ્વર છે એવું સાંખ્ય મત દ્વારા પ્રતિપાદિત થયેલ સત્ય. પરંતુ એ છે શુષ્ક જ્ઞાન; એ છે શીખેલું જ્ઞાન; એ અનુભવેલું જ્ઞાન નથી. એવા તપ અને જ્ઞાનથી મુકત વકતાઓના ભાવને પસીનાના જળ સાથે સરખાવ્યો છે. મહેનત કરવાથી થાકને કારણે શરીર તપ્ત થાય ત્યારે શરીરે પરસેવો વળે છે. પરસેવાને સ્વેદજ જળ કહે છે. તે વૃષ્ટિના જળ જેવું નથી. પરંતુ બિંદુરૂપે પ્રકટતું હોવાથી તેને વૃષ્ટિના જળ જેવું ગણવામાં આવે છે. પરંતુ તે સારા વ્યવહાર માટે એટલે કે નહાવા, ધોવા કે પીવાના ઉપયોગ માટે યોગ્ય નથી. પરસેવાનું જળ, જે માણસને પરસેવો થાય તેના શરીરને ઠંડુ પાડે છે. બીજાઓ માટે તે દુર્ગંધયુકત છે. તેવી જ રીતે તપસ્વીઓ અને શુષ્ક જ્ઞાનીઓના ભાવો તેમના પોતાને માટે ઉપયોગી હોય તો ભલે પરંતુ બીજાને માટે તે સહેજ પણ ઉપયોગી નથી. તેથી તેમનો સંગ નકામો છે.

અહીં દેહદમન કરનાર તપસ્વીઓ અને બ્રહ્મજ્ઞાનથી રહિત શુષ્ક જ્ઞાનીઓ તથા વર્ણાશ્રમના જ્ઞાનને જ સાચું જ્ઞાન માનનાર કર્મ માર્ગીઓના ભાવોને જ પરસેવાના જળ સાથે સરખાવાયા છે.

જ્ઞાન તો મોક્ષ દાતા છે. જ્ઞાન તો પ્રભુ પ્રાપ્તિનું સાધન છે. પરંતુ તે બ્રહ્મજ્ઞાન. માયાવાદનું કે કોરું કર્મ માર્ગીય જ્ઞાન નકામું છે. જે જ્ઞાન ભક્તિનું સાધક છે તે જ્ઞાન તો શુદ્ધાદ્વૈત જ્ઞાન. જે જ્ઞાની 'અહમ્ બ્રહ્માસ્મિ' ને માને છે પરંતુ અહમ્ અને બ્રહ્મ વચ્ચે જે સંબંધ છે. (અંશ અને અંશીને) તે જાણતો નથી એટલે કે જે માત્ર કહેવા ખાતર જ પોતાને બ્રહ્મ સમજે છે. પરંતુ તત્ત્વમાં નહીં; તેવો જ્ઞાની અહમ્‌વાદી (અભિમાનવાળો) હોય છે. તેવા જ્ઞાનીઓ લોક અને વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. પોતે બ્રહ્મ હોઈ, લોક અને વેદની મર્યાદાઓ તેને સ્પર્શતી નથી એવું તે માને છે. એવા જ્ઞાનીઓના ભાવ તેને પોતાને માટે ઉપયોગી હોય તો ભલે, અન્યના સંસાર તાપને દૂર કરનાર તે નથી જ. પરિણામે તે પરસેવાના જળ જેવા છે.

તેવી જ રીતે તપ અને પંચાગ્નિ દ્વારા દેહ દમન કરનાર પોતે શીતળતાનો અનુભવ કરતો હોય એવું તેને લાગે છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં તે માત્ર પોતાના દેહને કષ્ટ જ આપી રહ્યો છે. પરસેવો વળવાથી થોડીક વાર માટે શરીરને શીતળતા મળતી હોવા છતાં. તે વાસ્તવિક શીતળતા નથી. એટલા માટે તો તપસ્વીઓ અને શુષ્ક જ્ઞાનીઓ, તપ અને જ્ઞાન દ્વારા પોતાના દુઃખની નિવૃત્તિ થઈ એવું માનતા હોવા છતાં વાસ્તવિક રીતે તેમના દુઃખની નિવૃત્તિ થતી નથી.

વળી જે માણસ વર્ણ અને આશ્રમ ધર્મમાં રહેલી ક્રિયાઓ જ કરતો હોય પરંતુ તેનું રહસ્ય ન સમજતો હોય, અને જેણે વર્ણાશ્રમ સાથે જ્ઞાન અને ભક્તિને જોડયા હોય, તે માણસનો ભાવ પ્રેમભક્તિ રહિત હોવાથી તે પરસેવાના જળ જેવો કનિષ્ઠ છે.

(૧૩) કેટલાક વક્તાઓ વેદનું અલૌકિક જ્ઞાન ધરાવતા હોય છે. તેઓ વેદના શુદ્ધ અર્થ અને અભિપ્રાયને જાણનારા હોય છે. તે ઉપરાંત તેમનામાં ભક્તિભાવ પણ હોવાથી તેઓ શ્રીહરિના ગુણોનું વર્ણન કરતા હોય છે. એવા વક્તાઓ પોતાના શુદ્ધ જ્ઞાન અને ભક્તિભાવ વડે કીર્તન કરીને ભગવદ્ ગુણાનુવાદ કરે છે. તેમનો ભાવ પર્વત ઉપરથી પડતા ઝરાના (જળધોધ) જળના જેવો નિર્મળ, શીતળ અને મધુર હોય છે. આવા વક્તા દુર્લભ હોય છે. કારણ કે તેમનાં કીર્તનો અને તેમના દ્વારા થતો ભગવદ્ ગુણાનુવાદ શ્રોતાઓને સંસારના બંધનોમાંથી મુકત કરે છે. અને તેમનો ભગવદ્ ભાવ દૃઢ કરે છે.

બારમા ભાવમાં શુષ્ક જ્ઞાનીનો કનિષ્ઠ ભાવ બતાવવામાં આવ્યો છે. અને તેરમાં ભાવમાં, વેદ પ્રતિપાદ્ય જ્ઞાનીના ઉત્તમ ભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પર્વતમાંથી પડતી જળની ધારા નિર્મળ, શીતળ, મધુર અને સ્નાન, આચમન અને પાન માટે યોગ્ય હોય છે. તથા તેનામાં સ્નાન કરનારના તાપ દૂર કરનારી હોય છે. તેવી રીતે વેદવિહિત અલૌકિક જ્ઞાનવાળો ભક્ત પોતાના ભાવોનું કીર્તન કરે તો તે ભાવોમાં સ્નાન કરનાર સર્વ તાપ-સંતાપ નાશ પામે છે.

(૧૪) દેવો વગેરેની ઉપાસના અને તેમની પૂજા આદિ કરનારાના ભાવોને જમીન ઉપર અથવા વૃક્ષો ઉપર બાઝેલાં ઝાકળનાં બિંદુઓ સાથે

સરખાવવામાં આવ્યા છે. ઝાકળનું પાણી કોઈપણ રીતે ઉપયોગી નથી. સૂર્યના તાપથી થોડાક સમયમાં જ તે ઊડી જવાનું છે. એવી જ રીતે વક્તાઓના ભાવો દ્વારા પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ કદી થતી નથી.

વેદમાં અને પુરાણોમાં અનેક પ્રકારના જે દેવતાઓ છે તેમની ઉપાસના કરનારાઓમાં, તેના ઉપાસ્ય દેવતાનું જ્ઞાન અને શક્તિ વગેરે તેનામાં આવે છે. પરંતુ તે ઝાકળના જળ જેવાં ક્ષણિક છે. ક્ષણિક હોવા ઉપરાંત તે આભાસી પણ છે. તે ભ્રમ ઉત્પન્ન કરનાર છે. કારણ કે પૂર્ણ પુરુષોત્તમ સિવાય કોઈ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન કે સર્વ વ્યાપક નથી. દેવતામાં જે ગુણો કે શક્તિ દેખાય છે તે વસ્તુતઃ પૂર્ણ પુરુષોત્તમમાંથી જ થોડા વધતા પ્રમાણમાં ઉદ્ભવેલા છે. દેવોમાં પોતાની શક્તિ કે ગુણો છે જ નહીં. તેમની ઉપાસના કરનાર તેમની પાસેથી ગુણો કે શક્તિઓ મેળવે છે. પરંતુ તે કેટલો સમય ટકે અને કેવો પ્રભાવ ઉત્પન્ન કરે તે સમજવા જેવું છે. તેમની બધી શક્તિઓ કે ગુણો સ્વયં આભાસી કે ક્ષણિક છે. સાચી શક્તિ તો પૂર્ણ પુરુષોત્તમની છે. માટે જીવે ઉપાસના તો તેની (પરમાત્માની) કરવી જોઈએ. થડને વળગી રહેનારને ડાળાં, પાંદડા, ફલ અને ફળ બધુ મળશે.

અન્ય દેવોની ઉપાસના કરનારના ભાવને ઝાકળના જળ સાથે સરખાવીને એમ બતાવ્યું છે કે તેમનો ભાવ તદન હીન પ્રકારનો છે. આવા વક્તાઓનો સંગ કદી ન કરવો. ઝાકળનું જળ એ તો જળનો આભાસ માત્ર છે. તેનાથી તૃષા છિપાવી શકાતી નથી. એવી રીતે અન્ય દેવોની ઉપાસના કરનારના ભાવો વડે, સાંભળનારના સાંસારિક તાપ દૂર થતા નથી. થોડોક સમય મન શાંત થતું હોય તેવું લાગે છે. પરંતુ થોડી વારમાં જ સંસારના તાપ-કલેશો ઉગ્ર રૂપે પુનઃ પ્રકટ થઈ જાય છે.

(૧૫) સાધનો દ્વારા મનઃશુદ્ધિ કરીને, નવધા ભક્તિનું આચરણ કરીને, અને તે દ્વારા પ્રભુમાં પરિપૂર્ણ પ્રેમ પ્રાપ્ત કરીને જે ભગવદ્ સ્વરૂપને સમજ્યો છે એવો વક્તાનો ભાવ, પર્વત ઉપરથી નિકળતા ઝરણાંના જળ સમાન છે. તેનો ભાવ નિર્મળ અને પવિત્ર છે.

પહેલાં સાધન અને પછી નિઃસાધનતા વડે મેળવેલ ભાવ પવિત્ર ભાવ

છે. વર્ણાશ્રમ ધર્મના પાલન રૂપી સાધનો જેમાં મુખ્ય છે. એવો મર્યાદામાર્ગીય નિષ્કામભાવે આચરેલ ધર્મ, નવધા ભક્તિ-શ્રવણ કીર્તન વિષ્ણુનું સ્મરણ, ચરણસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન - દ્વારા સિદ્ધ થઈ શકે છે. અને પ્રેમની પરિપૂર્ણતાને કારણે તે ભાવ વધુ અસરકારક બને છે. જે ભગવદ્ ભક્તો એવો ભાવ ધરાવે છે તેમનો ભાવ ઝરણાંના જળ જેવો છે.

ઝરણાનું જળ, સ્નાન, પાન અને આચમન માટે ઉત્તમ છે. એ જ રીતે એવા મર્યાદામાર્ગીય ભક્તોનો ભાવો પણ ઉત્તમ છે. એવા ભકત વક્તાઓ પોતાના શ્રોતાઓમાં પણ પોતાના જેવો જ ભાવ પ્રકટાવી શકે છે. તેથી તેમનો સંગ અવશ્ય કરવો.

આ પ્રકારના વક્તાઓ ભક્તિમાર્ગના સાધકો છે. તેઓ ભક્તિમાર્ગના પ્રાથમિક અધિકારીઓ છે. શ્રીગુસાંઈજી 'ભક્તિહંસ' નામે ગ્રંથમાં આજ્ઞા કરે છે કે આવા પ્રાથમિક ભક્તો એટલે કે ભક્તિમાર્ગમાં જેમની શરૂઆત થઈ છે એવા ભક્તો, ભક્તિરૂપી સાધનમાં પ્રવૃત્ત હોવાથી, તેમનો અંગીકાર મર્યાદામાં થયો છે. પ્રભુમાં તેમનો સ્નેહ વધે અને દઢ થાય ત્યાં સુધી તેઓ મર્યાદાની રીતે પ્રભુની સેવા કરે અને સ્નેહની ઉત્કટતા વધતાં તેઓ પ્રભુસેવામાં એકાગ્ર ચિત્તે લાગી જાય. તેમ થતાં ધીરે ધીરે તેમની મર્યાદાઓ છુટી જતાં તેઓ પ્રેમલક્ષણા ભક્તિને પામે છે.

એવા ભક્તોનો સંગ ઉત્તમ છે. તેમનો ભાવ વૃદ્ધિ-લયવાળો છે. ઝરણાંમાં જેમ કયારેક વૃદ્ધિ તો કયારેક જળની કમી થાય છે તેમ આવા મર્યાદામાર્ગીય ભકતમાં કયારેક પ્રભુપ્રેમની વૃદ્ધિ તો કયારેક કમી પણ થાય છે. પરંતુ તેનું મન શુદ્ધ હોવાથી અને તેણે નવધા ભક્તિનું આચરણ કરેલું હોવાથી તેવા ભગવદ્ ભક્તોનો પ્રેમ હંમેશા બની રહે છે. તેવા ભગવદ્ પ્રેમમાં વધઘટ થાય છે પરંતુ તે સર્વાંશે સુકાઈ જાય એવું કદી બનતું નથી. તેથી ઊલટું, વધતાં વધતાં તે પ્રભુપ્રેમની ઉત્કટતા અનુભવે છે.

(૧૬) ઉપર કહ્યા પ્રકારના સાધનનિષ્ઠ મર્યાદા ભકતોનો ભાવ જો સ્થિર થઈ ગયો હોય અને જો તેનો એ ભાવમાં વૃદ્ધિ-ક્ષય ન થતાં હોય તો તેનો ભાવ જળાશય (સરોવર)ના જળ જેવો છે. આ ભાવ, પંદરમા ભાવથી

વધુ ઉત્તમ છે. વરસાદને કારણે સરોવરમાં જળ વધતું નથી (તળાવમાં વધે) અને તાપ પડવાથી તેનું જળ ઘટતું નથી. તેનો પ્રેમનો પૂર્ણપ્રેમી એવા મર્યાદાભકતનો ભાવ છે. એનો એવો ભાવ સંસારના તાપ-કલેશ કે તર્ક-વિતર્ક વડે ઓછો થતો નથી.

આવા ભકતોનો ભાવ શ્રોતાઓના મનની શુદ્ધિ કરી શકે છે.

(૧૭) જે માણસો અનેક જન્મોથી પ્રભુ પ્રાપ્તિરૂપી સિદ્ધિ મેળવવા પ્રયત્નશીલ રહ્યા છે અને જન્મે જન્મે કુસંગ અને સત્સંગ પામીને, જેમના ગુણદોષ તેને અનુરૂપ ઘડાયા છે અને જેને પરિણામે કયારેક તેમનો પ્રભુપ્રેમ વધતો-ઓછો થાય છે. અને જે માણસોના જન્મ-મરણના ફેરા હજુ ટળ્યા નથી, તેવા માણસોનો ભાવ પ્રવાહવાળી નદીના જળ જેવો છે, નદીનો પ્રવાહ નિરંતર ચાલ્યા કરે છે. પરંતુ તેના જળમાં વધઘટ થયા કરે છે. દેશાદિ (દેશ,કાળ, કર્મ, સ્વભાવ આદિ) ને કારણે તે શુદ્ધ અને અશુદ્ધ પણ બને તેવું આ પ્રકારના વકતાઓના ભાવનું સમજવું. તેમનો સંગ ઉત્તમ ફળ આપનાર બનતો નથી. તે ફળ તો આપે છે. પરંતુ જે સમયે જેવો તેમનો ભાવ તેવું ફળ શ્રોતાઓને તેમના દ્વારા મળે છે.

(૧૮) ઉપર કહેલા ભાવવાળા વકતા જો સંગદોષથી મુકત હોય તો તેમનો ભાવ સમુદ્રમાં જઈને તેમાં મળી જનાર મોટી નદીના જળ જેવો છે. એવા વક્તાઓ જો દેશ, કાળ, કર્મ સ્વભાવ આદિના ગુણદોષથી ન લોપાય તો તેમના ભાવમાં ભલેને થોડો વધારો કે ઘટાડો થાય તો પણ તેમનો ભાવ હંમેશા ઉપયોગી સિદ્ધ થાય છે. જેમ મોટી નદી સમુદ્રને મળી જાય છે તે રીતે આવા વકતાઓના ભાવનું શ્રવણ કરવાથી શ્રોતા પણ પ્રભુ અભિમુખ બની શકે છે.

એવા વક્તાઓ સ્વતંત્ર ભાવવાળા હોવાથી, સત્સંગ કે દુઃસંગ વડે તેમના ભાવમાં વધઘટ કે શુદ્ધિ-અશુદ્ધિ આવતી નથી. તેમનો ભાવ તો અંતે પ્રભુપ્રાપ્તિમાં જ પરિણમે છે. તે બાબતમાં અંતરાય રૂપ થતાં લૌકિક સુખ દુઃખોની તે ઉપેક્ષા કરે છે. અને અંતે તો તેઓ પ્રભુના ચરણારવિંદને પામે છે. આવા વક્તાઓનો ભાવ ઉત્તમ હોઈ તેમનો સંગ ઘણો ઉપયોગી સિદ્ધ થાય છે.

(૧૯) હવે જેમનો સંગ ઉત્તમ ફળરૂપ છે. તેવા પૂર્ણ ભગવદીય વકતાઓનું નિરૂપણ આચાર્યશ્રી અઢી શ્લોકમાં કરે છે.

શ્રીમહાપ્રભુજીએ શેષ (સંકર્ષણ), વ્યાસજી, અગ્નિ (પોતે), વાયુ (હનુમાનજી), જડભરત, નારદજી અને મૈત્રેય આદિ ભગવદીયોને, પૂર્ણ ભગવદીયો તરીકે વર્ણવાય છે. આપશ્રીની આજ્ઞા છે કે આ બધા ભગવદીયો ભક્તિભાવથી પરિપૂર્ણ છે. તેઓ તો પોતાના આત્માના આનંદ માટે જ ભગવાન્‌ની સેવા કરે છે. શ્રીમદાચાર્યચરણે તેમના ભાવોને સમુદ્રના જળ સાથે સરખાવ્યા છે. ચંદ્રના દર્શનથી જેમ સમુદ્રમાં ભરતી આવે છે તેવી રીતે પ્રભુ દર્શનથી તેમના હૃદયોમાં ભક્તિભાવનાં પૂર ઊમટે છે. જેમ સમુદ્રનું જળ અથાગ અને ગંભીર હોય છે તેમ તેમનો ભાવ અથાગ અને ગંભીર હોય છે. જેમ સમુદ્ર અમૂલ્ય રત્નોની ખાણ છે તેમ તેમનો ભાવ રત્નો જેવો અમૂલ્ય અને અલૌકિક હોય છે. પરંતુ તેમનો સંગ બહુજ દુર્લભ છે. તેથી જો પ્રભુ કૃપાથી તે સુલભ બને તો તે બહુ જ ઉત્તમ ફળ આપનારો (પ્રભુનાં સ્વરૂપ દર્શન કરાવી આપનારો) બની રહે છે. એવા પૂર્ણ ભગવદીયો કેવળ પ્રભુ સેવા કરવા માટે જ દેહ ધારણ કરે છે.

શેષજીએ સનત્કુમારોને ઉપદેશ આપ્યો. તેઓ પોતાની હજારો જીભ વડે, સદૈવ ભગવદ્ ગુણાનુવાદ કરતા રહે છે. તેઓ સદાકાળ ભગવદ્ સેવામાં તત્પર રહે છે. તે એટલે સુધી કે પોતાના દેહને તેઓ ભગવાન્‌ની શય્યા બનાવે છે. તેમને પોતાના સુખની કામના નથી. તેઓ કેવળ ભગવદ્ સુખની કામના કરે છે અને તેમાં જ રત રહે છે.

વ્યાસજી પરબ્રહ્મના જ્ઞાનાવતાર છે. સકલ પુરાણોના કર્તા છે. પુરાણોની રચના દ્વારા ધર્મનું પ્રવર્તન કરનારા છે. જીવના કલ્યાણ માટે તેમણે ભગવદ્ ગ્રંથોનું નિરૂપણ કર્યું છે; તેમણે ભક્તિ ગ્રંથ ભાગવતની રચના કરી છે. પુરાણો રચવાથી તેમને સંતોષ ન થયો તેથી નારદજી પાસેથી ઉપદેશ પામી તેમણે શ્રીમદ્ ભાગવતની રચના કરીને જીવ સમસ્તના આત્માનું કલ્યાણ સાધ્યું છે.

**અગ્નિ** - તેઓ અગ્નિ પુરાણના વકતા છે. **શ્રીમહાપ્રભુજી** ભગવાન્‌ના

મુખારવિંદ રૂપ છે. તેઓ વૈશ્વાનર તરીકે ઓળખાય છે. જલભેદ ગ્રંથના કેટલાક સમર્થ ટીકાકારો શ્રીમહાપ્રભુજીના અલૌકિક આધિદૈવિક અગ્નિ સ્વરૂપને સમજે છે. આપશ્રીએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી અને તેના ઉપદેશ દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. તેથી અગ્નિ શબ્દ દ્વારા તેઓ શ્રીમહાપ્રભુજીને સમજે છે.

બીજા કેટલાક ટીકાકારોના મત પ્રમાણે માયાવાદના ઉપદેશક શ્રીશંકરાચાર્યજી પોતે અગ્નિ સ્વરૂપ છે. સૃષ્ટિને મોહ પમાડવા માટે આપે 'વિરુદ્ધ ભગવદ્ ધર્મ' ઉપદેશ્યો છે. અને તે પણ ભગવદ્ આજ્ઞાથી જ. તેમણે એ પ્રમાણે કર્યું છે. ભગવદ્ આજ્ઞા થતાં મહાદેવજીના અવતાર સ્વરૂપ શ્રીમદ્ શંકરાચાર્યજીએ બ્રહ્મવાદથી વિરુદ્ધ માયાવાદનો ઉપદેશ કર્યો છે.

**મારુત એટલે વાયુપુરાણના કર્તા શ્રીવાયુદેવ.** પરંતુ મોટા ભાગના ટીકાકારો, મારુત શબ્દ દ્વારા શ્રીરામભક્ત હનુમાનજીને જ ઓળખાવે છે. શ્રીકલ્યાણરાયજી, શ્રીબાલકૃષ્ણજી આદિ ટીકાકારો શ્રીહનુમાનજીને જ પરમ ભગવદીય માને છે. શ્રીહનુમાનજી ભગવાન્ શ્રીરામચંદ્રજીના ગુણાનુવાદમાં સદા તત્પર રહે છે. શ્રીહરિરાયજી મહાપ્રભુજી તો ત્યાં સુધી કહે છે કે 'મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની પુષ્ટિમાર્ગના પ્રકારે ભક્તિ કરનાર, શ્રીરામના અંતરંગ ભક્ત હનુમાનજી, પૂર્ણ ભગવદીય છે. એટલા માટે તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ શ્રીરામચંદ્રજીએ સીતાજીની શોધમાં નીકળેલ વાનરોમાંથી કેવળ હનુમાનજીને પોતાની મુદ્રિકા આપી હતી. આમ શ્રીહનુમાનજી પૂર્ણ પુષ્ટિ ભક્ત છે.

**જડભરતજી** - જડ દેખાતા છતાં, ચેતના અને આનંદનો સતત અનુભવ કરનાર, અને હૃદયમાં પ્રભુના પૂર્ણ ભક્તિ ભાવને ધારણ કરનાર તથા રહુગણ રાજાને ઉપદેશ આપનાર તેઓ પૂર્ણ ભગવદીય ગણાયા છે.

**નારદજી –** તેઓ મર્યાદામાર્ગીય ભક્ત છે. સાધન દ્વારા ભક્તિ કરનાર છે; સનત્કુમારોના શિષ્ય, પ્રાચીન બર્હિરાજાના ગુરુ અને સ્વયં વ્યાસજીને ભાગવત શાસ્ત્ર રચવાની પ્રેરણા આપનાર નારદજી પૂર્ણ ભગવદીય છે.

**મૈત્રેય –** વિદુરજીને ઉપદેશ આપનાર, પરાશર ઋષિના શિષ્ય તેઓ

ભગવદ્ ધર્મોના ભગવદીય વકતા છે.

આ સાત પૂર્ણ ભગવદીયોના નામ તો સ્વયં શ્રીમહાપ્રભુજીએ આપ્યા છે. અને પછી 'આદિ' શબ્દ લખ્યો છે. તેનો અર્થ એ કે તેમના જેવા કોક બીજા કેટલાક પૂર્ણ ભગવદીયો હોઈ શકે. ગો.શ્રીકલ્યાણરાયજી ના મતે આદિ શબ્દ દ્વારા ઉદ્ધવજી અને ગો.શ્રીબાલકૃષ્ણજીના મતે આદિ શબ્દ દ્વારા પ્રહલાદજીને પરમ ભગવદીય ગણાવ્યા છે.

અત્રે ગણાવેલ દશેક પૂર્ણ ભગવદીયો ઉપરાંત પણ બીજા પૂર્ણ ભગવદીયો હશે તો ખરા. બહુરત્ના વસુંધરા. એટલા માટે તો શ્રીમદાચાર્યચરણે આવા પૂર્ણ ભગવદીયોના સાત પેટા પ્રકારો 'જલભેદ'માં ગણી બતાવ્યા છે. આ પહેલાં કહ્યું કે પૂર્ણ ભગવદીયોના ભાવને સમુદ્રના જળ સાથે સરખાવવામાં આવ્યા છે. પરંતુ સમુદ્રના સાત પ્રકાર બતાવ્યા છે. તેથી એ બધા પૂર્ણ ભગવદીયોના ભાવોને સાત પ્રકારના સમુદ્રો સાથે સરખાવ્યા છે. યથા

(૧) જે ભગવદીયો શ્રીરામ અને શ્રીકૃષ્ણને માત્ર ઉત્તમ મનુષ્ય (મહાપુરુષ) સમજીને તેમનાં ગુણગાન ગાય છે, તેમના ભાવને ખારા જળના સમુદ્રના જળ સાથે સરખાવ્યો છે. સમુદ્રના ખારા જળથી જે રીતે તરસ છિપતી નથી, તેમ તેમના ભાવોને સાંભળનાર શ્રોતાઓની પ્રભુના સાચા સ્વરૂપને સમજવાની તરસ પણ છિપતી નથી. તેમની તૃષાથી તૃપ્તિ ન થવાનું કારણ માત્ર એટલું કે તેમનો ભાવ ઉત્તમ અને ગંભીર હોવા છતાં શ્રીરામ કે શ્રીકૃષ્ણના સ્વરૂપને તેઓ સમજી શકયા નથી. તેથી તેમનો ભાવ ગંભીર, અમૂલ્ય, શુદ્ધ અને નિર્મળ હોવા છતાં, તેમની પાસે ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન ન હોવાને કારણે તેઓ શ્રોતાઓની ભગવદ્ સ્વરૂપ સમજવાની તૃષા છિપાવી શકતા નથી.

(૨) જે લોકો ભગવાન્ શ્રીરામ અને શ્રીકૃષ્ણને અન્ય કલાવતારો જે અંશાવતારોની માફક જગતના ઉદ્ધારક સમજીને તેમનાં ગુણગાન ગાય છે. તેમના ભાવો દહીંના સમુદ્રના જળના જેવા છે. દહીંમા માખણ રૂપી સારતત્ત્વ તો છે જ. પરંતુ તેઓને તે તત્ત્વ દેખાતું નથી. તેમ છતાં તેમનો ભાવ શુદ્ધ, નિષ્કલંક અને અલૌકિક જ છે.

(૩) ભગવાન્ જગતના કર્તા નથી; પરંતુ જગત તો માયા વડે નિર્મિત થયેલું છે એવું માનનાર માયાવાદીઓનો ભાવ ઘણો ઉચ્ચ હોવા છતાં તેમના ભાવને મદીરાના સમુદ્રના જળ જેવો ગણાવ્યો છે. મદીરા પાન કરવાથી ભ્રમ કે આભાસ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે તેમના ભાવ જેવો જ ભાવ શ્રોતાઓના મનમાં થાય છે.

(૪) પ્રભુ સર્વ સમર્થ છે એવું સમજીને, પ્રભુના ઐશ્વર્ય ગુણથી પ્રેરાઈને, પ્રભુની ભક્તિ કરનાર પૂર્ણ ભગવદીયોનો ભાવ દૂધના સમુદ્રના જળ જેવો છે. દૂધ શરીરને પોષણ આપે છે એ રીતે તેમનો ભાવ શ્રોતાઓના ભક્તિ ભાવને પોષણ આપનાર બની રહે છે.

(૫) ભગવાન્ પરાક્રમી છે એવું સમજીને પ્રભુના વીર્ય ગુણથી પ્રેરાઈને, પ્રભુની ભક્તિ કરનાર પૂર્ણ ભગવદીઓનો ભાવ ઘીના સમુદ્રના જળના જેવો છે. ઘી વીર્યવર્ધન અને શક્તિ આપનાર છે. તે રીતે તેવા ભગવદીઓનો ભાવ શ્રોતાના ભક્તિભાવને પુષ્ટ બનાવે છે.

(૬) ભગવાન્ લક્ષ્મીપતિ છે એવું સમજીને પ્રભુના શ્રીગુણથી પ્રેરાઈને પ્રભુની ભક્તિ કરનાર પૂર્ણ ભગવદીઓનો ભાવ શેરડીના રસના સમુદ્રના જળ જેવો છે. શેરડીના રસમાં મીઠાશ હોવા ઉપરાંત, તેનામા રસાનુભવ કરાવવાની શક્તિ પણ છે. એવા ભગવદીયોનો ભાવ શ્રોતાના ભાવને મીઠાશ આપીને તેને રસમય બનાવે છે.

(૭) આ બધા પૂર્ણ ભગવદીય વકતાઓમાં પણ પૂર્ણ અને સર્વથી ઉત્તમ એવા ભગવદીય વકતા તરીકે શ્રીમહાપ્રભુજીએ જેની ગણાના કરી છે તેવા ભગવદીય ભકતનાં લક્ષણો આપશ્રી બીજા ત્રણ શ્લોકો દ્વારા ગણાવે છે – એવા એ પૂર્ણ ભગવદીય (૧) પ્રભુને નિર્ગુણ સમજે છે. એટલે કે પ્રકૃત્તિના સત્ત્વ, રજસ અને તમસ – એ ત્રણે ગુણોથી પર સમજે છે. (૨) પ્રભુને અક્ષર બ્રહ્મથીપર, પૂર્ણ પુરુષોત્તમ સમજે છે. (૩) પ્રભુનો પતિતોદ્ધારક, સર્વોદ્ધારક, સર્વ ભકત સમુદ્ધારક સમજે છે. એટલે કે જીવની પાપ કરવાની શક્તિ કરતાં, તેવા પાપીને ઉદ્ધારવાની પરમાત્માની શક્તિ અનંત ઘણી વધારે છે. એવું એઓ માને છે.

પ્રભુના આવા સ્વરૂપને સમજીને તેમના ગુણાનુવાદ કરનાર સર્વોત્કૃષ્ટ પરમ ભગવદીયનો ભાવ અમૃતના સમુદ્રના જળ જેવો છે પરંતુ શું કરવું ? એવા ભગવદીયની વાણી રૂપી અમૃતનું પાન અત્યંત દુર્લભ છે. કયારેક કોઇક ભાગ્યશાળીના કાનમાં તેમની વાણીરૂપી અમૃતનું એકાદ બિંદુ પડી જાય તો તેનું અહોભાગ્ય.

આ બાબત સમજાવતાં, શ્રીમદાચાર્યચરણ એક દૃષ્ટાંત આપે છે. અજામિલને લેવા યમદૂતો આવ્યા. પાપીઓમાં શિરમોર એવા અજામિલે, નારાયણ નામનો ઉચ્ચાર કર્યો. વિષ્ણુના દૂતો પધાર્યા. તેમણે યમદૂતોની પાસે ભગવદ્ ધર્મોના સામર્થ્યનું ગુણગાન કર્યું. ત્યારે તેમનાં તે વચનો મહાપાપી ગણાતા એવા અજામિલના કાનમાં પડીને અમૃતબિંદુ સમાન બની ગયાં. અને તેના પાપનો મેરુ જેવડો પહાડ, એ અમૃતબિંદુના શ્રવણ માત્રથી પીગળી ગયો. અજામિલ મોક્ષનો અધિકારી બન્યો.

અહીં શ્રીકૃષ્ણના દૂતોએ જે કાંઇ કહ્યું તે સ્વેચ્છાએ, અન્યના ભલા માટે કહ્યું હતું. તેથી તે ભગવદ્ વાકયો ગણાયાં, ભગવાન્ પોતે પોતાના સેવકો કે ભગવદીયો દ્વારા અન્યને આવો ઉપદેશ કરે છે. તેમાં પ્રભુનો અનુગ્રહ, પ્રભુની કૃપા સમાયેલી છે. એવા ભગવદીયો પ્રભુના પ્રેર્યા જ આપને આવી મળે છે. અન્યથા તેઓ ઘણા દુર્લભ હોય છે. તેમનો સંગ મળે તેનું નામ જ ભગવદ્ અનુગ્રહ એટલેકે પુષ્ટિ.

આ રીતે (૧) ક્ષાર સમુદ્ર, (૨) દધિમંડ સમુદ્ર (૩) સુરોદક સમુદ્ર, (૪) ક્ષીરોદક સમુદ્ર, (૫) ધૃતોદક સમુદ્ર (૬) ઈક્ષુ રસોદક સમુદ્ર અને (૭) અમૃતોદક અથવા શુદ્ધોદક સમુદ્રના જળના જેવા ભાવવાળા પરમ ભગવદીયોના ભાવને શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યા પછી, આપશ્રી આજ્ઞા કરે છે:-

જ્યારે જીવની પોતાના ઘર પ્રત્યેની આસક્તિ, અવિદ્યા કે મોહ વગેરેનો નાશ થાય છે ત્યારે કેવળ ભગવદાનંદની ઉત્પત્તિના કારણરૂપ પ્રભુનાં નામ-કીર્તન રૂપ મીઠા ચાટણના સ્વાદની પ્રાપ્તિ થાય છે. એવો સ્વાદ અમૃતના સમુદ્રરૂપ સર્વોત્તમ પૂર્ણ ભગવદીયોની વાણીના શ્રવણથી મળે છે. સાતમા

પ્રકારના એ ભગવદીયો (જેમનાં નામો શ્રીમહાપ્રભુજીએ ગણાવ્યાં છે - શેષ, વ્યાસ, અગ્નિ, મારૂત આદિ) તેઓ પોતાની મેળે નિરંતર ભગવદ્ ગુણગાનમાં લીન રહે છે.

શ્રીમદાચાર્યચરણે આ શ્લોકમાં 'અમૃતબિંદુનું લેહન' એ શબ્દો વાપર્યા છે. 'બિંદુપાન' અને 'લેહન' શબ્દો દ્વારા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે એવા ભગવદીયોના વચનો અમૃત બિંદુ સમાન છે. બિંદુપાનથી તૃપ્તિ ન થાય. ધરાઈને પીવા મળે તે જળ; ધરાઈને પીવા ન મળે તે બિંદુ- જેમ કે અમૃત બિંદુ- અમૃતબિંદુ ઓડકાર આવે ત્યાં સુધી ધરાઈને પીવાનું હોતું નથી. બિંદુપાન કર્યા પછી, તેનું વધુ પાન કરવાની વૃત્તિ રહે. બિંદુને તો ચાટી જવાનું હોય. લેહન એટલે ચાટવું. તેથી તો બિંદુ માટે લેહન શબ્દ વાપર્યો છે. લેહન એટલે કશું પણ શેષ ન રહે તે રીતે જીભ વડે ચાટી જવું. આવા પૂર્ણ ભગવદીયોના ભાવોનું લેહન, જીભ દ્વારા નથી થતું. તે કાન દ્વારા થાય છે. અને તેનું લેહન કરવાથી અંતઃકરણમાં, તેની અસર થાય છે. તેમ થતાં શ્રોતાના રાગ, અજ્ઞાન, અવિદ્યા વગેરેનો નાશ થઈને તે સ્વ-આનંદ-ઉદ્ગમ (સ્વાનંદોદ્ગમ) એટલે કે પોતાના આનંદનું ઉત્પત્તિ સ્થાન બને છે. તેમ થતાં વિશેષ આનંદ મેળવવાની જીજ્ઞાસા થાય છે. પછી એ જીજ્ઞાસા પણ તીવ્ર બને છે; તેમ થતાં, લેહન કરનાર તેમાં તન્મય બને છે અને કૃતકૃત્ય બની જાય છે.

સર્વોત્કૃષ્ઠ વક્તા તે છે જેનો ભાવ અમૃત સમુદ્રના જળ જેવો છે. આવા ભક્તોની વાણીનો મહિમા શ્રીમદાચાર્યચરણે જલભેદના અઢારમાં શ્લોકમાં બતાવ્યો છે. આવા ભગવદીયોનાં વચનો નિષ્પ્રયોજન (કંઈપણ કારણ વગર) એટલે કે ફકત પ્રભુની કૃપા થવાની હોય ત્યારે જ સાંભળવા મળે છે. તેથી તે વચનો અમૃતબિંદુ સમાન છે. તેથી તો તેને ચાટી લેવાં જોઈએ.

(૨૦) ઉપર વર્ણવેલા બધા ભવો કરતાં જુદા ભાવોને ઉદ્ધૃતોદક એટલે કે (૧) ઊંચે ફેંકાયેલા પાણી (વરાળ) જેવા (૨) જળાશયમાંથી પાત્રમાં કાઢી લીધેલ જળ જેવા અને (૩) જમીન ઉપર ઢોળાઈ ગયેલ જળ બતાવ્યા છે. જેવું જળ એટલે કે જેવા ભાવો તેવું ફળ તે આપે છે.

વરાળ કે જે હવામાં ઊંચે રહેલી છે. તેનો કોઈ ઉપયોગ નથી. તે

સ્નાન, પાન કે આચમન - કશા પણ ઉપયોગમાં આવતી નથી. આવા ભાવ વાળા વકતાઓ ડોળઘાલુ કહેવામાં આવે છે. તેમનાં વચનો તદન નકામાં હોય છે.

પાત્રમાં કાઢી લીધેલ જળમાં પાત્રના ગુણદોષ આવે છે. જેમકે કોઈ કીર્તનકાર અથવા ભકતના વચનોને ઝીલનાર માણસ તે વચનો બીજાને કહે તો તે અસલ ભાવને પોતાના ભાવ વડે રંગીને જ કહેશે. બોલનારનો ભાવ અને અસલ ભાવ બન્નેનું મિશ્રણ થઈને, સાંભળનારને તે મિશ્ર ભાવ સાંભળવા મળશે. પરિણામે શ્રોતા ઉપર તેની અસર મિશ્ર હશે.

જમીન ઉપર ઢોળાયેલ જળમાં, જેવી જમીન ઉપર તે ઢોળાયેલું હોય તે જમીનના ગુણદોષ વધારે પ્રમાણમાં અને અસલ જળના ગુણદોષ ઓછા પ્રમાણમાં દેખાશે. ટૂંકમાં વકતાનો ભાવ જેવો હશે તેવી અસર શ્રોતાના મન ઉપર તે વધુ ઉપજાવશે. અને જળના એટલે કે અસલ ભાવના ગુણદોષ લગભગ નહિવત્ રહેશે.

જલભેદ ગ્રંથના અંતે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ પ્રમાણે સ્વરૂપથી અને ફળથી, આ પૃથ્વી ઉપર જુદા જુદા ભાવ ધરાવતા જીવોના ગુણો અને સૌના હૃદયમાં અને સૌની ઈન્દ્રિયો વિશે રહેલા પરબ્રહ્મ પરમાત્મા શ્રીવિષ્ણુના ગુણોનું અમે નિરૂપણ કર્યું છે.

ઉપર્યુકત સમગ્ર ચર્ચાનો સારાંશ નીચે પ્રમાણે છે.

**ક્રમ વક્તા અને તેનો ભાવ :**

૧. નિરપેક્ષ ભાવથી ગુણગાન કે કથા કરતા હોય તેવા ગાયકો (ગંધર્વો)
**શ્રોતા ઉપર અસર :** શ્રોતાના ભાવનું પોષણ કરે છે.

૨. નિરપેક્ષ ભાવથી ગુણગાન કે કથા કરતા હોય તેવા પુરાણીઓ.
**શ્રોતા ઉપર અસર :** શ્રોતાના ભાવનું પોષણ કરે છે.

૩. સ્ત્રી-પુત્રાદિ કે કુટુંબનું પોષણ કરવા માટે જ કથા કરતા પુરાણીઓ.
**શ્રોતા ઉપર અસર :** ભક્તિમાર્ગીય શ્રોતાઓ માટે નિરૂપયોગી અને નુકશાનકારક.

૪. વેશ્યાદિ સહિત તથા તત્સંબંધી મત્ત ગાયકો અથવા નીચ ગાયકો.
**શ્રોતા ઉપર અસર :** ભક્તિમાર્ગીય શ્રોતાઓ માટે નિરૂપયોગી અને નુકશાનકારક.

૫. ઉપર્યુક્ત ગાયકો અથવા પુરાણીઓ જો તેઓ ઉદર નિર્વાહ કરવા માટે અથવા અપેક્ષા સહિત કથા વાર્તા કે ગાયન આદિ કરતા હોય તો.
**શ્રોતા ઉપર અસર :** ભક્તિમાર્ગીય શ્રોતાઓ માટે નિરૂપયોગી અને નુકશાનકારક.

૬. ભગવત્શાસ્ત્રમાં તત્પર પંડિતો.
**શ્રોતા ઉપર અસર :** ભાવનું પોષણ કરે છે.

૭. અંતરનિષ્ઠાવાળા, સંદેહ નિવારણ પંડિતો.
**શ્રોતા ઉપર અસર :** સાધારણ રીતે તો તેઓ ભાવનું પોષણ કરે છે.

૮. પ્રેમયુક્ત સંદેહ નિવારક ભક્ત પંડિતો.
**શ્રોતા ઉપર અસર :** ભાવની સવિશેષ વૃદ્ધિ કરે છે.

૯. અલ્પભક્તિ અને અલ્પશ્રુત એવા પંડિતો.
**શ્રોતા ઉપર અસર :** સાંભળનારના મનને સંશય ઉત્પન્ન કરાવે અને તેમનું મન ઢચુપચુ બનાવે. તેથી નુકશાનકારક.

૧૦. ઉપરના જેવા પરંતુ કર્મશુદ્ધ પંડિતો.
**શ્રોતા ઉપર અસર :** ઉપર બતાવ્યા પ્રમાણે નુકશાનકારક.

૧૧. યોગ અને ધ્યાનયુક્ત ભાવવાળા યોગીઓ અને ધ્યાનીઓ.
**શ્રોતા ઉપર અસર :** પોતાના જેવી ભાવનાવાળાઓને ગુણ કરે. પરંતુ બીજાઓ માટે બીનઉપયોગી.

૧૨. તપ (દેહ દમન) કરનારાઓ અને વર્ણાશ્રમ ધર્મના ભાવવાળા શુષ્ક જ્ઞાનીઓ.
**શ્રોતા ઉપર અસર :** ભક્તિમાર્ગીય ભક્તો માટે નિરૂપયોગી અને નુકશાનકારક.

૧૩. અલૌકિક જ્ઞાનયુકત અને શુધ્ધ જ્ઞાન વડે હરિગુણ તથા હરિ ગુણાનુવાદ કરનારા જ્ઞાનીઓ.

**શ્રોતા ઉપર અસર :** ભાવની વિશેષ વૃધ્ધિ કરે.

૧૪. દેવાદિની ઉપાસના કરનાર તેમના ઉપાસકો.

**શ્રોતા ઉપર અસર :** ભક્તિમાર્ગીય શ્રોતાઓ માટે બીન ઉપયોગી અને નુકશાનકારક.

૧૫. સાધન વડે, નવધા ભક્તિથી પરિપૂર્ણ બનેલ વકતાઓ કે જેમને ભગવદ્ ધર્મની સ્ફૂર્તિ થઇ છે તેવા ભકતો.

**શ્રોતા ઉપર અસર :** ભાવની વૃધ્ધિ કરે છે.

૧૬. ઉપર વર્ણવ્યા પ્રમાણેના પરંતુ સ્થિર ભાવવાળા વકતાઓ.

**શ્રોતા ઉપર અસર :** ભાવની વિશેષ વૃધ્ધિ કરે છે.

૧૭. અનેક જન્મોથી સિધ્ધિ મેળવવા પ્રયત્નશીલ, પ્રવાહી જીવન જીવતા વકતાઓ.

**શ્રોતા ઉપર અસર :** પોતાના જેવી ભાવનાવાળાઓને ગુણ કરે, બીજાને નિરૂપયોગી.

૧૮. ઉપરના જેવા પરંતુ સંગદોષથી મુકત.

**શ્રોતા ઉપર અસર :** સાધારણ રીતે ભાવની વૃધ્ધિ કરે.

૧૯. (ક) પરમ ભગવદીય વકતાઓ જેવા કે શેષ, વ્યાસ, અગ્નિ, હનુમાન, જડભરત, નારદ, મૈત્રેય, ઉધ્ધવ, પ્રહલાદ, શિવજી આદિ.

**શ્રોતા ઉપર અસર :** સમાગમ અતિ દુર્લભ. વચનામૃત ઉત્તમ, અસરકારક અને સંપૂર્ણપણે ફળદાયી.

(ખ) (૧) ક્ષાર સમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** તૃષા ન મટાડે, તૃપ્તિ ન પમાડે. ભક્તિમાર્ગીઓ માટે નિરૂપયોગી.

(૨) દધિ સમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** પોતાના જેવા ભાવવાળાને ગુણકારક. બીજાને

બીનઉપયોગી.

(૩) મદીરા સમુદ્રસમ ભાવવાળા માયાવાદીઓ.

**શ્રોતા ઉપર અસર :** સર્વ ભાવનો નાશ કરનારા. તદ્દન નુકશાનકારક.

(૪) ક્ષીરોદક સમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** સાધારણ રીતે ભાવની વૃદ્ધિ જ કરે.

(૫) ઘૃતોદક સમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** સાધારણ રીતે ભાવની વૃદ્ધિ જ કરે.

(૬) ઈશુ રસોદકસમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** સાધારણ રીતે ભાવની વૃદ્ધિ જ કરે.

(૭) અમૃતોદક સમુદ્રસમ ભાવવાળા.

**શ્રોતા ઉપર અસર :** તેમની વાણીનું પાન અતિ દુર્લભ. તેઓ પ્રભુના દૂત સમાન હોઈ, અમૃત બિંદુનું પાન કરાવનાર સર્વશ્રેષ્ઠ વકતાઓ. ૧૯ (ક) માં ગણાવેલ વકતાઓ.

૨૦. (૧) ઊંચે ફેંકાયેલ જળ (વરાળ) જેવા.

**શ્રોતા ઉપર અસર :** તદ્દન નકામા, નિરૂપયોગી.

(૨) પાત્રમાં લીધેલ જળ જેવા.

(અ) જો સારા પાત્રમાં જળ લેવાયેલું હોય તો.

**શ્રોતા ઉપર અસર :** ભાવનું પોષણ કરે.

(આ) જો ખરાબ પાત્રમાં જળ લેવાયેલું હોય તો.

**શ્રોતા ઉપર અસર :** ભાવ મલિન કરે.

(૩) પૃથ્વી ઉપર પડેલ જલ જેવા.

(અ) સારી જમીન ઉપર પડેલા જળના ભાવવાળા

**શ્રોતા ઉપર અસર :** ભાવનું પોષણ કરે.

(આ) ખરાબ જમીન ઉપર પડેલા જળના ભાવવાળા

**શ્રોતા ઉપર અસર :** ભાવ મલિન કરે.

જલભેદ ગ્રંથના અંતે આચાર્યશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે :-

**ઇતિ જીવાંદ્રિયગતા નાનાભાવ ગતા ભુવિ ।**

**રૂપતઃ ઉલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ।।૨૧।।**

**અર્થાત્ :** ઉપર નિરૂપણ કરેલી રીતે, જીવ અને ઇન્દ્રિયોમાં રહેલા અને રૂપથી અને ફળથી પૃથ્વીમાં જુદી જુદી રીતને પ્રાપ્ત થયેલા, શ્રીભગવાન વિષ્ણુના ગુણો એટલે ગુણધર્મોનું અમે નિરૂપણ કર્યું છે.

જલભેદમાં વીસ પ્રકારના વકતાઓના ભગવદ્ ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેવો જેનો ભાવ તેવી તેની શ્રોતાઓ ઉપરની અસર. વકતાઓને સાંભળતાં પહેલાં તેના ભાવને જાણી લેવાથી તેની શુભ, અશુભ કે મિશ્ર અસરની ખબર પડી જાય. અને તેથી તે વકતા સંગને લાયક છે કે નહીં તેનો નિર્ણય કરવામાં સરળ રહે. સત્સંગ અને દુઃસંગ પ્રાપ્તિ માટેની આ લીલી કે લાલ બત્તી છે.

**-જયશ્રીકૃષ્ણ**

# ૧૩. પઞ્ચપદ્યાનિ

**શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિ-વર્જિતાઃ ।।**
**અનિર્વૃતા લોક-વેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ।।૧।।**
**વિક્લિન્ન-મનસો યે તુ ભગવત્-સ્મૃતિ-વિહ્વલાઃ ।।**
**અર્થૈક-નિષ્ઠાસ્ તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ।।૨।।**
**નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ ।।**
**તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા।।૩।।**
**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ નતુ સર્વદા।।**
**અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃ પરિકીર્તિતાઃ ।।૪।।**
**અનન્ય-મનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।।**
**દેશ કાલ-દ્રવ્ય-કર્તૃ દ્ર મન્ત્ર-કર્મ-પ્રકારતઃ ।।૫।।**

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતાનિ પંચપદ્યાનિ સંપૂર્ણાનિ ।।

***

શ્રીમદાચાર્યચરણે પોતાના લઘુ ગ્રંથજલભેદમાં, વીસ પ્રકારના વક્તાઓના (ભાવોના) લક્ષણો બતાવી, સર્વોત્તમ વક્તાઓ એટલે કે પરમ ભગવદીય વક્તાઓમાં પણ શ્રેષ્ઠ એવા સાતથી વધુ ભગવદીયોનાં નામો ગણી બતાવ્યાં છે. આપશ્રીએ એવી આજ્ઞા પણ કરી છે કે સંગ કરવો તો એવા પૂર્ણ ભગવદીયોનો જ કરવો. આપશ્રીએ નવરત્નમ્‌માં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે **'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ''** એટલે કે હંમેશા તાદૃશીજનોની સાથે (પૂર્ણ ભગવદીયોની સાથે) રહીને, આત્મનિવેદનનું સ્મરણ અવશ્ય કરવું.

આપણે કદાચ એવા તાદૃશીજનોને ન ઓળખી શકીએ એટલા માટે જલભેદના ચૌદમાં શ્લોકમાં એવા પૂર્ણ ભગવદીયોનાં નામ પણ આપશ્રીએ ગણાવ્યાં છે - યથા શેષ, વ્યાસ, હનુમાનજી, જડભરત, નારદ, મૈત્રેય આદિ. અને પછીના શ્લોકમાં તેમનાં લક્ષણોનું વર્ણન પણ કર્યું છે. તે સમયે આપશ્રીએ એવી આજ્ઞા પણ કરી છે કે એવા પૂર્ણ ભગવદીયોની વાણી 'અમૃત બિંદુ' સમાન છે. ભગવાન જ્યારે નિજ ભકતોનો ઉદ્ધાર કરવા ઈચ્છે છે ત્યારે

પોતાના ભગવદીય ભક્તોની વાણી દ્વારા, તેઓ, નિજ ભક્તોના કાનમાં, ભગવદીય ભકતોની વાણી રૂપી અમૃતબિંદુ રેડે છે. એવાં અમૃતબિંદુઓનું કાન દ્વારા પાન કરવાથી એટલે કે તેમનું આસ્વાદન કરવાથી, ભગવદ્ સંબંધી સ્વરૂપાત્મક અથવા લીલાત્મક આનંદ ઉત્પન્ન થાય છે. અને તેવા ભક્તોનો પુષ્ટિમાર્ગીય મોક્ષ થાય છે.

આ બાબત સમજાવ્યા પછી આપશ્રીએ કૃપા કરીને, જલભેદના પૂરક ગ્રંથતરીકે શ્રીપંચપદ્યઃ નામે લઘુ ગ્રંથઆપણને આપ્યો છે.

પંચપદ્યાનિમાં માત્ર પાંચ શ્લોક જ છે, જે તેના નામ ઉપરથી સ્પષ્ટ થાય છે. અને ચતુઃશ્લોકીમાં માત્ર ચાર શ્લોક છે; આ બન્ને ગ્રંથઅન્ય ચૌદ ગ્રંથોની અપેક્ષાએ નાના (લઘુ) હોવા છતાં, તેમનું મહત્વ ષોડશ ગ્રંથોમાંના અન્ય કોઈ પણ ગ્રંથ કરતાં ઓછું નથી. ઘણા વૈષ્ણવો તો આ બંન્ને ગ્રંથોને કંઠસ્થ કરી લે છે. કારણ કે તે બન્નેમાં, શ્રીમદાચાર્યચરણે, ગાગરમાં સાગર ભરવાનું ભગીરથકાર્ય કર્યું છે.

ચતુઃશ્લોકીમાં ભક્તિમાર્ગીય ચાર અલૌકિક પુરુષાર્થો–ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભક્તના આ ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ બ્રહ્મસ્વરૂપ, સદાનંદ શ્રીકૃષ્ણના સ્વરૂપના દર્શન માત્રથી થાય છે. ભગવદ્ સ્વરૂપાનંદને પામવો એ ભગવદીયનો ધર્મ છે, અર્થ છે, કામ છે અને મોક્ષ પણ એ જ છે. શ્રીમહાપ્રભુજીએ એ હકીકત, ચાર શ્લોકના આ નાના ગ્રંથમાં કહી છે.

તેવું જ પંચપદ્યાનિ ગ્રંથનું છે. જલભેદમાં વકતાઓના વીસ પ્રકારો ગણાવ્યા છે. વક્તાઓની પસંદગી કરવામાં સાવધાન રહેવા સુચવ્યું છે. નિમ્ન (હીન) ભાવવાળા વક્તાની સાથેના સંપર્કથી અને તેની વાણી સાંભળવાથી લાભ કરતા નુકસાન વધુ થાય; મુક્તિ નહીં પરંતુ બંધન મળવાની તકો વધુ છે એવી આપશ્રી આજ્ઞા કરે છે. તેથી, ભગવદીય ગુણો સાંભળવાની ઈચ્છાવાળા વૈષ્ણવોએ, ઉત્તમ ભગવદીય ભકતોને શોધી કાઢીને તેમનો સંપર્ક સાધી, તેમની સાથે બેસી, આત્મનિવેદન યાદ કરવાની આપશ્રીએ આજ્ઞા કરી છે.

પરંતુ સાંભળવું અને સંભળાવવું એ બન્ને કાર્યમાં બે પક્ષની જરૂર રહે છે. એક સાંભળનાર અને બીજો સંભળાવનાર. વાંચવું અને મનન કરવું (કીર્તન કરવું) એ કાર્યમાં એક જ પક્ષ હોય તો ચાલે; એકથી વિશેષ હોય તો વિશેષ આનંદ આવે. પરંતુ તેમાં બીજા પક્ષની અનિવાર્ય આવશ્યકતા રહેતી નથી. જ્યારે સાંભળવામાં અને સંભળાવવામાં, બીજા પક્ષની આવશ્યકતા અનિવાર્યપણે રહે છે. તેથી જલભેદમાં વકતા વિશે નિરૂપણ કરવામાં આવ્યું; પછી તેની અનિવાર્ય આવશ્યકતા તરીકે, પંચપદ્યમાં શ્રોતા તરીકે નિરૂપણ કરવામાં આવ્યું છે. સાંભળવા, સંભળાવવાના કાર્યમાં એક પક્ષે વકતા હોય તો બીજા પક્ષે શ્રોતા હોવો જ જોઈએ.

જ્યાં વકતા હોય ત્યાં શ્રોતા હોવા જોઈએ અને જ્યાં શ્રોતા હોય ત્યાં વકતા પણ હોવા જોઈએ. વકતા કેવા હોય અને તેમના ભાવ પ્રમાણે તેઓ કેવી, સારી, માઠી કે મિશ્ર, અસર શ્રોતા ઉપર પાડે છે તે આપણે જલભેદમાં જાણ્યું. હવે શ્રોતા કેવા હોય તે બાબત સમજવાનો પ્રયાસ આપણે પંચપદ્યમાં કરીશું.

વકતા એક હોય છે; પરંતુ તેની વાણીને અનેક શ્રોતાઓ સાંભળે છે. બધા શ્રોતાઓ એક સાથે સમૂહમાં બેઠેલા હોય છે. તેમ છતાં તે બધા એક સરખા હોય છે. એવું માનવાની ભૂલ કદાપિ ન કરશો, શ્રોતાઓ પણ પોતપોતાના ભાવ પ્રમાણે, જુદા જુદા પ્રકારના હોય છે. કેટલાક શ્રોતાઓનાં હૃદય પત્થર જેવા કઠણ હોય તો કેટલાક શ્રોતાઓના હૃદય મીણ જેવા કોમળ હોય છે. પત્થર હૃદય ઉપર વકતાની વાણી કોતરાતાં વાર લાગે. પત્થર ન પીગળે. વકતાની વાણીને જો તેના ઉપર કોતરવી હોય તો ટાંકણું લઈને તેના ઉપર હથોડીના ઘા કરીને તે વાણી તેના ઉપર કોતરી શકાય. પરંતુ મીણ જેવા હૃદયવાળા શ્રોતાઓ ઉપર વકતાની વાણી કોતરાઈ જાય છે. તેમનાં હૃદય પીગળી જતાં વકતાની વાણીની છાપ તેના ઉપર અંકિત થઈ જાય છે.

વળી દરેક શ્રોતા, માત્ર તેજ ભાવને વધુ ગ્રહણ કરે છે જે ભાવ તેને પ્રિય હોય. જગતમાં કનક, કાન્તા અને કીર્તિની કામનાવાળા મનુષ્યો અપરંપાર છે. તેમની પાસે એ ત્રણેની પ્રાપ્તિની વાતો કરો તો તેઓ તેને બહુ ધ્યાનથી

સાંભળશે. અને વક્તાની વાણીને વખાણશે. પરંતુ, તેમની પાસે ભક્તિ ભાવ કે ભગવદ્ ગુણગાનવાદની વાત કરશો તો તેની અસર તેમના હૃદય ઉપર પથ્થર ઉપર પાણી જેવી પડશે. તેમનું હૃદય કોરું જ રહેશે. તેથી ઊલટું ભક્તિ ભાવથી (પ્રેમ ભાવથી) ભરેલ શ્રોતાના કોમળ હૃદય ઉપર ભગવદીયની વાણી સચોટ અસર ઉપજાવશે. કનક, કાન્તા અને કીર્તિની કથા સાંભળતા તે કંટાળી જશે.

આ રીતે, શ્રોતાઓ પોતાના મનના ભાવ પ્રમાણે વક્તાની વાણી ગ્રહણ કરે છે. પરંતુ આ લઘુગ્રંથપંચપદ્યમાં શ્રીમદાચાર્યચરણે, માત્ર એવા શ્રોતાની વાત કહી છે જેનો સંબંધ ભગવદ્ પ્રેમ અને ભક્તિભાવ આદિથી ભરેલી વાણી સાથે હોય. એવા શ્રોતાઓ પણ ઘણા હોય છે. પરંતુ એક ભગવદીયની વાણીની અસર તેમના હૃદય ઉપર જેવી પડે છે અને તેમના હૃદયનો ભાવ જેવો હોય છે, તેના આધારે શ્રીમદચાર્યચરણે શ્રોતાઓના ચાર પ્રકાર ગણાવ્યા છે.

પંચપદ્યના પ્રથમ શ્લોકમાં, 'પુષ્ટિ મુખ્ય શ્રોતા' નાં લક્ષણો, બીજા શ્લોકમાં, મર્યાદા મધ્યમ શ્રોતાના લક્ષણો, ત્રીજા અને ચોથા શ્લોકમાં મર્યાદા અધમ શ્રોતાનાં લક્ષણો અને પાંચમાં શ્લોકમાં મર્યાદા ઉત્તમ શ્રોતાનાં લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રોતાઓના અનેક પ્રકારો હોવા છતાં, આ ચાર પ્રકારના શ્રોતાઓના જ શ્રીમહાપ્રભુજીએ શ્રોતા તરીકે માન્ય રાખ્યા છે. અન્ય જીવો સાંભળે છે તો ખરા, પરંતુ તેઓ શ્રોતા નથી. કારણ કે તેઓ જે કાંઈ સાંભળે છે તેની કોઈપણ પ્રકારની અસર તેમનાં મન, હૃદય, વાણી કે વર્તન ઉપર પડતી નથી. આથી માત્ર આ ચાર પ્રકારના શ્રોતાઓનાં જ લક્ષણો આપણે સમજી લેવાની જરૂર છે.

પરંતુ યાદ રાખો કે એ ચાર પ્રકારના શ્રોતાઓનાં લક્ષણો જાણી લીધા પછી, તમે મેળવેલ એ જ્ઞાનની કસોટી ઉપર, શ્રોતા તરીકેનાં તમારાં પોતાનાં લક્ષણોને તમારે ચકાસી લેવાનાં છે. તેમ કરતાં જો તમે મર્યાદા અધમ શ્રોતાની કક્ષામાં આવો તો તમે તમારી જાતને ભાગ્યશાળી માનજો. કારણ કે જો તમે તે કક્ષામાં હશો તો તેનાથી આગળ વધીને મર્યાદા મધ્યમ શ્રોતા અને તેથી પણ

આગળ વધીને મર્યાદા ઉત્તમ કે પુષ્ટિ મુખ્ય શ્રોતાની કક્ષાએ તમે પહોંચી શકશો. પરંતુ કસોટી બરાબર કરજો. ચકાસણી બહુ કાળજીપૂર્વક કરજો. ઉપલક કસોટી વડે નિર્ણય બાંધી ન લેશો.

શ્રીમદાચાર્યચરણ શ્રોતાઓના ચાર પ્રકાર ગણાવે છે :-

(૧) પુષ્ટિ મુખ્ય શ્રોતા (૨) મર્યાદા મધ્યમ શ્રોતા

(૩) મર્યાદા અધમ શ્રોતા (૪) મર્યાદા ઉત્તમ શ્રોતા

**(૧) પુષ્ટિ મુખ્ય શ્રોતા :** પુષ્ટિ મુખ્ય શ્રોતાનાં ત્રણ પ્રધાન લક્ષણો આપશ્રીએ બતાવ્યાં છે. (અ) શ્રીકૃષ્ણ રસ વિક્ષિપ્ત માનસાઃ (બ) અનિર્વૃતા લોકવેદે અને (ક) શ્રવણોત્સુકાઃ

**(અ) શ્રીકૃષ્ણ રસવિક્ષિપ્ત માનસાઃ** એટલે કે શ્રીકૃષ્ણના ભજનાનંદ રૂપી રસમાં ડૂબીને જેનું મન સદાનંદ પ્રાપ્ત કરી રહ્યું છે તેવા શ્રોતાઓ. શ્રીકૃષ્ણના ભજનનો આનંદ લૌકિક ઈન્દ્રિયજનિત આનંદ કરતા જુદો છે; તેનાથી અનેક ઘણો ઉત્તમ અને સ્થાયી છે. તે આનંદનો અનુભવ તો જેણે કર્યો હોય તે જાણે. એ રસનો આનંદ તો કોઈ શુકદેવ કે કોઈ શંકર જાતિ અથવા કોઈ મીરાં કે કોઈ નરસિંહ અથવા કોઈ સૂરદાસ કે કોઈ પરમાનંદદાસ જેવા વીરલાજ જાણે. ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ ન જાણે. ભજનાનંદ તો માણ્યો સૂરદાસે અને તેમણે કહ્યું - એકો પલ યહ સુખ (આનંદ) કહા ભયો સત કલ્પ જીયે. કૃષ્ણ પ્રાકટ્યના ત્રીજા દિવસે, કૃષ્ણ દર્શનની ઘેલછાથી ગ્રસ્ત એવા ભગવાન શંકર ગોકુલની ગલીઓમાં ભમતા હતા. ત્યાંથી તેઓ નંદાલયમાં ગયા. કૃષ્ણ દર્શનની લાલસા વ્યક્ત કરી. જશોદાજીએ ના પાડી. કૃષ્ણે રુદન કર્યું. અંતે માતાજીએ બાલકૃષ્ણને શિવજીના હાથમાં મૂક્યા. સ્વરૂપાનંદ પામી શંકર ભાન ભૂલ્યા. નાચવા લાગ્યા. તાંડવ નૃત્ય કર્યું. આવો છે એ ભજનાનંદ.

જે જીવો લૌકિક આનંદ (વિષયાનંદ)માં ડૂબેલા છે તેમને એવા ભજનાનંદનો ખ્યાલ કેવી રીતે આવે ? પુષ્ટિ મુખ્ય શ્રોતા તે છે કે જે શ્રીકૃષ્ણના ભજનાનંદ (સ્વરૂપાનંદ) ને માણીને (જાણીને નહીં ; ભજનાનંદ માણવાની વસ્તુ છે) તેમાં નિમગ્ન થઈ ગયો હોય; તેમાં ડૂબી ગયો હોય અને

જેનું મન તેના વડે ભરાઈ ગયું હોય.

પરંતુ આટલાથી બસ નથી. શ્રીકૃષ્ણ રસમાં મન વિક્ષિપ્ત થાય તેનું પરિણામ શું આવે ? તે જીવ રતિ વર્જિતા થઈ જાય. એટલે કે શ્રીકૃષ્ણ પ્રત્યે રતિ પામેલ તો જીવની અન્ય વિષયોમાંથી રતિ વર્જિત (દૂર) થઈ જાય. અમૃતનો સ્વાદ લેનાર માણસ, અન્ય કોઈ પદાર્થોમાંનો સ્વાદ માણવા કદી તૈયાર ન થાય. તે રતિ વર્જિતા બની જાય. કૃષ્ણરસમાં રતિ અને તે સિવાયના અન્ય તમામ પદાર્થોમાં વિરતિ (રતિનો સદંતર અભાવ) – એ છે પુષ્ટિ મુખ્ય શ્રોતાનું લક્ષણ.

**(બ) અનિવૃત્તા લોકવેદે :** એટલે કે લોક અને વેદમાં આનંદ વગરના. આવા લોકોને કોઈ લૌકિક કે વૈદિક ફળ મેળવવાની ઈચ્છા હોતી નથી. તેથી તેમને લૌકિક કે વૈદિક વિષયો બાબત કશું પણ સાંભળવામાં પ્રીતિ હોતી નથી. તેઓ સાંભળવા ઈચ્છે છે માત્ર ભગવદ્ ગુણાનુવાદ. અને તે સાંભળીને તેઓ કેવું ફળ પામવા ઈચ્છે છે તે જાણો છો ? તે તો નિષ્કામ ભાવે સાંભળનાર શ્રોતા છે. તેથી તે કેવળ ભજનાનંદની પ્રાપ્તિ રૂપી ફળ મેળવવા ઈચ્છે છે. શ્રીકૃષ્ણના ભજનનો આનંદ એ એમનું સાધન છે અને એ જ એમનું ફળ છે.

**(ક) શ્રવણોત્સુકા :** એટલે કે શ્રવણ કરવામાં ઘણા ઉત્સાહવાળા. શ્રવણ કરવું એ પણ એક સિદ્ધિ છે. હરકોઈ માણસ સાંભળી શકતો હશે પરંતુ તે શ્રવણ કરી શકે છે એવું ન કહેવાય. કારણ કે શ્રવણ એકાગ્ર ચિત્તે કરી શકાય. શ્રવણ કરતાં તેનું મન અનેક સ્થળે ભટકતું હોય તો, તેણે શ્રવણ કર્યું એમ ન કહેવાય. ભગવદીય (વકતા) ભજન કરે કે ભગવાનના ગુણોનું વર્ણન કરે અને શ્રોતા જો તે સાંભળવા ઉત્સુક ન હોય તો એટલે કે જો તેનું મન અન્ય વિષયોમાં રમતું હોય તો તેણે વકતાના શબ્દોનું શ્રવણ કર્યું એવું ન કહેવાય.

આ રીતે પુષ્ટિ મુખ્ય શ્રોતાનાં ત્રણ લક્ષણો છે.

**(૧) શ્રીકૃષ્ણના ભજનાનંદમાં ડૂબેલા મનવાળો** – શ્રીકૃષ્ણ રસ વિક્ષિપ્ત માનસ વાળો; પરિણામે અન્ય વિષયોમાં રતિ ન હોય તેવો – રતિ વર્જિતા.

**(૨) લૌકિક કે વૈદિક વિષયોમાં જેનો આનંદ નથી એવો** -અનિવૃતા લોકવેદે.

**(૩) ભગવદ્ ભજન સાંભળવામાં અતિશય ઉત્સાહવાળો** - શ્રવણોત્સુકાઃ લોકવેદે.

ભક્તિવર્ધિની ગ્રંથમાં ભક્તના પ્રભુ પ્રત્યેના ભાવની ત્રણ અવસ્થાઓ બતાવી છે - (૧) પ્રેમ (૨) આસક્તિ અને (૩) વ્યસન. જે માણસ કૃષ્ણ-રસ-વિક્ષિપ્ત-માનસ છે. એટલે કે શ્રીકૃષ્ણના ભજન રસમાં ડૂબેલો છે. તે પ્રેમદશા વટાવીને આસક્તિની દશાએ પહોંચવાની તૈયારીમાં છે. ત્યાં પહોંચીને તે શીઘ્ર વ્યસન દશાએ પહોંચી જશે. તે આસક્તિની દશાએ પહોંચવા આવેલ છે તેથી તેનો લૌકિક વૈદિક ભાવ નષ્ટ થઈ ગયો છે. હવે તેને શ્રીકૃષ્ણની આસક્તિ એટલે કે ખેંચાણ છે; લૌકિક-વૈદિકની આસક્તિ (ખેંચાણ) રહ્યું નથી. વળી તે, તેની કૃષ્ણના ભજનાનંદને પામવાની ઉત્સુકતાની ઉત્કટતાને કારણે, વ્યસન દશાએ જરૂર પહોંચશે. બહુ જલદી પહોંચશે. પછી તો તે રાજા આશકરણની વ્યસન દશાએ પહોંચી જશે. ટૂંકમાં શ્રીકૃષ્ણ રસ વિક્ષિપ્ત માનસવાળો શ્રોતા, વ્યસન દશા તરફ ગતિ કરી રહ્યો હોઈ તે ભગવદ્ ગુણગાનના શ્રવણ માટે બહુ આતુર રહે છે. આવો શ્રોતા, કથા શ્રવણમાં, મુખ્ય શ્રોતા તરીકે ગણાય છે.

**(૨) મર્યાદા મધ્યમ શ્રોતા**નાં ચાર લક્ષણો આપશ્રીએ બતાવ્યા છે. (૧) વિકિલન્ન માનસઃ (૨) ભગવત્સ્મૃતિ વિહવલાઃ (૩) અર્થૈક નિષ્ઠાઃ અને (૪) શ્રવણોત્સુકાઃ

**(૧) વિકિલન્ન માનસાઃ** એટલે કે જેનું મન વિશેષે કરીને કોમળ છે; આદ્ર છે; જલદીથી દ્રવી જાય છે, એવા મનવાળો શ્રોતા. અગ્નિની આંચ લાગતાં મીણ તરત જ પીગળે; લોઢું ન પીગળે. લોઢાને અગ્નિની આંચ લાગતાં, પીગળવાને બદલે તે ગરમ થાય; અને બીજાને દઝાડે. તેને પીગળાવવા માટે બહુ તીવ્ર તાપ જોઈએ.

વિકિલન્ન મનસઃ શ્રોતા એવો શ્રોતા છે જે ભગવદ્ ગુણાનુવાદ સાંભળે

છે. તે સાંભળીને તેનું હૃદય પ્રેમ વિહ્વળ બની જાય છે. તેની આંખમાંથી પ્રેમાશ્રુ કે વિરહાશ્રુ વહેવા માંડે છે. વિદુરજી એવા વિકિલન્ન મનસઃ શ્રોતા છે. મૈત્રેયજી તેમને શ્રીકૃષ્ણની લીલાકથા સંભળાવે છે. તે સાંભળીને, પ્રેમાતિરેકથી, તેમના હૃદયમાં ડૂમો ભરાઈ આવે છે. તેઓ ભાવવિભોર બની જાય છે. દેહનું ભાન સાન ભૂલી જાય છે.

**(૨) ભગવત્સ્મૃતિ વિહ્વલાઃ** એટલે કે ભગવાનનું સ્મરણ થતા માત્રથી જ દેહનું ભાન-સાન ભૂલી જનાર. તે 'કૃષ્ણ' નામ સાંભળે અને દેહભાન ભૂલે એવી તેની મનોદશા થઈ જાય છે. શ્રીકૃષ્ણ લીલાનો સંકેત માત્ર થતાંમાં જ મહાપ્રભુ ચૈતન્ય તથા મહાપ્રભુ શ્રીવલ્લભ પોતાના દેહાનુસંધાન વિસરી જતા હતા. વિહ્વળ બનીને, વિરહકાતર બનીને તેઓ બેભાન થઈ પૃથ્વી પર પડી જતા હતા.

**(૩) અર્થૈક નિષ્ઠાઃ** અર્થ એટલે ચાર પુરુષાર્થોમાંથી કેવળ અર્થ પુરુષાર્થની પ્રાપ્તિ કરવાની નિષ્ઠા નહીં. પરંતુ એ ચારેય લૌકિક પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરવામાં જેની નિષ્ઠા અથવા જેનું પ્રયોજન છે એવા શ્રોતા. એવા શ્રોતા બધી રીતે ઉત્તમ છે. પરંતુ અર્થ નિષ્ઠાને કારણે તે મર્યાદા મધ્યમ શ્રોતા ગણાયા છે.

**(૪) શ્રવણોત્સુકા :** આવા શ્રોતાઓની નિષ્ઠા અર્થ પ્રાપ્તિમાં જરૂર હોય છે; તેમ છતાં તેઓ ભગવદ્ ગુણાનુવાદના શ્રવણ માટે ઉત્સાહવાળા હોય છે. જ્યાં જ્યાં ભગવદ્ ગુણાનુવાદ થતા હોય ત્યાં તે સાંભળવા માટે તે દોડી જાય છે. એટલું જ નહીં ચિત્ત ચોટાડીને તે શ્રવણ કરે છે.

પુષ્ટિ મુખ્ય શ્રોતા અને મર્યાદા મધ્યમ શ્રોતા વચ્ચે ઘણું સામ્ય છે. છતાં બન્નેમાં સ્પષ્ટપણે ભેદ છે. મુખ્ય શ્રોતાનું મન શ્રીકૃષ્ણરસમાં ડૂબી ગયું હોય છે. અને તે તેમાં સદાકાળ ડૂબેલું રહે છે. જ્યારે મધ્યમ શ્રોતાનું મન શ્રીકૃષ્ણરસમાં ચોટી જાય છે. જરૂર; પરંતુ તે તેમાં સદાકાળ ચોટી રહેતું નથી. અને તેનું હૃદય કોમળ જરૂર હોય છે; પરંતુ જ્યારે ભગવદ્ ગુણાનુવાદ થતા હોય ત્યારે તે સાંભળીને તેના મન ઉપર તેની ઘણી ઉત્તમ અસર થાય, અન્યથા

નહીં; એટલી હદે જ તેનું હૃદય કોમળ હોય છે.

મુખ્ય શ્રોતા ભગવદ્ રસમાં કાયમ વિહ્વલ રહે છે. તે પોતાનું ભાન-સાન ગુમાવી બેઠેલો જ હોય છે- રાજા આશકરણની માફક. પરંતુ મધ્યમ શ્રોતા તો જ્યારે અંતઃકરણમાં ભગવદ્ભાવની સ્મૃતિ જાગે ત્યારે જ વિહ્વળ મનવાલો બને છે. અને તત્પુરતું તે ભગવદ્ રસમાં ડૂબેલો રહે છે.

મુખ્ય શ્રોતા અનાસકત ભાવથી, કશી પણ કામના સિવાય, નિષ્પ્રયોજન રીતે, ભગવદ્ ગુણગાનનું શ્રવણ કરવામાં આસક્તિ રહે છે. પરંતુ મધ્યમ શ્રોતા વૈદિક કે લૌકિક નિષ્ઠા રાખીને ભગવદ્ ગુણાનુવાદ સાંભળે છે. જ્યારે ભગવદ્ ગુણાનુવાદ થતા હોય ત્યારે તે કોઈપણ પ્રકારની લૌકિક કામના રાખીને તેનું શ્રવણ કરવાની શરૂઆત કરે છે. અલબત્ત આગળ જતાં, ચિત્ત દ્રવિત થતાં, તેની શ્રવણ નિષ્ઠા વધે છે. પછી તો તે પોતાના ચિત્તને તેમાં ડૂબાડીને અને હૃદયને તેમાં નિમગ્ન કરીને શ્રવણ કરે છે.

આ રીતે મુખ્ય શ્રોતા કરતાં, મધ્યમ શ્રોતા ઘણી નીચી કક્ષાનો શ્રોતા છે.

**(૩) મર્યાદા અધમ શ્રોતા**નાં ચાર લક્ષણો છે :-

**(૧) યે નિસંદિગ્ધં કૃષ્ણતત્ત્વમ્ સર્વભાવેન વિદુઃ** એટલે કે જે નિઃસંદેહ કૃષ્ણના મૂળ તત્ત્વને સર્વભાવ વડે જાણનાર છે. તેનામાં કૃષ્ણ તત્ત્વનું જ્ઞાન છે. તે જાણે છે કે કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા, સદાનંદ અને અગણિતાનંદ પ્રભુ છે. એટલે કે તેણે કૃષ્ણતત્ત્વનું જાણ્યું છે સારી રીતે પરંતુ હજુ સુધી માણ્યું નથી.

**(૨) તે આવેશાત તુ વિકલાઃ વા નિરોધાત તુ વિકલાઃ ચ અન્યથા ન** એવા છે. એટલે કે કૃષ્ણતત્ત્વને માણવાની દિશામાં તે પગલું માંડી રહ્યો છે. તેથી કાંતો આવેશ આવવાથી અથવા કયારેક ચિત્તવૃત્તિનો નિરોધ થવાથી અથવા બન્ને ભાવ સાથે આવે (આવેશ અને નિરોધ) ત્યારે તે આકુળવ્યાકુળ થઈ જાય છે. આ બે ભાવ સિવાયના કોઈપણ માર્ગે તેનામાં વિકળતા આવતી નથી. અને આ બે ભાવ પણ કાયમી હોતા નથી. પરિણામે તેની વિકળતા

કાયમી હોતી નથી.

તેનામાં કૃષ્ણનો આવેશ સદાકાળ હોતો નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, **'વિષયાક્રાન્ત દેહનામ નાવેશઃ સર્વથા હરેઃ'** વિષયથી આક્રાન્ત દેહમાં શ્રીહરિનો આવેશ થતો નથી. એનો અર્થ એ થયો કે તેના દેહમાં વિષયો ભરેલા છે. ક્યારેક શ્રવણ, કીર્તન કે ચિંતન આદિ કરવાને કારણે તેના હૃદયમાંથી થોડાક સમય માટે વિષયો દૂર થાય, ત્યારે તે સ્થળે કૃષ્ણનો આવેશ થઈ જાય. અથવા મનનો નિરોધ થઈ જાય. એટલે કે વિષયોમાંથી વિરક્તિ અને પ્રભુમાં આસક્તિ થાય. આ રીતે જો તેનામાં ક્યારેક કૃષ્ણનો આવેશ થાય અથવા તેના મનનો નિરોધ થાય ત્યારે તે કૃષ્ણ પ્રેમથી વિકલતા અનુભવે છે; તેની એ વિકલતા કાયમી નથી. ક્યારેક ક્યારેક તે આવી જાય છે. પરંતુ ક્યારેક આવે તો પણ ભલે, પરંતુ આવે તો છે ને ?

શુષ્ક જ્ઞાનીને આવી વિકલતા ન આવે. અને જેનામાં તે આવે તે શુષ્ક જ્ઞાની ન હોય. તે જ્ઞાની ભકત હોય. આ છે મર્યાદા અધમ શ્રોતાનું બીજું લક્ષણ.

**(૩) પૂર્ણ ભાવેન પૂર્ણાર્થા કદાચ્ચિન્ન તુ સર્વદા** એટલે કે ક્યારેક (હંમેશા માટે નહીં) તે પૂર્ણ ભાવથી પૂર્ણ અર્થવાળા (અનાસકત) બની જતા હોય છે. પરંતુ સદાકાળ માટે તેવા હોતા નથી. પૂર્ણાર્થા એટલે કે જેણે પોતાનો અર્થ પૂરેપૂરો પ્રાપ્ત કરી લીધો છે તેવા. અહીં અર્થ એટલે પુરુષાર્થ. એટલે જેણે પોતાના બધા પુરુષાર્થો પ્રાપ્ત કરી લીધા છે તેવા અને તેથી અનાસકત. હવે તેને કોઈ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો બાકી રહેતો નથી. તે પૂર્ણ અર્થ, પૂર્ણ કામ બની ગયો છે. પરંતુ તેની આવી અવસ્થા (અનાસકતા બની રહેવાની) થોડા સમય માટે જ રહે છે. - હંમેશા માટે નહીં. તેથી જેમ તેની વિકલતા તેના ભક્તિ ભાવને પ્રકટ કરે છે તેમ (તેવી રીતે) તેની અનાસક્તિ પણ તેના ભક્તિ ભાવને પ્રકટ કરે છે. આથી સંપૂર્ણપણે તે કૃષ્ણ સ્વરૂપનો જાણકાર જ્ઞાની હોવા છતાં તેનામાં ક્યારેક ક્યારેક ભક્તિ ભાવ આવી જાય છે. તે સમયે તે વિકલ બની જાય છે. અને તે સમયે તે અનાસકત પણ બની જાય છે. આમ તે જ્ઞાની ભકત હોઈ તેને મર્યાદામાર્ગીય અધમ શ્રોતા ગણવામાં આવ્યો છે. અધમ એટલા માટે

કે તે હજુ કાયમી ભક્તિ ભાવ ધરાવતો નથી.

**(૪) અન્યસકતાસ્તુ યે કે ચિત્ –** એટલે કે મોટે ભાગે તો તે કોઈ બીજામાં આસકત હોય છે (એટલે કે દેહાદિમાં આસકત હોય છે.) મર્યાદા અધમ શ્રોતા કૃષ્ણ તત્ત્વનો જ્ઞાતા હોય છે. અને કયારેક તે વિકલ હોય છે; કયારેક તે અનાસકત હોય છે. પરંતુ મોટે ભાગે તો તે પ્રભુ સિવાય બીજા કશામાં એટલે કે દેહ, વિત્ત આદિમાં આસક્ત હોય છે. તેથી તેને અધમ કહ્યો.

તો હવે મર્યાદા મધ્યમ અને મર્યાદા અધમ શ્રોતા વચ્ચે શો તફાવત છે તે જોઈએ.

મધ્યમ શ્રોતાનું મન કાયમ કોમળ હોય છે. તેથી જ્યારે પણ તે પ્રભુનું નામ સાંભળે ત્યારે તે દ્રવી જાય છે. તેથી ઊલટું અધમ શ્રોતાની આસક્તિ વિશેષ કરીને જ્ઞાનમાં હોવાથી તેનું મન જ્ઞાનની જડતાવાળું હોય છે. તેનામાં પ્રેમીની કોમળતા હોતી નથી. જ્ઞાની હોવાથી તે કૃષ્ણ તત્ત્વને સંદેહ રહિત બનીને અને સર્વભાવથી જાણે છે. છતાં તેનું મન કોમળ ન હોવાથી શ્રવણની અસર તેના ઉપર બહુ ઓછી થાય છે. કયારેક તેનું મન વિકળ બને અથવા તે અનાસકત બને પરંતુ એ તો અપવાદ રૂપ છે. જ્ઞાનની (કોરા જ્ઞાનની) પ્રધાનતા તેના મનમાં હંમેશા બની રહે છે.

ભક્તિ કો'ને કહેવાય ? પહેલાં માહાત્મ્ય જ્ઞાન થાય પછી પ્રભુમાં સુદઢ અને સર્વતોધિક સ્નેહ થાય તેનું નામ ભક્તિ. ભક્તિ થવા માટે, આ રીતે, બે વસ્તુની આવશ્યકતા છે. (૧) પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન અને (૨) પ્રભુમાં સુદઢ સ્નેહ (આકસ્મિક અથવા અલ્પ સમય માટેનો સ્નેહ નહીં) શ્રીમદાચાર્યચરણે ભક્તિવર્ધિનીમાં ભકિતના જે ત્રણ પગથિયાં – પ્રેમ, આસક્તિ અને વ્યસન – ગણાવ્યાં છે તેના ઉપર પદાર્પણ કરવા માટે પ્રભુના પ્રેમને સુદઢ અને સર્વત્તોધિક બનાવવાની જરૂર છે. તેમ થાય ત્યારે જ ભક્તિ સિદ્ધ થાય.

તે માટે પહેલાં માહાત્મ્ય જ્ઞાનની જરૂર છે. પ્રભુ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થવા માટે જ્ઞાનની બિલકુલ જરૂર નથી એવું કહેવું એ નરી અજ્ઞાનતા છે. પ્રભુના

માહાત્મ્યને સમજો અને તેના ઉપર વિચાર કરો. એટલે તેના ઉપર પ્રેમના અંકુર ફૂટશે. પછી પ્રભુના માહાત્મ્યનું વારંવાર શ્રવણ કરવાથી સ્નેહ વધતો જશે અને અંતે તે વ્યસનમાં પરિણમશે. પરંતુ તે માટે તમારે શરૂઆત તો પ્રભુના માહાત્મ્ય જ્ઞાનથી જ કરવી પડશે.

મધ્યમ શ્રોતાનું માહાત્મ્ય જ્ઞાન પ્રેમથી આગળ વધીને તેને આસક્તિ કે વ્યસન તરફ લઈ જતું હોય છે. જ્યારે અધમ શ્રોતાનું માહાત્મ્ય જ્ઞાન જ તેને માટે પર્યાપ્ત બની રહે છે. તેના માહાત્મ્ય જ્ઞાનને કારણે તેના મનમાં પ્રભુ પ્રત્યેના અંકુરો ફૂટે છે. પરંતુ તે પ્રેમ થોડાક સમય માટેનો હોઈ, તેનો એ પ્રભુપ્રેમ આસક્તિ કે વ્યસન તરફ તેને દોરી જતો નથી.

એવો એ અધમ શ્રોતા પોતાના મનમાં પ્રભુની મોટાઈ (મહત્ત્વ) ના ખ્યાલને ધારણ કરીને જ પોતાને કૃતાર્થ થયો સમજે છે. તેથી કયારેક પ્રભુના ગુણાનુવાદને સાંભળીને આવેશમાં આવી જાય છે. અથવા કયારેક પ્રભુના ગુણોને સાંભળીને તેનું મન થોડાક સમય માટે લૌકિકમાંથી દૂર થઈને પ્રભુમાં આસક્ત બને છે. એટલે કાં તો આવેશથી અથવા મનના નિરોધ વડે (આસક્તિના ભાવથી) તે પ્રભુપ્રેમની વિકળતા અનુભવે છે. પરંતુ તેનો એ આવેશ દૂધને ગરમ કરવાથી થતા ઉભરા જેવો છે. ગરમી આપવી બંધ કરો એટલે તે ઉભરો શમી જશે. બસ, એવું અધમ શ્રોતા માટે છે. પ્રભુના ગુણાનુવાદ સાંભળવાનું બંધ થયું એટલે તેનો આવેશ કે તેની અનાસક્તિનો ઉભરો શમી જાય છે અને પૂર્વવત તે લૌકિક આસક્તિના કળણમાં ગરક થઈ જાય છે. તેનો એ વેશ કે મનનો નિરોધ ક્ષણિક (થોડા સમય માટેનો) હોય છે; કાયમી કે લાંબા ગાળાનો હોતો નથી. કાયમ માટે તો તેનું મન લૌકિક વૈદિકમાં જ વ્યસ્ત રહે છે. તેની આસક્તિ લૌકિક વૈદિક કાર્યોમાં જ હોય છે; પ્રભુમાં નહીં.

મધ્યમ શ્રોતા માટે તેવું નથી. મધ્યમ શ્રોતા પણ અર્થૈક નિષ્ઠાવાળા હોય છે. તેની નિષ્ઠા પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિમાં હોય છે. પરંતુ તેઓ સંપૂર્ણપણે એવી લૌકિક અર્થ નિષ્ઠાવાળા હોતા નથી. તેમનું મન કોમળ હોવાથી, જ્યારે જ્યારે ભગવદ્ સ્મૃતિ થાય ત્યારે તેમનું મન વિહ્વળ બની

જાય છે. વળી ભગવદ્ ગુણાનુવાદ સાંભળવામાં તેઓ ઉત્સાહવાળા હોય છે. તેથી ઊલટું અધમ શ્રોતાઓ લૌકિક આનંદ આપતા વિષયો વિષે સાંભળવા માટેના ઉત્સાહવાળા હોય છે. ભગવદ્ ગુણાનુવાદ સાંભળવા માટે તેમણે પોતાના મનને પરાણે તૈયાર કરવું પડે છે. તેમ કરવા છતાં પણ તેમનું મન કાંતો ક્ષણિક આવેશ અથવા થોડીક ક્ષણો માટે મનનો નિરોધ જ પ્રાપ્ત કરી શકે છે. તેથી વિશેષ કાંઈ નહીં.

**(૪) મર્યાદા ઉત્તમ શ્રોતા**નાં ત્રણ લક્ષણો શ્રીમદાચાર્યચરણે બતાવ્યાં છે.

**(૧) દેશ, કાલ, દ્રવ્ય, કર્તૃ, મંત્ર કર્મ પ્રકારતઃ** એટલે કે આ છ વસ્તુઓના સાધન વડે (સાધન ષટક) તેઓ ભગવદ્ ગુણગાન સાંભળે છે. તેઓ ભગવદ્ ગુણાનુવાદ સાંભળવા માટે સારો દેશ (સ્થળ), સારો સમય (કાલ), કોઈ સારું તીર્થ, કોઈ સારા જાણકાર પાસે પ્રભુનું નામ (મંત્ર) સાંભળવા જતા હોય છે.

**(૨) અનન્ય મનસઃ** એટલે કે અનન્ય મનવાળા હોય છે. પ્રભુના ગુણગાન સિવાય બીજું કશું ન સાંભળવું અને જે સાંભળવું તે પણ ચિત્તની એકાગ્રતાથી સાંભળવું એવી તેમની શ્રવણની રીત હોય છે. તેઓ એકચિત્તે ભગવદ્ ગુણાનુવાદ સાંભળે છે. તેથી તેઓ અનન્ય મનવાળા કહેવાય છે. શ્રવણ કરતા તેમનું ચિત્ત બીજી કોઈ જગ્યાએ ભટકતું નથી હોતું.

**(૩) મર્ત્યાઃ** એટલે કે મરણધર્મ વાળા જીવો.

અહીં મર્ત્ય શબ્દનો અર્થ સમજવો બહુ જરૂરી છે. મર્ત્ય એટલે મરણને પ્રાપ્ત જીવ. જે જન્મે છે તે મરે છે – જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ – એ ભગવાન કૃષ્ણે ગીતાજીમાં કરેલું કથન છે. તેથી તે ધ્રુવ સત્ય છે. પરંતુ જન્મવું એટલે શું ? જન્મવું એટલે પહેલાં ન હોવું અને પછી અસ્તિત્વમાં આવવું. આ લોકના જીવોથી માંડીને સત્યલોક સુધીના બધા જીવો – માનવ, યક્ષ, ગાંધર્વ, કિન્નર, દેવ, દાનવ, ઈન્દ્ર, બ્રહ્માદિ બધા મહાદેવો પણ મરણને આધિન છે. ચતુઃશ્લોકી ભાગવતમાં ભગવાન કહે છે કે સર્જન (સર્ગલીલા) પહેલાં હું એકલો

જ હતો અને મહાપ્રલય પછી હું એકલો જ હોઈશ. તેનો અર્થ એ કે માત્ર પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા એકલા જ એવા છે જેનો જન્મ નથી; તેથી તેમનું મૃત્યુ પણ નથી. બાકીના બધા દેવાદિ જીવો પ્રભુની લીલા (સર્ગ) ને કારણે અસ્તિત્વમાં આવે છે. તેઓ પહેલાં ન હતા. પછી અસ્તિત્વમાં આવ્યા. અસંખ્ય વર્ષો પછી પ્રલય થતાં તેમનો લય થશે અને તેઓ નહીં હોય. આવું છે અમર ગણાતા દેવોનું જન્મ-મરણનું ચક્ર. દેવો આપણી કલ્પનામાં ન આવે તેટલા દિવસો, વર્ષો, યુગો સુધી જીવતા હોય છે તેથી આપણે મર્ત્ય માનવો તેમને અમર્ત્ય (અમર) માનીએ છીએ. પરંતુ તેઓ અમર નથી. જે અજર હોય તે જ અમર હોઈ શકે. અજર તો કેવર પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ જ છે. તેથી કહ્યું છે **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્'** તેથી અહીં મર્ત્ય શબ્દોનો અર્થ છે - ચૌદે લોકના બધા જીવો.

એવા જીવોમાંથી જે જીવો અનન્ય મનસઃ હોય એટલે કે પ્રભુ સિવાય બીજા કોઈમાં તેમનું મન લાગેલું ન હોય તો તે ઉત્તમ શ્રોતા કહેવાય. તેમનો ભગવદ્ ભાવ અનન્ય હોય છે. એટલે કે ભગવાન સિવાય બીજા કોઈમાં કે કશામાં તેમનો ભાવ હોતો નથી. લૌકિક કે વૈદિક પ્રત્યે તેમની આસક્તિ હોતી નથી. તેમનું મન શુદ્ધ ભગવદ્ ભાવથી સદા ભરેલું હોય છે.

આ તો બહુ ઉત્તમ પ્રકારના શ્રોતા કહેવાય. જો એમ હોય તો તેઓ એટલે કે મર્યાદા ઉત્તમ શ્રોતાઓ અને પુષ્ટિ મુખ્ય શ્રોતાઓમાં શો ભેદ છે ? તેમનામાં જે ભેદ છે એ બન્ને પ્રકારના શ્રોતાઓના નામની આગળ મૂકેલા એક શબ્દથી સ્પષ્ટ થઈ જાય છે. પહેલા પ્રકારના શ્રોતાઓ પુષ્ટિ મુખ્ય શ્રોતાઓ છે. અને ચોથા પ્રકારના શ્રોતાઓ મર્યાદા ઉત્તમ શ્રોતાઓ છે. તેમની વચ્ચેનો ભેદ સાધનનો ભેદ છે. મનની વિહ્વળતા, આસક્તિના વિષયો આદિ બધી બાબતો સરખી હોવા છતાં, સાધન રહિત બનીને, નિષ્કામ ભાવે પ્રભુનાં ગુણગાન સાંભળનાર પહેલાં પ્રકારનો શ્રોતા છે. જ્યારે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ (સાધન ષટક) ના સહારે એટલે કે તેમને સાધન બનાવીને અલબત્ત નિષ્કામ ભાવે, પ્રભુનાં ગુણગાન સાંભળનાર ચોથા પ્રકારનો શ્રોતા છે. એ બેમાં નિઃસંદેહ પહેલાં પ્રકારનો શ્રોતા ઉત્તમ શ્રોતા છે.

પંચપદ્ય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટપણે બતાવ્યું છે કે તદ્દન હીન એટલે કે અધમ શ્રોતા ગણાવા માટે પણ તે શ્રોતાએ **અન્યાશ્રય છોડેલો હોવો જોઈએ.** તેણે **અનન્યાશ્રય** ગ્રહણ કરેલો હોવો જોઈએ. એટલે કે પરમાત્મા શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈપણ દેવદેવીનો આશ્રય તેને ન હોવો જોઈએ. આ એક લક્ષણ તો આ લઘુગ્રંથમાં બતાવેલ ચારે પ્રકારનાં શ્રોતાઓને ગર્ભિત રીતે લાગુ પડે છે. **પહેલાં અનન્યાશ્રય અને પછી પોતાનાં એક માત્ર આશ્રય એવા ભગવાન શ્રીકૃષ્ણનાં ગુણગાન સાંભળવા માટેની જીવની યોગ્યતાના આધારે તેમના ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે.**

આ લઘુગ્રંથ વાંચીને, આપણે, શ્રોતા તરીકેની આપણી યોગ્યતા અને પ્રકારનો વિચાર કરવો રહ્યો.

**– જયશ્રીકૃષ્ણ.**

# ૧૪. સંન્યાસનિર્ણયઃ

પશ્ચાત્તાપ-નિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ॥
સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥
કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ॥
અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્ વિચારણા॥૨॥
શ્રવણાદિ-પ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ ચેત્ સ નેષ્યતે॥
સહાય-સંગ-સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ॥૩॥
અભિમાનાદ્ નિયોગાત્ ચ તદ્-ધર્મૈશ્ચ વિરોધતઃ ॥
ગૃહાદેઃ બાધકત્વેન સાધનાર્થં તથા યદિ॥૪॥
અગ્રેઽપિ તાદૃશૈર્ એવ સંગો ભવતિ નાન્યથા॥
સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્ તુ કાલતઃ॥૫॥
વિષયાક્રાન્ત-દેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ॥
અતો-ઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ॥૬॥
વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ॥
સ્વીય-બન્ધ-નિવૃત્ત્યર્થં વેશઃ સોઽત્ર ન ચાન્યથા ॥૭॥
કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્- ॥
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઈષ્યતે ॥૮॥
વિકલત્વં તથા-ઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ॥
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ॥૯॥
સત્ય-લોકે સ્થિતિર્ જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ॥
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥
તાદૃશાઃ સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સંશયઃ ॥
બહિશ્ ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ॥૧૧॥
તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ॥
ગુણાસ્તુ સંગ-રાહિત્યાદ્ જીવનાર્થં ભવન્તિ હિ ॥૧૨॥
ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે ॥
સ્વાસ્થ્ય-વાક્યં ન કર્તવ્યં દયાલુર્ ન વિરુધ્યતે ॥૧૩॥

દુર્લભો-ઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ॥
જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ॥૧૪॥
જ્ઞાનાર્થમ્ ઉત્તરાંગં ચ સિદ્ધિર્ જન્મશતૈઃ પરમ્ ॥
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિ-શ્રવણાન્ મતમ્ ॥૧૫॥
અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા ॥
પાષંડિત્વં ભવેત્ ચાપિ તસ્માદ્ જ્ઞાને ન સંન્યસેત્ ॥૧૬॥
સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ્ ઈતિ સ્થિતિઃ ॥
ભક્તિમાર્ગેઽપિ ચેદ્ દોષઃ તદા કિં કાર્યમ્ ઉચ્યતે ॥૧૭॥
અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્ દૃષ્ટાન્તસ્યાપ્યભાવતઃ ॥
સ્વાસ્થ્ય-હેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્॥૧૮॥
હરિર્ અત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતો-ઽપરે !॥
અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્॥૧૯॥
જ્ઞાનિનામ્ અપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ॥
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ॥૨૦॥
તસ્માદ્ ઉક્ત-પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ॥
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદ્ ઈતિ મે નિશ્ચિતા મતિઃ ।૨૧॥
ઈતિ કૃષ્ણ-પ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ॥
સંન્યાસ-વરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ ॥૨૨॥

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યચરણપ્રકટિતઃ સંન્યાસનિર્ણયઃ સમાપ્તઃ ॥

***

વર્ણ અને આશ્રમને સનાતન હિંદુ ધર્મના આધાર સ્થંભો ગણવામાં આવ્યા છે. વર્ણ ચાર છે - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આશ્રમ પણ ચાર છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત. પ્રત્યેક જીવે પોતે જે વર્ણમાં જન્મે, તે વર્ણના કર્મો કરવાનાં છે. અને પોતાના જીવન કાળ દરમ્યાન, ચાર આશ્રમનું પાલન કરીને, અંતે જીવનની સમાપ્તિ કરવાની છે એવી શાસ્ત્રની આજ્ઞા છે.

પરંતુ વર્ણ અને આશ્રમ આત્માના ધર્મ નથી. આત્મા નથી બ્રાહ્મણ કે

નથી ક્ષત્રિય; તે નથી વૈશ્ય કે શુદ્ર. આત્મા નથી બ્રહ્મચારી કે નથી ગૃહસ્થ; તે નથી વાનપ્રસ્થ કે નથી સંન્યાસી. શ્રીમાન્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ આત્માનો (પોતાનો) પરિચય આપતાં આ પ્રમાણે કહ્યું છે :-

**નાહં વિપ્રો ન ચ નરપતિ ર્નાપિ વૈશ્યો ન શૂદ્રો ।**
**નાહં વર્ણી ન ચ ગૃહપતિ ર્ના વનસ્થ યતિ વા ।।**
**કિંતુ પ્રોદ્યન્નિખિલ પરમાનંદ પૂર્ણામૃતાબ્ધે ।**
**ગોપીભર્તુઃ પદ કમલયો દાસ દાસાનુદાસ ।।**

**અર્થાત્ :-** હું (આત્મા) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર નથી. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થી કે સંન્યાસી નથી. પરંતુ હું તો અતિ ઉજ્જવળ, નિખિલ પરમાનંદ પૂર્ણ રસામૃતના સાગર એવા, શ્રીગોપીજન વલ્લભના ચરણકમલના દાસનો પણ દાસ છું.

વર્ણાશ્રમ તો લોકવ્યવહાર અને લોકજીવનના ધર્મો છે. તે દેહના ધર્મો છે. જીવે દેશકાળને અધિન રહીને તે ધર્મો પાળવાના છે. એવી શાસ્ત્રની આજ્ઞા છે.

પરંતુ આજના કલિકાળમાં, જ્યારે ચારને બદલે ચારસો વર્ણો અને ચૌદ આશ્રમો થઈ ગયા છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મને વળગી રહીને તેનું ચૂસ્તપણે પાલન કરવાનો આગ્રહ રાખવો એ કાળબળનો સામનો કરવા સમાન છે. આજે તો વર્ણાશ્રમ ધર્મનો હ્રાસ થયો છે. તેથી લોકોને એમ કહેવું કે પચાસ વર્ષની વયે તમારે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને, વાનપ્રસ્થ (નિવૃત્તિમય) જીવન જીવવાનું છે અને જો પ્રભુકૃપાથી પંચોતેર વર્ષની વયે પહોંચો તો સગાસંબંધી અને ઘરબાર આદિ બધુ છોડીને તમારે સંન્યસ્ત સ્વીકારીને, વનમાં જઈને રહેવાનું છે તો તે કેટલે અંશે ઉપયુકત છે તે વિચારવું રહ્યું. પંચોતેર વર્ષની વયે પણ જેનું મન સાંસારિક વિષયોમાં રમતું હોય તેને જો એમ કહેવામાં આવે કે સર્વ વિષયો જેવા કે સત્તા, સંપત્તિ, સંતતિ, ઘરબાર, સગા-સ્નેહી આદિ બધાનો ત્યાગ કરીને હવે તમારે સંન્યાસી બની વનમાં વિચરવાનું છે. તો તેનો અમલ કોણ કરશે અને કેવી રીતે કરશે ? સંન્યાસીના યોગક્ષેમ વહનનો બોજો આપણો આજનો સમાજ ઉપાડશે ખરો ? કે પછી તેણે પોતાના યોગક્ષેમ વહનનો બધો

બોજો ઈશ્વરને (રામ ભરોંસે) સોંપી દેવાનો છે ? હા, જો તે ઈશ્વરને સોંપી દે તો ઈશ્વર તેના યોગક્ષેમનું વહન અવશ્ય કરે. તેમાં લેશ માત્ર સંદેહ નથી. પરંતુ તે માટે, સર્વ વિષયોમાં વિરક્તિ, અને એક માત્ર પ્રભુમાં અનુરક્તિ રાખીને, એટલે કે અન્યથાશ્રિતયન્તોમાં, નિત્ય યુકતા ઉપાસતે - એવી મનની દઢ સ્થિતિ થઈ હોય તો પ્રભુ જરૂર તેના યોગક્ષેમનું વહન કરે. પરંતુ એવો ભાવ કેટલા જીવો અનુભવે છે.

ટૂંકમાં, સન્યાસ નિર્ણય ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણે જીવે, પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં સંન્યાસનું વરણ કરવું કે કેમ તે બાબતો વિચાર કર્યો છે. આપશ્રીએ સંન્યાસ માટે પરિત્યાગ શબ્દનો પ્રયોગ કર્યો છે. આજના યુગમાં કોઈ માણસ સંન્યાસ લે, પરંતુ દેશકાલને આધીન પરિબળો તેને માટે એવું સંન્યાસી જીવન જીવવાનું શકય ન બનવા દે તો તે પુનઃ સંસારમાં પ્રવેશ કરે. તેમ કરતાં તેને પ્રાયશ્ચિત કરવું પડે. એ પ્રાયશ્ચિતની નિવૃત્તિ અર્થે શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં બહુ ઊંડો વિચાર કર્યો છે.

દેશકાળને અનુરૂપ ગૃહસ્થ જીવન છે કે સંન્યસ્ત જીવન છે - એ ચર્ચાનો વિષય છે. તેથી તેની વિષદ ચર્ચા થવી જરૂરી છે. શ્રીમહાપ્રભુજીએ આ લઘુગ્રંથમાં એ વિષયની ચર્ચા કરી છે.

જ્ઞાન માર્ગમાં મુમુક્ષુને જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન (મોક્ષ)ની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી, વર્ણાશ્રમ ધર્મનું પાલન કરીને, ચોથા આશ્રમ તરીકે સન્યાસ ગ્રહણ કરવાની શાસ્ત્રાજ્ઞા છે. પરંતુ ચારે આશ્રમનું પાલન કરનાર જીવો પણ પોતાના એકજ જન્મમાં મોક્ષની પ્રાપ્તિ કરી લે એવું ભાગ્યેજ બને છે. શ્રીમહાપ્રભુજી તો એટલે સુધી કહે છે કે જ્ઞાનમાર્ગીઓ પણ સેંકડો જન્મ પછી મોક્ષ પ્રાપ્તિ કરી શકે છે. સંસારની માયા જ્ઞાની પુરુષોને પણ એવો તો જકડી રાખે છે કે તેમાંથી છૂટવાનું તેને માટે ઘણું મુશ્કેલ બને છે. તો પછી મોક્ષ પ્રાપ્તિની તો વાત જ શી કરવી ?

એવું જ ભક્તિમાર્ગીઓ માટે પણ છે. ભક્તિમાર્ગમાં ગૃહસ્થાશ્રમી જીવન જીવતાં જીવતાં, જ્યાં સુધી પ્રભુ પ્રત્યેનો પ્રેમ ભાવ આસક્તિથી આગળ વધીને વ્યસન દશાએ ન પહોંચે ત્યાં સુધી જીવે અનેક જન્મો લેવા પડે છે.

અલબત્ત, તેમાં એક અપવાદ છે. અને તે છે 'પ્રભુનો અનુગ્રહ'. પ્રભુનો અનુગ્રહ પામીને જીવ, ક્ષણવારમાં વ્યસન દશા પ્રાપ્ત કરી શકે છે. અને એ રીતે તે ભક્તિમાર્ગીય મોક્ષ પામે છે.

અને, આ કલિકાલમાં, કર્મમાર્ગથી મોક્ષ પ્રાપ્તિ કરવાનું બહુ દુષ્કર, લગભગ અશકય, બની ગયું છે.

આ બધી બાબતોનો વિચાર કરીને દેશકાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને, આપશ્રીએ એવો નિર્ણય કર્યો છે કે 'કેવળ ભક્તિમાર્ગમાં અને તે પણ વ્યસન દશાની પ્રાપ્તિ થયેલી, વિરહ દશાનો અનુભવ કરવા માટે જ, ભક્તિમાર્ગીય સંન્યાસ લેવો.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પ્રબોધેલ ત્રણ માર્ગ - કર્મ, જ્ઞાન અને નિઃસાધનતા અને શરણાગતિના ભાવવાળો પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ કલિયુગના જીવોનો ઉદ્ધારક બની શકે છે. પરંતુ તે ત્રણ માર્ગમાં ભક્તિમાર્ગનાં બે લક્ષણો બતાવ્યાં છે (૧) નિઃસાધનતા એટલે કે દીનતા અને (૨) તદાશ્રયતા એટલે કે સંપૂર્ણ શરણાગતિ.

જીવ પોતાના સાધનબળ વડે અને પ્રભુ સિવાયના અન્ય કોઈનો આશ્રય ગ્રહણ કરીને, પ્રભુને પ્રાપ્ત કરી શકે નહીં. તેથી જ અષ્ટાક્ષર અને બ્રહ્મસંબંધના મંત્ર દ્વારા આત્મસમર્પણ કરીને, જીવ સ્વરૂપાનંદ પ્રાપ્ત કરી શકે છે. આત્મસમર્પણ કરતાં ઉત્પન્ન થયેલ પ્રેમ અને ભક્તિની વૃદ્ધિ માટે આપશ્રીએ સેવાનો પ્રબંધ કર્યો છે. સેવા કરવી એટલે 'જીવનની બધી ક્રિયાઓને ભગવન્મય બનાવવી.' સેવા કરનાર ભકતનું આખું જીવન પ્રભુ-સેવા અર્થે છે; અને તેની બધી ક્રિયાઓ તત્સુખાય એટલે કે પ્રભુના સુખ અર્થે છે.

આવી સેવા કરવા માટે જીવે ગૃહસ્થ ધર્મનું પાલન કરવાનું છે; તેને સંન્યાસ લેવાનો નથી. ભક્તિના ઉદ્ભવ અને પોષણ (વૃદ્ધિ) માટે શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમની વાડને અનિવાર્ય માની છે. ભક્તિના બીજ ભાવને દઢ કરવાને માટે ભક્તે ઘરમાં રહેવાનું છે; અને ઘરમાં રહીને સેવા

કરવાની છે. ટૂંકમાં, આપશ્રીએ પુષ્ટિ ભક્તિમાર્ગની ઈમારતનું ચણતર ગૃહસ્થાશ્રમના પાયા ઉપર કર્યું છે.

એનો અર્થ કોઈ એવો ન કરે કે ગૃહસ્થ જીવન દ્વારા, વિલાસને પોષણ મળે એવો માર્ગ, શ્રીમહાપ્રભુજીએ નિજ સેવકોને ઉદ્દેશ્યો છે. આપશ્રીએ તો પંચશ્લોકી નામે લઘુગ્રંથમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે, ''ગૃહં સર્વાત્મના ત્યાજ્યં'' અર્થાત્ ગૃહનો સર્વાત્મભાવે ત્યાગ કરો. પ્રભુ પ્રાપ્તિ માટેનો એ જ સર્વોત્તમ માર્ગ છે. પરંતુ આજની અતી વિષમ જટિલ સામાજિક પરિસ્થિતિમાં ગૃહત્યાગ કર્યા પછી શું ? તતઃ કિમ ? ગૃહત્યાગ કર્યો તેથી શું ?

ઘર છોડયું. પરંતુ ઘર છોડવાના કારણરૂપ વિષયોનો ત્યાગ ન કર્યો. પરિણામે એ જ વિષયોમાં આસકત બનીને પુનઃ ઘરમાં પ્રવેશ કર્યો. એ તો આત્માના વિનાશનો માર્ગ છે.તેથી આપશ્રી આજ્ઞા કરે છે કે ઘરનો સર્વથા ત્યાગ કરીને, જો ધર્મ અને ઈશ્વરને પ્રાપ્ત કરવાનું શકય ન હોય તો એક બીજો રસ્તો પણ છે. અને તે એ કે કૃષ્ણાર્થ તત્ પ્રયુંજિત । એટલે કે ઘરનો ઉપયોગ કૃષ્ણાર્થે કરો. અને ભગવદ્ ભાવને પોષણ (વૃદ્ધિ) મળે તે રીતે સંસારને ભોગવો - તેન ત્યક્તેન્ ભુંજિથા । અર્થાત્ ઘરનો ત્યાગ કરીને તેને ભોગવો.

શ્રીમહાપ્રભુજીએ ત્યાગની વ્યાખ્યા આ રીતે આપી છે. સાનુરાગ ગૃહણાભાવ સ્ત્યાગ । એટલે કે ગૃહ આદિને અનુરાગ (આસક્તિ) પૂર્વક પકડી ન રાખવાં તેનું નામ ત્યાગ. ઘરમાં રહો. પરંતુ એ ઘરને પ્રભુનું ઘર સમજો. સંપત્તિ, સંતતિ, સ્ત્રી, સગાં-સ્નેહી બધા સાથે સંબંધ રાખો; પરંતુ જો તે બધાં તમને પ્રભુની પ્રાપ્તિ કરવામાં સહાયક બનતાં હોય તો; અન્યથા તેમનાથી દૂર રહો. અહંભાવ અને મમત્વ છોડીને તદીયત્વ કેળવો. આ રીતે ઘરમાં રહેશો તો તમારી આત્મ પ્રગતિના માર્ગમાં તે બાધારૂપ નહીં બને.

શ્રીમદાચાર્યચરણની ગૃહસ્થાશ્રમ પ્રત્યેની આવી ભાવના હોવાને કારણે, પ્રચલિત આશ્રમ પદ્ધતિની દૃષ્ટિ ભક્તિમાર્ગમાં સંન્યાસનું શું સ્વરૂપ હોઈ શકે તેનો આપશ્રીએ વિચાર કર્યો. અને તેના પરિણામ રૂપે આ ગ્રંથની રચના થઈ.

એવું કહેવાય છે કે સંન્યાસ નિર્ણય ગ્રંથ, આપશ્રીએ નિજ સેવક નરહરિ સંન્યાસીને સંન્યાસના શુદ્ધ સ્વરૂપનો ઉપદેશ આપવા માટે પ્રકટ કર્યો છે, જેમાં આપશ્રીએ આ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

કર્મ માર્ગ અને જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો યોગ્ય નથી. અને ભક્તિમાર્ગમાં પણ સાધન સિદ્ધ માટે સંન્યાસ લેવો એ સુખદાયક નથી. અનંત વર્ષોથી આપણને પ્રભુનો જે વિયોગ થયો છે તે વિરહના કલેશાનંદના અનુભવને માટે જો પ્રભુની પ્રેરણા થાય તો અને તો જ ભક્તિભાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો ઈષ્ટ છે. તેમ ન હોય તો આચાર્યશ્રીએ દર્શાવેલી પ્રણાલિકાથી તનુ વિત્તજા સેવા કરીને સ્વ મર્યાદામાં રહેવું.

સંન્યાસ નિર્ણય ગ્રંથનું તાત્પર્ય આ રીતે સમજાવી શકાય :- સંન્યાસના ત્રણ પ્રકાર છે - યથા (૧) કર્મમાર્ગીય (૨) જ્ઞાનમાર્ગીય અને (૩) ભક્તિમાર્ગીય સંન્યાસ. તેમાં -

(ક) કર્મમાર્ગીય સંન્યાસ નિષિદ્ધ છે. અને તે પણ ખાસ કરીને ચાલુ જમાનામાં એટલે કે કલિયુગમાં.

(ખ) જ્ઞાનમાર્ગીય સંન્યાસમાં બે પેટા પ્રકારો છે (અ) વિવિદિષ સંન્યાસ અને (આ) વિદ્વત સંન્યાસ - એ બન્ને દોષયુકત હોવાથી, તે પણ નિષિદ્ધ છે.

(ગ) ભક્તિમાર્ગીય સંન્યાસના પણ બે પેટા પ્રકારો છે : (અ) સાધનાર્થે અને (બ) ફલાર્થે - લીધેલ સંન્યાસ. સાધનાર્થે લીધેલ ભક્તિમાર્ગીય સંન્યાસ સુખાવહ નથી. અને ફલાર્થે લીધેલ ભક્તિમાર્ગીય સંન્યાસ સુખાવહ નથી. અને ફલાર્થે લીધેલ ભક્તિમાર્ગીય સંન્યાસ જો વિરહનો અનુભવ કરવા માટે લીધો હોય અને તે પણ તેમ કરવાની પ્રભુની પ્રેરણા થતાં લીધો હોય તો તેમ કરવું એ ભકતનું કર્તવ્ય છે.

દશ દિગંત વિજયી ગો. શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે ભગવાને શ્રીમદ્ વલ્લભાચાર્યને દેહનો પરિત્યાગ કરવાની અને દેશનો પરિત્યાગ કરવાની એમ બે આજ્ઞાઓ કરી; તે પોતે આગળ સ્ફૂરતા વિચારથી પાળી નહીં. ત્યારે

ભગવાન (પોતાના) સેવ્ય અને પોતે (ભગવાન્‌ના) સેવક હોવાથી, ભગવદાજ્ઞા ઉલ્લંઘન કરવાથી, પશ્ચાતાપ થયો. એટલામાં લોકનો ત્યાગ (સંન્યસ્ત ગ્રહણ) કરવાની ભગવાન્‌ની ત્રીજી આજ્ઞા થઈ. ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા કે ભગવાન્ મારા ઉપર પ્રસન્ન છે કે નહીં ? જો પ્રસન્ન ન હોય તો (તે મારી) ઉપેક્ષા જ કરત, આજ્ઞા કરત નહીં, માટે પ્રસન્ન છે, એ તો નક્કી.

પરંતુ આ રીતે બે આજ્ઞા નહીં પાળવા છતાં (ભગવાન્) પ્રસન્ન છે તેનું કારણ શું ? આમ વિચાર કરતાં, પ્રભુની આજ્ઞામાં 'દેહ' અને 'દેશ' શબ્દોને યોગિક અર્થમાં વપરાયેલા સમજાયા. પરિસ્થિતિ સર્જાઈ છે, જે તે બન્ને આજ્ઞા પળાઈ ગઈ હોવાનો સંકેત કરે છે. તે આ રીતે -

દીશ એટલે અતિદાન; તેના ઉપરથી દેશ શબ્દ બને છે. દેશત્યાગ એટલે અતિદાનનો ત્યાગ. આપશ્રીએ આ શ્રીમદ્ ભાગવતીની સૂક્ષ્મ ટીકાની રચના કરી હતી. તે આપશ્રીનું ભગવદીયોને કરેલું મહાન મોટું દાન (અતિદાન) હતું. પરંતુ સંજોગવશાત તે સૂક્ષ્મ ટીકાની નિવૃત્તિ થઈ ગઈ - (તે ખોવાઈ ગઈ જ્યાં મૂકી હતી ત્યાંથી ન મળી) તેથી તે પરિસ્થિતિને દિશનો ત્યાગ (અતિદાનનો ત્યાગ) થઈ ગયો એમ સમજાયું. એ રીતે દેશત્યાગ થયો.

એવી રીતે દિહ એટલે વૃદ્ધિ પામવું. તેના ઉપરથી દેહ શબ્દ થાય. માધવ ભટ્ટ કાશ્મીરી લેખક (લહિયા) હતા. તેમના લખાણથી આપશ્રીના ગ્રંથાદિની વૃદ્ધિ થતી હતી. પરંતુ કાશ્મીરીજીને બાણ વાગતાં તેમની નિવૃત્તિ (નિત્ય લીલામાં જવું તે) થઈ ગઈ. તેથી એ દિહ (ગ્રંથ વૃદ્ધિ)નો ત્યાગ થયો ગણાય. એનું નામ દેહત્યાગ.

આ બન્ને દેહ અને દેશ ત્યાગ ભગવાને જ કરાવ્યા હતા. આ રીતે એ બન્ને આજ્ઞા ભગવાને જ સિદ્ધ કરાવેલી હતી. તે બતાવે છે કે ભગવાન્ પોતે નિજ દાસ (શ્રીવલ્લભ) ઉપર અપ્રસન્ન નથી. આ બન્ને આજ્ઞા જેમ દુર્જ્ઞેય (સમજ ન પડે તેવી) હતી તેમ આ ત્રીજી આજ્ઞા (લોક ગોચરની આજ્ઞા) પણ દુર્જ્ઞેય છે, એમ (આપશ્રી) સમજ્યા. અને જો કે પ્રથમ બે આજ્ઞા પળાઈ હતી. પરંતુ પોતે તે પાળવા પ્રયત્ન કર્યો ન હતો. માટે તે પ્રયત્ન ન કરવાથી તેમને પશ્ચાત થયો. એ પશ્ચાતાપ કેવી રીતે નિવૃત્ત થાય એ વિચાર કરતાં, હવે થતી

આ (ત્રીજી) આજ્ઞા (લોક ત્યાગ) ના વિષયનો વિચાર કરવાથી જ ભગવાન્ પશ્ચાતાપ નિવૃત્ત કરશે એમ નિશ્ચય કરીને, પોતાની અવસ્થાનું સૂચન કરતાં પરિત્યાગ એટલે શું તેનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છે.

**પશ્ચાતાપ નિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ।**
**સ માર્ગ દ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** પશ્ચાતાપની નિવૃત્તિને માટે પરિત્યાગ અથવા સંન્યાસનો વિચાર કરવામાં આવે છે. સંન્યાસ વિશેષે કરીને ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એમ બે માર્ગમાં કહેલો છે.

પશ્ચાતાપ નિવૃત્તિ માટે પરિત્યાગનો વિચાર કરવો એટલે શું ? એ બાબતમાં શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીગોકુલોત્સવજી, શ્રીગોપેશ્વરજી આદિ સમર્થ ટીકાકારો પરસ્પર સાથે સંમત નથી. તે બધાના મત જુદા છે. અને શ્રીપીતાંબરાત્ય શ્રીપુરુષોત્તમજી મહારાજ એ બધાથી જુદા પડે છે.

શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે આ સર્વ મહાનુભાવીઓ પરસ્પર સંમત નથી, એમ મને લાગે છે. અને અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં જે પશ્ચાતાપ અને પરિત્યાગ બન્ને શબ્દો આવેલા છે, તે બન્ને શબ્દોનો અહીં (આ ગ્રંથમાં) વિચાર છે. તેથી તે જ પશ્ચાતાપની નિવૃત્તિ કરવાનું અહીં કહ્યું છે. એવો અર્થ હું કરું છું. આમ અર્થ કરવામાં મને કાંઈ દોષ દેખાતો નથી.

ભગવાને પરિત્યાગની આજ્ઞા કરી છે. અને પોતે (શ્રીવલ્લભે) પરિત્યાગ કરવાનો નિશ્ચય કર્યો છે. ત્યારે પરિત્યાગના વિચારનું પ્રયોજન શું ? તો કહ્યું કે પરિત્યાગ બે માર્ગમાં કરેલો છે. કયાં બે માર્ગ ? અને શા માટે બે માર્ગમાં કહ્યો છે ? તો કહ્યું કે 'ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ' ભક્તિમાર્ગમાં (૧) આરંભ દશામાં અને (૨) સિદ્ધ દશામાં અને જ્ઞાનમાર્ગમાં (૧) વિવિદિશા (જાણવાની ઈચ્છારૂપ) દશામાં અને (૨) વિદ્વદ (જ્યારે વૈરાગ્ય ઘણો થાય તો) દશામાં સંન્યાસ લેવાનું કહ્યું છે.

સંન્યાસ નિર્ણય ગ્રંથના પહેલા શ્લોકના પ્રથમ ચરણમાં આપશ્રીના મનમાં ચાલતા વિચારોની પ્રસ્તાવના રજૂ થાય છે.

જ્ઞાનમાર્ગમાં સંન્યાસ પ્રચલિત છે. અને જ્ઞાનીઓને માટે તે અનિવાર્ય ગણાય છે. પરંતુ દેશકાળને આધીન તેની શી સ્થિતિ છે ? પ્રવર્તમાન દેશકાળમાં સંન્યાસ લેવો તો કેવા સંજોગોમાં લેવો ? આ બધી બાબતોનો વિચાર કરતા આપશ્રી આજ્ઞા કરે છે :-

પશ્ચાતાપ નિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે - એટલે કે પશ્ચાતાપની નિવૃત્તિ માટે પરિત્યાગ (સંન્યાસ) નો વિચાર કરવાનો છે. એટલે કે સંન્યાસ લેતા પહેલાં કે લીધા પછી જો પશ્ચાતાપ થાય તો તેની નિવૃત્તિ કેવી રીતે કરવી તે પ્રશ્ન આપશ્રીના વિચારધીન છે. કારણ કે :-

આ ખલધર્મી કલિકાલ છે. કલિયુગમાં સંન્યાસ લઈને તેનું યથોચિત આચરણ કરવું એ ઘણું કઠિન છે. તેમ છતાં શાસ્ત્રાજ્ઞા સમજીને જો તે સ્વીકારી લેવામાં આવે અને પછી વાસ્તવિકતાનો સામનો કરતાં એવું લાગે છે તે સંન્યાસી બન્યા તો ખરા પરંતુ સંન્યાસી તરીકે જીવવું અને સાચા સંન્યાસીનું આચરણ કરવું ઘણું મુશ્કેલ છે. ત્યારે પોતે સંન્યાસી બનવાની કરેલી ભૂલ જીવને સમજાય છે. અને આવી ભૂલ ન થાય અને પશ્ચાતાપ કરવો જ ન પડે તે માટે પહેલેથી સંન્યસ્ત ગ્રહણનાં બધાં પાસાંઓનો વિચાર કરી લીધો હોય તો સારુ, એવી આપશ્રીની આજ્ઞા છે.

પશ્ચાતાપ બીજી રીતે પણ થાય. જીવ પ્રભુથી વિખુટો પડયો. તેણે માનવ દેહ ધારણ કર્યો. એ દુઃસંગ (માયા)માં ફસાયો. તે જગતના વિષયોમાં લુબ્ધ થયો. અને પોતાનું સ્વરૂપ ભૂલી ગયો. સ્વરૂપને ભૂલતાં, દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ અંતઃકરણાધ્યાસ અને પ્રાણાધ્યાસને કારણે, પોતાના જીવનનું પ્રધાન કર્તવ્ય શું છે તેનું ભાન તેને ન રહ્યું. આવી અવસ્થામાં, આપણા સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભે કૃપા કરીને તેને સ્વરૂપનું ભાન કરાવ્યું. અને તેનો સંબંધ બ્રહ્મ (કૃષ્ણ) સાથે બાંધી આપ્યો. છતાં પણ ઉપર્યુકત અધ્યાસોના પ્રભાવથી તેનું અંતઃકરણ પ્રભુ વિષયક બનતું નથી. તેથી વિષયો તરફ ખેંચાતો હતો તે, સ્વરૂપ ભાનને કારણે પશ્ચાતાપ કરે છે, કે ''હે પ્રભુ ! અત્યાર સુધીની મારી જીંદગી મેં એળે ગુમાવી. હવે તો મારે સાંસારિક વિષયોનો ત્યાગ કરવો જોઈએ.'' આવા પ્રકારનો પશ્ચાતાપ થાય ત્યારે એ બધા અધ્યાસોને દૂર કરવા

અને દુઃસંગને છોડવાની ઈચ્છાથી પ્રેરાઈને તે જીવ સંન્યાસ લેવા તૈયાર થાય. તેવે સમયે તેને તે સંન્યાસ કેવા પ્રકારનો હોવો જોઈએ, તેનો વિચાર કરવાનો છે. સંન્યસ્તનું સાચું સ્વરૂપ સમજાય તો જ જીવન એળે (નિષ્ફળ) ગયા બાબતના પશ્ચાતાપની નિવૃત્તિ થાય.

આપણે પરિત્યાગનો વિચાર શા માટે કરવો ? આપણે પરિત્યાગનો વિચાર એટલા માટે કરવો કે વગર વિચારે પરિત્યાગ કરતાં, તે પાખંડરૂપ બની જવાની ભીતી છે. પરંતુ જો વિચારપૂર્વક પરિત્યાગ કરવામાં આવે તો તે દુઃસંગ અને વિવિધ અધ્યાસોના ત્યાગરૂપ બનીને અંતઃકરણને પ્રભુ વિષયક બાબતો તરફ લઈ જવાના કારણરૂપ તે બનશે. તેથી સર્વગ્રાહી દષ્ટિબિંદુથી પરિત્યાગનાં બધાં પાસાંને સમજીને પરિત્યાગનું સ્વરૂપ નક્કી કરવું જરૂરી છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પ્રભુપ્રાપ્તિના ત્રણ સુપ્રસિદ્ધ માર્ગો બતાવવામાં આવ્યા છે. (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ અને (૩) ભક્તિમાર્ગ. આ ત્રણે માર્ગોમાં સંન્યાસીની શી સ્થિતિ હોઈ શકે અને કેવી હોવી જોઈએ તેનું નિરૂપણ સંન્યાસ નિર્ણય ગ્રન્થમાં કરવામાં આવ્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે–

**કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।**
**અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્ વિચારણા ।।૨।।**

**શ્લોકાર્થ :–** હાલમાં કલિકાલને લીધે કર્મ માર્ગને વિષે સંન્યાસ કરવા યોગ્ય નથી. માટે પ્રથમ ભક્તિમાર્ગમાં (તે) કરવા યોગ્ય હોવાથી (તેનો) વિચાર કરીએ.

આ વિષય પરત્વે શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ - એમ ચાર આશ્રમના પક્ષ વડે જો કે કર્મમાર્ગમાં પણ સંન્યાસ કહ્યો છે. તો પણ ભગવાનનું વચન છે કે કામીઓએ કર્મયોગ કરવો. તેથી સંસારમાં જેની કામના છે તેવા લોકો કર્મમાર્ગના અધિકારી છે. અને વૈરાગ્યવાળા સંન્યાસના અધિકારી છે. તેથી કર્મમાર્ગમાં સંન્યાસ કરવો નહીં.

કલિકાલમાં, નહીં કરવા યોગ્ય વસ્તુઓમાં સંન્યાસ પણ ગણેલો છે.

તો પછી ભલે કર્મમાર્ગમાં સંન્યાસ ન કરવો. તો પણ જે માર્ગમાં તે કરવાનું કહ્યું હોય તે માર્ગમાં તો કહ્યા પ્રમાણે કરવો કે નહીં ? તેમાં વિચાર કરવાનું શું પ્રયોજન ? તો કહેવામાં આવ્યું છે કે જુદા જુદા માર્ગમાં જુદી જુદી દશામાં સંન્યાસ કરવાનો કહ્યો છે. એટલા માટે ભક્તિમાર્ગમાં આરંભમાં તે કરવો કે નહિ તેનો વિચાર કરીએ છીએ.

ભક્તિમાર્ગની આરંભ દશા એટલે શું ? કોઈપણ મનુષ્યને કોઈપણ રીતે ભક્તિ ઉત્પન્ન થઈ હોય, તેની ભક્તિને વધારનાર શ્રવણાદિનો નિર્વાહ જે દશામાં થાય તેને આરંભ દશા કહેવાય. શ્રવણાદિનો અભ્યાસ થવાથી જે દશામાં આસક્તિ થાય તેને બીજી (મધ્યમ) દશા કહેવાય. અને આસક્તિ દઢ થયા પછી જે દશામાં વ્યસન સિદ્ધ થઈ શકે તેને ત્રીજી (સર્વોત્તમ) દશા કહેવાય.

આ ત્રણ દશામાં, જે દશામાં કલિકાલ વગેરેથી થતા દોષોના સંબંધ જેને ન થાય તે માટેની દશાના ફલ અને સ્વરૂપના પ્રકારનો વિચાર અહીં કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કર્મમાર્ગમાં સંન્યાસને કોઈ સ્થાન નથી. કારણ કે તે માર્ગમાં જીવતા સુધી અગ્નિ હોય આદિ કર્મો કરતા રહેવાનો વિધિ છે. તેથી સંન્યાસ ગ્રહણ કરી કર્મ છોડવાનો કોઈ સમય કર્મમાર્ગીના જીવનમાં રહેતો નથી. આથી ચારે યુગમાં કર્મમાર્ગીને માટે સન્યાસ ગ્રહણ કરવો યોગ્ય નથી. અને તેમાં પણ કલિકાલમાં તો વિશેષે કરીને સન્યાસ ગ્રહણ કરવાની મનાઈ શાસ્ત્રોએ જ ફરમાવી છે.

હવે રહ્યા બે માર્ગ – જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. એ બન્નેમાં બે બે પ્રકારની પરિસ્થિતિ (દશા) મળી કુલ ચાર પરિસ્થિતિમાં સંન્યાસ લેવો કે કેમ તેનો વિચાર કરી શકાય. એ ચાર પરિસ્થિતિ આ પ્રમાણે છે.

**(૧અ) ભક્તિમાર્ગની સાધક દશામાં** – એટલે કે ભક્ત હૃદયમાં ભક્તિનું બીજ રોપાય અને તે વડે ભક્તિ હૃદયમાં પ્રભુપ્રેમ ઉદ્‌ભવે તે પ્રારંભિક દશામાં. ત્યારપછી તો તે બીજને પુષ્ટ કરવાનું છે. સેવા અને સમર્પણ દ્વારા તેને

પુષ્ટ કરી શકાય. ત્યારે હૃદયમાં આસક્તિ અને વ્યસન ઉદ્‌ભવે. પરંતુ ભક્તિબીજ પુષ્ટ થાય તે પહેલાંની દશા એટલેકે સાધક દશામાં સંન્યાસ લેવો કે કેમ ?

**(૧બ) ભક્તિમાર્ગની અંતિમ દશામાં** એટલે કે પ્રેમભક્તિ પુષ્ટ બને અને ભક્ત હૃદયમાં વ્યસન ઉદ્‌ભવે એવી ભક્તની અંતિમ દશા કે જેને વ્યસન દશા અથવા વિરહની દશા કહીશું. એ દશામાં સંન્યાસ લેવો કે કેમ ?

**(૨અ) જ્ઞાનમાર્ગની વિવિદિશા દશામાં** - એટલે કે જ્ઞાનપ્રાપ્તિની શરૂઆતની દશામાં સંન્યાસ ગ્રહણ કરવો કે કેમ?

**(૨બ) જ્ઞાનમાર્ગની વિદ્વદ દશામાં** એટલે બ્રહ્મજ્ઞાન મેળવ્યા પછીની દશામાં સંન્યાસ ગ્રહણ કરવો કે કેમ ?

ઉપર્યુકત ચાર - ૧અ, ૧બ, ૨અ, ૨બ - પરિસ્થિતિમાં જીવે સંન્યાસ ગ્રહણ કરવો કે કેમ તેની વિશદ અને સુંદર છતાં માર્મિક છણાવટ શ્રીમહાપ્રભુજીએ કરી છે. અને આપશ્રી એવાં નિષ્કર્ષ ઉપર પહોંચ્યા છે કે ૧બ દશામાં એટલે કે ભક્તિમાર્ગની વ્યસન દશામાં ભગવદ્ વિરહનો અનુભવ કરવા માટે જ પ્રભુની પ્રેરણા થતાં, પરિત્યાગ (સંન્યાસ) કરવો. અન્ય ત્રણ પરિસ્થિતિમાં પરિત્યાગ કદી ન કરવો. વળી જ્ઞાનમાર્ગની બન્ને પરિસ્થિતિમાં પરિત્યાગ કરવામાં આવે તો સંન્યાસ ગ્રહણ કરનારને પતિત (ભ્રષ્ટ) થવાનો પૂરો ભય તેમાં રહેલો છે.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતે ભક્તિમાર્ગીય હોવાથી અને ભકિતમાર્ગમાં સંન્યાસ કર્તવ્ય હોવાથી, ભક્તિમાર્ગમાં સંન્યાસ કેવી રીતે લેવો તે બાબતનો વિચાર પહેલાં કરે છે. પછી આપશ્રી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવા બાબતનો વિચાર કરશે. જો એ ત્રણમાંથી એક જ માર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવાનું કહ્યું હોત અથવા એ ત્રણે માર્ગ (જ્ઞાન, કર્મ અને ભક્તિ) માં એકજ પ્રકારનો સંન્યાસ ગ્રહણ કરવાનું કહ્યું હોત તો એ બાબતમાં વિચાર કરવાનો રહેત નહિ. પરંતુ સંન્યાસ તો બધા માર્ગમાં કહેલો છે. અને તે ખાસ કરીને જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગમાં ગ્રહણ કરવો એમ સિદ્ધ થયું તો પછી પહેલાં

ભક્તિમાર્ગમાં કયો સંન્યાસ કેવા પ્રકારથી લેવાની ભગવદ્ આજ્ઞા છે તેનો નિશ્ચય કરવા માટે, તે અંગે વિચાર કરવાનો પ્રારંભ થાય છે.

**શ્રવણાદિ-પ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ ચેત્ સ નેષ્યતે ।।**
**સહાય-સંગ-સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ।।૩।।**
**અભિમાનાદ્ નિયોગાત્ ચ તદ્-ધર્મૈશ્ચ વિરોધતઃ ।।**
**ગૃહાદેઃ બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ।।૪।।**
**અગ્રેડપિ તાદશૈર્ એવ સંગો ભવતિ નાન્યથા ।।**
**સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્ તુ કાલતઃ ।।૫।।**
**વિષયાક્રાન્ત-દેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।।**
**અતો-ડત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ।।૬।।**

**શ્લોકાર્થ :-** શ્રવણાદિની સિદ્ધિ સારી રીતે થાય, તે માટે સંન્યાસ લેવો એ યોગ્ય નથી. કારણ કે શ્રવણાદિ (ભગવદીયોની) સહાયથી અને સહાય, સંગ (ભગવદીયોનો સંગ) થી સિદ્ધ થાય છે. અને શ્રવણાદિનાં સાધનોનું રક્ષણ કરવું જોઈએ. (જે ત્યાગમાં બને નહિ)

વળી શ્રવણાદિમાં અભિમાન અથવા અહંતા મમતા રહે છે. અને શ્રવણાદિ નિરંતર કરવું જોઈએ. તેમ કરતાં સંન્યાસ ધર્મનો વિરોધ આવે છે. જો ગૃહાદિને, શ્રવણ વગેરેમાં બાધક માનીને, સાધન કરવા માટે સંન્યાસ લેવો એવો પક્ષ લઈએ તો પણ આગળ ત્યાગ કર્યા પછી પણ તેવાઓનો જ સંગ કરવો પડે છે અને (તેમ કરતાં) કાલના દોષથી પોતે પણ વિષયાસકત અને પાખંડી થાય છે.

જેઓનો દેહ વિષયાસકત હોય છે, તેમને હંમેશા ભગવાન્‌નો આવેશ રહેતો નથી. તેથી અહીં ભક્તિમાર્ગમાં સાધનાવસ્થામાં સંન્યાસ સુખકારી નથી (શ્લોક ૩ થી ૬)

કોઈ કહે કે શ્રવણ, કીતર્ન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન - એ નવધા ભક્તિને સારી રીતે સિદ્ધ કરવાને માટે સંન્યાસ ગ્રહણ કરવો, તો એ પક્ષ (મત) અંગીકાર કરવા યોગ્ય નથી.

એ જ રીતે કોઈ કદાચ એમ કહે કે તમે શ્રવણાદિને માટે વિધિપૂર્વક સંન્યાસ ભલે ન ગ્રહણ કરો, પરંતુ ઘરમાં રહેશો તો વિષયાસક્તિ થશે અને તે ભગવદાસક્તિ માટે બાધક છે. તેથી ગૃહત્યાગ કરો એટલે કે વિષયાસક્તિને ટાળવા માટે સંન્યાસ ગ્રહણ કરો. તો તેમનો એ પક્ષ (મત) પણ અંગીકાર કરવા યોગ્ય નથી.

ગ્રંથના ૩ થી ૬ શ્લોકમાં ૧અની પરિસ્થિતિમાં જીવે સંન્યાસ ગ્રહણ કરવો કે કેમ તે બાબતનો વિચાર કરતાં, ઉપરના બન્ને મતોનો વિચાર કર્યો છે. અને અંતે કહ્યું છે કે ભક્તિમાર્ગમાં સાધન દશામાં (૧અ દશામાં) સંન્યાસ સુખકારી નથી તે આ રીતે સમજવું -

(૧અ) ભક્તિમાર્ગની સાધક દશા કે આરંભિક દશા છે ભક્તિમાર્ગની સાધક દશામાં, સાધક માટે ભક્તિબીજને દૃઢ કરવામાં બે સાધનો ગણાવ્યાં છે. (૧) શ્રવણ આદિ નવધા ભક્તિ અને (૨) લૌકિક વિષયમાં અનાસક્તિ અને પ્રભુમાં આસક્તિ રાખવી.

આ બે સાધનો જો સંન્યાસ દ્વારા થઈ શકે તો અને તેમનાથી સાધકની ભક્તિ પુષ્ટ બને અને તેની ભક્તિનો વિકાસ થતાં તેને વ્યસન દશાએ પહોંચવામાં જો સંન્યાસ તેને વચનરૂપ થઈ પડે તો સંન્યાસ અવશ્ય ગ્રહણ કરવો. પરંતુ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે સંન્યાસ, એ બે સાધનોમાંથી એકપણ સાધનને પ્રાપ્ત કરાવી આપતો નથી; તેથી ભક્તિની સાધક દશામાં સંન્યાસ ગ્રહણ ન કરવો.

જીવ વિચારે કે ઘરમાં રહીને મારાથી શ્રવણાદિ નવધા ભક્તિ સારી રીતે થઈ શકતી નથી. તેથી ચાલો સંન્યાસી બની જઈએ. તેથી શ્રવણ કીર્તન સારી રીતે થઈ શકશે. પરંતુ એમ માનવું એ ભારે મોટી ભૂલ છે. કારણ કે શ્રવણ આદિ તો ભગવદીયોના સંગથી થાય. શ્રવણકીર્તન આદિ માટે સત્સંગની જરૂર રહે છે. અને થોડે અંશે અર્થ (ધન)ની જરૂર રહે છે. અને સંન્યાસી માટે સંગ અને અર્થ બન્ને ત્યાજ્ય છે. સંન્યાસી કાયમ માટે એક સ્થળે રહી ન શકે; તે કોઈ વિશેષ ભગવદીયનો સંગ કાયમ માટે સેવી ન શકે. સંન્યાસીના ધર્મો અને સાધકભક્તના ધર્મો જુદા છે. તેથી ભક્તની સાધક દશામાં સંન્યાસી બનવું એ

તેની ભક્તિના વિકાસ અને પોષણમાં બાધારૂપ છે.

વળી સંન્યાસીની કથા ગૃહસ્થો અને જ્ઞાનીઓની કક્ષા કરતાં પણ ઊંચા પ્રકારની માનવામાં આવી છે. તેથી સંન્યાસીને પોતે ઊંચી કક્ષાએ હોવાનું અભિમાન થાય એવું પણ બને. 'હું સંન્યાસી છું; હું કોઈની પાસે કેવી રીતે શ્રવણ કરું ? બીજાઓએ મારી પાસે આવી શ્રવણ કરવું જોઈએ' તેનામાં આ પ્રકારનું અહમ્ આવી જાય. અને તે કામક્રોધાદિ ષડરિપુઓને વશ થઈ જાય. પરિણામે તેની ભક્તિનું પોષણ ન થતાં તેનું ધોવાણ થઈ જાય. અને પછી બીજું સાધન-લૌકિક વિષયો અ ઘરબાર, પત્ની, પુત્ર, લોકવ્યવહારમાંથી ધીરે ધીરે અનાસકત બનતા જવું તે. સંન્યાસી બની જવાથી આ સાધનની પ્રાપ્તિ થવામાં કશી મદદ મળે કે કેમ તેનો વિચાર કરવો રહ્યો.

સંન્યાસી બન્યા પછી, પ્રવર્તમાન પરિસ્થિતિમાં, સંન્યાસીને પોતાના સંન્યાસના નિર્વાહ માટે પણ અન્ય લોકો સાથે સંપર્ક રાખવો પડે છે. પોતે તો ગૃહાદિનો ત્યાગ કર્યો છે. પરંતુ જેમણે ગૃહાદિનો ત્યાગ કર્યો નથી અને જેઓ લૌકિક વિષયોમાં આસકત છે. એવા લોકોનો સંગ તેમણે કરવો પડે છે. પરિણામે આસક્તિ ધરાવનારના સંગમાં રહીને, તે પોતે તેની માફક વિષયાક્રાન્ત બની જાય છે. અને વિષયાક્રાન્ત દેહમાં હરિનો આવેશ થતો નથી એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

વળી જો તેણે અપરિપકવ દશામાં ગૃહાદિનો ત્યાગ કર્યો હોય એટલે કે 'મારા જેવા ભકત માટે ઘર બાધક છે અને સંસાર પણ બાધક છે' એવું સમજીને જો તેણે ગૃહત્યાગ કર્યો હોય તો તે અપરિપકવ દશાનો ત્યાગ કહેવાય. એવા ગૃહત્યાગમાં ત્યાગની સાચી ભાવનાનો અભાવ હોય છે. એવા જીવની આસક્તિ ગૃહાદિમાંથી દૂર થઈ નથી; હજુ સુધી તેની આસક્તિ લૌકિક વિષયોમાં બની રહી છે. માત્ર એ વિષયોમાં ભક્તિમાં બાધારૂપ છે. એવું સમજીને, તેમના પ્રત્યેની આસક્તિ દૂર ન થઈ હોવા છતાં, તેમને બાધારૂપ સમજીને, તેમનો ત્યાગ કરનારને, તે વિષયો બમણા જોરથી પકડી રાખશે એ નક્કી છે.

ગૃહાદિમાં આસકત લોકો સાથે સંપર્ક રાખવાથી અને એવો સંપર્ક તેણે

અવશ્ય રાખવો પડે છે તેથી, ધીરે ધીરે તેનામાં રહેલી આસક્તિ વધુ તીવ્ર બનતી જાય છે. અને લૌકિક વિષયો પ્રત્યેની તેની જે લાલસા સંન્યાસ લીધા પહેલાં હતી, તે લાલસા સંન્યાસ લીધા પછી, જુદાજ સ્વરૂપે વધુ તીવ્રતાથી જાગૃત થાય છે. અને પોતે જ વિષયોને છોડયા હોય તેના જેવાજ પણ ભિન્ન રૂપમાં એના એ જ વિષયો તેને પોતાનામાં આસકત બનાવે છે. તેનું હૃદય એવા વિષયોની વાસનાથી ભરાઈ જાય છે. એવું થવા છતાં, પોતે ભકત, સાધક અને સંન્યાસી હોવાનો ડોળ તો તેણે કરવો જ પડે છે. અંદરથી (મનથી) તો તે વિષયોને સેવાતો હોવા છતાં, બહારથી તેણે વિષયો છોડયા હોવાનું બતાવવું પડે છે. તેનું નામ પાખંડ. આવી દશામાં તેણે ત્યાગ (સંન્યાસી) નાં બાહ્ય ચિહ્ન અને વસ્ત્રો ધારણ કર્યા હોવા છતાં તે માટે ભાગે તો પાખંડી જીવન પસાર કરે છે. અને કયારેક ઘર છોડીને આશ્રમ (ઘર કરતાં વધુ આરામદાયક કે સુખદાયક સ્થાન) વસાવીને તેમાં આસક્ત બનીને તે રહે છે.

આવા પાખંડીની સ્થિતિ ‘‘નહીં ઘરની નહીં ઘાટની’’ જેવી થાય છે. તેના હૃદયના રાગ ગયા નથી. તેનું હૃદય લૌકિક રાગાદિકથી ભરેલું હોઈ તેમાં શ્રીહરિનો આવેશ થવાનું શક્ય બનતું નથી. અને પ્રભુ તો લૌકિક રાગાદિક રહિત એવા હૃદયમાં જ વસે છે. આમ છતાં સાધકની ભક્તિ વધુ દઢ બનવાની શકયતા રહેતી નથી. તેની એવી અધકચરી સ્થિતિ તેના આત્માની ઉત્ક્રાંતિ માટે નથી. પરંતુ તે તેના આત્માના પતન માટે છે.

આવો પાખંડી સંન્યાસી, સંન્યાસીનાં વસ્ત્રો તથા ચિહ્નો ધારણ કરતો હોવાથી, સમાજમાં મોટો અને આદરણીય ગણાય છે. પરંતુ તેના અંદરના રાગ ગયા ન હોવાથી અને વિષયો પ્રત્યે તેની વિરક્તિ થઈ ન હોવાથી, તે અધમ હોય છે. તે મોટો હોવાનો ઢોંગ જારી રાખે છે. પરંતુ અંદરની અશાંતિથી તેનું મન ક્ષુબ્ધ રહે છે. આવી સ્થિતિમાં તે પોતાનું કે બીજાનું કલ્યાણ કેવી રીતે સાધી શકે ? ભક્તિબીજને દઢ કરીને તે તેમાંથી આસક્તિ અને વ્યસન દશાને કેવી રીતે પહોંચી શકે ? તેથી ગૃહાદિકને ભક્તિમાર્ગમાં બાધક સમજીને તેનો ત્યાગ કરવો તે તેને માટે કોઈ પણ રીતે યોગ્ય નથી.

જો તેની ગૃહમાંથી આસક્તિ સાચે જ ગઈ હોય તો ગૃહમાં રહેવા છતાં

તે ગૃહત્યાગ જેવી દશામાં રહી શકે છે. તેની ગૃહાસક્તિ દૂર થઈ હોય તો, ઘરમાં પણ સેવા થાય, સત્સંગ સધાય અને શ્રવણાદિ થાય. પરંતુ જો તેનું મન સ્થિર ન હોય અને તે વિષયાક્રાન્ત હોય તો, વનમાં પણ તેનાથી સેવા ન થાય, સત્સંગ ન સધાય અને શ્રવણાદિ સિદ્ધ ન થાય. એટલા માટે ૧અ ભક્તિમાર્ગની સાધક દશામાં સન્યસ્તનો સ્વીકાર ન કરવો.

ભગવાને કહ્યું છે કે ભક્તિમાર્ગમાં પરિત્યાગ કરવો એ કર્તવ્ય છે. પરંતુ આપણે જોયું કે ભક્તિને સાધન દશામાં તે કર્તવ્ય નથી. તો પછી ભક્તિની અંતિમ દશા (૧બ) માં એટલે કે ભક્તિની સિદ્ધ દશા (વ્યસન દશા) માં તે તેના ફલોપકારી અંગરૂપે કર્તવ્ય છે એ નક્કી થાય છે. તેથી હવે શ્લોક ૭ થી ૧૩ ૧/૨ સુધીમાં - વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે થી લઈને દુર્લભોયં પરિત્યાગઃ પ્રેરણા સિધ્યતિ નાન્યથા સુધીમાં - ૧બ પ્રમાણે એટલે કે ભક્તિમાર્ગની અંતિમ દશામાં નાન્યથા સુધીમાં - ૧બ પ્રમાણે એટલે કે ભક્તિમાર્ગની અંતિમ દશામાં પરિત્યાગ કરવો જ; કર્તવ્ય સમજીને કરવો, એ બાબતનો વિચાર કરવામાં આવ્યો છે.

**સ્વીય-બન્ધ-નિવૃત્ત્યર્થં વેશઃ સોડત્ર ન ચાન્યથા ।।૭।।**
**કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તદ્- ।।**
**ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઈષ્યતે ।।૮।।**
**વિકલત્વં તથા-ડસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।।**
**જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ।।૯।।**
**સત્ય-લોકે સ્થિતિર્ જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ।।**
**ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ।।૧૦।।**
**તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠન્ત્યેવ ન સંશયઃ ।।**
**બહિશ્ ચેત્ પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્ પ્રવિશેદ્ યદિ ।।૧૧।।**
**તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।।**
**ગુણાસ્તુ સંગ-રાહિત્યાદ્ જીવનાર્થં ભવન્તિ હિ ।।૧૨।।**
**ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઈષ્યતે ।।**
**સ્વાસ્થ્ય-વાક્યં ન કર્તવ્યં દયાલુર્ ન વિરુધ્યતે ।।૧૩।।**
**દુર્લભો-ડયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા ।।**

**શ્લોકાર્થ :-** ભગવાન્‌ના વિરહનો અનુભવ કરવાને માટે તો સંન્યાસ લેવો પ્રશંસાપાત્ર છે. ત્રિદંડ, કૌપીન ધારણ આદિ વેષ પોતાના સ્ત્રી-પુત્રાદિ સંબંધીઓથી થતુ બંધન નિવૃત્ત કરવા માટે છે. તેમાં બીજું કાંઈ પ્રયોજન નથી. (૭)

કૌંડિન્ય ઋષિ અને શ્રીગોપીજનો (ક્રમે કરીને મર્યાદા અને પુષ્ટિમાર્ગના ત્યાગના) ગુરુ છે. અને તેમણે કરેલાં સાધન તે જ સાધન છે. ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ તેજ સાધન છે. બીજું સાધન અહીં સ્વીકારાતું નથી. (૮)

વિકલત્વ અને અસ્વસ્થપણું એ વિરહાવસ્થાનો સ્વભાવ છે, પ્રાકૃત નથી. એ પ્રમાણે વિરહયુક્ત પુરુષને સર્વ સ્થળે ભગવાન્ વ્યાપ્ત છે એવું જ્ઞાન અને ભગવાન્‌ના ગુણ બાધ કરનાર થાય છે. (૯)

સંન્યાસથી પ્રબલ થયેલા જ્ઞાનથી, સત્યલોકમાં સ્થિતિ થાય છે. અને જે પુરુષમાં ભાવનારૂપ સાધન છે તેને ફલ પણ તેવું જ થાય છે. (૧૦)

તેવા પ્રબલ જ્ઞાનવાળા સંન્યાસીઓ સત્યલોક વિષે જ રહે છે. એમાં સંશય નથી. ભક્તિમાર્ગમાં તો, જેમ કાષ્ટમાં સર્વત્ર રહેલો અગ્નિ મંથનથી બહાર પ્રકટ થઈને પાછો કાષ્ટમાં પ્રવેશ કરે ત્યારે કાષ્ટ મટીને અગ્નિરૂપ થાય તેવી રીતે સર્વત્ર વ્યાપ્ત આત્મા ભાવના વડે બહાર પ્રકટ થઈને ભીતર પ્રવેશ કરે ત્યારે જ સર્વ બંધ નાશ પામે છે અને બીજા કોઈ પ્રકારે પામતો નથી. પ્રભુનો સંગ નહીં હોવાથી તેવા ભાવવાળાઓનું જીવન ટકાવી રાખવા માટે પ્રભુના ગુણો ઉપયોગી થઈ પડે છે. (૧૧,૧૨)

ભગવાન્ ફલરૂપ છે. તે પ્રાપ્ત થાય તો અહીં ભક્તિમાર્ગમાં બાધારૂપ ગણાતા નથી ભક્તને સ્વસ્થતા થાય તેવું વાકય ભગવાન્‌ને કર્તવ્ય નથી કેમકે ભગવાન્ દયાળુ છે. તે વિરુદ્ધ થતા નથી. આ સંન્યાસ દુર્લભ છે. તે પ્રેમથી સિદ્ધ થાય છે, તે સિવાય સિદ્ધ થતો નથી. (૧૩॥)

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છ, ‘‘વિરહાનુભવ એટલે શું?’’ તેના ત્રણ અર્થ થાય. (૧) વિરહનો અનુભવ, (૨) વિરહ સમયનો અનુભવ અને (૩) વિરહ થાય પછીનો અનુભવ. તેથી એ ત્રણમાંથી કોઈએકને માટે સંન્યાસ લેવો

એમ ફલિતાર્થ થાય છે.

(૧) પહેલો એટલે કે વિરહનો અનુભવ એ અર્થ લઈએ તે સૃષ્ટિની શરૂઆતમાં જીવ ભગવાન્‌થી વિખુટો પડયો ત્યારે જે વિરહ થયો તે જ વિરહ, ભગવદાસક્તિ થવાથી પુનઃ જાગૃત થાય. અને જાગૃત થયેલા એ વિરહનો ક્ષણે ક્ષણે અનુભવ કરવા માટે સંન્યાસ લેવો.

(૨) બીજો એટલે વિરહ સમયનો અનુભવ એ અર્થ લઈએ તો ભક્તિ અને યોગમાયાએ સાથે રહીને 'આસક્તિ ભ્રમ ન્યાય' થી ઉત્પન્ન કરેલો ભગવાન્‌નો જે સાક્ષાત્કાર છે તેને માટે સંન્યાસ લેવો.

(૩) ત્રીજો એટલે વિરહ પછીનો અનુભવ એ અર્થ લઈએ તો તારામાવિરભૂત એ શ્લોકમાં કહેલો જડે સાક્ષાત્કાર રૂપ અનુભવ તેને માટે સંન્યાસ લેવો.

આ રીતે આ ત્રણ પ્રકારના વિરહાનુભવ માટે, એટલે કે એ ત્રણ પ્રકારના અનુભવ સિદ્ધ કરવા માટે સંન્યાસ લેવો તે પ્રસંશા પાત્ર છે. વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે.

ભગવદ્ વિરહ કેવી રીતે થાય છે ? પુષ્ટિમાર્ગીય જીવોની સૃષ્ટિ ભગવદ્ રૂપ સેવાર્થે - ભગવાન્‌ના શ્રીઅંગમાંથી થઈ છે. તે જીવો શુદ્ધ અને મિશ્ર એમ બે પ્રકારના છે :(૧) શુદ્ધ જીવો, પોતાની ઈચ્છાથી, પરોપકારાર્થે, નિત્યલીલામાંથી ભૂતલ ઉપર પધારીને ભગવદ્ વિયોગ પામે છે. (૨) મિશ્ર જીવોને કોઈ વખત અન્યમાં આસક્તિ થવાથી કે અહંકારથી કે તેવા જીવનું મર્યાદામાં સ્થાપન કરવા માટે અથવા શાપાદિકથી ભગવદ્ વિયોગ થાય છે, એવું પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં કહ્યું છે. (૩) સમર્પણ ગદ્યમંત્રમાં કહ્યું છે કે સહસ્ર પરિવત્સર જેટલા કાલથી પ્રભુમાંથી વ્યચ્ચરણ થવાથી, વ્યુચ્ચરિત થયેલા (અલગ પડેલા) તે જીવોને ભગવદ્ વિયોગ થાય છે.

આ ત્રણે પ્રકારના જીવને થયેલ વિયોગનું નિવારણ ભગવાન્ કોઈ પ્રકારની અને ખાસ કરીને તો જીવને અનન્ય ભક્તિ આપીને કરે છે. એ રીતે પ્રભુથી થયેલ વિરહનો અનુભવ કરવા માટે, ભક્તિમાર્ગમાં, અંતિમ દશામાં

સંન્યાસ લેવો એ પ્રસંશાપાત્ર છે એવું શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે.

જો આપશ્રીએ એ પ્રકારે સંન્યાસ લેવો એ પ્રસંશાપાત્ર છે એવું કહ્યું તો વિધિવત સંન્યાસનો વેશ ધારણ કરવો એવું શા માટે ન કહ્યું ? તો કહે છે કે સ્વીય બંધ નિવૃત્યર્થં વેષઃ અર્થાત્ સ્ત્રીય એટલે પોતાનાં સ્ત્રી-બાળકો આદિથી થતો બંધ (બંધન) નિવૃત્ત કરવા માટે જ સંન્યાસીનો વેશ ધારણ કરવાનો છે; વેશ ધારણ કરવાનું બીજું કોઈ પ્રયોજન નથી. એવું બને કે સંન્યાસ લેનાર ભક્તિમાર્ગની અંતિમ દશાએ પહોંચનાર જીવને તો સ્ત્રીયો (પત્ની-પુત્રાદિ) પ્રત્યે આસક્તિ ન જ હોય; પરંતુ સ્ત્રીયોને તેના પ્રત્યે આસક્તિ હોય તો તેની નિવૃત્તિ અર્થે ભક્તિમાર્ગોપયોગી સંન્યાસમાં ત્રિદંડ કૌપિન આદિ ધારણ કરવાં, એટલે કે એવો વેશ રાખવો, એવું કહ્યું છે. જો સ્ત્રીયો (સ્ત્રી-બાળકો) તરફથી એવા કોઈ બંધનો સંભવ ન હોય તો એવા વેશની આવશ્યકતા નથી. તેથી જેને બંધની સંભાવના હોય તેણે એ વેશ રાખવો આવશ્યકતા છે. બીજાને નહિ. આમ, સર્વ સંન્યાસીએ એવો વેશ રાખવો એવો નિયમ ન હોવાથી, તે અત્રે કહ્યો નથી.

અનંતના ઉપાસક એવા કૌંડિન્ય અને શ્રીકૃષ્ણના પ્રેમમાં પાગલ બનેલી ગોપીઓએ, પોતપોતાના ઉપાસ્યને પ્રાપ્ત કરવા માટે સર્વ પરિત્યાગ કર્યો છે. તેથી તે બન્નેને પુષ્ટિમાર્ગના ગુરુ કહેવામાં આવ્યા છે. તેમણે કરેલ સર્વ પરિત્યાગ આ રીતે પ્રસંશા પામ્યો છે.

પરંતુ આવા ત્યાગ કરનારાઓએ કરેલાં વિરહ પછીનાં સાધનો તો ઘણાં છે. તે બધાં સાધનો કરવાં કે કોઈ એક સાધન કરવું એ પ્રશ્ન છે. તો કહેવામાં આવ્યું છે કે તે સર્વ સાધોનના કારણરૂપ મૂળ સાધન તો એક જ છે. તેથી તે મૂલ સાધન જ કરવું, એ જ ઈષ્ટ છે. તે મૂલ સાધન શું છે? તો કહે છે કે તે છે એક ભાવ; ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ, 'ભગવાનમાં અત્યંત રતિ' તેનું નામ ભાવ. શાસ્ત્રમાં કહ્યું છે કે દેવાદિ વિષયક જોડે રતિ થાય તેને ભાવ કહેવાય. એવો એ રતિભાવ અહીં અપેક્ષિત નથી. કારણ કે તે તો વ્યસન સિદ્ધ ભક્તને માટેનો સાધારણ ભાવ છે. પરંતુ અહીં આપણે જે ભાવની વાત કરીએ છીએ તે, ભાવનાથી એટલે નિરંતર પ્રભુનું ચિંતન કરવાથી સિદ્ધ થયેલો ભાવ

છે. તેવો ભાવ હોય તો જ સાક્ષાત્કાર રૂપ ફલ સિદ્ધ કરે છે. કૌડિન્ય સતત અનંતની શોધમાં ભટકયા. તેમણે તેમનું જ ચિંતન કર્યું. તેમનો તે ભાવ એ મૂલ સાધન છે. તેવી જ રીતે ગોપીજનો પણ અદશ્ય થયેલા કૃષ્ણની પાછળ તેની શોધમાં ભટકયાં અને તેમની બધી લીલાઓનું ચિંતન ગોપીગીતમાં કર્યું, તેમનો તે ભાવ; એ ભાવની અપેક્ષા અહીં છે. એવો ભાવ આવે ત્યારે કરેલ પરિત્યાગ પ્રસંશનિય છે.

ભાવનાના પક્ષમાં એવું કહેવામાં આવ્યું છે કે અરણિના કાષ્ટનું પ્રબલ મથન થવાથી જેમ કાષ્ટમાં રહેલ અગ્નિ બહાર પ્રકટ થાય છે તે રીતે પ્રબલ ભાવના થવાથી ભક્તના હૃદયમાં રહેલ પરમાત્મા બહાર પ્રકટ થાય છે. અને પછી, જેમ અગ્નિ કાષ્ટમાં પ્રવેશ કરે છે. તેમ, એ ભગવાન્ ભક્તના હૃદયમાં પુનઃ પ્રવેશ કરે છે. તેમ થતાં બહારનો અને અંદરનો એવા સર્વ બંધનો નાશ થાય છે. બીજી કોઈ રીતે તે નાશ પામતો નથી.

શ્લોક ૧૩ના પ્રથમ ચરણમાં કહ્યું, ‘‘દુર્લભોયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિધ્યતિ નાન્યથા’’ અર્થાત્ (૧બ) ભક્તિમાર્ગની અંતિમ દશા એટલે કે વિરહ દશામાં કરેલો પરિત્યાગ પ્રસંશનીય છે. આ વાત આપણે વધુ વિગતે સમજીએ.

ભક્તિવર્ધિનીમાં પ્રેમ, આસક્તિ અને વ્યસનના રૂપમાં, પ્રભુપ્રેમની ક્રમિક ગતિ બતાવી છે. ભક્તિમાં પહેલાં તો પ્રભુ પ્રત્યે પ્રેમ થાય. પ્રેમમાંથી આસક્તિ અને આસક્તિમાંથી વ્યસન, એમ ઉત્તરોત્તર પ્રેમની આંતરિક દશાનો વિકાસ થાય છે. ભક્તિ જ્યારે વ્યસન દશાએ પહોંચે છે. ત્યારે તેને કોઈપણ વસ્તુની આસક્તિ રહેતી નથી. તેથી તેને કોઈપણ વસ્તુનો ત્યાગ કરવાનો રહેતો નથી. વ્યસન દશાએ પહોંચેલ ભક્તને એકમાત્ર ભગવાનનું જ વ્યસન વળગેલું હોય છે. ભગવાન્ વગર તે ક્ષણભર ન રહી શકે. બીજી કોઈ વસ્તુ પ્રત્યે આસક્તિ હોવાની વાત તો દૂર રહી, તે બીજી કોઈ વસ્તુનો વિચાર પણ કરી શકતો નથી. ઘરબાર, લોકવ્યવહાર, સગાસંબંધી, સંપત્તિ, સંતતિ આ બધી વસ્તુઓ પ્રત્યેની તેની આસક્તિ છુટી જઈને એક માત્ર પ્રભુનું વ્યસન તેને વળગે છે.

એવી વ્યસન દશાએ પહોંચેલ ભક્ત જો ગૃહત્યાગ કરે તો તે પરિપક્વ

દશાએ કરેલ ત્યાગ હોઈ, ઉત્તમ ત્યાગ કહેવાય. એટલા માટે કહ્યું કે વિરહ દશામાં પહોંચ્યા પછી સંન્યસ્ત ગ્રહણ કરવા માટે કહ્યું કે વિરહ દશામાં પહોંચ્યા પછી સંન્યસ્ત ગ્રહણ કરવામાં આવે તો તે પ્રસંશનીય છે.

ભક્તિમાર્ગીય સંન્યાસમાં ભગવાં વસ્ત્ર પહેરીને સંન્યાસનાં ચિહ્નો જેવાં કે કૌપીન આદિ ધારણ કરવાની અનિવાર્ય આવશ્યકતા નથી. હા સ્વીય બંધની નિવૃત્તિ અર્થે જો તે ધારણ કરવાની આવશ્યકતા દેખાય તો તેમ કરવું. પરંતુ વ્યસન દશાએ પહોંચનાર રાજા આશકરણ કે ગજ્જન ધાવન જેવા ભક્તોને સંન્યાસીના વસ્ત્રો ધારણ કરવાનું ભાન પણ હોતું નથી. વ્રજ ગોપીકાઓ તો પ્રેમ સંન્યાસીની જ કહેવાય છે. તેમણે સંન્યાસીઓનો વેશ ધારણ કર્યો હોવાનું જાણવામાં નથી. સ્ત્રીઓથી સંન્યાસી ન બનાય એવું કહીને વાતને ટાળી નાખવાનો પ્રયત્ન કરવો નકામો છે. ગોપીજનોએ સાચા અર્થમાં સં એટલે સમ્યક રીતે ન્યાસ એટલે ત્યાગ કર્યો હતો. તેમણે કહ્યું છે કે ''સન્ત્યજ્ય સર્વ વિષયાન'' એટલે બધા વિષયોનો ત્યાગ કરીને, હે કૃષ્ણ અમે તારી પાસે આવ્યા છીએ. ગૃહસ્થાશ્રમનું પૂર્ણરૂપેન, પાલન કરવા છતાં, તેઓ સંપૂર્ણ ત્યાગી જીવન જીવતી હતી. આધુનિક સમયમાં મીરાં કે નરસિંહે ભગવાં ધારણ કર્યા ન હોવા છતાં તેઓ વાસ્તવિક રીતે ત્યાગી (સંન્યાસી) જ હતા.

ભક્તિમાર્ગમાં વિરહાગ્નિનો ઉદ્‌ભવ થયા એ ભક્ત હૃદયની આંતરિક ઉત્ક્રાંતિની સ્થિતિ છે. આત્મજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) નો ઉદય થાય ત્યારે જ્ઞાનીને અને વિરહાગ્નિનો ઉદય થાય ત્યારે પ્રેમીને, સંન્યાસ લેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પરંતુ આ બન્ને સ્થિતિ મન અને હૃદયના આંતરિક વિકાસની સ્થિતિ છે. તે બાહ્ય વિકાસ (૭૫ વર્ષ કરતાં વધુ આયુષ્ય થાય તે) ની સ્થિતિ નથી. આત્મજ્ઞાન વિનાનું દુન્વયી જ્ઞાન બાહ્ય વિકાસ ગણાય. વિરહાગ્નિ સિવાયનો પ્રેમ બાહ્ય વિકાસ કહેવાય તેવી સ્થિતિમાં સંન્યાસ લેવાનો કોઈ અર્થ નથી.

આ રીતે સંન્યાસ (પરિત્યાગ) માટે, વિરહાગ્નિ પ્રકટ થાય એટલે કે વ્યસન દશા પ્રાપ્ત થાય એ દશા (૧બ) ને જ, માન્ય રાખવામાં આવી છે. એવી વ્યસન દશાના આદર્શ દૃષ્ટાંત રૂપે કૌંડિન્ય મુનિ અને ગોપીજનોને ગણવામાં આવ્યાં છે. શ્રીમહાપ્રભુજીએ તો તેમને પુષ્ટિભક્તોના ગુરુની માન્યતા

આપી છે. ભક્તિમાર્ગ ઉપર ચાલવા માગતા બધા પુષ્ટિ જીવોએ તેમણે અપનાવેલ માર્ગે ચાલવાનું છે અને તેમણે જે સાધનોનો ઉપયોગ કર્યો તે સાધનો (જો તેને સાધનો કહેવાતાં હોય તો) નો ઉપયોગ કરવાનો છે. ગુરુના પગલે ચાલનાર શિષ્યો પ્રભુપદ પામી શકે છે.

કૌંડિન્ય મર્યાદામાર્ગીય હતા. અને ગોપીજનો પુષ્ટિમાર્ગીય હતા. તેમ છતાં બન્નેને પુષ્ટિભક્ત માર્ગનું ગુરુપદ કેવી રીતે સંભવે ? તેનો ખુલાસો ગો.શ્રીગોકુલનાથજી મહારાજે કર્યો છે. અને તે એ રીતે કે - કૌંડિન્ય અને ગોપીજનો એ બન્નેએ એક સરખાં સાધન જેવાં કે નિઃસાધનતા (દીનતા) વિકલતા અને અસ્વસ્થતાનો પ્રયોગ કર્યો છે. તેમની વિકલતા એટલી હદે પહોંચી ગઇ હતી કે તેઓ ‘‘પૂછવાને યોગ્ય નહીં’’ એવાં વૃક્ષો, પશુપક્ષીઓ અને હરણોને પૂછે છે, ‘‘અનંત કયાં?’’ અથવા ‘‘કૃષ્ણ કયાં ?’’ અને આ રીતે વિરહાગ્નિમાં જલતાં છતાં, પ્રેમીને પામવાની જીજીવિષા વડે, તેઓ જીવન ટકાવી રાખે છે. પરંતુ દેહાનુસંધાન તો ગુમાવે જ છે.

કૌંડિન્ય અને ગોપીજનો ત્યાગ (ન્યાસ) ના ગુરુ છે. તેમણે ધ્યેય સિદ્ધિ અર્થે જે સાધનો અપનાવ્યાં (ભાવ) એ જ સાધનો હરએક ત્યાગીએ અપનાવવાનાં છે.

કૌંડિન્ય તથા ગોપીજનોએ વિરહાતુર બનીને અને દેહભાન ભૂલીને વૃક્ષાદિને પ્રભુના સમાચાર પૂછયા. પરંતુ તેમની પાસેથી જવાબ ન મળતાં, તેમણે નિઃસાધનતા અનુભવી વૃક્ષો, હરણો આદિ પ્રભુને ન બતાવી શકયાં. તેથી કૌંડિન્ય તથા ગોપીજનો દીન બની ગયાં; નિઃસાધન બની ગયાં તેમણે દીન બનીને પ્રભુનું શરણ ગ્રહ્યું. ત્યારે તરત જ પ્રભુ પ્રકટ થયા.

આ રીતે ભક્ત માટે નિઃસાધનતા (દીનતા)નો ભાવ એ જ એકમાત્ર સાધન છે. દીનતાપૂર્વ શ્રીહરિની શરણાગતિ સ્વીકારવી એ જ પ્રભુપ્રાપ્તિનું સર્વશ્રેષ્ઠ અને એકમાત્ર સાધન છે.

તેમ છતાં કૌડિન્ય ઋષિ અને ગોપીજનોમાં એક તફાવત છે. ઋષિની ભાવના અક્ષર બ્રહ્મ (અનંત)ને પામવાની હતી. જ્યારે ગોપીજનોની ભાવના

પૂર્ણ પુરુષોત્તમને પામવાની હતી. તે માટે તેમણે અન્ય તમામ સાધનો (જપ, તપ, ધ્યાન, યોગ, કર્મ, જ્ઞાન, આદિ) છોડયા. વિરહ કાતર બનીને તેમણે દીનતા ગ્રહણ કરી. પરિણામે પ્રભુ પોતે તેમને આવી મળ્યા.

કૌંડિન્ય ૠષિની કથા ભવિષ્યેત્તર પુરાણમાં છે. તેમાં શ્રીભગવાન એ કથા મહારાજ યુધિષ્ઠિરને કહી સંભળાવે છે. કૌંડિન્યની પત્નીનું નામ શીલા. શીલાએ અનંતાનો (અક્ષરબ્રહ્મ એવા સારાયે વિશ્વમાં વ્યાપ્ત ભગવાન વિષ્ણુનો) દોરો બાંધ્યો હતો. ૠષિએ ભૂલથી તે દોરો અગ્નિમાં નાખ્યો. તેથી તેઓ બહુ દુઃખી અને દરિદ્રી બન્યા. તેમનાં પત્નીએ તેમને સાચી પરિસ્થિતિ સમજાવી. તેથી વિષ્ણુનું ધ્યાન ધરતા હતા તે અનંતની શોધમાં નીકળી પડયા. નિરાહાર રહીને તેઓ વૃક્ષો, ગાયો અને હરણોને પૂછવા લાગ્યા. તમે અનંતને દીઠા છે ? – પરંતુ તેમના તરફથી કોઈ ઉત્તર ન મળતાં, તેમણે અનંતને જોયા નથી એવું સમજીને તેઓ વિહ્‌વળ બની ગયા. તેમનું દેહાનુસંધાન છૂટી ગયું. બેભાન બની તેઓ ભોંયે પછડાયા. ભાન આવતાં. વિરહાતુર બની, 'હે અનંત, હે અનંત !' એવું બોલતા પાગલની માફક તેઓ અનંતની શોધમાં ભટકવા લાગ્યાં.

આથી અનંતે તેમના ઉપર અનુગ્રહ કર્યો. તેઓ બ્રાહ્મણ વેશે તેમની પાસે પધાર્યા. ૠષિનો હાથ પકડીને, અનંત ભગવાન તેમને પાતાળમાં લઈ ગયા. અને તેમને પોતાની નગરી બતાવી. પછી પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું. ૠષિએ દીનતાપૂર્વક નીચેના બે શ્લોકો વડે અનંતની પ્રાર્થના કરતાં કહ્યું –

**પાપાહં પાપકર્માહં પાપાત્મા પાપસમ્ભવઃ ।**
**ત્રાહિમાં પુણ્ડશીકાક્ષ શરણં મે ભવાચ્યુત ।।**

**અદ્યમે સફલં જન્મ, જીવિતં ચ સુજીવિતમ્ ।**
**યત્તવાંઘ્રી યુગામ્ભોજે મન્મૂર્દ્ધા ભ્રમરાયતે ।।**

**અર્થાત્ :** પાપી છું, પાપ કર્મ કરનાર છું; પાપાત્મા છું અને પાપમાંથી જ મારી ઉત્પત્તિ છે. હે કમલનયન પ્રભુ ! મને તારો; હે અચ્યુત! મને શરણ આપો. આજે મારો જન્મ સફળ થયો છે. મારું જીવન સૌભાગ્યવાળું થયું છે.

જેથી આપના ચરણારવિંદમાં મારું મસ્તક ભ્રમરની માફક લાગી ગયું છે.

અનંત ભગવાને તેમને દારીદ્રય નાશ, સનાતન ધર્મ અને વિષ્ણુલોકની પ્રાપ્તિનું વરદાન આપ્યું.

ગો. શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે કૌંડિન્ય ઋષિ મર્યાદા માર્ગીય ભક્ત હોવાથી તેમને પુષ્ટિમાર્ગીય ભક્તોનું ગુરુપદ ન સંભવે. તેમ છતાં, અનંત ભગવાનના ગુણોના શ્રવણ વડે તેમને પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છાથી, વિપ્રયોગ ભાવ વડે, એક પાગલની માફક, તેમણે વૃક્ષાદિકને પ્રશ્નો પૂછયા, તેથી તેમનો ત્યાગ પુષ્ટિમાર્ગીય ત્યાગ બની ગયો. તેથી તેમને પુષ્ટિમાર્ગીય ભક્તોના ગુરુ ગણવામાં આવ્યા છે.

ગોપીજનો પણ રાસલીલાનો બંસીનાદ સાંભળીને વનમાં દોડી ગઈ. ભગવાને તેમને લઘુરાસ રમાડયો. તેથી ભગવાન પોતાને ભજે છે. (તેમનો અંગીકાર કર્યો છે) એવું સમજીને તેમના મનમાં અહમ્ થયો. તેથી ભગવાન અદશ્ય થયા. ભગવાન્ના વિરહમાં ભાન ભૂલીને તેમણે વૃક્ષાદિને પ્રશ્નો પૂછયા. પ્રત્યુત્તર ન મળતાં દીનભાવે તેમણે રૂદન કર્યું. તેમણે કરેલો ત્યા શુધ્ધ પુષ્ટિમાર્ગીય ત્યાગ છે. અને તે અવશ્ય પ્રશંસાને પાત્ર છે.

કૌંડિન્ય અને ગોપીજનોની વિરહદશામાં બે લક્ષણો છે : (૧) વિકલપણુ અને (૨) અસ્વસ્થતા. વિકલપણુ એટલે પૂછવાને લાયક નહીં એવા વૃક્ષો, હરણો, પશુપક્ષીઓ આદિને પૂછવું તે. અને અસ્વાસ્થ્ય એટલે પોતાની હંમેશની સ્થિતિથી જુદાજ પ્રકારની સ્થિતિમાં રહેવું તે. હૃદયમાં વ્યસન ભાવ જાગે ત્યારે ભક્તને ભગવાનનાં દર્શનની તાલાવેલી લાગે છે. દર્શન ન મળે તો તેનું મન અને હૃદય અશાંત અને ઘેલું બની જાય છે. ઘરના કામકાજમાં તેને રસ પડતો નથી. હજારો વિંછીઓના ડંખની વેદના કરતાં પણ વિરહની વેદના વધુ તીવ્ર હોય છે. તેને તેવી વેદનાનો અનુભવ થાય છે. આવી પરિસ્થિતિ થાય ત્યારે ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો જરૂરી છે. વસ્તુતઃ તન, મન અને હૃદયની એવી અવસ્થાનું નામ જ ભક્તિમાર્ગીય સંન્યાસ.

સાધન દશામાં પ્રભુપ્રાપ્તિના જે સાધકો છે તે સાધનો વ્યસન દશામાં

પ્રભુ પ્રાપ્તિનાં બાધક બને છે. વ્યસન દશામાં વિકલતા અને અસ્વસ્થતાની દશા થાય તે જરૂરી છે. એવી વિકલતાની દશામાં (૧) સર્વાત્મ જ્ઞાન અને (૨) ઈશ્વરના ષડગુણોનું ગાન કે અનુસંધાન (શ્રવણ કીર્તન), વ્યસન દશા પ્રાપ્ત જીવને માટે, બાધક બને છે. સાધક દશામાં એ બન્ને વસ્તુઓની અત્યંત આવશ્યકતા છે. પરંતુ વિરહદશામાં તે જીવના વિરહભાવને નષ્ટ કરવાના કારણરૂપ બને છે. તે કેવી રીતે તે સમજી લઈએ.

સર્વાત્મજ્ઞાન એટલે આ બાહ્ય જગત ભગવાનનું સ્વરૂપ છે અને શ્રીભગવાન પોતે જડ-ચેતન બધામાં બિરાજી રહ્યા છે તેવું જ્ઞાન, આવું જ્ઞાન વિરહી આત્મા માટે બાધારૂપ બને છે. ભગવાન જો સચરાચરમાં સર્વત્ર વ્યાપી રહેલા હોય તો તેનો વિરહ થઈ જ કેમ શકે ? વિરહી ભક્ત પોતાના સ્વામીના સ્વરૂપને જોવા તલસે છે. ગોપીઓને મુકુટ પિતાંબરધારી ભગવાનનાં દર્શન કરવાં હતાં, સચરાચરમાં વ્યાપ્ત ભગવાનનાં નહીં.

એ જ રીતે વિરહી દશાવાળા ભક્તને શ્રવણ કીર્તન વગેરેના વિષયરૂપ ભગવાનના ષડગુણોનું ગાન કરવું તે પણ બાધારૂપ છે. તે તો નિજ સ્વામીથી વિરહ અનુભવે છે. પ્રિયતમના ગુણગાનનું તેને શું પ્રયોજન! વિરહદશાની પૂર્ણતા તે સ્નેહની પૂર્ણતામાં અનુભવે છે. સ્નેહી જીવ પોતાના સ્નેહના પાત્રના ગુણો અને તેની મહત્તાના જ્ઞાનને કારણે તેને સ્નેહ કરતો નથી. તેનું સ્નેહપાત્ર ગુણવાન હોય કે મહત્ત્વનું હોય તેની સાથે તેને કશી લેવા-દેવા નથી. અરે ! તે તેને વફાદાર ન હોય તો પણ તે તેને ચાહશે જ. ગોપીઓ કહે છે. ‘‘બ્યાહો લાખ, ધરો દશ કુબરી; અંતમેં કાન્હ હમારો’’ ગોપીઓનો કાન્હ ગોપીઓને છોડી મથુરા ગયો. ત્યાં ૧૬૦૦૮ રાજકુમારીઓ સાથે પરણ્યો. તો પણ ગોપીઓને માટે તે તેમનો જ રહ્યો. ગોપીઓના તેના પ્રત્યેના પ્રેમમાં સહેજ પણ ઉણપ ન આવી. તેમણે એક જ અવાજે ઉદ્ધવજીને કહ્યું –

**ચેરી હૈ ન ઉધો, કાહે બ્રહ્મ કે બાબાકી હમ ।**
**સુધો કહી દેત, એક કાન્હ કી કમેરી હૈ ।**
**વે તો હૈં હમારે હી, હમારે હી, હમારે હી ।**
**હમ ઉનહી કી, ઉનહી કી, ઉનહીકી હૈં ।।**

વિરહિણી ગોપીજનોને કૃષ્ણનું લાગેલું આ વળગણ તેમને આત્મસમર્પણ કરવા તરફ દોરે છે. કૃષ્ણ વિષેનું સર્વાત્મજ્ઞાન અથવા ષડગુણ ધરાવતા કૃષ્ણ પ્રત્યેનો અહોભાવ તેમને તેમ કરવા તરફ લઈ જતો નથી.

તેથી ઊલટું ગોપીઓએ ઉદ્ધવનું સર્વાત્મ જ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાન ન સ્વીકાર્યું. તેમણે કૃષ્ણની મહત્તા જાણવાની જરૂર ન હતી. કૃષ્ણનું નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સ્વરૂપ તેમને ખપતું ન હતું. તેમને તો તેમની સાથે રમતો, રાસ કરાવતો, નંદનો દુલારો, યશોદાનો પ્યારો અને ગોપીઓના મનને હરનારો એ કૃષ્ણજ જોઈતો હતો. તેથી તેમણે ઉદ્ધવને કહી દીધું.

**તો હમ જાને બાત તિહારી**
**અપનો બ્રહ્મ દિખાવરું ઉધો, મુકુટ પિતાંબર ધારી.**

ભગવાનના ષડગુણનું જ્ઞાન અથવા સર્વાત્મજ્ઞાન થયું હોય એવા જીવને માટે પ્રભુ અંતર્યામિ છે. અને જો તે પ્રેમીના હૃદયમાં (અંતરમાં) જ વસતો હોય તો તેનાથી વિરહ કેવી રીતે સંભવી શકે ? એટલા માટે જ વિરહી જીવ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા માગતો નથી. તે તો પ્રભુના સ્વરૂપને મન ભરી માણવા માગે છે.

વિરહી દશાવાળા માટે ભગવાનના ગુણનું શ્રવણ-કીર્તન પણ બાધક છે. એનું કારણ એ છે કે તે ગુણો ભગવાનના ઐશ્વર્યાદિ દિવ્ય ગુણો હોઈ, તે જીવના અને મનને બોધ કરાવી પ્રભુ પ્રત્યેનો તેનો અહોભાવ વધારનાર છે. પરંતુ વિરહાતુર મન બોધ લેતું નથી. ગોપીજનોને બોધ આપવા આવેલા જ્ઞાની ઉદ્ધવજી ગોપીજનો પાસેથી બોધ લઈને પાછા વળ્યા. તેથી **ગોપીકાઃ પ્રોક્તા ગુરુઃ ।**

પ્રભુનાં ગુણગાન વિરહને શાંત પાડી દે છે. તેથી વિરહમાં ગુણગાન બાધક છે. પ્રભુના ગુણો સમજાય ત્યારે પ્રભુની મહત્તા અને મોટાઈ દેખાય. આપણને એમ થાય કે આપણા કરતાં અનંત ગણી મોટાઈ અને મહત્તા ધરાવતા એવા પૂર્ણ પુરુષોત્તમને આપણા જેવાં ક્ષુદ્ર જીવ કેવી રીતે પામી શકીએ. તેથી તે પ્રયત્ન કરવો નકામો છે.

શ્રવણથી દાસ્ય ભક્તિ સુધીમાં પ્રભુના ગુણાનુવાદ કરવાનું જરૂરી છે. પરંતુ સાખ્ય અને આત્મનિવેદનમાં શુદ્ધ સ્નેહભાવ સિવાય બીજા કશાનો ઉપયોગ નથી. બીજા બધામાંથી સ્નેહ નીકળી જાય અને માત્ર પ્રભુમાં બધા સ્નેહ કેન્દ્રિત થઈ જાય ત્યારે સખ્ય અને આત્મનિવેદન કરી શકાય.

ગોપબાળકોના મનમાં કૃષ્ણ પ્રત્યે તે પૂર્ણ પુરુષોત્તમ હોવાનો ભાવ હોત તો તેમને ગોવર્ધન પર્વત નીચે પોતાની લાકડીઓનો ટેકો ન કર્યો હોત. પરંતુ તેઓ તો કૃષ્ણને પોતાનો બાલસખા ગોવાળીઓ સમજતા હતા. તેથી તેને મદદ કરવાની ભાવનાથી તેમણે તેમ કર્યું હતું.

આમ સખ્ય અને આત્મનિવેદનમાં કેવળ સ્નેહની જરૂર છે. તેમાં જ્ઞાન અને ગુણગાન બાધારૂપ છે. અંતઃકરણમાં જ્યાં સુધી જ્ઞાન અને ગુણોનું ભાન હોય ત્યાં સુધી અન્ય તમામ વસ્તુઓને વિસરાવી દેતો વિરહ એટલે કે વ્યસનાવસ્થા પ્રાપ્ત થતી નથી.

આગળ કહ્યું તે પ્રમાણે (૧-અ) ભક્તિમાર્ગની સાધક દશામાં ત્યાગ ન કરવો. (૧-બ) ભક્તિમાર્ગની અંતિમ દશામાં વિરહનો અનુભવ કરવા માટે ત્યારે કરવો; પરંતુ (૨-અ) અને (૨-બ) જ્ઞાન માર્ગની વિવિદિષા અને વિદ્વદ દશામાં પરિત્યાગ ન જ કરવો. કારણ કે તે સવિઘ્ન છે. અને વિલંબ કરવાવાળો છે. એ સમજાવવા માટે આપશ્રી ૧૪ શ્લોકના બીજા ચરણથી ૧૭મા શ્લોકના પ્રથમ ચરણ સુધીમાં, તે અંગેનો વિચાર કરે છે.

**જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ ।।૧૪।।**
**જ્ઞાનર્થમુત્તરાંગ ચ સિદ્ધિઃ જન્મશતૈઃ પરમ્ ।**
**જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ।।૧૫।।**
**અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાતાપાય નાન્યથા ।**
**પાષણ્ડિત્વં ભવેત્ ચાપિ તસ્માજ્ જ્ઞાને ન સંન્યસેત્।।૧૬।।**
**સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદ્ ઈતિ સ્થિતિઃ ।**

**શ્લોકાર્થ :–** જ્ઞાનમાર્ગમાં તો બન્ને પ્રકારના સંન્યાસનો વિચાર કરેલો છે. એક જ્ઞાનને માટે એટલે કે વિવિદિશામાં અને ઉત્તરાંગ સિદ્ધ થાય એવો

વિદ્વદ સંન્યાસ. પરંતુ સેંકડો જન્મે તેની સિદ્ધિ થાય છે. અને જ્ઞાનને સાધનની અપેક્ષા રહે છે. નિષ્કામ પુરુષો પણ યજ્ઞ કરે છે એમ શ્રુતિમાં કહ્યું છે, તેથી એમ માનવામાં આવે છે, માટે કલિયુગમાં તે સંન્યાસ પશ્ચાતાપ કરાવે છે. અન્ય પ્રકારનો એટલે વિવિદિશા સંન્યાસ પણ ઉપયોગી નથી. અને વળી પાખંડીપણુ પણ થાય; તેથી જ્ઞાનમાર્ગીય સંન્યાસ કરવો નહિ. તેમાં કલિદોષનાં પ્રબલપણાને લીધે તો વિશેષ કરીને ન જ કરવો એવો નિર્ણય છે.

ગો. શ્રીપુરુષોત્તમ મહારાજ કહે છે કે ભગવદ્ જ્ઞાનની પ્રાપ્તિમાં કર્મ, જ્ઞાન, ભક્તિ આદિ સર્વની અપેક્ષા રહે છે. જેમ દૂર દેશમાં જવા માટે ઘોડાનો ઉપયોગ છે. તેમ પુરુષોત્તમના જ્ઞાનની પ્રાપ્તિમાં કર્મ અને જ્ઞાનનો ઉપયોગ છે. પરંતુ ઘોડો માર્ગ કાપવા માટે ઉપયોગી છે. ફલસિદ્ધિ માટે તે ઉપયોગી નથી. તે રીતે કર્મ અને જ્ઞાન આદિ સાધનો આધિભૌતિક અને આધિદૈવિક પ્રતિબંધનો નિવૃત્ત કરવા માટે ઉપયોગી છે. તે સાધનો ફલસિદ્ધિ (પ્રભુપ્રાપ્તિ) કરવા માટેનાં સાધનો નથી.

જ્ઞાન પ્રાપ્તિ કેવલ શમદમાદિકથી થતી નથી. કિંતુ જેવો આશ્રમ હોય તે આશ્રમનાં કર્મો પણ શમદમાદિકની સાથે કરવાં તે અપેક્ષિત છે. તેથી દેશ, કાલ, દ્રવ્ય આદિ સાધન બરોબર ન હોય તો વર્ણાશ્રમનાં કાર્યો બરાબર થતાં નથી. તેમ થતાં શમદમાદિકથી જ્ઞાનનો ઉદય થતો નથી. તે કારણે વિવિદિશા સંન્યાસ (૨-અ) જ્ઞાનપ્રાપ્તિને માટે આ કલિયુગમાં પશ્ચાતાપકારક થઈ પડે છે. એટલું જ નહિ, તે પાછળથી ખેદ કરાવે છે.

તો પછી વિદ્વદ દશા (૨-બ) માં કહેલો સંન્યાસ કરો એવું કોઈ કહે તો, કહે છે કે, બીજા પ્રકારનો એટલે કે વિદ્વદ દશાનો સંન્યાસ કલિયુગમાં તેનાં સાધનોના અસંભવને કારણે કરવા યોગ્ય નથી. તે કરવાથી ખેદ થાય છે એટલું જ પર્યાપ્ત નથી. તે કરવાથી પાખંડીપણું પણ થાય છે. ભિક્ષા વગેરેની શુદ્ધિ હોય નહીં, તેથી તેને પાખંડધર્મીઓનો સંસર્ગ થાય છે. વ્રતભંગનો દોષ પણ થાય છે. મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મ પિતામહે મહારાજ યુધિષ્ઠિરને કહ્યું કે, ‘‘નૈષ્ઠિક ધર્મમાં આરૂઢ થઈને પછી તેમાંથી જે પડે છે તેવા આત્મહાનિ કરનાર (જીવ)ની શુદ્ધિ માટે કોઈપણ પ્રાયશ્ચિત હું જોતો નથી.’’ આ વાક્યમાં

સૂચવેલા પતનનું ગ્રહણ પણ તેને થાય છે. એવું એ પતન સર્વગ્રાહી પત છે.

આથી એટલું સિદ્ધ થયું કે કલિયુગમાં વિવિદિષા-સંન્યાસ ખેદાદિ ઉત્પન્ન કરાવનારો છે. અને વિદ્વદ-સંન્યાસ થવો સંભવ નથી. તેથી જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રમાં કહેલો વિધિપૂર્વકનો સંન્યાસ કરવો નહિ. કારણ કે કલિના દોષ પ્રબલ છે. કલિયુગમાં સંન્યાસનો નિષેધ કરનારા શાસ્ત્રકારો એ જ નિર્ણય કરેલો છે કે ''જ્યાં સુધી વેદ પ્રવર્તે છે ત્યાં સુધી જ સંન્યાસ કરવો.''

આ રીતે (૨-અ) અને (૨-બ) પરિસ્થિતિઓમાં એટલે કે જ્ઞાનની વિવિદિશા અને વિદ્વદ-દશામાં સંન્યાસ લેવો કે નહીં તે બાબતનો વિચાર પણ શ્રીમહાપ્રભુજીએ સંન્યાસનિર્ણય ગ્રંથના ૧૩ાા થી ૧૭ાા શ્લોકોમાં કર્યો છે. આપણે તેને વિગતે સમજી લઈએ.

આશ્રમ જીવનમાં મનુષ્ય જ્યારે સંન્યસ્ત આશ્રમમાં પ્રવેશ માટે યોગ્ય બને ત્યારે (વાનપ્રસ્થનો સમય પૂરો થયા પછી) તેનામાં જ્ઞાનનો ઉદય થઈ જ ગયો એવો કોઈ નિયમ નથી. બધા જ વૃદ્ધ પુરુષો બ્રહ્મજ્ઞાનની દિશામાં આગળ વધી ગયા હોવા જોઈએ એવો પણ કોઇ નિયમ નથી. પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય અને તેનો વિકાસ થઈને તે તેની સર્વોચ્ચ કક્ષા (બ્રહ્મ જ્ઞાનની કક્ષા)એ પહોંચે ત્યારે જ જ્ઞાનીને મોક્ષની પ્રાપ્તિ થાય. એવા મોક્ષને જ્ઞાનમાર્ગીય મોક્ષ કહેવાય. તેથી જીવ આશ્રમ ધર્મનું પાલન કરે અને તેના મનનો ક્રમિક વિકાસ થતાં તે બ્રહ્મજ્ઞાનની સ્થિતિએ પહોંચીને મોક્ષનો અધિકારી બને તે ઈષ્ટ છે. જેમ પ્રેમમાર્ગમાં વિરહાગ્નિનો ઉદય થાય ત્યારે જ ભક્તને સંન્યાસનો અધિકાર પ્રાપ્ત થઈ શકે છે. તેવી જ રીતે જ્ઞાનમાર્ગમાં, બ્રહ્મજ્ઞાનનો ઉદય ન થાય ત્યાં સુધી સંન્યાસ ગ્રહણ કરવાનો કોઈ અર્થ નથી. જ્ઞાનનો ઉદય થાય ત્યારે જ જ્ઞાનીને સંન્યાસનો અધિકાર પ્રાપ્ત થઈ શકે છે. તેથી વિવિદિશા દશામાં એટલે કે જ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે સંન્યસ્ત લેવો નકામો છે. પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ થયેથી તે સંન્યાસ લઈ શકે છે.

પરંતુ જ્ઞાન પ્રાપ્તિ એ તો ક્રમિક ક્રાન્તિની સ્થિતિ છે. જ્ઞાનીની બન્ને દશામાં જ્ઞાનરૂપી ફળ તેને અનેક જન્મોના વિલંબ પછી જ મળે છે. વળી જ્ઞાનીઓ માટે પણ શાસ્ત્રની આજ્ઞા એવી છે કે તેમણે અનાસક્ત ભાવે યજ્ઞાદિ

કર્મો કરતા રહેવું. તેથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પણ કર્મમાં અનાસક્તિ જેવાં સાધનોની અપેક્ષા રહે છે. અને સાધનની અપેક્ષાવાળા જીવે સંન્યાસી બનવું યોગ્ય નથી. સંન્યાસી બનીને યજ્ઞાદિ કર્મો કરે અને તે માટે સાધનો મેળવવાનો પ્રયાસ કરે તો તેનો સંન્યાસ તેને માટે પશ્ચાતાપ કરવાનો સિદ્ધ થાય.

જ્ઞાનીઓ માટે સંન્યાસ એ પ્રભુ પ્રાપ્તિનું સાધન છે. સંન્યાસ ગ્રહણ કરીને તેણે સાંખ્ય અને યોગનું વધુ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. સંન્યાસ એવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન જરૂર બની શકે. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે જો તે કર્મો અને સાધનોની પાછળ પડે તો તેનો સંન્યાસ પશ્ચાતાપ કરાવનારો બની જાય. અને માની લો કે સંન્યસ્ત ધર્મનું પાલન કરતાં કરતાં તે બ્રહ્મજ્ઞાન પામે તો પણ તેને, તેના બ્રહ્મ સ્વરૂપના જ્ઞાન દ્વારા વધુમાં વધુ સત્યલોકની પ્રાપ્તિ થાય; એવા બ્રહ્મજ્ઞાનીને અક્ષરલોકમાં પણ સ્થાન ન મળે તો પછી પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપમાં સ્થિતિ (સ્થાન) કરવાની કલ્પના જ તે કેવી રીતે કરી શકે ?

કૌંડિન્ય ઋષિને પણ તેમના જ્ઞાન દ્વારા સત્યલોક જ મળત. પરંતુ તેમણે અનંત (અક્ષર બ્રહ્મ)ની પ્રાપ્તિ માટે સાધન બળનો ત્યાગ કર્યો, તેમણે જ્ઞાનનો માર્ગ છોડી દીધો. પછી નિઃસાધન બનીને દીનતા ગ્રહણ કરી, અને અનંતની શરણાગતિ સ્વીકારી. તેથી તેમને અનંતની પ્રાપ્તિ થઈ. તેમને તેથી આગળ જવું ન હતું. તેથી તેઓ જે અક્ષર બ્રહ્મને શરણે ગયા તે અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ તેમને થઈ. હકીકતમાં, સત્યલોકથી ઉપર અક્ષર બ્રહ્મમાં સ્થિતિ થાય ત્યારે પણ ગણિતાનંદની જ પ્રાપ્તિ થાય છે. અને જ્યારે તેથી પણ ઉપર પુરુષોત્તમની પ્રાપ્તિ થાય ત્યારે તેને અગણિતાનંદની પ્રાપ્તિ થાય.

આમ જ્ઞાનીઓને તો બ્રહ્મલોક કે સત્યલોકની જ પ્રાપ્તિ થાય. પછી જ્યારે બ્રહ્માજીનો મોક્ષ થાય (મહાપ્રલય વખતે) ત્યારે તેમની સાથે તેવા જ્ઞાનીઓનો પણ આત્યંતિક મોક્ષ થાય છે. જેવી જેની ભાવના તેવું પરલોક સંબંધી ફળ તેને મળે છે. તેથી એવા જ્ઞાનીઓ સત્યલોક, વરૂણલોક કે સ્વર્ગલોકમાં સ્થિર થાય છે.

આમ અનેક જન્મો પછી જે જ્ઞાનની પૂર્ણતા એટલે કે ક્રમિક વિકાસને અંતિમ તબક્કો મળવાનો છે. અને જે જ્ઞાનમાં પણ કર્મ અને સાધનની અપેક્ષા

રહે છે અને જે જ્ઞાન મેળવીને વધુમાં વધુ સત્યલોકથી ઊંચી સ્થિતિએ પહોંચાતું નથી તે જ્ઞાનને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સંન્યાસ ગ્રહણ કરવાની કોઈ જરૂરત નથી એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

આ રીતે ભક્તિમાર્ગની બે અને જ્ઞાનમાર્ગની બે મળી કુલ ચાર પરિસ્થિતિમાં સંન્યસ્ત ગ્રહણ કરવું કે કેમ અને કરવું તો શા માટે અને સંન્યસ્ત ગ્રહણ કરવાનું શું પરિણામ આવે આ બાબતનો વિચાર કરવામાં આવ્યો. હવે માત્ર એક જ બાબત (પ્રશ્ન) અંગે વિચાર કરવાનો બાકી રહે છે.

ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે – ‘‘હવે પ્રેમની પ્રારંભ દશામાં પરિત્યાગનો વિચાર બાકી રહ્યો. તે વિચારવા માટે સંન્યાસ નિર્ણય ગ્રંથના સત્તરમાં શ્લોકના બીજા ચરણમાં શ્રીવલ્લભે પૂછેલો પ્રશ્ન આપશ્રી રજૂ કરે છે.

**ભક્તિમાર્ગેઽપિ ચેદ્ દોષઃ તદા કિં કાર્યમ્ ઉચ્યતે ।।૧૭।।**

**અર્થાત્ :–** જો ભક્તિમાર્ગમાં પણ પરિત્યાગ કરવામાં કલિ વગેરેથી પ્રાપ્ત થતો દોષ આવતો હોય તો શું કરવું ?

આ પ્રશ્નને સમજો. આપશ્રીએ કહ્યું કે માત્ર ભક્તિમાર્ગમાં અને તે પણ તેની અંતિમ દશામાં સંન્યસ્ત ગ્રહણ કરવો; પ્રારંભિક દશામાં નહીં. તો શું પ્રારંભિક દશામાં પરિત્યાગ કરવામાં આવે તો કલિકાલ જનિત કોઈ દોષ અને તેમાં પણ ખાસ કરીને પરિત્યાગ કરનારનો નાશ થવાથી કોઈ સંભાવનાનો દોષ આવે ખરો ?

આ પ્રશ્નનો જવાબ આપશ્રી શ્લોક ૧૮ થી ૨૧ માં આપે છે :

**અત્રારમ્ભે ન નાશઃ સ્યાદ્દૃષ્ટાન્તસ્યાપ્યભાવતઃ ।।**
**સ્વાસ્થ્ય–હેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સમ્ભવેત્।।૧૮।।**
**હરિર્ અત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતો–ઽપરે ! ।।**
**અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્।।૧૯।।**
**જ્ઞાનિનામ્ અપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।।**
**આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ।।૨૦।।**

**તસ્માદ્ ઉક્ત-પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।।**
**અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદ્ ઈતિ મે નિશ્ચિતા મતિઃ ।૨૧।।**

**શ્લોકાર્થ :-** જો ભક્તિમાર્ગમાં પણ પરિત્યાગ કરવામાં કલિ વિગેરેથી પ્રાપ્ત થતો દોષ આવતો હોય તો શું કરવું ? એ પ્રશ્ન છે.

અહીં ભક્તિમાર્ગમાં આરંભ દશામાં પરિત્યાગ કરવામાં નાશ થતો નથી. વળી એવા દૃષ્ટાંતનો પણ અભાવ છે. સ્વસ્થતા લાવનાર જે ભિક્ષા વગેરે કારણો છે તેનો ત્યાગ કરવાથી પછી બાધ (દોષ) શેનાથી સંભવે છે (૧૮)

સર્વ દુઃખહર્તા ભગવાન પણ આ પરિત્યાગમાં બાધ કરી શકતા નથી. તો પછી કાલ વગેરે તો કયાંથી જ કરે ? જો એમ થાય તો (જો ભગવાન બાધ કરે તો) માતાઓ કોઈપણ સ્થળે બાળકોનું સ્તનપાન કરાવીને પોષણ ન કરે. (૧૯)

જ્ઞાનિનામપિ એ માર્કંડેય વાક્યમાં જ્ઞાનિઓને જ માયા કૃત મોહ થાય એવું કહ્યું છે - માયા ભકતને મોહ કરી શકતી નથી. આ ભકતો તો સર્વ પ્રભુને સમર્પણ કર્યું છે. અને તે ભગવાનને પ્રિય છે, તેથી માયા ભકતને મોહ કેવી રીતે કરી શકે (૨૦)

માટે ભગવાને ઉદ્ધવજીને કહ્યા પ્રમાણેનો પરિત્યાગ કરવો. જો એમ ન કરે તો તે, સ્વાર્થ એટલે કે ભગવદ્ વિરહાનુભવ અને ભગવદ્પ્રસાદ ગુમાવી બેસે છે. આવી મારી દૃઢ બુદ્ધિ છે. (૨૧)

સત્તરમાં શ્લોકના બીજા ચરણમાં પૂછાયેલ પ્રશ્નના જવાબમાં આપશ્રી અઢારમાં શ્લોકમાં આજ્ઞા કરે છે કે ‘‘અહીં ભક્તિમાર્ગમાં આરંભ દશામાં પરિત્યાગ કરવામાં આવે તો તે કરનારનો નાશ થતો નથી; વળી એવા દૃષ્ટાંતનો પણ અભાવ છે. એટલે કે કોઈપણ ભકતે ભક્તિના આરંભે સંન્યાસ લીધો હોય અને તેનો નાશ થયો હોય એવું દૃષ્ટાંત ક્યાંય મળતું નથી. તેથી ભક્તિમાર્ગના આરંભની દશામાં સંન્યાસ લેનાર ભકતનો નાશ થાય એવું કોઈપણ અનુમાન સિદ્ધ થતું નથી. અને દૃષ્ટાંત વિના અનુમાન સિદ્ધ ગણાય નહિ.

હવે ભક્તિમાર્ગમાં આરંભ દશામાં પરિત્યાગ કરવાને લીધે અથવા

કષાય અપકવ હોવાને લીધે અથવા સંગદોષને લીધે ભક્તનો નાશ થવાનું અનુમાન કરીએ અને દૃષ્ટાંત આપતા કહીએ કે શ્રવણાદિકની સિદ્ધિને માટે ત્યાગ કરવાનો નાશ થાય છે તો તે અનુમાન અત્રે ઘટતું નથી. કારણ કે નારદજીના પૂર્વ જન્મનું દૃષ્ટાંત જોઈએ તો તેમણે ભક્તિમાર્ગની આરંભ દશામાં ત્યાગ કર્યો હતો. અને તેમના કષાય પક્વ ન હતા. તેમ છતાં તેમનો નાશ થયો નથી. તેથી આરંભ દશામાં ત્યાગ કરવાને લીધે અથવા કષાય અપકવ હોવાને લીધે એ બે હેતુઓ ખોટા છે. અને સંગદોષના સંભવરૂપ ત્રીજો હેતુ પણ સ્વરૂપા સિદ્ધ ખોટો છે આવો શ્રી પુરુષોત્તમજીનો મત છે.

ભગવદ્ધર્મના આરંભમાં પણ ભક્તોનો નાશ થતો નથી. ભગવાને ઉદ્ધવજીને કહ્યું કે, ''હે ઉદ્ધવ ! મારા ધર્મનો ઉપક્રમે (આરંભ) કર્યો હોય તો તે કરનારનો લેશમાત્ર પણ નાશ થતો નથી.'' સ્વયં ભગવાન પણ તેના આવા પરિત્યાગમાં બાધ કરી શકતા નથી. કારણ કે તેણે કરેલ કૃત્ય ભગવદ્ ધર્મ છે એવું પ્રભુ પોતે કબુલ કરે છે. અને ઉદ્ધવજીના શબ્દો એ વાતની સાક્ષી પૂરે છે. ઉદ્ધવજી કહે છે, ''હે અચ્યુત ! આ પૃથ્વીમાં આપના ધર્મને કહેનાર, કરનાર કે રક્ષનાર આપ સિવાય બીજો કોઈ નથી.'' જો આમ હોય તો કાળ વગેરે ભગવદ્ ધર્મના ઉપક્રમમાં (આરંભ) બાધા કેવી રીતે કરી શકે? કાળ અને કર્મ તો ભગવદાધીન છે. તેથી ભગવદ્ધર્મના તેમના દ્વારા બાધ થવાની સંભાવના નથી.

આ દલીલને લૌકિક દૃષ્ટાંત આપીને સમર્થન આપવામાં આવે છે. ભગવદ્ ધર્મના ઉત્પાદક અને સંરક્ષક ભગવાન છે. જો તે પોતે જ તેમાં (ભગવદ્ ધર્મમાં) બાધા કરે તો, બાળકોને ઉત્પન્ન કરનાર માતાઓ પોતાના ઉત્પન્ન થયેલા બાળકોનું સ્તન્યથી (ધવરાવીને) પોષણ કરે છે તે ન કરે. જે ઉત્પન્ન કરનાર અને રક્ષણ કરનાર હોય તે તેનો નાશ કદી ન કરે.

ભલે એ પ્રમાણે હોય. ભગવાન બાધા ન કરે એ વાત સ્વીકારી લીધી પરંતુ 'સર્વને મોહ પમાડનારી માયા' તો પોતાનું મોહ પમાડવાનું કાર્ય કરે કે નહિ ? માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે ''જ્ઞાનિનામપિ ચેતાંસિ દેવી ભગવતી હિ સા । બલાદાત્કૃષ્ટ મોહાય મહામાયા પ્રયચ્છતિ ।।'' અર્થાત્, ઐશ્વર્યાદિ છ ગુણોવાળી માયાદેવી જ્ઞાનીઓના ચિત્તને પણ બલાત્કારથી ખેંચીને તેને મોહ

પમાડે છે. – આ વાક્યથી ભગવાનને પ્રિય એવા જે જ્ઞાનીઓ તેમને પણ માયા મોહિત કરે છે એવું કહ્યું છે. તો શું તે ભક્તિમાર્ગીય પરિત્યાગ કરનાર ભક્તોને મોહ ન કરે ! આ પ્રશ્નના સમાધાનમાં કહ્યું છે કે ઉપર્યુકત વાકયમાં જ્ઞાનીઓને જ માયા દ્વારા મોહ થાય છે એવું કહ્યું છે. ભક્તોને તે મોહ પમાડી શકતી નથી. ગીતાજીમાં કહ્યું છે કે, ''દેવી હંમેશા ગુણમયી, મમ માયા દુરત્યયા । મામેવ મે પ્રપદ્યંતે માયામેતાં તરન્તિ તે ।।'' અર્થાત્ આ દૈવી ગુણમયી મારી માયા દુસ્તર છે. જે જીવ મારે શરણે આવે છે તે જ એ માયાને તરી જાય છે. અને ભક્તિમાર્ગની પ્રારંભિક દશામાં પરિત્યાગ કરનાર ભક્તોએ ભગવાનને શરણે આવેલા હોય છે, તેમાં શંકા નથી. તેથી તેમને માયા વડે મોહ થવો એ અસંભવિત છે.

ભગવાનનો એવો ભક્ત દુષ્ટ બુદ્ધિવાળો હોતો નથી. ભગવાન્‌ને શરણે જઈને તેણે ભગવાન્ વિષે સ્નેહ બાંધેલો હોય છે. વળી તેને ભગવાન્ સિવાય બીજા કશાની આસક્તિ હોતી નથી. એવા ભક્તને માયા કેવી રીતે મોહ પમાડે ? આ પ્રમાણે વિચારતાં એ સિદ્ધ થયું કે આરંભની દશામાં પણ ભક્તિમાર્ગીય ત્યાગ કરવામાં પશ્ચાતાપ રૂપી દોષની સંભાવના નથી.

એટલા માટે ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા કરેલ પ્રકારથી ભક્તિમાર્ગીય પરિત્યાગ કરવો જોઈએ. જો તેને અધિકારનો અભાવ હોય અને તે ત્યાગ ન કરે તો તે (૧) ભગવાનનાં વિરહનો અનુભવ અને (૨) ભગવદ્ પ્રસાદ, એ બન્ને ખોઈ બેસે છે. (પરંતુ તેનો નાશ થતો નથી.) આવો પોતાનો નિશ્ચય કહેતાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે આવા પ્રકારના નિશ્ચયવાળી મારી બુદ્ધિ છે.

ઉદ્ધવજીએ કેવા પ્રકારનો ત્યાગ કર્યો છે. તે તૃતીય સ્કન્ધના ચતુર્થ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. ઉદ્ધવજી કહે છે, ''ભગવાનના વિરહથી આતુર આત્માવાળો હું અહીં આવ્યો છું તે હું, ભગવાન્‌ના દર્શનનો આનંદ અને વિયોગની આર્તિથી યુકત – ભગવાન્‌ને પ્રિય બદરીકાશ્રમમાં જઈશ.'' અને ભગવાને પણ ઉદ્ધવજીને કહ્યું છે કે સ્વજન અને બંધુઓમાં રહેલા સ્નેહને છોડીને, મારામાં મનનો સારી રીતે આવેશ કરીને, સર્વત્ર સમદષ્ટિ રાખીને, પૃથ્વી ઉપર ફર્યા કર.''

આ રીતે પરિત્યાગનો પ્રકાર (ઉદ્ધવજીએ કરેલો પરિત્યાગ) અને તેની કર્તવ્યતાની રીત કહીને પછી શ્રીમહાપ્રભુજી બાવીસમાં શ્લોકમાં ગ્રંથનો ઉપસંહાર કરે છે.

શ્રીમદાચાર્યચરણે ૧૮ થી ૨૧ શ્લોકમાં જે કહ્યું તેનો સાર સમજી લેવાની જરૂર છે. તે આ રીતે સમજવાનો છે :

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બન્ને જુદા પ્રકારના માર્ગ છે. બન્ને મોક્ષ સાધક છે. પરંતુ તેમના દ્વારા સધાતા મોક્ષનું સ્વરૂપ જુદું છે. અને મોક્ષ પામનારના આત્માની ગતિ પણ જુદા પ્રકારની છે. જ્ઞાનની પરાકાષ્ઠા ત્યારે થાય જ્યારે અજ્ઞાનની સંપૂર્ણપણે નિવૃત્તિ થાય. અને જ્ઞાનીના મનને આનંદ થાય. ભક્તિની પરાકાષ્ઠા ત્યારે થાય જ્યારે સ્વરૂપના અજ્ઞાનની નિવૃત્તિ થઈને, ભક્તના મનને રસાનંદની પ્રાપ્તિ થાય. બન્ને આનંદ તો મળે છે. પરંતુ જ્ઞાનીનો આનંદ નકારાત્મક છે. અને ભક્તનો આનંદ હકારાત્મક છે. જ્ઞાનીને અજ્ઞાનના અભાવમાં આનંદ મળે છે; ભક્તને રસાનુભવમાં આનંદ મળે છે.

જ્ઞાન ભક્તિને ઠંડી પાડે છે. જ્ઞાન લાકડામાં રહેલા અગ્નિ જેવું ઠંડું છે. જ્યારે ભક્તિ ભડભડ બળતા લાકડાની જ્વાળા સરખી છે.

લાકડામાં અગ્નિ છે. પરંતુ તે લાકડાંને બાળતો નથી. પરંતુ એ જ અગ્નિ બહાર ઉદ્‌ભવે અને પછી લાકડામાં પ્રવેશે તો લાકડું બળે છે. એ જ રીતે પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન જીવના અંતરમાં રહેલું છે પરંતુ તે બહાર પ્રકટ થતું નથી. પરંતુ ભગવદ્ ભક્તિ ભક્તનાં અંતરના પ્રેમરૂપે રહે છે. પછી તે બહાર પ્રકટ થઈને (સ્વરૂપથી ઉગ્ર થઈને) એટલે કે આસક્તિ અને વ્યસનરૂપ બનીને, ભક્તના હૃદયમાં તે પુનઃ પ્રવેશે છે. અને તેના હૃદયને ભડકે બાળે છે. તેમ થતાં ભક્તનો વિરહાગ્નિ તેના હૃદયને પ્રજાળે છે. પરંતુ વિરહાગ્નિથી બળતો હોવા છતાં તે ભક્ત પોતાનું જીવન ટકાવી રાખે છે.

સામાન્ય લોકજીવનમાં મનુષ્ય વિરહને કારણે પ્રાણ ત્યાગ કરે છે; જ્યારે નિજ હૃદયમાં વિરહાગ્નિ ભડભડાટ બળતો હોવા છતાં, ભકત પોતાનું જીવન ટકાવી રાખે છે. ગોપીજનોનું જીવન જે રીતે ટકી રહ્યું હતું તે રીતે તેનું

જીવન પણ ટકી રહે છે; તેનો પ્રાણ જતો રહેતો નથી. કારણ કે વિરહાગ્નિમાં બળતો હોવાં છતાં, ભક્ત પોતાના સ્નેહભાજનને પ્રાપ્ત કરવા આતુર રહે છે. તે પોતાના જીવનકાળ દરમ્યાન જ તેને પ્રાપ્ત કરવા ચાહે છે. તેથી તેને પ્રાપ્ત કરી શકે ત્યાં સુધી તેની જીવવાની આશા બની રહે છે. તે જીવિત દશામાં જ પ્રભુનાં દર્શન કરવા માગે છે. અને નિજ સ્વામીના મિલન માટે વિરહાતુર બનીને રહે છે.

આવી સ્થિતિમાં પોતાનું જીવન ટકાવી રાખવા માટે પ્રભુનાં ગુણગાન (વિરહી જીવના પ્રેમોન્માદી ઉદ્ગારો) તેને માટે દવારૂપ બને છે. અહીં પ્રભુનાં ગુણગાન એટલે પ્રભુના ષડગુણોનું ગાન નહીં, અહીં જે ગુણોનું ગાન કરવાનું છે તે સખાપણાના અથવા સ્વામીપણાના ગુણો છે. વિરહી જીવ વિરહ કાતર બનીને આ પ્રમાણે બોલે છે, ‘‘હે નાથ, હે કૃષ્ણ, હે સ્વામી તું મને ક્યારે મળીશ ? તું જ મારો સ્વામી છે; તું જ મારો પ્રાણાધાર છે. તારા વગર તારો આ સેવક કેવી રીતે રહી શકે?’’ વિગેરે.

પ્રેમોન્માદી ઉદ્ગારો તે શું છે તે જાણવા માટે શ્રીમદ્ પ્રભુચરણની વિજ્ઞપ્તિઓ વાંચવાની જરૂર છે. પ્રેમોદ્ગાર નમુના રૂપે એકાદ બે ઉદ્ગારો દૃષ્ટાંત રૂપે આપું છું :-

(૧) **નાથ ! ઉચિત નવ આતો; આપ છતે આપની જ આ દાસી**
**આપ વિરહ પીડાથી પીડાતી સર્વદા રહે ભારી. (વિ.૫)**

(૨) **જેવી તેવી આપ ચરણની દાસી છું હું નાથ.**
**કોઈ રીતથી શ્રીમુખ મુજને દેખાડો, વ્રજનાથ. (વિ.૬)**

(૩) **તમારી છું, તમારી છું, તમારી છું વ્રજાધિપ**
**જેવાં અમે તેવાં; તમો અમને તજશો નહીં. (વિ.૭)**

શ્રીગોપીજનોએ ઉદ્ધવ સમક્ષ પ્રકટ કરેલ પ્રેમોન્માદી ઉદ્ગારો પણ સાંભળી લો :-

**ચેરી હૈં ન ઉધો, કાહે બ્રહ્મકે બાબાકી હમ,**

**સુધો કહી દેત, એક કાન્હકી કમેરી હૈં ।**
**વે તો હૈ હમારે હી, હમારે હી, હમારે હી,**
**હમ ઉનહીકી, ઉનહીકી, ઉનહીકી હૈં ।।**

આવા પ્રેમોદગારો દ્વારા વિરહી જીવનું જીવન ટકી રહે છે. અને વિરહના તીવ્ર અગ્નિમાં બળતી હોવા છતાં, તેને એમ લાગે છે કે તેનું જીવન આરામથી પસાર થાય છે. કેવી રીતે ?

**ઉસકી તમન્ના, ઉસકી યાદ, ઉસકા ગમ,**
**કટ રહી હૈ જીંદગી આરામ સે.**

આ રીતનું તેનું રટણ સદા ચાલું રહે છે. પોતાના પ્રિયતમ (સ્નેહ ભાજન)ની તમન્ના, તેની યાદ, તેનો પ્રેમ તેના જીવનને, વિરહાગ્નિમાં બળતું હોવા છતાં, આરામથી (પ્રેમીનો આરામ; લૌકિક જીવનો આરામ નહીં) ચલાવે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વિરહભાવ વાળા જીવને સંગ રહિતપણુ હોય છે. તેથી જ સ્વામી અને સખાપણાના ગુણોનું સ્મરણ તેના વિરહી જીવનને માટે ઔષધીરૂપ બને છે.

વિરહભાવવાળાને અન્યનો સંગ કદી ન થાય. પોતાના સ્વામીનું સતત કરવામાં આવતું સ્મરણ તેને અન્યનો સંગ કરવા માટે અવકાશ આપતું નથી. તેનામાં વિકલતા અને અસ્વાસ્થ્યપણું હોય છે. એવા માણસને લોકો ગાંડો કે ઘેલો ગણી કાઢે છે. તેવાનો સંગ કોણ કરે ? કોઈ નહીં. અને એવો વિરહી પોતે પણ પોતાના સ્વામી સિવાય બીજા કોઈનો સંગ કરવા તૈયાર હોતો નથી. પરિણામે મારા ગુરુદેવ, તેને માટે સંગરહિતપણુ કહી બતાવ્યું છે.

આવા વિકલ અને અસ્વસ્થ ભકતને, ભક્તિના પરમ ફળ રૂપ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થવામાં સાક્ષાત ભગવાન પણ બાધારૂપ થઈ શકતા નથી. ભગવાન એવા વિરહીને સ્વાસ્થ્ય આપતા નથી. કારણ કે સ્વાસ્થ્ય વિરહી ભકતને માટે નુકશાનકારક છે. અસ્વાસ્થ્ય વિરહી જીવનો ગુણ કહો તો ગુણ અને સાધન કહો તો સાધન છે. તેનું તે સાધન છીનવી લઈને તેને સ્વાસ્થ્ય

આપવું તેનો અર્થ વિરહી જીવને સ્વરૂપાનંદની પ્રાપ્તિમાં બાધારૂપ બનવું તે છે. પ્રભુ તો પરમ દયાળું છે. તેથી તે એવું કદી ન કરે. વિરહીના વિરહની દશારૂપ તેની અસ્વસ્થતાને તે કદી દૂર કરતો નથી.

જેમ માતા બાળકને સ્તનપાન ન કરાવે તેવું કદી બનતું નથી. પશ્ચિમની સંસ્કૃતિના રંગે રંગાયેલી કેટલીક સ્ત્રીઓ એવું કરે છે. પરંતુ તેમને અપવાદ રૂપ ગણવાની જરૂર નથી. હું તેમને માતા તરીકે ગણવા તૈયાર નથી. સ્તનપાનથી બાળકને સાચું પોષણ મળે છે. તેથી માતા પોતાના બાળકને સ્તનપાન અવશ્ય કરાવે છે. એવી રીતે ભગવાન્ પોતે, નિજ ભક્તના પ્રેમને પુષ્ટ કરવા માટે તેના વિરહને વધુ પુષ્ટ (તીવ્ર) બનાવે છે. તેઓ તેના વિરહમાં બાધારૂપ બનતા નથી.

આવા ભક્તિમાર્ગીય ત્યાગ (વિરહાવસ્થતામાં ભક્તે કરેલો પરિત્યાગ) બહુ દુર્લભ છે. તે દાન, જપ, તપ, વ્રત આદિથી સિદ્ધ થતો નથી. એતો જ્યારે પ્રભુ તેના ઉપર કૃપા કરે ત્યારે જ સિદ્ધ થાય છે.

જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવા બાબતના શ્રીમદાચાર્યચરણના વિચારો આ પહેલાં આપણે જાણી લીધા છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છેઃ-

જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ન લેવો. સંન્યાસ લીધા પછી પણ તેમાં યજ્ઞ-યાગાદિ કર્મો રૂપી સાધનોની આવશ્યકતા રહેતી હોવાથી તે સિદ્ધ થતો નથી. વધારામાં તે અહમ્‌ને પ્રેરીને તેને પાખંડી બનાવે છે. ભગવાને ગીતામાં કહ્યું છે, **''બહુનાં જન્મનામંતે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ''** અર્થાત્ અનેક જન્મોને અંતે જ્ઞાનવાન મને પામે છે. તેથી શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે બ્રહ્મજ્ઞાનના સાક્ષાત્કાર રૂપ જ્ઞાન પણ સાધનની જરૂરતવાળું માનવામાં આવેલું છે. આથી કલિયુગમાં વિવિદિશામાં સંન્યાસ લીધા પછી તે પશ્ચાતાપને ઉત્પન્ન કરે છે. અને વિદ્વદ દશાનો સંન્યાસ પણ પૂર્ણતઃ સિદ્ધ થતો નથી. એવો સંન્યાસ સંન્યાસીને પાખંડી બનાવી દે છે.

ભગવાન્‌ની માયા જ્ઞાનીઓને મોહ પમાડે છે, ભક્તોને નહીં. કારણ કે માયા ભગવાન્‌ની દાસી છે. તેથી તે ભગવાનના જે છે એવા ભક્તોને મોહ ન

પમાડે. જ્ઞાનીઓ માયામાં ડૂબે છે. જ્યારે ભક્તો તેમાં જલકમલવત્ રહે છે. ભગવાનને પ્રિય ભક્તોને ભગવાન્‌ની માયા સ્પર્શ કરી શકતી નથી.

આ રીતે સમગ્ર વિચારના નિષ્કર્ષ રૂપ એવું કહી શકાય કે ભક્તોએ ભાગવતમાં વર્ણવેલ એક જ પ્રકારનો પરિત્યાગ કરવો ઘટે અને તે છે ભગવાને ઉદ્ધવજીને બતાવ્યા પ્રમાણેનો ભક્તિમાર્ગીય પરિત્યાગ.

આ રીતે પરિત્યાગનો પ્રકાર અને તેની કર્તવ્યતાનો પ્રકાર કહીને પછી શ્રીમદાચાર્યચરણ ઉપસંહાર કરતાં આજ્ઞા કરે છે :-

**ઈતિ કૃષ્ણ-પ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।।**
**સંન્યાસ-વરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ ।।૨૨।।**

**અર્થાત્ :-** પૂર્વોક્ત પ્રકારે સંન્યાસનો વિચાર કર્યો. તેથી કૃષ્ણ પ્રસાદ (કૃષ્ણની પ્રસન્નતા) પ્રાપ્ત થયો. તેથી પ્રભુને પ્રિય વલ્લભાચાર્ય ભક્તિમાર્ગમાં સંન્યાસના અંગીકારનો નિશ્ચય કર્યો. એ પ્રમાણે પ્રભુ આજ્ઞા વગર સંન્યાસનો અંગીકાર કરે તો તે પતિત થાય.

શ્રીપુરુષોત્તમજી મહારાજ આ શ્લોકમાં કોઈ નવો જ ભાવ જુએ છે. આપશ્રી આજ્ઞા કરે છે, ''સર્વે પ્રાચીન મહાનુભાવીઓ આ પ્રમાણે કહે છે. પરંતુ મને બીજું કાંઈ જણાય છે. ગ્રંથના ઉપક્રમમાં પરિત્યાગો વિચાર્યતે એવું કહ્યું છે અને છેલ્લા શ્લોકમાં પરિત્યાગો વિધિયતામ્ એટલે સંન્યાસ ગ્રહણ કરવો એમ કહ્યું. તેથી ત્યાં જ ઉપસંહાર થઈ જાય છે. તેથી **ઈતિ કૃષ્ણપ્રસાદેન** - એ શ્લોકથી કાંઈક વિશેષનું સૂચન થાય છે. તે આ પ્રમાણે - આચાર્યશ્રીને આગળ સ્ફૂરતા વિચારથી દેહ, દેશ પરિત્યાગની બે ભગવદાજ્ઞાનું પાલન ન કરવાના અભિગમથી ખેદ થયો. તેથી જ્યારે લોક પરિત્યાગ વિષયની ત્રીજી આજ્ઞા થઈ ત્યારે તેનો વિચાર આપશ્રીએ આ ગ્રંથમાં કહ્યા પ્રમાણે કર્યો. તેથી ભગવાન્ તેમના ઉપર વિશેષ પ્રસન્ન થયા. અને લોક પરિત્યાગ એટલે સંન્યાસ એમ આચાર્યજીના હૃદયમાં સ્ફુરણ કર્યું એવું આ શ્લોકમાં જણાવ્યું છે.

ઈતિ એટલે પૂર્વોક્ત પ્રકારે પ્રરિત્યાગનો વિચાર કર્યો ત્યારે જે પ્રથમથી વિલક્ષણ કૃષ્ણપ્રસાદ (પ્રસન્નતા) થયો તેથી ભગવાન પ્રિય, મેં (શ્રીવલ્લભે),

ભક્તિમાર્ગમાં ઉદ્ધવની માફક સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો છે. જો એ પ્રમાણે આજ્ઞા વગર સંન્યાસ ગ્રહણ કરે તો પતિત થવાય. ભક્તિમાર્ગીય ધર્મો અને સંન્યાસીના ધર્મો એકબીજાથી વિરુદ્ધ હોવાથી ભક્તિમાર્ગમાંથી પડી જવાય.

શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે, ''ભગવાને સંન્યાસની સ્ફૂરણા કરવાથી જ આચાર્યશ્રીએ ત્રિદંડ સંન્યાસ ધારણ કર્યો છે. પત્ની વગેરેએ આજ્ઞા નહીં આપવાથી, આપશ્રીએ પોતાની પર્ણશાલાનું જ્વલન દર્શાવ્યું. એટલે ત્યાં દોડી આવેલા મહાલક્ષ્મીજીએ તેમને નીકળો, જલદી નીકળો એવું કહેતાં જ તેઓ કમંડલ અને કૌપીન લઈને નીકળી પડયા. તેથી અગ્નિ શાંત થયો. યથાવિધિ સંન્યાસ ગ્રહણ કરી અડેલથી કાશી પધાર્યા. એક માસ અનશનવ્રત અને આઠ દિવસ મૌન વ્રત કર્યું. તેથી દેહ અને દેશ ત્યાગની પ્રથમ બે આજ્ઞા પાક્ષિક દોષના પરિહારથી સિદ્ધ થતાં, દેશ-દેહ ત્યાગ પણ એ રીતે કર્યો. પછી અષાઢ શુકલ દ્વિતીયાને દિવસે સિદ્ધિને પ્રાપ્ત થયા એમ પ્રાચીનો (તેમની પૂર્વના ટીકાકારો) ના વાકયથી જણાય છે. આ રીતે પરિત્યાગનું સ્વરૂપ સમજાવીને આપશ્રી (શ્રીવલ્લભ) વિરામ પામે છે.

**– જયશ્રીકૃષ્ણ**

# ૧૫. નિરોધલક્ષણમ્

યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે ।।
ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ ક્વચિત્ ।।૧।।
ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।
યત્ સુખં સમભૂત્ તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ[૨] ।।૨।।
ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા ।।
વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ।।૩।।
મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।।
તાવદ્ આનન્દ-સન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ।।૪।।
મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા ।।
ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ-ભોજન-રૂક્ષવત્ ।।૫।।
ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે ।।
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ।।૬।।
ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।।
તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।૭।।
સર્વાનન્દ-મયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ ।।
હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ।।૮।।
તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।।
સદાનન્દ-પરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ ।।૯।।
અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ।।
નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ।।૧૦।।
હરિણા યે વિનિર્મુક્તાસ્ તે મગ્ના ભવસાગરે ।।
યે નિરુદ્ધાસ્ તએવાત્ર મોદમ્ આયાન્ત્યહર્નિશમ્ ।૧૧।।
સંસારાવેશ-દુષ્ટાનામ્ ઇન્દ્રિયાણાં હિતાય વૈ ।।
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ।।૧૨।।
ગુણેષ્વાવિષ્ટ-ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ।।
સંસાર-વિરહ-ક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્ ।।૧૩।।

તદા ભવેદ્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા ||
બાધ-શંકાપિ નાસ્ત્યત્ર તદધ્યાસોઽપિ સિધ્યતિ ||૧૪||
ભગવદ્-ધર્મ-સામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ ||
ગુણૈર્ હરિસુખસ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્ ||૧૫||
એવં જ્ઞાત્વા જ્ઞાન-માર્ગાદ્ ઉત્કર્ષો ગુણ-વર્ણને ||
અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ||૧૬||
હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદ્ અપિ તત્ર હિ ||
દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિ-ગતી સદા ||૧૭||
શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ||
પાયોર્ મલાંશ-ત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ||૧૮||
યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ||
તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ||૧૯||
નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ||
નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્ પરમ્ ||૨૦||

|| ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યચરણપ્રકટિતં નિરોધલક્ષણમ્ સમાપ્તમ્ ||

***

દશદિગંત વિજયી ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે ષોડશગ્રંથાઃ એ સોળ પ્રકરણ ગ્રંથોનો સમુહ છે. તેમાં નિરોધ લક્ષણ ગ્રંથ એકમાત્ર એવો ગ્રંથ છે જેમાં ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા (ગ્રંથ રચનાનું કારણ) કરવામાં આવી નથી, કોઈપણ ગ્રંથની રચના કરવામાં આવે ત્યારે તે ગ્રંથ, ''કોઈપણ કારણને લીધે કર્યો'' એવું તો આપણે માનવું જ પડે. તેથી આપશ્રી એવું વિધાન કરે છે કે નિરોધલક્ષણ ગ્રંથ(૧) સંન્યાસ નિર્ણય (૨) ભક્તિવર્ધિની અને (૩) સેવાફલ વિવરણ એમ ત્રણ ગ્રંથના અંગરૂપ છે એમ માનવું. એ ત્રણે ગ્રંથેથી કશુંક વિશેષ સમજવાનું બાકી રહે છે. અને તેની વિશેષ સમજૂતી નિરોધલક્ષણમાંથી મળી રહે છે એમ સમજવું. એ ત્રણે ગ્રંથોમાં જે આકાંક્ષાઓ (આશંસાઓ) છે તે આ ગ્રંથપૂરી કરે છે. તેથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું વધારે છે. એટલા માટે તો આ ગ્રંથના અંતે કહેવામાં આવ્યું છે કે -

**નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ।।**
**નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્ પરમ્ ।।**

**અર્થાત્,** નિરોધ કરતાં વધુ ઉત્તમ કોઈ મંત્ર નથી; કોઈ સ્તુતિ નથી; કોઈ વિદ્યા નથી કે નથી કોઈ તીર્થ. સાચે જ ષોડશ ગ્રંથોમાં આ ગ્રંથનું સ્થાન લઈ શકે તેવો બીજો કોઈ ગ્રંથનથી.

નિરોધલક્ષણ ગ્રંથને ષોડશમાંના ત્રણ ગ્રંથોના અંગરૂપ ગણાવ્યો. તેને એ ત્રણે ગ્રંથોમાં રહેલી આકાંક્ષાઓના પૂરક તરીકે ગણાવ્યો. એવું શા માટે તે સમજવું જરૂરી છે.

સંન્યાસ નિર્ણય ગ્રંથમાં ત્રણ વિધાનો કર્યા – (૧) પ્રભુના વિરહના અનુભવને માટે, ભક્તિમાર્ગીય ત્યાગ, કર્તવ્ય છે. (૨) ભક્તિમાર્ગીય ત્યાગ કેવલ પ્રેમથી (પ્રેરણા) સિદ્ધ થાય છે. અને એ પ્રેમની પ્રાપ્તિનું સાધન ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ છે. (૩) ભાવ ભાવનાથી ભકતને વિલક્ષણ અધિકારી પ્રાપ્ત થાય છે. પછી પ્રભુના ગુણગાન જ તેના વિરહમાં તેનું જીવન ટકાવી રાખે છે.

આ ત્રણ વિધાનો ઉપરથી ભકતને બે આકાંક્ષા (જાણવાની વૃત્તિ) થાય છે (૧) કેવા અધિકારીને કેવી ભાવનાથી ઉત્પન્ન થયેલો કેવો ભાવ, સાધન રૂપે ઉપયોગી થઈ પડે છે. અને (૨) પ્રભુના ગુણોને પણ ત્યાં બાધક કહેલા હોવા છતાં, કેવા અધિકારમાં કેવા પ્રકારના ગુણો કેવી રીતે જીવન ટકાવી રાખવામાં સાધનરૂપ થઈ પડે છે ?

તેનો જવાબ આ છે – ત્યાગપૂર્વક શ્રવણથી ઉત્પન્ન થતી ભાવનાથી, ભકતે પોતપોતાના અધિકાર પ્રમાણે, ભક્તિની વૃદ્ધિ રૂપ, આ ગ્રંથમાં કહેલો નિરોધ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.

ભક્તિવર્ધિની ગ્રંથમાં બે વિધાનો કર્યા છે. (૧) જે ભકતની ભક્તિનો બીજ ભાવ દઢ થયો હોય એવા ભકતે (વ્યસની ભકતે) જ ભકિતની સ્થિરતા માટે ગૃહ ત્યાગ કરીને, શ્રવણકીર્તન રૂપ સાધનો કરવાં, (૨) જેનો બીજ ભાવ દઢ ન થયો હોય તેણે ઘરમાં રહીને પૂજા (સેવા) શ્રવણ દ્વારા પ્રભુનું ભજન

કરવું.

અહીં બે આકાંક્ષા થાય છે (૧) ભક્તિ-વૃદ્ધિનું સ્વરૂપ શું ? અને (૨) ભક્તિની વૃદ્ધિ થઈ છે એમ કેમ માલુમ પડે !

તેનો જવાબ પણ એ જ છે. નિરોધ એ ભક્તિ વૃદ્ધિનું સ્વરૂપ છે. અને નિરોધની પ્રાપ્તિ થતાં, ભક્તિની વૃદ્ધિ થઈ ગઈ એમ માલુમ પડે.

સેવાફલ વિવરણમાં એક વિધાન કર્યું છે. ''આદ્યફલ (અલૌકિક સામર્થ્ય) પ્રાપ્ત ન થાય તો સેવા આધિદૈવિકી થઈ શકતી નથી.''

અહીં એ આકાંક્ષા છે કે સેવા આધિદૈવિકી કેમ થાય ? તેનો જવાબ પણ એ જ છે. નિરોધ પ્રાપ્તિ થતાં નિરૂદ્ધ ભકતે કરેલી સેવા આધિદૈવિકી બની જાય છે.

તે ઉપરાંત સ્વયં નિરોધ લક્ષણ ગ્રંથના પહેલા બે શ્લોકમાં શ્રીયશોદા, નંદ ગોપીજનો આદિને થયેલ દુઃખ અને સુખ આદિનું વર્ણન કરીને, તે પોતાને કેવી રીતે પ્રાપ્ત થાય એવી આકાંક્ષા છે. તેનો જવાબ પણ એ જ ગ્રંથમાં પ્રયોજેલ દયાલુત્વ શબ્દ દ્વારા મળી જાય છે. પ્રભુ દયાળુ છે. એવું દુઃખ અને સુખ આપવા માટે કે ભકતોનો નિરોધ કરાવી આપે છે.

આ રીતે નિરોધ લક્ષણ ગ્રંથ ઉપર્યુકત બધા ગ્રંથોમાં પ્રમેય (પ્રમેય એટલે ગ્રંથમાં પ્રતિપાદિત કરેલ વિષય) નું વિશેષ જ્ઞાન કરાવે છે. એટલા માટે જ આ ગ્રંથએ બધા ગ્રંથોના શેષભૂત છે એમ નિશ્ચય થાય છે. તેથી એવું કહેવામાં વાંધો નથી કે નિરોધ લક્ષણ ગ્રંથનું 'સન્યાસ નિર્ણય', ભક્તિવર્ધિની અને સેવાફલ વિવરણના શેષરૂપે વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. અર્થાત, આ છે નિરોધ લક્ષણ ગ્રંથની રચનાનું પ્રયોજન.

અલબત્ત, સ્વમાર્ગીય કિંવદંતી અનુસાર એવું જાણવા મળે છે કે પાટણ પાસે આવેલ મણુંદ ગામમાં રાજા દુબે અને માધો દુબે નામના બે સાંચોરા બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. શ્રીમદાચાર્યચરણ દ્વારિકા પધાર્યા ત્યારે તેમનાં દર્શન કરીને બન્ને ભાઈઓ કૃતાર્થ થયા. તેઓ આપશ્રીને શરણે આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, ''ચિત્તવૃત્તિઓનો નિરોધ કરીને ભગવદ્

સેવા કરો.'' ત્યારે તે બન્ને ભાઈઓએ નમ્રતાપૂર્વક વિનંતી કરી, ''મહારાજ, કૃપા કરીને આપ અમને નિરોધનું લક્ષણ સમજાવો. અને અમને નિરોધનું દાન કરો.'' ત્યારે આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના સાર રૂપ નિરોધ લક્ષણ ગ્રંથરચીને તે ગ્રંથબન્ને ભાઈઓને ભણાવ્યો. આ રીતે આપશ્રીની કૃપાથી બન્ને ભાઈઓને તત્ક્ષણ નિરોધ સિદ્ધ થયો.

વળી નિરોધ લક્ષણ ગ્રંથના દશમા શ્લોકમાં આપશ્રીએ આજ્ઞા કરી છે કે પોતે જે ભકતોને આત્મનિવેદન કરાવ્યું છે તેઓના નિરોધને માટે એટલે કે તેમની લૌકિકમાં થયેલી આસક્તિને ભૂલાવીને તેમની પ્રભુમાં આસક્તિ સિદ્ધ કરાવી આપવા સારું પોતે (કે જે નિરુદ્ધ છે તે) ભકતોના નિરોધ માટે, નિરોધનું વર્ણન કરે છે.

આ રીતે આપણે નિરોધ લક્ષણ ગ્રંથની રચના માટેના પ્રયોજનનો વિચાર કર્યો. હવે એ ગ્રંથમાટેની પૂર્વ ભૂમિકાનો વિચાર કરીશું.

શ્રીમદ્ ભાગવત પુષ્ટિ સ્વામી શ્રીનાથજીનું વાઙ્ગમય સ્વરૂપ છે. અને તેનો નિરોધ લક્ષણ ગ્રંથશ્રીમદ્ વલ્લભનું હૃદય છે. શ્રીવલ્લભ આજ્ઞા કરે છે –

**અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ।।**
**નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ।।૧૦।।**

**અર્થાત્ :** મારી ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવીને હું ભગવદાસકત બન્યો છું. અને એ રીતે હું સંપૂર્ણ નિરોધને પામ્યો છું. તેથી તો અહંતા મમતામય આ સંસારમાં આસકત એવા પુષ્ટિ ભકતોને ભગવદ આસક્તિ રૂપી નિરોધ પ્રાપ્ત કરાવી આપવા માટે હું તેમને નિરોધનું સ્વરૂપ સમજાવું છું.

નિરોધ લક્ષણ ગ્રંથબહુ મહત્વનો ગ્રંથછે. તેના અંતિમ શ્લોકમાં આચાર્યશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ પ્રકારના સંપૂર્ણ નિરોધ કરતાં ઉત્તમ બીજો કોઈ મંત્ર નથી. તેથી ઉત્તમ બીજું કોઈ સ્તોત્ર નથી. બીજી કોઈ વિદ્યા નથી કે બીજું કોઈ તીર્થ નથી.

આ રીતે શ્રીમહાપ્રભુજીએ નિરોધને સર્વ મંત્રો, સ્તોત્રો, વિદ્યાઓ અને તીર્થો કરતાં પણ વધુ ઉત્તમ ગણાવ્યો છે, અને એ રીતે નિરોધનું સર્વાધિક

મહત્ત્વ બતાવ્યું છે. નિરોધની બરાબરી કોઈ મંત્ર, સ્તુતિ, વિદ્યા કે તિર્થથી થઈ શકતી નથી. તેથી નિરોધ જ સર્વોત્તમ વસ્તુ છે એવી આપશ્રી આજ્ઞા કરે છે. તો પછી એ નિરોધ શી વસ્તુ છે તે સમજીને તેને પ્રાપ્ત કરી લેવો એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું પરમ કર્તવ્ય છે.

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં નિરોધલીલાનું વર્ણન છે. તામસ, રાજસ અને સાત્વિક એ બધા જ પ્રકારના ભકતોનાં ચિત્તનો નિરોધ કરવા માટે જરૂરી એવી અનેકવિધ લીલાઓ યશોદોત્સંગ લાલિત ભગવાન શ્રીકૃષ્ણે કરી અને પોતાની એ લીલાઓ દ્વારા તેમના મનનો નિરોધ કર્યો. તેથી દશમ સ્કંધની લીલાઓ નિરોધલીલા નામથી ઓળખાય છે.

નિરોધ શબ્દોનો સીધો અને સાદો અર્થ છે ''અહંતા અને મમતાથી ભરેલા આ સંસારના બધા પદાર્થો અને વિષયો તરફથી મન ખેંચી લઈને તેને ભગવાનમાં પરોવી દેવું - પ્રપંચ વિસ્મૃતિ પૂર્વકા ભગવદાસકિત. નિરોધ એટલે કે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત થવી તેનું નામ નિરોધ.

આપણું મન આ હું અને આ મારું માં સદા રચ્યું પચ્યું રહે છે. હું અને મારું પ્રત્યે મનનું ખેંચાણ છે, તેને પ્રપંચમાં આસક્તિ કહેવામાં આવે છે. પ્રપંચ એટલે આ મિથ્યા સંસાર. સંસારમાં આસક્તિ રૂપી મનની એ સ્વાભાવિક ગતિને આપણે નષ્ટ કરી દેવાની નથી. પરંતુ તેને બીજે વાળી દેવાની છે. સંસારમાં મનની આસક્તિ. તેથી મનને સંસારના વિષયો યાદ ન રહે અને તેનું વિસ્મરણ થઈ જાય તેમ કરવાનું છે. તે માટે એક માત્ર સાધન છે ભગવદ્ ગુણાનુવાદ. એટલે કે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણિત પુષ્ટિ સ્વામી શ્રીકૃષ્ણચંદ્રની અલૌકિક લીલાઓનું નિત્ય પઠન, અધ્યયન, મનન, ચિંતન, ધ્યાન અને ગાન. મનન જો તેમાં રોકાયેલું રહેશે તો તે સાંસારિક વિષયોને ભૂલી જશે; અને તેમ થતાં નિરોધ સિદ્ધ થશે.

નિરોધ લક્ષણ ગ્રંથમાં નિરોધની ત્રણ દશા બતાવી છે. (૧) પ્રાથમિક દશા, (૨) માધ્યમિક દશા અને (૩) ઉત્તમ દશા. એ ત્રણે પ્રકારની દશાઓની પ્રાપ્તિ માટે કેવા પ્રકારનું સાધન જરૂરી છે તે પણ તેમાં બતાવ્યું છે. એ સાધનના ઉપયોગથી નિરોધની આ ત્રણ દશાઓ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તેનું શું ફળ મળે

તે પણ આ ગ્રંથમાં બતાવ્યું છે. એ રીતે જોતાં, નિરોધ લક્ષણ ગ્રંથ આચાર્યશ્રીના પોતાના શબ્દો પ્રમાણે સર્વોત્તમ ગ્રંથ છે.

નિરોધની ત્રણ દશા છે. (૧) પ્રાથમિક, (૨) માધ્યમિક અને (૩) ઉત્તમ એ ત્રણે દશામાં લક્ષણ, સાધન અને ફળ જાણી લઈએ તો આપણને નિરોધનું સ્વરૂપ સમજાય.

**(૧) પ્રાથમિક દશા :** એનું લક્ષણ પ્રાથમિક દશામાં નિરોધની પ્રાપ્તિ થઈ એવું ત્યારે કહેવામાં આવ્યું જ્યારે પ્રભુના વિયોગથી હૃદયમાં તાપ કલેશ ઉત્પન્ન થાય.

એનું સાધન – એ દશા પ્રાપ્ત કરવા માટે પુષ્ટિ જીવે ભગવદ ગુણગાન રૂપી સાધનનો ઉપયોગ કરવો. એટલે કે સદાનંદ શ્રીકૃષ્ણની પૂર્ણાનંદ આપતી લીલાઓનું શ્રવણ અને કીર્તન કરવું. એનું ફળ – એ પ્રમાણે કરવાથી, સંસારની વિસ્મૃતિ થશે અને પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થશે.

**(૨) માધ્યમિક દશા :** એનું લક્ષણ – માધ્યમિક દશામાં નિરોધની પ્રાપ્તિ થઈ એવું ત્યારે કહેવાય જ્યારે અંતઃકરણના દોષો નાશ પામે, સંસાર પ્રત્યેની આસક્તિ દૂર થાય અને પ્રભુના દર્શનથી મળતું સુખ અનુભવાય.

એનું સાધન – એ દશા પ્રાપ્ત કરવા માટે પણ ભગવદ ગુણાનુવાદ રૂપી સાધનનો ઉપયોગ કરવો જરૂરી છે. પરંતુ હવે થતું ભગવદ્ ગુણગાન અંતઃકરણ શુદ્ધ થયા પછીનું ગુણગાન છે. તેથી તે વધુ અસરકારક બને છે.

એનું ફળ – એ પ્રમાણે કરવાથી, સંસાર પ્રત્યેની આસક્તિ દૂર થઈને, પ્રભુ પ્રત્યે આસક્તિ થશે. નિરોધ પ્રાપ્તિની સીડીનું પ્રેમ પછીનું બીજુ પગથિયું છે આસક્તિ. તે પગથિયું ચઢાશે.

**(૩) ઉત્તમ દશા :** એનું લક્ષણ – ઉત્તમ દશામાં નિરોધની પ્રાપ્તિ થઈ છે એવું ત્યારે કહેવાય જ્યારે સંયોગ પછીની ફળ રૂપ વિરહ દશા પ્રાપ્ત થાય. એટલે કે દર્શન સુખ આપનાર પ્રભુનો ફલરૂપ વિરહ બની રહે છે. જેમ મથુરાગમન પછી ગોપીજનોએ શ્રીકૃષ્ણનો ફલરૂપ વિરહ પ્રાપ્ત થયો હતો તેમ પ્રભુ દૂર હોવા છતાં તે હૃદયમાં જ છે એવો અનુભવ થાય તેનું નામ ફલરૂપ

વિરહ. એ વિરહનું ફલ પણ સ્વરૂપાનંદ છે.

એનું સાધન – એ દશા પ્રાપ્ત કરવા માટે પણ ભગવદ્ ગુણગાન રૂપી સાધનનો ઉપયોગ કરવાનો છે. જેમ ઉદ્ધવજી પધારતાં ગોપીજનોએ તેમની સમક્ષ શ્રીકૃષ્ણની લીલાઓ ગાઈ બતાવી હતી. તેનાથી એવી અસર થઈ કે જ્ઞાની ઉદ્ધવે ગોપીજનોનું શિષ્યત્વ સ્વીકાર્યું. પરંતુ નિરોધની આવી ઉત્તમ દશાની પ્રાપ્તિ માટે જરૂરી ગુણગાન રૂપી સાધન કેવળ પ્રભુ કૃપા એટલે કે કેવળ ભગવદ્ અનુગ્રહ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

એનું ફળ – એ પ્રમાણે કરવાથી ભગવદ્ આસક્તિ, ભગવદ્ વ્યસનમાં પલટાઈ જશે. જીવને પ્રભુના સ્વરૂપાનંદનું વ્યસન લાગી જશે. પછી તો તે અહર્નિશ સ્વરૂપમાં સ્થિતિ દ્વારા મળતા રસાનંદનું પાન કરીને પાગલ બની જશે. કારણ કે હવે તો હૃદયમાં બિરાજી રહેલો પ્રભુ બહાર પ્રકટ થઈને, સંયોગનું સુખ આપીને, પુનઃ પાછા હૃદયમાં પ્રવેશીને ત્યાં સ્થિર થયા છે. અને તે ત્યાંથી કયારેય ખસવાના નથી.

ટૂંકમાં નિરોધ એટલે મહત્ (ગોપીજનો) ની કૃપાથી પ્રેમ આસક્તિ અને વ્યસન દશાની પ્રાપ્તિ દ્વારા, સ્વરૂપાનંદમાં સ્થિતિ થવી તે. એવો એ નિરોધ સ્વબળથી પ્રાપ્ત કરી શકાતો નથી, મહત્ એટલે મહાન ભગવદીયોની કૃપાથી તે પ્રાપ્ત કરી શકાય છે. માટે નિરોધ પ્રાપ્તિની ઈચ્છા રાખનાર જીવે, ભગવદીયોનો સંગ કરીને તેમની પાસેથી ભગવદ્ ગુણોનું શ્રવણ કરવું અને પોતે તેનું કીર્તન એટલે કે સત્સંગ સાધવો.

હવે આપણે નિરોધ લક્ષણ ગ્રંથમાં વિસ્તારથી સમજવા પ્રયત્ન કરીએ. એ ગ્રંથના પહેલા શ્લોકમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે –

**યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે ।।**
**ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્ મમ ક્વચિત્ ।।૧।।**

**શ્લોકાર્થ :–** ગોકુલમાં (૧) શ્રીયશોદાજી અને (૨) નંદરાયજી વગેરેને અને (તેમના સંબંધ વાળા બીજાઓને પણ) અને (૩) શ્રીગોપીજનોને પણ, ફલ આપવાની ઈચ્છાવાળા પ્રભુએ, જે દુઃખ આપ્યું છે, તે દુઃખ મને કોઈક

ઠેકાણે થાવ.

આ શ્લોકમાં શ્રીયશોદા, શ્રીનંદરાય, શ્રીગોપીજનો- એ ત્રણ ઉત્તમ અધિકારીઓના દુઃખ (તાપ-કલેશ) નું વર્ણન કર્યું છે. તેથી શ્રીપુરુષોત્તમજી મહારાજના મત પ્રમાણે તેના દ્વારા જુદા જુદા ત્રણ પ્રકારના ભાવોનું સુચન કરવામાં આવ્યું છે. ઉપરાંત ચ એટલે અને. તે શબ્દ દ્વારા ''અને બીજા પણ ભકતોનું દુઃખ'' એવું પણ સૂચન થાય છે. એ બીજાઓ પણ ત્રણ જુદા જુદા ભાવવાળા ભકતોનો સમાવેશ થાય છે. યથા (૧) કંસ વિગેરેથી દુઃખી થયેલા ભકતો (૨) કાલ વિગેરેથી દુઃખી થયેલા અને (૩) અજ્ઞાનથી દુઃખી થયેલા ભકતો; આ બધા સામાન્ય અધિકારી ભકતો છે. તેમના દુઃખનું પણ સૂચન થાય છે. એ રીતે જે દુઃખ ત્રણ ઉત્તમ અધિકારીઓને થયું હતું અને જે દુઃખ ત્રણ સામાન્ય અધિકારીઓને કૃષ્ણના અવતાર કાળમાં થયું હતું તેવું દુઃખ મને કયારેક થશે ?

પુષ્ટિ ભકતનો આ મનોરથ છે. તે એ પ્રકારનું દુઃખ પોતાને થાય એવું ઈચ્છે છે. દુઃખ શા માટે ? તો કે જે ભકતો પ્રભુના બાલભાવમાં આસકત છે. જે ભકતો પ્રભુના કિશોરભાવમાં આસકત છે અને જે ભકતો પ્રભુના પ્રૌઢભાવમાં આસકત છે, તે સર્વે ભકતોનું દુઃખ (તાપ કલેશ) જોઈને તેમના દુઃખનું નિવારણ કરવા માટે, તેવા બાલ, કિશોર તથા પ્રૌઢ રૂપથી ભગવાન તેમને સુખ આપવા સારું પ્રકટ થયા છે. એનો અર્થ એવો કે ભગવાનના એ રીતે પ્રકટ થવાના કારણ-ભૂત ભકતોનું દુઃખ છે. ભકતોને દુઃખ થાય તો ભગવાન પ્રકટ થાય. તેથી એવા દુઃખની ઈચ્છા રૂપ નિરોધને સાધારણ (હીન) અધિકારીની ભક્તિની વૃદ્ધિનું લક્ષણ સમજવું. ભકતને થતો તાપ કલેશ એ નિરોધની પ્રાથમિક દશા છે.

ગોકુલમાં યશોદાત્સંગ લાલિત ભગવાન કૃષ્ણની બાળલીલા જેવી કે અવિદ્યા રૂપી પૂતનાને આપેલ મોક્ષ, લૌકિક વિષયો રૂપી શકટનો ભંગ તથા મોહરૂપી તૃણાવર્તનો કરેલ નાશ - આ બધી લીલાઓ દ્વારા બાલકૃષ્ણે નંદાદિ ગોપો, યશોદાજી અને ગોપીજનોનું ચિત્ત લૌકિક વ્યવહારમાંથી કાઢીને પોતાનામાં લગાડવાનું કર્યું હતું. આ બધી લીલાઓ થઈ ત્યારે તે બધાં ભકત

હૃદયોને જે દુઃખ થયું હતું તે દુઃખને તાપ કલેશ નામથી ઓળખવામાં આવે છે. થોડાક સમય માટે પણ ભગવાનથી થયેલી વિરહને કારણે તેમના અંતઃકરણમાં તાપ થવાથી તેમના મનમાં જે દુઃખ થયું હતું તેને કારણે તેમના મનમાંથી પ્રપંચની વિસ્મૃતિ થઈ અને તેમનું મન ભગવાનમાં લાગી ગયું હતું. આવી દરેક લીલાને અંતે તે બધાં (નંદ, યશોદા, ગોપીજનો) બાલકૃષ્ણને વીંટળાઈ વળતાં અને પોતાના હૃદય સાથે બાલકૃષ્ણને લગાડીને તાપ જનિત આનંદ અનુભવતાં હતાં. ત્યાર પછી તેમનું મન લૌકિકમાં જતું તો હશે; પરંતુ તત્પુરતું તો પ્રપંચની વિસ્મૃતિ થઈને પ્રભુમાં પૂર્ણ પ્રેમ પ્રગટતો હતો. નિરોધની આ પ્રાથમિક દશા.

હવે બીજા શ્લોકમાં આપશ્રી શું કહે છે તે જોઈએ –

**ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।**
**યત્ સુખં સમભૂત્ તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ ।।૨।।**

**શ્લોકાર્થ :** વળી શ્રીગોકુલમાં શ્રીગોપીજનોને અને સર્વે વ્રજવાસીઓને જે સુખ થયું તે સુખ મારા ભગવાન શું મને આપશે !

ઉપર નિરોધનું જે લક્ષણ (દુઃખ) કહ્યું તેનાથી જુદા પ્રકારનું લક્ષણ અહીં કહ્યું તેનાથી જુદા પ્રકારનું લક્ષણ અહીં કહ્યું છે. જે ભકતની વાત આ શ્લોકમાં કહેવામાં આવી છે તે વિપ્રયોગથી દુઃખી ભકત છે; અને તે રસ–પ્રધાન છે. તેથી ભક્તિની વૃદ્ધિ ત્યારે જ થાય જ્યારે પ્રભુનું પ્રાકટય થતાં તેની આસક્તિ વધે. તેથી કોઈપણ પ્રકારે, પ્રભુનાં દર્શનથી જે સુખ થાય તેની આકાંક્ષા (મનોરથ) એ જ એવા ભકતની ભક્તિની વૃદ્ધિ રૂપ નિરોધનું લક્ષણ છે.

શ્રીપુરુષોત્તમજી મહારાજ અહીં આજ્ઞા કરે છે કે ‘‘મધ્યમ અધિકારી જે ત્યાગ કરે છે. તે વિરહ સમયમાં આસક્તિ ભ્રમન્યાય પ્રમાણે ભગવાનના અનુભવ માટેનો ત્યાગ છે. તેથી તેવા અધિકારીની ભક્તિની વૃદ્ધિનું સ્વરૂપ એ જ તેના નિરોધનું લક્ષણ બન્યું છે.

આસક્તિ–ભ્રમ–ન્યાય એટલે શું ? તે અહીં સમજાવવામાં આવ્યું છે. આસક્તિ થવાથી જે ભ્રમ થાય છે તે પ્રમાણે થવું એટલે આસક્તિ ભ્રમ ન્યાય.

જે પ્રમાણે સમુદ્રના વમળમાં પડેલો (જીવ) ફરીથી ઉપર આવતો નથી તે પ્રમાણે આસક્તિના વમળમાં પડેલો (ભકત) પણ પાછો બહાર નીકળતો નથી. અહીં આસક્તિ એ રસસમુદ્રનો પર્યાય છે. અને ભ્રમ એ વમળનો પર્યાય છે. તેથી એનો અર્થ એ થયો કે કૃષ્ણરસના સમુદ્રના વમળમાં પડેલો (ભકત) તેમાંથી પાછો આવતો નથી. તો પછી જો કોઈ એ રસસમુદ્રમાં ડૂબી ગયો હોય તો તે કયાંથી પાછો આવે ? તે પ્રમાણે શ્રીગોપીજનો પણ રસ સમુદ્ર રૂપ પ્રભુમાં ડૂબ્યા ત્યાંથી તેમની પુનરાવૃત્તિ થાય નહિ.

નિરોધની પ્રાથમિક દશામાં વિયોગ જનિત તાપકલેશ દ્વારા મળતા દુઃખોનો અનુભવ થાય છે. અને તેને પરિણામે પ્રભુમાં પ્રેમ ઉદ્‌ભવે છે. અને પ્રભુમાં દર્શન કરીને અંતઃકરણ સુખ અનુભવે છે. બધા જ વ્રજવાસીઓ નંદાલયમાં દોડી આવી કનૈયાને હૃદય સાથે લગાવી સુખનો અનુભવ કરે છે. બાળ કૃષ્ણની બાલલીલા અને પ્રૌઢલીલા દ્વારા શ્રીકૃષ્ણ સાથે મળતા સહવાસથી એટલે કે માખણચોરી, દાનલીલા, ગૌચારણ લીલા આદિ લીલાઓ દ્વારા શ્રીકૃષ્ણ સાથે જે સહવાસ તેમને મળી રહે છે. તેના વડે બધાં વ્રજવાસીઓને ઘણું સુખ મળતું હતું. તે સુખથી તેમનું અંતઃકરણ નિર્મળ બની જતું હતું. અને તેમને સંસારની વિસ્મૃતિ થઈ જતી હતી. એવું સુખ અનુભવી તેઓ પ્રભુ પ્રત્યે વધુને વધુ આસકત બનતા જતા હતા. આ હતી નિરોધની માધ્યમિક દશા.

આમ તો સૌના હૃદયમાં પ્રભુ આત્મા રૂપે બિરાજે છે. **અહમાત્મા ગુડાકેશ સર્વ ભૂતાશય સ્થિતઃ** એટલે કે હું જ આત્મા રહ્યો સર્વ ભૂતોના હૃદયો વિષે. હૃદયમાં બિરાજતા પ્રભુ ભકતની પોતાના પ્રત્યેની આસક્તિ જોઈને તેના હૃદયમાંથી બહાર પ્રકટ થાય છે. અને ભકતને સંયોગ સુખ આપે છે. એ સંયોગ સુખ પામીને ભકતનું હૃદય ભગવાન પ્રત્યે પૂર્ણતઃ આસકત બની રહે છે.

પ્રશ્ન એ છે કે નિરોધની પ્રાપ્તિ માટે સુખ અને દુઃખની કામના શા માટે? શ્રીમહાપ્રભુજી દુઃખ અને સુખ શા માટે માગે છે ? દુઃખ અને સુખનો ભાવ શું છોડવા જેવો નથી ? શ્રીમદ્ ભગવદ્ ગીતામાં તો **શિતોષ્ણ સુખ અને દુઃખેષુ સમ** – એવા ભકતને પ્રભુનો પ્રિય બતાવ્યો છે. ભગવાનને પ્રિય થવા ઈચ્છતા ભકતે સુખ અને દુઃખના ભાવનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. જો

એમ છે તો અહીં શ્રીમદાચાર્યચરણે સુખ અને દુઃખને અલગ તારવીને તે પ્રાપ્ત કરવાનો મનોરથશા માટે વ્યકત કર્યો છે ?

નિરોધ પ્રાપ્તિના ઈચ્છુક ભકતે આ વાત સ્પષ્ટતાથી સમજી લેવાની જરૂર છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જે સુખદુઃખના દ્વંદની વાત કરી છે તે લૌકિક ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ છે. એવા સુખદુઃખના ભાવનો ત્યાગ કરવાનું તેમાં કહ્યું છે.

શ્રીમદાચાર્યચરણ એવા લૌકિક સુખ કે દુઃખ વિષે વિચાર પણ કરતા નથી. અહીં જે સુખ કે દુઃખની કામના કરવામાં આવી છે તે અલૌકિક સુખ-દુઃખ છે. ભગવાનના વિરહથી થતું દુઃખ અને ભગવાન સાથેના સંયોગથી થતું સુખ એ તો અલૌકિક સુખ-દુઃખ છે. કારણ તે સુખ-દુઃખ આનંદદાયક છે. એવું સુખ તો આનંદ આપે; પરંતુ એવું દુઃખ તેથી પણ વિશેષ આનંદ આપનારું છે. જેણે તે અનુભવ્યું હોય તે, તે આનંદને માણી શકે છે.

લૌકિક દુઃખમાંથી વિષાદ મળે. પ્રભુ વિયોગના દુઃખથી આનંદ મળે.

ભગવાન સાથે ભકતોનો સંયોગ થાય ત્યારે સંયોગનો આનંદ અનુભવાય. પરંતુ સંયોગ પણ જો નિત્ય અને એકધારો બની જાય તો તેનાથી અહંકાર, મોહ અને અરૂચિ જેવા ભાવ ઉત્પન્ન થઈ તે આનંદને કલુષિત બનાવી દે. સંયોગજનિત આનંદને વધુ મિષ્ટ અને સુખદ બનાવવા માટે સંયોગના અભાવની જરૂર રહે છે. એટલા માટે તો ભગવાન ગોપીજનોની વચ્ચેથી અદશ્ય થયા હતા. વિયોગની દશા પ્રેમની ઉત્તેજક દશા છે. વિયોગના આનંદ વડે સંયોગના આનંદની માત્રા વધે છે. વિયોગમાં ભક્તિ હૃદય પોતાના પ્રેમપાત્ર માટે ઝૂરે છે. જેમ તે વધુ ઝૂરે તેમ તેનો પ્રેમ વધુ ઉત્કટ બને. પ્રેમ વધુ ઉત્કટ બને. પ્રેમ વધુ ઉત્કટ બનીને તેની પરાકાષ્ઠાએ પહોંચે. અને ત્યાર પછીનો એ સંયોગ પરમોચ્ચ સુખ અને આનંદ આપે. એટલા માટે તો અદશ્ય થયેલા પ્રભુ પુનઃ પ્રકટીને, ગોપીજનોને રાસલીલા રમાડે છે અને એ રીતે તેમને પરમોચ્ચ સુખ અને આનંદ આપે એટલા માટે તો અદશ્ય થયેલા પ્રભુ પુનઃ પ્રકટીને, ગોપીજનોને રાસલીલા રમાડે છે અને એ રીતે તેમને પરમોચ્ચ સુખ અને આનંદ આપે છે.

શ્રીમહાપ્રભુજીએ યશોદાજી, નંદાદિ ગોપો અને ગોપીકાઓ એ બધાને માટે દુઃખનો અનુભવ માગ્યો છે. નંદ યશોદા વાત્સલ્ય ભાવે, ગોપો સખાભાવે, અને ગોપીજનો મધુર ભાવે શ્રીકૃષ્ણ વિરહનું દુઃખ અનુભવે છે. એ બધાનું દુઃખ અનેક પ્રકારનું નથી. તો પછી શ્રીમહાપ્રભુજી એવા વિવિધ ભાવો દ્વારા થતું દુઃખ શા માટે માગે છે ?

પુષ્ટિમાર્ગમાં આત્મનિવેદન કરીને ભકત ભગવાન પ્રત્યે દાસ્યભાવ પ્રકટ કરે છે. તે ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત કરવા ઝંખે છે. પરંતુ પુષ્ટિમાર્ગ શરણ અને વરણનો માર્ગ છે. તેથી ભકત જે ભાવે શરણ યાચે, ભગવાન તે જ ભાવે તેનું વરણ કરે એવું નકકી નથી. તે વરણ કરે પણ ખરા અને ન પણ કરે. ભગવાન પોતાની ઈચ્છા પ્રમાણેના ભાવ વડે ભકતોનું વરણ કરે છે. એટલા માટે આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ જુદા જુદા ભાવ દર્શાવવા માટે નંદ, જશોદા, ગોપીઓ, ગોપો આદિના ભાવનું દુઃખ પોતાને થાવ એવું માગ્યું છે. ભગવાન પોતે જે ભાવે ભકતનું વરણ કરવા ઈચ્છે તે ભાવથી યુકત વિયોગ દુઃખ તેને આપે છે.

ઉત્તમ અધિકારીએ કરેલ ત્યાગ, વિરહ પછી થતા સાક્ષાત્કારને માટે હોય છે. એવા ભકતોને ભગવાનના સાક્ષાત્કાર પછી, વ્રજવાસીઓની માફક જ્યારે પાછળથી વિરહ થાય છે ત્યારે તેને પોતે પ્રથમ અનુભવેલા લીલાસુખનું સ્મરણ થાય છે. અને આ વિરહના સમયે તેને મિશ્રિત સુખ - દુઃખનો અનુભવ થાય છે. તે સમયે તેના મનમાં જે નિરોધ થાય છે તે ઉત્તમ કક્ષાએ પહોંચેલો હોય છે. આ વાતનો સંકેત આપશ્રી ત્રીજા શ્લોકમાં કરે છે -

**ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા ॥**
**વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ॥૩॥**

**શ્લોકાર્થ :** શ્રીવૃંદાવનમાં અને શ્રીગોકુલમાં ઉદ્ધવજી પધાર્યા ત્યારે જેવો મહાન ઉત્સવ થયો હતો તેવો મારા મનમાં કોઈ વાર થાઓ.

ઉદ્ધવજી જ્યારે વૃંદાવન ગોકુલમાં પધાર્યા ત્યારે, જેમ પ્રિયના સખાના આગમનથી, પ્રિયનું સ્મરણ થતાં, જેવું ઉત્સવનું વાતાવરણ થયું હતું, તેવા

ઉત્સવની કામના થવી એ નિરોધની ઉત્તમ કક્ષાનું સુચન છે.

આ રીતે, આ ત્રણ શ્લોકમાં નિરોધ વિષે જે કહેવામાં આવ્યું છે તે બાબતમાં ટીકાકારોના મતોમાં ભિન્નતા છે. ચાચા ગોપેશ્વરજીના મત પ્રમાણે - શ્રીસુબોધિનીજી વગેરેમાં વર્ણવેલ નિરોધ (ભકતને માટે) આવશ્યક છે. એવું સૂચવનાર મનોરથો આ ત્રણ શ્લોકમાં છે. શ્રીહરિરાયજીના મત પ્રમાણે નિરોધના નિમિત્ત કારણભૂત ભાવના અને ગુણગાનમાં પ્રથમ ભાવનાનું (મનોરથ-ભાવ) નિરૂપણ આ ત્રણ શ્લોકમાં કર્યું છે. અને એ ભાવના બહુ દુર્લભ છે, એવો બોધ કરવાને માટે શ્રીમદાચાર્યચરણે પ્રાર્થના રૂપે તેનું વર્ણન કર્યું છે. જ્યારે શ્રીપુરુષોત્તમજી કહે છે કે મારા મત પ્રમાણે આ ત્રણ મનોરથ(આશંસા) ભક્તિની વૃદ્ધિ દર્શાવનાર લક્ષણો તરીકે કહેલા છે.

ત્રીજા શ્લોકમાં શ્રીમદાચાર્યચરણ ભકત હૃદયનો ઉત્તમ ભાવ અને ભકતના ચિત્તની ઉત્તમ નિરોધની સ્થિતિનું વર્ણન કર્યું છે.

ગોપીકાઓનો ભગવાનમાં પૂર્ણ નિરોધ થયો હતો. તેઓ ભગવાન સાથે સંયોગ સુખ પામી ચૂકી હતી. પછી પ્રભુ ગોકુલ છોડી મથુરા પધાર્યા. તેથી તેમને ભગવાનનો વિયોગ થયો પરંતુ એ વિયોગ તેમના સંયોગ સુખને વધુ આનંદદાયક બનાવનાર હતો. એવા વિયોગાત્મક આનંદનો અનુભવ ગોપીજનોને થતો હતો તે સમયે ઉદ્ધવજી ગોકુલ પધાર્યા. પોતાના પ્રિયતમના સખાને જોઈ, તેમની પાસેથી નીજ પ્રિયતમની વાતો સાંભળવા મળશે એવું સમજીને ગોપીકાઓના મનને પ્રિયતમને મળવા જેવો આનંદ થયો. તેમનું ચિત્ત આનંદ અને ઉત્સવના ભાવથી ભરાઈ ગયું.

વિયોગની દશામાં પ્રિયતમના દૂતના આગમન દ્વારા વિયોગ ભાવનું પોષણ થાય છે. અને તેમાંથી મળતો આનંદ ઉત્સવનું રૂપ ધારણ કરે છે.

શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે જે ભકતો ત્યાગી છે અને પ્રભુના ગુણગાનમાં આસકત છે તેમની ભક્તિની વૃદ્ધિ રૂપ નિરોધ કેવો હોય તેનું જ્ઞાન કરાવનાર કાર્ય લક્ષણ હવે પછીના ત્રણ શ્લોક દ્વારા કહેવામાં આવે છે. યથા -

**મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।।**
**તાવદ્ આનન્દ–સન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ।।૪।।**
**મ હ તાં કૃ પ યા ય દ્‌વ ત્ કી ર્ત નં સુ ખ દં સ દા ।।**
**ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ– ભો જ ન –રૂ ક્ષ વ ત્ ।।૫।।**
**ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે ।।**
**યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ।।૬।।**

**શ્લોકાર્થ :** મોટાઓની (ગોપીજનો જેવાની) કૃપાથી, જ્યારે ભગવાન દયા કરશે (ફલદાન કરશે), ત્યાં સુધી, જેનું કીર્તન કરીએ છીએ, એવા આનંદના સમુહરૂપ એ ભગવાન નિશ્ચય સુખરૂપ થાય છે. (૪)

જેવી રીતે મોટાઓની કૃપાથી, ભકતોએ કરેલું પ્રભુની લીલાનું કીર્તન સદા સુખ આપે છે, તેવી રીતે લૌકિકજનોએ કરેલું લૌકિક વિષયોનું કીર્તન સુખ આપતું નથી. જેમ જે પુરુષે ઘીવાળુ (સ્નિગ્ધ) ભોજન કરેલું હોય તેને લુખું ભોજન સુખ ન આપે તે રીતે. (૫)

(મોટાઓની કૃપાથી) ગોવિંદના ગુણગાનમાં જે સુખની પ્રાપ્તિ થાય છે. તે શ્રીશુકદેવજી વગેરેના હૃદયમાં પણ થતી નથી. તો બીજી કોઈ રીતે તો કયાંથી જ થાય ? (૬)

આ ત્રણે શ્લોકોનો (૪ થી ૬નો) ભાવ સમજવા માટે તેમની શરૂઆતમાં મહતાં કૃપાયા શબ્દો છે એમ સમજવું. કારણ કે જે સુખ કે આનંદ મળવાનો છે. તે સેવા મહતો (મોટાઓ)ની કૃપાથી મળવાનો છે એવું તાત્પર્ય છે.

પહેલા તો આનંદના સ્વરૂપ રૂપ એવા પ્રભુ કીર્તનમાં સુખ આપે છે. અને પછી તેઓ દયા કરીને તે ભકતને સ્વરૂપમાં એકતાન કરી દે છે.

શ્લોકમાં મહતાં શબ્દ છે. તેનો અર્થ વ્રજભકતો જ સમજવો એવું શ્રીપુરુષોત્તમજી કહે છે. પુષ્ટિમાર્ગમાં વ્રજ ભકતોજ મોટા છે. તેમની કૃપા યાચીને, ભગવાન ભકતને સ્વસ્વરૂપમાં એકતાન કરી દે ત્યાં સુધી, સ્મરણપૂર્વક પ્રભુના પોતાનામાં વ્યસનમાં ઉત્કર્ષ રૂપ નિરોધ દર્શાવનાર કાર્ય લક્ષણ છે.

યાદ રાખો કે ભકતોએ કરેલું પ્રભુની લીલાઓનું કીર્તન સદા સુખ આપે છે. પરંતુ જેમ ઘીવાળુ ભોજન કરનારને લુખું ભોજન આનંદ આપતું નથી. તેમ લૌકિકજનોએ કરેલું લૌકિક વિષયોનું કીર્તન ભકતોને સુખ આપતું નથી.

ભકતોએ કરેલું પ્રભુની અલૌકિક લીલાઓનું કીર્તન કેવું સુખ આપે છે ? ''હર્ષથી રૂવાંટી ઊભી ન થાય, ચિત્ત દ્રવી ન જાય, મન મત્તમયૂર બની નાચી ન ઊઠે, આનંદથી આંખમાંથી અશ્રુધારા ન વહે ત્યાં સુધી સાચુ સુખ મળ્યું કેમ કહેવાય ? એવી ભક્તિ ન થાય ત્યાં સુધી હૃદય કેવી રીતે શુદ્ધ થાય? **''તન પુલકિત, નયન સજલ, ગીરા ભઈ ગદ્‌ગદ્‌''** - આવી છે ભકતના સુખની પરાકાષ્ઠા.

અને ગોવિંદના ગુણગાનમાં, ભગવદ્‌ ગુણોવાળા શબ્દો અને વાકયોથી સભર કીર્તન કરવામાં જે અતિશય સુખની પ્રાપ્તિ થાય છે તેવા સુખની પ્રાપ્તિ શુકદેવજી જેવા જ્ઞાની ભકતોના હૃદયમાં પણ થતી નથી તો બીજે કોઈ પ્રકારે તો કયાંથી જ થાય ? એટલે કે માહાત્મ્ય જ્ઞાન અને ભક્તિ (શુકદેવજીમાં એ બન્ને છે) એ બેથી પણ જો એવા સુખની પ્રાપ્તિ ન થાય તો તે વિનાના બીજા કશાથી કે બીજા હેતુથી તે કયાંથી થાય ?

પહેલાં ત્રણ શ્લોકમાં નિરોધની ત્રણ ઉત્તરોત્તર વધતી દશાનું ક્રમિક વર્ણન છે. પહેલાં તો ભગવદ્‌ ભક્તિમાં રૂચિ થાય અને પ્રેમ પ્રકટે. પછી અંતઃકરણ નિર્મળ થતાં પોતાના પ્રેમપાત્રમાં આસક્તિ જન્મે અને પછી હૃદયની તાલાવેલી ઉગ્ર બનીને નિજ પ્રેમપાત્રમાં વ્યસન થતાં હૃદય નાચી ઊઠે એ રીતે નિરોધનો ક્રમિક વિકાસ થાય છે.

પછીના ત્રણ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે એવો ક્રમિક વિકાસ કોઈ મહદની કૃપાથી જ થાય છે. નિરોધની આ પ્રકારે ઉત્તમ દશાની પ્રાપ્તિ માટે, પ્રભુના અનુગ્રહથી, ભકતને કોઈ મહદનો ભેટો થાય; ઉદ્ધવજી જેવા કોઈ તાદશી વૈષ્ણવની મુલાકાત થાય. અને તેની સંગે પ્રભુમાં ગુણગાન કરીને પ્રભુમાં ચિત્ત પરોવાઈ જાય તો ભકતને નિરોધની ઉત્તમ દશા પ્રાપ્ત થઈ એમ

કહેવાય.

આવા ઉત્તમ ભગવદીય વૈષ્ણવનો સમાગમ થવાથી જે ભગવદ્ ભજન કે ગુણગાનનું શ્રવણ થાય તે બહું જ સુમધુર અને સ્વાદિષ્ટ હોય. આચાર્યશ્રી તેથી તો આજ્ઞા કરે છે કે મહદ્ એટલે કે ભગવદીયોની કૃપા વડે થતું કીર્તન સ્નિગ્ધ ભોજન જેવું છે; અને અલૌકિકજનોની સાથે કરવામાં આવતું કીર્તનથી મળતો આનંદ ભજનાનંદ કહેવાય. અને એવો એ ભજનાનંદ બ્રહ્માનંદ કરતાં ઊંચી કક્ષાનો છે.

ભજનાનંદની પ્રાપ્તિ તો કેવળ ભકતોને જ થાય. શુષ્ક જ્ઞાનીને તે કદી ન થાય. શુષ્ક જ્ઞાનીને તો માત્ર બ્રહ્માનંદ જ થાય. જ્ઞાની, આત્મનિષ્ઠ અને વળી ભકત એવા શ્રીશુકદેવજીને પણ ભજનાનંદની પ્રાપ્તિ નથી થતી તો પછી સાંખ્ય યોગ આદિમાં રત એવા જ્ઞાનીઓને કે યોગીઓને તો તે કેવી રીતે થાય ?

શુકદેવજીમાં જ્ઞાન પ્રધાન ભક્તિ છે. તેથી તેઓ સદાનંદ શ્રીકૃષ્ણની અલૌકિક લીલાઓના સાક્ષીભૂત બની શકયા. તેઓ ભગવલ્લીલાઓના દ્રષ્ટા હોઈ, રાજા પરીક્ષિતને તે લીલાઓનો અનુભવ કરાવી શકયા. પરંતુ તેઓ ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાના પરિકર (ભાગ લેનાર) બની શકયા નહીં. ગોપીકાઓ રાસ લીલામાં ભાગ લઈ શકી. કારણ કે તેઓ શુદ્ધ ભકત હતી. તેથી તેઓ કૃષ્ણલીલાની માત્ર દ્રષ્ટા નહીં પરંતુ સૃષ્ટા (ઉત્પન્ન કરનાર) બની ગઈ. શુકદેવજીનો રાસલીલાનો અનુભવ દૂર ઊભા રહીને જોવાનો હતો. ગોપીજનોનો અનુભવ તે લીલામાં સામેલ થઈને તે લીલાઓના અંગભૂત બની જવાનો છે. તેથી ગોપીજનોને જે ભજનાનંદ મળ્યો તેનો અનુભવ તો શુકદેવજી પણ કરી શકયા નથી.

પ્રભુના ગુણ કીર્તનથી પ્રાપ્ત થતું એ ભજનાનંદનું સુખ ભકતને પ્રાપ્ત થવામાં, ભગવાનની કૃપાજ હેતુરૂપ છે એવું આપશ્રી શ્લોક ૭ અને ૮ માં કહે છે–

**ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।।**
**તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।૭।।**

**સર્વાનન્દ-મયસ્યાપિ કૃપાનન્દઃ સુદુર્લભઃ ।।**
**હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ।।૮।।**

**શ્લોકાર્થ :** પોતાની પ્રાપ્તિને માટે નિજજનોને કલેશ પામતા જોઈને, જ્યારે પ્રભુ દયાવંત થાય ત્યારે હૃદયમાં રહેલા એ સદાનંદ (પ્રભુ) બહાર પ્રકટ થાય છે. (૭)

સર્વ આનંદપ્રચુર પ્રભુનો કૃપાનંદ અત્યંત દુર્લભ છે. હૃદયમાં રહેલા પ્રભુ, પોતાના ગુણો ગવાતાં, તેનું શ્રવણ કરીને, કૃપાથી પૂર્ણ થઈને નિજ ભકતજનોને ભક્તિરસથી પૂર્ણ કરે છે. (૮)

જનાન એટલે જન્મ-મૃત્યુના ધર્મવાળા જીવો. નિજજનોને પ્રભુ પ્રાપ્તિ માટે દુઃખી થતા જોઈને જ્યારે પ્રભુ તેમના ઉપર બહુ અનુગ્રહ કરે છે ત્યારે હૃદયમાં રહેલાં તે સદાનંદ બહાર પ્રકટ થાય છે.

શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે કીર્તન કરનાર ભકતો ઉપર ભગવાનની કૃપા થતાં, ભાવનાની પ્રબલતાથી, સર્વની અંદર રહેલા પ્રભુનું બહાર પ્રાકટ્ય થાય છે અને તે સમયે તેમની સાથે વ્રજભકતો પણ પ્રકટ થાય છે. પ્રભુ અને વ્રજભકતો બન્ને લીલા વિશિષ્ઠ છે તેથી. એ વ્રજભકતોની કૃપાથી, ભકતના મનનો થયેલ નિરોધ ફલ આપે છે, એમ સિદ્ધ થયું.

આ રીતે સદાનંદ રૂપ પ્રભુ બહાર પ્રકટ થતાં, ભકતોને જે સદાનંદની પ્રાપ્તિ થાય છે, તેથી કાંઈ, સર્વાનંદઘન રૂપ એ પ્રભુનો કૃપાનંદ ભકતોને પ્રાપ્ત થઈ જતો નથી. પ્રભુનો કૃપાનંદ બહુ દુર્લભ છે. અને ભગવાન જ્યારે તેનું દાન કરે ત્યારે જ તે ભકતોને મળે. ભકતના હૃદયમાં રહેતા ભગવાન, પોતાના ભકતોને આંતર બાહ્ય રસથી પ્લાવિત કરે ત્યારે કૃપાનંદ પ્રાપ્ત થયો કહેવાય.

તાત્પર્ય એ કે ભજનાનંદની પ્રાપ્તિ એ તો કેવળ કૃષ્ણ કૃપાનુ પરિણામ છે. પ્રભુ સૌના હૃદયમાં સ્થિત છે જ. જ્યારે ભગવદ્ ગુણગાન થાય છે ત્યારે હૃદયમાં સ્થિત તે ભગવાન બહાર પ્રકટ થાય છે. અંતઃકરણની શુદ્ધિ થયા પછી કરાયેલ, એ ભગવદ્ ગુણગાનથી પ્રસન્ન થઈને બહાર પ્રકટેલા એ પ્રભુ, પુનઃ ભકતના હૃદયમાં પધારે છે. ભકતે કરેલાં એ ગુણગાન ભાવની તીવ્રતાથી થયેલું

હોવાને કારણે ભગવાનના કૃપાનંદને પ્રાપ્ત થવાના કારણરૂપ બને છે. અને જ્યારે દુર્લભ એવો એ ભગવાનનો કૃપાનંદ પ્રાપ્ત થાય ત્યારે ભકત નિરોધની ઉત્તમ દશાએ પહોંચે છે.

આ રીતે જુદા જુદા પ્રકારના નિરોધનાં લક્ષણો બતાવી ને હવે નવમા શ્લોકમાં, આપશ્રી નિરોધના સાધનનો ઉપદેશ કરે છે –

**તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।।**
**સદાનન્દ–પરૈર્ ગેયાઃ સચ્ચિદાનન્દતા તતઃ ।।૯।।**

**શ્લોકાર્થ :** ભાવના કરતાં પણ ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે, એવું (૧) નિશ્ચિતપણે સમજીને (૨) સર્વનો પરિત્યાગ કરીને (૩) પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસકિતવાળા થઈને (૪) હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકતાન થઈને, સદા સર્વદા પ્રભુના ગુણોનું ગાન કર્યા કરવું. તેથી સ્વતઃ (એની મેળે) સચ્ચિદાનંદતા પ્રાપ્ત થાય છે.

ભાવના કરતાં પણ ભગવાન ગુણગાનથી અધિક પ્રસન્ન થાય છે. તેથી માર્ગની રીત પ્રમાણે (૧) સર્વ ગૃહાદિકનો વાસના સહિત ત્યાગ કરીને (૨) પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસકિત રાખીને અને હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકરસ બનીને, સર્વદા ભગવાનનાં ગુણગાન કર્યા કરવાં. એ પ્રકારે કરવાથી, અવાન્તર ફલ તરીકે બીજા કોઈ સાધન વિના એની મેળે ભકતને અક્ષર બ્રહ્મતા પ્રાપ્ત થશે.

શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાને સમજો. આપશ્રી કહે છે કે – "તેથી પ્રપંચમાંથી આસકિત છોડી દઈને, રસાનંદ એવા પ્રભુમાં ચિત્તવૃત્તિને જોડવા રૂપી સંપૂર્ણ નિરોધ પામવાના અધિકારી ભકતોએ હંમેશા ભગવદ્ ગુણો ગાતા રહેવું. તેમ કરવાથી જીવના સત્ અને ચિત્ત સાથે આનંદપણુ પ્રકટ થતાં, ભકત સચ્ચિદાનંદ પણ અનુભવશે.

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે. ઘણા ભકતો એવા છે જે હંમેશાં પ્રભુના ગુણગાન કરે છે. અને છતાં પણ તેઓ નિરોધની નિમ્ન દશાએ પણ પહોંચતા નથી તેનું કારણ શું ?

એનું કારણ એકદમ સ્પષ્ટ છે. તેમણે કરેલાં ગુણગાન લોક દેખાડા માટેનાં હોય છે. તેમની સેવા સ્થૂલ ક્રિયાત્મક હોય છે; તે આધિભૌતિક હોય છે. અને તેને આધ્યાત્મિક અને આધિદૈવિક બનાવવા માટે જરૂરી (૧) અંતઃકરણની શુદ્ધિ, (૨) ભકતો એટલે ભગવદીયોનો સત્સંગ અને (૩) પ્રપંચમાં થવી જોઈતી અનાસકિતનો તેમનામાં અભાવ હોય છે.

(૧) અંતઃકરણ શુદ્ધ થયું ન હોય (૨) ભગવદીયોનો સત્સંગ ન હોય (૩) પ્રપંચમાં આસકિત બની રહી હોય (૪) ભગવાન પ્રત્યે આસકિત જન્મી ન હોય અને (૫) માત્ર હાથકે હોંઠ પ્રભુની સેવા કીર્તનમાં હાલતાં હોય તો એવી ક્રિયાત્મક સેવા દ્વારા નિરોધની નિમ્ન દશાએ પણ ન પહોંચી શકાય. શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં સાચી સેવા તો ''ચેતસ્તત પ્રવણં સેવા'' છે. તેથી તેનામાં (કૃષ્ણમાં) ચિત્ત પરોવીને સેવા કરો; પ્રપંચની આસક્તિને ભૂલી જઈને સેવા અને કીર્તન કરો તો નિરોધની પ્રાપ્તિ આપોઆપ થશે. અલબત્ત એવી પૂર્ણ નિરોધની પ્રાપ્તિ એટલે કે વ્યસન દશાની પ્રાપ્તિ (માનસી સેવા) તો ભગવદ્ કૃપાથી જ મળશે.

આ પ્રમાણે થતી નિરોધ પ્રાપ્તિમાં, પોતાના અનુભવનું પ્રમાણ આપીને, તે પ્રમાણે વર્તન કરવાનું શું પ્રયોજન છે તે અંગે શ્રીમહાપ્રભુજી આ રીતે આજ્ઞા કરે છે -

**અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ।।**
**નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ।।૧૦।।**

**શ્લોકાર્થ :** સંસારાવેશ રહિત થઈને, ઈન્દ્રિયોનો નિગ્રહ કરીને, હું ભગવદાસકત થયો છું, અને પૂર્ણ નિરોધ પ્રાપ્ત કરી શકયો છું. તેથી હવે સંસારમાં આસકત ભકતોના નિરોધ માટે, હું એ નિરોધનું વર્ણન કરું છું.

આ શ્લોકમાં મારા ગુરુદેવે શું કહ્યું તે સમજી લો. આપશ્રીએ અસંદિગ્ધ શબ્દોમાં કહ્યું કે ''હું ભગવાનમાં આસકત છું; મારામાં સંસારાવેશ નામનો પણ નથી. ઈન્દ્રિય નિગ્રહ કરીને, હું નિરૂદ્ધ થયેલો છું. તેથી નિરોધ પ્રાપ્તિના ઈચ્છુકોને, સંસારાવેશથી રહિત કરવા માટે હું નિરોધનું વર્ણન કરું છું.

મારા સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભ નિરોધની ઉત્તમ દશાને પામ્યા હતા. તેથી આપશ્રીએ આજ્ઞા કરી, ''ચિત્તવૃત્તિઓનો શોધ કરીને પૂર્ણ નિરોધ પ્રાપ્ત કરનાર હું, નિરોધના ઈચ્છુક જીવોને નિરોધનું સ્વરૂપ સમજાવું છું.'' આપશ્રીની આ આજ્ઞાનો સંકેત સમજો. તેઓ કહે છે કે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક પ્રભુમાં આસકિત થવી એટલે કે સંપૂર્ણ નિરોધની સ્થિતિ, જીવ પોતાના પ્રયત્નથી પ્રાપ્ત કરી શકતો નથી. નિરોધની પ્રાપ્તિ તો મહત (ગોપીજનો અથવા શ્રીવલ્લભ) દ્વારાજ થઈ શકે. ઉદ્ધવજી જેવા જ્ઞાનીને, તેમની ઉપર કૃપા કરીને, તેમને નિરોધ પ્રાપ્તિ કરાવી આપવા, પ્રભુ પોતે સમર્થ હતા. છતાં તેમણે ઉદ્ધવજીને નિરોધનું દાન ન કર્યું. અને તેમને વ્રજ-ગોપીકાઓ પાસે મોકલ્યા. એને વ્રજ ગોપીકાઓ દ્વારા ઉદ્ધવજીને નિરોધનું દાન મળ્યું. તાત્પર્ય એ કે ગુરુ કૃપાથી જ નિરોધ પ્રાપ્ત થઈ શકે છે, અન્યથા નહીં. ગોપીજનો અને શ્રીવલ્લભ બન્ને પુષ્ટિ ભકતોના સન્માનીય ગુરુદેવ છે. શ્રીવલ્લભ અને શ્રીગોપીજનો - એ બન્નેને પૂર્ણ નિરોધ એટલે માનસીસેવા પ્રાપ્ત થઈ હતી. તેથી તેમની કૃપાથી, પુષ્ટિભકતોને નિરોધ સિદ્ધ થઈ શકે છે એવું નિશ્ચયપુર્વક સમજવું.

આ રીતે, નિરોધનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરીને શ્રીવલ્લભ નિરોધનું સ્વરૂપ આ રીતે સમજાવે છે -

**હરિણા યે વિનિર્મુક્તાસ્ તે મગ્ના ભવસાગરે ।।**
**યે નિરુદ્ધાસ્ તએવાત્ર મોદમ્ આયાન્ત્યહર્નિશમ્ ।૧૧।।**

**શ્લોકાર્થ :** સર્વનાં દુઃખો દૂર કરનાર શ્રીહરિએ જેમનો ત્યાગ કર્યો છે તેઓ ભવસાગરમાં ડૂબી ગયાં છે. અને જે ભકતો ભગવાનમાં નિરોધ પામ્યા છે એવા ભકતોનો પ્રભુના ગુણગાનમાં રાત્રિ-દિવસ લાગ્યા રહીને, આનંદ પ્રાપ્ત કરે છે.

ગુણગાનમાં કે ભાવનામાં, સંસારનો આવેશ થાય તો સમજવું કે ભગવાને તે જીવનો અંગીકાર કર્યો નથી અને તેને સંસાર સાગરમાં ડૂબવા છોડી દીધો છે. તેથી ઊલટું, જેનો સંસારાવેશ નષ્ટ થયો છે અને તેથી જેની પ્રભુના ગુણગાન અને ભાવભાવનામાં અહર્નિશ આનંદની પ્રાપ્તિ થાય છે, તે નિરોધ

પામેલ ભકત છે એમ સમજવું.

તેથી સંસારમાં આવેશ વાળી આપણી જે ઈન્દ્રિયો હોય તેનું હિત કરવા માટે, આપણે તે બધી ઈન્દ્રિયોને, તેના વિષય સહિત, શ્રીકૃષ્ણને વિષે યોજવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –

**સંસારાવેશ–દુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ ।।**
**કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** સંસારાવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના કલ્યાણને માટે સર્વના નિયંતા, સર્વત્ર વ્યાપક આનંદઘન પ્રભુને વિષે સર્વ વસ્તુઓના નિશ્ચયથી વિનિયોગ કરવો. તેમ કરવાથી ભકતનું કલ્યાણ અવશ્ય થશે. અને તેને સુખની પ્રાપ્તિ થાશે.

**ગુણેષ્વાવિષ્ટ–ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ।।**
**સંસાર–વિરહ–કૂલેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** મુર દૈત્યના વેરી પ્રભુમાં જેનુ ચિત્ત સર્વદા આસકત છે એવા ભકતોને સંસારના વિરહથી કલેશ થતો નથી. પરંતુ પ્રભુની માફક સુખ થાય છે.

મુર દૈત્યનો શત્રુ એટલે જીવના જડ દોષોનો નાશ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણ. તે મુરારિના ગુણોમાં જેમનું ચિત્ત સદા આસકત છે તેમને અહંતા મમતામય સંસાર છોડવાથી સહેજ પણ કલેશ થતો નથી. તેથી સંસારની આસકિતમાંથી ઈન્દ્રિયોને એવી રીતે દૂર કરવી કે તેમ કરવાથી પ્રભુનું દયાલુત્વ સંભવે અને ક્રૂરતા ન દેખાય તો કહ્યું છે કે –

**તદા ભવેદ્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા ।।**
**બાધ–શંકાપિ નાસ્ત્યત્ર તદધ્યાસોડપિ સિધ્યતિ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** ઉપર કહ્યા પ્રમાણે થાય ત્યારે પ્રભુની કૃપા સમજવી. તેમ ન થાય તો (પ્રભુના ગુણોમાં ચિત્તનો આવેશ ન થાય તો) ક્રૂરતા થઈ એવું સમજાઈ. એમાં કોઈ પણ પ્રકારના બાધની શંકા કરવી નહિ અને તેનાથી

ભગવાનમાં અધ્યાસ પણ સિદ્ધ થાય છે.

અહીં એવું કહેવામાં આવ્યું છે કે આગળ કહ્યા પ્રમાણે શ્રીહરિના ગુણગાન વડે, વિરહ અને કલેશની નિવૃત્તિપૂર્વક, હરિની પેઠે સુખ પ્રાપ્ત થાય. એવું થાય ત્યારે જ ભકતોની દીનતા જાણનાર શ્રીભગવાનમાં દયાળુતા સંભવે છે. અને જો એમ ન થાય તો પુષ્ટિ જીવોનો મર્યાદામાં પ્રવેશ થવા જેવી સ્થિતિ થાય અને તેમાં પ્રભુની ક્રૂરતા સમજાય.

પરંતુ અહીં એવી શંકા થાય છે કે જો સર્વ કાંઈ છોડીને કેવળ ગુણગાનમાં જ પ્રવૃત્ત થઈએ તો પછી, કાળ ધર્મ વગેરેએ કરેલો બાધ થાય કે નહિ ? તો કહે છે કે આવા ગુણગાન વિષે કાલકર્મથી થનાર બાધની શંકા પણ સંભવતી નથી તો બાધ તો કયાંથી જ થાય અને તેથી જો બાધ સંભવે તો તે દેહાધ્યાસને નિવૃત્ત કરનાર શ્રીભગવાનનો અધ્યાસ તેને સિદ્ધ થાય છે.

આજ વાત બીજી રીતે પણ સમજી શકાય. અને તે એ કે ઈન્દ્રિયોને બળાત્કારે સંસારમાંથી ખેંચીને તેમને પ્રભુમાં જોડવી એ હિતાવહ નથી. તેમ કરવાથી તો ઈન્દ્રિયો વધુ દ્રઢતાથી પોતપોતાના વિષયોને વળગી રહેશે. તેથી તેમના હિતને વિચારીને તેમના ઉપર બળાત્કાર ન કરવો. પરંતુ તેમને જે વિષયોમાં આસક્તિ હોય તે વિષયો સહિત તેમને પ્રભુમાં જોડવી. એમ કરવાથી જેમ જેમ ઈન્દ્રિયોનો પ્રભુમાં પ્રેમ વધતો જશે તેમ તેમ તેમનો વિષયોમાંથી પ્રેમ ઘટતો જશે. અંતે વિષયોની વિસ્મૃતિ થઈને તેઓ પ્રભુમાં આસકત થશે.

ચિત્તવૃત્તિને બળાત્કારે તેમના વિષયોમાંથી વિમુખ બનાવવી તેનું નામ ક્રૂરતા. પરંતુ તેમને સમજાવીને તેમના વિષયો સહિત તેમને પ્રભુમાં જોડવી તેનું નામ દયાળુતા. સંસારમાં આવેશવાળા ચિત્તને શ્રીકૃષ્ણના ગુણાનુવાદમાં આવેશ થતાં, તે પોતાના સાંસારિક વિષયોનો ત્યાગ પોતાની મેળે કરશે. તેમ કરતાં તે સુખ અનુભવશે. તેનું નામ જ દયાળુતા. તેથી ઊલટું પરાણે સાંસારિક વિષયોનો ત્યાગ કરાવી ચિત્તને દુઃખી કરવું તેનું નામ ક્રૂરતા.

આપણી બધી ઈન્દ્રિયો અંતઃકરણને આધીન છે. તેથી અંતઃકરણની મમતાને સંસારમાંથી છોડાવીને તેને પ્રભુમાં લગાડવાનો ઉપાય પણ

બતાવવામાં આવ્યો છે. અને તે એ કે અંતઃકરણની મમતાવાળા બધા પદાર્થોને પ્રભુમાં જોડવા. તેમ કરતાં જેમ જેમ અંતઃકરણને ભગવદ્ ગુણોનું ભાન થશે તેમ તેમ સાંસારિક પદાર્થોમાંથી તેની મમતા ઘટતી જશે. એ રીતે સાંસારિક પદાર્થોમાંથી મમતા ઘટતાં, અંતઃકરણને દુઃખ નહીં થાય; તેને એવું નહીં જણાય કે સાંસારિક વિષયોમાંથી તેનો વિરહ થયો છે. તેથી તેને છોડતાં તેને કલેશ નહીં થાય.

આ વાત એક લૌકિક ઉદાહરણ દ્વારા સારી રીતે સમજી શકાશે. બાળપણમાં આપણી આસક્તિ ઘણી બધી રમતોમાં રહેતી. એ બધી રમતોમાં આપણી મમતા બની રહેતી હતી. જો તે બધી રમતો બળાત્કારે છોડવવામાં આવે તો બાળકને ઘણું દુઃખ થાય. પરંતુ જેમ જેમ આપણું મન અન્ય વસ્તુમાં લાગતું ગયું તેમ તેમ એ બધી રમતની ચેષ્ટાઓ છુટતી ગઈ. યુવાની આવતાં હવે લખોટી કે ઢીંગલી પ્રત્યે મમતા નહીં રહે. આ રીતે રમતો પ્રત્યેની મમતા છુટવાથી મનને કલેશ નથી થતો. ઊલટું આનંદ થાય છે. આ પ્રમાણે સમજાવીને હવે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે –

**ભગવદ્-ધર્મ-સામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ ।।**
**ગુણૈર્ હરિસુખસ્પર્શાત્ ન દુઃખં ભાતિ કર્હિચિત્ ।।૧૫।।**
**એવં જ્ઞાત્વા જ્ઞાન-માર્ગાદ્ ઉત્કર્ષો ગુણ-વર્ણને ।।**
**અમત્સરૈર્ અલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** ભગવાનના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ સ્થિર બનીને રહે છે. પ્રભુના ગુણગાનથી હરિ સુખનો સ્પર્શ થવાથી કોઈપણ સમયે દુઃખનું ભાન રહેતું નથી. (૧૫)

આ પ્રમાણે તેની (ગુણગાનની) જ્ઞાનમાર્ગથી ઉત્તમતા જાણીને, મત્સર અને લોભનો ત્યાગ કરીને સર્વદા પ્રભુનાં ગુણગાન કરવાં. (૧૬)

સર્વ-વસ્તુ-સમર્પણ તથા શ્રીહરિનાં શ્રવણ-કીર્તન આદિ ભગવદ્ ધર્મો છે. ભગવદ્ ધર્મોમાં ઘણી શક્તિ રહેલી છે. તેથી એ શક્તિના પ્રભાવે વિષયોમાં થયેલ વૈરાગ્ય સ્થિર રહે છે. પ્રભુનાં ગુણગાન કરનારને અલૌકિક સુખ

અને આનંદ મળે છે. તેને દુઃખનું ભાન પણ થતું નથી. આ રીતે ગુણવર્ણન એટલે કે પ્રભુનાં ગુણગાન કરવાં તે જ્ઞાનના માર્ગ કરતાં ઉત્તમ માર્ગ છે. એવું સમજીને મત્સર અને લોભ, આ બે દોષોનો ત્યાગ કરીને સદા ગુણગાન કરતા રહેવાનો આદેશ છે.

જ્ઞાનમાર્ગમાં ચિત્તનો નિરોધ થવામાં, સાંસારિક કષ્ટોનો અનુભવ થાય છે. અલબત્ત જ્ઞાની પુરુષ ધૈર્યથી કે કષ્ટો સહન કરે છે. અને એવી કષ્ટદાયક રીતે પણ ચિત્તનો નિરોધ કરી લે છે. પરંતુ ભક્તિમાર્ગમાં એવી કોઈ બાધા (બાધ) ની શંકા નથી. ભક્તિમાર્ગમાં સાંસારિક કષ્ટોના અનુભવ વગર જ ચિત્તનો નિરોધ થાય છે, જેમ મીરાં, નરસિંહ તથા બીજા અનેક પુષ્ટિમાર્ગીય ભકતોને થયો હતો તે રીતે. આવી રીતે જેને પૂર્ણ નિરોધ થયો છે એવા જીવોનો જીવન વ્યવહાર કેવો હોય તે પણ શ્રીમહાપ્રભુજી, શ્લોક નં. ૧૭ થી ૧૯માં કહી બતાવે છે.

**હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદ્ અપિ તત્ર હિ ।।**
**દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિ-ગતી સદા ।।૧૭।।**
**શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।।**
**પાયોર્ મલાંશ-ત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ।।૧૮।।**
**યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ।।**
**તદા વિનિગ્રહસ્ તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** ભગવાનના સ્વરૂપનું સર્વદા ધ્યાન કરવું; કારણ કે સ્વરૂપમાં ભગવદ્ ભાવ થતાં, દર્શન અને સ્પર્શ (ચક્ષુ અને ત્વચામાં કાર્યો) સ્પષ્ટપણે થઈ શકે છે. એ જ પ્રમાણે સર્વદા કૃતિ અને ગતિ (હાથઅને પગનાં કાર્યો) પણ ભગવદ્ વિનિયોગમાં આવે છે. (૧૭)

શ્રવણ કીર્તન (કર્ણ અને જીભનાં કાર્યો) પણ સ્પષ્ટપણે થાય છે. તે જ રીતે કૃષ્ણને પ્રિય એવા પુત્ર માટે અથવા શ્રીકૃષ્ણ જેનો પ્રિય છે એવો પુત્ર પ્રાપ્ત કરવા માટે, કામમાં (રતિ ક્રીડા) માં પ્રીતિ કરવી. અર્થાત શ્રીકૃષ્ણ વિષયક કામ (રતિ)માં પ્રીતિ રાખવી. અને પાયુ ઈન્દ્રિયનું કાર્ય જે મલાંશનો ત્યાગ કરવાનું છે, તે ઈન્દ્રિયના કાર્યથી અન્નાદિના શેષ ભાગને, શ્રીપ્રભુની સેવામાં

જોડેલા શરીર વિષે પહોંચાડવો. (૧૮)

જે ઈન્દ્રિયો અથવા પુત્રાદિમાં ભગવત્સંબંધી સેવા કે ગુણગાન આદિ કોઈપણ કાર્ય સ્પષ્ટપણે થતું ન દેખાય તે ઈન્દ્રિય કે પુત્રાદિનો વિશેષ કરીને નિગ્રહ કરવો. એટલે કે તેને પોતાને આધીન રાખવાં એવો નિશ્ચય છે.

નિરૂદ્ધ જીવનો જીવન વ્યવહાર આવો હોય. અહીં જીવન જીવવાની એવી વ્યવસ્થા બતાવી છે કે – જે ઈન્દ્રિય આદિ વસ્તુઓ ભગવદ્ કાર્યમાં અનુકૂળ હોય તેમાં પ્રીતિ રાખવી. અને જે પ્રતિકૂળ હોય તેને નિયમમાં રાખવી. અને જ્યાં બધી રીતે કાંઈ પણ ન બની શકે ત્યાં તેનો પરિત્યાગ કરવો. અથવા પ્રભુની શરણાગતિ યાચવી. એવો નિશ્ચય છે.

સત્તરમાં અને અઢારમાં શ્લોકોમાં, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગીયારમું મન એ બધાએ, શ્રીકૃષ્ણમાં કેવી રીતે લાગી જવું તે બતાવ્યું છે. જેણે નિગ્રહની ઉત્તમ દશા પ્રાપ્ત કરી છે તેની એ અગિયારે અગિયાર ઈન્દ્રિયાદિ કે ભાવાદિ વસ્તુઓએ સંપૂર્ણપણે પ્રભુમાં લાગી જવાનું છે. તેમણે પ્રભુ અર્થે જ પોતાનું કાર્ય કે ભાવનો વિનિયોગ કરવાનો છે. જેમ કે –

પૂર્ણ નિરોધ પ્રાપ્ત થયેલ ભકત, પોતાના મનથી પ્રભુનું, ધ્યાન ધરે; આંખથી પ્રભુનાં દર્શન કરે; ત્વચાથી પ્રભુને સ્પર્શે; નાક વડે પ્રભુને ધરાવેલ ભોગ અથવા સામગ્રી ઉત્તમ છે કે નહીં તેની પરીક્ષા, તેની ગંધ લઈને કરે; હાથ વડે ભગવદ્ સેવામાં કાર્યો કરે; પગ વડે ભગવદ્ સ્થાન તરફ ગતિ કરે; કાન વડે ભગવદ્ ગુણોનું શ્રવણ કરે. મુખ અને જીભ વડે ભગવદ્ ગુણોનું કીર્તન કરે. આ રીતે આ આઠ ઈન્દ્રિયો અને નવમા મનનો સ્પષ્ટ વિનિયોગ ભગવાનમાં કેવી રીતે કરવો તે સ્પષ્ટ બતાવ્યું છે. હવે બાકી રહી બે ઈન્દ્રિયો – ગુહ્ય ઈન્દ્રિય અને પાયુ એટલે કે મળત્યાગની ઈન્દ્રિય. તે બન્નેનો વિનિયોગ પણ ભગવદ્ કાર્યમાં શી રીતે કરી શકાય તે પણ બતાવ્યું છે.

ગુહ્ય ઈન્દ્રિય માટે આપશ્રી આજ્ઞા કરે છે કે, ‘‘શ્રીકૃષ્ણને પ્રિય એવા પુત્રની પ્રાપ્તિ માટે એટલે કે કૃષ્ણસેવામાં સહાયક બને એવા પુત્રની પ્રાપ્તિ માટે જ, સ્વધર્મને સમજીને, સ્વકીયા (નિજ પત્ની) સાથે રતિ કરવી; વિષયભોગ માટે તેનો ઉપયોગ કદી ન કરવો; અને પાયુ એટલે કે ગુદા ઈન્દ્રિય દ્વારા,

મળનો ત્યાગ કરીને શરીરનાં અન્ય અંગોને સ્વસ્થરાખવાં. જેથી શરીરનાં એ બીજાં બધાં અંગો (શરીરની બધી ઈન્દ્રિયો) સ્વસ્થરહીને (રોગાદિથી શિથિલ બનીને નહીં) પ્રભુ સેવામાં ઉપયોગી બની રહે, એવા પ્રકારનાં તેમને બનાવવાં.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે નિરોધ પ્રાપ્ત ભકતે ઉપર કહ્યાં પ્રમાણે પોતાની બધી ઈન્દ્રિયોનો પ્રભુ સેવામાં અથવા ભગવદ્ કાર્યોમાં વિનિયોગ કરવો. અને જે ઈન્દ્રિયોનો સ્પષ્ટપણે ભગવદ્ કાર્યમાં વિનિયોગ ન થાય તે ઈન્દ્રિયોનો વિશેષ કરીને નિગ્રહ કરવો એ જીવનું કર્તવ્ય છે. ઈન્દ્રિયો સ્પષ્ટપણે પ્રભુમાં લાગેલી રહે તેનો અર્થ છે પ્રપંચની વિસ્મૃતિ. એવા ભકતને સાંસારિક કાર્યો કરવાની સ્મૃતિ ન થાય. તેનું મન ભગવદ્ સ્વરૂપ સિવાય અન્યત્ર ભટકતું ન રહે. તેનાં આંખ, કાન, જીભ, ભગવદ્ ગુણગાન અને ભગવદ્ સેવા વગર કયાંય લાગેલાં ન રહે. એવું બને ત્યારે ભકતનો સંપૂર્ણ નિરોધ થયો કહેવાય. પરંતુ જો ઈન્દ્રિયો તેમ ન કરે તો નિરોધ સિદ્ધ કરવા ઈચ્છતા ભકતે તેને સમજાવીને, તેના વિષયો સહિત તેને ભગવદ્ કાર્યમાં યોજવી. એવું કરવાનો પ્રયત્ન કર્યા છતાં તે ન માને તો અને જો તે લૌકિકમાં લાગી રહે તો, તેવી ઈન્દ્રિયોને, બળપૂર્વક તેમના વિષયો તરફ જતાં અટકાવવી. અને તેને વારંવાર ભગવદ્ કાર્યમાં યોજવી. એ રીતે સતત પ્રયત્ન કરવાથી તે ઈન્દ્રિયનો ભગવાનમાં વિનિયોગ જરૂર થશે. અને એક સમય એવો આવશે જ્યારે તે ઈન્દ્રિય ભગવદ્ કાર્ય છોડી લૌકિક કાર્યમાં જવા માટે કદી લલચાશે નહિ.

આવો ઉપદેશ કરીને, શ્રીમદાચાર્યચરણે આ ગ્રંથના છેલ્લા શ્લોકમાં, આ ગ્રંથનું માહાત્મ્ય-નિરૂપણ કર્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે -

**નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ।।**
**નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્ પરમ્ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** (આવા નિરોધ પ્રાપ્ત ઉત્તમ અધિકારી ભકતને માટે) આનાથી (નિરોધથી) અષ્ટાક્ષર મંત્ર પણ વધારે ઉત્તમ નથી; તેમજ કૃષ્ણાશ્રય સ્તોત્ર પણ વધારે ઉત્તમ નથી; તેમજ ઉપાસના વગેરે પણ વધારે ઉત્તમ નથી. અને ગંગાદિ તીર્થ પણ વધારે ઉત્તમ નથી.

શ્રીમદાચાર્યચરણે નિરોધ લક્ષણ ગ્રંથમાં નિરોધના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી અંતે નિરોધનું મહત્ત્વ અને આ ગ્રંથની સર્વથી અધિકતા સમજાવતાં કહ્યું છે કે આ ગ્રંથકરતાં અધિક મહત્ત્વ ધરાવતો કોઈપણ મંત્ર, સ્તોત્ર, વિદ્યા કે તીર્થ નથી. શ્રીકૃષ્ણઃ શરણં મમ એ મહામંત્ર છે, પરંતુ એ મહામંત્રના રટણથી ફલરૂપે મળતી શરણાગતિ (આશ્રય) તો નિરોધ પ્રાપ્ત જીવને આસાનીથી મળી રહે છે. એ જ રીતે સૌથી ઉત્તમ સ્તુતિ કૃષ્ણાશ્રય છે. તેમાં ભકત કૃષ્ણની ગતિ વાંછે છે. શ્રીકૃષ્ણની સન્મુખ એ ગ્રંથનો પાઠ ભાવપૂર્વક કરનારને કૃષ્ણની ગતિ અવશ્ય મળી રહે છે. પરંતુ નિરોધ પ્રાપ્ત કરી ચુકેલ ભકત. કૃષ્ણની ગતિને પણ પામી ચૂકેલો હોય છે. તેથી તેને માટે નિરોધ એ જ સૌથી ઉત્તમ ગતિ પ્રદાયક સ્તવન (સ્તુતિ) છે. કહે છે કે સાચી વિદ્યા 'સ્વરૂપ' ને સમજવામાં છે. 'મુક્તિર્હિત્વાન્યથા રૂપં સ્વરૂપેણ વ્યવસ્થિત'-સ્વરૂપમાં સ્થિતિ કરાવે તે ઉત્તમોત્તમ વિદ્યા. નિરોધ પ્રાપ્ત ભકત સ્વરૂપમાં સ્થિતિ કરી ચૂકયો હોય છે. તેથી તેવા ભકતે બીજી કોઈ વિદ્યા ભણવાની રહેતી નથી.

તીર્થોને ઉત્તમ ફળ પ્રાપ્તિ કરાવનાર ગણાવ્યાં છે. ગંગા આદિ તીર્થોને ઉત્તમ તીર્થ માનવામાં આવે છે. પરંતુ શેઠ પુરુષોત્તમદાસની પુત્રી રૂક્ષ્મણીને (નિરોધ પ્રાપ્ત ભકત) પ્રભુ સેવા આડે ગંગાજીમાં સ્નાન કરવાનો સમય પણ કયાં મળતો હતો ? સાચી વાત એ છે કે નિરૂદ્ધ ભકતને કોઈપણ ફલ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. તેથી આસક્તિ સંસારના બધા વિષયોમાંથી સંપૂર્ણપણે છુટી ગઈ હોય છે. તેને તો એકમાત્ર શ્રીકૃષ્ણનું વ્યસન લાગી ગયું હોય છે. તેને માટે પ્રપંચનું વિસ્મરણ કરીને પ્રભુનું સ્મરણ કરવાનું સહજ રીતે સાધ્ય બની ગયું હોય છે.

આ રીતે નિરોધ, સર્વ મંત્ર, સ્તુતિ, વિદ્યા અને તીર્થ કરતાં ઉત્તમ છે. નિરોધની સ્થિતિ પૂર્ણાનંદની પ્રાપ્તિ.

**– જયશ્રીકૃષ્ણ**

# ૧૬. સેવાફલમ્

યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ।।
અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ ।।૧।।
ફલં વા હ્યધિકારો વા ન કાલો-ડત્ર નિયામકઃ ।।
ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્ તુ બાધકમ્ ।।૨।।
અકર્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ ગતિર્ ન હિ ।।
યથા વા તત્ત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્ ।।૩।।
બાધકાનાં પરિત્યાગો ભોગેડપ્યેકં તથા પરમ્ ।।
નિષ્પ્રત્યૂહં મહાન્ ભોગઃ પ્રથમે વિશતે સદા ।।૪।।
સવિઘ્નો-ડલ્પો ઘાતકઃ સ્યાદ્ બલાદ્ એતૌ સદા મતૌ ।।
દ્વિતીયે સર્વથા ચિન્તા ત્યાજ્યા સંસાર-નિશ્ચયાત્ ।।૫।।
ન ત્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્ ।।
અવશ્યેયં સદા ભાવ્યા સર્વમ્ અન્યન્ મનોભ્રમઃ ।।૬।।
તદીયૈર્ અપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલમ્બયેત્।।
ગુણક્ષોભેડપિ દ્રષ્ટવ્યમ્ એતદેવેતિ મે મતિઃ।।૭।।
કુસૃષ્ટિર્ અત્ર વા કાચિદ્ ઉત્પદ્યેત સ વૈ ભ્રમઃ ।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં સેવાફલમ્ સંપૂર્ણમ્ ।।

***

## સેવા ફલમ્ (સેવા ફલ વિવરણમ્)

પુષ્ટિમાર્ગમાં સેવા એકમાત્ર સાધન છે અને સેવા જ એકમાત્ર સાધ્ય છે. સાધન અને સાધ્ય વસ્તુ બીજી હોય તો તે મારી જાણમાં નથી.

સિદ્ધાંત મુક્તાવલી નામે ગ્રંથમાં, આચાર્યશ્રીએ સેવા એટલે શું તે સૂત્રરૂપે સમજાવ્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે - ‘ચેતસ્તત પ્રવણં સેવા.’ ભગવાન્ શ્રીકૃષ્ણમાં ચિત્ત પરોવી દેવું તેનું નામ સેવા. સેવા તો કરી વ્રજની ગોપીકાઓએ; સેવા તો કરી શ્રીવલ્લભે. શ્રીવલ્લભે પોતે તો કૃષ્ણસેવા કરી

પરંતુ પછી તેનું સ્વરૂપ નિજ સેવકો પાસે રજૂ કરીને, તેમને સેવા કરવાનો આદેશ આપ્યો ‘‘કૃષ્ણસેવા સદા કાર્યા’’.

આચરણ કરે તે આચાર્ય. શ્રીમદાચાર્યચરણે સેવાનું આચરણ કર્યું. તેમ કરીને આપશ્રી સાચા આચાર્ય બન્યા. તેનું કારણ એ સભામાં આપે શાસ્ત્રાર્થ દ્વારા મેળવેલ વિજય છે. પરંતુ આપશ્રીનો એ વિજય શાને આભારી હતો ? તે કેવલ આપશ્રીની વિદ્વતાને આભારી ન હતો. વિદ્યાનગરની તે સભામાં વિદ્વાનો તો ઘણા હતા; પરંતુ સ્વમાર્ગીય સિદ્ધાંતોનું આચરણ કરનાર બહુ થોડા હતા. સિદ્ધાંતોની સમ્યક્ રજૂઆતની પોતાના જીવનમાં આચરણ કર્યા પછી જો એ સિદ્ધાંતોની રજૂઆત કરવામાં આવે તો તે વધુ અસરકારક બને છે. આચાર્યશ્રીએ સિદ્ધાંતોને કેવળ સિદ્ધાંતો તરીકે રજૂ કર્યા નથી. આપશ્રીનું જીવન એ સિદ્ધાંતોના આચરણ રૂપ હતું. પરિણામે આપશ્રી શાસ્ત્રાર્થ કરતી વખતે પોતાના દ્વારા પ્રસ્થાપિત અને આચરણ કરેલા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતોની બહુ સચોટ અસર પડી અને આપશ્રીનો વિજય થયો.

એવા મારા સમર્થ ગુરુદેવ સેવાની બહુજ સુંદર અને સચોટ અને ભાવવાહી વ્યાખ્યા આપે છે. આપશ્રી કહે છે – પુષ્ટિ સ્વામી શ્રીકૃષ્ણમાં તમારા ચિત્તને પરોવી દો એનું નામ સેવા. આપશ્રીના મત પ્રમાણે સેવા કેવળ ક્રિયાત્મક નથી; તે તો પૂર્ણતઃ ભાવાત્મક છે. તેથી સેવા એટલે માનસીસેવા એવી આપશ્રીની આજ્ઞા છે. એ માનસી સેવાની સિદ્ધિ અર્થે ‘‘અહંતા છોડનારી તનુજા’’ અને ‘‘મમતા છોડાવનારી વિત્તજા’’ સેવા આપશ્રીએ બતાવી છે.

જીવ પ્રભુનો અંશ છે; જીવ પ્રભુનો દાસ છે. દાસનો એક જ ધર્મ છે. અને તે નિજ સ્વામીની સેવા કરવાનો. આથી પુષ્ટિમાર્ગમાં જીવ માત્રનો એક જ ધર્મ છે. સેવા એ જ અમારો ધર્મ છે. યશોદોત્સંગ લાલિત શ્રીકૃષ્ણની સેવા કરવી એ ભગવદ્ ધર્મ છે. બાકી બધા માનવધર્મ, દેહધર્મ અથવા શાસ્ત્રોક્ત ધર્મ કહેવાય. ભગવાને પણ એમ જ કહ્યું છે ‘‘સર્વ ધર્માન પરિત્યજ્ય મામ એકમ્ શરણં વ્રજ’’ અહીં જે ધર્મો ત્યજવાના કહ્યા છે તે બધા દેહના ધર્મો છે. એ બધા ધર્મો ત્યજીને ભગવદ્ સેવા કરવાનો ન્યાસાદેશ ગીતાના ગાયક શ્રીકૃષ્ણે કર્યો છે. એને શ્રીવલ્લભે બધા ધર્મોમાં ભગવદ્ ધર્મ (કૃષ્ણ સેવાનો ધર્મ)ને

સર્વોપરી ધર્મ ગણાવ્યો છે. અને આજ્ઞા કરી છે - કૃષ્ણ સેવા સદા કાર્યા, માનસી સા પરામતા. અર્થાત્ : સદાયે સેવા કરો સદાનંદ એવા કૃષ્ણની.

અને જો સેવા એ કાર્ય (કર્મ) હોય તો કર્મફળના સિદ્ધાંત પ્રમાણે તેનું ફળ અવશ્ય મળે. સેવા દૈહિક હોય કે માનસી હોય, તે એક પ્રકારનું કાર્ય તો છે જ. તેથી તેનું ફળ અવશ્ય મળવું જ જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને કદાચ આપશ્રીએ સેવાફલમ્‌ની રચના કરી હશે. અને ષોડશ ગ્રંથોમાં, કદાચ એટલા માટે જ તેને છેલ્લા ક્રમે રાખવામાં આવ્યો હશે. કર્મનું ફળ મળી જતાં બંધન છૂટે, પછી કશું બાકી ન રહે.

પરંતુ આ વાત બહુ વિચિત્ર છે. પુષ્ટિમાર્ગ તો અનુગ્રહનો માર્ગ છે. સેવા કરવા માટે પણ પ્રભુનો અનુગ્રહ જરૂરી છે. પ્રભુ અનુગ્રહ કરીને, જીવને સેવા કરવા યોગ્ય બનાવે છે; એટલે કે સેવા ભગવદ્ અનુગ્રહ દ્વારા સાધ્ય બને છે. પ્રભુ અનુગ્રહ કરીને જીવ પાસે સેવા કરાવે છે. અને તેની સેવાનો અંગીકાર કરે છે. આ રીતે સેવા કરતાં પહેલાં જ, ભગવદ્ અનુગ્રહ થઈ જાય છે. આથી સેવા એ ભગવદ્ અનુગ્રહ પ્રાપ્તિનું સાધન ન રહેતાં, તે અનુગ્રહના ફળ રૂપ બની જાય છે. આથી સમજવા જેવી વાત એ છે કે પુષ્ટિમાર્ગમાં સેવા એ સાધન અને ફળ બન્ને છે. અનુગ્રહ દ્વારા સેવાની પ્રાપ્તિ થાય. સેવા ચાલુ રહે અને તે સતત થતી રહે, તે પણ અનુગ્રહને કારણે. આ રીતે અનુગ્રહનું સાતત્ય જળવાઈ રહે છે. એ જ છે સેવાની ફળ પ્રાપ્તિ. આવી વાત અન્ય કોઈ ધર્મ કે સંપ્રદાયમાં સાંભળી છે ? પુષ્ટિમાર્ગ અન્ય ધર્મો કરતા જુદો છે તેનું આ પ્રમાણ.

દૈવી જીવોએ, સ્વધર્મ સમજીને પ્રભુસેવા કરવાની છે. પ્રભુમાં ચિત્ત પરોવીને સેવા કરવાની છે. સેવા માત્ર ક્રિયા નથી. તેથી ભાવરહિત કરેલી સેવા પ્રભુને સ્વીકાર્ય નથી. સાચા ભાવથી પ્રભુના સ્વરૂપને હૃદયમાં ઉતારીને તેનામાં તન્મય બની જઈને અનાસક્ત ભાવે તમે જે કાંઈ કરશો - નાચશો, કુદશો, ગાશો, બજાવશો, ભજન-કીર્તન કરશો કે નામ રટણ કરશો- તો તે બધું સેવા જ હશે. અને પ્રભુ તેનો સેવા તરીકે જ અંગીકાર કરશે. તમે એવી સેવા (વ્યસની બનીને કરેલી સેવા) કરી શકો તો તે પ્રભુના અનુગ્રહનું ફળ છે એમ માનજો.

ઉપર કહ્યા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં સેવા એ જ સાધન અને ફળ છે. પરંતુ સેવાથી ભિન્ન હોય એવા કોઈપણ ફલનો પુષ્ટિભક્તો સ્વીકાર કરતા નથી. સાલોક્ય, સારૂપ્ય, સામીપ્ય અને સાયુજ્ય એ ચારે પ્રકારની મુક્તિની પુષ્ટિ ભક્તોને ઝંખતા નથી.

**હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે,**
**નિત્ય ઓચ્છવ, નિત્ય કીર્તન, નિરખવો નંદ કુમાર રે.**

મુક્તિ તો પુષ્ટિભક્તોની દાસી છે. પુષ્ટિભક્તો મુક્તિ નહીં પરંતુ સેવા દ્વારા સધાતી ભક્તિ માગે છે.

આ રીતે જો સેવા જ ફળરૂપ હોય તો સેવાફલમ્ ગ્રંથના પહેલા ચરણમાં શ્રીમદાચાર્યચરણ જે આજ્ઞા કરે છે તેનો શો અર્થ ? આપશ્રી આજ્ઞા કરે છે :-

**યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ॥**

**અર્થાત્ :** સિદ્ધાંત મુક્તાવલીમાં મેં જે રીતની સેવા કહી તે (માનસી સેવા) સિદ્ધ થતાં તેનું શું મળે તે અમે કહીએ છીએ. એટલું કહીને પછી આપશ્રી સેવામા ત્રણ ફળ ગણી બતાવે છે.

ભારે થઈ ભાઈ ! બહુ ભારે થઈ. શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાને સમજવાને માટે બહુ વિચાર કરવો પડશે. પરંતુ ના તમારે તેમ નહીં કરવું. નિજ સેવકો ઉપર કૃપા કરવા માટે સદા તત્પર એવા શ્રીમહાપ્રભુજી તમને એ વાત સમજાવી દેશે.

પ્રશ્ન એ છે કે જો સેવા પોતે ફલરૂપ હોય તો પછી એવી એ ફલરૂપ સેવાનું ફળ હોઈ શકે ખરું ? અને શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે સેવામાં એક નહીં પરંતુ ત્રણ ફળ છે.

આ પ્રશ્નનું બહુ સુંદર સમાધાન પરમ ભગવદીય વૈષ્ણવોએ શ્રીઠાકુરજીની કૃપાથી કરેલું છે. તેઓ કહે છે કે સેવામા ફલનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં સેવા સિવાય બીજું કોઈ તત્ત્વ નથી. જે ત્રણ ફલ

બતાવવામાં આવ્યાં છે તેમાં પ્રથમ ફલ તો પ્રભુની અંતરંગ સેવા, બીજામાં મધ્યમ સેવા અને ત્રીજા ફલમાં સાધારણ સેવા જ રહેલી છે. પહેલું ફલ શ્રીગોપીજનોને મળ્યું હતું. અને તે છે શુદ્ધ પ્રેમથી શ્રીકૃષ્ણની સેવા કરવાની શક્તિ. બીજું ફળ ઉદ્ધવજીને મળ્યું હતુ તે છે જ્ઞાનમિશ્રિત પ્રેમથી કૃષ્ણની સેવા કરવાની શક્તિ અને ત્રીજું ફલ મળ્યું છે શ્રીવલ્લભના સેવક આપણા જેવા વૈષ્ણવોને અને તે છે વ્યવહાર મિશ્રિત પ્રેમથી કૃષ્ણની સેવા કરવાની ભાવના અને શક્તિ. આ રીતે જોતાં સેવાનું ફળ સેવા જ છે. એ રીતે સેવાનું સાતત્ય જળવાઈ રહે છે. અને પ્રશ્નનો ઉકેલ આવી જાય છે.

સેવાનું સર્વોત્તમ ફળ છે ભજનાનંદ. ભજનાનંદ સેવાથી રહિત કેવી રીતે હોઈ શકે ? પરંતુ સેવા ''અલૌકિક સામર્થ્ય'', મધ્યમ ભાવવાળાને મધ્યમ સેવા માટે ''સાયુજ્ય'' અને સાધારણ ભાવવાળને સાધારણ સેવા માટે ''સેવોપયોગી દેહ'' આપવામાં આવે છે. આ રીતે સેવાનું ફળ સેવા જ રહે છે. ''નામરૂપ જુજવા અંતે તો હેમનું હેમ હોય'' - એ ન્યાયે ''અલૌકિક સામર્થ્ય'', ''સાયુજ્ય' અને ''સેવોપયોગી દેહ'' એ ત્રણ ફળ નામથી જુદાં છે. પરંતુ અંતે તો તે ત્રણે સેવાનાં જ સ્વરૂપો છે.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે - યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે - અર્થાત્ જેવી સેવા તેવું ફલ. પછી આપશ્રીએ ત્રણ પ્રકારના ફલ ગણી બતાવ્યા છે. ''સેવાયામ્ ફલ ત્રયમ્ । અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, સેવોપયોગી દેહો વા વૈકુંઠાદિષુ ।।'' જો સેવાનાં ત્રણ ફલ હોય તો સેવા પણ ત્રણ પ્રકારની હોવી જોઈએ. સેવાની ત્રિવિધતા વગર ફલની ત્રિવિધતા સંભવી ન શકે. પરંતુ સેવા તો માત્ર એક જ પ્રકારની છે અને તે માનસી સેવા. તનુજા અને વિત્તજા એ સ્વતંત્રરૂપે સેવા નથી, એ તો માનસી સેવા સિદ્ધ કરવાનાં સાધનરૂપ સેવા છે. તનુ વિત્તજા દ્વારા માનસી સેવા સધાય છે. જો એમ છે તો સેવાના ત્રણ પ્રકારો ક્યા હોઈ શકે?

શ્રીમદાચાર્યચરણ તો સેવાના ત્રણ પ્રકાર કયા હોઈ શકે તે સ્પષ્ટ કરતા નથી. આથી કેટલાક ટીકાકારો માનસી, તનુજા અને વિત્તજા એ ત્રણ પ્રકારની સેવામા ઉપર્યુકત ત્રણ ફળ બતાવે છે. પરંતુ એમનો એવો અભિપ્રાય કોઈપણ

રીતે સ્વીકારી શકાય નહીં. શ્રીહરિરાયજી મહાપ્રભુજીતો સ્પષ્ટપણે કહે છે કે 'સેવાફલમ્' માં મહાપ્રભુજી કેવળ માનસી સેવાના ફલરૂપે એ ત્રણ ફલનો નિર્દેશ કરે છે. કારણકે આપશ્રીએ આજ્ઞા કરી છે કે 'અમે જે રીતની સેવા કરેલી છે (યાદ્દશી સેવના પ્રોક્તા) એટલે કે અમે સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં જે જાતની સેવા કહી છે તે જ સેવા છે. અને તે સેવા તો માનસી સેવા જ છે. માનસી સા પરામતા । ચેતસ્તત પ્રવણં સેવા અને માનસી સા પરા મતા - એનો અર્થ સમજાય તો ત્રણ પ્રકારની સેવાના એ ત્રણ ફલ છે એવું કદી ન કહેવાય.

તો પછી ફલની ત્રિવિધતા શા માટે ? સેવા એક અને ફલ ત્રણ. એવું શા માટે ? આ યક્ષપ્રશ્નનું સમાધાન બે રીતે કરી શકાય.

(૧) સેવા એ ભાવાત્મક વસ્તુ હોઇ, ભાવની ત્રિવિધતા સાથે ફલની ત્રિવિધતા સંભવી શકે. પ્રભુમાં ચિત્ત પરોવ્યું - (અ) ગોપીજનોએ, (બ) ઉદ્ધવજી જેવા ઉત્તમ ભગવદીયોએ (અંતગૃહગતા ગોપીજનો પણ ખરાં) અને (ક) આપણા જેવા વૈષ્ણવોએ. પરંતુ એ ત્રણેના ભાવ દેખીતી રીતે જ જુદા છે. તેમના ભાવ પ્રમાણે સેવા ઉત્તમ, મધ્યમ અને સાધારણ કહી શકાય. એવું હોય તો જ, જે પ્રકારની, જે ભાવથી કરાયેલ સેવા હોય. તે પ્રમાણેનું ફલ મળી શકે ખરું. ઉત્તમનું ઉત્તમ ફલ; મધ્યમનું મધ્યમ ફલ અને સાધારણ સેવાનું સાધારણ ફલ.

(૨) સેવાની વિવિધતા ન બતાવતાં, સેવા કરનાર જીવન પ્રકારની વિવિધતા બતાવી શકાય. શ્રીમદાચાર્યચરણે સેવા અને ફલની જે વાત કહી છે તે પુષ્ટિ જીવો માટે છે. અને આપશ્રીએ પોતે પુષ્ટિ જીવોના બે પ્રકાર બતાવ્યા છે - (ક) શુદ્ધ પુષ્ટિ જીવ અને (ખ) મિશ્ર પુષ્ટિ જીવ.

પછી મિશ્ર પુષ્ટિજીવના ત્રણ પ્રકાર બતાવ્યા છે. (ક) પુષ્ટિ પુષ્ટિ જીવ (ખ) પુષ્ટિ મર્યાદા જીવ અને (ગ) પુષ્ટિ પ્રવાહી જીવ.

આ બધા પ્રકારના જીવોમાંથી શુદ્ધ પુષ્ટિ જીવો માટે તો સેવા સહજ સાધ્ય છે. અને તેથી તેમને માટે સેવાનું ઉત્તમોત્તમ ફલ પણ સહજ સાધ્ય છે. જ્યારે મિશ્ર પુષ્ટિ જીવો માટે સેવા સાધન અને ફલરૂપ છે. તેથી તેમને માટે

ફલની ત્રિવિધતાનો વિચાર કરી શકાય.

મિશ્ર પુષ્ટિ જીવોના ત્રણ પ્રકાર છે. આથી એવા જીવોની ત્રિવિધતા અનુસાર ફલની ત્રિવિધતા હોવી ઘટે. પરિણામે પુષ્ટિ પુષ્ટિ જીવને ઉત્તમ ફલ એટલે કે અલૌકિક સામર્થ્ય, પુષ્ટિ મર્યાદા જીવને મધ્યમ ફલ એટલે કે સાયુજ્ય અને પુષ્ટિ પ્રવાહી જીવને સાધરણ ફલ એટલે કે સેવોપયોગી દેહ ફલરૂપે પ્રાપ્ત થાય. જેથી કરીને તેઓ પોતપોતાની રીતે સેવા ચાલુ રાખી શકે. અને એ રીતે સેવાનું સાતત્ય જળવાતાં તેમને ભજનાનંદની પ્રાપ્તિ થાય.

એક વાત ખાસ યાદ રાખવાની છે અને તે એ કે ષોડશ ગ્રંથો સૂત્રાત્મક શૈલીમાં લખાયેલા છે. શ્રીમહાપ્રભુજીની ભાષા અને શૈલી સૂત્રાત્મક હોઈ આપશ્રીનો ભાવ સમજવાનું કાર્ય સાધારણ જીવો માટે બહુ મુશ્કેલ છે. એટલા માટે તો દરેક ગ્રંથ ઉપર અનેક ગોસ્વામી બાળકો અને અન્ય સાંપ્રદાયિક વિદ્વાનોએ વિસ્તૃત ટીકાઓ લખીને, જે તે ગ્રંથનો ભાવ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પરંતુ સેવાફલની ભાષા તો એટલી બધી સૂત્રાત્મક છે કે સ્વયં શ્રીમહાપ્રભુજીને તેના ઉપર સેવાફલ વિવરણમ્ નામની ટીકાની રચના કરવી પડી છે. આપશ્રીએ જો તેમ ન કર્યું હોત તો ઘણી સંદિગ્ધતાઓ રહી જવાનો સંભવ હતો. પરંતુ આપશ્રીએ કૃપા કરીને સેવાફલમ્ ગ્રંથનો ભાવાર્થ સેવાફલ વિવરણમ્માં સમજાવીને, એવી કોઈ સંદિગ્ધતાઓ માટે અવકાશ રહેવા દીધો નથી.

સામ્પ્રદાયિક માન્યતા પ્રમાણે, સેવાફલમ્ ગ્રંથની રચના શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ નિજ સેવક વિષ્ણુદાસ છિપાના આધ્યાત્મિક કલ્યાણ અર્થે કરી છે. તેના શ્રવણ માત્રથી જ સેવા, સેવાનું સ્વરૂપ, સેવાના ફળ અને સેવા આડે આવતા પ્રતિબંધોનો સમ્યક ખ્યાલ આવી જાય છે. પરંતુ એ ગ્રંથની ભાષા સૂત્રાત્મક હોઈને, વિષ્ણુદાસજી તેમનો ભાવ સમજી શકયા નહીં તેથી આપશ્રીએ એ ગ્રંથની ટીકા રૂપે સેવાફલ વિવરણમ્ની રચના કરી. અને તે ટીકા આપશ્રીએ વિષ્ણુદાસને સંભળાવી. તે સાંભળતાં જ તેઓને સ્વમાર્ગના બધા સિદ્ધાંતો અને શાસ્ત્રો તથા પુરાણોનું જ્ઞાન થયું એવું કહેવાય છે.

તો અહીં આપણે સેવાફલ વિવરણ ઉદ્ધૃત કરીશું - તેનો ભાવાર્થ આપીશું અને પછી તેના આધારે સેવાફલ ગ્રંથને સમજવાનો પ્રયત્ન કરીશું.

**અથ સેવા ફલ વિવરણમ્**

**સેવાયાં ફલત્રયમ (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય (૩) સેવોપયોગી દેહો વૈકણ્ઠાદિષુ ।। સેવાયાં પ્રતિબંધકત્રયમ્ (૧) ઉદ્વેગ (૨) પ્રતિબંધો (૩) ભોગો વા । ત્રયાણાં સાધન પરિત્યાગઃ કર્તવ્યઃ ।। ભોગો દ્વિવિધઃ (૧) લૌકિકઃ (૨) અલૌકિકશ્ચ । તત્ર લૌકિકસ્ત્યાજ્ય એવ । અલૌકિકસ્તુ ફલાનાં મધ્યે પ્રથમે પ્રવિશતિ ।। પ્રતિબંધોઽપિ દ્વિવિધઃ (૧) સાધારણો (૨) ભગવત્કૃતશ્ચેત તત્રાદ્યો બુદ્ધયા ત્યાજ્યઃ । ભગવત્કૃતશ્ચેત્ પ્રતિબંધસ્તદા ભગવાન ફલં ન દાસ્યતીતિ મન્તવ્યમ્ ।। તદાન્યસેવાપિ વ્યર્થા । તદાસુરોઽયં જીવ ઈતિ નિર્ધારઃ । તદા જ્ઞાન માર્ગેણ સ્થાતવ્યં શોકા ભાવાયેતિ વિવેકઃ ।। નનુ સાધરણો ભોગઃ કથં ત્યક્તવ્ય ઈત્યાંકાંક્ષાયામાહ સવિધ્નોઽલ્પો ઘાતકઃ સ્યાદિતિ । સવિધ્નત્વાદલ્પત્વાદ્ ભોગસ્ત્યાજ્યઃ । એતૌ પ્રતિબન્ધકૌ । દ્વિતિયો ભગવત્કૃત પ્રતિબંધઃ ।। જ્ઞાન સ્થિત્ય ભાવે ચિન્તાભાવાર્થમાહ દ્વિતિય ઈતિ । આદ્ય ફલા ભાવે ભગવતો દાતૃત્વં નાસ્તિ । તદા સેવા નાધિદૈવિકીત્યુકતં ભવતિ । ભોગાભાવસ્તદૈવ સિદ્ધયતિ યદા ગૃહપરિત્યાગઃ ।।**

**ભાવાર્થ :-** સેવામાં ત્રણ ફલ છે (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય અને (૩) વૈંકુઠ વગેરેમાં સેવા વિષે ઉપયોગી દેહ.

સેવામાં ત્રણ પ્રતિબંધ છે - (૧) ઉદ્વેગ (૨) પ્રતિબંધ (૩) ભોગ એ ત્રણનો સાધનથી પરિત્યાગ કરવો.

ભોગ બે પ્રકારનો છે - (૧) લૌકિક અને (૨) અલૌકિક. એમાં લૌકિક ભોગનો ત્યાગ જ કરવો. અલૌકિક ભોગ તો ફલોના મધ્યમાં પહેલાં ફળરૂપે પ્રવેશે છે.

પ્રતિબંધ પણ બે પ્રકારનો છે - (૧) સાધારણ અને (૨) ભગવાને કરેલો. એમાં સાધારણ પ્રતિબંધનો બુદ્ધિ વડે ત્યાગ કરવો. જો પ્રતિબંધ ભગવાને કરેલો હોય તો ભગવાન ફળ નહીં આપે એમ માનવું. ત્યારે અન્ય સેવા વ્યર્થ છે. આ આ જીવ આસુર છે એમ નક્કી જાણવું. અને એવે સમયે શોકની નિવૃત્તિ અર્થે જ્ઞાનમાર્ગમાં રહેવું.

વારુ ! સાધારણ ભોગનો કેવી રીતે ત્યાગ કરવો ? એવી આકાંક્ષામાં - તે સવિઘ્ન, અલ્પ, હન્તા છે એવું કહે છે. વિઘ્ન સાથે હોવાથી અને અલ્પપણું હોવાથી ભોગનો ત્યાગ કરવો. ''આ બે નડે સદા'' એમ ભોગ અને પ્રતિબંધ, એ બન્ને પ્રતિબંધ કરનાર છે. એમાં બીજો ભગવાને કરેલો પ્રતિબંધ છે.

જ્ઞાનની સ્થિતિના અભાવમાં ચિંતાની નિવૃત્તિ માટે 'બીજો' એમ કહે છે. ''પહેલા ફલનો અભાવ હોય ત્યારે ભગવાનનું દાતાપણું નથી. ત્યારે સેવા આધિદૈવિકી નથી એવું કહેવામાં આવે છે. જ્યારે ગૃહનો ત્યાગ કરવામાં આવે ત્યારે જ ભોગનો અભાવ સિદ્ધ થાય છે.

અને હવે સેવાફલ વિવરણમ્‌ની સહાયતાથી જો આપણે સેવાફલમ્ ગ્રંથને સમજવા પ્રયત્ન કરીશું તો તે સમજવામાં મુશ્કેલી નહીં પડે. કારણ કે તેમાં માત્ર બે જ મુદ્દા સમજવાના બાકી રહે છે (૧) સેવામાં ત્રણ ફળ કયા છે અને તેમનું સ્વરૂપ કેવું છે ? (૨) એ ફલપ્રાપ્તિના માર્ગમાં બાધકો પણ ત્રણ છે. તેમાનાં કેટલાક બાધકો ત્યાગ કરવા યોગ્ય છે. કોઈ બાધકનો ત્યાગ કરી શકતો નથી અને કોઈક બાધક તો પોતે ભક્તિવર્ધક અથવા સેવાના ફલરૂપે હોઈ તે બાધક ગણતાં નથી. તેથી તેના ત્યાગનો પ્રશ્ન રહેતો નથી.

શ્રીમદાચાર્યચરણ સેવાફલમ્‌માં આજ્ઞા કરે છે -

**યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે ।।**
**અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃ સિધ્યેન્ મનોરથઃ ।।૧।।**
**ફલં વા હ્યધિકારો વા ન કાલો-ऽત્ર નિયામકઃ ।।**

**શ્લોકાર્થ :-** અમે (સિદ્ધાંત મુક્તાવલીમાં) જે રીતની સેવા કહેલી છે તે સિદ્ધ થતાં તેનાં ફલ અમે કહીએ છીએ.

અલૌકિક દાન (ફળ)માં પ્રથમ (૧) શ્રેષ્ઠ મનોરથ સિદ્ધ થાય, (૨) ફલ સિદ્ધ થાય (૩) અધિકાર સિદ્ધ થાય. આમાં કાલ નિયામક નથી.

આ દોઢ શ્લોકને આપશ્રીએ સેવાફલ વિવરણમાં વધુ સ્પષ્ટ કરીને કહી છે. આપશ્રી આજ્ઞા કરે છે - ''સેવામા ત્રણ ફળ છે (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠ આદિમાં સેવોપયોગી દેહ. આ ત્રણે ફલો જ્યારે પ્રભુ કૃપા કરીને અલૌકિક દાન કરે અર્થાત્ અનુગ્રહ કરે ત્યારે જ સિદ્ધ થાય છે. તેમાં કાળ નિયામક નથી. એટલે કે તમો સેવા કરતાં રહો તો કાળે કરીને તમારી સેવાના ફલરૂપે આ ત્રણ ફલમાંથી કોઈ ફલ તમને આપોઆપ પ્રાપ્ત થશે જ એવું કદી ન માનવું. પ્રભુ પોતાના ભક્તોને તેમની સેવાનું ફલ આપવામાં પણ પોતાના અનુગ્રહ સિવાય બીજા કશાને નિયામક ઠરાવતા નથી.

આ રીતે સ્વયં મહાપ્રભુજીએ સેવામાં ત્રણ ફળ બતાવ્યાં છે. (૧) અલૌકિક સામર્થ્ય - ઉત્તમ ફળ (૨) સાયુજ્ય-મધ્યમ ફળ અને (૩) સેવોપયોગી દેહ - સામાન્ય ફળ. આ ત્રણે પ્રકારનાં ફલનું સ્વરૂપ સમજી લેવું ઘટે. જુદા જુદા ભગવદીયોએ પોતપોતાના દષ્ટિબિંદુથી તે સમજાવ્યું છે. તે સમજી લેવાનું આપણે માટે અત્યંત આવશ્યક છે.

આગળ કહ્યું તેમ, ''મિશ્રપુષ્ટિ જીવોના ત્રણ પ્રકાર છે - (૧) પુષ્ટિ પ્રવાહી જીવ (૨) પુષ્ટિ મર્યાદા જીવ અને (૩) પુષ્ટિ પુષ્ટિ જીવ.

પુષ્ટિ પ્રવાહી જીવ પણ પુષ્ટિ જીવ છે. પરંતુ તેના પુષ્ટિભાવમાં પ્રવાહી જીવ ભળી ગયેલો છે. પ્રભુ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ કરતાં, પ્રભુના સ્વરૂપમાં બાહ્ય કાર્યોની સેવા પ્રત્યે તેનો અનુરાગ વધુ હોય છે. પ્રભુના સ્વરૂપમાં પરોવાઈ રહેવાને બદલે બાહ્ય ક્રિયાત્મક સેવામાં તેનું મન વિશેષ રમતું રહે છે. પરિણામે આવા ભક્તોને અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે, જેથી વૈકુંઠ આદિ લીલાસ્થાનોમાં ભગવાનના પાર્ષદો તરીકે તેઓ ભગવાનની સેવા કરી શકે. તેમની સેવામાં કેવળ દાસ્યભાવ રહેલો હોય છે. એક દાસ જે રીતે પોતાના માલિકના દેહની, ઘરની તથા અન્ય પ્રકારની બહારની સેવામાં રત રહે છે તે પ્રમાણે તે પ્રભુની બાહ્ય સેવામાં રત રહે છે.

એનાથી ચઢિયાતા એવા જીવો પુષ્ટિમર્યાદા જીવો છે. આવા જીવો જ્ઞાની જીવો હોય છે. પરંતુ તેઓ જ્ઞાની ભક્તો હોય છે. શુષ્ક જ્ઞાનમાર્ગી જીવો કરતાં તેમનામાં એક વધુ વિશેષતા હોય છે. અને તે એ કે તેઓ સર્વજ્ઞ હોય છે. તેઓ પ્રભુના અસાધારણ એવા ષડગુણો (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) પ્રત્યે આકર્ષાયેલા હોઈ, પ્રભુમાં આસક્ત બની જઈને, તેઓ પ્રભુસેવા કરતા હોય છે. આથી સેવાના ફલરૂપે તેઓ પ્રભુમાં સાયુજ્ય પામે છે. અલબત્ત તેમનું સાયુજ્ય કોરાજ્ઞાનમાર્ગીયના સાયુજ્ય કરતાં તદ્દન જુદું હોય છે.

તેમનાથી પણ ઉત્તમ પ્રકારના જીવો પુષ્ટિપુષ્ટિ જીવો છે. ભગવાન કયારેક પોતાના લીલા સેવકોમાંથી કોઈને, તો કયારેક તેમના અહંકારને કારણે તેમને શાપ અપાવીને અથવા બીજી કોઈ રીતે (આજ્ઞા કરીને) નિજ લીલા કાર્યની સિદ્ધિ અર્થે ભૂતલ ઉપર મોકલે છે. આવા ભક્તો અવતારી પુરુષો હોય છે.

આપણને કદાચ એવી શંકા થાય કે પ્રભુના લીલા સેવકોને અહંકાર કેવી રીતે થાય ? તો તેનો જવાબ એ છે કે અહંકાર સૂક્ષ્માતિસૂક્ષ્મ મનોભાવ છે. વ્રજ ગોપાંગનાઓ કે જે શુદ્ધ પુષ્ટિ જીવો છે અને પ્રભુના પરિકરમાં જે સર્વશ્રેષ્ઠ છે તેમને પણ સૂક્ષ્મ એવો અહંકાર થયો હતો. તેથી પ્રભુને તેમની વચ્ચેથી અદશ્ય થવું પડયું હતું. તો આ તપો મિશ્ર પુષ્ટિ જીવો છે તેમને પણ અહંકાર થાય. અથવા કયારેક એમ પણ બને કે પ્રભુને પોતાની બહિરંગ લીલાના પોષણ અર્થે કોઈ અવતારી પુરુષને ભૂતલ ઉપર મોકલવા હોય ત્યારે નિજ લીલાના પોષણ અર્થે કોઈ અવતારી પુરુષને ભૂતલ ઉપર મોકલવા હોય ત્યારે નિજ લીલા સેવકોમાંથી કોઈ ભાગ્યશાળી જીવને તે પૃથ્વી ઉપર મોકલી આપે છે.

એવા પુષ્ટિ પુષ્ટિ જીવને સેવાના ફલ રૂપે અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ થાય છે. અલૌકિક સામર્થ્ય યુકત એવા એ જીવો ભગવાન જેટલાં જ સામર્થ્યવાન હોય છે. પ્રભુની લીલામાં તેઓ સદાકાળ પ્રભુની સાથે રહેતા હોય છે. તેઓ પ્રભુથી જુદા છે. એવુ તેમને માટે ન કહી શકાય, એવા ઉત્તમ પ્રકારના એ જીવો છે.

હવે આ જ વાત બીજી રીતે વિચારવામાં આવી છે. પુષ્ટિમાર્ગીય સેવા જ્યારે સિધ્ધ થાય ત્યારે તેનાં ઉપર પ્રમાણે ત્રણ ફળ મળે છે.

તેમાં પ્રથમ અને સર્વોત્તમ ફળ છે અલૌકિક સામર્થ્ય. તેનો અર્થ એ કે ભગવાન્‌ની સાથે તેના મુખ્ય ભક્તોની માફક પોતાની ઈચ્છા પ્રમાણે ક્રિડા કરવાનું સામર્થ્ય. આ પ્રથમ ફલ તો અલૌકિક છે. એવા ફલનો ભોકતા તો કોઈક વિરલ ભગવદીય જ હોય એમાં લેશમાત્ર શંકા નથી. ભગવાન પોતે તેની ઈચ્છાને આધીન બનીને તેની સાથે ક્રીડા કરે તેનું નામ અલૌકિક સામર્થ્ય.

તૈતરીય ઉપનિષદમાં કહ્યું છે કે ''સાઙશ્રુતે સર્વાન્કામાન્સહ બ્રહ્મણા વિપશ્ચિતા'' અર્થાત્ એવો એ ઉત્તમ ભગવદીય, વિવિધ રસ ભોગ ચતુર ભગવાન (બ્રહ્મ)ની સાથે સર્વ કામોનો ઉપભોગ કરે છે. એ છે એનું અલૌકિક સામર્થ્ય. આમાં બ્રહ્મ ગૌણ બની જાય છે. અને ભક્તને પ્રાધાન્ય મળે છે. આમાં ભગવાન ભક્તને વશ બની જાય છે. શુધ્ધ પુષ્ટિમાર્ગ સિવાય અન્ય કોઈપણ સ્વરૂપે પ્રભુએ ભક્તની શ્રેષ્ઠતા અને પોતાની પરાધિનતાનો સ્વીકાર કર્યો નથી.

સકલ વિશ્વના જીવમાત્રને પોતાની ઈચ્છાનુસાર નચાવનાર નટવરને ગોપીજનોએ નચાવ્યો. ગોપીજનોનું એ સામર્થ્ય, અલૌકિક સામર્થ્ય કહેવાય. સમસ્ત જગતને પોતાની માયામાં બાંધનાર બાલકૃષ્ણને માતા જશોદાએ દોરડાં વડે બાંધ્યો. અને તે બંધાયો પણ ખરો. ભગવાનને દોરડાં વડે બાંધવાના ભક્તના આવા સામર્થ્યને આપણે કેવી રીતે ઓળખાવીશું ? એ તો અલૌકિક સામર્થ્ય એટલે કે ભગવાનને પણ પરાધીન બનાવતું સામર્થ્ય. એવું સામર્થ્ય તો હોય કોક ગોપીજનોમાં (શુધ્ધ પુષ્ટિ જીવ) અથવા કોક માતા જશોદામાં (પુષ્ટિ પુષ્ટિ જીવમાં).

એ ગોપીજનોએ કે એ માતા જશોદાએ એવું સામર્થ્ય મેળવવા માટે શું કર્યું હતું ? કેવળ સેવા કરી હતી. કૃષ્ણના સ્વરૂપમાં તન્મય બનીને તેમણે સદાકાળ તેની સેવા કરી હતી. તેમનું એ સામર્થ્ય, સેવાની મધ્યે હતું. સેવાને અંતે હતું અને સદાકાળ સેવાની સાથે હતું. તેમની સેવા અને તેમનું અલૌકિક સામર્થ્ય બન્ને વસ્તુતઃ એક હતાં. સેવાનું ફળ સેવા જ હતું. અલૌકિક સામર્થ્ય

એટલે પ્રભુની સેવા કરવા માટે અને પ્રભુને પરવશ બનાવવા માટે સદાકાળ સેવા કરતા રહેવાનું, સદાકાળ કૃષ્ણમાં ચિત્ત પરોવી રાખવાનું સામર્થ્ય.

અલૌકિક સામર્થ્યનું એક બીજું દૃષ્ટાંત જોઈએ. રસના બે પ્રકાર છે– સંયોગ અને વિપ્રયોગ. વિપ્રયોગના અનુભવ વગર સંયોગ રસના અનુભવનો સ્વાદ ન સમજાય. એટલા માટે સેવાના ઉત્તમ ફલ રૂપે પ્રભુ નિજ ભક્તને વિપ્રયોગનું દાન કરે છે.

વિપ્રયોગ એટલે વિરહાગ્નિ. વિરહનો અગ્નિ પ્રલયના અગ્નિ કરતાં અનેક ઘણો અસહ્ય હોય છે. સામાન્ય માણસ પોતાના આ પ્રાકૃતિક દેહ વડે એ વિરહાગ્નિને સહન ન કરી શકે. તેથી પ્રભુ તેને અલૌકિક દેહનું દાન કરે છે. અર્થાત્ પ્રભુ તેના દેહમાં નિજ સ્વરૂપનું સ્થાપન કરે છે. તેમ થતાં, તેનો એ માનવ દેહ, વિરહાગ્નિને સહન કરવાનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરે છે.

કૃષ્ણવિરહમાં પણ વ્રજાંગનાઓનો દેહ તો કાયમ રહે છે. શા માટે? તેમના હૃદયમાં તેમનો પ્રાણપ્રિય કાનુડો સ્થિત હતો એટલા માટે જ તો. ગોપીજનો અંતરથી કૃષ્ણ સ્વરૂપ બની ગઈ હતી તેથી બાહ્ય વિયોગના અસહ્ય તાપને પણ સહન કરવાનું સામર્થ્ય તેમનામાં આવી ગયું હતું. વિયોગિની ગોપીકાઓ, કૃષ્ણ વિરહમાં, પોતે જ જાણે કૃષ્ણ ન હોય તે રીતે, કૃષ્ણની લીલાઓનું અનુકરણ કરતી હતી. તેઓ સદૈવ કૃષ્ણલીલાનું રટણ, ચિંતન, સ્મરણ, આલાપ, પ્રલાપ કર્યા જ કરતી હતી. તે જોઈને ઉદ્ધવજી જેવા જ્ઞાની ભક્ત પણ સાચા પ્રેમી ભક્ત બની ગયા. વિરહાગ્નિને સહન કરવાનું ગોપીઓનું એ સામર્થ્ય એટલે જ અલૌકિક સામર્થ્ય.

અલૌકિક સામર્થ્યનું ત્રીજું દૃષ્ટાંત. શ્રીમદાચાર્યચરણે પ્રેમની આંતરિક મનોદશાની ઉત્તરોતર ત્રણ કક્ષાઓ વર્ણવી છે. યથા પ્રેમ, આસક્તિ અને વ્યસન - તતઃ પ્રેમ તથાસક્તિ ર્વ્યસનં ચ યદા ભવેત્ । આમાં વ્યસન દશા એટલે ભગવદ્ સ્વરૂપના આનંદની મનોદશા. એ છે ભગવદ્ સ્વરૂપનો તાપ કલેશાત્મક ભાવ. એવો ભાવ હતો રાજા આશકરણને; ભક્તરાજ ગર્જ્જન ધાવનને કે મહાપ્રભુ શ્રીચૈતન્યદેવને. પરિણામે વ્યસન કક્ષાએ પહોંચેલ એ પુષ્ટિ ભક્તોને વશ ભગવાન પોતે બની ગયા. તેમના સામર્થ્યની શી વાત કરવી ?

તેમનું સામર્થ્ય લૌકિક શી રીતે હોઈ શકે ? તેમનામાં અલૌકિક સામર્થ્ય હતું. એટલા માટે તો પ્રભુ માટે સિદ્ધ કરવામાં આવેલી સામગ્રી, સ્વયં શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ (શ્રીગુસાંઈજી)ની આજ્ઞાથી, રાજા આશકરણને આરોગાવવામાં આવતી હતી. અને સ્વયં શ્રીમહાપ્રભુજીએ અક્કાજીને એવી આજ્ઞા કરી હતી કે પ્રભુ માટે સિદ્ધ કરી રાખેલ સામગ્રી ચૈતન્યદેવને ધરી દો. તેમના હૃદયમાં સ્થિત પ્રભુ તે આરોગશે. એ રીતે પ્રભુ તે સામગ્રીનો અંગીકાર કરશે. ગજ્જન ધાવન વગર પ્રભુ ભૂખ્યા રહેતા; પ્રભુ ભોગ ન આરોગતા. આવુ શા માટે ? એટલા માટે કે આ બધા ભક્તોને અલૌકિક સામર્થ્ય રૂપી ઉત્તમ ફલ સિદ્ધ થયું હતું.

અલૌકિક સામર્થ્યનું એક વધુ દૃષ્ટાંત શ્રીમદ્ ભાગવતમાંથી લઈશું. ગંગા કિનારે શ્રીશુકદેવજી, રાજા પરીક્ષિતને હરિ કથામૃતનું પાન કરાવે છે. રાજા એક ચિત્તે તેનું રસપાન કરે છે. તેઓ નિજ દેહધર્મો ભૂલી ગયા છે. તેમને નથી ભૂખ કે નથી તરસ. દેહને તો ભૂખ અને તરસ લાગે જ. તે ન સંતોષાય તો દેહ દુર્બલ બને. પરંતુ રાજાનો દેહ તો રોજબરોજ વધુને વધુ શક્તિશાળી બનતો જાય છે. રાજા ભોજન તો નથી લેતા પરંતુ તેમણે જલપાનનો પણ ત્યાગ કર્યો છે. તેઓ કહે છે –

**નૈષાતિ દુઃસહાક્ષુન્માં ત્યક્તાદમપિ બાધતે ।**
**પિબન્તં ત્વન્મુખામ્ભોજચ્યુતં હરિકથામૃતમ્ ॥**

સેવા (કથા) દરમ્યાન પ્રભુમાં તન્મયતા થતાં, દેહને તેના ભૂખ, તરસ, ઊંઘ આદિ ધર્મો બાધા ન કરે તેનું નામ અલૌકિક સામર્થ્ય.

સેવાનું બીજું મધ્યમ ફળ છે સાયુજ્ય. સાયુજ્ય શબ્દની વ્યુત્પત્તિ આ રીતે કરવામાં આવી છે – **સહ યુનક્તિ ઈતિ સયુક્ત સયુજઃ ભાવઃ સાયુજ્યમ્ ।** અર્થાત્ અંતર્ગૃહગતા ગોપીજનોની માફક કે ગોપોની માફક સદા શ્રીકૃષ્ણની સાથે સંયોગાત્મક રસનો અનુભવ કરવો તેનું નામ સાયુજ્ય.

અહીં સાયુજ્ય શબ્દોનો અર્થ સારી રીતે સમજી લેવાની જરૂર છે. મુક્તિના ચાર પ્રકારોમાં – સાલોક્ય, સારૂપ્ય, સાયુજ્ય, સામિપ્યમાં – સાયુજ્ય પ્રકારની મુક્તિનો સમાવેશ થાય છે. સાયુજ્ય મુક્તિમાં જીવનો પરમાત્મમાં લય

થઈ જાય છે. જીવની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થઈ છે અને અંતે બ્રહ્મમાં જ તેનો લય થાય છે તેનું નામ સાયુજ્ય.

પરંતુ પુષ્ટિ ભક્તિમાર્ગમાં સાયુજ્યનો આવો અર્થ થતો નથી. પુષ્ટિ ભક્ત ભગવાન્‌માં લય પામવા ઈચ્છતો નથી. આવી મુક્તિ પુષ્ટિ ભક્તને ન ખપે. તે માગે તે ભક્ત અને ભગવાન્‌નું દ્વૈત. અને એવા દ્વૈતમાં ભગવાન સાથે સંયોગરસનો સદા સર્વદા અનુભવ.

પુષ્ટિ ભક્તોનું સાયુજ્ય શ્રીપુરુષોત્તમમાં થાય છે. જ્યારે જ્ઞાનમાર્ગીઓનું સાયુજ્ય અક્ષર પુરુષોત્તમમાં થાય છે. અક્ષર બ્રહ્મમાં સાયુજ્ય એટલે જીવ અને બ્રહ્મમાં ભેદનો સર્વથા અભાવ. તે બન્નેની અલગ સ્થિતિ ક્યારેય ન થાય. પરંતુ પૂર્ણ પુરુષોત્તમમાં સાયુજ્ય એટલે જીવનો બ્રહ્મમાં લય તો થાય પરંતુ તેમ છતાં જીવને પૂર્ણાનંદ, અગણિતાનંદનો અનુભવ થાય. અને ક્યારેક ક્યારેક પૂર્ણ પુરુષોત્તમ કૃપા કરીને એવા જીવને પોતાનામાંથી બહાર પ્રકટાવી તેને નિજ લીલારસનો અનુભવ કરાવે છે.

જો અલૌકિક સામર્થ્ય ઉત્તમ ફલ હોય તો સાયુજ્યને મધ્યમ ફલ માનવું રહ્યું. અલૌકિક સામર્થ્યમાં ભગવાન ભક્તને આધીન થઈ તેને રસાનુભવ કરાવે છે. જ્યારે સાયુજ્યમાં ભગવાન સ્વેચ્છાએ ભકતને રસાનુભવ કરાવે છે.

ગો.શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ બે પ્રકારના ફલો વચ્ચેનું તારતમ્ય (ભેદ) આ રીતે બતાવ્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે કે અલૌકિક સામર્થ્યમાં ભગવાન ભક્તના હૃદયમાં પધારે છે અને સાયુજ્યમાં ભક્ત ભગવાનના હૃદયમાં સ્થિતિ કરે છે. જેમ કે રાસમંડલની ગોપીકાઓને અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયું હતું. કારણ કે ભગવાન્ પોતે તેમના હૃદયમાં પધાર્યા હતા. જ્યારે અંતર્ગૃહગતા ગોપીજનોને સાયુજ્ય ફલ પ્રાપ્ત થયું હતું. કારણ કે તેઓ પોતે ભગવાનના હૃદયમાં પ્રવેશી ત્યાં જ સ્થિર થઈ ગઈ હતી. આથી ગો.શ્રીપુરુષોત્તમજીના આશય પ્રમાણે સાયુજ્યનો અર્થ ભગવદ્ સ્વરૂપમાં લય પામવાની સ્થિતિ એવો થાય. પરંતુ આવા પુષ્ટિ સાયુજ્યમાં શ્રીપૂર્ણ પુરુષોત્તમ સ્વેચ્છાથી નિજ કૃપા વડે કરીને જીવને અલગ સ્થિતિ આપીને, તેને સ્વરૂપાનંદ કરાવે છે. અર્થાત્ ભગવાન્ સ્વેચ્છાએ સ્વપ્રવિષ્ઠ ભક્તને બહાર કાઢીને તેને

સ્વરૂપાનંદનો આસ્વાદ કરાવે છે તેનું નામ સાયુજ્ય.

**દ્વા સુપર્ણા સયુજા સખાયા** એ શ્રુતિ વાકયમાં જીવાત્મા અને પરમાત્માને સયુજા એટલે સાથીદાર તરીકે વર્ણવ્યા છે. પરસ્પરનો એ સાથ એનું નામ જ સાયુજ્ય.

સેવાનું ત્રીજું ફલ છે વૈકુંઠાદિકમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ. વૈકુંઠ એ ભગવાન્નું ક્રીડા કરવાનું સ્થળ છે. આ પૃથ્વી ઉપર ભગવાન લીલા કરવા દેહ ધારણ કરીને પધારે ત્યારે તેમની લીલાનાં જે જે સ્થળે હોય તે બધાનો સમાવેશ વૈકુંઠાદિ શબ્દમાં થઈ જાય છે. અર્થાત્ શ્રીવૃંદાવન, ગોકુલ, મથુરા આદિ સ્થળો માટે વૈકુંઠાદિ શબ્દોનો પ્રયોગ કર્યો છે. એવાં સ્થળોમાં અથવા તેમની સમીપમાં કોઈપણ રીતે જીવની સ્થિતિ થાય તેનું નામ સેવોપયોગી દેહની પ્રાપ્તિ. અર્થાત્ વૃંદાવન આદિમાં પશુ, પક્ષી, લતા, ગુલ્મ કે વૃક્ષાદિનો દેહ પ્રાપ્ત થાય તો.

શ્રીમદ્ ભાગવતના 'ધન્યા સ્મ મૂઢમતયોપિ હરિણ્ય એતા' - એ શ્લોકમાં જણાવેલાં એ બધા હરણ જેવાં પશુઓ; ''પ્રાયોબતાવ વિહગા મૂનયો વનેડસ્મિન'' એ શ્લોકમાં વર્ણવેલા પક્ષીઓ; અને ''આસામહો ચરણરેણુ જુષામહં સ્યાં વૃંદાવને કિમપી ગુલ્મ લતૌષધિનામ્'' - એ શ્લોકમાં જણાવેલા લતા અને ગુલ્મો અને ''વૈષ્ણવા વૈ વનસ્પતયઃ'' એ શબ્દો દ્વારા વર્ણવેલાં વૃક્ષો અર્થાત ભગવદ્ ક્રીડાના સ્થળોમાં રહેલી કોઈ પણ જડ-ચેતન વસ્તુ, અલોકિક, નિત્ય અને સ્વરૂપાત્મક હોઈ તે ભજનાનંદનો અનુભવ કરી શકે છે. એવા કોઈપણ દેહની પ્રાપ્તિ થાય એટલે સેવોપયોગી દેહની પ્રાપ્તિ થઈ એમ કહેવાય.

સેવોપયોગી દેહની પ્રાપ્તિ એ ત્રીજું એટલે કે સાધારણ ફલ છે. સાધારણ જીવ-પુષ્ટિ પ્રવાહી જીવ- નો સાક્ષાત સેવામાં અધિકાર નથી. તે તો ક્રિયામાં રત રહે છે. સાક્ષાત સેવાનો અધિકાર તેને પ્રાપ્ત થયો ન હોઈ પ્રભુ સાથે તેને બાહ્ય રમણો આનંદ તો મળે છે. પરંતુ સ્વરૂપાનંદ કે ભજનાનંદની પ્રાપ્તિ થતી નથી. આથી એવા ભકતને શ્રીગોકુલ વૃંદાવન આદિ લીલાસ્થાનોમાં પશુ,

પક્ષી, લતા, વૃક્ષાદિનો દેહ આપીને તેને પ્રભુની લીલાનું અહર્નિશ નિરક્ષણ કરવા દેવામાં આવે છે. એવો દેહ અપ્રાકૃત દેહ ગણાય. વૃંદાવન મથુરાદિનાં પશુ-પક્ષી, વેલી, વૃક્ષ અન્ય સ્થળોનાં પશુપક્ષી, વેલી, વૃક્ષો જેવાં પ્રાકૃત દેહધારી નથી. એટલા માટે તો ઉદ્ધવજી જેવો પરમ ભક્ત પણ ગોકુલ વૃંદાવનાદિમાં વૃક્ષ લતાદિના દેહની પ્રાપ્તિની ઝંખના વ્યક્ત કરી છે.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે સેવામાં આ ત્રણ ફળ છે. સેવાની સિદ્ધિ થતાં, એ ત્રણમાંથી કોઈ એક ફલ ભક્તને તેની સેવાના ભાવ અનુસાર પ્રભુ કૃપાથી પ્રાપ્ત થાય છે. પરંતુ સાથસાથ આપશ્રી એવી પણ આજ્ઞા કરે છે કે 'ન કાલોત્ર નિયામક' અર્થાત એવી ફલ પ્રાપ્તિમાં કાળ (સમય) નિયામક નથી. એનો અર્થ એ થયો કે એ ત્રણમાંથી કોઈ પણ પ્રકારના ફલની પ્રાપ્તિનો આધાર કાળ અથવા સમય-સત્યુગ, દ્વાપર, ત્રેતા આદિ - ન બની શકે એટલે કે સત્યુગ આદિ કાળમાં સેવા કરો તો કાળે કરીને આપોઆપ કાંઈ નહીં તો છેવટે ત્રીજું એટલે કે સાધારણ ફલ પણ પ્રાપ્ત થાય જ એવું કદી ન માનવું.

ફલપ્રાપ્તિમાં કાલની કોઈ સત્તા નથી. ફલપ્રાપ્તિ તો અનુગ્રહ - સાધ્ય વસ્તુ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા વિચારો -

**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગ નિયામક ઈતિ સ્થિતિઃ** - અર્થાત્ પુષ્ટિમાર્ગમાં કેવળ ભગવદ્ અનુગ્રહ જ એક માત્ર નિયામક છે. અન્ય કશું નહીં.

આ રીતે સેવામાં ત્રણ ફલ છે. સેવાની સિદ્ધિ થતાં એ ત્રણ ફલ મળે છે. પરંતુ એ ફલની પ્રાપ્તિના માર્ગમાં ત્રણ વસ્તુઓ બાધારૂપ છે એવી આજ્ઞા પણ આપશ્રી કરે છે.

**ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્ તુ બાધકમ્ ।।૨।।**

એટલે કે સેવામાં પ્રવૃત્ત થયેલા ભક્તને ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ એ ત્રણ બાધારૂપ છે. અને બાધકોમાં પરિત્યાગો એટલે એ બાધકોનો પરિત્યાગ કરવો એવી આપશ્રીની આજ્ઞા છે.

આપણે આગળ જોયું તેમ સેવામાં ત્રણ ફળ મળવામાં ભગવદ્ અનુગ્રહ જ નિયામક છે. અને ભગવદ્ અનુગ્રહ અહૈતુકી હોય છે. ભગવદ્

અનુગ્રહના માર્ગમાં કશુ પણ બાધારૂપ ન હોઈ શકે. તો પછી આવી આજ્ઞા શા માટે ? આ શંકાનું પણ સર્વમાન્ય સમાધાન ભગવદીયોએ કરેલું છે.

ઉપર્યુક્ત ત્રણ બાધકો - ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ-ફલપ્રાપ્તિના માર્ગમાં આડે આવે છે એવું આપણે સમજવાનું નથી. જ્યાં સાધન અને સાધ્ય, સાધન અને ફલ એકરૂપ હોય ત્યાં ફલને સેવાથી જુદા પાડવાનું શકય નથી. સેવાનું ફલ સેવા છે. તેથી આ ત્રણ બાધકો ફલપ્રાપ્તિના માર્ગમાં બાધારૂપ નહીં પરંતુ સેવાના માર્ગમાં બાધક છે એમ સમજવું.

ભક્ત પ્રભુની સેવા કરવા ઈચ્છે છે. ભગવદ્ અનુગ્રહ થાય તો જ તે સેવા કરી શકે. અન્યથા તેની સેવાના માર્ગમાં આ ત્રણ બાધકો આડે આવે. તેમ થતાં ભક્ત સેવા ન કરી શકે.

પ્રભુમાં ચિત્ત પરોવી દેવું તેનું નામ સેવા. પરંતુ જો સેવા કરનારનું મન ઉદ્વેગનો અનુભવ કરતું હોય તો તે ચિત્ત ચોટાડીને કેવી રીતે સેવા કરી શકે? ટૂંકમાં જેનું મન ઉદ્વેગથી ભરેલું હોય તે સેવા ન કરી શકે. એટલા માટે ઉદ્વેગને સેવામાં બાધક ગણવામાં આવ્યો છે.

હવે આપણે એ ત્રણે બાધકોના સ્વરૂપનો, તેમને વિશેષ પ્રકારો સહિત વિચાર કરીશું.

ઉદ્વેગ એટલે ચિત્તનો ખળભળાટ. ઉદ્વેગ એટલે ચિંતા - ચિંતા યુકત મન વડે સેવા ન થઈ શકે. ચિંતાનો સર્વથા ત્યાગ કરવો. નવરત્નમ્ અને અંતઃકરણ પ્રબોધ નામે ગ્રંથોમાં આપશ્રીએ આજ્ઞા કર્યા પ્રમાણે ચિંતાનો ત્યાગ કરવો જોઈએ. તેમ છતાં, જીવ, સ્વપ્રયત્ને કોઈ પણ રીતે, ચિંતાનો ત્યાગ ન જ કરી શકે અને તેનું ચિત્ત સદૈવ ચિંતાગ્રસ્ત જ રહે તો પણ તેણે સેવા તો ચાલુ રાખવીજ. જેવી બને તેવી સેવા કરતા રહેવું. અંતે તો પ્રભુ કૃપા કરીને તેની ચિંતા દૂર કરશે અને તેની સેવાનો સ્વીકાર કરશે એવો ભાવ રાખવો.

ચિંતા બે પ્રકારની હોઈ શકે - લૌકિક અને અલૌકિક. ધંધો બરોબર ચાલતો નથી; આવતી કાલે ખાવા માટે અન્નનો દાણો ઘરમાં નથી; પરીક્ષા નજીક આવી રહી છે પરંતુ તેની તૈયારી થઈ શકી નથી. આવા પ્રકારની ચિંતાને

લૌકિક ચિંતા કહે છે.

બીજી બાજુ મારે પ્રભુ સેવા તો કરવી છે. પરંતુ સેવા કેવી રીતે કરવી તેની મને ખબર નથી. સેવા કરતાં કદાચ સ્વમાર્ગની રીતે સેવા ન થાય તો હું દોષમાં પડીશ. મારે પણ પ્રભુને ભોગ ધરાવવો છે; ઉત્તમ ધાગા-વસ્ત્ર અને અલંકારથી પ્રભુને શણગારવા છે. અને મારી પાસે જરૂરી સંપત્તિ પણ છે, પરંતુ સ્વાસ્થ્ય નથી. તેથી મારો આ મનોરથ કેવી રીતે સિદ્ધ થઈ શકશે. આવા પ્રકારની ચિંતાને અલૌકિક ચિંતા કહેવાય.

અલૌકિક ચિંતા સેવામાં બાધક નથી, તે તો પ્રભુ પ્રત્યેના પ્રેમથી ઉદ્ભવે છે. તેથી તે ભક્તિની પોષક છે. અને તે સેવાની સિદ્ધિ કરનારી છે. તે કોઈપણ રીતે બાધક નથી. માટે એ પ્રકારની ચિંતા ત્યજી દેવાની નથી.

પરંતુ લૌકિક ચિંતાનો સર્વથા સર્વ પ્રકારે ત્યાગ કરવો.

શ્રીકલ્યાણરાયજીના મત પ્રમાણે સેવા થતી હોય ત્યારે મનને અન્યત્ર જવાની ઈચ્છા થાય તેનું નામ ઉદ્વેગ. એ જોતાં ઉદ્વેગ એ મનનો ધર્મ છે. મનનું ભગવાન્ સિવાય અન્યત્ર ગમન થાય તેનું નામ ઉદ્વેગ. એવા ઉદ્વેગને કારણે સેવામાં સ્થિરતા ન રહે. બહિર્મુખતા સધાય. ઉદ્વેગના આવા સ્વરૂપને નીચેના દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાય.

એક સદ્ગૃહસ્થ બહુ ઠાઠમાઠથી સેવા કરતા હતા. પ્રભુની સેવાનાં બધાં ઉપકરણો તૈયાર હતાં. સેવા ચાલતી હતી. તે દરમ્યાન તેમને યાદ આવ્યું કે પોતે મોચીને સીવવા આપેલ જોડા લેવા જવાનો વાયદો આજનો છે. આથી તેમણે ઝડપથી સેવા પતાવવા માંડી. તે સમયે બહારથી કોઈકે પૂછ્યું, 'ફલાણા શેઠ ઘરમાં છે?' શેઠની પુત્રવધુ ભગવદીય હતી. તેણે જવાબ આપ્યો, ''મારા સસરાજી મોચીને ઘેર જોડા લેવા ગયા છે.''

પુત્રવધૂના જવાબનો મર્મ શેઠ સમજી ગયા. જ્યાં આપણું મન ત્યાં આપણે છીએ. તેઓ શરીરથી તો ઘરમાં હતા. પરંતુ તેમનું મન મોચીને ઘેર હતું. આનું નામ ઉદ્વેગ. તે ભક્તને સેવામાંથી બહિર્મુખ બનાવે. આથી શ્રીમહાપ્રભુજી ઉદ્વેગનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે.

પ્રતિબંધ એ બીજું બાધક છે. પ્રતિબંધ એટલે અટકાયત. સેવા કરતાં જે વસ્તુ આપણને અટકાવે તેને પ્રતિબંધ કહેવાય. પ્રતિબંધ બે પ્રકારનો છે - (૧) ભગવદ્ કૃત અને (૨) સાધારણ.

ભગવાન્‌ની ઈચ્છા જ્યારે ફલ આપવાની ન હોય ત્યારે તે ફલ આપતા નથી. અર્થાત્ ભકતની સેવાના માર્ગમાં પ્રતિબંધ ઊભા કરે છે. એ ભગવદ્કૃત પ્રતિબંધ હોઈ તેનો પ્રતિકાર કરી શકાતો નથી, અને તેનો ત્યાગ પણ કરી શકાતો નથી. કારણ કે ભગવાન્‌ની ઈચ્છાની ઉપરવટ કોઈથી જઈ શકાતું નથી.

એક ઉદાહરણ દ્વારા આ વાત સાચી રીતે સમજાશે. ક્યારેક એવું બને કે શરીર કાયમી અસાધ્ય રોગથી ગ્રસ્ત બની જાય. તેમ થતાં ભગવદ્ સેવા થઈ શક્તી નથી. પરંતુ તેનો કોઈ ઈલાજ નથી. કારણકે એ ભગવદ્ કૃત પ્રતિબંધ છે.

ક્યારેક એવું બને છે કે તમે ગમે તેટલો પ્રયાસ કરો પરંતુ તમારી ચિત્તવૃત્તિઓનો નિરોધ ન જ થાય. અને તમારું મન સાંસારિક વ્યવહારિક બાબતોમાં રમતું જ રહે ત્યારે પણ સમજવું કે એ ભગવદ્ કૃત પ્રતિબંધ છે.

કયારેક એવું બને છે કે તમે ગમે તેટલો પ્રયાસ કરો પરંતુ તમારી ચિત્તવૃત્તિઓનો નિરોધ ન જ થાય. અને તમારું મન સાંસારિક વ્યવહારિક બાબતોમાં રમતું જ રહે ત્યારે પણ સમજવું કે એ ભગવદ્કૃત પ્રતિબંધ છે.

ભગવદ્કૃત પ્રતિબંધનો કોઈ પ્રતિકાર નથી. તેનો ત્યાગ પણ કરી શકાતો નથી. તો પછી જીવે કરવું શું ? તેનો ખુલાસો એ કે એવો પ્રતિબંધ આવી પડે ત્યારે જીવે સમજવું કે ભગવાન્‌ની ફલદાન કરવાની ઈચ્છા નથી. તેવે સમયે જીવે, વિવેકધૈર્યાશ્રયમાં આપેલ વિવેકની વ્યાખ્યા વિચારવી.

**વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।** પ્રભુ પોતે પોતાની ઈચ્છા પ્રમાણે બધુ કરશે એમ સમજવું તેનું નામ વિવેક. એ અર્થમાં ભગવદ્કૃત પ્રતિબંધ, ઈશ્વરની ઈચ્છારૂપ હોઈને તેનો પ્રતિકાર ન જ કરવો તેનું નામ વિવેક.

એવે સમયે ભગવાન્ ફલ નહીં જ આપે એવું માનીને, પોતે કરે છે કે સેવાની વ્યર્થતા સમજીને પોતે સેવા માટે અનધિકારી જીવ છે એવું માનીને જીવે જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી.

કેટલાક જીવો આસુરી જીવો હોય છે. એટલે કે તેઓમાં સહજરૂપે આસુરી ભાવ હોય છે. તો કેટલાક જીવોમાં કયારેક કયારેક આસુરી ભાવનો આવેશ થાય છે. સહજ રીતે આસુરીભાવવાળા જીવનો તો કોઈ નિસ્તાર નથી. પરંતુ કયારેક આસુરી ભાવ આવતો હોય તેવા જીવે ભગવદ્કૃત પ્રતિબંધનો પ્રતિકાર ન કરતાં, ભક્તિનો માર્ગ છોડીને, જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી. તેમ કરતાં તેને સ્વરૂપાનંદની પ્રાપ્તિ તો નહીં જ થાય પરંતુ કદાચ તેને અક્ષરાનંદની પ્રાપ્તિ જરૂર થઈ શકે.

કવચિત આસુરભાવ વાળા જીવની સ્થિતિ જો કયાંય પણ થાય તો તે જ્ઞાનમાર્ગમાં જ થઈ શકે; ભક્તિમાર્ગમાં નહીં. પરંતુ સહજ આસુરભાવવાળા જીવની સ્થિતિ ભક્તિ કે જ્ઞાનમાર્ગમાં કયાંય થતી નથી.

બીજો પ્રકાર છે સાધારણ પ્રતિબંધનો. ક્યારેક એવું બને કે જીવનો નીચ યોનિમાં જન્મ થાય. તેને હલકા મનુષ્યોનો સંગ થાય; તે મંદિરમાં દર્શન કરવા ન જઈ શકે; વેદ આદિમાં તેની ગતિ ન હોય. પરિણામે તે પ્રભુથી બહિર્મુખ થઈ જાય. વળી કેટલાક એવા જીવ હોય જેમણે પ્રભુ સેવા કરતાં તેનાં સગાં-વહાલાં પ્રતિબંધરૂપ થઈ પડે, જેમ પ્રહ્લાદને તેના પિતા અને મીરાંને રાણોજી પ્રતિબંધરૂપ થયા હતા તેમ. આ બધાં સાધારણ પ્રતિબંધના દૃષ્ટાંતો છે-

તે બાબતમાં શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે કે સાધારણ પ્રતિબંધનો ત્યાગ કરો. મીરાંએ રાણાનું રાજ્ય છોડી દીધું. અને પ્રહ્લાદે પિતાનો ત્યાગ કર્યો. ભક્તરાજ તુલસીદાસજીએ ગાયું છે કે -

**જાકો પ્રિય ન રામ વૈદેહી**
**તજીયે તાકો કોટી બૈરી સમ જદ્યપિ પર સનેહી**

ભરતજીએ માતાનો ત્યાગ કર્યો; પ્રહ્લાદે પિતાને છોડયા; મીરાએ મેવાડ છોડયું. કારણ કે એ બધા તેમની પ્રભુસેવાના માર્ગમાં પ્રતિબંધરૂપ હતા.

નીચ યોનિમાં જન્મ થવો, દુઃસંગ પ્રાપ્ત થવો; આલસ્યને કારણે સેવા ન થવી, આવા બધા પ્રતિબંધો સાધારણ પ્રતિબંધો છે. તેનો ઉગ્ર પ્રતિકાર

કરવો. મેહા ઢીમર, રૈદાસ, ચમાર, કબીર આદિ નીચ જાતિમાં જનમ્યા હતા. પરંતુ તેઓએ પ્રભુની સેવા કરી અને ઉત્તમ ફલ પ્રાપ્ત કર્યું. પરિણામે તેઓ ઉચ્ચ વર્ણ કે જાતિના જીવો માટે પણ વંદનીય બન્યા. નારદજીના પૂર્વ જન્મની કથા તો સૌ કોઈ જાણે છે. શબરીનો ભગવદ્ ભાવ, કેવટની ભક્તિ, ગીધનો પ્રેમભાવ આ બધાથી શ્રીરામ તેમને વશ થઈ ગયા.

આથી સમજવાનું છે એ છે કે ભાવપૂર્વક પ્રભુ સેવા કરવામાં સાધારણ પ્રતિબંધ આવે તો તેનો દૃઢતાથી પ્રતિકાર કરવો.

ત્રીજું બાધક છે ભોગ. ભોગ પણ બે પ્રકારના છે. લૌકિક અને અલૌકિક. ઈન્દ્રિયોના ભોગ લૌકિક કહેવાય. પ્રભુ કૃપા કરીને જે ભોગ આપે તે અલૌકિક ભોગ કહેવાય.

અલૌકિક ભોગનો ત્યાગ કરવાનો હોતો નથી. તેનો સમાવેશ પ્રથમ ફળ, અલૌકિક સામર્થ્યમાં થઈ જાય છે. યથા, **''નિષ્પ્રત્યુહં મહાન ભોગઃ પ્રથમે વિશતે સદા''** અર્થાત્ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય કે ભજનાનંદનો ભોગવટો કરવાનું મળે તો તે બધુ અલૌકિક ભોગ કહેવાય, અને તેને જ અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ થઈ એવું કહેવાય. ગોપીજનોએ ભગવાન્‌ની સાથે રાસલીલા, રતિક્રીડા, જળક્રીડા આદિ ભોગ ભોગવ્યા. એ ભોગનો ત્યાગ કરવાની કલ્પના પણ ન કરી શકાય. રાસલીલા માટે દોડી આવેલ ગોપીજનોને ભગવાને ઘેર પાછા જવાની લૌકિક આજ્ઞા કરી. પરંતુ ગોપીજનો તો અલૌકિક ભોગની ભોક્તા હતી. અને તે પ્રાપ્ત કરવાની આશાથી તો તે આવી હતી. પ્રભુ આજ્ઞાને અલૌકિક ભોગપ્રાપ્તિના માર્ગમાં બાધારૂપ સમજીને તેમણે તે આજ્ઞા ન પાળી. તેથી તેમણે અલૌકિક ભોગ ભોગવ્યો.

આ રીતે, અલૌકિક ભોગ એ ત્યાગવાની વસ્તુ નથી. તે તો પ્રથમ ફલ (અલૌકિક સામર્થ્ય)રૂપ છે. એવું સમજી તેને સેવાના માર્ગમાં પ્રતિબંધરૂપે ન સમજતાં, તેને સેવાના પ્રથમ ફલરૂપે ગ્રહણ કરવાનો છે.

હવે રહ્યાં લૌકિક ભોગ. તે ઈન્દ્રિયજનિત હોઈ, ક્ષણિક આનંદ આપે છે. તે અલ્પજીવી છે. પરિણામે તે આ સંસારમાં જ સુખ અને દુઃખનો

અનુભવ કરાવે છે. તેથી તે પ્રભુસેવામાં વિઘ્ન રૂપ છે. વળી તે જીવની ચિત્તવૃત્તિઓને પ્રભુસેવામાંથી વાળીને તેમને ભોગમય બનાવે છે. તેથી તે ઘાતક પણ છે. શ્રીમહાપ્રભુજીએ તેને **'સવિઘ્નોલ્પો ઘાતક'** શબ્દોથી ઓળખાવ્યો છે.

લૌકિક ભોગ, આધિ એટલે મનની પીડા અને વ્યાધિ એટલે તનની પીડા વધારનારો, વિઘ્ન કરનારો અને સ્વરૂપથી, ફળથી અને સાધનથી પણ સ્વલ્પ ફળ આપનારો છે. તેથી બુદ્ધિપૂર્વક તેનો ત્યાગ કરવો. અને લૌકિક ભોગના ત્યાગમાં જો ઘર પણ બાધારૂપ બનતું હોય તો ઘરનો પણ ત્યાગ કરવો.

એક વાર ફરીથી આપણે એ ત્રણે બાધકોનો સમગ્ર રીતે વિચાર કરીએ. સેવાની ફળ પ્રાપ્તિમાં ત્રણ બાધકો છે. ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ, એ ત્રણેના બે બે પ્રકાર મળી કુલ છ પ્રકાર થયા (૧) લૌકિક ઉદ્વેગ (૨) અલૌકિક ઉદ્વેગ (૩) સાધારણ પ્રતિબંધ (૪) ભગવદ્ કૃત પ્રતિબંધ (૫) લૌકિક ભોગ અને (૬) અલૌકિક ભોગ.

આ છ પ્રકારમાંથી - (૨) અલૌકિક ઉદ્વેગ ભક્તિવર્ધક હોઈ તેને બાધક ન ગણાવો. પરંતુ લૌકિક ઉદ્વેગ અને અલૌકિક ઉદ્વેગ વચ્ચેના શૂક્ષ્મ ભેદને પારખીને અલૌકિક ઉદ્વેગ દ્વારા ભક્તિનું એટલે કે સેવાનું પોષણ કરવું.

(૪) ભગવદ્ કૃત પ્રતિબંધનો ત્યાગ થઈ શકતો નથી. તેનો પ્રતિકાર પણ કરી શકાતો નથી. તેથી વિવેક રાખીને એટલે કે પ્રભુની ઈચ્છાને વશ બનીને, પ્રભુ પોતે ફલદાનની ઈચ્છા રાખતા નથી એવું સમજીને અન્ય માર્ગ (જ્ઞાનમાર્ગે) વળી જવું અને શકય તે રીતે અને તે માર્ગે જેટલી હદે પ્રભુની નજીક જઈ શકાય તેટલી હદે જવું.

(૬) અલૌકિક ભોગ એ સેવાફલમાં બાધક નથી. તે તો સ્વયં સેવાફલ જ છે. અને તેમાં પણ તેનો સમાવેશ તો સેવાના પ્રથમ ફલ (અલૌકિક સામર્થ્ય) માં થયાનું કહેવામાં આવ્યું છે. 'ફલના મધ્ય પ્રથમે પ્રવિશતે ।' વળી તે નિષ્પ્રત્યુહં એટલે કે અંતરાય રહિત પણ છે. તેથી તે બાધા કેવી રીતે કરી

શકે? તેથી તેના ત્યાગનો વિચાર પણ ન કરવો. તેથી ઊલટું, તે ઉત્તમ ફલરૂપ હોઈ, તેનો યથાશકય ઉપભોગ કરવો.

સામાન્ય સમજમાં આવે એ રીતે અલૌકિક ભોગનાં દૃષ્ટાંતો આપીશું. આચાર્યશ્રીની આજ્ઞા છે, ''અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્'' એટલે કે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. પ્રભુને સમર્પિત કર્યા સિવાયની કોઈ પણ વસ્તુનો ઉપભોગ કરવો એનું નામ લૌકિક ભોગ. એ ન્યાયે, અન્ન, જળ, વસ્ત્ર, અલંકાર અથવા કોઈપણ વસ્તુ, ભાવ કે ક્રિયા બધુ જ ભગવાન્‌ને સમર્પવાનું છે – આ રીતે

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુધ્યાત્મના વા પ્રકૃતે સ્વભાવાત્ ।**
**કરોમિ યદ્યત સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ ।।**

આવી ભાવનાથી પ્રભુને બધી વસ્તુનુ સમર્પણ કરવાનું છે. બ્રહ્મસંબંધના ગદ્ય મંત્રમાં પણ સર્વ સમર્પણનો ભાવ છે. તેથી તો નિવેદનનું હંમેશ સ્મરણ કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ કરી છે. એટલે કે તાદ્દશી જનો સાથે બેસીને નિવેદન (ગદ્યમંત્રની ભાવના)ને હંમેશા યાદ કરીને, તે દ્વારા સર્વ સમર્પણની ભાવનાને સદા તાજી રાખવાની છે.

સમર્પણ કરવાથી, પ્રભુને નિવેદિત કરેલ તમામ પદાર્થો, ઈન્દ્રિયોના ભોગો, ચિત્તની વૃત્તિઓ, શારીરિક અને માનસિક ક્રિયાઓ વગેરે બધુ પ્રભુના પ્રસાદરૂપ બની જશે. અને પ્રભુનો પ્રસાદ તો અલૌકિક છે. તે દુર્લભ છે. દુર્લભને સુલભ બનાવનાર, સમર્પણની ભાવના છે. પ્રભુને સમર્પિત કરેલ અન્નવસ્ત્રાદિમાં અન્ન-વસ્ત્રાદિની બુદ્ધિ રહેલી નથી. તેમનામાં પ્રસાદ બુદ્ધિ આવે છે.

તે ઉપરાંત, સેવા કરતી વખતે, હું જ્યારે ભગવન્નામ લઉં ત્યારે કદાચ મારા મુખની દુર્ગંધ પ્રભુને આવે તેવું સમજીને મારા મુખને સુગંધિત બનાવવા માટે હું પ્રભુની પ્રસાદી રૂપ સુગંધી પાન, ઈલાયચી આદિનું સેવન કરું તો તે પણ અલૌકિક ભોગ કહેવાય.

પ્રભુને સમર્પણ કર્યા સિવાયની બધી જ વસ્તુઓ, ક્રિયાઓ ભાવો

વગેરે બધુ લૌકિક ભોગ ગણાય. તેથી તેમનો સર્વથા ત્યાગ કરવો.

અંતમાં, યાદ રાખો કે આ ગ્રંથ શુદ્ધ પુષ્ટિ જીવો માટે નથી. શુદ્ધ પુષ્ટિ જીવને ત્રણમાંથી એક પણ બાધક નડતું નથી; સ્વયં પ્રભુ પણ તેમને માટે પ્રતિબંધરૂપ બની શકતા નથી. તેમને મળવાનું ફળ–સ્વરૂપાનંદ તો તેમને પ્રથમથી જ મળી ગયેલું હોય છે. તેઓ પ્રભુ આજ્ઞાથી ભૂતલ પર પ્રકટે છે અને પ્રભુના સરખું સામર્થ્ય ધરાવતા હોય છે. એવા જીવોને કશું પણ ફળ મેળવવાનું હોતું નથી. તેથી આ ગ્રંથ શ્રીમદાચાર્યચરણ જેવા કોઈ અન્ય શુદ્ધ પુષ્ટિજીવ જો હોય તો, તેમને માટે નથી.

શ્રીમદાચાર્યચરણે આ ગ્રંથની રચના મિશ્રપુષ્ટિ જીવો માટે કરેલી છે. જેમના અંતઃકરણમાં કોઈ સાધનનું નહીં પરંતુ પ્રભુની કૃપાનું બળ છે તેવા તદીય, મિશ્રપુષ્ટિ જીવો માટે આપશ્રીએ આ ગ્રંથની રચના કરી છે.

આમાં બતાવેલ ત્રણ ફલોમાંથી કયા પ્રકારનું ફળ (સેવા ફળરૂપે) મેળવવાની શક્યતા આપણે માટે છે તે તેમ અવશ્ય વિચારી જોશો. અને કયા અને કેટલા બાધકો આપણા સેવા માર્ગમાં આડે આવે છે તે પણ વિચારી જોશો. અને તે બાધકોને દૂર કરવાનો પ્રયાસ, પ્રભુની કૃપા યાચીને જરૂર કરવો. શ્રીવલ્લભની કૃપાથી તમારી સેવાના માર્ગમાં આવતાં બધાં બાધકો અવશ્ય દૂર થશે. આ રીતે કરશો તો આ વિશિષ્ઠ પ્રકારના ગ્રંથને સમજવાનો કરેલ પ્રયાસ સાર્થક બનશે.

**– જયશ્રીકૃષ્ણ**